ભીલ લોકમહાકાવ્ય

રૉમ સીતમાની વારતા

સંપાદક

ભગવાનદાસ પટેલ



Central Institute of Indian Languages

and

Bhasha Research and Publication Centre

BHIL LOKMAHAKAVYA: ROM SITMANI VARTA

Edited by Bhagwandas Patel

પુનર્મુદ્રણઃ ૨૦૧૧

Publication No. 1011

ISBN No.: 978-81-7373-110-4

Rs. 500/-

મુખપૃષ્ઠ : આર. ચિતાર

મુદ્રણસજ્જા : નિરજ કેંગે

અક્ષરાંકન : અરવિંદ લેવિયા

મુદ્રણ : શિવમ્ ઑફસેટ, વડોદરા

પ્રકાશક

ભારતીય ભાષા સંસ્થાન

માનસગંગોત્રી, હુનસુર રોડ, મૈસૂર ૫૭૦૦૦૬

ગ્રામસ. : ભારતી

ફોન : ૦૮૨૧-૨૩૪૫૦૪૦ ફેક્સ : ૦૮૨૧-૨૫૧૫૦૩૨

વેબસાઈટ : http://www.ciil.org

અને

ભાષા સંશોધન પ્રકાશન કેંદ્ર

૩૭, શ્રીનાથધામ ડુપ્લેક્ષ, શ્રીનગર સોસાયટી સામે

દિનેશ મિલ પાછળ, વડોદરા ૩૯૦૦૦૭

ફોન : ૦૨૬૫-૨૩૩૧૯૬૮ ફેક્સ : ૦૨૬૫-૨૩૫૯૦૫૯

email : purvaprakash.publication@gmail.com

વેબસાઈટ : www.bhasharesearch.org

અર્પણ

અરવલ્લી પહાડની ગિરિમાળામાં વસેલા મારા વતન જામરાને...

અનુક્રમણિકા

પ્રસ્તાવના

> હું ઇચ્છું છું કે બધા પ્રદેશોના સાંસ્કૃતિક પવન શક્ય તેટલી છૂટથી મારા ઘરમાં વહે. પણ હું એમાંના કોઈ પણ દ્વારા ભોંય પરથી મારા પગ ઉખડવા નહીં દઉં. હું તો ચાહું કે આપણા યુવાનો અને યુવતીઓ અંગ્રેજી અને બીજી ભાષાઓ એ ઇચ્છે તેટલા પ્રમાણમાં શીખે અને આશા રાખું કે તેઓ એના જ્ઞાનનો લાભ ભારતને અને જગતને આપે. પરંતુ એવો એકેય ભારતીય ન હોય જે એની માતૃભાષાને વિસરે, અવગણે કે તેનાથી શરમાય કે એને એમ લાગે કે પોતાની લોક ભાષામાં વિચાર કે અભિવ્યક્તિ નહિ કરી શકે.
>
> (મહાત્મા ગાંધી, અંગ્રેજી પાક્ષિક 'યંગ ઈન્ડિયા', તા. ૦૧-૦૬-૧૯૨૧)

પારંપરિક રીતે ભારત દેશને સહુ નાની મોટી ભાષાઓને સહાયક એવા બહુલતાવાદી સમાજ તરીકે જોવામાં આવે છે. માતૃભાષામાં શિક્ષણ મેળવવા સહિતના ભાષિક અધિકારને આપણું બંધારણ વરેલું છે. શિક્ષણ વ્યવસ્થાએ અંગ્રેજી ભાષાના વિકાસને ઉત્તેજન આપ્યું છે અને વ્યવહારમાં મોટા ભાગની નાની ભાષાઓને સમાવાઈ નથી. આના પરિણામે વિવિધ ભાષિક સમુદાયો હાંસિયે મૂકાયા છે અને તેમની ભાષાઓને વધુ ડર લાગે છે. તાજેતરના યુનેસ્કો અહેવાલને માનીએ તો એવું જણાય છે કે નષ્ટ થવાની સંભાવનાવાળી ભાષાઓથી માંડી બધા જ પ્રકારની ભાષાઓ લુપ્ત થવાના આરે છે.

ચોક્કસ ચિત્ર ત્યારે જ આપી શકાય જો બધાં રાજ્યોના ભાષિક પરિવેશનું સર્વેક્ષણ થાય અને બધાં અંદરના સ્થાનિય ભાષકોને અહેવાલ માટે જોતરાય. આ ભાષાઓના સંરક્ષણ માટે આ ભાષાઓમાં અને ભાષકોમાં બળ પૂરવા સુરેખ



યોજનાઓ ઘડી કાઢવાની જરૂર છે. આમાં ભાષાઓને સાક્ષરતા અને શિક્ષણ સાથે, તાંત્રિકી અને આર્થિક તકો સાથે જોડવી પડશે. સદ્નસીબે ભારતની બધી ભાષાઓ માટે તેમના આધિકારીક દરજ્જા કે આઠમી અનુસૂચિમાં સમાવેશ થવા ઉપરાંત પણ વિકસાવી શકે તેમ સંસ્થાકિય વ્યવસ્થા પણ છે. ભારતીય ભાષા સંસ્થાનની સ્થાપના ભારતીય ભાષાઓના વિકાસમાં મદદ અને સંકલન, કરવા વૈજ્ઞાનિક અભ્યાસ અને આંતરભાષાકિય સંશોધન દ્વારા ભારતીય ભાષાઓ વચ્ચે તાત્વિક એકતા આણવા, ભાષાઓની પારસ્પરિક સમૃદ્ધિ વધારવા અને એ રીતે દેશના લોકોની ભાવાત્મક એકતા માટે કાર્યશીલ થવા માટે કરવામાં આવી હતી. આ ભૂમિકા ઠરાવતાં અનેક મોરચે એવી અપેક્ષા રખાય કે એમાં અનુસૂચિત જનજાતિઓની ભાષાઓનો વિકાસ પ્રેરવાનું કાર્ય પણ હાથ ધરવામાં આવે. ભારતીય ભાષા સંસ્થાનએ હકીકતમાં એ દિશામાં મોટું પ્રદાન કર્યું છે અને એના લઘુભાષાઓના દસ્તાવેજીકરણ, વર્ણન અને વિકાસના કાર્યે એને એવી સંસ્થા તરીકેની ઓળખ આપી છે કે જે વૈવિધ્યને મુલ્યવાન ગણે છે સાથોસાથ માતૃભાષામાં ઊંડાં મૂળ સાથે બહુભાષિકતાને આગળ ધપાવનારી સંસ્થા તરીકેની ઓળખ એને આપી છે.

બધી ભાષાઓને સમાન ગણવાની પ્રતિબદ્ધતા બાબતે ભીલી ભાષાઓમાં થયેલું કાર્ય એક ઉદાહરણ છે. વર્ષો સુધી ભારતીય ભાષા સંસ્થાનએ રાજસ્થાનની વાગડી ભાષા બોલનારી જનજાતિઓમાં પ્રયોગ ધોરણે કાર્ય હાથ ધર્યું છે. એ પ્રક્રિયા દરમ્યાન તેમણે દ્વિભાષી પ્રાથમિક પુસ્તકો, શિક્ષકોને તાલીમ આપી તૈયાર કર્યાં છે. અનેક અભિસ્થાપન શિબિરો આ જનજાતિઓના શિક્ષણમાં શિક્ષકો માટે યોજી છે. વળી રાજભાષાઓની સહભાગી તરીકે આ ભાષાઓને મૂકવાના પ્રયાસમાં તેની યોગ્યતા બતાવવા, કસોટી અને મુલ્યાંકન પણ ઉપાડ્યાં છે. આ કાર્ય દાદરાનગર હવેલીની વારલી જનજાતિની ડુંગરવારલી અને દાદરવારલી ભાષાઓને અનુક્રમે મરાઠી અને ગુજરાતી સાથે સાંકળવાનું કામ પણ થયું. આ હેતુમાં એ રાજ્યોને પણ જોતરાયાં. આ રાજ્યોએ તેમની લાંબા ગાળાની નીતિમાં એ સામગ્રી અને પદ્ધતિને અપનાવી નહીં એ પરથી એ સ્પષ્ટ થાય છે કે આ મુદ્દો કેટલો જટિલ છે અને એવા નવતર વિચારો સામે કેટલું સજ્જડ પ્રતિરોધક બળ છે.



આ સંજોગોમાં અમારા લક્ષ્યને મુલ્યવાન ગણતા સહભાગી સાથીઓની શોધ ભારતીય ભાષા સંસ્થાન કરે છે અને ગણેશ દેવીની વડોદરા સ્થિત સંસ્થા, ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર એવી વિશ્વસ્ત સાથી છે જે અમને અમારું લક્ષ્ય અકબંધ રાખવામાં મદદ કરે છે. એમણે શિક્ષકોને મુલ્યવાન બને તેવી સામગ્રી તૈયાર કરીને સ્થિતિ સુધારવાનો ઉપક્રમ લીધો છે. એ ભાવનાનો ખુબ મોટો પુરાવો આ પુસ્તકોનો સંચય છે જેથી નાની માતૃભાષાઓનું સશક્તિકરણ થાય છે. મારી અવધારણા છે કે આ કાર્ય વિધાયક છે અને તેથી ભીલ અસ્મિતાને હકારાત્મક મુલ્ય પ્રાપ્ત થયું છે.

વસતિગણતરીના આંકડા દર્શાવે છે તેમ ભીલી માતૃભાષાઓ ૧૭ માતૃભાષાઓના ૨૦૦૧ ની વસતિ ગણતરીમાં દરેકના ૧૦૦૦૦ થી ભાષકો ઉમેરાવાથી ૨૬% (૧૯૭૧-૧૯૮૧) થી ૨૯% (૧૯૮૧-૧૯૯૧)ને જવલંત ૭૧% (૧૯૯૧-૨૦૦૧) સુધી પહોંચી છે.

ભીલી માતૃભાષાઓનો દશકીય વિકાસ (૨૦૦૧ ની વસતિ ગણતરીના આધારે)
ભિલી/ભિલોડી ૧૭ માતૃભાષાઓ

૧૯૭૧	૧૯૮૧	૧૯૯૧	૨૦૦૧
૩૩,૯૯,૨૮૫	૪૨,૯૩,૩૧૪	૫૫,૭૨,૩૦૮	૯૫,૮૨,૯૫૭

દશકીય વૃદ્ધી

૧૯૭૧-૮૧	૧૯૮૧-૯૧	૧૯૯૧-૨૦૦૧
૨૬.૩૦%	૨૯.૭૯%	૭૧.૯૭%

જોખમ હેઠળની ભાષા વિશેના આંકડાઓમાં યુનેસ્કોના વિશ્વનકશા સાથે સરખાવતાં કોઈ પણ ભીલી ભાષા જોખમ હેઠળ દર્શાવાઈ નથી, ત્યારે આ કિસ્સાનો અભ્યાસ એ રીતે રસપ્રદ બને છે કે ભારતીય ભૂપટલ પર એક ભાષા અને એના બોલનાર લોકો એમની હાજરીને બતાવી નિશ્ચિત કરવા ચાહે છે. સૂચિ બહારની સૌથી મોટી ભાષા છે તેથી સમયની કસોટીએ ચઢીને ટકી છે તેથી એની ભાષાઓ



વિકાસના મક્કમ પંથે ચઢાવવી જોઈએ. આ સમુદાયો સાથે કાર્ય કરતા શિક્ષિકોએ આ ભાષાઓને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ અને પોતાની બહુભાષીય સજ્જતા વધારવી જોઈએ.

હું આશા રાખુ છુ કે આ પુસ્તકો તેવોને યોગ્ય ગૌરવની સાથે તેઓની મોટે પાયે લોકતાંત્રિક ભાગીદારી માટેનો માર્ગ બનાવશે. એકલવ્ય કૃતનિશ્ચિય ભીલ હતો, તે ગુરુપ્રત્યેના ઋણભાવથી પ્રેરાઈ પોતાના હાથનો એક અંશ આપવા તૈયાર હતો પણ પોતાના લક્ષ્યને અચૂક રીતે આંબનાર ધનુષ્ય અને બાણને ત્યજવા તૈયાર ન હતો. અને તેના ઉડ્ડયનશીલ આત્માને અનુરૂપ તેનાં કૌશલ્યોએ કૂદકો ભર્યો.

અમારી આશા છે કે વાચકો પોતાના અંતરમાં ઊતરશે અને પોતાનાજ શબ્દની તાકાતને શોધીને આનંદ લે એવી શુભેચ્છા રાખીએ છીએ.

રાજેશ સચદેવ
નિદેશક, ભારતીય ભાષા સંસ્થાન

(મૂળ અંગ્રેજીથી ગુજરાતી અનુવાદઃ પ્રો. કાનજીભાઈ પટેલ)



આદિવાસીઓનું અક્ષર આંદોલન

પાછલા બે-ત્રણ દાયકામાં જ્યાં જ્યાં આદિવાસી વસ્તી છે એવાં રાજ્યોમાં એક નવું આંદોલન, જેને 'અક્ષર આંદોલન' કહી શકીશું એવું નિર્માણ થતું જોવા મળે છે. આપણે ત્યાં, પશ્ચિમ તરફનાં આદિવાસી રાજ્યોમાં, ખાસ કરીને રાજસ્થાનમાં ઉદયપુર અને મધ્યપ્રદેશમાં ભોપાળ ખાતે આદિવાસી સંસ્કૃતિના સંદર્ભમાં જે સાહિત્ય ભેગું કરવામાં આવ્યું, પ્રકાશિત કરવામાં આવ્યું, તે પ્રયોગોની માહિતી આપણને છે. ઉપરાંત દિલ્હી સ્થિત રમણીકા ફાઉન્ડેશન, જે ઝારખંડી આદિવાસી સંસ્કૃતિ માટે સક્રિય છે અને છત્તીસગઢમાં કાર્યરત 'છત્તીસગઢી લોકાક્ષર' વગેરે વિષે પણ આપણને એમનાથી થયેલા પરિચય દ્વારા માહિતી છે. મધ્યપ્રદેશમાંથી આવતું 'ચૌમાસા', રાજસ્થાનમાંથી આવતું 'અરાવલી ઉદ્‌ઘોષ', ઝારખંડનું 'આમ આદમી', છત્તીસગઢનું 'છત્તીસગઢી લોકાક્ષર', જેવાં પ્રમુખ સામયિકો અન્ય સામયિકોની સરખામણીમાં વધારે પ્રભાવશાળી, વધારે પ્રસાર ધરાવતાં રહયાં છે. પણ તેમના જેવાં ઘણાં બધાં બીજાં સામયિકો પણ ભારતના આદિવાસી વિસ્તારમાં ગયા બે-ત્રણ દાયકાથી પ્રકટ થતાં આવે છે જ. હાલમાં જ હું ઝારખંડ ગયો હતો ત્યાં આદિવાસી ભાષાઓ સાથે ઘનિષ્ઠતાથી જોડાયેલા એવા સૌથી પણ અક્ષર-કર્મીને મળવાની તક મળી. માત્ર ઝાડી-બોલી માં જ પ્રકટ થતાં પાંચ-છ નવાં સામયિકોની જાણકારી ત્યાંથી મને મળી.

ઓરિસા, બિહાર, છત્તીસગઢ, આંધ્ર અને મહારાષ્ટ્ર રાજ્યોમાં સૌ પ્રકારનાં સામયિકોની સામટી ગણત્રી કરીશું તો આદિવાસીનાં પોતાનાં પ્રકટ થતાં એવાં સોથી વધુ સામયિકો છે. તે ઉપરાંત, આદિવાસી ભાષામાં છપાતાં નાનાં-મોટાં સમાચાર પત્રો પણ છે. ઉત્તરપૂર્વના અરુણાચલ અને નાગાલેંડ જેવાં રાજ્યોમાં કુર્કબારી, અંગામી, આઓ-નાગા જેવી પ્રમુખ ભાષાઓમાં સાહિત્ય સર્જન તો



થાય છે જ, પણ સાથે સાથે તે રાજ્યોમાં સર્જીત સાહિત્યને શાસકીય તંત્ર આર્થિક આધાર પૂરો પાડે છે અને વિદ્યાપીઠની પાટલી પર તે સાહિત્ય ભણવા માટે સ્વીકાર્ય છે. આપણે જાણીએ છીએ કે જે રીતે અરુણાચલમાં ત્યાંની ભાષાની લિપિને સંદર્ભમાં રાખી લોક આંદોલનો થયેલાં, તેવી જ રીતે સંપૂર્ણ સંતાલ વિસ્તારમાં થોડાં વર્ષ પહેલાં, જેઓને સંતાલ ભાષાની લિપિ-નિર્મિતિનું શ્રેય આપવામાં આવે છે એવા પંડિત મૂર્મૂની સ્મૃતિમાં એમની જન્મશતાબ્દીની ઉજવવામાં આવી હતી.

૧૯૯૬ માં કેંદ્રિય સાહિત્ય અકાદમી માટે ભારતીય આદિવાસી ભાષા-સાહિત્યના ગ્રંથોની એક શ્રેણી સંપાદિત કરવાનું કાર્ય મેં જ્યારે હાથમાં લીધું ત્યારે મને એક નવો અનુભવ મળ્યો. તે પહેલાં મને ખબર ન હતી કેએટલી સંખ્યામાં એટલા મોટા પ્રમાણમાં આદિવાસીના સાહિત્યમાં રસ ધરાવનારાઓની આપણા દેશમાં સંખ્યા છે. જેમ જેમ મારે એમની સાથે પત્ર-વ્યવહાર વધતો ગયો, તેમ તેમ 'આદિવાસી સાહિત્ય'ની જે ખાસ અને ઊંડાણ સુધી 'સામાજિક વ્યાપ્તિ' છે તે હું નજીકથી જોઈ શક્યો, સમજી શક્યો.

આદિવાસી અક્ષરોથી જે પણ જોડાયલા રહ્યા છે એવા સર્વ અક્ષર-કર્મીઓમાં મને એક અત્યંત નોંધપાત્ર એવો વિશેષ ગુણ જોવા મળ્યો છે, અને તે છે આવા અક્ષરકર્મીઓની અંદર રહેલ રાજકીય સભાનતા અને સાંસ્કૃતિક આત્મવિશ્વાસનો ખુબ મોહક સંગમ. આ અક્ષરકર્મીઓ પાસેથી મેં નથી ક્યારે સાંભળ્યો આત્યંતિક આક્રોશ કે આદિવાસીની સંસ્કૃતિ હવે જતી રહેવાની, હવે તેનું નામોનિશાન પણ રહેવાનું નથી, એ પૂર્ણતઃ ભુંસાઈ જવાની વગેરે. તેમજ અશાશ્વતીનો ભય, માત્ર ગેર-આદિવાસીના મનમાં હોય છે. આદિવાસી એવા ભયથી ગ્રસ્ત છે એવું ક્યારે લાગ્યું નથી. જરૂર વગરનો આક્રોશ, કારણ વગરનું રૂદન અને વિવેક વગરના દોષારોપ, આદિવાસી નથી કરતા. એટલે જ આદિવાસી સાહિત્યમાં રાજકીય સભાનતા હોવા છતાં ય પણ ત્યાં આદિવાસીએ પોતા પરનું સંયમન અને લાગણીઓનું સંતુલન ક્યારે પણ ખોયું છે એવું જોવા મળતું નથી. આપણે કહેવાનું રહ્યું કે આજસુધી પ્રસ્થાપિત થયેલા દલિત સાહિત્યથી આદિવાસીના આ નવા 'અક્ષર આંદોલન' ની પ્રકૃતિ તદ્દન ભિન્ન રહેશે.

થોડાક સમય પહેલાં, કેરળ રાજ્યના વાયનાડ જિલ્લામાંથી, ડૉ. બેકી નામના



જાણીતા આદિવાસી કાર્યકર્તા તેઓના વિદ્યાર્થી કલાકારોને સાથે લઇ તેજગઢ આવ્યા હતા. બાળકોએ ડૉ. બેકીએ રચેલાં ગીતો ગાયાં. સરસ મનોરંજન થયું, પણ સાથે સાથે જ આદિવાસી અસ્મિતાનો તીવ્ર અનુભવ પણ મળ્યો. 'આદિવાસી એકતા પરિષદ'ના વાર્ષિક સંમેલનનાં ગીતો-નૃત્યો પણ રજૂ કરવામાં આવ્યાં ત્યાં પણ 'અસ્મિતા' જ કેંદ્રનો અનુભવ હોય છે. સાથે સાથે પરિપક્વતાનો એકસંપ અભિગમ જેમાં ઉતાવળ, બિનજરૂરી આક્રોશ, અધીરતા જરાય હોતાં નથી. પછી ગયા એપ્રિલ મહિનામાં દિલ્હી ખાતે, ભાષા કેંદ્રે અને ઇંદિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેંદ્રે સંયુક્ત ઉપક્રમે જે વિચરતી જનજાતિ અને આદિવાસીની રાષ્ટ્રીય પરિષદ યોજેલી ત્યાં પણ આ જ અનુભવ થયો. ભલે સ્કૂલ-ઇન્સ્પેક્ટરના હિસાબે મોટા ભાગના આદિવાસી નિરક્ષર હશે, પણ આદિવાસી હૈયામાં એક ખુબ જ મોહક રાજકીય ડહાપણ અને સાંસ્કૃતિક સાક્ષરતા પૂરેપુરાં રહેલાં છે.

'ઢોલ' સામયિક પ્રસ્થાપિત કરવા પાછળના જે વિવિધ હેતુ તે સમયે હતા તેમાં ઉપરોક્ત આદિવાસી સાક્ષરતાનું નવું આંદોલન નિર્માણ કરવાનો હેતુ પ્રમુખ હતો. 'ઢોલ'ની સ્થાપનાનો પ્રાથમિક નિર્ણય ૧૯૯૭માં કરવામાં આવ્યો. ૨૦૦૫ સુધી 'ઢોલ' અગિયાર ભાષા સુધી વિસ્તર્યું. આદિવાસી ભાષાઓ ઉપરાંત 'ઢોલ' મરાઠી અને ગુજરાતી ભાષોઓમાં પણ પ્રકટ થયાં. આ પ્રારંભના વર્ષોમાં 'ઢોલ' ના પ્રયત્ન હતા કે ગુજરાત અને ઉત્તર-પશ્ચિમ મહારાષ્ટ્રના આદિવાસી બોલી ભાષાઓને અક્ષર-રૂપમાં રજુ કરવા, તેવા ભાષાઓમાં પ્રયત્નશીલ રહેલા અક્ષર કર્મીઓ માટેનો એક સાંસ્કૃતિક-સાહિત્યિક મંચ નિર્માણ કરવો; અને દરેક આદિવાસી સંસ્કૃતિ-ભાષા-સાહિત્ય વિશેની માહિતી અને સભાનતા તેમજ તેઓનાં રીતિ અને રિવાજની માહિતી અન્ય આદિવાસી સમાજ સુધી પહોંચાડવી. આ બધા પ્રયત્નથી સમાજ પર, સંસ્કૃતિ પર કશી અસર થઈ, કેટલા પ્રમાણમાં થઈ વગેરેની ચર્ચા કરવાનું કામ ઇતિહાસકારો માટે છોડું છું.

આ આદિવાસી પ્રતિભાની અભિવ્યક્તિના નવા ઉન્મેષ પ્રકટ થવાની શરૂઆત થઈ તેનાથી ઘણાં પહેલાં ગુજરાતમાં ડૉ. ભગવાનદાસ પટેલે લગભગ એકલા હાથે આ બધું કામ શરૂ કર્યુ હતું. ગઈ સદીના છેલ્લા દાયકામાં એક પછી એક આદિવાસી મહાકાવ્ય પ્રકટ થવાનું શરૂ થયું. તે સમયે ગુજરાતી સાહિત્ય



માટે આ એવા પ્રકારની કૃતિઓ લગભગ 'અહો-બત કિમ્ આશ્ચયમ્' એવા પ્રકારની હતી. સાહિત્ય સર્જનને, સાહિત્ય વિભાવના અને દિઙ્મૂઢ કરી નાખે એવી એ કૃતિઓ હતી. રાજસ્થાન અને ગુજરાતની સરહદે મળી આવેલ આદિવાસી મહાકાવ્ય પરંપરા એ તમામ કૃતિઓનું સંપાદન ડૉ. ભગવાનદાસ પટેલે કર્યું હતું. ખેડબ્રહ્મા જેવા શહેરી વિસ્તારથી દૂર રહેલા ગામમાં હાઈસ્કૂલના આચાર્ય પદે સેવા આપતા આ તેજસ્વી અને પ્રતિભાવાન કર્મયોગીએ લગભગ પચ્ચીસ વર્ષ નિષ્ઠાથી આદિવાસીઓના મહાકાવ્યોનું સંપાદન કરવાનું જારી રાખ્યું હતું અને તેના પરિણામ સ્વરૂપે ગઈ સદીના છેલ્લા વર્ષોમાં ગુજરાતી સાહિત્યમાં આદિવાસી મહાકાવ્યો અવતરવા લાગ્યાં.

હું પહેલી વાર ભગવાનદાસ પટેલને મળ્યો તે સાપુતારા ખાતે આદિવાસી કલા અને સાહિત્ય પર ૧૯૯૬ માર્ચમાં યોજાયેલા એક પરિસંવાદના નિમિત્તે. મેં જોયું કે આ એક અત્યંત વિનયશીલ અને સ્નેહભાવથી પરિપૂર્ણ એવું એક વ્યક્તિત્વ હતું. તેઓની આંખમાં તેજ સ્ફૂલ્લિંગ હમેશનું વસેલું છે. આદિવાસીઓ વિશે તે લાગણીથી ઓતપ્રોત રહેલા છે. આપણે ક્યારેય વેદવ્યાસને જોયા નથી. વ્યાસ કેવા હશે વગેરે કલ્પના કરવી પણ શક્ય નથી. પરંતુ આદિવાસીઓના આ આધુનિક વ્યાસને આપણે જોઈ શકીએ છીએ તેનો મને અદ્‌ભૂત આનંદ થયો. લગભગ તે દિવસથી જ ભગવાનભાઈ અને મારી મિત્રતા ધીમે ધીમે બંધુત્વમાં રૂપાંતરિત થતી ગઈ. આજે એમને મળ્યે પંદર વર્ષનો સમયગાળો વીત્યો છે, અને અમે બંન્ને એક-બીજાનાં સુખ અને દુઃખના સાક્ષી રહ્યા છીએ.

આજ પંદર વર્ષ દરમ્યાન આદિવાસી અકાદમીની નિર્મિતિ થઈ. ભાષા કેન્દ્રે તેત્રીસ જેટલી આદિવાસી ભાષાઓમાં પુસ્તકો પ્રકટ કર્યા. સોની સંખ્યામાં આદિવાસી કલાકાર,સર્જક, અને સંસ્કૃતિ પ્રેમીઓ સાથે મળવાનું થયું. સંપૂર્ણ દેશભરમાં આદિવાસી સાહિત્યને પ્રતિષ્ઠા મળે તે માટે કાર્યરત રહ્યા. આજે આદિવાસી સાહિત્યનાં સંમેલનો અને મહાસંમેલનો દેશભરમાં લગભગ દર અમાસ-પૂર્ણિમાના રોજ આયોજિત કરવામાં આવી રહ્યાં છે. દરેક આદિવાસી ભાષામાં નાટ્યકૃતિ, કાવ્યકૃતિ અને આત્મચરિત્ર સર્જન વિપુલ પ્રમાણમાં થઈ રહ્યું છે. એક સમયે ભારતીય સાહિત્ય ઇતિહાસ વિશે લખતી વખતે મેં પશ્ચિમના



સાહિત્ય માટે બગીચાનું રૂપક પ્રયોજયું હતું. આજે કહેવાનું મન થાય છે કે જ્યારે આદિવાસી ભાષા સાહિત્યની સર્જકતામાં નવા ઉન્મેષ જોવા મળે છે, ત્યાં વિવિધ રંગના ફુલછોડ આવી રહ્યા છે. વિવિધ સર્જકતાનાં વૃક્ષો જોવા મળે છે તેઓ વચ્ચે સૌથી મહાન હતો આદિવાસી મહાકાવ્યો રહેલાં છે. 'રાઠોડ વારતા', 'રૉમસીતમાની વારતા', 'ગુજરાંનો અરેલો', 'ભીલોનું ભારથ' દુનિયાને આપનાર ડૉ. ભગવાનદાસ પટેલ આ સાહિત્યના દંડકારણ્યમાં સૌથી પ્રાચીન અને સૌથી ઊંચા વૃક્ષનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આપણે કહી શકીશું કે ભારતીય સાહિત્યમાં નિર્માણ થયેલા આદિવાસી સાહિત્યયુગની પ્રેરકમૂર્તિઓમાં ડૉ. ભગવાનદાસ પટેલ સૌથી પ્રમુખ રહ્યા છે. તેઓના મહાકાવ્યોના ગ્રંથોનું પુનઃ પ્રકટન કરવાની તક ભાષા કેન્દ્રને મળે છે તેથી હું કેન્દ્રના સંસ્થાપકના રૂપમાં જાત માટે ધન્યતા અનુભવું છું.

ગણેશ દેવી
વડોદરા



સ્વકીય (પ્રથમ આવૃત્તિ પ્રસંગે)

ક્ષેત્રકાર્ય અને યોગ્ય નિદર્શકની શોધ

અહીં ગુજરાતના ખેડબ્રહ્મા–દાંતા તાલુકા અને રાજસ્થાનના કોટડા તાલુકામાં અરવલ્લી પહાડની નાની–મોટી હારમાળાઓની તળેટીમાં અકેન્દ્રિત રીતે ઝૂંપડાં બનાવી વસેલા ભીલ આદિવાસીઓમાં પ્રચલિત કંઠસ્થ પરંપરાની રામકથાનું સંશોધન અને સંપાદન છે. આ માટે આ પહાડી પ્રદેશમાં ૧૯૮૪ થી ૧૯૮૭ સુધી ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું.

આ ચાર વર્ષની રામકથા સંશોધનયાત્રાના સમયખંડમાં આરંભના ચાર માસ પરંપરિત યોગ્ય વાહક કે 'નિદર્શક'ની શોધ કરવામાં આવી હતી.

આરંભમાં આ માટે ખેડબ્રહ્મા કેન્દ્રની સત્તર કિ.મી. દૂર ઈશાનકોણ પર આવેલા બોરડી (ઢુઢકા) ગામને પસંદ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારના ખ્યાત ભીલ સાધુ સ્વ. ખાંટ નાનજી લાખાભાઈના ત્રણ પુત્રો જીવાભાઈ,ટ પાબુભાઈ અને વીરમાભાઈ સાથે મુલાકાતો ગોઠવી 'રૉમ–સીતામાની વારતા'ની કેટલીક પાંખડીઓ ઑડિયો (શ્રાવ્ય) કેસેટ પર ધ્વનિમુદ્રિત કરી હતી.

કેટલાક પ્રસંગોનાં પાઠાંતરો સિવાય ત્રણે ભીલ સાધુને પૂરી કથા કંઠસ્થ ન હોવાથી ખેડબ્રહ્માથી ૩૫ કિ.મી દૂર, રાજસ્થાન અને ગુજરાતની સરહદ પર આવેલા હરારાજપર ગામના વતની અને સમાધિ પઢવાના માહેર પારગી નાથાભાઈ ભેંમાભાઈ અને તેમના પુત્ર કિલાભાઈને પસંદ કરવામાં આવ્યા હતા.

સમાધિ પઢવાના ટાણે તેઓની સાથે રહી અને સમાધિ અને 'હખાઢોર'(શંખાઢોર)ની વિધિઓમાં સહભાગી થવાથી માલૂમ પડ્યું હતું કે તેઓ રૉમ–સીતમાની વારતાની કેટલીક પાંખડીઓ અને કેટલાક હૃદયસ્પર્શી પ્રસંગોના નાટ્યાત્મક વેશ (વેહ) ભજવવાના જ માહેર હતા. સળંગ 'વારતા' તેઓને કંઠસ્થ



નહોતી.

આ પછી ખેડબ્રહ્મા કેન્દ્રની ચાળીસ કિ.મી. દૂર આવેલા કેળવાકૂવા ગામના રહેવાસી અને પારગી નાથાભાઈ ભેંમાભાઈના ચેલા ગમાર લાડુભાઈ રાજાભાઈ અને પંદર કિ.મી. દૂર દિગ્થળી ગામના વતની ડાભી સાયબાભાઈ સાથેની મુલાકાતોથી રામકથાના પ્રસંગોની કેટલીક પાંખડીઓ પ્રાપ્ત થઈ હતી.

છેલ્લે, ખેડબ્રહ્મા અને દાંતા તાલુકાની સરહદ પર સાબરમતી નદીના કિનારે આવેલા પંથાલ ગામના રહેવાસી ખાંડ નવજીભાઈ દેવાભાઈ સાથેની વારંવારની મુલાકાતોથી આ સંશોધકને ખ્યાલ આવ્યો હતો કે તેમને રૉમ–સીતામાની વારતા સળંગ કંઠસ્થ હતી. તેઓ જ રામકથાના યોગ્ય નિદર્શક લાગવાના કારણે તેમને પસંદ કરવામાં આવ્યા હતા.

ધ્વનિમુદ્રણ

ખાંટ નવજીભાઈ સાથે ૧૯૮૪ થી ૧૯૮૭ સુધીનો સમય પસાર કરી ધૂળાના પાટ અને કૉબરિયાની કોળીનાં અનુષ્ઠાનોમાં સહભાગી થઈને રૉમ–સીતમાની વારતાની ૩૦૦ શ્રાવ્ય કેસેટ ધ્વનિમુદ્રિત કરી હતી.

આ કથાની પાંખડીઓ ધૂળાના પાટ અને કૉબરિયાની કોળી જેવા ચોખ્ખા–મેલા ધાર્મિક અનુષ્ઠાનોમાં જ વધુ વિકસી કથનકળારૂપ ધારણ કરતી હોવાથી વર્ષના ઋતુચક્ર પ્રમાણે આવતાં બંને ધાર્મિક અનુષ્ઠાનો સમયે ખેડવા, બહેડિયા, પંથાલ, બોરડી, સણાલી, દિગ્થળી, કેળવાકૂવા જેવાં ગામોમાં સાધુ અને ભોપાઓ સાથે સાંસ્કૃતિક યાત્રા કરી, તેઓના સામાજિક અને ધાર્મિક અંગનો અભ્યાસ કરી શક્ય બન્યું છે ત્યાં સુધી અનુષ્ઠાનના મૂળભૂત ધાર્મિક વાતાવરણમાં જ ધ્વનિમુદ્રણ કરવામાં આવ્યું છે. આવી ભજનવારતાઓ અનુષ્ઠાન સિવાયના આડા દિવસે પણ તંબૂર પર ગવાતી અને કથાતી હોવાથી શેષ પાંખડીઓનું ધ્વનિમુદ્રણ સાધુના ફૂરસદના સમયે પણ કરવામાં આવ્યું છે.

રામકથાનું ધ્વનિમુદ્રણ પૂર્ણ થયે પ્રાપ્ત પાંખડીઓની પુનઃ તપાસ મૂળ સાધુ નવજીભાઈના પિતા ખાંટ દેવાભાઈ લાલાભાઈ (ઉં.વ. ૭૦), દિગ્થળી ગામના ભીલ સાધુ ડાભી ભોળાભાઈ સોનાભાઈ (ઉં.વ.૬૦) અને ખેડવા ગામના વતની



ગમાર નાથાભાઈ ભૂરાભાઈ (ઉં.વ. ૫૬) પાસે કરવામાં આવી છે.

ભજન-વારતાનું શીર્ષક

આમ તો આ પ્રજાતિમાં અનેક વર્ષોથી ગવાતા અને કથાતા કંઠસ્થ સ્વરૂપ માટે 'રામકથા' એવા રૂઢ થયેલા શબ્દસમૂહનો પ્રયોગ કરીએ છીએ પરંતુ કોઈપણ સંસ્કૃતિના સમાજનાં લોકસ્વરૂપો લોકાનુરૂપ હોવાથી જે તે સંસ્કૃતિના સંદર્ભે વિચારવું જોઈએ. આ વિસ્તારમાં જેની સાથે કથા જોડાયેલી છે એવા જુદા જુદા સ્વરૂપો માટે 'ભજનવારતા', 'અરેલા', 'હમાધ પઢવી' કે 'ઝગ વૉસવા', 'બેઠોર ગીત', 'કૌંણી', 'વાત' વગેરે શબ્દો કે શબ્દસમૂહો પ્રયોજાય છે. આના અનુષંગે 'રામકથા' માટે અહીં 'રૉમ-સીતમાની વારતા' શીર્ષક યોગ્ય લાગ્યું છે.

ભીલ સમાજ અને સંસ્કૃતિ સાથે સંબંધ છે ત્યાં સુધી કથાને વર્ષના ઋતુચક્ર સાથે સાંકળી શકાય છે. કોઈ ને કોઈ ધાર્મિક ઉત્સવ અને તેની સાથે જોડાયેલાં અનુષ્ઠાન કે કોઈ સામાજિક પ્રસંગ કે રૂઢપ્રથાનું અવિભાજ્ય અંગ બનીને કથા આવે છે. તે માત્ર કથારસ પોષવા માટે નથી આવતી. ભીલજીવનની કોઈ ને કોઈ ધાર્મિક કે સામજિક પ્રણાલીને ક્રિયાશીલ કરીને સંપન્ન બનાવવા માટે આવે છે. માટે તે ભીલ સમાજના કોઈ ધાર્મિક અનુષ્ઠાન, ઉત્સવ અને સામાજિક પ્રસંગના ખાસ પ્રકારના વાતાવરણના પ્રભાવ તળે, ગાયકો કે કથકોના કંઠમાંથી, દર્શકો કે શ્રોતાઓના સહયોગથી શબ્દો દ્વારા પોતાનું કલામયરૂપ ધરે છે. ધૂળાના પાટના અનુષ્ઠાન સમયે આ સ્વરૂપને 'ભજનવારતા' કહેવામાં આવે છે, અને જે વિશેનું ભજન હોય છે તેને આ 'વારતા' શબ્દ સાથે જોડવામાં આવે છે. ઉ.ત. 'હરસન રાઝાની વારતા', 'પૉડવ કોરવની વારતા', 'રૉમ-સીતમાની વારતા' વગેરે.

કથનકળાનાં બે રૂપો

આ 'વારતા' ભીલ સમાજમાં જે કથકળા સ્વરૂપ ધારણ કરે છે. તેનાં બે રૂપો છેઃ એક ગેયરૂપ અને બીજું ગદ્યરૂપ. 'ભજનવારતા' સિવાયની કેટલીક કથાઓમાં આ ગેયરૂપ અને ગદ્યરૂપ ન્યારું હોય છે. પણ ભજનવારતામાં બંને રૂપો સાથે ચાલે છે. આ ભજનવારતાના ગદ્યમાં પણ લયબદ્ધ સ્વરોની રવાનગી જોડાયેલી હોય



છે. રાઠોર-વારતા અને રૉમ-સીતમાની વારતાને તપાસતાં તેનો ખ્યાલ સહેજે આવે છે.

કથા, સંગીત, નૃત્ય અને નાટચનું ચર્તુવિધ સ્વરૂપ

ભીલોની આ દીર્ઘ ભજનવારતાઓ મોટાભાગે લોકસમુદાય વચ્ચે, ધાર્મિક અનુષ્ઠાનોના ક્રિયાકાંડો અને સામાજિક પ્રસંગો તથા ઉત્સવોની વિધિઓ સાથે ગવાતી કે કથાતી હોય છે. આની સાથે લોકવાદ્યો અને નૃત્યો પણ જોડાયેલાં હોય છે. માટે આવી વારતાઓ સમજતી વખતે શ્રોતાઓ અને સહભાગી દર્શકોની હાજરીમાં કથનરૂપ ધારણ કરતા ગાયકો કે કથકોનો એકલા ધ્વનિગત પાઠનો જ વિચાર ન કરતાં વારતાઓ સાથે જોડાયેલાં ધાર્મિક અનુષ્ઠાનો, સામાજિક પ્રસંગો, વાદ્યો અને સાથે જોડાયેલું સંગીત, નૃત્યો અને નાટ્ય સાથે જોડાયેલા વેશોનો પણ અભ્યાસ થવો ઘટે.

ભીલોની ભજનવારતાની સમૃદ્ધિ

વર્ષના ઋતુચક્ર પ્રમાણે વિચારતાં, ભાદરવા માસમાં તંબૂર અને મંજીરાની સંગત સાથે ગવાતી અને કહેવાતી 'ભજનવારતાઓ' અને 'સાંગ', સારંગી, વાંસળી અને મંજીરાની સંગતથી ગવાતાં સાંગોનાં ભજનોનો ભીલો પાસે ઘણો જ સમૃદ્ધ પરંપરિત કંઠસ્થ વારસો છે. આ વારતાઓ કે સાંગોનાં ભજનોમાં 'ધરણી અને મનખા અવતાર', 'નવલાખ દેવીઓ', 'સવ-અમિયા', 'સદણરાઝા', 'સતિયો ખાતુ', 'હાલ દે હોળંગી', જેવી પ્રમાણમાં ટૂંકી અને લોકવારતાઓને મળતી ભજનવારતાઓથી માંડીને 'રૉમ-સીતમાની વારતા', 'પૉડવ-કોરવની વારતા', 'હરસનરાઝા', 'અરણ્યાકસ', 'ગોપીસદ' અને 'રાઠોરવારતા' જેવી લોકમહાકાવ્યો કે લોકાખ્યાનોને મળતી અત્યંત દીર્ઘ ભજન-વારતાઓ તંબૂર કે સાંગોના સ્વરો સાથે ગવાય અને કથાય છે. આ વારતાઓ 'બીજ' અને 'કોળી' જેવાં ધાર્મિક અનુષ્ઠાનો અને 'હૂરા' અને 'હમાધ' જેવા સામાજિક પ્રસંગોને પોષે છે, અને પ્રસંગ પ્રમાણે વૈરાગ અને ભક્તિ તથા શૂરાતનના ઓજપૂર્ણ ભાવો જગવે છે.



રૉમ-સીતમાની વારતા સાથે અન્ય કંઠસ્થ પરંપરાની આદિવાસીઓની રામકથાના પ્રસંગો, લિખિત વાલ્મીકિ રામાયણ અને પરવર્તી રામકથાના પ્રસંગોનું સાદશ્ય તથા રૉમ-સીતમાની વારતાના ઐતિહાસિક સંદર્ભનું વિવરણ આ પુસ્તકના પ્રકરણ-૪ માં આપવામાં આવ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીનાં નોંધનીય સંપાદનો

રામકથા અને પાંડવકથાના અનુસંધાને 'લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા' (સંપાદકઃ ડૉ. હસુ યાજ્ઞિક), 'પાંડવવલા'(સંપાદકઃ ડૉ. હરિવલ્લભ ભાયાણી) અને 'રામાવળા' (સંપાદકઃ ડૉ. બળવંત જાની) નામનાં ગુજરાત સાહિત્ય અકાદમીનાં ત્રણ અત્યંત નોંધનીય સંપાદનો થયાં છે. તેમાં આ ભીલ આદિવાસીઓની શુદ્ધ કંઠસ્થ પરંપરાની રામકથા 'રૉમ-સીતમાની વારતા'નો ઉમેરો કરીને ગુજરાત સાહિત્ય અકાદમીએ ગુજરાતના લોકસાહિત્યને વધુ સમૃદ્ધ બનાવી સંશોધનની એક નવી નક્કર દિશા ઉઘાડી આપી છે.

ઋણ સ્વીકાર

આ વિસ્તારના ભીલ આદિવાસીઓના પરંપરિત લોકસાહિત્ય વૈભવને બચાવવા આ યોજના ૧૯૮૩-૮૪માં તે સમયના આદિજાતિ નાયબ કમિશનર શ્રી એન. એ. વ્હોરા અને કમિશનર શ્રી શંભુ દયાલ જેવા દષ્ટિવાન અધિકારીઓએ આ સંશોધકને તબદીલ કરી હતી. પણ બંને સહૃદય અધિકારીની અન્ય વિભાગમાં બદલી થતાં આ યોજનાને ચંદ્રગ્રહણ લાગ્યું. તે સમયના મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી, શ્રી નરેન્દ્ર દવે, હરેન્દ્ર ભટ્ટ અને આર. ચિતાર જેવા મિત્રોના સઘન પ્રયત્નોથી આ યોજના ગ્રહણમાંથી મુક્ત તો થઈ પણ પુનઃ રાજપલટો આવ્યો અને વળી આ યોજનાને કાયમનું સૂર્યગ્રહણ લાગ્યું. અંતે ગાંઠનું ગોપીચંદન ઘસી અધૂરું ધ્વનિમુદ્રણ પૂર્ણ કરી આ યોજનાની ઓજસ્વીતાને ટકાવી રાખી. આ પછી વર્ષોની શારીરિક અને માનસિક જહેમત વેઠીને તૈયાર કરેલી હસ્તપ્રત પ્રસિદ્ધ કરાવવાના સમયે પુનઃ સરકારી તંત્રના ચક્રાવામાં ફસાઈ ગઈ. આ હસ્તપ્રતને પ્રસિદ્ધ કરાવવા આ સંશોધક, તે સમયના ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ



શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક અને આટ્ર્સ કોમર્સ કોલેજ, ઈડરના આચાર્ય શ્રી હરિહર શુક્લના અથાક પ્રયત્નો પણ હઠાગ્રહી અધિકારીઓ સામે હારી ગયા.

આખરે કંઠસ્થ સાહિત્યના પારેખ શ્રી હસુ યાજ્ઞિક અને ગુજરાત સાહિત્ય અકાદમીની સહૃદયતા બાર વર્ષે જીતી ગઈ ત્યારે આ સંશોધકને અહલ્યા ઉદ્ધાર જેટલો આનંદ થાય છે, અને તેનું પુણ્ય ગુજરાત સાહિત્ય અકાદમીના ફાળે જાય છે.

આ તબક્કે ઉપર ઉલ્લેખિત મહામના સુજ્ઞજનોની સાથે સાથે જેમના થકી આ ગ્રંથ આકાર ધારણ કરી શક્યો છે તેવા પ્રકરણ-૧ માં ઉલ્લેખિત તમામ ગાયકો અને બાણિયાઓને અંતઃકરણથી સ્મરું છું.

રૉમ-સીતામની વારતાની હસ્તપ્રતના પરામર્શનનો બોલી વિજ્ઞાનના અધિકારી વિદ્વાન અને સમગ્ર ગુજરાતની બોલીના ક્ષેત્રસંશોધક લોકવિદ્યાવિદ્ ડૉ. શાંતિભાઈ આચાર્યનો લાભ મળ્યો છે. આ માટે તેઓનો ખાસ આભારી છું.

મારા ધ્વનિ અંકન પછી હસ્તપ્રતને સુવાચ્યરૂપ આપવા સહાયક થનાર મારી સહધર્મચારિણી તારામતી પટેલ, મહેન્દ્ર દીક્ષિત અને સ્વ. ગીતા પટેલને આ સમયે સ્મરું છું.

જેઓએ અરવલ્લી પહાડના એક ખૂણામાં પડેલા ભીલ આદિવાસી સાહિત્ય વૈભવને ઉમદા હૃદયની ભાવનાથી બિરદાવી મને પ્રોત્સાહિત કર્યો છે અને જેમને હું પત્રો દ્વારા જ પામ્યો છું તેવા મારા લંડન નિવાસી ગુર્જર ભારતીય મિત્રો સર્વશ્રી નરેન્દ્ર ફણસે, ચંદ્રકાન્ત પટેલ, દિનેશભાઈ પુરોહિત, બિપિનભાઈ ત્રિવેદી, ભીખુભાઈ કારેલીઆ, કલ્પનાબહેન પટેલ, સરયૂબહેન ફણસે, કુ. નીલાબહેન ખાખરીઆ અને જે.ડી સ્મિથને અદકેરા સ્નેહથી સ્મરું છું.

મારી સંશોધનયાત્રાનાં કષ્ટોને શબ્દો દ્વારા વખાણી અને વધુ કષ્ટો સહન કરવા માટે ઉશ્કેરવા બદલ સર્વશ્રી હરિવલ્લભ ભાયાણી, શિરીષ પંચાલ, લાભશંકર ઠાકર, કાનજી પટેલ, રાજેન્દ્ર ભગત અને મારા સ્થાનિક મિત્રો વીરચંદભાઈ પંચાલ, ડૉ. દીપક રાવલ, ડૉ. નર્મદાબહેન પારગી, આચાર્ય ઊજમભાઈ પટેલ, હરિહર પાઠક, જગદીશ ભટ્ટ, રાજેન્દ્ર ગોસ્વામી, ગણપત પરમાર, બી.બી. જોશી અને કિરણ આચાર્યને અહીં યાદ કરું છું.



સુંદર મુદ્રણ માટે બચુભાઈ દવે અને રાકેશ દવે (આકાશ ગ્રાફિક્સ) પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરું છું.

બારબાર વર્ષ સુધી સરકારી તંત્રોએ સર્જેલા કૃત્રિમ અકાળ પછી સૂકે ઠૂંઠે ગુગળ ફૂટ્યો છે ત્યારે તેની સુવાસ દૂર દૂર ફેલાશે અને તેના યશનો ખરો અધિકાર ગુજરાત સાહિત્ય અકાદમીને હશે.

અહીં રૉમ-સીતમાની વારતાના પ્રકાશનથી તો માત્ર એંદરિયા(મેઘ)એ થૂરમાં(ક્ષિતિજમાં)થી દેવળ જેવાં આભ (વાદળ) જ કાઢ્યાં છે અને તેમાં ઝીણી, ઝીણી વીજો થવા માંડી છે. પણ તેનાં ખરાં રૂપ તો ‘ભીલોનું ભારથ’(પાંડવકથાની અપ્રસિદ્ધ હસ્તપ્રત)માં છે. તેના પ્રકાશનની સાથે એંદરિયો બમણાં-તમણાં રૂપ કરી ગુજરાતના લોકસાહિત્ય આકાશમાં ઢી.....ડી......ડી....કરતો ચડશે ત્યારે સહૃદયનોના મનના મોરિયા (મોર) અવશ્ય ‘ક્યોંક....’ કરી ઊઠશે, તેવા આશાધ્વનિ સાથે.

ભગવાનદાસ પટેલ

ખેડબ્રહ્મા

૧૯૯૫



બીજી આવૃત્તિ પ્રસંગે

આનંદ એ વાતનો છે કે રૉમ-સીતમાની વારતા (પ્રથમ આવૃત્તિ, ૧૯૯૫), ભીલોનું ભારથ (૧૯૯૭), રાઠોરવારતા (૧૯૯૨), અને ગુજરાંનો અરેલો (૧૯૯૩) આ ચાર મહાકાવ્યોની બીજી આવૃત્તિ -આ આવૃત્તિ પૂરતા જ કૉપી રાઈટ માન્ય રાખી, પછીના સંપાદકને આપી ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર, વડોદરાનો એક ભાગ પૂર્વ પ્રકાશ, ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂરના આર્થિક સહયોગથી પ્રકાશિત કરે છે.

રૉમ-સીતમાની વારતા અને ભીલોનું ભારથને પૌરાણિક ભીલ લોકમહાકાવ્યો જ્યારે રાઠોરવારતા અને ગુજરાંનો અરેલોને વીરતાપ્રધાન ભીલ લોકમહાકાવ્યો તરીકે ગણના કરીએ છીએ.

રૉમ-સીતમાની વારતા, ભારથ જેવાં મહાકાવ્યોમાં પૂર્વકાલીન માતૃસત્તાક સમાજના મહામાર્ગી જીવનદર્શનમાંથી આવિર્ભાવ પામેલી સીતા, દ્રૌપદી, કુંતી, સુભદ્રા જેવી સ્ત્રીઓ પોતાના વ્યક્તિત્વનો સહજ વિકાસ સાધે છે અને માર્ગદર્શક બની પુરુષ સમાજ પર શાસન કરે છે.

રાઠોરવારતા અને ગુજરાંનો અરેલો, આ બંને મુખપરંપરાનાં લોકમહાકાવ્યોની કથાઓ મધ્યકાળમાં થયેલા પાબુ રાઠોડ અને સવાઈ ભોજ જેવાં ઐતિહાસિક ચરિત્રો સાથે ગૂંથાઈ છે. જેમનો સમય ઇતિહાસકારો ૧૦મા સૈકાની આસપાસનો આંકે છે. આથી આ બંને વીરતાપ્રધાન લોકમહાકાવ્યોમાં અળખું, તેમા, ઝેળુ જેવાં સ્ત્રી ચરિત્રોની કુટિલતા, જેદરા ખેંસી જેવાની તીવ્ર વેરભાવના અને રાજખટપટ ઉપરાંત યુદ્ધોનાં સજીવ ચિત્રોની સાથેસાથે આ યુદ્ધોનાં પ્રેરકબળ એવાં શરણાગત-રક્ષા, વચન-નિર્વાહ, ગોત્રરક્ષા, સ્ત્રીરક્ષા, પૂર્વજ-સન્માન જેવાં મધ્યકાલીનયુગનાં ક્ષાત્રધર્મી જીવનમૂલ્યો અભિવ્યંજિત થયાં છે. આમ છતાં, આ બંને



લોકમહાકાવ્યોમાં દસમા સૈકાથી પણ પૂર્વકાલીન ઘણું બધું સચવાયું છે જેની વિગતે ચર્ચા ભૂમિકામાં કરી છે.

કોઈ પણ જાતિ-પ્રજાતિની સંસ્કૃતિ ફક્ત વર્તમાન સમયનો વ્યવહાર અને ચિંતનની પ્રથા જ નથી. તે પરંપરા પણ છે. આ પરંપરામાં ઘણાબધા પ્રાચીન અવશેષો સચવાયેલા હોય છે. આ સચવાયેલા જૂના અવશેષો પોતાના યુગનો-તે સમયની સંસ્કૃતિનો ઇતિહાસ પ્રકટ કરે છે. આ સચવાયેલા અવશેષોનું અન્વેષણ કરતાં કરતાં આપણે જે તે સંસ્કૃતિનાં મૂળ-કુળ સુધી પહોંચી શકીએ. ફક્ત વીરતાપ્રધાન લોકમહાકાવ્યોનો ઐતિહાસિક અનુબંધ તપાસીએ તો પણ તેનાં મૂળ ઋગ્વેદમાંથી મળે છે જે 'લોક'માંથી પ્રવેશ્યાં હોવાની સંભાવના છે. 'રૉમ-સીતમાની વારતા'માં ઇંદ્ર (એંદર) શબ્દ મેઘના અર્થમાં પ્રયોજાયો છે. વેદોમાં પણ ઇંદ્રનો એક અર્થ 'ગર્જના સહિત વરસાદરૂપે પૃથ્વી પર આવનાર' થાય છે. મેઘને જોઈને ઋગ્વેદના કવિ કલ્પના કરતા હતા કે તે ઊડતા દુર્ગ છે. ઇંદ્રે તેમને તોડ્યા (૮.૧.૨૮). વાદળોના દુર્ગ તોડવાના કારણે ઇંદ્રને 'પૂર્ભિદ્' પુર તોડવાવાળો 'પુરંદર' કહેવામાં આવ્યો છે. આમ ઇંદ્ર એ વર્ષાનો જીવનદાયક પ્રાકૃતિક દેવ હોવાથી વાદળો કે વાદળોના પુરને તોડનાર તરીકે વેદના કવિએ વર્ણવ્યો છે. આ મેઘના ઉગ્ર રૂપકમાંથી ઇંદ્રનું વીર તરીકેનું ચરિત્ર વિકસિત થયું છે. ઋગ્વેદમાં કહેવાયું છે हि वीरा सैन्यः, ઇંદ્ર વીર છે અને તે સૈન્ય છે, યોદ્ધો છે, સેનાની સાથે છે (૧.૮૧.૨). પવન જેવા પ્રાકૃતિક તત્ત્વની પણ ઋગ્વેદમાં વીર તરીકે કલ્પના કરી છે. मरुत् ઇંદ્રના સહાયક धृष्वयः वीराः અત્યંત શક્તિશાળી વીર છે (૧.૮૫.૧). 'ભીલોનું ભારથ'માં અભિમન્યુ સાથેના યુદ્ધમાં પવનદેવ (मरुत्) ઇંદ્રની સહાયમાં આવે છે. અગ્નિને वीर विश्पते अग्ने કહીને સંબોધવામાં આવ્યો છે. (૮.૨૩.૧૪). ઋગ્વેદમાં જે વીર યુદ્ધમાં વિશેષ વીરતા દાખવતા હતા, તેના પર ગીત રચવામાં આવતાં હતાં. મરુતોને કવિ કહે છે, ''મહાન ઇંદ્રનાં ગીત ગાઓ. જે ગીત ગવાશે તે ब्रह्म છે.'' ઋગ્વેદમાં બ્રહ્મનો એક અર્થ કાવ્ય થાય છે. 'બ્રહ્મ મૂળરૂપમાં કોઈ વીરની પ્રશંસામાં રચેલું કાવ્ય છે. આ ब्रह्म જ સાચા અર્થમાં વીરગાથા છે. અને આ વીરગાથાઓ લોકમાંથી જ ઋગ્વેદમાં પ્રવેશી છે.'

પ્રશસ્તિ શબ્દનો સીધો અર્થ છે પ્રશંસા અથવા પ્રશંસાત્મક કાવ્ય. राजानो



ન પ્રશસ્તિભિઃ રાજા પ્રશસ્તિથી શોભિત થાય છે (૯.૧૦.૩). ઋગ્વેદનું સૂક્ત ૧/૩૨ અને શુક્લ યજુર્વેદીય રુદ્રાષ્ટાધ્યાયીનો તૃતીય અધ્યાય ઇંદ્રસ્તુતિ–વીર પ્રશંસાનો છે. જે લોકમાં પ્રચલિત પ્રશસ્તિઓમાંથી રચાયાની શક્યતા છે. વિજયી અને મૃત રાજાની પ્રશસ્તિ રચવાની પરંપરા પૂર્વકાળથી આરંભીને નજીકના ભૂતકાળ સુધી ચાલુ રહી છે. રાઠોરવારતા, ભારથ, ગુજરાંનો અરેલો જેવાં લોકમહાકાવ્યોમાં મુખ્ય સાધુ કે ગાયક દ્વારા કથાતાં જીવિત અને મૃત વીરોનાં પ્રશંસાત્મક કથનો પ્રાપ્ત થાય છે, જેમ કે 'પાંડવો પૃથ્વી પરના પ્રથમ દેવ છે.' 'રાઠોર દેશના દીવા હતા, પૃથ્વીના પ્રધાન. તેમના મરણથી આકાશમાંથી ગુરુનો તારો ડૂબી ગયો.' 'ફળિયાના મોડવી હતા, મારા મેહો અને ભોજો.' હૂરો માંડતી વેળાએ કે મરણોત્તર લૌકિક કર્મકાંડ વેળાએ મરનારનાં ગુણગાન અને વીરતાભર્યાં કાર્યોના ગાવામાં આવતા આવા મરસિયામાંથી તે સમયે ગવાતાં રાઠોરવારતા જેવાં મૌખિક મહાકાવ્યો સિદ્ધ થયાં છે (વધુ વિગત માટે જુઓ શોધસંપદા, ડૉ. ભગવાનદાસ પટેલ, પૃ. ૧૦૨–૧૦૩–૧૦૪).

આ સંશોધક–સંપાદક દ્વારા સંશોધિત–સંપાદિત ભીલ આદિવાસીઓનાં 'રૉમ–સીતમાની વારતા' (ભીલી રામાયણ), 'ભીલોનું ભારથ' (ભીલી મહાભારત), 'ગુજરાંનો અરેલો', 'રાઠોરવારતા' જેવાં સત્ત્વશીલ ચાર લોકમહાકાવ્યો અને રૂપાંરૉણી, તોળીરૉણી, ગોપીચંદ–ભરથરી જેવાં ૨૧ લોકાખ્યાનો તથા ભીલી સાહિત્યની અન્ય વિધાઓના ૪૦ ગ્રંથોના પ્રગટીકરણથી રાષ્ટ્રીય કક્ષાએ આદિવાસી મૌખિક સાહિત્ય પ્રસિદ્ધ થઈ પ્રસાર–પ્રચાર પામી અભ્યાસનો વિષય બન્યું છે. ઉપર ઉલ્લેખિત ચાર ભીલ લોકમહાકાવ્યોનું સાહિત્યિક–લોકતાત્ત્વિક મૂલ્ય પારખી ભારતીય ભાષા સંસ્થાન, મૈસૂરે અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરાવ્યું છે. મોઈઝ રસીવાલા ભીલોનાં પ્રમુખ લોકાખ્યાનોના અંશોનું ફ્રેંચ ભાષામાં ભાષાંતર કરી એન્થોલૉજી બનાવી રહ્યા છે. ડૉ.ગણેશ દેવીએ પ્રસિદ્ધ કરેલ *Painted Words* નામની એન્થોલૉજીમાં ભીલોનું ભારથના સાહિત્યિક દૃષ્ટિએ અગત્યના અંશો અંગ્રેજીમાં પ્રગટ કર્યા છે. નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, મુંબઈ દ્વારા પ્રકાશિત *The Tribal Literature of Gujarat*, Ed. by Bhagvandas Patel પુસ્તકમાં ડૉ. હસુ યાજ્ઞિકે ભીલી સાહિત્ય અંગેના



લેખો અંગ્રેજીમાં પ્રસિદ્ધ કર્યા છે. ડૉ. નીલા શાહ દ્વારા અનુવાદિત અને નયન સૂર્યાનંદ લોકપ્રતિષ્ઠાન, મુંબઈ દ્વારા પ્રકાશિત *Adivasi Lokakhyano* પુસ્તકમાં ભીલોનાં પ્રમુખ લોકાખ્યાનો અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયાં છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી, દિલ્હીએ ડૉ. મૃદુલા પારીક દ્વારા હિન્દીમાં અનુવાદિત भीलों का भारथ પ્રસિદ્ધ કર્યું છે. ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીના સમયખંડમાં ગુજરાતના મૂર્ધન્ય વિવેચકો દ્વારા ભીલી સાહિત્ય વિશે વિવેચાયેલા લેખો ડૉ. બળવંત જાની દ્વારા સંપાદિત કરાવી ગુજરાત સાહિત્ય અકાદમીએ 'વનસ્વર' પુસ્તકમાં મૂક્યા છે. ગુર્જરી ટ્રાયબલ ફાઉન્ડેશન, અંબાજી દ્વારા પ્રસિદ્ધ 'ભીલી સાહિત્ય : એક અધ્યયન' ગ્રંથમાં ડૉ. હસુ યાજ્ઞિકે ૧૯૯૫ થી ૨૦૦૮ સુધીના સમયખંડમાં પ્રસિદ્ધ થયેલા લેખોનું સંપાદન કર્યું છે. આ ઉપરાંત તેમના દ્વારા લિખિત ગૂર્જર ગ્રંથરત્ન દ્વારા પ્રકાશિત 'ગ્રામીણ અને આદિવાસી કંઠ પરંપરા' ગ્રંથમાં ગ્રામ અને આદિવાસી મૌખિક સાહિત્યના વિવેચનને એક સ્થાન પર મૂકી આપ્યું છે. સાહિત્ય અકાદમી, દિલ્હી આ સંશોધક દ્વારા સંપાદિત 'ભીલી ગીતો : એક મૂલ્યાંકન' અને 'ભીલી મહાકાવ્યો : એક મૂલ્યાંકન' વિષય પર બે પરિસંવાદો કર્યા છે. તેનાં પુસ્તક સ્વરૂપ તાજેતરમાં પ્રકાશિત થયાં છે.

શ્રી શિવશંકર જોશી અને વીરચંદ પંચાલના સહયોગથી શિવશંકર ચુનિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રકાશિત 'ગોપીચંદ-ભરથરીની વારતા'ની ભૂમિકામાં અને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા પ્રકાશિત 'ખેડબ્રહ્માની પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓ' પુસ્તકમાં આ સંશોધકે સિત્તેર હજાર વર્ષ પૂર્વકાલીન આદિવાસી સંસ્કૃતિ-સભ્યતાનાં મૂળ-કુળ શોધવાનો પ્રયત્ન કર્યો છે. આ ઉપરાંત આ સંશોધક-સંપાદકે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં ભીલી મૌખિક સાહિત્યનું નિદર્શન અને અનેક લેખો પ્રસિદ્ધ કર્યા છે. આમ, આ સહભાગિતાથી બહુ આયામી-બહુમૂલ્યવાન ભીલી સાહિત્ય રાષ્ટ્રના સીમાડા વળોટી વિશ્વમાં લોકવિદ્યાના ક્ષેત્રે અભ્યાસનો વિષય બન્યું છે. ભીલ આદિવાસીઓના જીવનામૃત-જીવનરસાયણ જેવી આ સત્ત્વશીલ લોકસંપદા, વિદ્યાનાં ઉચ્ચ ક્ષેત્રો-વિદ્યાલયો, મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયોમાં પ્રચાર-પ્રસાર પામે અને ઉચ્ચ અભ્યાસનો વિષય બને એવા ઉમદા આશયથી ભાષા સંશોધન-પ્રકાશન કેન્દ્ર, વડોદરા આગળ



ઉલ્લેખિત ચાર ભીલ લોકમહાકાવ્યોની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરે છે. પ્રકાશનની જવાબદારી પૂર્વ પ્રકાશે નિભાવી છે.આ પ્રસંગે બંને સંસ્થાના પ્રેરક–સ્થાપક ડૉ. ગણેશ દેવી, પ્રા. સુરેખા દેવી, આદરણીય મહાશ્વેતા દેવી, સોનલ બક્ષી, કાનજી પટેલ, વિક્રમ ચૌધરી, ધીરુભાઈ પટેલ અને બંને સંસ્થાના સભ્યોનો આભાર માની વિરમું છું.

ભગવાનદાસ પટેલ
૩૦૪ મિથિલા અપાર્ટમેન્ટ
જજીસ બંગલા ચાર રસ્તા, બોડકદેવ, અમદાવાદ



રૉમસીતમાની વારતાનો સ્થાનિક સંદર્ભ

ખેડબ્રહ્માના ભીલોની મૌખિક પરંપરાનાં જે લોકમહાકાવ્યો અને લોકાખ્યાનો છે તે આ આદિવાસીઓ ધૂળાના પાટ નિમિત્તે ધાર્મિક વિધિના ભાગરૂપે ગાઈ અને લયાત્મક ગદ્યમાં કહીને રજૂ કરે છે. ભાદરવા મહિનાના કોઈ પણ શનિવારે પાટ પૂરે છે. પરંતુ મુખ્યત્ત્વે ભાદરવા સુદ બીજ પછીના શનિવારે આ પાટ ભરાતો હોઈ તેને 'બીજનો પાટ' પણ કહે છે. જેની વિગત આ સંશોધકે તેના 'તોળીરૉણીની વારતા' પુસ્તકમાં આપેલ છે.

આ પાટના અનુષ્ઠાન માટે ઘરમાલિકબીજ ઊજવવાનો દિવસ નકકી કરી વાયક મોકલે છે. સામૈયું તથા પાદપ્રક્ષાલનની વિધિ કરી, કોટવાળ, ભંડારી અને મુખ્ય સાધુની નિયુક્તિ કરીને અનુષ્ઠાનના ભાગરૂપે સાધુમંડળી ભજન અને વારતા માંડે છે. તેમાં કેટલાંક ટુકડિયાં ભજનો હોય છે જ્યારે કેટલાંક દીર્ઘભજનો હોય છે. દીર્ઘભજનોમાં આદિવાસીઓનાં મહાકાવ્યો કે લોકાખ્યાનો હોય છે, તેમાં પાંડવવારતા (ભારથ), રામવારતા (રૉમસીતમાની વારતા),'રાઠોરવારતા' મુખ્ય છે આ ઉપરાંત જેસલ-તોરલ, હાલો-હૂરો અને રૂપા-માલદેની વારતા પણ માંડે છે.

આ ગ્રંથમાં આ પ્રકારની ભીલી મહાકાવ્યરૂપ રામવારતાના મૂળ પાઠનું ધ્વનિમુદ્રણ કરીને સંપાદન કરવામાં આવ્યું છે.

માહિતીનું સ્થળ

અહીં સંકલિત - સંપાદિત 'રૉમ-સીતમાની વારતા'(રૉમ-સીતમાનું પઝન)



એ ઉત્તર ગુજરાતના ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ પંથાલ ગામમાંથી ધ્વનિમુદ્રિત કરેલી છે.

ખેડબ્રહ્મા મુખ્ય કેન્દ્રથી બાર કિલોમીટર દૂર ઉત્તરે રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવેલા કેન્દ્રિત ગામ મટોડાથી ચાર કિલોમીટર દૂર પશ્ચિમ દિશા તરફ પગદંડીએ ચાલીને આ ગામમાં જઈ શકાય છે. અત્યારે વસેલા અકેન્દ્રિત ગામ પંચાલથી ઉત્તરે મહિષાસુરમર્દિનીની મૂર્તિ અને સોલંકીયુગનાં હિંદુ અને જૈન મંદિરોના અવશેષો વિખરાયેલા જોઈ શકાય છે. ઐતિહાસિકયુગના અવશેષો ગામ પ્રાચીન હોવાનો નિર્દેશ આપે છે. ગામની દક્ષિણે સાબરમતી નદી વહે છે. પૂર્વમાં 'ધૂહિયું ખેતર'[૧] નામનું પ્રાગૈતિહાસિક સ્થળ આવેલું છે. પશ્ચિમમાં 'ખેતલા બાવસી'[૨](ક્ષેત્રપાલ)નું મંદિર અને 'સેમેરો'નામનો ડુંગર આવેલો છે.

મૂળ પ્રાચીન ગામથી દક્ષિણ દિશા તરફ વસેલું અત્યારનું આ ગામ, આશરે બસો વર્ષ પહેલાં પોશીનાપટ્ટાના દાંતિયા ગામથી આવેલા ખાંટ ગોત્રના ભીલ આદિવાસી થાવરાભાઈ મૂળસંગભાઈએ 'ખૂંટો' નાખીને સૌ પ્રથમ વસાવેલું છે.

આશરે સિત્તેર થી એંશી ખોલરાંમાં વિસ્તરેલું આ નવું પંથાલ ગામ અરવલ્લીની નાની-મોટી ટેકરીઓની તળેટીમાં વસેલું છે.

ગામમાં ખાંટ, ગમાર, કોદરવી અને મકવાણા ગોત્રના ડુંગરી ભીલ આદિવાસીઓ વસે છે.

ભજનવારતાનો સાધુ (સાધ)

આ ગામના વતની ખાંટ નવજીભાઈ દેવાભાઈ પાસેથી ભાદરવા માસમાં આવતી બીજ(ધૂળાના પાટ)ના ધાર્મિક અનુષ્ઠાન પ્રસંગે અને સાધુની ફુરસદે બે વર્ષના સમયખંડમાં પંથાલ ગામની સાંસ્કૃતિકયાત્રા કરી આ ભજનવારતા(લોકમહાકાવ્ય)નું તેનાં પાઠાંતરો સાથે ૨૨૫ શ્રાવ્ય (ઓડિયો) કેસેટો[૩] પર ધ્વનિમુદ્રણ કર્યું છે.

પિતા દેવાભાઈએ નવજીભાઈની માતા પૂંજીબહેનને છૂટાછેડા આપ્યા હોવાથી તેમનો જન્મ, મામાના ગામ કંથાપુરા(તા. ખેડબ્રહ્મા)માં થયો હતો.



ત્યાંથી તેઓ માતા સાથે આંગળિયાત તરીકે રાજસ્થાનના મામેર ગામમાં ગયા હતા. સાધુની બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થા પાલક પિતા નાથાભાઈ ગેંનાભાઈ તરાળના ગામમાં પસાર થઈ હતી. કિશોરાવસ્થામાં અનેક આર્થિક અને સામાજિક કષ્ટો વચ્ચે નવજીભાઈ મામેર ગામના વતની ભીલ સાધુ ભારમોલભાઈ ડાભીના સંપર્કમાં આવ્યા હતા. તેઓની પાસેથી નવજીભાઈએ દસાપથી ભકિતનાં ભજનોનો કંઠસ્થ વારસો પ્રાપ્ત કર્યો હતો.

યુવાવસ્થામાં ખેડબ્રહ્મા તાલુકાના બોરડી (ઢુઢકા) ગામમાં વસતા નવજીભાઈના કાકા નાનજીભાઈ લાખાભાઈ પોતાના ગામ તેમને લઈ આવ્યા હતા. લગ્ન કર્યા પછી બાર વર્ષ આ સાધુએ બોરડી ગામમાં ગુજાર્યાં હતાં. તેઓના કાકા ખાંટ નાનજીભાઈ ખેડવા પટ્ટા અને મામેર પટ્ટાના એક ખ્યાત વીસાપથી સાધુ હતા. ત્યાં નવજીભાઈ કાકાના ભાણિયા અને ખેડવા ગામના વતની નાથાભાઈ ભૂરાભાઈ ગમાર અને કાકાના દીકરા જીવાભાઈ વીરમાભાઈ અને પાબુભાઈના સંપર્કમાં આવ્યા હતા. કાકાના ઘરમાં વીસાપથી ભકિતનું ધાર્મિક વાતાવરણ હોવા ઉપરાંત નાનજીભાઈ બીજના ધાર્મિક ઉત્સવ પ્રસંગે બનાસકાંઠાના દાંતા પટ્ટા, ખેડબ્રહ્મા તાલુકાના પોશીના પટ્ટા, ખેડવા પટ્ટા અને લાંબડિયા પટ્ટા તથા રાજસ્થાનના મામેર પટ્ટા અને મેડી પટ્ટામાં ફરતા હોવાથી આ બધા સમવયસ્ક ચેલાઓને બાણિયા (રાગિયા) તરીકે સાથે રાખતા હતા. આથી નવજીભાઈએ પોતાના ગુરુભાઈઓની માફક ધૂળાના પાટના અનુષ્ઠાન સમયે થતી વિધિઓમાં સહભાગી થઈને વીસાપથી ભકિતની પરંપરિત વિધિઓ અને ભજનો સાધુ નાનજીભાઈ પાસેથી પ્રાપ્ત કર્યાં હતાં.

બોરડી ગામમાં બાર વર્ષના વસવાટ પછી અપરમાતા હરમાંબહેનના આગ્રહથી નવજીભાઈને પિતા દેવાભાઈ ખાંટ પોતાના ગામ લઈ આવ્યા હતા. તે સમયથી આ સાધુ પંથાલ ગામમાં વસે છે. માતા-પિતા દસાપથી સાધુ હોવાથી અને ઘરમાં જ દસાપથી ધૂળાના પાટનું અનુષ્ઠાન થતું હોવાથી બીજમંત્રો અને વારતાનો પરંપરિત ધાર્મિક કંઠસ્થ વારસો પણ નવજીભાઈને પ્રાપ્ત થયો છે.

તેઓ મુખ પર દાઢી ધરાવતા, મધ્યમ કદ દેહ બાંધાવાળા ઘઉંવર્ણા અને વાકપટુ માહિતીદાતા છે.



નવજીભાઈના સ્વરોમાં અદ્‌ભુત માધુર્ય છે. વર્ષાની મેઘલ રાતો કે શિયાળાની ઠંડી રાતોમાં જ્યારે તંબૂરના તાર સાથે આ સાધુ સંધાન કરે છે ત્યારે તેમની નાભિમાંથી ફૂટતા દિવ્ય સૂરો વાતાવરણને બાંધી લે છે. આ સાધુની વાણી અનેક લોકઢાળોને સહજતાથી રમાડી જાણે છે. પરંપરિત સ્વરોની અનન્ય સિદ્ધિના કારણે ૧૯૮૫માં વીરડોના તંત્રી શ્રી હરેન્દ્ર ભટ્ટ અને તે સમયના આદિજાતિ નાયબ કમિશનર શ્રી એન.એ. વ્હોરા તથા આ સશોધક સાથે નવજીભાઈને પણ ફ્રાન્સના 'ડીઝાં' શહેરમાં જવાનું આમંત્રણ પ્રાપ્ત થયું હતું. તંબૂરના વિવિધ સ્વરો અને ઢોલના વિવિધ તાલ વગાડવાની સિદ્ધહસ્ત કળા પર ફ્રાન્સની પ્રજા ઘેલી થઈ હતી.

તંબૂર અને ઢોલ સિવાય સાંગ, કુંડી, વાંસળી, કોરાયું,(ઘોડાલિયું), શંખ જેવાં ચર્મ અને સુષિર લોકવાદ્યો પણ આસાનીથી વગાડી જાણે છે.

મોટાભાગનું જીવન યાયાવર રીતે ભીલ વિસ્તારમાં ગુજર્યું હોવાથી 'હગ', 'વતાંમણાં', દેવી-દેવતાનાં ગીતો અને લગ્નગીતોનો પરંપરિત વારસો પણ નવજીભાઈને કંઠસ્થ છે.

ભાદરવા માસમાં દાંતા તાલુકા, ખેડબ્રહ્મા તાલુકા અને રાજસ્થાનના કોટડા અને મામેર પટ્ટા સુધી આ સાધુ બીજનું ધાર્મિક અનુષ્ઠાન કરાવવા જતા હોવા ઉપરાંત સ્વભાવે સાલસ અને વાચાળ હોવાથી તેઓ મોટો ચેલા-ચેલીનો લોકસમુદાય ધરાવે છે.

પંથાલ ગામમાં નવજીભાઈનું 'ખોલરું' (ઘર) 'ખેતલા બાવસી'ના ડુંગરની તળેટીમાં દેવરાના મંદિર પાસે આવેલું છે. સાધુના મોટા ભાગના યાયાવર જીવનને નિભાવી ઘર અને જીવનયાપનની જવાબદારીઓ ઉઠાવનાર તેઓની પત્ની તેમાંબહેન સહનશીલ અને સહૃદયી સ્ત્રી છે. તેણી ત્રણ પુત્રો અને બે પુત્રીની માતા છે.

હોંકારિયા

મુખ્ય સાધુને કથા ગાવામાં અને કથવામાં સહાય કરનાર મુખ્ય હોંકારિયા તરીકે



કામ કરનાર ખાંટ નાનાભાઈ ઊસાભાઈ હતા. આ સમયે તેમની ઉંમર આશરે પંચાવન વર્ષની હતી. નાનાભાઈ વર્ણે શ્યામ, મધ્યમ દેહવાળા અને સ્વભાવે સહનશીલ તથા ઉદારમના હોંકારિયા છે.

નાનાભાઈ ખાંટની ગેરહાજરીમાં હોંકારો ભણનાર ગમાર લુંબાભાઈ કાળાભાઈ હતા. આ સમયે તેઓની ઉંમર પિસ્તાલીસ વર્ષની હતી. લુંબાભાઈ શ્યામ વર્ણના હસમુખા અને ઊંચું ડિલ ધરાવતા હોંકારિયા હતા. રૉમસીતમાની વારતાના ધ્વનિમુદ્રણ પૂરું થયા પછી લુંબાભાઈ ગમારનું ક્ષયના રોગથી અવસાન થયું હતું.

કથા સમયે હોંકારિયાનું મહત્ત્વ સમજાવતાં નાનજીભાઈએ કહ્યું હતું,'' બધા ભેગા થઈને એમ જ બેસી રહીએ તો કંઈ નહીં થાય પણ કોઈ એકને ગાળ દઈએ તો તે લાલ આંખો કરીને ગુસ્સે થઈને સામે આવે અને એક ગાળની ઘણી ગાળો કાઢે. એવી જ સાધુ અને અમારી વાત છે. તાકીને સાધુના હૃદયમાં શબ્દોનાં બાણ મારીએ તો શારદા ઊકલે અને વારતા બહાર આવે. હોંકારિયા વિના સાધુ એક પાંખવાળા પંખી જેવો છે. હોંકારિયા વિના સાધુ એમ જ બેસી રહે.''[૪] બે વર્ષના સમયખંડમાં બંને હોંકારિયાઓએ મુખ્ય સાધુના ચિત્તમાં રહેલી 'રૉમ-સીતમાની વારતા' ને બહાર લાવવામાં ઉપરનાં વિધાનો સાચાં પાડ્યાં હતાં.

નાનજીભાઈ ખાંટનું ખોલરું સાધુના ખોલરાથી ઉત્તર દિશા બાજુ આવ્યું છે. જ્યારે સ્વ. લુંબાભાઈ ગમારનું ખોલરું સેમેરા ડુંગરથી પૂર્વ દિશામાં આવેલું છે.

અન્ય બાણિયા (રાગિયા)

આ સમયે ભજનમાં બાણ કરનારા (રાગ પુરાવનારા) અન્ય પુરુષ બાણિયા હતા. તેમનાં અટક સાથેનાં નામ અને તે સમયની આશરે ઉંમર આ પ્રમાણે છે :

૧. ખાંટ પૂનાભાઈ કાળાભાઈ, ઉં.વ.૬૨

૨. ખાંટ પાબુભાઈ દેવાભાઈ, ઉં.વ. ૪૪

૩. ખાંટ પોંકતાભાઈ દેવાભાઈ, ઉં.વ. ૪૦



૪. ખાંટ રામાભાઈ માવાભાઈ, ઉં.વ. ૨૫

૫. ખાંટ રતાભાઈ લાલાભાઈ, ઉં.વ. ૬૫

૬. ખાંટ પ્રવીણભાઈ દેવાભાઈ, ઉં.વ. ૨૫

૭. ખાંટ રામાભાઈ ભીખાભાઈ, ઉં.વ. ૪૩

પંથાલ ગામ અને બોરડી ગામમાં ધાર્મિક અનુષ્ઠાન સમયે ખૂંટ, કોટવાળ અને ભંડારી તરીકે જેમણે કામગીરી બજાવી હતી તે સાધુઓનાં અટક સાથેનાં નામ અને આશરે ઉંમર આ પ્રમાણે છેઃ

ખૂંટ : (પાટની ધાર્મિક વિધિ કરાવનાર અને ગાયક સાધુ)

૧. ખાંટ દેવાભાઈ લાલાભાઈ, ઉં.વ.૬૮

૨. ગમાર નાથાભાઈ ભૂરાભાઈ, ઉં.વ.૪૫

૩. ખાંટ વીરમાભાઈ નાનજીભાઈ, ઉં.વ. ૪૫

૪. ખાંટ પાબુભાઈ નાનજીભાઈ, ઉં.વ. ૫૦

૫. ખાંટ નવજીભાઈ દેવાભાઈ, ઉં.વ. ૪૫

કોટવાળ :

૧. ખાંટ પોંકતાભાઈ દેવાભાઈ, ઉં.વ. ૪૦

૨. ખાંટ જીવાભાઈ નાનજીભાઈ, ઉં.વ. ૬૦

ભંડારી :

૧. ગમાર લખાભાઈ લાલાભાઈ, ઉં.વ. ૪૦

૨. ગમાર ગુજરાભાઈ દેવાભાઈ, ઉં.વ. ૩૫

૩. ખાંટ ગલબાભાઈ દેવાભાઈ, ઉં.વ. ૪૮

ધૂળાના પાટના અનુષ્ઠાનની સમાપ્તિ સમયે ભજવાતાં વેહ-નૃત્યોમાં સહભાગી લોકકલાકારોનાં નામ આ પ્રમાણે છે :

વનરો (વાંદરો) :

૧. ગમાર શકરાભાઈ કાળાભાઈ, ઉં.વ. ૫૦



વણજારો :

૧. ખાંટ પૂનાભાઈ કાળાભાઈ, ઉં.વ. ૬૨

વણજારી :

૧. ખાંટ ડાહ્યાભાઈ પૂજાભાઈ, ઉં.વ. ૩૫

ધૂળાના પાટના અનુષ્ઠાનની સમાપ્તિ વખતે 'મેંતી માલણી' અને 'વનરો' ગાવામાં તથા ભજન-નૃત્ય કરવામાં સાથ આપ્યો હતો તે સ્ત્રી-બાણિયાઓનાં નામ આ પ્રમાણે :

૧. ખાંટ હરમાંબેન દેવાભાઈ, ઉં.વ. ૬૦
૨. ખાંટ ઝુમીબેન પાબુભાઈ, ઉં.વ. ૪૦
૩. ખાંટ હીરાબેન દેવાભાઈ, ઉં.વ. ૩૦
૪. ખાંટ નંદાબેન પાબુભાઈ, ઉં.વ. ૩૦
૫. ખાંટ વઝકીબેન ગલબાભાઈ, ઉં.વ. ૪૨
૬. ખાંટ અરખીબેન સાઝુભાઈ, ઉં.વ. ૨૨
૭. ગમાર મેરાંબેન લખાભાઈ, ઉં.વ. ૨૦
૮. ગમાર રામીબેન નાથાભાઈ, ઉં.વ. ૧૮
૯. ગમાર સુમિત્રાબેન ગુજરાભાઈ, ઉં.વ. ૨૦
૧૦. ખાંટ સુરતાબેન વિરમાભાઈ, ઉં.વ. ૧૬

માહિતીનું સ્થળ અને સમય

અહીં સંપાદિત કરેલી ભજન-વારતા પંથાલ ગામ અને બોરડી ગામમાં ભાદરવા માસમાં ઊજવાતી બીજ સમયે ધ્વનિમુદ્રિત કરી હતી. આ લોકમહાકાવ્ય દીર્ઘ હોવાથી ફુરસદના સમયે કેટલીક પાંખડીઓ સાધુ ખાંટ દેવાભાઈ લાલાભાઈના ઘરની ઓસરીમાં, ખેતલા બાવસીના મંદિરે, ગમાર લુંબાભાઈ કાળાભાઈ અને ગમાર શકરાભાઈ કાળાભાઈના ઘરની ઓસરીમાં રાતના સમયે ધ્વનિમુદ્રિત કરી હતી. આ ધ્વનિમુદ્રણ સન ૧૯૮૪-૮૫ અને ૧૯૮૬ના બે વર્ષના સમયખંડમાં



કરવામાં આવ્યું હતું. આ સમયે મુખ્ય સાધુની ઉંમર તેઓના કહ્યા પ્રમાણે પિસ્તાલીસ વર્ષની હતી.

કથાનો સંબંધ બીજના ધાર્મિક અનુષ્ઠાન સાથે હોવાથી અને કથાનાં ચરિત્રો સાથે પૂરા પ્રદેશના લોકોની ધાર્મિક આસ્થા જોડાયેલી હોવાથી ગાયકોએ ચરિત્રો સાથે તન્મય બનીને પૂરા ઉલ્લાસ સાથે આ કથાને ધ્વનિમુદ્રિત કરાવી હતી.

મૂળ કથાનું ગદ્યરૂપ

અહીં જે માન્ય ગુજરાતીમાં 'રૉમ-સીતમાની વારતા'ની કથા આપવામાં આવી છે, તે મૂળ ગેય અને રાગાત્મક ગદ્યવારતાનું ગદ્યમાં રૂપાંતર છે. વાચકને મૂળ ગેયપાઠનો ખ્યાલ આવે તે દૃષ્ટિએ આ ગદ્યકથા આપવામાં આવી છે. ગેયકથાનું ગદ્યમાં રૂપાંતર કરતી વખતે મૂળ કથાના પાઠને જ ધ્યાનમાં રાખવામાં આવ્યો છે. કોઈ કોઈ જગાએ કથા તૂટી છે ત્યાં એકસૂત્રતા જાળવવા મૂળ સાધુને પૂછીને તેને જે અભિપ્રેત હોય તે જ બાબતને સુધારવામાં આવી છે. ગદ્ય રૂપાંતર પણ ભીલી બોલીની નજીકનું જ કરવામાં આવ્યું છે કે જેથી વાચક મૂળ કથાને માણી શકે.

સંદર્ભસૂચિ

૧. આ સ્થળેથી આ સંશોધકને પાચ હજારથી સિત્તેર હજાર વર્ષ પૂર્વકાલીન પ્રાગૈતિહાસિક પાષાણ ઓજારો પ્રાપ્ત થયાં છે.

૨. અત્યારે મૂળ ગામનો સર્વથા નાશ થયો હોવા છતાં અહીંથી અન્યત્ર જઈ વસેલા 'પાંથળિયા' બ્રાહ્મણો બાળકોની બાધા-માનતા ઉતારવા 'ખેતલા'(ક્ષેત્રપાળ)ના મંદિરે આવે છે. તેઓની અટક સાથે જોડાયેલું 'પાંથળિયા' નામ આ ગામના મૂળ પૂર્વકાલીન નામનું સૂચન કરે છે, અને અત્યાર સુધી ટકી રહેલી આ સ્થળે બાળકોની બાધા ઉતારવાની પરંપરા પ્રાચીનકાળમાં આ ગામમાં તેમના વંશજો વસતા હતા તેનો પુરાવો આપે છે.



૩. આ ઉપરાંત આજના યંત્રયુગ અને સુધારાના પ્રભાવથી બદલાઈ રહેલી ભીલ આદિવાસીઓની જીવનરીતિમાં ધૂળાના પાટનો મૂળ ધાર્મિક સંદર્ભ જળવાઈ રહે અને ભવિષ્યના સંશોધક માટે અભ્યાસનો વિષય થઈ શકે તેવો આ સંશોધકનો ખ્યાલ હોવાથી સન ૧૯૯૩માં બોરડી ગામમાંથી ભાદરવા માસમાં આવતી બીજના પ્રસંગે રૉમ-સીતમાની વારતાના આધારરૂપ ધૂળાના પાટનો ધાર્મિક સંદર્ભ પણ ૧ દશ્ય (વીડિયો) કેસેટ પર ઝીલી લીધો છે.

૪. બત્તા ભેળા થાઈને એંમસ બેહી રઈએ તો કૉંયસ નેં થાય. પૉણ એકા નં ગાળ દઈએ તો એંણો લાલ ડોળા કરીન વિઝકીનં હૉમો આવેં અનં એક ગાળની મૂળો ગાળો કાટેં. એવીસ સાતુ નં અમારી વાત હેં. ઠાવાસ સાતુના હરદામા સબદાના બૉણ મારીએં તો સ હારદા ઉકલેં નં વારતા બારી આવેં. હોંકારિયા વેંણો સાધ એક પૉંખવાળા પખી ઓઝ હેં. હોંકારિયા વૅણો ઍમ સ બેહી રે.

❄ ❄ ❄

રામસીતાની વારતા
(ગદ્ય સાર)

ઇન્દ્ર અને ગૌતમઋષિ[1]

હોંકારા દેનાર તું કુશળ રહેજે અને કરોડ દિવાળી સુધી રાજ કરજે. વારતા વાંચીએ છીએ સતિયાંની અને ભરી સભા સાંભળે છે.

સત્યઋષિ(સતરુખી)ના બે ચેલા ગૌતમઋષિ (ગોતમરુખી) અને ઇન્દ્ર, બારબાર વરસથી ગુરુની ધૂણીની સેવા કરતા હતા.

બાર વરસે જ્યારે સત્યઋષિ ગુરુ જાગ્યા ત્યારે રાખમાંથી અહલ્યા (હલિયાદેરૉણી), સત્યની રાણી ઉત્પન્ન કરી અને ગૌતમઋષિને આપી. આથી ઇન્દ્ર ગુસ્સે થયો અને તેના મનમાં ઈર્ષા જાગી. જેથી અહલ્યાને ભોગવવાની ઇચ્છા થઈ. તે વિચારે છે, ''અહલ્યા ઘણી જ સુંદર સ્ત્રી છે!'' અહલ્યાના રૂપથી કામાતુર થયેલો ઇન્દ્ર ચંદ્રને બોલાવીને કહે છે, ''ચંદ્ર, ગૌતમ ઘણો જ અભિમાની ઋષિ છે. આપણે તેનું સત લેવા જવું છે. તું કૂકડો થઈને બોલજે. સવાર થયું છે એમ સમજીને ગૌતમ ગંગાસ્નાન કરવા જશે ત્યારે હું તેની ધૂણિયે પ્રવેશ કરીશ.''

અડધી રાતે ઇન્દ્ર અને ચંદ્ર ગૌતમના આશ્રમમાં આવે છે. ચંદ્ર કૂકડાનું રૂપ લે છે અને ધૂણીની પાસે આવીને બોલે છે. પ્રાતઃકાળ થવાની તૈયારી છે એમ સમજીને ગૌતમ ધોતિયું અને 'તલક' પછેડો લઈને ગંગાસ્નાન કરવા માટે બહાર નીકળે છે. આ સમયે ઇન્દ્ર આશ્રમમાં દાખલ થાય છે.

અહલ્યા (હલિયાદે) ભમરઢોલિયે ઘોર નિદ્રામાં પડી છે. ઇન્દ્ર ઢોલિયા પાસે



આવે છે કે તરત ન અહલ્યા જાગે છે અને કહે છે, ''મધ્યરાત્રિ થઈ છે. (આવા સમયે) મારા ઢોલિયે કોણ આવ્યું છે?'' ઇન્દ્ર કહે છે, ''તને તો હું ઘણા દિવસથી શોધતો હતો. પણ તું મળતી નહોતી.'' નર અને નારી એકાંતમાં મળે એટલે લાડ (પ્રેમ) કરે. હવે કોણ ગણે ગૌતમના ભાર! બહાર, બારણે ચંદ્ર ચોકીએ બેઠો છે અને બંને ઢોલિયામાં રસભોગ માણે છે.

મધ્યરાત્રિ થઈ છે; ગૌતમ મારગે મારગે ગંગાકિનારે આવે છે. ઋષિ અધોવસ્ત્ર (આડા ઓરવટ) પહેરીને શરીર ઉપરનાં વસ્ત્રો ઉતારે છે. મેલાં વસ્ત્રો ગંગામાં નાખે છે કે તરત જ ગંગા બોલે છે, ''અડધી રાત થઈ છે. (કેવળાએ) મારાં સૂતેલાં જળને કોણ જગાડે છે? અત્યારે કોણ પાપી મારી નિદ્રા ઉડાડે છે?'' ગૌતમ કહે છે, ''રોજ નાહવા આવતો હતો તે જ સમયે આવ્યો છું,'' ગંગા કહે છે, ''તું (યોગ્ય સમયે) રોજ આવતો ત્યારે તારાં વસ્ત્રો ભીંજવીને સૂકવવા આકાશમાં નાખતો ત્યારે સુકાઈને નીચે આવતાં હતાં પણ અત્યારે નહીં આવે.'' ગૌતમ ભીંજાયેલાં વસ્ત્રો આકાશ તરફ નાખે છે પણ લીલો લોચો થઈને નીચે પડે છે. વિચારમાં પડેલા ગૌતમને ગંગા કહે છે,''તારા ઘરમાં તો ચોર દાખલ થયા છે. તું ઝટઝટ જા.'' ગૌતમને ગંગાની વાત સાચી લાગે છે. તે ખભે 'તલક'પછેડો નાખી અને ખોળો વાળીને દોડતો ઘેર આવે છે. ઘરનો સ્વામી ઘેર આવે પછી બીજાનું શું ચાલે? તે બારણા આગળ ઊભા રહેલા ચંદ્રને જુએ છે. ગૌતમને આવેલો જોઈને ભયનો માર્યો દોડવા જાય છે પણ ગૌતમ તેની છાતીમાં લીલો પછેડો ઝાપટે છે અને ચંદ્રમાં કાયમનું કાળું કલંક રહી જાય છે. ગૌતમ ઝડપથી ઘરમાં દાખલ થાય છે તો અહલ્યાના ઢોલિયામાં ઇન્દ્ર નજરે પડે છે. ગૌતમને રીસના 'મોર' ચડે છે. અણધાર્યા આવેલા ગૌતમને જોઈને ઇન્દ્ર ઢોલિયામાંથી સફાળો ઊભો થાય છે. આવેશમાં આવેલો ગૌતમ ઇન્દ્રને પડકારે છે. પાડા પાડા લડવા લાગ્યા છે અને ઝાડોનો 'ખો' નીકળવા લાગ્યો છે. બંને લડતા લડતા પવનની સાથે સ્વર્ગે ચડવા લાગ્યા છે. ગૌતમ એક 'કાટકો' કરીને ઇન્દ્રને મારી-મચરડીને નીચે ફેંકે છે. ઇન્દ્ર પર્વતની ખીણમાં જઈને પડે છે. તેનાં હાડકાં ભાંગી જાય છે. ભયનો માર્યો તે ઊંડો અને ઊંડો ઊતરવા લાગ્યો છે. જમીનમાં ઊંડે ઊતરતા ઇન્દ્રને ગૌતમ અગન પછેડો ઝાપટે છે. તેથી ઇન્દ્રની બધી ઇન્દ્રિયો



નબળી પડી જાય છે. તે કાળો પડી જાય છે. જ્યાં ઇન્દ્ર પડ્યો છે ત્યાં તેની આગળની ઇદ્રી (ગુપ્તાંગ) દૂજે છે.

ઇન્દ્રની ગેરહાજરીથી બારબાર વરસ સુધી ધરતી ઉપર દુકાળ પડ્યો છે. નીર પાતાળમાં ચાલ્યાં ગયાં છે. વાડે લીલો વેલો રહ્યો નથી. વાટે પાણીનો રેલો રહ્યો નથી. કોઠારમાંથી અનાજ ખૂટી ગયાં છે. સ્ત્રીઓએ બાળકો છોડી દીધાં છે. ગાયોનાં વાછરડાં મરવા લાગ્યાં છે. આકડે ફળ રહ્યાં નથી. ધરતીએ અમી છોડી દીધું છે. 'મનખાઅવતાર' અન્ન અને પાણી વિના મરવા પડ્યો છે અને દેવો 'હોમ' વિના મરવા પડ્યા છે. ઇન્દ્રે કરેલાં કુકર્મ આડે આવ્યાં છે. વૈકુંઠમાં ભગવાન વિચારે છે, ''ઘણાં દુઃખો વેઠીને ધરતી રચાવી હતી. હવે આ પૃથ્વી નાશ પામે તો સારું નહીં થાય.'' આમ વિચારી ભગવાન ઇન્દ્રને શોધવા માટે પૃથ્વી ઉપર આવે છે. ચાર ખંડ ધરતી ફરે છે પણ ઇન્દ્ર કોઈ જગ્યાએ મળતો નથી. દુઃખી થયેલા ભગવાન વિચારે છે, ''ઇન્દ્ર તો મરી ગયો કે કોઈએ મારી નાખ્યો તેની જ ખબર પડતી નથી!'' છેવટે થાકીને બાર ખંડમાં શોધ આદરે છે.

ભગવાન વૈકુંઠપુરીમાંથી ઇન્દ્રને શોધવા માટે પૃથ્વી ઉપર આવ્યા છે તેની ખબર ગૌતમઋષિને થાય છે. આથી તે જંગલના એક હરણને 'બૂસકારીને' ઊભું રાખે છે. હવે તે પર્વતની ખીણ પાસે આવે છે. ઇન્દ્ર ખીણની જમીનમાં ઊંડે ઊતરી ગયો છે. તેની આગળની ઇન્દ્રી દૂજે છે. જેના કારણે આજુબાજુ લીલું ઘાસ ઊગી નીકળ્યું છે અને ડોડિયો બરુ ખલ્લાટા (પવનમાં ડોલવું) મારે છે. ગૌતમ ઇન્દ્રને ખીણમાંથી બહાર કાઢે છે. રીસે ભરાયેલો ગૌતમ તેને બરાબર આમળીને ગૂંછળું વાળીને હરણના એક શિંગડામાં પૂરી દે છે અને હરણના ચારે પગ અવળા ફેરવીને મુક્ત કરે છે. અવળા થયેલા ચરણોના કારણે હરણ જે દિશામાં જાય છે, તેનાથી વિરુદ્ધ દિશાનું સૂચન કરતાં પગલાં પડે છે. હરણનાં પગલાંની દિશામાં હરણને શોધતા ભગવાન ગયું છે તેનાથી અવળી દિશામાં જાય છે. ભગવાનને હરણ કે તેના શિંગડામાં રહેલો ઇન્દ્ર મળતાં નથી. ઇન્દ્ર નહીં મળવાને કારણે દુઃખી થયેલા ભગવાન વિચારે છે, ''ઘણી મુસીબતે આ પૃથ્વીની વાડી બનાવી હતી. ઇન્દ્ર વિના આ સરજેલી વાડી મરી (સુકાઈ) જાય છે. તેને શોધવા આખી પૃથ્વી ભટકી ભટકીને થાક્યો પણ ઇન્દ્ર મળતો નથી. ખરેખર તે



ક્યાં ગયો હશે?'' ભગવાન થાકીને ઇન્દ્રને શોધતા શોધતા એક ગામમાં આવે છે. ગામમાં એક સ્રીને ઇન્દ્રના સમાચાર પૂછે છે. સ્રી કહે છે, ''મારી એક પડોશી ડોશી આવા કાળમાં પણ રોજ વનમાંથી લીલું ઘાસ લઈને આવે છે.'' ડોશીની વાતથી દોરવાયેલા ભગવાન વનના મારગે જવા લાગે છે. મારગમાં ડોશી લીલા ઘાસનો ભારો માથે મૂકીને આવતી નજરે પડે છે. ડોશીના માથે લીલોકાચ ડોડિયો બરુ પવનમાં હિલોળા લે છે. ઘાસને જોઈ ભગવાનને નવાઈ લાગે છે. ભગવાન ડોશીને પૂછે છે, ''માતા, તમે આ ભયંકર (ડમરું) દુષ્કાળમાં પણ લીલું ઘાસ ક્યાંથી લઈ આવ્યાં?'' ડોશી આવેશમાં આવીને કહે છે, '' ભાઈ, તું આવ્યો તેની વાટે જા. તારે મને પૂછવાનું શું કામ છે?'' ''હું ચાર ખંડ પૃથ્વી પર ફર્યો. દુષ્કાળના કારણે પૃથ્વી ઉપર મોટાં મોટાં ઝાડ સુકાઈ ગયાં છે. તો પછી આવા કસમયે તને આ લીલું ઘાસ ક્યાંથી મળ્યું? બાઈ, તું સાચું બોલ.'' ડોસી તેનો જવાબ આપ્યા વિના ચાલવા લાગે છે. ભગવાન તેની પાછળ જવા લાગે છે અને તેને કહે છે, ''બાઈ, તું કહે તે આપું પણ એતો કહે કે લીલું ઘાસ ક્યાંથી લાવી?'' ભગવાન ડોસીના ઘેર જાય છે અને જુએ છે તો ઘરમાં બધી કોઠીઓ ખાલી છે. તે કોઠીઓમાં 'સત'નો હાથ નાખે છે, અને ડોશીની કોઠીઓ કોદરા, બાજરી અને ઘઉંથી ઊભરાવા લાગે છે. અનાજ જોઈને ખુશ થયેલી ડોશી લીલું ઘાસ બતાવવા હસતી-રમતી ભગવાનને લઈને જંગલમાં આવે છે. જંગલમાં જ્યાંથી ઘાસ લઈને આવતી હતી તે જગા બતાવે છે. જે સ્થાને ઇન્દ્રની આગળની ઇદ્રી દૂજતી હતી, તે સ્થાને પાણી ભરાયું હતું અને લીલું ઘાસ કલ્લોલ (ખલ્લાટા) કરતું હતું. ડોશી ઘેર જાય છે. ભગવાન લીલા ઘાસની ચારેબાજુ ઇન્દ્રની તપાસ આદરે છે, પણ ઇન્દ્ર મળતો નથી.

ખીણની આજુબાજુ ઇન્દ્રને શોધીને થાકેલા ભગવાન પૃથ્વી ઉપરથી માટી લે છે. માટીમાંથી 'સત'નો એક રામકાચબો બનાવે છે અને જીવ મૂકે છે. કાચબાને કહે છે, ''રામકાચબા, હું તને આ વનનું રાજ આપું છું; તું ગમે તે રીતે ઇન્દ્રને શોધી કાઢ.'' રામકાચબો લીલા ઘાસની આજુબાજુ ઇન્દ્રની શોધ આદરે છે. કાચબો જુએ છે તો એક હરણ અહીં રોજ પાણી પીવા આવે છે. હરણ જ્યારે પાણી પીવા લાગે છે ત્યારે હરણનું શરીર થરથર ધ્રૂજવા લાગે છે. આ પછી તેના



માથામાં મોટો ‘ધધમોટો’ (અવાજ) થાય છે; હરણનું માથું ફાટવા લાગે છે. આથી હરણ ત્યાંથી ભાગે છે. કાચબો વિચારે છે, ‘‘માનો ન માનો પણ ઇન્દ્ર આ હરણની પાસે જ છે. બીજા દિવસે જ્યારે હરણ પાણી પીવા આવે છે ત્યારે કાચબો ભગવાનને કહે છે, ‘‘ભગવાન, માનો કે ન માનો પણ ઇન્દ્ર આ હરણના માથામાં જ છે! તમે આવતા હરણના પગ જુઓ. પગ પણ અવળા છે. જેથી તે જાય છે તેનાથી વિરુદ્ધ દિશામાં તેનાં પગલાં પડે છે. આથી અત્યાર સુધી તમે તેને શોધી શકતા ન હતા.’’ હવે જેવું હરણ પાણી પીવા જાય કે તરત તેનું શરીર થરથર કાંપવા લાગે છે. તેના માથામાં એક મોટો ‘ધધમાટો’ (અવાજ) થાય છે. હરણનું માથું ફાટવા લાગે છે. જેથી હરણ ત્યાંથી ભાગે છે. ભગવાન વિચારે છે, ‘‘મારે હવે ગૌતમઋષિ પાસે જ જવું પડશે. આ તેનું કામ છે. તે જ ઇન્દ્રને મુક્ત કરી શકશે.’’

ભગવાન મારગે મારગે ગૌતમઋષિની ધૂણિયે આવવા લાગે છે. ગૌતમ દૂરથી આવતા ભગવાનને જુએ છે. આગળ જઈને ભગવાનને ‘હાથ મેળાવો’ કરે છે, અને ઘણા માન સાથે આશ્રમમાં લાવે છે. ગૌતમ ભમરઢોલિયો ઢાળીને ઉપર ‘હીરકતળાઈઓ’ પાથરે છે. ભગવાનને ઘણા હેતથી ઢોલિયા ઉપર બેસાડે છે. બંને વાતે ચડે છે. ભગવાન ગૌતમને કહે છે, ‘‘ગૌતમ, મને ઇન્દ્રના સમાચાર આપ.’’ ‘‘તમે તે છિનાળવા (વ્યભિચારી)ની વાત જવા દો! તે પાપીની વાતો મારા આગળ કરશો નહીં.’’ ભગવાન તેને સમજાવતાં કહે છે, ‘‘તું ભૂતના નામે પીપળો શા માટે બાળે છે? આ પૃથ્વી મેં ઘણાં દુ:ખો વેઠીને રચી છે અને તારી રીસના કારણે પૃથ્વીનો નાશ થઈ રહ્યો છે. મનુષ્યઅવતાર અન્ન અને પાણી વિના મરવા પડ્યો છે. દેવો હોમ વિના મરે છે. ઇન્દ્ર સિવાય આ પૃથ્વીને ભીંજવવાની કોઈની શક્તિ નથી. ઇન્દ્રની ભૂલના બદલામાં માગે તે દાવો આપું. માગે તો પૃથ્વીનુ રાજ આપું પણ તું ગમે તે ભોગે ઇન્દ્રને મુક્ત કર.’’ છેવટે ભગવાન ગૌતમને જેમતેમ કરીને મનાવે છે. ગૌતમ સાથે પૃથ્વીનો ચોથ ભાગ નક્કી કરીને કહે છે, ‘‘ગૌતમ, જમીનમાતા ઉપર ઇન્દ્ર વરસશે અને અનાજ પાકશે ત્યારે પૃથ્વીલોકનાં માણસો અનાજના ખળામાં તારા નામનું એક શ્રીફળ વધેરશે અને પાકેલા અનાજમાંથી તને ચોથ ભાગ આપશે.’’[૨] ભગવાન



અહલ્યા(હલ્યાદે, ઋષિપત્ની)નો દાવો નક્કી કરીને ગૌતમ સાથે પર્વતોમાં આવે છે. ગૌતમ હરણને શોધી કાઢે છે. હરણનું શિંગડું ચીરે છે અને અંદર ભરાયેલા ઇન્દ્રને મુક્ત કરે છે. ભગવાન ઇન્દ્ર અને ગૌતમ વચ્ચે મેળ કરાવે છે. બંને સતિયા વચ્ચે સમાધાન થાય છે. આશ્રમ તરફ જતા ગૌતમને ભગવાન કહે છે, ''આ વાતને તું વનમાં ગોડી ઘાલજે!''

વર્ષો સુધી હરણના શિંગડામાં પુરાઈ રહેલો ઇન્દ્ર ગૂંછળું થઈને પડેલો છે. ભૂખે તેનો જીવ જઈ રહ્યો છે. ભગવાન વિચારે છે, ''ગમેતેમ કરીને ઇન્દ્રને બેઠો તો કરવો જ પડે. નહીં તો પાણીના અભાવે આ પૃથ્વીના કરોડ જીવોનો નાશ થશે. તેને ગમે તે ભોગે નવજીવન આપવું પડશે.'' હવે ભગવાન કળા વરતે છે. ઇન્દ્રને બચાવવા ત્રણ ભવનનો નાથ જોગીનો વેશ લે છે. હાથમાં માટીનું ઠીબ લે છે, અને આ કાળ વખતમાં પૃથ્વી ઉપર ભીખ માગવા નીકળે છે. આંગણે આવેલા તેને જોઈને સ્ત્રીઓ મહેણાં મારે છે, ''તું તો ઝોરી-ઝંડો લઈને નીકળી પડ્યો પણ કાળ પડ્યો છે તે તને નથી દેખાતો? ઘરમાં છોકરાં ભૂખનાં માર્યાં ચૂલામાં પડે છે. અમે તને ભીખ ક્યાંથી આપીએ?''

ભિક્ષા ન મળવાને કારણે ભગવાન ચમારવાસમાં આવે છે. એક ચમાર સ્ત્રીને હમણાં જ પ્રસૂતિ થઈ છે. તેના આંગણે આવીને ભિક્ષાની ટહેલ નાખે છે. ચમાર કહે છે, ''મારી સ્ત્રીને હમણાં જ પ્રસૂતિ થઈ છે. તેના માટે તો ખાવાનું અનાજ નથી. તને ક્યાંથી ભીખ આપું?'' ઘરની સ્ત્રી ઘણી જ ચતુર છે. જોગીની વાત સાંભળીને પોતાના પતિને કહે છે, ''ભરથાર, મારા ભાગનું ભોજન જોગીને આપ. આપણે તો વાણિયા વેપારી પાસેથી ઉધાર લાવીને પણ પેટ ભરશું પણ આ બિચારા જોગીને કોણ આપશે?'' ચમારની સંમતિ ન હોવા છતાં તે ઊભી થાય છે. પોતાના ભાગનું માંસ અને લોટની રાબ જોગીને ભિક્ષામાં આપે છે. સ્ત્રી ઉપર ગુસ્સે થયેલો તેનો ધણી કહે છે, ''રાંડ! તારાથી મજૂરી તો થતી નથી અને હવે તું સૂતી સૂતી શું ખાઈશ?'' સ્ત્રી કહે છે, ''ભરથાર! ચિંતા શા માટે કરે છે? મારા ભગવાન મને અનાજ પૂરશે અને હું ખાઈશ.'' વૈકુંઠનો નાથ ઘરમાં આવે છે. તેની ખાલી કોઠીમાં હાથ નાખે છે અને ઘઉં-બાજરીથી કોઠી ઊભરાવા માંડે છે.

ભગવાન ચમાર સ્ત્રીએ આપેલી માંસ અને લોટની રાબની ભિક્ષા લઈને



મારગે મારગે પર્વતની ખીણ પાસે આવે છે. ઇન્દ્ર ભમરસલાટ (શિલા) ઉપર સૂતેલો છે. ઇન્દ્રને હાથથી પકડીને બેઠો કરે છે અને તેને ભોજન આપતાં કહે છે, ''તારા માટે ચાર ખંડ ધરતી ફરીને ભોજન લાવ્યો છું. થોડો કાઠો થઈને આ ભોજન આરોગી લે.'' ભગવાન ઠીબમાંની રાબ આપવા લાગે છે. ઇન્દ્ર કહે છે,''હે ભગવાન! તમે મારા માટે કેટ-કેટલું દુઃખ વેઠ્યું છે? હવે હું તમારા પહેલાં ખાઉં તો જગતમાં ખોટું કામ થાય. માટે તમે પહેલાં જમો પછી હું ખાઈશ.'' ભગવાન ઊભા ઊભા વિચાર કરે છે, ''મારે હવે આંખે દેખેલી આ માંસમાટી કઈ રીતે ખાવી? ઇન્દ્રના આગ્રહને પણ છોડી શકતો નથી. ઇન્દ્રના આગ્રહને વશ થઈને બે કોળિયા ભરે છે. આ પછી ઇન્દ્ર આ બધી રાબ ખાઈ જાય છે. ધીમેધીમે ઇન્દ્ર નવજીવન મેળવવા લાગે છે.

ધવળાલોક(પૃથ્વી)માંથી ભગવાન જવાની તૈયારી કરે છે. જતાં જતાં પૂછે છે, ''હે ઇન્દ્ર! હવે તું આ પૃથ્વી ઉપર કેટલા દિવસે વરસવાનો?'' ઇન્દ્ર કહે છે, ''હજી હમણાં જ ખાધું છે. થોડો કાઠો થવા દો. પછી પૂરેપૂરી તૈયારી સાથે પૃથ્વી માથે ચડું છું.''ભગવાન વૈકુંઠની વાટે જવા લાગ્યા છે અને ક્ષિતિજમાં ચારે દિશામાં વાદળોના ઢગ ખડકાવા લાગ્યા છે. વાદળોમાં ઝીણી ઝીણી વીજો થવા લાગી છે અને ઇન્દ્ર ગાજીને ઝરમર ઝરમર વરસવા લાગ્યો છે. વૈકુંઠમાં જતા ભગવાન ભીંજાવા લાગ્યા છે. જતાં જતાં વિચારે છે, ''ઇન્દ્રે મને પણ ભીંજવ્યા વિના નહીં છોડ્યો! વિવાહને કોણ ભૂંડો કહે?'' ઇન્દ્ર પૃથ્વી ઉપર મન મૂકીને વરસ્યો અને પૃથ્વીનો પ્રલય (પરલે) થતો રહી ગયો. ભીંજાયેલા ભગવાન શિવની ધૂણિયે આવે છે. શિવજીને સમાચાર આપતાં કહે છે, ''પૃથ્વીને માથે ઇન્દ્ર પ્રસન્ન થયો છે. તેના પ્રતાપે સુકાયેલા ઠૂંઠે પણ ગુગળ ફૂટે છે! ઇન્દ્રના મુખે જ અમી છે.''

હવે પૃથ્વીનાં લોકો ધરતીનાં બીજ વાવવા લાગ્યાં છે.

ભગવાન અને શિવ

વૈકુંઠપુરીમાં બેઠાબેઠા ભગવાન વિચાર કરે છે, ''પૃથ્વી ઉપર મેઘ (ઇન્દ્ર) વરસે ઘણા દિવસ થઈ ગયા. પૃથ્વી ઉપર રૂડું (કામ) કરાવીને આવ્યો હતો. ત્યાંથી



આવ્યે ઘણા દિવસ થઈ ગયા. હવે તો પૃથ્વીની ખબર લેવા જવું જ પડે.'' આમ વિચારીને ભગવાન પગમાં ચાખડી પહેરે છે. હાથમાં કમળલાકડી લે છે અને 'ધરમર ધરમર' વૈકુંઠપુરી ઊતરે છે. કૈલાસપુરીમાં શિવની ધૂણિયે આવવા લાગે છે. લાંબી નજરથી શિવ ભગવાનને આવતા જુએ છે. વિચારે છે, ''આજ તો વૈકુંઠમાંથી ભગવાન આવી રહ્યા છે. પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની હશે, માટે તે આવતા લાગે છે.''શિવજીના બંને નિતંબો ઉપર ચારચાર આંગળ ભભૂત (રાખ) ચડી છે. કાનમાં સુઘરીઓએ માળા ઘાલ્યા છે. પલાંઠી ફાડીને દાભ (દર્ભ) બહાર નીકળ્યા છે. છાતીમાં જવારા ઊગ્યા છે. ભગવાનને નજીક આવતા જોઈને શિવજી ઊભા થાય છે અને આગળ જઈને હાથ મેળાવો કરે છે. ઘણા માન સાથે ધૂણી પાસે લાવીને તેમને આસન આપે છે. હવે બંને વાતે ચડે છે. ભગવાન કહે છે, ''શિવ, ઘણી મુસીબતો વેઠીને આ પૃથ્વી રચી છે અને ઘણે પ્રયત્ને (વરખે) ગૌતમને મનાવીને મેઘ (ઇન્દ્ર) વરસાવ્યો છે. પૃથ્વી જોયે ઘણા દિવસ થઈ ગયા. પૃથ્વી ઉપર કોણ સુખી છે? કોણ દુઃખી છે? સુખી લોકોની સોડમ (સુગંધ) લઈએ અને દુઃખી લોકોનું દુઃખ ભાગીને પાછા આવીએ છીએ. ચાલ, આપણે પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવીએ.'' ભગવાન અને શિવ સુખ-દુઃખની વાતો કરે છે અને પૃથ્વી ઉપર આવવાની તૈયારી કરે છે.

બંને ફરતા ફરતા પૃથ્વી ઉપર આવે છે. તેઓ જુએ છે તો કણબીના દીકરે પૃથ્વી ઉપર અનાજ વાવ્યું છે. પૃથ્વીની વાડી લીલીકાચ થઈ ગઈ છે. બંને કદળીવનમાં ફરે છે. કાળી પાંખોની કોયલો બોલે છે. 'કૂરવા'(એક જંગલી વૃક્ષ) ફૂલ્યા છે. ફૂલો ઉપર ભમરા ગુંજે છે. વરસાદનાં જીવડાં બોલે છે. પૃથ્વી ઘણી જ સુંદર લાગે છે. ભગવાન શિવને કહે છે, ''ઇન્દ્રના મુખે અમી છે; તેથી તે સમગ્ર પૃથ્વીને લીલી કરે છે.''બંને આનંદિત થઈને કદળીવનમાં ફરે છે.

ફરતાં ફરતાં શિવ વિચાર કરે છે, ''હું આ જંગલ-ઝાડીનો સ્વામી છું. આ બાર ખંડ ધરતીનો સ્વામી તો ભગવાન છે. તે જ ઘણાંને ભાગે છે અને ઘણાંને બનાવે છે. પણ તેનામાં 'સત' કેટલું છે તે મારે જોવું છે!''આમ વિચારીને શિવ ભગવાનને કહે છે, ''મારે જરા બહાર જવાની ઇચ્છા થઈ છે. હું બહાર જઈને થોડીવારમાં આવું છું.''શિવ આડી વાટે થઈને આગળ આવે છે. હવે તે કળા



વરતે છે. શિવ ગધેડીનું રૂપ લઈને ભગવાન જે મારગે આવી રહ્યા છે તેમની આગળ આવીને ચાર પગે ઊભા રહે છે. ભગવાન નજીક આવે છે તેમ ગધેડી પીઠ બતાવીને ઊભી રહે છે અને પૂંછ હલાવે છે. ભગવાન વિચારે છે, ''ઘણી જ રૂપાળી ગધેડી છે! વળી તે વનમાં એકલી જ છે!'' હવે ગધેડી પૂંછ હલાવીને તેમને આમંત્રી પાછળના પગ પહોળા કરીને તેમની તદ્દન નજીક આવીને ઊભી રહે છે. ભગવાન ચારે દિશાએ જુએ છે. તેમને કોઈ દેખાતું નથી. ફરીને વિચારે છે, ''અહીં તો રૂપાળી ગધેડી સિવાય કોઈ દેખાતું નથી. શિવ પણ દેખાતો નથી. ઘણો પાછળ રહી ગયો લાગે છે.'' એકાંતમાં ગધેડીને વરવા (સંભોગવા) લાગે છે. જેવું લિંગ(ઇન્દ્રી)માંથી વીર્ય 'ખલે' (છૂટે) છે કે તરત જ શિવ કળા વરતીને ઊભા થાય છે. ભગવાનનું વીર્ય ધરતી ઉપર પડે છે. શિવ ભગવાનને કહે છે, ''હે કરોડ પૃથ્વીના નાથ! આ કરોડ જીવસૃષ્ટિને તું જ બનાવે છે, ને તું જ ભાગે છે. તેં આ શું કર્યું' લ્યા?'' ધરતીમાતા માર્ગ આપે છે. આથી ભગવાનનું વીર્ય પાતાળમાં જાય છે. પાતાળમાં 'પેયાણ'(પાતાળનો નાગરાજા, વાસુકિનાગ)નો બાગ ખીલ્યો છે. રૂડાં કમળનાં ફૂલ ખીલ્યાં છે. એક પૂર્ણ વિકસિત કમળમાં ભગવાનનું વીર્ય પ્રવેશે છે.

શિવે લીધેલા પારખાને કારણે ભગવાન 'ઉતરે નૂરે' અને 'ઝાલિયે પેટે' (દુઃખી) થયા છે. બંને મારગે મારગે કદળીવનમાં આગળ વધે છે. ભગવાન વિચારે છે, ''શિવ તેં મારું સત લીધું છે પણ તું હવે જોઈ લે! હું પણ જોઉં કે તું કેટલો સતિયો છે!'' વાતો કરતા કરતા શિવજીને કહે છે, ''હું જરા બહાર જઈને આવું છું. તું ચાલતો થા.'' તે આડી વાટે થઈને શિવના માર્ગમાં આવે છે. ભગવાન કળા વરતીને સ્ત્રીનું રૂપ લે છે. શિવજી જુએ છે તો મારગ વચ્ચે ઊભેલી સ્ત્રી અડધી પૃથ્વીનું રૂપ છે. તેના રૂપને જોઈને સૂર્ય પણ ઝાંખો થાય છે. શિવજી કદળીવનમાં એકલી સ્ત્રીને જુએ છે. વિચારે છે, ''ઓહો, શું રૂપ છે! દીવાની શગ જેવું નાક! દાડમનાં બીજ જેવા દાંત છે! નાળિયેર જેવું માથું અને પેટ પાતાળના નાગ જેવું (રેશમી) છે.'' શિવ ચારે દિશા તરફ જોવા લાગે છે. તેઓ વિચારે છે, ''ભગવાન તો અહીંથી ઘણો દૂર લાગે છે. મારા ઘરની સ્ત્રી જેવી જ આ નારી છે.'' વનમાં એકલી સ્ત્રીને જોઈને શિવજી ભૂંડા મનના થાય છે. આ રૂપાળી



નારીને વરે (સંભોગે) છે. તેમના લિંગમાંથી વીર્ય છૂટે છે અને ભગવાન કળા વરતીને ઊભા થાય છે. શિવજી વીર્યને હાથમાં ઝીલે છે. ભગવાન શિવને કહે છે, ''શિવ, તું મને કહેતો હતો કે હું ઘણો જ પાપી છું! તું પણ મારા જેવો જ પવિત્ર (ભલો) છે ને!'' શિવજીના ખોબામાં વીર્ય છે અને બંને કદળીવનમાં મારગે મારગે જાય છે. શિવજી બે હથેળીના ખોબામાંનું વીર્ય એક હથેળીમાં કરે છે. આ સમયે થોડું વીર્ય એક ઝાંખરામાં પડે છે. આ વીર્યમાંથી એક સફેદ સસલો ઉત્પન્ન થાય છે. સસલો કહે છે, ''ભગવાન, તમે મારું નામ પાડતા જાઓ અને મને ભવમાં ઘાલતા જાઓ.'' ભગવાન તેના માથે હાથ મૂકીને આશીર્વાદ આપતાં કહે છે, ''તારું નામ સસલો દાણવ! તું આ જંગલનું રાજ્ય કરજે.'' આગળ જતાં તલનું એક ખેતર આવે છે. તે એક હાથ તલના છોડને લૂછે છે.'કરકરા' તલ રેશમ જેવા સુંવાળા થાય છે.

કદળીવનમાં ચાલતા ચાલતા શિવ મારગની વચ્ચે ઊભા રહી જાય છે. ભગવાનને કહે છે, '' આપણે બંને જણે આપણાવાળી કરી. તારું વીર્ય તો પાતાળમાં ગયું પણ મારું વીર્ય મારા હાથમાં છે. હવે આને કઈ રીતે ઠેકાણે પાડીએ?'' ભગવાન કહે છે, ''આ તો શિવજીનું વીર્ય છે. ખરા સ્વામીનું વીર્ય છે. તેને ગમે ત્યાં ના નખાય. નાખીએ તો આપણે સતિયા સત ચૂકીએ. તેનું સાચું ઠેકાણું શોધવું જ પડશે.'' ભગવાન આગળ કહે છે, ''ગૌતમઋષિ(ગોતમરખી)ની દીકરી અંજની(ઑઝણી)છે. તે કાળમીંઢ શિલાઓમાં છુપાઈને રહે છે. નથી તો પુરુષનું મુખ જોતી કે નથી તો સૂર્યનો પ્રકાશ જોતી. આનું સત આપણે ચૂકવીએ. શિવનું વીર્ય ઝીલવા માટે તે યોગ્ય સ્ત્રી છે. આપણે બંને ત્યાં જ જઈએ.''

શિવ અને ભગવાન વનખંડમાં મારગે મારગે કાળમીંઢ શિલાઓ પાસે આવે છે. ભગવાન એક શિલા પાસે આવે છે અને કાન માંડે છે. ઝીણી ઝીણી ઘોર વાગી રહી છે. અંજની ભરનિદ્રામાં પડેલી છે. ભગવાન અંજનીને સાદ પાડીને બોલાવે છે, ''હે અંજની! તું સૂતી હોય તો બેઠી થા અને જાગતી હોય તો બહાર આવ!'' ભગવાનના સાદથી અંજનીની ઊંઘ ઊડે છે. આળસ મરડીને બેઠી થાય છે. પથ્થરમાં રહીને ગુસ્સામાં બોલે છે, ''મને કવેળાએ જગાડવાવાળો



કોણ છે?'' ભગવાન ધીમે રહીને કહે છે, ''બાઈ, અમે ભગવાન સ્વયં તારે આંગણે આવ્યા છીએ! તું ગુરુ વિનાની (નૂગરી) છે. તને ચેલી બનાવવા માટે આવ્યા છીએ.'' અંજની કહે છે, ''તમે ચેલી બનાવવા માટે આવ્યા તો ભલે આવ્યા પણ હું પુરુષનું મુખ જોતી નથી. કુંવારી રહીને બાળક જણીશ એવા વિધાતાએ મારા લેખ લખ્યા છે. આથી વર્ષોથી આ શિલાઓમાં લપાઈ છું. મેં નિરધાર કર્યો છે કે, હું પુરુષનું મુખ જોઈશ નહીં. સૂર્યનાં દર્શન કરીશ નહીં. આ એવું સ્થાન છે કે અહીં પવન પણ પ્રવેશી શકતો નથી. પછી મને કઈ રીતે કલંક લાગશે? હવે તમે જ કહો કે હું તમને કઈ રીતે મુખ બતાવું?'' ભગવાન કહે છે, ''હે અંજની, હું ભગવાન જાતે જ આવ્યો છું! તને ચેલી બનાવવા માટે ખાસ વૈકુંઠથી આવ્યો છું!'' ''આવ્યા તો ભલે આવ્યા પણ હું તમને મુખ બતાવી શકીશ નહીં.'' ભગવાન કહે છે, ''અમારે ચેલી બનાવવા તારા કાનમાં ફૂંકવું તો પડશે જ. તું મુખ બહાર કાઢી ન શકતી હોય તો કાન બહાર કાઢ. અમે ગુરુમંત્ર બોલીને તારા કાનમાં ફૂંક મારીએ.'' ભગવાન શિવને ધીમેથી કહે છે, ''શિવ, ઝડપ કર. વાંસની પોલી ભૂંગળીમાં તારું વીર્ય ભર.'' શિવ વાંસળીમાં વીર્ય ભરે છે અને અંજની શિલામાંથી પોતાનો એક ગાલ બહાર કાઢે છે. ભગવાન બીજમંત્ર (ગરુમંત્ર) બોલે છે અને શિવજી અંજનીના કાનમાં ભૂંગળી ઘાલીને ફૂંકે છે. શિવનું વીર્ય કાનમાં થઈને બત્રીસ કોઠામાં પ્રવેશે છે અને શરીરમાં ફરવા લાગે છે. ભગવાન અને શિવ કુંવારી અંજનીને કલંક લગાડીને પાછા વળે છે.

ધીમેધીમે સતી અંજનીના પેટમાં જોખમ ઊભું થાય છે. તેને ખાવા-પીવાનું ગમતું નથી. હવે તે ખાટલામાં 'ઈસે' અને 'ઉપળે' આળોટવા લાગી છે. તેને સૂતાં અને બેસતાં ચેન પડતું નથી. તે વિચારે છે, ''નખ્ખોદ જજો ભગવાનનું! કંઈક કાનમાં ઘાલીને ગયો છે!'' તે ફરી વિચારે છે, ''હવે દુઃખી થવાથી શું થાય. પૃથ્વીનો નાથ ખોટું તો નહીં કરે પણ મારા કરમના દોષ. મારા ભાગ્યમાં એવું લખ્યું હશે. લેખમાં મેખ મારનાર કોઈ નથી. મારા એવા લેખ હશે, તો જ તેઓ આવી મળ્યા પણ હવે મારા પેટમાં 'વખ' (ઝેર, જોખમ) ઊભું થયું છે.



સતી અંજની એક પછી એક માસ પસાર કરવા લાગી છે. બાઈનું પેટ ઊંચું આવવા લાગ્યું છે. અંજનીને નવ માસ થયા છે. પેટમાં પુત્ર (પુતર) પાક્યો છે. બાળક કહે છે, ''માતા, હું તારા પેટમાં પુત્રરૂપે મોટો થયો છું. હવે તું મને બહાર આવવાનો રસ્તો બતાવ. નહીંતર આ ઘડીએ માથામાંથી બહાર આવું છું. અંજની વિચારે છે, ''વિધાતાએ મારા કેવા લેખ લખ્યા? મને કોઈ પુરુષ વર્યો નથી છતાં લેખ લખેલા હતા તે આવીને મળ્યા! ''તે પેટમાંના પુત્રને કહે છે, ''હે જાયા! તું પેટમાં નીપજ્યો તો ભલે; ઘણો કુશળ રહેજે. હવે મારા ઉદર (ગુહ્યેન્દ્રિય) વાટે બહાર આવ.'' હનુમાન માતા સાથે વાત કરતાં કહે છે, ''માતા, હું ઉદર વાટે બહાર નીકળું તેની તો ના નથી પણ આજ તો સત્યયુગ છે અને કાલે કળિયુગ આવશે. કળિયુગનાં લોકો મારા વિશે કહેશે કે સામાન્ય મનુષ્યોની માફક હનુમાન પણ ઉદર વાટે બહાર આવ્યો હતો. માટે હું ઉદર વાટે બહાર આવવા ઇચ્છતો નથી.'' ''તો પછી તું મારા મુખ વાટે બહાર આવ. ''તો લોકો કહેશે કે હનુમાનને ઊલટી કરીને બહાર કાઢ્યો હતો, ના, ના, હું મુખ વાટે બહાર નહીં આવું''. સતી કહે છે, ''મારા નાકને બે દ્વાર છે; તું નાક વાટે બહાર આવ. હે જાયા, તું મને મારી નાખ નહીં! મને 'હીળી હીળી' પીરો આવે છે, અને મારો જીવ જાય છે! માટે તું ક્ષેમકુશળ બહાર આવી જા.'' હનુમાન કહે છે, ''માતા, હું નાક વાટે બહાર આવીશ તો જગતના લોકો કહેશે કે અંજનીએ છીંકી નાખ્યો હતો. માતા, તું થોડા સમય માટે મનને મજબૂત કર. હું માથામાંથી બહાર આવું છું. માતા, મારા માટે મનને ખારું (કડવું) કરીશ નહીં!''

હવે હનુમાન યોદ્ધો માથાનું ટાલકું(ખોપરી) કાણું કરીને બહાર નીકળે છે. અસહ્ય વેદનાના કારણે માતા લાકડું થઈને એક બાજુ પર પડે છે. થોડો સમય પસાર થાય છે, અને માતા અંજની ધીમેધીમે ચેતનવંતી થાય છે. તે પુત્રની નાળ (ઓર) કાપે છે. તેને નવડાવીને ખોળામાં લે છે. ભૂખ્યા થયેલા હનુમાનને ડાબાં જમણાં સ્તન મુખમાં આપી ધવડાવે છે. સતી વૈકુંઠના નાથનું સ્મરણ કરતાં કહે છે, ''હે ત્રણ ભુવનના નાથ! તમે આ પુત્ર મને આપ્યો અને મેં લીધો! હવે આ વનમાં બાળકને પોઢાડવાનો છે.'' ભગવાન અંજનીનું સ્મરણ સાંભળે



છે. વૈકુંઠના નાથના આદેશથી પવનના ઘરનું પારણું આવે છે. પારણે માતા હીરની દોરી બાંધે છે. અંજની શિલાઓ વચ્ચે હનુમાનને હીંચોળે છે. હનુમાન અંજનીને કહે છે, ‘‘માતા, મને ધવડાવીને મોટો કર. મોટો થઈને મારે જંગલનું રાજ લેવું છે.’’ માણસ જેવા માણસ, હનુમાનને ભગવાને પૂંછડું આપ્યું છે. તે એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ચડે છે. ધીમેધીમે શિવનો આ દીકરો જંગલનો રાજા બને છે.

દશરથરાજા અને વાસુકિરાજા

અયોધ્યા(જોધિયા)નગરીમાં દશરથરાજા રાજ કરે છે. પાતાળમાં વાસુકિ(પેયાણ)રાજા (નાગરાજા)રાજ કરે છે. દશરથરાજા અને વાસુકિ(વાસંગ)રાજા ધર્મના ભાઈ (એક બીજાને ધોતિયાં ઓઢાડીને બનેલા ભાઈ)બન્યા છે. દશરથરાજા જ્યારે પાતાળમાં વાસુકિને મળવા માટે આવે છે ત્યારે બે હાથે તાળી પાડે છે અને પાતાળલોકમાં સૂર્યના જેવું અજવાળું થાય છે.

એક દિવસનો ‘સમાજોગ’ આવ્યો અને ‘સમાજોગ’નો ‘મહાજોગ’ આવ્યો. સૂર્ય ઊગી રહ્યો છે અને દશરથરાજા પગથિયે પગથિયે પાતાળમાં ઊતરી રહ્યો છે. પાતાળમાં આવ્યા પછી બે હાથે તાળી પાડે છે અને પાતાળલોકમાં સૂર્યના જેવો પ્રકાશ થાય છે. અજવાળું આવવાને કારણે કૈકેયી (કકાપદમણી) જાગે છે અને ઢોલિયામાંથી બેઠી થાય છે. વાસુકિની માનીતી રાણી કૈકેયી (કકાપદમણી) કહે છે, ‘‘દાસીઓ, મારી વાત સાંભળો. દશરથરાજા મારગે મારગે પાતાળ આવી રહ્યો છે અને પાતાળમાં પ્રકાશ થવા લાગ્યો છે. વાસુકિરાજા ઘેર નથી. આથી આપણે રાજાનું સ્વાગત કરવું પડશે. પણ મને ધરમનાં કેશર લૂગડાં આવ્યાં છે. આપણે ઝીલણીએ તળાવે નાહીને પાછાં આવીએ.’’ રાણી થાળીમાં ગોળ અને લોટ લે છે, અને દાસીઓના સમૂહમાં મારગે મારગે ઝીલણીએ તળાવ આવે છે. રાણી દેહનાં કપડાં ઉતારે છે. હાર-ચીર નીચે મૂકે છે. થાળીમાં ગોળ અને લોટ લઈને તળાવની પાળે કીડીઓના દર (નૂગરાં) ચારે છે. ઝાડના થડ પાસે દાસીઓ દ્વારા ક્યારા કરાવીને ઘઉં અને જવારા નાખે છે. રાણી આડા ‘ઓળવટ’ (અધોવસ્ત્ર) પહેરીને દાસીઓ સાથે તળાવમાં નાહવા પડે છે. તે ‘હીરકલિયા દાવ’



(ચકલીઓની માફક પાણીમાં રમવાની એક રમત) ખેલે છે. 'કકાપદ્દમણી' અને દાસીઓ નાહી ધોઈને બહાર આવે છે. રાણી સોળૈયો શણગાર સજે છે. પદ્દમનાગણી દાસીઓને કહે છે, ''તમે ઝટ કરો, દશરથરાજા આપણા મહેલની નજીક આવી રહ્યો છે. આપણે તેના સ્વાગતની તૈયારીઓ કરવી પડશે.'' વાતોના 'રમઝોળા' ઊડે છે અને દાસીઓ સમૂહમાં ચાલવા માંડે છે. મારગમાં ફૂલોની વાડી આવે છે. રાણી કહે છે, ''ચાલો, આપણે બાગમાં થઈને જઈએ. રાજાના સ્વાગત માટે થોડાંક ફૂલ લેતાં જઈએ. ફૂલોની સોડમ લીધે ઘણો સમય થયો છે. માટે થોડી ફૂલોની સોડમ પણ લેતાં આવીએ.'' તેઓ વાડીમાં આવે છે. પાતાળપેટી નાર, જોતાં જ વાળ ઊભા થાય! રાણી ખીલેલા ફૂલોની સોડમ લેતી લેતી જાય છે. આ સમયે એક પૂર્ણ વિકસિત કમળ રાણીની નજરે પડે છે. તે આ કમળ પાસે આવે છે અને ભગવાનના શરીરમાંથી બહાર આવેલા હીરાવાળું (વીર્યવાળું) ફૂલ જુએ છે. ઘણું જ રૂપાળું ફૂલ! કૈકેયી આ સુંદર અને પૂર્ણ વિકસિત કમળને નાક પાસે લઈ જઈને ધીમેધીમે સોડમ લે છે. આ પછી નાકને કમળમાં રાખીને જોરથી પવન (વૈઈરો) (સુગંધ)ખેંચે છે. ફૂલમાંનો ભગવાનનો હીરો (વીર્ય) સૂંઘવાની સાથે રાણીના પેટમાં જાય છે, અને બત્રીસ કોઠામાં રમવા લાગે છે. રાણી થોડાં ફૂલ વીણે છે અને દાસીઓ સાથે 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે. તે ખજૂરિયાળા દીવા લે છે અને દાસીઓને કહે છે, ''ચાલો બાઈઓ, આપણે દશરથરાજાના સામૈયે જઈએ. રાજા ઘેર નથી. તે ઘેર હોત તો ઘણે આગળ જઈને રાજાને આવકાર આપત.''

કૈકેયી દાસીઓના સમૂહમાં વાદળમહેલ ઊતરે છે અને આગળ જઈને ખજૂરિયા દીવાથી દશરથરાજાને વધાવે છે. પ્રદક્ષિણા કરીને ઘણા માન સાથે વાદળમહેલમાં લઈ આવે છે. રાજા માટે 'કાબરી-પટોરી' જાજમો પાથરવામાં આવે છે. રાજાને ઘણા માન સાથે જાજમોના માથે વિરાજિત કરવામાં આવે છે. રાજા 'પેયાંણ'ના સમાચાર પૂછે છે, ''ભાભી, તમે એતો કહો કે મારો ભાઈ ક્યાં ગયો છે? આજે તેના વિના કચેરી સૂની સૂની લાગે છે.'' કૈકેયી કહે છે, ''તમારા ભાઈ તો બહારગામ ગયા છે. તેઓ કાલે પાછા આવશે.'' તેણી દાસીઓને કહે છે, ''તમે રાજાને ક્ષેમકુશળ બેસાડો; હું વાડીમાં જઈને રાજા માટે ફળ લઈને



પાછી આવું છું.'' રાણી મારગે મારગે વાડીમાં આવે છે. રાણીનો ગોઠિયો (પ્રેમી)બાંડિયોનાગ વાડીમાં રાહ જોતો ઊભો જ છે. જેવી રાણી તેની પાસે આવે છે કે તરત જ રાણી સાથે વાતે ચડે છે. તેઓ ઊભાં ઊભાં વાતો કરે છે અને મજા કરે છે.

'કાબરી-પટોરી' જાજમ ઉપર એકલો બેઠેલો રાજા વિચારે છે, ''પુરુષ વિનાની એકલી સ્ત્રીઓ વચ્ચે કોણ બેસે?'' તે જાજમ ઉપરથી ઊભો થાય છે, અને 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે. મારગે મારગે બગીચામાં આવે છે. રસ્તેથી બગીચામાં આવતા દશરથને જોઈને રાણી અને બાંડિયોનાગ બેસી જાય છે, અને સંતાવા લાગે છે. રાણી વિચારે છે, ''જગતમાં ખોટું કામ આવ્યું. દશરથ અને વાસુકિ ધર્મના ભાઈ છે. બંને એક જ ભાણામાં જમે છે. આજે દશરથરાજાની નજર એકાંતમાં ઊભાં રહેલાં એવાં અમારા ઉપર પડી છે. તે અમને પ્રેમ કરતાં જોઈ ગયો છે. માટે તે અવશ્ય અમારી કથા કરાવશે. વાસુકિ અમારો જીવ અવશ્ય લેશે જ. આવી પરિસ્થિતિમાં મારે આ ફંદામાંથી કઈ રીતે બચવું? કલંકમાંથી બચવા આ વાતનો કઈ રીતે અવળો વળ પાડું?'' દશરથરાજાની નજર પ્રેમચેષ્ટા કરતાં રાણી અને બાંડિયાનાગ ઉપર પડે છે, અને તરત જ મુખ ફેરવી લે છે. તે અવળું મુખ કરીને મારગે મારગે જવા લાગે છે.

રાજાના ગયા પછી કૈકેયી મનમાં વાત ગોઠવતી મહેલ નજીક આવે છે. તે વિચારે છે, ''જેવો રાજા ઘેર આવે કે તરત જ એમ કહેવું છે કે તમે ઘેર નહોતા અને દશરથરાજા મારે બાથે આવ્યો હતો (સૌંટો અતો.).'' દશરથરાજાના ગયા પછી રાણી રડતી જાય છે અને 'હળવળિયાં' ખાઈને પડતી આખડતી ધીમેધીમે વાદળમહેલ તરફ આવવા લાગે છે. તે 'ટહેંકા' (કણસવું) કરે છે અને પગથિયાં ચડે છે. દાસીઓ વિચારે છે કે, ''આજે રાણીને કંઈક થયું લાગે છે.'' તેઓ દોડતી જલદીથી રાણી પાસે આવે છે અને સમાચાર પૂછે છે, ''રાણીબા, તમને આ શું થઈ ગયું છે કે જેથી આમ 'હળવળિયાં' ખાતાં ખાતાં આવો છો? તમે શા માટે કણસો છો?'' રાણી દાસીઓને ધીમેધીમે વાત કરતાં કહે છે, ''બાઈઓ, એ વાત જવા દો, એ વાત કહેવાથી મને રીસ ચડે છે! તમારો બાપુ જે અને તે માણસોની ભલાઈ કરે છે. તેણે 'સેંનાળવા' (વ્યભિચારી) ભાઈ કર્યા છે. મારી પૂંઠ (પીઠ) તાકે



છે. રાજા ઘેર નથી, એ વાત જાણીને મને પહેલાં વાડીમાં જવા દીધી. પછી તમારી વચ્ચેથી ઊભો થઈને દશરથરાજા મારી પાછળપાછળ વાડીમાં આવ્યો. ભૂંડા જીવના રંડવાએ મને તેની સાથે સમાગમ (સૌંઠવાનું) કરવાનું કહેવા લાગ્યો. મેં ના પાડી. આથી તે મારી સાથે બાથે આવ્યો (મને આલિંગનમાં લીધી). હું ના પાડતી રહી અને તે મારા ઉપર પડ્યો. મને કૂટી નાખી, અને વાડીમાંથી ચાલતો થયો. હું તમને શું કહું? મારી ઉપર કેટકેટલો માર પડ્યો છે!'' હવે રાણી જોરથી કણસવા લાગી છે. દાસીઓ અંદરઅંદર આશ્ચર્યથી વાતો કરતી કહે છે, ''રાણીબાની વાત લાગે તો સાચી છે. જાજમ ઉપરથી એકાએક ઊભો થઈને દશરથરાજા વાડી બાજુએ જ નીકળ્યો હતો.'' દાસી વાદળમહેલમાં રાણી માટે ભમરઢોલિયો ઢાળે છે. તેના ઉપર 'હીરકતળાઇયો' પાથરે છે. તેઓ રાણીને ઘણા માન સાથે ભમરઢોલિયે સુવાડે છે. રાણી ભમરઢોલિયે સોડ તાણીને સૂએ છે.

બહારગામથી આવી રહેલો વાસુકિરાજા 'ઘરમર ઘરમર' વાદળમહેલ ચડે છે. મહેલમાં આવીને દાસીઓ પાસેથી માનીતી રાણી 'કકાપદમણી'ના સમાચાર લેતાં પૂછે છે, ''રાણી દેખાતાં નથી. શું તેઓ બાગમાં ફૂલ લેવા ગયાં છે?'' દાસીઓ કહે છે, ''બાપુ, તમે જલદી ભમરઢોલિયે આવો. રાણીનો જીવ જાય છે!'' રાજા પૂછે છે, ''તમે એ તો કહો કે રાણીને એવું તો શું થયું છે?'' એતો રાણી જાતે વાત કરશે. અમારી કહેલી વાતો ખોટી પડશે!'' 'પેયાંણ'રાજા રાણીના ભમરઢોલિયે આવે છે. રાણી સેજમાં સોડ તાણીને સૂતી છે. રાજા રાણીના ભમરઢોલિયે બેસીને સમાચાર પૂછે છે, ''રાણી, મારી ગેરહાજરીમાં તમને એવાં તે શાં દુઃખ પડ્યાં છે કે તમે આમ ઢોલિયે સોડ તાણીને સૂતાં છો?'' દુઃખથી કણસતી રાણી કહે છે, ''રાજા, હવે તું આગળ કશું પૂછતો નહીં. પેલું દશરથિયું, તેં જેને ધર્મનો ભાઈ કર્યો છે! તે આપણા ઘેર આવતો ત્યારે તમે બંને એક ઠોબરા(થાળી)માં જમતા હતા. કાલે તમારી ગેરહાજરીમાં આપણી કચેરીમાં આવ્યો હતો. ઘણા માન સાથે જાજમ ઉપર બેસાડીને તેના માટે વાડીમાં ફળ લેવા ગઈ. મને વાડીમાં આગળ જવા દઈને મારી પાછળ પૂંઠો (પીઠ) તાકતો તાકતો વાડીમાં આવ્યો. આવા ભૂંડા જીવનો પાપિયો ભાઈ તેં ક્યાંથી બનાવ્યો છે? સમાગમ(સૌંટવાનું) કરવાનું કહીને મને આલિંગનમાં લીધી. હું તેને ના



પાડતી રહી છતાં તે મારા ઉપર પડ્યો અને મને કૂટી નાખીને વાડીમાંથી ચાલતો થયો. હવે તો મને બોલવાની કે ચાલવાની પણ હાલત રહી નથી.'' રાણીની વાતથી વાસુકિને દશરથરાજા માટે પગની પાનીથી 'ઝમઝમ' કરતી રીસ ચડે છે, ત્યાંથી છેક ચોટી(ટોસી)માં જઈને રીસનો ભડાકો થાય છે. રાણીની વાતથી આગઆગ થયેલો રાજા વિચારે છે, ''દશરથિયા, હવે દેખ આ મરદના ખેલ! તું હવે પુનઃ પાતાળમાં આવ તો ખરો! તને જીવતો જવા દે એ બીજા. ધર્મનો ભાઈ થઈને મારી માનીતી રાણીના બાથે કેમ આવ્યો 'લ્યા?'' રાજાને કૈકેયીની વાતથી ચેન પડતું નથી. તે જેમતેમ કરીને 'અજ્જર વજ્જર' રાત કાઢે છે.

પૃથ્વી ઉપર સોનાનાં કિરણોવાળો સૂર્ય ઊગવાની તૈયારી કરે છે. સહસ્ર (સેસ)કિરણોનો સ્વામી સૂર્ય બહાર આવે છે. આખી પૃથ્વી ઉપર અજવાળું થાય છે. દશરથરાજા સેજમાંથી ઊઠે છે, અને દાતણ કરીને સૂર્યને વંદે છે. તાંબાકુંડીમાં પાણી ગરમ કરીને કૌશલ્યારાણી રાજાને નવડાવે છે. રાણી કહે છે, ''રાજા, તમારા માટે બત્રીસ-તેત્રીસ પ્રકારનાં ભોજન તૈયાર કર્યાં છે. તમે જમવા પધારો.'' કૌશલ્યારાણી રાજાને દેવગરો થાળ પીરસે છે. રાજા જમી સંતૃપ્ત થઈને ઊભો થાય છે. દશરથરાજા સોળૈયો સળગાર સજે છે. શરીરને સુંદર લાગે તેવાં વસ્ત્રો પહેરે છે, અને પાતાળ પ્રદેશમાં જવાની તૈયારી કરે છે. તૈયાર થયેલા રાજાને કૌશલ્યારાણી પ્રશ્ન કરે છે, ''રાજા, તમે ક્યાં જવાની તૈયારી કરી?'' ''હું મારા ધર્મભાઈને મળવા માટે પાતાળમાં જાઉં છું. કાલે ગયો હતો પરંતુ વાસુકિરાજા ઘેર નહોતો. આથી આજે ફરી મળીને પાછો આવું છું.'' ''તમે રોજરોજ પાતાળમાં જાઓ છો, પણ બધાં માણસો આપણા જેવાં સરખાં નહીં હોય. કોઈ અવળી પણ વાત કરે!'' રાજા કહે છે, ''રાણી, વાસુકિ તો માજણ્યો જ ભાઈ છે! બંને એક થાળીમાં સાથે જમીએ છીએ!'' રાજા રાણીનું કહ્યું માનતો નથી અને પાતાળમાં જવાની ઉતાવળ કરે છે. તે પગે નાગફણી મોજડી પહેરે છે. હાથમાં રૂપાની છડી લે છે. માથે સોનાનો 'સકોરો' (મુગટ) મૂકે છે, અને ધરમર ધરમર વાદળમહેલ ઊતરે છે.

રાજા માણેકચોકમાં થઈને પાતાળના મારગે આવે છે. પગથિયાં ઊતરીને



પાતાળમાં પ્રવેશે છે. દશરથ બે હાથે તાળી પાડે છે, અને સૂર્ય ઊગ્યો હોય તેમ પૂરા પાતાળપ્રદેશમાં પ્રકાશ ફેલાય છે. વાસુકિરાજા સિપાહીઓને કહે છે, ''જગતમાં ખોટું કામ થયું. સિપાહીઓ, મારી વાત સાંભળો. તમે આગળ જઈને તે પાપીને કહો કે અહીં નહીં આવે. મારે તેનું મુખ જોવું નથી. મારે સામે મોઢે તેને કંઈક કહેવું પડશે. આવતો જ પાછો વાળો. મારી કચેરીમાં તેનું કામ નથી.'' સ્વામીને કહેતાં લાગી વાર અને એકને કહેતાં પંદર સિપાહીઓ છૂટ્યા. તેઓ વાદળમહેલ ઊતરે છે અને મહેલનાં પગથિયાં ચડવાની તૈયારી કરતા રાજાને સામા જઈને મળે છે. રાજાની પ્રદક્ષિણા કરીને ઊભા રહી બે હાથ જોડીને કહે છે,''સ્વામી, અમારી વાત સાંભળો. આજે જગતમાં ખોટું કામ આવ્યું છે. અમારાથી નથી તો કહેવાતું કે નથી તો રહેવાતું. તમે રાજા છો. અમે તમને શું કહીએ?'' રાજા કહે છે, ''સિપાહીઓ, તમારે આટલે દૂર સુધી મારું સામૈયું કરવા માટે આવવાની શી જરૂર પડી?'' સિપાહીઓ કહે છે, ''રાજા, તમને વાસુકિરાજાએ કચેરીમાં આવવાનું ના કહ્યું છે.'' દશરથરાજા ધીમેધીમે સમાચાર પૂછે છે, ''સૈનિકો, તમને કોણે મોકલ્યા છે અને તમે આવ્યા છો? મારાથી એવો કયો ગુનો થયો છે?'' ''અમને તો અમારા સ્વામીએ મોકલ્યા છે, અને અમે આવ્યા છીએ. તમારા ધર્મભાઈ 'પેયાંણ'રાજાએ જ કચેરીમાં આવવાની ના પાડી છે.'' સૈનિકો આગળ કહે છે, ''તમે જાણો અને વાસુકિ જાણે. અમે તો અમારા રાજાએ કહેલી અને અમારા કાને સાંભળેલી આજ્ઞા તમને કહી સંભળાવી.'' ''સૈનિકો, તમારો કાઢેલો તો પાછો નહીં વળું. હું તો રાજાની કચેરીમાં આવવાનો જ. તેના મુખેથી જ સમાચાર સાંભળીશ કે મને કયા કારણે પાતાળમાંથી બહાર કાઢે છે.''

સૈનિકો રાજા સામે જોઈ રહે છે અને 'ધરમર ધરમર' મહેલનાં પગથિયાં ચડે છે. વાસુકિની કચેરીના રસ્તે આવતાં દશરથરાજા વિચારે છે, ''સદાય તો કેટલે દૂર સુધી રાજા મને મળવા માટે આવતો અને હાથ મિલાવી ઘણા માન સાથે કચેરીમાં લઈ જતો. ઘણા હેતથી તેની સભામાં ઊંચું આસન આપતો હતો, અને આજે તો તે કચેરીમાં નીચું મસ્તક રાખીને જમીન સામે જોઈ રહ્યો છે.'' દશરથરાજા કલમકચેરીમાં જેવો આવે છે કે વાસુકિરાજા અવળો ફરે છે. દશરથરાજા વિચારે છે,''મારો ધર્મનો ભાઈ, કયા કારણે મારા ઉપર રિસાયો હશે? મેં તેનો



કયો ગુનો કર્યો છે?'' વાસુકિરાજા સૈનિકોને સંબોધે છે,''તમારે આને મારી છાતી ઉપર નહોતો લાવવો જોઈતો. તમે આ વેરીને કહો કે અહીંથી ચાલ્યો જાય!'' દશરથ કચેરીમાં ઊભો ઊભો વાસુકિને પ્રશ્ન કરે છે, ''ભાઈ, મેં તારા ઘરનો કયો ગુનો કર્યો છે? મારા કરેલા ગુનાનું નામ ધર.'' વાસુકિ કહે છે, ''હું આંગણે આવેલાને નથી મારતો. તું આટલી વાતથી જ સમજી જા, અને મારી નજરેથી ચાલ્યો જા.'' દશરથ કહે છે, ''રાજા, એ તો કહે કે મારા વિશે તારે શું અવળું પડ્યું છે? તને મારા કયા કાર્ય વિશે વહેમ પડ્યો છે?'' ''હવે તું આગળ બોલતો નહીં. આપણે એકબીજાને ઘણા વહાલા હતા પણ અત્યારે તો મારા પેટમાં કટારિયો રમે છે. હું ઘેર ન હતો એ જાણીને મારી રાણીની (પૂંઠ) પીઠ કેમ તાકી 'લ્યા? તેં મારી માનીતી રાણીનાં હાડકાં ભાગી નાખ્યાં છે! વાસુકિની વાત સાંભળીને દશરથને કાલનો કૈકેયી અને બાંડિયાનાગનો પ્રેમપ્રસંગ યાદ આવે છે, પણ તે વાત અત્યારે તો ગળી જાય છે. તે કહે છે, ''ભાઈ, તારી અને મારી વચ્ચે વાતોનો વિવાદ નથી કરવો. કોણ ખરો અને કોણ ખોટો એ વાતો કરવાથી તો નક્કી થશે નહીં. આપણે ભગવાનના નામના સાચ-જૂઠના 'ધીઝ' કરાવીએ. તું મોરી-મકવાણા, ડોડિયા-ચૌહાણને પંચ તરીકે બોલાવ.'' વાસુકિરાજા દશરથની વાતને માન્ય રાખે છે. બંને રાજા ભગવાન અને પંચોને સાક્ષી તરીકે રાખીને 'ધીઝ' કરાવવાનું નક્કી કરે છે, અને કૈકેયીને 'ધીઝ'ના સમાચાર આપે છે.

વાસુકિરાજા પંચોને બોલાવે છે. પંચો રાજા અને રાણીને લઈને વૃક્ષની નીચે આવે છે. પંચો દશરથરાજાને કહે છે, ''તારા માથે આ લીલું વૃક્ષ છે. જો તું જૂઠું બોલીશ તો તને આ વૃક્ષ ફૂટી નીકળશે! તું સાચું જ બોલજે. દશરથરાજા કહે છે, ''પંચો, તમે જ ભગવાન છો! તમારા મોઢે ન્યાય. તમારાથી જ મરવાનું છે અને તમારાથી જ તરવાનું છે. વાસુકિરાજા દ્વારા મારા ઉપર ખોટો વહેમ ધરવામાં આવ્યો છે. પેયાંણની રાણીએ મારા ઉપર જૂઠો આક્ષેપ મૂક્યો છે. પંચો, જો હું જૂઠું બોલતો હોઉં તો મને આ લીલું તરણું ફૂટી નીકળે!'' પંચો કકાપદમણી પાસે આવે છે અને કહે છે, ''રાણી, તારા માથે લીલું તરણું છે. જૂઠું બોલીશ તો તને ભગવાન ફૂટી નીકળશે! તું માથે ભગવાન રાખીને બોલજે અને ભગવાનનો ડર રાખજે!'' રાણી વિચારે છે, ''આજે ઘી અને પાણીનું મૂલ્ય થઈ



ગયું. દશરથ ઉપર મેં જૂઠો આક્ષેપ મૂક્યો છે. કરવા ગઈ સવળું અને થઈ ગયું અવળું.'' પંચો આગળ રાણીની જીભ ઊપડતી નથી અને તે બોલી પણ શકતી નથી. પંચો વિચારે છે, ''દ્રોષ તો આ રાણીમાં લાગે છે. રાણીએ બે ધર્મભાઈઓ વચ્ચે વિના કારણે વિખવાદ ઘાલ્યો લાગે છે.''

બધા પંચો વાસુકિરાજા પાસે આવે છે, અને કહે છે, ''રાજા, અમારે માથે રામ છે, અને તારા માથે પણ રામ છે! અમે આવતા રવિવારે ધીઝ કરાવીએ છીએ. જો દશરથરાજા નિર્દોષ નીકળે તો તારે દશરથરાજાને 'હૂઝકો' (દાવો) આપવો પડશે!'' રાજા પંચોની વાત માન્ય રાખે છે અને પંચો આવતા રવિવારે ધીઝ કરવાનું નક્કી કરે છે.

દશરથરાજા પાતાળમાંથી મારગેમારગે જોધ્યાનગરી(અયોધ્યાનગરી)માં આવે છે, અને ધીઝ માટે જરૂરી નાળિયેર, કોરું ધોતિયું, પાંચ હાથ લાંબી ચાદર વગેરે વસ્તુઓ એકઠી કરે છે. આ પછી રાજા ઉપર જે દોષારોપણ થયું છે, તેનાં સાચ-જૂઠનાં પારખાં માટે આ રવિવારે પાતાળ અને પૃથ્વીની સરહદ ઉપર ધીઝ કરવાના છે તેના સમાચાર આપતો 'ઝણ' (દૂત) અયોધ્યાનગરીમાં ફરે છે.

દશરથરાજા 'ધીઝ' માટે પાતાળની સરહદે જવાની તૈયારી કરે છે. જતાંજતાં રાણીઓને કહે છે, ''રાણીઓ, મારા ગયા પછી તેડેલા મહેમાન પણ આવશે અને વણતેડેલા મહેમાન પણ આવશે. ખરા મહેમાન પણ આવશે અને ખોટા મહેમાન પણ આવશે. આંગણે આવે તેને ખાવા વાળજો. આપણા ઘરની આબરૂ પ્રમાણે થોડીક તકલીફ લેજો.'' રાજાની વાત સાંભળીને કૌશલ્યા રાણી મુખ મચકોડે છે, અને કહે છે, ''રાજા, તે દિવસે પાતાળમાં જવાનું ના કહ્યું હતું પણ તેં મારી વાત માની નહીં. મેં કહ્યું હતું કે દરરોજ પાતાળમાં જવાથી કંઈ ને કંઈ જોખમ ઊભું થશે. ત્યારે તો તું કહેતો હતો કે વાસુકિ તો મારો માજણ્યો ભાઈ છે. તો પછી આજે આ નાળિયેર, ચાદર અને ધીઝની બધી વસ્તુઓ શા માટે લઈને ઊપડ્યો છે?'' કૌશલ્યારાણીનાં મહેણાં સાંભળીને રાજા કહે છે, ''રાણી તું મને ખોટું લાગે એવું બોલીશ નહીં. હું થોડા સમયમાં જ ચોખ્ખો થઈને પાછો આવું છું.'' રાજા પંચો અને અયોધ્યાનગરીના કેટલાક માણસો સાથે પાતાળપુરી તરફ જવાની તૈયારી કરે છે. તેઓ અયોધ્યાના ગાંદરેથી જતાં પહેલાં શુકન જુએ છે.



રસ્તામાં જતાં જ જમણી બાજુએ ચીબરી બોલે છે, અને ડાબી બાજુએ દેવચકલી (દેવોલ) બોલે છે. પંચો રાજાને કહે છે, ''રાજા, ભગવાનના ઘેર ઘીના નિર્મળ દીવા બળે છે! શુકન ઘણા જ સારા થાય છે. તું હૃદયથી શુદ્ધ રહેજે. તને તારીને પાછો લઈને આવીએ છીએ.''

શનિવારની રાતે ખુલ્લા ખેતરમાં ડેરા તાણવામાં આવે છે. આગલી 'અંગારું' અને પાછલી 'પસારું' રાત જાય છે. વૃક્ષો પક્ષી બોલવા લાગ્યાં છે. સોનાનો સૂર્ય ઊગવાની તૈયારી કરે છે. પંચો રાજાને કહે છે, ''રાજા, વિલંબ કરવાથી મોડું થશે. સૂર્યનાં ઊગતાં કિરણોમાં જ ધીઝ કરવાના છે. તમે ગંગામાં સ્નાન કરવા જવાની તૈયારી કરો.'' પંચો રાજાને ગંગા નદીમાં સ્નાન કરાવવા માટે લઈ જાય છે. સ્નાન કરાવ્યા પછી પંચો અને બંને પક્ષના માણસો બંને દેશની સરહદ વચ્ચે આવે છે. આ પછી પંચો બંને દેશના લોકો વચ્ચે ધીઝની વિધિ કરાવવાનો આરંભ કરે છે. આ માટે પંચો ધમણ ધમાવીને એક સ્તંભ તપાવે છે. તેઓ દશરથરાજાના માથા ઉપર હાથ મૂકીને કહે છે, ''રાજા, સાચો હોય તો તરી આવજે, જૂઠો હોય તો તારા કરમનો દોષ!'' દશરથરાજા ધીમેધીમે બળતા સ્તંભ પાસે આવે છે. સ્તંભ ઉપર કીડીઓ ફરતી જુએ છે. કીડીઓના કારણે સ્વસ્થ થયેલો દશરથરાજા ધખધખતા સ્તંભને બાથમાં લઈ ભેટે છે. એકઠો થયેલો માનવસમુદાય આ દશ્ય એકચિત્તે જોઈ રહે છે પણ વાસુકિરાજા આ ધીઝને સ્વીકારતો નથી. તે કહે છે, ''ઢોલને બરાબર તપાવો. આગથી તપેલા ઢોલની આરપાર દશરથરાજા પસાર થાય તો જ હું માનું કે તે નિર્દોષ છે.''

પંચો અગ્નિમાં ઢોલ મૂકીને ધમણને ધમાવવા લાગ્યા છે. ઢોલની બધી બાજુથી અગ્નિની જ્વાળાઓ નીકળવા લાગી છે. ઢોલની વચ્ચે નરદમ આગ બળે છે. આવા સખત રીતે ગરમ થયેલા ઢોલમાંથી દશરથરાજાને નીકળવાનો આદેશ આપતાં પંચો ખંચાય છે. તેઓ વિચારે છે, ''આગ બની ગયેલા ઢોલમાંથી પસાર થવાની સાથે જ દશરથરાજા બળીને ભસ્મ થઈ જશે.'' રાજા ધીમેધીમે ઢોલની નજીક આવે છે. ઢોલની આજુબાજુ 'સોનાવર' અગ્નિ સળગે છે. માનવસમુદાય આ દશ્ય જોઈ રહ્યો છે. રાજા ભગવાનનું સ્મરણ કરીને ઢોલમાં



માથું નાખે છે. ધીમેધીમે તે ઢોલની આરપાર (સામે શેઢે) નીકળી જાય છે. દશરથરાજા કહે છે, ''હવે કંઈ બાકી રહે છે?'' પેયાંણરાજા પંચોને કહે છે, ''હજી તો હું માનવા તૈયાર નથી. હજી તેની નિર્દોષતા પર મને શંકા છે. તેને ગોળામાં ઘાલીને ચૂલા ઉપર મૂકો. ગોળા ઉપર ઢાંકણ ઢાંકીને નીચે અગ્નિ સળગાવો. આ પછી બળે નહીં તો હું માનું કે તે નિર્દોષ છે. દશરથરાજા પેયાંણને કહે છે, ''આપણે બંને તો એક જ થાળીમાં જમતા હતા! તું આવાં પારખાં ન લે તો નહીં ચાલે?'' વાસુકિરાજા કહે છે, ''તેં મારી પત્ની વિશે ભૂંડું કેમ ધાર્યું?'' પંચો વાસુકિરાજાના આદેશ પ્રમાણે મોટા પથ્થર મૂકીને ચૂલો બનાવે છે. તેના ઉપર એક મોટો ગોળો ગોઠવે છે. દશરથરાજા પદ્માસન વાળીને ગોળામાં બેસે છે. પંચો ગોળાના મુખ ઉપર ઢાંકણ ઢાંકે છે. આ ગોળાની આજુબાજુ સોનાવર અગ્નિ પ્રજળવા લાગ્યો છે. જોતજોતામાં ગોળો જ્વાળાઓથી ઢંકાઈ જાય છે. એકાએક સખત તપેલો ગોળો ફૂટે છે, અને લોકસમુદાય જુએ છે તો દશરથરાજા પદ્માસન વાળીને અગ્નિની જ્વાળાઓ વચ્ચે બેઠો છે. હવે રાજા ધીમેધીમે ઊભો થાય છે, અને આગમાંથી બહાર આવે છે. આ સમયે એકઠો થયેલો લોકસમુદાય અને બધા જ પંચો આશ્ચર્યચકિત થઈ જાય છે. પંચો બોલી ઊઠે છે, ''સાયબો (ભગવાન) સાચો છે, અને તું પણ સાચો છે. તારામાં જરાપણ વળ (મલિનતા-કપટની આંટી) નથી.''

વાસુકિનાગ કહે છે, ''હજી તો મને દશરથની સચ્ચાઈ ઉપર શંકા છે. હવે તમે જળના ધીઝ કરો તો જ હું માનું! રાજાના કથનથી પંચો ઊભા રહી જાય છે, અને તેને કહે છે, ''તારે આ રાજાને મારી નાખવો હોય તો સીધેસીધો મારી નાખ પણ આવો આકરો ન્યાય સતયુગ સિવાય આગળ ચાલી શકશે નહીં. સતયુગ તો ચાલ્યો જશે અને કાલે કળિયુગ આવશે. આ યુગનાં માનવી આવો આકરો ન્યાય સહી શકશે નહીં. રાજા, આખું જગત જોઈ રહ્યું છે કે દશરથરાજા અગ્નિથી લાલ બની ગયેલા ઢોલમાંથી પસાર થયો. ગોળામાં પદ્માસન વાળીને અગ્નિની જ્વાળાઓ વચ્ચે બેસી રહ્યો છતાં પણ કપડે ડાઘ પડ્યો નથી. હવે તારે તેને મારી જ નાખવો હોય તો મારી નાખ પણ દશરથરાજાનું પારખું થઈ ગયું છે. તે નિર્દોષ છે અને સાચો છે.'' વાસુકિ વિચારે છે, ''પંચોની વાત તદ્દન સાચી છે.



બધો જ દોષ મારી રાણીનો છે. દશરથના ઘેર તો ઘીના દીવા બળે છે. મારા જ ઘેર તેલના બળે છે. એતો દર્પણમાં જોઈ લીધું. ડાઘ તો મારા મુખ ઉપર છે! ભાઈ, તું મારા દિલમાં પણ સાચો છે. હવે ક્યાંય કશું શોધવા જવાનું નથી. મેં મારા ધર્મભાઈ ઉપર ખોટું દોષારોપણ કર્યું છે. વાંક તો બધો મારી રાણીનો છે. જગતમાં ખોટું કામ થયું.'' તે પંચોને કહે છે, ''ચાલો, આપણે બધા પાતાળપુરીમાં જઈએ.'' પંચો કહે છે, ''તમે પહેલાં હૂઝકા(દાવા)નું નક્કી કરો. પછી આપણે બધા પાતાળપુરીમાં જઈએ. મારી રાણીનું નસીબ ખૂટ્યું. તેણીએ નિર્દોષ પર જૂઠો આરોપ મૂક્યો. આવું કામ જગત ઉપર ન ચાલી શકે. એ ભૂંડીએ જ ખોટી નજર નાખી અને મારા ભાઈને મેં ઘણો જ દુઃખી કર્યો છે. પંચો, તમે મારી વાત સાંભળો. દશરથરાજાને હૂઝકામાં મારી રાણી જ આપું છું!'' આ માટે તો તેણીએ દશરથ ઉપર જૂઠો આક્ષેપ કર્યો છે!'' માનીતી રાણી કૈકેયીને કહે છે, ''રાણી, તારા મનમાં જ પાપ હતું! તેં વિના કારણે નિર્દોષ એવા દશરથરાજા ઉપર દોષારોપણ કર્યું. આવા સંજોગોમાં તારા અને મારા સંબંધો છૂટ્યા. આ રહ્યો દશરથરાજા. હવેથી એ જ તારો ભરથાર! વાસુકિરાજા એક વખતની પોતાની વહાલી રાણી કૈકેયીને પંચોને સોંપે છે, અને પંચોને ઘણા માનથી ધોતિયાં ઓઢાડે છે. પંચો દશરથરાજાને શિખામણ આપીને કૈકેયીને સોંપે છે. રાજા રાણીનો સ્વીકાર કરે છે, અને પંચો સાથે 'હાથમેળવો' કરીને દરેક પંચને ઘીઝનો સવા રૂપિયો આપે છે. રાજા બધાને 'રામરામ' કરીને પાતાળપુરીમાંથી વિદાય લે છે. પાતાળપુરી અને અયોધ્યાનગરીમાં 'રૉમારાઝ'(રામરાજ્ય) અને 'ખેંમાકહોર' (ક્ષેમકુશળ) થાય છે.

કૈકેયી (કકાપદમણી)

રાજા અને રાણી અયોધ્યાનગરી તરફ આવે છે. મારગે આવતાં દશરથ રાજા વિચારે છે, ''તે દિવસે વાડીમાં બાંડિયાનાગ સાથે આ રાણી વાતે વળી હતી. નાગનો ગર્ભ જો આ રાણીના પેટમાં હશે તો મારા દેશમાં ગજબ થશે. જો આમ થાય તો મારા દેશમાં મારી જરા પણ આબરૂ રહેશે નહીં.'' રાજા કકાપદમણીને કહે છે, ''રાણી, કાલે તો તું પેયાંણની રાણી હતી અને આજે મારી રાણી થઈ. તેં જેવું



કર્યું તેવું જ તારી સાથે આવ્યું છે. પણ તારા પેટમાં કોઈનો ગર્ભ હોય અને તેનું બાળક જન્મે તો અયોધ્યાનગરીમાં ગજબ થઈ જાય. માટે તું સાચેસાચું બોલજે. નહીં તો વળી કાલે ફરીને જોખમ ઊભું થશે!'' રાણી એકાએક ઊભી રહી જાય છે, અને વિચારે છે, ''કાલે મારો પતિ પાતાળનો પેયાંણરાજા હતો. આજે આ પૃથ્વીનો દશરથરાજા મારો પતિ છે. આજથી મારાં ગામ અને ગોદરાં બદલાઈ રહ્યાં છે.'' આ વિચારીને દશરથને કહે છે, ''રાજા, મારા પેટમાં બીજ તો છે! પણ નથી તો એ બીજ પેયાંણરાજાનું કે નથી બાંડિયાનાગનું. પણ એક દિવસ વાડીનું કમળ સૂઘ્યું હતું. તે દિવસથી મારા પેટમાં કંઈક છે ખરુ. મને છસાત માસ થયા છે.'' રાજા કહે છે, ''રાણી, તારા પેટમાં ગર્ભરૂપે જે હોય તેને બહાર કાઢ. પાતાળનાં જાનવર ઘણાં જ ખોટાં! તેને જોઈને પૃથ્વીનાં મારાં માનવી ડરી જશે.'' રાણી ભગવાનનું સ્મરણ કરે છે, ''હે ત્રણ ભુવનના નાથ! મારી વાત સાંભળ. મારા પેટમાં કોઈ પુરુષનો ગર્ભ નથી, ફૂલનો ગર્ભ છે. આ પણ તું જ આપનારો છે. મારા કર્મમાં લખેલું ફૂલ મને મળ્યું પણ આજે તેનું ઠેકાણું કરવાનો સમય આવ્યો છે.'' રાણીની 'ઓરાદ' (આરાધના)ની વૈકુંઠપુરીમાં ખબર પડે છે. ભગવાન પૃથ્વી ઉપર એક 'સોવન' કટાર મોકલે છે, જે રાણીના પગ આગળ આવીને પડે છે. કૈકેયી પગ પાસે પડેલી સોવન કટાર હાથમાં લે છે, અને પેટ ચીરીને ગર્ભ બહાર કાઢે છે. આ ગર્ભને ચૂંદડીના છેડે બાંધે છે. કુંભારના ઘેર જાય છે અને તેના આંગણે ઊભી રહીને કહે છે, ''કુંભારિયા વીરા, હું તને ધર્મનો ભાઈ કરું છું! મારે લાંબા મારગે ચાલવાનું છે. રસ્તામાં તરસ લાગે ત્યારે પાણી પીવા માટે 'કાશી'નો એક ઘડો આપ.'' રાણી ઘડો લઈને વનમાં આવે છે. ચૂંદડીના છેડેથી ગર્ભને છોડી સાચવીને ઘડામાં મૂકે છે, અને તેનું મુખ બાંધે છે. રાણી હાથમાં ઘડો લઈને મારગેમારગે લાંબી ફાળે અને છોટે ડગલે આવે છે. રસ્તામાં ધૂણી ઘાલીને તપ કરતા સપ્તર્ષિ ઉપર રાણીની નજરે પડે છે. તે આ ઋષિ પાસે આવીને ઊભી રહે છે, અને કહે છે, ''ઋષિ, તમે મારી વાત સાંભળો. હું તમને મારો ઘડો સોંપું છું. તમે આ ઘડાની સંભાળ રાખજો.'' ઋષિ કહે છે, ''બાઈ, તેં ઘડામાં શું ભર્યું છે?'' રાણી કહે છે, ''ઋષિ, બીજી વાત પૂછ્યા વિના તમે આ ઘડાને આજથી ચાર મહિને ખોલજો!'' આમ કહીને રાણી ઘડો ઋષિઓને સોંપીને દશરથરાજા પાસે



આવે છે. હવે દશરથરાજા અને કૈકેયી અયોધ્યા તરફ મારગેમારગે આવે છે.

સીતા

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો 'માજોગ' આવ્યો. રાવણરાજા લંકાગઢનું રાજ કરે છે. રાજા કચેરી ભરીને બેઠો છે. રાવણરાજા સરદારોને આજ્ઞા કરે છે, ''આપણી રાજ્યની સીમામાં જે કોઈ વસતું હોય તેનો કર વસૂલ કરીને પાછા આવો. આપણી ધરતી ઉપર વસતો કોઈ પણ માણસ કર આપ્યા વિનાનો રહેવો જોઈએ નહીં.'' ભાગ્યવાનની જીભ બોલે અને અભાગીના પગ તૂટે. એક સિપાહીને કહેતાંની સાથે તો પંદર સિપાહી છૂટે છે. પંદરને કહેતાં પચ્ચીસ સરદારો કર લેવા તૂટી પડે છે. રાવણના સરદારો રાજ્યની સીમામાં જે કોઈ વસે છે તે સૌનો કર વસૂલ કરવા લાગે છે. તેઓ કર વસૂલ કરતા કરતા આ રાજ્યની જમીન ઉપર બેસીને તપ કરતા હતા તે સાત ઋષિ પાસે આવે છે. તેઓ ઋષિ પાસે રાવણના રાજ્યની જમીન ઉપર બેસવાનો અને તપ કરવાનો કર માગે છે. યોગી કહે, ''સરદારો, અમે તો ઋષિ છીએ. શરીર ઉપર ચોળેલી આ રાખ સિવાય અમારી પાસે શું હોય? અમે રોજ આ ધૂણીમાંથી રાખ લઈને ચોળીએ છીએ અને આ જમીન ઉપર તપ કરવા બેસીએ છીએ. અમે યોગી તમને શું આપીએ?'' ઋષિઓનો ઉત્તર સાંભળીને સૈનિકો ઝડપથી કચેરીએ આવે છે અને રાવણરાજાને કહે છે, ''રાજા, અમે આપણી જમીન ઉપર વસે છે તે સૌ લોકોનો કર લઈને આવ્યા છીએ. પરંતુ આપણા રાજ્યની સીમમાં સાત ઋષિ (સપ્તર્ષિ) ધૂણી ધખાવીને તપ કરવા બેઠા છે. ધૂણીની રાખ સિવાય તેમની પાસે કંઈ નથી. તેમની પાસેથી કર લીધા વગર પાછા આવ્યા છીએ.'' રાવણ કહે છે, ''સરદારો, ઋષિ પણ આપણી જમીન ઉપર સૂએ છે, બેસે છે અને તપ કરે છે. તેમને પણ કાયદા પ્રમાણે આપણી જમીનનો કર લાગે. આથી તેમની પાસે જે વસ્તુ હોય તે, રાખ હોય તો રાખ પણ લઈને પાછા આવો.'' મોટા સ્વામીની આજ્ઞા થઈ. ભાગ્યવાનના બોલ અને અભાગીના લાગ્યા ભોગ. બધા સરદારો દોડતા લાંબી ફાળે અને છોટે પગલે જોગિયોની ધૂણિયે આવે છે, અને ધમકાવીને કહે છે, ''યોગી, તમે અહીં કોને પૂછીને બેઠા છો? આ કોની



જમીન છે તે તમે જાણો છો? આ પૃથ્વી રાવણરાજાની છે. તમે લંકાગઢની જમીન ઉપર બેઠા છો તેથી દાણ તો આપવું પડશે!'' સૈનિકોની ધમકીથી ગભરાયેલા ઋષિ હાથ જોડીને કહેવા લાગ્યા છે, ''અમે તમને જાણ્યા પણ નથી અને ઓળખ્યા પણ નથી. અમે તો જોગી છીએ. સૂની જમીન જોઈને તપ કરવા બેઠા છીએ. તમને દાણમાં આપવા જેવું અમારી પાસે તો શું હોય પણ એક સતી સ્ત્રીએ ઘડો સાચવવા આપ્યો છે. આ ઘડો અમે તમને આપીએ છીએ.'' ઋષિ સિપાહીઓને ઘડો આપીને કહે છે, ''સરદારો, આ ઘડો અમે તમને સોંપીએ છીએ. આ ઘડાનું બાંધેલું મુખ અત્યારે ખોલતા નહીં. ચાર માસ પૂરા થાય ત્યારે ખોલજો.'' સિપાહીઓ જોગીએ આપેલો ઘડો લઈને લંકા તરફ આવે છે. સરદારો ઘડો લઈને કચેરીમાં આવે છે, અને રાવણને ઘડો આપતાં કહે છે, ''આ ઘડો જોગીએ આપ્યો છે.'' રાવણ પૂછે છે, ''આ ઘડામાં શું ભર્યું છે?'' સરદારો કહે છે, ''એ તો અમને કહ્યું નથી. તેઓએ તો એટલું જ કહ્યું છે કે આ ઘડાનું બાંધેલું મુખ ચાર માસે ખોલજો.'' સૈનિકોની વાત માન્ય રાખીને રાવણ રાજા જોગીએ આપેલા ઘડાને વાદળમહેલના ભમરઆળિયામાં મૂકે છે, અને વિચારે છે, ''આ તો ઋષિની વસ્તુ છે. આ ઘડામાંથી શું વસ્તુ પાકીને પૃથ્વી ઉપર બહાર આવે છે એ તો જોઉં!'' દિવસરાત પસાર થાય છે. બંધ ઘડામાં રાતદિવસ ફૂલ જેવી કુંવરી મોટી થાય છે. ઘડામાં હંસલો સંચર્યો છે. ફૂલવંતી કુંવરી રમે છે અને ઘડો ધ્રૂજવા લાગ્યો છે. દિવસો ગણતાં માસ થાય છે. ચાર માસ પૂરા થાય છે. રાવણરાજા કચેરીમાં આવે છે. કુતૂહલને વશ થયેલો રાજા મહેલના ભમરઆળિયામાં મૂકેલો ઘડો મંગાવે છે. કચેરી વચ્ચે મૂકેલા ઘડાને વંદન કરે છે, અને વિચારે છે, ''આ તો ઋષિએ આપેલો ઘડો છે. ન જાણે ઘડામાં શું હશે?'' રાજા ધીમેધીમે ઘડા ઉપરનું વસ્ત્ર છોડે છે, અને જુએ છે તો ઘડામાં પૂરી પૃથ્વીનું રૂપ ભર્યું છે. ઘડામાં ફૂલ જેવડી કુંવરી નજરે પડે છે. રાવણ આશ્ચર્ય પામે છે અને નિઃસંતાન રાજા કુંવરીને જોઈને આનંદિત થાય છે. તે વિચારે છે, ''ઘણી રાણીઓ હતી છતાં આજ દિન સુધી દીકરી કે દીકરો જોવા મળ્યાં નથી, પણ આજે સામે ચાલીને આ દીકરી મારે ઘેર આવી છે.'' કુંવરી રાવણના વિચારો પર હસતી વિચારે છે, ''તેં નવગ્રહ તો તારા ઢોલિયાના પાયે બાંધ્યા છે પણ આ દસમો ગ્રહ



ટળી ગયો હતો. આ ગ્રહે આજે તારા ઘેર જન્મ લીધો છે.'' દીકરી જોઈને ઘણો જ હર્ષિત થયેલો રાવણ જાતે જ ઊંધું નગારું સીધું કરે છે, અને તેના ઉપર રમી રમીને અમર ગેડી મારે છે. નગારાના અવાજથી મહેલોના કાંગરા ધ્રૂજવા લાગ્યા છે, અને રાણીઓ વિચારે છે, ''આવું નગારું વાગતાં તો આ જગતમાં આજ દિન સુધી સાંભળ્યું નથી! આજે આપણી કચેરીમાં આવું નગારું કેમ વાગે છે?''

ગઢના લોકો કાન માંડીને નગારાનો અવાજ સાંભળે છે, અને વિચારે છે, ''રંગરાવળે (રાજમહેલે) આજે નગરજનોને આનંદ કરવાનું નગારું વાગે છે!'' હોળી રમવાના અને સોડમ લેવાના જે લોકો રસિયા છે તેઓ આનંદિત થતા કટકટાવીને કમર બાંધે છે અને વાદળમહેલ તરફ આવવા લાગે છે.

રાવણરાજા સરદારોને કહે છે, ''સરદારો, વિલંબ કરે મોડું થાય છે. હવે ઢીલ નહીં ચાલે. કાબરી-પટોરી જાજમો પાથરો. આપણા મહેલ તરફ આખું નગર આવી રહ્યું છે. મહેલનો આખો માણેકચોક ભરાઈ જશે.'' તે આગળ કહે છે, ''વાણિયાલોકોને મારો સંદેશો આપી આપણા રાજમહેલના આંગણામાં ખાંડની દુકાન મંડાવો. આજે તો આનંદનો દિવસ છે. જે લોકો આપણી કચેરીની જાજમો ઉપર બેસે તેમને મશરૂ ખાંડ વહેંચો અને બજારમાં બેઠેલાઓને ખારેક અને ટોપરું આપો. શેરીઓમાં માળવીઓ ગોળ વહેંચો. મીઠાઈ વહેંચતી વખતે એટલો ખ્યાલ રાખજો કે નબળું કે સબળું કોઈ પણ માણસ બાકી રહી ન જાય. ગઢમાંથી કોઈપણ જન નિસાસા નાખીને જવું જોઈએ નહીં. આપણા ઘેર ફૂલવંતી કુંવરીનો જન્મ થયો છે.'' લંકાગઢમાં કુંવરીના જન્મ ટાણે જાજમો ઉપર હાટે-બજારે અને શેરીએ મશરૂ ખાંડ, ખારેક, ટોપરાં અને માળવીઓ ગોળ વહેંચાઈ રહ્યો છે. રાજમહેલના આંગણે નટ ખેલ કરે છે. બધે આનંદ થઈ રહ્યો છે.

કુંવરીને જોઈ આનંદિત થયેલી રાણીઓ ફૂલકુંવરીને સોનાના પારણામાં પોઢાડે છે, અને સોનાના વીંજણાથી વાયરો ઢોળે છે. તેઓ હીરની દોર ખેંચીને ઝીણી 'ઘૂમરીઓ' ઘાલે છે. લંકાગઢમાં ઘણું રૂડું થયું છે. રાજા સરદારોને આદેશ આપતાં કહે છે, ''ભણેલા જોશીને તેડી લાવો. આપણી કુંવરીનું નામ પાડવું છે. કુંવરીનો કયા નક્ષત્રમાં જન્મ થયો છે, તે તો જાણીએ!'' રાજાના આદેશથી સરદારો દોડવા લાગ્યા છે. ઝડપથી ચાલવાના કારણે તેઓનાં કપડાંનો પાલવ



વાત કરે છે, અને પગની પાની હોંકારા દે છે. તેઓ જોશીના આંગણે આવીને ઊભા રહે છે અને બહારથી બૂમ પાડે છે, ''હે ભણેલા દેવતા! જાગતો હોય તો બહાર આવ.'' જોશી વાદળમહેલની અગાસીમાં આવે છે, અને સરદારોને પૂછે છે, ''સરદારો, તમે કઈ બાજુથી આવો છો અને કઈ બાજુ જાઓ છો? તમારે અહીં આવવાનું કયું પ્રયોજન છે?'' સરદારો કહે છે, ''અમે તો રાજાની આજ્ઞા થઈ અને તમારે આંગણે આવ્યા છીએ. રાજા તમને ટીપણું લઈને બોલાવે છે.'' જોશી ચાર જુગનું ટીપણું લે છે. પગમાં ચાખડીઓ પહેરે છે. હાથમાં કમળલાકડી લે છે, અને 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે. સરદારો મારગેમારગે માન સહિત ભણેલા દેવતાને લઈ આવે છે. બધા માણેકચોકમાં આવે છે. રાવણ લાંબી નજરે ભણેલા દેવતાને જુએ છે. સિંહાસનેથી ઊભો થઈને તેને માન સહિત લેવા સામે જાય છે. બ્રહ્મદેવતાની પ્રદક્ષિણા કરી પાયે લાગે છે, અને આગળ કરીને કચેરીમાં લઈ આવે છે.

આ રીતે રાવણરાજા કુંવરીનું નામ પાડવા અને તેનું નસીબ જોવા એકસો અને સાઠ જોશીને એકઠા કરે છે. બધા જોશી લંકાગઢની કચેરીમાં લીલીપીળી જાજમો ઉપર બેઠા છે. સોનાના સિંહાસન ઉપર બેઠેલો રાવણ તેઓને સંબોધીને કહે છે, ''હે જોશીઓ! મારા ઘેર પુત્રીનો જન્મ થયો છે! આપણે તેનું નામ પાડવાનું છે. તે કયા નક્ષત્રમાં જન્મી છે? તમે મન મૂકીને તેનું નસીબ જુઓ.'' એકસોને સાઠ ભણેલા દેવતા 'ચાર જુગ'નું ટીપણું બહાર કાઢે છે અને પાનાં ફેરવી ફેરવીને રાવણની કન્યાનું નસીબ જોવા લાગે છે. તેઓ રાશી જોઈને રાવણને કહે છે, ''રાજા, આ કન્યાનું નામ સીતા આવે છે.'' આ પછી જોશી વિસ્તારથી સીતાનું ભવિષ્ય જોવા લાગ્યા છે. ટીપણું જોતાં જોતાં બધા જ જોશી નકારમાં માથું ધુણાવવા લાગ્યા છે. જોશીઓનું નકારાત્મક વલણ જોઈને રાજા તેઓને પૂછે છે, ''જોશી, આમ તમે બધા એક સાથે માથાં કેમ ધુણાવો છો? મારી આ ફૂલકુંવરી કયા નક્ષત્રમાં જન્મી છે તે તમારે ધ્યાનથી જોવાનું છે. તમે બધા એકચિત્તે બરાબર ધ્યાન રાખીને ટીપણું જુઓ. એ વાતનો ખ્યાલ રાખજો કે આ કચેરીમાં તમારા પગે ચાલીને આવ્યા હતા પણ હવે અહીંથી મારા પગે જવાનું છે!'' જોશી કહે છે, ''તમે લંકાગઢના મોટા રાજા છો એ વાત અમે જાણીએ છીએ.



પણ અમે તમને સાચી વાત કહીએ તો તમને ખોટું લાગે. આથી અમે બધા મનમાં ને મનમાં હિજરાઈ રહ્યા છીએ. કુંવરીનો જન્મ તો સાચે જ ખરાબ નક્ષત્રમાં થયો છે. તેના ભવિષ્ય વિશે અમે જાણતા હોવા છતાં કહી શકતા નથી.'' રાવણ કહે છે, ''જોશી, તેનું જેવું ભવિષ્ય જોવા મળે તેવું જ ભાખો!'' ''રાજા, અમને મારી નાખવા હોય તો મારી નાખજે. અમે તો ભગવાનના ઘરનું સાચું ટીપણું વાંચીએ છીએ. અમારા જોયા પ્રમાણે તો આ કુંવરી સાથે તારો ઘરવાસો લખ્યો છે. આ તારી પુત્રી તારી પત્ની થશે! રાજા, ભગવાને આવા અવળા લેખ કેમ લખ્યા હશે?'' જોશીની વાત સાંભળીને તેમના ઉપર ગુસ્સે થયેલા સરદારોને સંબોધીને રાજા કહે છે, ''સરદારો, ભણેલા દેવતાઓને મારીશું તો જગતમાં ખોટું કામ થશે. તેમનો શો દોષ? આપણા કરમનો દોષ! મારી દીકરી મારી વેરણ થઈને આવી! ભગવાને ખોટા નક્ષત્રમાં જન્મ આપ્યો. હવે આને ગંગામાં પધરાવો. મગર-માછલાં ખાઈ જશે. આથી તે જીવતી રહેશે નહીં અને મારી સાથે ઘરવાસો થશે નહીં.'' હવે તે આદેશ આપતાં કહે છે, ''સિપાહીઓ, વાદળમહેલમાંથી સીતાને પારણા સાથે નીચે ઉતારો અને ગંગામાં પધરાવો.'' રાવણનો આદેશ થતાંની સાથે પંદર સિપાહીઓ સાથે દોડે છે. તેઓ વાદળમહેલમાં આવે છે અને રાણીઓને જોશીએ કન્યાના ભાખેલા ભવિષ્યની વાત કરે છે. આ પછી તેઓ રાજાના આદેશની વાત કરે છે. સિપાહીઓની વાત સાંભળીને રાણીઓ મહેલની દીવાલે માથાં પછાડીને રડે છે, અને ભગવાનને શાપ બોલે છે, ''ભગવાન, તારું મૂળ જજો! દીકરી આપી પણ પૂરે હાથે નહીં આપી.'' સિપાહીઓ સીતાનું પારણું વાદળમહેલમાંથી નીચે ઉતારવા લાગ્યા છે. હાથમાંથી સોનાનો વીંજણો નાખી દઈને દરવાજા સુધી સીતાને જોવા આવેલી દાસીઓ રડવા લાગી છે. સિપાહીઓ સીતાનું પારણું શેરી-બજારે લાવે છે, અને હાટમાં ઊભા વાણિયા રડવા લાગ્યા છે.

સિપાહીઓ લાંબી ફાળે અને છોટે ડગલે ગંગાઘાટ આવે છે, અને પારણું નીચે મૂકે છે. તેઓ પારણામાં જુએ છે. બાળકી તો અડધી પૃથ્વીનું રૂપ છે. તેના રૂપને જોઈને સૂર્ય પણ ઝાંખો પડે છે. ફૂલ જેવી કુંવરીને ગંગામાં પધરાવતાં જીવ ચાલતો નથી. સૈનિકો વિચારે છે, ''મોટા માણસોને શાની દયા? પણ આપણે



કેમ કરીને મન મજબૂત કરીએ? આવા ફૂલને કેમ કરીને ગંગામાં પધરાવીએ? કુંવરીને બંધ પેટી જેવા પારણામાંથી બહાર કાઢીને ગંગામાં પધરાવીશું તો મગર અને માછલાં ખાઈ જશે અને પાપ લાગશે. કિનારા ઉપર મૂકીને ચાલ્યા જઈશું તો જંગલી જાનવરો ખાઈ જશે. આથી પણ આપણે પાપના ભાગીદાર તો બનશું જ. જતાંની સાથે રાવણરાજા કુંવરીના સમાચાર પૂછશે ત્યારે આપણે શું જવાબ આપીશું?'' આ પછી બધા સિપાહી ચારેબાજુથી વિચારીને એકમત થઈ નક્કી કરતાં કહે છે, ''આપણે આ કુંવરીને પારણા સમેત જ ગંગામાં પધરાવીએ. તેણી બંધ પારણામાં હશે તો મગર-માછલાં ખાઈ શકશે નહીં.'' હવે સૈનિકો બાળકીને સંબોધીને બોલે છે, ''હે ફૂલકુંવરી! જગત ઉપર જીવતી રહે તો ઘર માંડજે! મગર-માછલાં ખાઈ ગયાં તો નરવડ ગડ ઝોઆર!'' તેઓ પારણાની પ્રદક્ષિણા કરીને સીતાને વંદે છે. દુઃખી થતા પારણા સમેત ગંગામાં વહેતી મૂકે છે, અને તરત જ પાછા વળી જાય છે. ગંગામાં પવનની લહરો આવે છે. કુંવરી તો ગીતો ગાય છે અને વહેતી વહેતી ગંગાના પ્રવાહમાં જઈ રહી છે.

જનકરાજા

એક દિવસનો 'સમાજોગ' આવ્યો છે અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો છે. જનકરાજા અને કરમો ધોબી ગંગામાં નાહવા માટે આવે છે. ધોબી રાજાનાં કપડાં ધુએ છે અને જનકરાજા ગંગાના કિનારે બેસીને નાહી રહ્યો છે. જનકરાજા લાંબી નજરે જુએ છે તો દૂર ગંગામાં જળકૂકડી જેવડું કંઈક તરતું તરતું આવી રહ્યું છે. રાજા ધોબીને કહે છે ''ધોબી, ગંગામાં તરતું તરતું કંઈક આવી રહ્યું છે.'' ઊંધું ઘાલીને કપડાં ધોતો ધોબી કહે છે, ''રાજા ગંગા-જમનામાં જળના જીવ તો ઘણા ફરે! કોઈ જળનો જીવ પાણીમાં ફરતો હશે!'' થોડી વાર થાય છે અને ઊંધા માથે કપડાં ધોઈને થાકેલો ધોબી ગંગાના પ્રવાહને લાંબી નજરે જુએ છે તો પાણીના પ્રવાહમાં પારણું તણાતું આવે છે. પારણાને જોઈને લલચાયેલો ધોબી જનકરાજાને કહે છે, ''રાજા, તમે માનો તો એક વાત કરું. પાણી ઉપર તણાઈને આવે છે તે પારણું મારું. આ પારણામાં હું આખા નગરનાં પકડાં ભરીશ.'' રાજા કહે છે, ''તો પછી પારણામાં જે હોય તે મારું!'' કરમો ધોબી ગંગામાં પડીને



વહેતા પ્રવાહમાંથી પારણાને પકડી જાળવીને કિનારા ઉપર લઈ આવે છે. જનકરાજા દોડીને પારણા પાસે આવે છે. બંને પારણામાં જુએ છે તો પારણામાં પૃથ્વીનું રૂપ ભર્યું છે. માથું તો પાણીવાળા (પણસિયું) નાળિયેર જેવું છે. આંખે ભમરા 'લૂમબ્યા' છે. કંકુ રંગના હોઠ છે. નાક દીવાની શગ જેવું છે. નયન ખાંડાની ધાર જેવાં છે. મુખ પૂનમના ચંદ્ર જેવું છે. કન્યા તો અડધી પૃથ્વીનું રૂપ છે. જનકરાજા એક પગે ઊભો રહીને ભગવાનને વંદે છે અને કહે છે, ''ભગવાન, આખી જિંદગી શોધ્યું પણ બાળક જોવા પામ્યો નથી! પણ આજે આ દીકરી ગંગાના તીર ઉપરથી મળી. ભગવાન, આપી તો પૂરા હાથે આપજે!'' રાજા, કુંવરીના જમણા હાથે લેખ જુએ છે તો સીતા નામ નજરે પડે છે. આનંદથી અધીરો થયેલો રાજા ધોબીને કહે છે, ''વીરા, હવે વિલંબ કરે તો મોડું થાય છે. તું વાદળમહેલમાં જા, અને રાણીઓને ખબર આપ કે તેઓ વાજમી વહેલમાં બેસી હાથમાં દેવગરો થાળ લઈને કુંવરીને વધાવવા ગંગાના ઘાટ ઉપર આવે. કચેરીમાં જઈને સરદારોને કહે કે, તેઓ ઊંધા નગારાં સીધાં કરી નગારે ડંકા પાડે. જેથી નગરીના લોકોને ખબર પડે કે આપણા આંગણે સારો અવસર આવ્યો છે. આથી નગરજનો પણ રાણીઓ સાથે કુંવરીનું સામૈયું કરવા ગંગા ઘાટે આવે.''

મોટા ધણીના બોલ અને અભાગીના લાગ્યા ભોગ. રાજાના કહેવાની સાથે કરમો ધોબી લાંબી ફાળે અને છોટે ડગલે મારગે મારગે માણેકચોકમાં આવે છે. તે 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે, અને રાણીઓને રાજાના સમાચાર આપતાં કહે છે, ''માતા, ગંગામાતાએ આપણને કુંવરી આપી છે! રાજા બાળકીને લઈને ગંગામાતાના ઘાટ બેઠા છે. તમે કન્યાને વધાવવાની તૈયારી કરો.'' રાણીઓને સમાચાર આપી ધોબી રાજમહેલમાંથી ઝડપથી કચેરીમાં આવે છે અને સરદારોને રાજાનો સંદેશો આપતાં કહે છે, ''સરદારો, ઊંધાં નગારાં સીધા કરાવો અને નગારચી પાસે ડંકા પડાવો. જેથી નગરજનો જાણે કે રાજાના આંગણે શુભ અવસર આવ્યો છે. આપણા રાજા સંતાનવાળા થયા છે. આપણે બધાએ કુંવરીને વધાવવા ગંગાઘાટ જવાનું છે.''

સરદારોના આદેશથી નગારચી ઊંધાં નગારાં સીધાં કરે છે અને નગારે અમર ગેડિયો રોળવે છે. રાજમહેલના કાંગરા ધ્રૂજવા લાગે છે અને નગરના



લોકોને ખબર પડે છે કે રાજમહેલમાં કંઈક શુભ અવસર આવ્યો છે. હર્ષઘેલાં થઈને નગરજનો વાદળમહેલ તરફ આવે છે. વહેલિયો સોનેરૂપેથી મઢેલી ઊજળી વહેલ શણગારે છે. રાણીઓ દેવગરા થાળમાં કંકુ અને ચોખા લઈ ખજૂરિયાળા દીવા મૂકે છે. તેઓ વહેલમાંથી નીકળે છે અને તરત જ તોપનાં નિશાન પડે છે. ઢોલ નગારાં અને તુરાઈ વાગે છે. વાજમી વહેલ નગરજનો સાથે ગંગાઘાટ તરફ જઈ રહી છે. 'ધૂંધળી' રેત ઊડે છે અને રેતના કારણે ડુંગરે 'બાળુફણી' (રેતનાં વાદળ) જામી છે. માનવસમુદાય ગંગાઘાટ આવી પહોંચે છે અને રાજા કુંવરી લઈને ઊભો થાય છે. રાણીઓ દાસીઓના સમૂહમાં વહેલમાંથી નીચે ઊતરે છે. હાથમાં દેવગરો થાળ લે છે. રાણીઓ કુંવરીના કપાળમાં કંકુનું તિલક કરી 'ખજૂરિયાળા' દીવાથી કુંવરી અને રાજાને વધાવે છે. રાણીઓ ભગવાનને અરજ કરતાં કહે છે, ''હે ભગવાન! કુંવરી આપી તો ભલે આપી પણ તેને કુશળ રાખજે! અમે તો આ જીવનમાં પહેલું જ બાળક જોયું છે!''

રાણીઓ રાજા પાસેથી કુંવરીને લે છે અને વાજમી વહેલમાં બેસે છે. વહેલિયો વીરો આળ (લાકડીના અગ્રભાગે જડેલી લોઢાની તીક્ષ્ણ અણી) દે છે, અને બળદો ઊડવા લાગે છે. પાછળ પાછળ ધૂળ ઊડે છે અને સુકાયેલાં પાંદડાં વંટોળની માફક આકાશમાં ચડે છે. રાજા અને રાણી કુંવરીને લઈને વાદળમહેલના આંગણે આવે છે. રાણીઓ વહેલમાંથી નીચે ઊતરે છે અને હાથમાં દેવગરો થાળ લે છે. થાળમાંથી કંકુ અને ચોખા લઈને પહેલું તિલક બળદને કરે છે, બીજું તિલક વહેલને કરે છે, ત્રીજું તિલક વહેલિયાને કરે છે. છેલ્લે સીતાને તિલક કરીને રૂવેલ બાળોતિયામાં લે છે અને સોનાની થાળીમાં મૂકીને 'ધરમર ધરમર' વાદળમહેલ ચડે છે. માણેકચોકમાં તૂરી 'તાંતો' તોડે છે, નટ-તરગાળા ખેલ કરે છે, ઢાઢી હોરા નાખે છે. કચેરીની જાજમો ઉપર મશરૂ ખાંડ વહેંચાય છે. હાટે અને બજારે ખારેક અને ટોપરું વહેંચાય છે. વૃદ્ધ નગરજનો રાજાની વિદાય લઈને જતાં જતાં શિખામણ આપે છે, ''રાજા, ઘણી મોટી ઉંમરે ભગવાને તને કુંવરી આપી છે. તેને સાચવજે અને કુશળ રાખજે.''

જનકરાજાની વડી રાણી ભગવાનને અરજ કરતાં કહે છે, ''ભગવાન, કુંવરી તો હજી ઘણી નાની છે. તેને દૂધ વિના કઈ રીતે મોટી કરીએ? રાણીની



પ્રાર્થના સાથે જ તેના સ્તનોમાંથી દૂધની ધારા છૂટવા લાગી છે અને રાણી કુંવરીને પયપાન કરાવવા લાગી છે. કુંવરી રાણીનું દૂધ પીને દિવસરાત મોટી થવા લાગી છે.

શ્રવણકુમાર

શ્રવણકુંવર પત્નીને કહે છે, ''મારાં માતાપિતાં આંધળાં થયાં છે, તેઓની સેવા કર.'' પત્ની કહે છે, ''તારાં માતાપિતાને મારી નાખ. નહીંતર ઊંડા કૂવામાં નાખ પણ હું સેવા તો નહીં જ કરું!'' શ્રવણને પત્નીનાં વચન કડવાં લાગે છે. તે કહે છે, ''તું સેવા નહીં કરે તો હું કરીશ.''

શ્રવણ મારગેમારગે વાણિયાના હાટે જાય છે, અને હાટમાંથી લીલુંપીળું કાપડ ખરીદે છે. ત્યાંથી દરજીને ઘેર જઈને ઝોળી સિવડાવે છે. ઝોળી ઉપર માબાપને મંડાવે છે.

ઝોળી લઈને મારગેમારગે પાછો આવે છે. એક ઝોળીમાં માતા અને બીજીમાં પિતાને બેસાડે છે. સાથે ઘડો અને ખોરાક લે છે. જતાંજતાં પત્નીને કહે છે, ''તારા જેવી તો એકસોને સાઠ લાવી શકું તેમ છું પણ માતાપિતાને ક્યાંથી લાવી શકું?''

શ્રવણ માતાપિતાને ખભે ઊંચકીને એક વનમાંથી બીજા વનમાં જાય છે. ફરતો ફરતો કદળીવનમાં આવે છે. કદળીવનમાં આવતાં આવતાં માતાપિતા તરસ્યાં થયાં છે. આંખે આંધળાં અને પગે લંગડાં માતાપિતાને ઝાડની છાયા નીચે ઉતારી સમુદ્રે જળ લેવા જાય છે. શ્રવણ ઘડો લઈને જળ ભરવા સમુદ્ર કિનારે આવે છે. પક્ષીએ ચાંચ પણ બોળી ન હોય એવું નિર્મળ જળ ભરેલું છે. વધુ નિર્મળ જળ લેવા પાણીને ડહોળવા લાગે છે.

સમુદ્રના જળની ચોકી દશરથરાજા કરી રહ્યો છે. દૂરથી દશરથ કાન સરવા કરીને સાંભળે છે. પાણી ડહોળવાનો અવાજ કાને પડે છે. વિચારે છે, ''કોઈ જંગલી જાનવર જળ પીવા આવ્યું લાગે છે. તેણે આ નિર્મળ નીર વટલાવ્યું લાગે છે.'' દશરથરાજા ધનુષ્ય પર તીરનું સંધાન કરે છે અને અવાજની દિશામાં બાણ



છોડે છે. શ્રવણને બાણ વાગે છે અને રામનું નામ લેતાં લેતાં જમીન પર ઢળી પડે છે. દશરથ વિચારે છે, ''બાણ વાગતાંની સાથે મારા પુત્રનું નામ કોણે લીધું?'' કોઈ નજીકનો સ્નેહી-સંબંધી લાગે છે. તે દોડતો સમુદ્ર કિનારે આવે છે. દૂરથી તેને મનુષ્યનાં દર્શન થાય છે અને ધ્રાસકો પડે છે. નજીક આવીને જુએ છે તો શ્રવણકુંવર નજરે પડે છે. તીર તેની આરપાર નીકળી ગયું છે. તે ઊભોઊભો વિચારે છે, ''જેમ જીભથી છૂટેલા બોલ પાછા વળતા નથી તેમ પણછમાંથી છૂટેલું તીર પણ ક્યારેય પાછું વળતું નથી!''

શ્રવણનો જીવ જાય છે અને પાછો આવે છે. તે દશરથને કહે છે, ''તેં તારું કર્મ કર્યું. હવે હું તારી સાથે લોઢાથી કે લાકડાથી લડી શકવાનો નથી. મારાં માતાપિતા આંખે આંધળાં અને પગે લંગડાં છે. ઘરની પત્નીના કડવા બોલે વનમાં આવ્યો અને માતાપિતા પહેલાં હું મોક્ષ પામું છું. જેવા વિધાતાના લેખ! તેઓ આંખે દેખી શકતાં નથી અને પગે ચાલી પણ શકતાં નથી. તેઓ વનમાં ક્યાં જશે! તેઓનો તરસે જીવ જાય છે. તું પાઈ શકે તો પાણી પા. નહીંતર આ તીરથી જ તારું મરણ નક્કી છે!''

શ્રવણના પ્રાણ છૂટે છે અને દશરથ પાણીનો ઘડો ભરીને વૃક્ષની છાયાએ આવવા લાગે છે. પગરવ સંભળાય છે અને શ્રવણનાં માતાપિતા કાનને સરવા કરે છે. તેઓ કહે છે, ''કોઈ જંગલી જાનવર આવે છે કે પછી માણસનો પગરવ સંભળાય છે?'' દશરથ તેમની પાસે આવીને કહે છે, ''માબાપ, જાનવર તો નથી પણ તમારો દીકરો છું! પાણી લઈને આવ્યો છું.'' તેઓ દશરથની બોલાશ ઓળખે છે, અને આવેશમાં આવીને કહે છે, ''તું કોને માતાપિતા કહે છે? કોણ પાપી છે?'' દશરથ વિચારે છે, ''હવે હાથ તો રાશ ઘસાવાથી વઢાઈ ગયા છે! બંને વૃદ્ધ આંખે આંધળાં અને પગે લંગડાં છે. તેઓને સાચી વાત કહેવી જ પડશે.'' દશરથ કહે છે, ''મારી ભૂલ થઈ છે. અવાજની દિશામાં બાણ છોડ્યું અને તમારો દીકરો મુક્તિ પામ્યો છે!'' દશરથના વેણથી શ્રવણનાં માતાપિતા વિલાપ કરવા લાગ્યાં છે. તેઓ દશરથને કહે છે, ''અમને ઝોળીમાં બેસાડી એક ગામથી બીજે ગામ અને એક શહેરથી બીજે શહેર ફરીને યાત્રા કરાવતો હતો. તેં અમને વનની વચ્ચે મૂક્યાં! હવે કોણ અમને ખાવાનું આપશે અને પાણી પાશે?



અમે કયાંયનાંય નહીં રહ્યાં. જા, તારું પણ તે તીરથી જ મૃત્યુ થશે!''

ભગવાનને વારતા રાખવાની હશે. તેઓ ભગવાનનું સ્મરણ કરે છે અને વૈકુંઠપુરીમાં ભગવાનને ખબર પડે છે. આકાશમાર્ગેથી અમરપાલખી આવે છે, અને બંને પાલખીમાં બેસીને આકાશમાર્ગે ઊડી જાય છે.

ઘી અને પાણીનું મૂલ્ય થઈ ગયું. દુઃખી હૃદયે દશરથ શ્રવણના શબ પાસે આવે છે. ચંદનના લાકડાની ચિતા ગોઠવે છે અને શ્રવણને ચિતા ઉપર સુવાડે છે. તે આગ દે છે અને સતયુગની વારતા કળિયુગમાં આગળ ચાલે છે.

દશરથરાજા મારગેમારગે દરિયાકિનારે આવે છે, અને શ્રવણને લાગેલું તીર હાથમાં લે છે. તે વિચારે છે, ''શાપના કારણે આ તીરથી મારું મરણ થશે.'' એકાએક તેના મનમાં બીજો વિચાર ઝબકે છે અને રાડાને ભાગીને લોઢાના તીરને અલગ કરે છે. તે વિચારે છે, ''આ તીર રહેશે તો જ મારું મૃત્યુ થશે ને?'' દરિયાકિનારે આવેલી એક ખરબચડી શિલા પર બેસે છે, અને દરિયાનું પાણી નાખી તીરને ઘસવા લાગે છે. રાજા તીરને ઘસતો જાય છે અને જોતો જાય છે. ઘસી ઘસીને તીરને 'આંગનિયા'(સ્ત્રીના કાનનું પાતળું ચપટું આભૂષણ) જેવું પાતળું બનાવી દે છે. લોઢાની ભૂકીને પાણીની છાલક મારી દરિયામાં નાખે છે.

દશરથરાજા તીરને હરરોજ થોડું થોડું ઘસે છે. ભગવાનને વારતા રાખવી હશે. જેથી ઘસાઈને ચપટું થઈ ગયેલું તીર ઘસતાં ઘસતાં રાજા દશરથના હાથમાંથી છટકી જાય છે અને દરિયાના જળમાં રમવા લાગે છે. એક મોટું માછલું દૂરથી ચળકતું તીર જુએ છે અને દોડતું આવીને ગળી જાય છે.

દશરથરાજા કિનારે બેઠોબેઠો વિચારે છે, ''હવે તો તીરનો પાતળો ટૂકડો કાદવમાં ખૂંપી જશે અને કટાઈ જશે. હું મોતની ઘાતમાંથી મુક્ત થયો છું! શ્રવણ અને તેના માતાપિતાના બોલ અવશ્ય ખોટા પડ્યા!'' મોતના વિચારોમાંથી મુક્ત થયેલો દશરથ આનંદ પામે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો 'મહાજોગ' આવ્યો. માછીમારો નાવ અને જાળ તૈયાર કરે છે. માછલાંને પકડવા જતાં પહેલાં શિકારના દેવ 'આયરા'નું સ્મરણ કરે છે, ''અમને માછલાં મળશે તો એક મોટી શૂળમાં



માછલાં પરોવી શેકીને તને ચડાવીશું.'' આ પછી નાવ લઈને સમુદ્રકિનારે આવે છે. નાવ સમુદ્રમાં તરતી મૂકે છે અને પાણીમાં જાળ નાખે છે. ભગવાનને વારતા રાખવી હશે તેથી બીજાં માછલાંની સાથે તીર ગળી ગયું હતું તે માછલું પણ જાળમાં ફસાય છે. માછલાં ભરેલી જાળ સમુદ્ર કિનારે મોટી શિલા ઉપર ઠાલવે છે. ઘણાં માછલાં જોઈને હરખાતા તેઓ ઘસી ઘસીને સાફ કરે છે અને સૌથી મોટા માછલાને અસ્તરાથી ચીરે છે. પેટ ચીરીને અંદર જુએ છે તો તીરનો ટુકડો નજરે પડે છે. તેઓ વિચારે છે, ''આ તો લોઢું છે અને તેને લઈને લુહારના ઘેર જઈશું. તેનું આપણા કામનું કોઈ સાધન બનાવીશું. આપણા ઉપયોગી કોઈ સાધન નહીં બને તો લુહારને વેચી દઈશું.''

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. માછીમાર લાલુ લુહારના ઘેર જાય છે અને તીરનો ટુકડો બતાવીને કહે છે, ''લાલુ, આનો અસ્તરો બનાવી આપ.'' 'ગજવેલ'નું તીર જોઈને લાલુનું મન બગડે છે, ''આનો અસ્તરો નહીં ઘડી શકાય. આ તો ઘણું ઓછું લોઢું છે. તમારે વેચાતું આપવું હોય તો હું તમને પૂરતા પૈસા આપું.'' માછીમાર એકબીજાની સામે જુએ છે, અને વિચારે છે, ''આપણે ક્યાં આ લોઢાના પૈસા આપ્યા છે? વેચી મારીને પૈસા વહેંચી લઈએ.'' લાલુ નરદમ ગજવેલ પારખીને પચ્ચીસ રૂપિયા આપીને તીર ખરીદે છે.

તીર વેચીને માછીમાર ઘેર આવે છે, અને લાલુ લુહાર કોઢમાં કોલસા નાખી ધમણ ધમાવે છે. તપાવેલા તાજા અંગારામાં તીર નાખીને સાણસીથી તીર કાઢી એરણ પર મૂકી ઘણથી કૂટી કૂટીને નરણીઓ બનાવે છે. નરણીઓ બનાવતાં વિચારે છે, ''પાંચ-પચીસ રૂપિયા તો ગયા પણ આ નરણીઓના બેગણા પૈસા આવશે.''

સતજુગની વારતા છે. હજામ મારગેમારગે લાલુના ઘેર આવે છે. તે લાલુને કહે છે, ''નરણીઓ ઘડેલી હોય તો મને આપ. નહીં તો બીજા લુહારના ઘેર જઉં. કાલે જ ઘડી છે; તૈયાર જ છે. તારે જોઈએ એટલી લઈ જા.'' હજામ પચીસ રૂપિયા આપી નરણી ખરીદે છે.



રામ-લક્ષ્મણ

અયોધ્યાનગરીમાં દશરથરાજાને રામ અને લક્ષ્મણ પુત્રો છે. ઝઘડો કરીને દશરથરાજાએ આપેલું વચન માગી લીધું છે અને બંને ભાઈઓને કકાપદમણી (કૈકેયી)માતાએ બાર વરસનો વનવાસ આપ્યો છે. બંને ભાઈ હાથમાં તીર અને ધનુષ્ય લે છે; અને નગરીના ગાંદરે આવે છે. વનમાં જતાં જતાં તેઓ નગરીને વંદે છે, ''હે અમારી અયોધ્યાનગરી! જીવતા રહીશું તો પાછા આવીશું, નહીંતો નરવડગડ ઝોઆર! કુશળ રહેજો અમારા વાદળમહેલ. કુશળ રહેજો માતા અને અપરમાતાઓ (માસીઓ)! કરમમાં હોય એતો ભોગવવું જ પડે!'' બંને ભાઈ માતાપિતા, અપરમાતા, ભરત, શત્રુઘ્નભાઈ અને નગરજનોને રડતાં મૂકી મારગેમારગે આગળ વધે છે. અયોધ્યાનગરીનાં ગાંદરાં અને સીમ પાછળ મૂકે છે, અને વનની વાટે આવે છે. બંને ભાઈ વનખંડ મૂકીને કદળીવનમાં આવે છે.

દિવસ અસ્તાચળે જાય છે; સૂડા સૂવા માટે માળે જાય છે; કદળીવનમાં રાત પડે છે. મધ્યરાત્રિ થઈ છે. ડાકણ-સાકણની વેળા થઈ છે અને ભૂત કાકડે રમે છે. વનને વાડ કોણ કરે? બંને ભાઈઓને સૂતે ઊંઘ આવતી નથી. તેઓ વિચારે છે, ''રોજ તો માતાના ખોળામાં આળોટતા હતા અને દિવસમાં ત્રણ વખત ખાતા હતા. આજે તો એક વખત પણ ખાવા મળ્યું નથી.'' પણ ઉનાળામાં ભેંશ ભાદરવાને યાદ કરે તો ક્યાંથી આવવાનો છે! બંને ભાઈઓને સૂતે નિદ્રા આવતી નથી. બેઠે ચેન (ઝપ) પડતું નથી. ચાલવાથી લહાવો પૂરો થતો નથી. બંને ભાઈ ખુલ્લી આંખે 'અઝ્ઝર વઝ્ઝર' રાત કાઢે છે. ઝાડે વનનાં પક્ષી બોલવા લાગ્યાં છે અને પૃથ્વીનો સ્વામી સૂર્ય બહાર આવી રહ્યો છે. બંને ભાઈ ફરીને ઊભા થાય છે. તેઓ એક વનને છોડી બીજા વનમાં જાય છે. સાબર અને સૂવર જોતાજોતા એક ડુંગર ચડે છે અને બીજા ડુંગરે ઊતરે છે. રામ અને લક્ષ્મણ એક માસ વનખંડમાં ચાલવા અને ફરવામાં પસાર કરે છે. વનમાં સૂએ છે અને વનફળ ખાય છે. વનમાં બંને ભાઈ સાબર અને સૂવરની પાછળ પડે છે, અને ઘેરી ઘેરીને મારે છે. આમ ને આમ ચાર વરસ પસાર થાય છે.

ભગવાનને વારતા રાખવી હશે તેથી તો બંને ભાઈ મારગેમારગે



જનકરાજાના દેશમાં આવે છે. રામ અને લક્ષ્મણ ફરતાફરતા જનકરાજાના ખેતરમાં આવે છે. ભરબપોર થયા છે. થાક લાગ્યો છે અને બંને ભાઈ શેઢા ઉપરના વૃક્ષાની છાયામાં બેસે છે. વૃક્ષાની શીતળ (હીળી) છાયા છે. પવનની ઝીણીઝીણી લહેરો આવે છે. ઘણે દૂરથી આવ્યા હોવાને કારણે થાક્યાપાક્યા ઊંઘી જાય છે. દિવસ નમે છે અને નિદ્રા તૂટે છે. રામ અને લક્ષ્મણ ઝટપટ ઊભા થાય છે. તીર અને ધનુષ્ય ભૂલીને ચાલવા લાગે છે.

સતજુગની વારતા છે. જનકરાજાને દીકરી તો છે પણ દીકરો નથી. રાજાને જમીન-જાયગનો પાર નથી. તે સોળ-પચ્ચીસ ખેડુ રાખે છે. રાત પડે છે અને સવારના કામ માટે રાજા ખેડુઓને આદેશ આપતાં કહે છે, ''વહેલી સવારે ઊભા થજો. બળદોએ ઘાસ પૂળો કરજો અને કાલે આખું ખેતર ખેડીને પાછા આવજો.''

ખેડુ વહેલી સવારે ઊઠે છે. બળદોને ઘાસપૂળો કરે છે. સોહામણો સૂરજ ઊગે છે. ખેડુ બળદોને તાણી તાણીને બહાર કાઢે છે. કાંધમાં ધૂંસરી મૂકે છે. ધૂંસરીએ હળ ચડાવે છે. હાથમાં 'પરોણા' (લાકડી) લે છે. દરેક ખેડુ પાણી પીવા હાથમાં ઠંડા પાણીનો માટીનો ઘડો લે છે. બાર ખેડુ બાર જોડી બળદો લાંબા મારગે હાંકે છે. ખેડુ મારગેમારગે ખેતરમાં આવે છે. હળ ઉતારીને નડાવે (જોડે) છે. ખેતરમાં આડા અને અવળા ચાસ ખેંચે છે. ખેતરમાં ધૂળ ઊડે છે અને ચાસેચાસે ખેતર ખેડાય છે. જગતમાં વારતા રહેવાની હશે.

ખેડુ ખેતર ખેડતાખેડતા રામ લક્ષ્મણનું ધનુષ્ય પડ્યું છે ત્યાં આવવા લાગ્યા છે. સૌથી આગળ જે ખેડુ ખેડે છે તેને આ ધનુષ્ય નડવા લાગે છે. હળ ઊભું રાખીને ધનુષ્યને ઊંચકીને શેઢા ઉપર મૂકવા જાય છે. બે હાથે ધનુષ્ય ઊંચકવાનો પ્રયત્ન કરે છે. ધનુષ્ય સહેજ પણ હલતું (હેંહરતું)નથી. હવે તે બે હાથે ખસેડવાનો પ્રયત્ન કરે છે. ધનુષ્ય જરાપણ ઊંચું થતું નથી અને સહેજ પણ હલતું નથી. થાકી ગયેલો ખેડુ બીજા ખેડુને સાદ પાડે છે. તે આવે છે અને બંને સાથે મળીને પ્રયત્ન કરે છે. પણ ધનુષ્ય હલવાનું નામ લેતું નથી. બીજા બધા બળદોને ઊભા રાખીને આ બે ખેડુઓનો ધનુષ્ય ખસેડવાનો ખેલ જોયા



કરે છે. બંને થાકે છે ત્યારે બધા હસતા હસતા ધનુષ્ય પાસે જાય છે. હવે બાર ખેડુ એક સાથે ધનુષ્યને ખસેડવાનો પ્રયત્ન કરે છે પણ તે સહેજ પણ 'હેંહરતું' (હાલતું)નથી. બધા પ્રાયત્ન કરી કરીને પરસેવે રેબઝેબ થઈ ગયા છે. થાકીને એક ખેડુ કહે છે, ''અલ્યા, બાર જોડી બળદ લાવો અને બાર રાશો.'' રાશો ધનુષ્યને બાંધીને બાર જોડી બળદો જોડવામાં આવે છે. બળદોને 'પરોણા'ની 'આળ'થી બધા ખેડુ એક સાથે હાંકે છે. ધનુષ્ય તો સહેજ પણ હલતું નથી, પણ બધી રાશો તૂટી જાય છે. ખેડુઓ માટે આતો નવાઈ જેવી વાત થઈ. તેઓ રાશો વિના હળને કઈ રીતે હાંકે? બળદોની ધૂંસરીઓ નીચે મૂકે છે અને બળદોને છૂટા કરીને ખેતરમાં ઘાસ ચારે છે. બપોર થયા છે. ભૂખ લાગી છે અને ખેડુ લાંબી નજરે નગર ભણી જુએ છે કે, કોઈ ભાત લઈને આવે છે?

વાદળમહેલમાં સીતા માતાને કહે છે, ''હે માતા, દિવસ સવાપહોર ચડ્યો છે. બાર ખેડુ ખેતર ખેડવા ગયા છે. તેઓ ભૂખે મરતા હશે. લાવ, આજે તો હું ભાત આપવા ખેતરે જાઉં. ભાત આપીને હમણાં જ પાછી આવું છું.'' માતા સીતાને કહે છે, ''દીકરી, આપણે તો મોટા લોક! લાજનો ઢગલો! આપણે ભાત આપવા જઈએ તો નગરીનાં લોકો નિંદા કરે. તારે જવાની જરૂર નથી. ભાત માટે ઘણા નોકર-ચાકર છે.'' સીતા કહે છે, ''માતા, હવે હું નાની નથી. ભાત આપવા જાઉં એવડી મોટી થઈ છું. તું ચિંતા કરીશ નહીં. હું હમણાં જ ભાત આપીને પાછી આવું છું. મને ભાત આપવા જવાની અભિલાષા જાગી છે!''

ભગવાનને વારતા રાખવી છે. સીતા એક વાટકીમાં રોટલો મસળીને તેમાં ગોળ અને ઘી ભેગાં કરીને ચૂતાં ચૂરમાં કરે છે. પાશેરી (૧૦૦ ગ્રામ ઘી સમાઈ શકે એવડું માટીનું નાની કુલડી જેવું પાત્ર)માં ઘી લે છે. ખેડુઓ ખાઈ રહે પછી પાણી પીવા માટે એક નાની લોટીમાં પાણી લે છે. સીતા 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે અને વગડાના મારગેમારગે ખેતરમાં આવવા લાગે છે. ઊંચે ચાલે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે તો પાતાળમાં પ્રવેશે છે. વનવગડામાં આખી પૃથ્વીનું રૂપ ચાલ્યું આવે છે. કુંવરીનું પેટ તો પાતાળના નાગ જેવું છે. માથું પાણીવાળા નાળિયેર જેવું છે. મુખ પૂનમનો ચંદ્ર, નયન ખાંડાની ધાર, કંકુ રંગના હોઠ, નાક દીવાની શગ અને આંખે ભમરા 'લૂમ્બ્યા' છે. વાંસો આબુની 'ભાજ'



(બે પર્વતો મળે અને ઊભી ખીણ જેવો ભાગ બને તેને ભાજ કહે છે.) હાથ વડની વડવાઈઓ જેવા અને પગ દેવળના સ્તંભ જેવા છે. કુંવરી ચાલે છે અને તેંમરી (ચાલવાની ઝડપથી થતો અવાજ) વાગે છે. સીતા તો માથે ભાત મૂકી એક હાથમાં પાણીની લોટી પકડી અને બીજા હાથે રૂમાલ ઘુમાવી રમતી અને કૂદતી ઊભા વગડે આવી રહી છે. મારગમાં આછાંઆછાં ઝાડ અને ઝરણાં આવે છે. વનનાં સોહામણાં(હોયમણાં) પક્ષી બોલે છે. મોર ટહુકે છે. સીતા વિચારે છે, ''ઘરમાં જ બેસી રહેવાથી કંઈ જોવા નહીં મળે. આજે ભાત લઈને આવી તો આ સોહામણું વન જોવા મળ્યું.''

સીતા મારગે મારગે ખેતર તરફ આવે છે. ખેડુ લાંબી નજરે જુએ છે તો રાજાની કુંવરી આવતી દેખાય છે. નવાઈ પામેલા તેઓ અંદરોઅંદર વાતો કરતા કહે છે, ''ઓહો! આજ તો રાજાની કુંવરી ખેતરમાં આવે છે ને! આજે વાદળમહેલમાંથી કઈ રીતે ફૂલકુંવરી બહાર આવી હશે? વળી એક લોટીમાં તો પાણી છે અને પાશેરીમાં થોડુંક ઘી છે. માથે નાનું સરખું ભાતનું બચકું છે. આતો રમતી અને ખેલતી આવી રહી છે.''

સીતા ખેડુ પાસે આવે છે. માથા ઉપરનું ભાત નીચે મૂકે છે. ખેડુઓને કહે છે, ''તમને ભૂખ નથી લાગી? ખાખરે (કેસૂડાંનાં વૃક્ષ) જાઓ અને પાન તોડીને મોટાંમોટાં પતરાળાં બનાવો. આજે તો 'ચૂતાં ચૂરમાં' બનાવીને લાવી છું.'' સીતાનું ભાત જોઈને રીસે ભરાયેલા ખેડુ ઊભા થાય છે, અને જતાં જતાં વાતો કરતા કહે છે, ''આપણામાંથી એક જણ પણ ધરાઈને ખાય એટલું તો લાવી નથી અને ચૂતાં ચૂરમાંની વાત કરે છે! હવે જુઓ તો ખરા! કેમ કરીને બધાને જમાડે છે!'' રીસે ભરાયેલા ખેડુ ખાખરાના ઝાડ પાસે આવીને ખાખરાનાં પાન લઈને મોટાં મોટાં પતરાળાં બનાવે છે, અને બધા ખેડુ સીતા પાસે આવીને એક પંક્તિમાં જમવા બેસી જાય છે.

સીતા વાટકીમાં ચૂરમું લે છે અને ખોબો ભરી ભરીને ચૂરમું વહેંચવા લાગે છે. ખેડુઓનાં મોટાંમોટાં પતરાળાં ભરાઈને ઢોળાવા લાગે છે. પાશેરીમાંનું ઘી નીરે છે અને ચૂરમાં ઘીથી તરબોળ બની જાય છે. ખેડુઓને ચૂરમું પીરસતાં પીરસતાં પાસે પડેલા ધનુષ્યનો એક છેડો સીતાની ચૂંદડીના પાલવે ભરાઈ જાય



છે. તે જેમજેમ ખેડુઓને પીરસતી આગળ વધે છે તેમતેમ ધનુષ્ય તેની પાછળ ઢસડાય છે. ખેડુ ખાતા ખાતા વાતો કરે છે, ‘‘આપણે તો ખાતાં ખાતાં થાકી ગયા પણ વાટકીમાંથી ચૂરમું ખૂટતું નથી, અને પાશેરીમાંથી ઘી પણ ખૂટતું નથી.’’ ખેડુ ચૂરમું ખાઈને ધરાઈ ગયા છે. સીતા લોટીના પાણીથી બધાને હાથ ધોવડાવીને પાણી પાય છે છતાં લોટીમાંથી પાણી ખૂટતું નથી. સીતા બધાને ખવડાવી-પીવડાવીને ઘર તરફ ચાલવા લાગે છે અને ચૂંદડીના છેડે ભરાઈ ગયેલું ધનુષ્ય પણ તેની પાછળ પાછળ ઢસડાતું જવા લાગે છે. ખેડુ ઘર તરફ જતી સીતાને જોઈ રહે છે, અને અંદરઅંદર વાતો કરે છે, ‘‘અલ્યા, આપણે બાર ખેડુ થાકયા; બાર બળદો જોર કરી કરીને થાકયા; બાર રાશો તૂટી ગઈ પણ ધનુષ્ય સહેજ પણ હલ્યું નહીં! આતો રાજાની કુંવરી છે કે પછી ડાકણ કે જોગણ છે? ધનુષ્ય તો ચૂંદડીના પાલવે ભરાઈને નગર તરફ જવા લાગ્યું ને! રાજા આવી દીકરી ક્યાંથી લાવ્યો છે? આ તો બધું ઉજ્જોર કરવા આવી લાગે છે!’’

સીતા ખેડુઓનું ભાત આપીને નગરી નજીક આવે છે. તે શેરીએ થઈને માણેકચોકમાં આવે છે, અને પાલવના છેડાથી કાઢીને ધનુષ્યને માણેકચોકમાં મૂકે છે. સીતા ‘ધરમર ધરમર’ વાદળમહેલ ચડે છે.

હજામ અને દશરથરાજા

હજામ પોતાના ઘેર આવે છે. જગતમાં વાત રહેવાની હશે. હજામ અસ્તરો, કાતર અને નરણી લે છે. મારગેમારગે દશરથરાજાના વાદળમહેલમાં આવે છે. હજામને જોઈને રાજા કહે છે, ‘‘તું નહીં આવ્યો હોત તો હું આવવાનો હતો. દાઢી વધી ગઈ છે.’’ ‘‘સ્વામી(ધણી), વિલંબ કરવાથી મોડું થાય છે. તમે મારી સામે બેસો.’’ દાઢીના વાળ મોટા થયા છે. હજામ દાઢી કરે છે. દાઢી કરતાંકરતાં તેની નજર રાજાના નખ પર પડે છે. નખ ઘણા વધી ગયા છે. દાઢી કરીને તે કોથળીમાંથી નરણી બહાર કાઢે છે. હજામ કહે છે, ‘‘સ્વામી, જેવી ખરીદી તેવી નવી જ નરણી લઈને આવ્યો છું. નખ કાપતાં ખબર પણ ન પડે એવી છે.’’ નવી નરણીથી રાજાના નખ કાપવા લાગ્યો છે. ભગવાનને વારતા રાખવી હશે. નખ કાપતાં રાજાના જમણા હાથની આંગળી કપાય છે. લોહીની ધારા વહેલા લાગી છે.



લોહી બંધ થતું નથી. હજામના માથા પર માર પડવા લાગ્યો છે પણ આખરે તો લખેલા વિધાતાના લેખ આગળ આવ્યા.

રાજાના હાથે પાટો બાંધવામાં આવ્યો છે. રાજાને ચાલતાં-ફરતાં ચેન પડતું નથી. સૂતાંબેસતાં ઊંઘ આવતી નથી. ખાવાપીવાનું હરામ થઈ ગયું છે. દશરથરાજા રાણીઓને કહે છે, ''રાણીઓ, આજુબાજુ ઊભી રહી ચામરથી પવન ઢોળો. મારી વેદના હળવી થાય.'' રાજા પાણીમાં હાથ નાખે છે છતાં આંગળીએ ઠંડક વળતી નથી. રાજા કૈકેયી(કકાપદમણી)ને કહે છે, ''હવે તો મને ચેન પડતું નથી. મારી આ આંગળી તારા મોઢામાં રાખ.'' સુમિત્રા અને કૌશલ્યા રાજાને ચામર ઢોળે છે અને કૈકેયી (કકાપદમણી) રાજાની આંગળી મોઢામાં નાખે છે.

દિવસો ગણતાં માસ જાય છે. રાજાનો જીવ જાય છે અને આવે છે. કૈકેયી સુમિત્રા-કૌશલ્યાને કહે છે, ''આપણે એક પતિની ત્રણ પત્નીઓ, આપણા ત્રણનો આ સ્વામી છે. તો પછી હું એકલી જ કેમ મરું? મારે જંગલ ફરવા(હગવા) જવું છે. કૌશલ્યા ઘડી એક રાજાની આંગળી તારા મોઢામાં રાખ.'' પોતાના મુખમાં રહેલી દશરથની આંગળી કૌશલ્યાના મુખમાં મૂકી કૈકેયી ઝાડે ફરવા જાય છે.

નબળા વૃક્ષ પર જ પહેલો ઘા થાય. કૈકેયી રાણી જંગલ જાય છે અને દશરથરાજા મુક્તિ પામે છે. બંને રાણીઓ રાજા ઉપર પડીને વિલાપ કરે છે. કૈકેયી આવે છે અને જુએ છે તો રાજાના પ્રાણ ચાલ્યા ગયા છે. ત્રણે શૉક વચ્ચે ઝઘડો જામે છે. કૈકેયી કહે છે, ''મેં ઘણા દિવસ અને ઘણા માસ મુખમાં આંગળી રાખીને રાજાની સેવા કરી. મારી પાસે તો રાજા મર્યો નહીં, અને હું થોડાક સમય માટે બહાર ગઈ એટલામાં તો રાજા કેમ મૃત્યુ પામ્યો? તમે જ રાજાને ખાઈ ગઈ છો!''

શ્રવણના માતાપિતાના શાપને કારણે રાજા દશરથ મૃત્યુ પામ્યો. વિધાતાના લેખ પૂરા થયા અને ત્રણ રાણીઓને વિધવા બનાવી દશરથરાજા મોક્ષ પામ્યો.

દશરથને ચાર પુત્રો છે; રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન. મનુષ્યના દેખતાં કર્મ કુહાડો મારતું નથી. રાજા દશરથનું કરમ સામે આવ્યું.



રામ-સીતાનાં લગ્ન

સીતાને ઝાડે ઝાડે 'જોવન' જાય છે. તે સ્નાન કરતી (રજસ્વલા) થઈ છે અને ભરજુવાનીમાં આવી છે. માણેકચોક વાળે છે અને ધનુષ્ય ચૂંદડીના છેડે ભરાય છે. રાજા અને રાણી આ દૃશ્ય જુએ છે અને રાજમહેલમાં બેઠાંબેઠાં વાતો કરે છે, ''બાર ખેડુ ખેતરેથી આવીને કહેતા હતા કે બાર જોડી બળદ જોર કરી કરીને થાક્યા છતાં તસુ જેટલું ખસ્યું નહીં તે ખેતર વચ્ચે પડેલું ધનુષ્ય સીતાની ચૂંદડીના છેડે ભરાઈ છેક રાજમહેલના માણેકચોક સુધી ઢસડાઈને આવ્યું ત્યારે જ તેને ખબર પડી. હવે આવી જોરાવર આપણી કન્યા માટે વર ક્યાંથી શોધવો?'' રાણી કહે છે, ''દીકરી ભરજુવાનીમાં આવી છે. હવે તેને વર જોઈએ જ. નહીં તો આપણને કુંવારીનું કલંક(પાપ) લાગે.''

રાજા હાથમાં ખડિયો અને કલમ લે છે. દેશ-પરદેશના રાજાઓને સ્વયંવરનું આમંત્રણ આપવા માટે કોરા કાગળ લે છે. કાગળમાં પહેલા લખે છે, 'લાડમિયા ઝોઆર'. પાછળ કન્યાના સૌંદર્યનું વર્ણન કરીને સીતાના સ્વયંવરનું આમંત્રણ આપે છે. દેશ અને પરદેશમાં સીતાના સ્વયંવરના આમંત્રણના કાગળ પહોંચે છે. જે રાજાને આ પત્ર મળે છે તે રાજા કન્યાના રૂપનું વર્ણન વાંચીને આનંદથી છાતી કૂટે છે અને સ્વયંવરમાં જવાની તૈયારી કરે છે.

આ સતજુગની વારતા કહેવાય છે, અને ભરી સભા સાંભળે છે. એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો 'મહાજોગ' આવ્યો. રામ લક્ષ્મણને કહે છે, ''આપણે વનમાં ચાલીએ છીએ, ફરીએ છીએ, પણ આપણે સૂવર અને સાબર કઈ રીતે મારીએ? ધનુષ્ય તો પેલા વનખંડમાં (જયાં સૂતા હતા ત્યાં જ) ભૂલીને આવ્યા છીએ. ચાલ, આપણે લઈ આવીએ.'' બંને ભાઈ મારગે મારગે આવે છે. નગરની નજીક આવતાં વાજાં વાગવાનો સ્વર કાને પડે છે. લક્ષ્મણ રામને કહે છે, ''આ નગરમાં કોઈ સારા પ્રસંગનાં વાજાં વાગી રહ્યાં છે. માતાએ વનમાં મૂકયા તે દિવસથી આપણે મનખાઅવતારનું મુખ જોયું નથી. આજે તો આપણે આ પ્રસંગને જોતા જઈએ.'' રામ કહે છે, ''ભાઈ, નસીબે એકલા મૂકયા તો હવે આપણે એકલા જ રહેવું છે. હવે સારા પ્રસંગ શું



જોવા હતા?'' લક્ષ્મણ કહે છે, ''આ તો લગ્નનાં વાજાં વાગી રહ્યાં છે. આપણે આમ ને આમ બહાર વનખંડમાં કેટલા દિવસ ભટક્યા કરીશું? ચાલ, ભાઈ, આપણે નગરીના એકાદ ખૂણે એકાન્તમાં બેસીને જોઈશું.''

દેશ પરદેશથી હાથીઓની અંબાડીઓ ઉપર બેસીને રાજા, જનકરાજાની નગરી તરફ સીતાના સ્વયંવરમાં ભાગ લેવા માટે આવી રહ્યા છે. 'ધૂધળી' રેતી ઊડે છે અને કેટલાક રાજા ઘોડેસવાર થઈને આવી રહ્યા છે. જનકરાજાએ નગરની ચારે બાજુએ ચોકિયાતો મૂક્યા છે અને તેમને ખાસ આદેશ આપ્યો છે કે, ''આપણા નગરની વાટે જતું કોઈ પણ માણસ ભૂખ્યું જવું જોઈએ નહીં. વટેમાર્ગુ પણ આપણા શુભ પ્રસંગમાં ભાગ લે.'' મારગે જતા રામ અને લક્ષ્મણ ઉપર ચોકિયાતોની નજર પડે છે અને તેમને નગર તરફ વળવાનો રસ્તો બતાવતા કહે છે, ''આજે તો જનકરાજાની દીકરીનો સ્વયંવર છે. મહેલમાં મોટો મહોત્સવ છે. આ નગરની વાટેથી આવતાજતા દરેક વટેમાર્ગુને રાજમહેલમાં જમવાનું આમંત્રણ છે. માટે તમે પણ ચાલો.'' રામ લક્ષ્મણને કહે છે, ''હું તને ના કહેતો હતો પણ તું માનતો નહોતો. હવે શું થાય છે તે તું જોઈ લે!'' સિપાહીઓ બંનેને રાજમહેલ પાસે લાવે છે.

જનકરાજાની કચેરીમાં રાજસભા ભરાઈ છે. રાજા, રાજામાં રાજા છે! હાથી, હાથીઓમાં હાથી છે! ઘોડાઓનો પાર નથી. બેસવાની જગા નથી. દેશ-પરદેશથી મોટામોટા અને ભારેભારે રાજા આવ્યા છે. રામ કહે છે, ''ચાલ, આપણે આ બધાથી દૂર જઈને બેસીએ.'' બંને ભાઈ ઉકરડા ઉપર જઈને બેસે છે.

જનકરાજા સરદારોને કહે છે, ''સરદારો, મારી વાત સાંભળો. તમે ગણેશને શણગારો. આપણે કુંવરીને યોગ્ય વર શોધવો છે. હાથી તો ગણપતિ છે. તે ફૂલોની માળા જેના ગળામાં નાખે તેને આપણી કુંવરી વરે.'' રાજાનો આદેશ થતાં સરદારો હાથીને સોનારૂપાનાં આભૂષણોથી શણગારે છે. હાથી સોનારૂપાના અલંકારોથી ઊજળો લાગે છે, અને તેના શરીર ઉપરનાં આભૂષણોમાંથી તેજલિસોટા (જળુકા) ઊઠે છે. તેઓ હવે ગણેશની સૂંઢમાં ફૂલોની માળા આપે છે. હાથી દેશ-પરદેશથી સ્વયંવરમાં ભાગ લેવા માટે આવેલા રાજાઓની



સામસામી હાર વચ્ચેથી પસાર થાય છે. દસ માથાં ને વીસ હાથવાળા રાવણરાજા પાસે હાથી વરમાળા લઈને આવે છે ત્યારે પોતાનું માથું હાથી સામે આગળ ધરે છે. હાથી તો તે તરફ લમણો પણ વાળ્યા વિના આગળ જ ચાલ્યો જાય છે. હારમાં બેઠેલા છેલ્લા રાજા પાસે આવીને હાથી લાંબી નજરે જુએ છે તો દૂર ઉકરડા ઉપર બે ઋષિ બાળકો બેઠેલા દૃષ્ટિમાં આવે છે. હાથી ઝડપથી આવીને સૌથી મોટા બાળક રામના ગળામાં વરમાળા પહેરાવે છે. બધા રાજા આસન ઉપરથી ઊભા થઈ જાય છે, અને જનકરાજાને કહે છે, ''આ હાથી તો ગાંડો થયો લાગે છે. સીતા જેવી સુલક્ષણા નારી ઋષિ બાળકને ન દેવાય.'' હવે જનકરાજા સૈનિકોને હાથણીને શણગારવાનો આદેશ આપે છે. સૈનિકો હાથણીને સોના અને રૂપાનાં આભૂષણોથી શણગારે છે, અને તેની સૂંઢમાં ફૂલોની માળા આપીને રાજસભામાં લાવે છે. હાથણી રાજાની બે હાર વચ્ચેથી પસાર થાય છે. ઘણા બધા રાજા પોતાનું માથું તેની સામે ધરે છે પણ હાથણી તેમની તરફ જોતી નથી. હવે તે રાજાની પંક્તિના છેડે આવીને દૂર નજર નાખે છે તો ઉકરડા ઉપર રામ અને લક્ષ્મણ દૃષ્ટિમાં આવે છે. તે ઝડપથી ચાલીને રામ પાસે આવે છે, અને રામના ગળામાં વરમાળા પહેરાવે છે. બધા રાજા આસન ઉપરથી ઊભા થઈ જાય છે, અને ફરીથી હાથણીનો વિરોધ કરતાં કહે છે, ''આ હાથણી પણ ગાંડી થઈ લાગે છે. આ પણ બાવાના બાળકને વરમાળા પહેરાવીને આવી!'' જનકરાજા વિચારે છે, ''મારી દીકરી જેના ભાગ્યમાં લખેલી હશે તેને જ મળશે.'' તે બધા રાજાને શાન્ત કરતાં કહે છે, ''રાજા, શાન્ત થાઓ. દીકરી મારી છે પણ તે જેના ભાગ્યમાં હશે તેને જ મળશે.'' જનકરાજા તેઓને માણેકચોકમાં પડેલું ધનુષ્ય બતાવતાં કહે છે, ''જેને ખેંચવામાં બાર જોડી બળદ થાકી પડ્યા અને બાર રાશો તૂટી ગઈ તે ધનુષ્ય સીતાની ચૂંદડીના છેડે ભરાઈને ખેતરમાંથી ઢસડાતું ઢસડાતું અહીં માણેકચોક સુધી આવ્યું ત્યારે જ તેને ખબર પડી! જે રાજા આ ધનુષ્ય ઊંચકે તેને મારી દીકરી પરણાવું.''

રાવણ જેવો રાજા આવેશમાં આવીને પોતાની છાતીમાં મુક્કા મારે છે, અને વિચારે છે. ''જનકરાજાએ તેમાં શી મોટી વાત કરી?'' એક પછી એક રાજા માણેકચોકમાં આવે છે. દરેક રાજા એક હાથે ધનુષ્ય ઉપાડવાનો પ્રયત્ન કરે છે.



એક હાથે ધનુષ્ય ઊંચકાતું નથી ત્યારે બે હાથે ધનુષ્ય ઊંચકવા માટે જોર અજમાવે છે. ધનુષ્ય જરાપણ ઊંચું થતું નથી. અંતે થાકીહારીને પોતાના આસને આવીને બેસી જાય છે.આમ એક પછી એક રાજા થાકવા લાગ્યા છે. છેવટે દસ માથાં અને વીસ હાથવાળો રાવણરાજા ઊભો થાય છે અને ધીમેધીમે ચાલીને ધનુષ્ય પાસે આવે છે. પોતાના વીસ હાથથી ધનુષ્ય પકડે છે અને એક જ ઝટકે તેને ઊંચકવાનો પ્રયત્ન કરે છે. ધનુષ્ય થોડુંક ઊંચું થાય છે અને બધી આંગળીઓ તેની નીચે આવી જાય છે. આંગળીઓ કચડાઈને ગરોળી જેવી થઈ જાય છે. તે જેમતેમ ધનુષ્ય નીચેથી આંગળીઓ ખેંચી કાઢે છે અને દબાયેલી આંગળીઓને ફૂંકતો ફૂંકતો પડેલા મુખે (મોટા મુટે) આવીને પોતાના આસને બેસી જાય છે. સભામાં બેસેલા રાજા રામને ઉદ્દેશીને કટાક્ષમાં હસતા હસતા કહે છે, ''હાથી અને હાથણીએ જેના ગળામાં માળા પહેરાવી છે તેને તો બોલાવો!'' જનકરાજાનો આદેશ થતાં સૈનિકો રામ અને લક્ષ્મણને સભામાં બોલાવે છે. રામ ધીમેધીમે ચાલીને પોતાના જ ધનુષ્ય (હથિયાર) પાસે આવે છે. બધી સભા જોઈ રહી છે અને રામ ધનુષ્યને ટચલી આંગળીએ ઊંચું કરીને એક હાથથી પકડે છે. તે પગની મદદથી ધનુષ્યને પણછ ચડાવે છે અને એક હાથે તીર ચઢાવે છે. રામ આકાશ સામે તીરનું નિશાન લે છે. આભ ભયથી ચીસ પાડી ઊડે છે, '' મારામાં કાણું પાડીશ તો (જગતનું) સારું નહીં થાય.'' હવે રામ ધરતીમાતા સામે તીરનું નિશાન લે છે. ધરતી ભયથી ચીસ પાડી ઊડે છે, અને કહે છે, ''હે રામ, મારું પેટ ફાડીશ નહીં!'' રામનું પરાક્રમ જોઈને આખી સભા આશ્ચર્યથી ચકિત થઈ જાય છે અને આનંદના આવેશમાં તાળીઓ પાડે છે. રાવણરાજા મૂછો મરડે છે, અને વિચારે છે, ''અત્યારે તો જગતમાં વઢાઈ ગયો છું (નાક કપાયું છે). પણ ભવિષ્યમાં આ સ્ત્રી દ્વારા મારા ચૂલામાં આગ બળાવું તો જ મારું નામ રાવણ!'' સ્વયંવર પૂરો થાય છે અને દેશ-પરદેશથી આવેલા રાજા રાજસભાનાં આસનો છોડી દે છે, અને આવ્યા હતા તે મારગે પાછા જવા લાગે છે.

જનકરાજા રામને કહે છે, ''હે જમાઈ, કુંવરીના નસીબમાં જે લખ્યો હતો તે મળ્યો! તું મારે ફૂલ ભારોભાર! હવે તારા નગરમાં જા. આવતા માસની સુદ એકમે પીઠીએ બેસજે. પૂનમે તમારાં લગન લેવાશે. પણ તને બુધવાર કે શનિવારે



દીકરી નહીં દઉં. તું રવિવારે કે સોમવારે વહેલો વહેલો જાન લઈને આવજે.'' જનકરાજાનાં વચન સાંભળી રામજી ધીમે રહીને કહે છે, ''સગા, તમે મારી વાત સાંભળો. હું તો વનનો રાજા છું અને વનખંડ જ મારું નગર છે!''

રામ અને લક્ષ્મણ મારગેમારગે વનખંડમાં આવે છે. રામ લક્ષ્મણને કહે છે, ''આપણું તો કોઈ ઘર કે બાર નથી અને આપણું કોઈ ઠામ કે ઠેકાણું નથી. હવે આપણે કોને લગ્નકંકોત્રી લખીએ? અને કોને જાનમાં લઈ જઈએ?''બંને ભાઈઓ વાતો કરતા કરતા વૃક્ષાની છાયામાં આવે છે અને વિચાર કરીને સૌથી પહેલાં વૈંકુઠપુરીમાં કંકોત્રી લખવાનો આરંભ કરતાં કહે છે, ''હે ભગવાન, તેં વનવાસ આપ્યો અને વનમાં પત્ની પણ તેં જ આપી! હવે મને પરણાવવા માટે પણ તું જ આવજે.'' બીજી કંકોત્રી આંબાવાડીમાં દૂધિયે દેવળે નવલાખ દેવીઓને લખે છે કે, ''હીરું, રાંપું, ખાંડી, ખાપરી, ટૂટી, ટાવરી, કુંવારકા, અબાવ-નવલાખ બહેનો કંકોત્રી મળતાંની સાથે જ વનખંડમાં વહેલી આવજો. વનખંડમાં વિવાહ રચાવવાનો છે; વનમાં હું એકલો છું; બધાં પરણાવીને પાછાં જજો.'' ઘુવડ દાણવને માદળ અને બીજાં વાજિંત્રો લઈને આવવા માટે કંકોત્રી લખવામાં આવે છે કે, ''હું વનખંડનો રાજા છું અને મારા લગ્નમાં વાજિંત્રોની ખોટ પડવી જોઈએ નહીં.''

કંકોત્રી મળતાંની સાથે જ આંબાવાડીમાં નવલાખ દેવીઓ 'સોળૈયો' શણગાર સજવા લાગી છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો અને 'નારી ગુઝણનું ફેટિયું' પહેરે છે. છાતીએ કાંચળી પહેરે છે, ગળે હાંસડી અને નાકે નથણી ઘાલે છે. આંખે કાજળ ઘાલે છે અને આછો સાળુ ઓઢે છે. નવલાખ દેવીઓ સાળૈયો શણગાર સજીને વનખંડની વાટે આવવા લાગી છે. પૂર્વ દેશના પવન વાય છે અને દેવીઓ યૌવનના ભારથી ભાગીને ટુકડા થાય છે. ઊંચે ચાલે છે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે છે તો પાતાળમાં પ્રવેશે છે. તેઓના રૂપને જોઈને સૂર્ય ઝાંખો થાય છે. રામને પરણાવવા વૈકુંઠમાંથી ભગવાન આવે છે, તો પાતાળમાંથી વાસુકિ(વાસંગ)નાગ જાનમાં જવા આવે છે. કંકોત્રી મળતાં જ ઘુવડ દાણવ આવે છે અને નવસો નગારાં સાથે લાવે છે. જાનમાં જવા શણગાર સજીને આવેલા દેવોને મળવા રામ અને લક્ષ્મણ સામે જાય છે અને પ્રદક્ષિણા કરીને



બધાંને પાયે લાગે છે. વનમાં કોઈ ઘર નથી કે બાર નથી. વૃક્ષો નીચે બધા મહેમાનો માટે ડેરા તાણ્યા છે.

સીતા અને સખીઓ મરવાનાં ઉઢાણાં માથે મૂકી તાંબાનાં બેડાં ઉપર મૂકે છે. 'ઘરમર ઘરમર' વાદળમહેલ ઊતરે છે. યુવતીઓના આગળના પાલવ વાત કરે છે, અને પગની પાની હોંકારા ભણે છે. તેઓ નદીએ આવીને પાણી ભરે છે. ઝટઝટ તાંબાનાં બેડાં માથે મૂકીને મારગેમારગે આવે છે. સખીઓ સીતા સાથે વાતો કરે છે. એક સખી કહે છે, ''બાઈ, તે દિવસે ભરી સભામાં તારો વર જોયો. બાઈ, તને તો કંઈ વર મળ્યો છે! તેના હાથે આપેલાં બોર પણ નહીં ખવાય એવો છે. પહેરવા પૂરાં કપડાં નહોતાં અને શરીર ઉપર તો વેંત રાખ ચોંટી હતી. સાચે જ બાવો છે બાવો! તારું શરીર તો જો, અડધું પૃથ્વીનું રૂપ! આવા બાવા જેવા વરને તેં શા માટે પસંદ કર્યો?'' સખીઓની વાતો સાંભળીને સીતા કહે છે, ''કર્મમાં જે લખ્યો હોય તે મળે! કર્મમાં કોદળા લખ્યા હોય પછી ઘઉં ક્યાંથી મળે?'' સીતાની વાત સાંભળી ને બીજી સખી કહે છે, ''હું તો આવા વરને કોઈ ઉપાયે નહીં પરણું! તું અમારી વાત માન. આજ સાંજે તો પીઠીએ બેસાડશે!'' સીતા મનમાં વિચારે છે, ''એક નરની નારી એ જ બરોબર!'' તે દાસીઓને કહે છે, ''તમે મને અવળી વાટે શા માટે ચડાવો છો? અવળી વાટે તો મને પગમાં કાંટા વાગશે!'' એટલામાં તો રાજમહેલ નજીક આવે છે અને સીતા તથા સખીઓ 'ઘરમર ઘરમર' વાદળમહેલ ચડે છે. તેઓ તાંબાના બેડાં પાણિયારે મૂકે છે.

દિવસ અસ્તાચળે જાય છે અને નગરીમાં સીતાને પીઠી બેસાડવા માટે નૂતર (નોતરું)ના ચોખા ફરવા લાગ્યા છે. જેમજેમ 'નૂતર' મળે છે તેમતેમ કાકા અને ભાઈ વાદળમહેલમાં આવવા લાગે છે. જુવાનોને કુંવરીની પીઠીનું આમંત્રણ મળે છે અને મૂછે આમળા ઘાલતા ગીતો ગાવા માટે રાજમહેલમાં આવવા લાગ્યા છે. યુવતીઓ સોળૈયો શણગાર સજીને આવી રહી છે. પૂર્વ દેશના પવન વાય છે અને યુવતીઓ યૌવનના ભારથી ભાગીને ટુકડા થાય છે. તેઓ ઊંચે ચાલે છે તો સ્વર્ગે જાય છે અને નીચે આવે છે તો પાતાળમાં જાય છે. વાદળમહેલમાં કાકીઓ અને ભાભીઓ આંબાનાં પાન મંગાવે છે. સાંબેલે આંબાનાં પાન અને કાચા સૂતરના દોરા બાંધે છે અને કંકુના ચાંલ્લા કરે છે. તેઓ ગીતો ગાતી ગાતી



ખાંડણિયામાં ચોખા નાખીને ધમકે ધમકે ચોખા ખાંડે છે.

સીતાના વિવાહની વાત આવી છે. યુવતીઓ ગીતો ગાય છે, અને તાંબાકુંડીએ પાણી ગરમ કરે છે. સીતાને ગીતો ગાતીગાતી સ્નાન કરાવે છે અને ગીતો ગાતીગાતી ગણેશ નૂતરવા લઈ જાય છે. ગણેશ નૂતરીને ગોતરેજ (ગોત્રદેવ) પાસે લાવે છે અને કન્યાને લીલું નાળિયેર આપી ચારે દિશામાં નમન કરાવીને ગોતરેજ બેસાડે છે. તેના મુખ પર જુવાન ભેંશ(ઝોટી)નું ઘી ચોપડે છે અને કાકીઓ અને ભાભીઓ હળદરથી પીઠી ચોળે છે. યુવતીઓ વર્તુળ રચીને (બાલર બૉતીને) ગીતો ગાય છે. જુવાનો 'જાનવૈયો' ઢોલ વગાડે છે અને યુવતીઓ ઢોલના તાલે નાચે છે.

વનમાં ધમકેધમકો ઊડે છે. લીલા વાંસનો માંડવો રોપવામાં આવ્યો છે. દેવીઓ માંડવાનાં ગીતો ગાય છે અને ઘુવડ દાણવ ઢોલ વગાડે છે. દેવ-દેવીઓ સાથે રામની જાન જવાની તૈયારીઓ થઈ રહી છે. 'બાવનસી રૂપાંનો ધણી' રામ ખભે તલવાર મૂકે છે. અડધી પૃથ્વીનું રૂપ રામ જાન લઈને નગરી તરફ આવી રહ્યા છે. દેવદેવીઓના ચાલવાથી વંટોળ ઊઠે છે, અને સુકાયેલાં પાન આકાશ તરફ ચઢવા લાગ્યાં છે. કન્યાનો પિતા જનકરાજા વિચારે છે, ''અહીં આવ્યા હતા ત્યારે તો બે ભાઈ જ હતા. પણ એ તો જોઉં કે જાનમાં કેટલા માણસો લઈને આવે છે?'' આમ વિચારી જનકરાજા મહેલની અગાસી ઉપર ચડીને જાનને જોવા લાગે છે. જાન આવવાના કારણે ઊડતી ધૂળથી ડુંગરો ઉપર વાદળ જામ્યાં છે અને જાનના 'ધમકા'ના કારણે ઊઠતા વંટોળથી આકાશમાં સુકાયેલાં પાન ચઢવા લાગ્યાં છે. જાન ચાલવાથી ધરતી ધ્રૂજે છે. જાન નજીક ને નજીક આવી રહી છે અને મહેલના ઉંબર ગાજી રહ્યા છે.

દેવદેવીઓની જાન સાથે વરરાજા (વીદ) આવી રહ્યા છે. તેમના રૂપને જોઈને સૂર્ય ઝાંખો થાય છે. યુવતીઓ 'વીદ'રાજાને જોઈજોઈને મરે છે, અને દોડતી વાદળમહેલમાં પાછી આવે છે. તેઓ સીતાને સમાચાર આપે છે, ''અમે તો તને કહેતી હતી કે, વર તો વળવો છે પણ આ તો ઘણો જ સુંદર છે. તું તો ન માને પણ વર તો અડધી પૃથ્વીનું રૂપ છે!'' જાન જોવામાં ખોવાયેલો જનકરાજા ઝટઝટ નીચે ઊતરે છે, અને રાણીઓને જાન આવવાના સમાચાર આપતો કહે



છે, ''સ્વયંવરમાં ધનુષ્યભંગ વખતે જોયેલા બે ઋષિ બાળકોને જોઈને તમે તો કહેતી હતી કે આતો રંડાઈ ગયું પણ તેમની જાનમાં તો દેવી-દેવતાઓ છે. કરોડ ઉપર તો ધજાઓ છે. આ તો કોઈ મોટી નગરીનો રાજા લાગે છે. તમે ઝટઝટ વરરાજાને પોંખવાની તૈયારી કરો.''

જનકરાજા વડલા પીપળાની છાયામાં ખાટલા અને ગોદડાં પાથરીને ઘણા માન સાથે જાનનો ઉતારો આપે છે. 'તોરણ સબાવવા'નો વખત થાય છે. વીદરાજા તોરણે આવે છે કે તરત જ કન્યા અને વરપક્ષની જાનવણો સામસામી ગીતો દ્વારા એકબીજાને ભાંડવા તૂટી પડે છે.

સીતાની માતા સોળૈયો શણગાર સજીને વર પોંખવાની તૈયારી કરે છે. સોનાની થાળીમાં કંકુ અને ચોખા લે છે અને ખજૂરિયાળા દીવા કરે છે. જેવી વેવાણ વરરાજાને પોંખવા નજીક આવે છે કે તરત જ વરપક્ષની જાનવણો સીતાની માતાને 'ધાબર-ધીબી', 'કાંટિયા દૉતાંની', 'ઊખળા દૂંટાની' વગેરે કહીને ફટાણાંથી નવાજે છે. વેવાણ વરના કપાળમાં તિલક અને ચોખા ચોડીને પોંખે છે. 'તોરણ સબાવવા'ની, 'હાર ખીસરિયા'ની અને 'જાન પોંખવા'ની વિધિ પૂરી થયા પછી વરરાજાની લગ્નમંડપમાં પધરામણી થાય છે. મંડપમાં ચૉરી ચિતરવામાં આવે છે અને તલ અને જવનો હોમ કરવામાં આવે છે. ચૉરીમાં સીતાની પધરામણી કરવામાં આવે છે. લગ્નની ખાસ પ્રકારની વિધિ પૂરી થયા પછી મંગળફેરાની શરૂઆત કરવામાં આવે છે. પાંચમા ફેરા સમયે સીતા રડતીરડતી ઊભી રહે છે અને 'સવરીનું દૉણ' (કન્યાદાન) માગતાં પિતાને કહે છે, ''અમારે બીજું તો કંઈ લેવું નથી પણ વનખંડમાં 'હરિયો' બાગ સજાવવા માટે 'ઝાસી' (જૂઈ) 'ઝવલી'(જાસૂદ), રાય-ઢુઢણિયા, કતકી (કેતકી)-'કેવરા', 'મરવા' મોગરાનાં બીજ આપો.'' પિતા જનક સીતાને કન્યાદાનમાં ફૂલછોડનાં બીજ આપે છે અને સીતા કન્યાદાન સ્વીકારી પાંચમો ફેરો પૂરો કરે છે. છેલ્લે જાનૈયા માંડવે નાચીને વરરાજા સાથે વડલા-પીપળાની છાયામાં ઉતારે આવે છે. કન્યાપક્ષવાળાને રોટલા વહેંચવામાં આવે છે અને બધાં સમૂહભોજન કરે છે. કન્યાપક્ષાનો લાગો પૂરો થાય છે અને વરપક્ષવાળા વીદ સાથે લાડીને ઘરમાંથી બહાર કાઢવા માટે આવે છે.



સીતા બાળપણની સખીઓ અને માતાપિતાને યાદ કરીને આંસુ સારે છે. વર અને કન્યાને ચારે દિશામાં પાયે લગાડે છે. કન્યાને લઈને વર જાય છે અને કન્યાપક્ષની માંડવણો રસ્તો રોકીને ઊભી રહે છે. તેઓ વરરાજાને કહે છે, ''આ બાજુ જશો તો 'તૉલરી'(હાંલ્લી)એ ભાગ અને આ બાજુ જશો તો ચાટવે ભાગ.'' વરરાજા માંડવણોને નાળિયેર આપે છે અને તેઓ વરરાજાનો મારગ મોકળો કરે છે. કન્યાને લઈને જતા વરરાજાને કન્યાપક્ષની સ્ત્રીઓ ગીત દ્વારા કહે છે, ''રૂપાળી લાડી બાવાઓ સાથે જઈ રહી છે.'' સાસરે જતી સીતાને માતાપિતા શિખામણ આપે છે. કન્યાપક્ષવાળા મહેમાનોને વળાવે છે અને જાન સીતાને લઈને વનખંડની વાટે આવે છે. હવે બધા દેવો રામને શિખામણ આપે છે. તેઓ ભગવાન રામને કહે છે, ''તું શાંતિથી ધીમેધીમે જજે અને સીતાને કુશળ રાખજે.'' નવલાખ દેવીઓ સીતાને મળી આંબાવાડીમાં જવા લાગી છે.

રામ-સીતા અને લક્ષ્મણ વનખંડમાં

રામ-સીતા અને લક્ષ્મણ મારગે મારગે વનખંડમાં આવવા લાગે છે. તેઓ તલના ખેતરમાંથી પસાર થાય છે. સીતાના પગે ઝાંઝર વાગી રહ્યું છે. આ ઝાંઝરમાં તલનું એક ડાળું ભરાય છે. સીતા અંધારામાં તલનું ડાળું લઈને તલની સીંગો ફોલે છે. ભૂખ લાગવાના કારણે રામથી છાના તલ ખાય છે. સીતાના હાથમાં ચાડી ખાતો એક કાળો તલ રહી જાય છે.

રામ-સીતા અને લક્ષ્મણ ભૂખ્યાં તરસ્યાં મારગેમારગે વનખંડમાં આગળ વધે છે. સીતા લક્ષ્મણને કહે છે, ''દિયર, હું રાજમહેલની રહેનારી! કોઈ દિવસ આટલું બધું ચાલી નથી. હવે આપણા વાદળમહેલ કેટલે દૂર છે?'' લક્ષ્મણ કહે છે, ''ભાભી, આપણે તો હવે આવી જ પહોંચ્યાં છીએ. ''ત્રણે જણ મારગેમારગે જવા લાગે છે. તેઓ એક વનખંડ મૂકી બીજા વનખંડમાં પ્રવેશે છે. ભૂખ, તરસ અને ચાલવાના કારણે થાકેલી સીતા લક્ષ્મણને કહે છે, ''હું ઘરમાં જ ફરતી હતી પણ આ વનમાં ભૂખથી પેટમાં 'કૂર વેતરા' પડ્યા છે. હજી આપણું ઘર કેટલે દૂર છે? હું તો બરાબર થાકી ગઈ છું.'' લક્ષ્મણ ફરીને સીતાને ભોળવતાં કહે છે, ''ભાભી, આવી જ રહ્યાં છીએ. પેલો વનખંડ દેખાય ત્યાં જ આપણાં ઘરબાર



છે. હવે તો નજીકમાં જ છીએ.'' ચતુર સીતા મનમાં રાજી થાય છે, અને વિચારે છે, ''મોટાં મોટાં વૃક્ષો તો નજીક જ દેખાય છે. ત્યાં જ અમારું ઘર હશે!'' ફરીને સીતા, રામ અને લક્ષ્મણ મારગેમારગે આગળ વધે છે. ઘણું ચાલ્યા છતાં સીતાને ક્યાંય પણ ઘર નજરે પડતું નથી. ચારે બાજુ જોઈને લક્ષ્મણને પ્રશ્ન કરે છે, ''દિયર, મને વારંવાર શા માટે ભોળવે છે. થાકથી મારા તો પગ પણ ફરી ગયા છે. હજી આપણું ઘર કેટલે દૂર છે? તું તો કહેતો હતો કે અહીં નજીકમાં જ આપણું ઘર છે. ક્યાં ગયું આપણું ઘર?'' હવે લક્ષ્મણ કહે છે, ''ભાભી, ઉનાળામાં ભેંશ ભાદરવાને યાદ કરે તો શું વળે? ઉનાળો પૂરો થતાંમાં તો ભેંશ મરવા પડે! ભાભી અમારે તો આ વનમાં સૂવા 'સાથરો' નથી, અને ખાવા ખાખરો નથી. અમે તો 'નબળા' આદમી છીએ. પણ પેલું પપૈયાવન દેખાય છે ત્યાં જ આપણું રહેવાનું સ્થળ છે. હવે આવી પહોંચ્યાં જ જાણ!'' ત્રણે જણ ચાલતાંચાલતાં પપૈયાવનમાં આવવા લાગે છે. ઊંચાઊંચા સાગ ધ્રુવના તારે અડ્યા છે. બાજુમાં જ ધૂણી ધખાવેલી છે. રામ પોતાની ધૂણી પાસે આવે છે અને ધૂણીએ બેસે છે. ચતુર સીતા લક્ષ્મણને કહે છે, ''દિયર, તારો ભાઈ તો વળી કોઈ ઋષિની ધૂણીએ જઈને બેઠો.'' લક્ષ્મણ કહે છે, ''ભાભી, આ ધૂણિયો આપણી જ છે. આવામાં જ આપણે બેસવું પડશે. આ ધૂણિયો જ આપણાં ઘર!'' સીતાને હવે ધ્રાસકો પડે છે. તરસે તેનો હરહર ઝીવરો જાય છે. તે વિચારે છે, ''આ વનમાં ક્યાંથી શું કાઢીને ખાવું? કયા કૂવે પાણી ભરવું? કયા ઘરમાં રહેવું?'' લક્ષ્મણને પૂછે છે, ''દિયર, પીવાનું પાણી ક્યાં છે?'' લક્ષ્મણ કહે છે, ''ભાભી, તરસ લાગે છે ત્યારે અમે તો સામેની દિશામાં ચાલવા માંડીએ છીએ. સવારથી ચાલીએ છીએ ત્યારે છેક બપોરે પહોંચીએ છીએ. પાણી તો અહીંથી ઘણે દૂર છે, સામેના ડુંગરની પાછળ.'' સીતાનો તરસે અને ભૂખે જીવ જાય છે. તે વિચારે છે, ''ભલે ભગવાન! નસીબ કરે તે કોઈ ન કરે. જેવા લખનારીના લેખ! ''ભલે ભગવાન, તેં બાવાઓનો સાથ કરી આપ્યો! હવે તો અમારા વનમાં ડેરા.'' ચતુર સીતા ઊભીઊભી લક્ષ્મણને પૂછે છે, ''દિયર, ક્યાં છે આપણા વાદળમહેલો?'' ભાભી, અમે તો ધૂણી ધખાવીને વનમાં રહીએ છીએ, અને હરિનું નામ લઈએ છીએ. વનખંડમાં વળી વાદળમહેલ શાના? ''દિયર, તમે જોગી બન્યા અને હું જોગણ



બની એ વાત તો સાચી. એતો તમારે ચાલતું હતું પણ હવે તમારે ઘેર ગૃહિણી આવી. તમારે ઘર વિના નહીં ચાલે. ઘર હોય પછી ઘરવખરી પણ જોઈએ. આ ઘરસંસારના જ્ઞાનની વાત તું તારા ભાઈને સમજાવ. તમે એકલા હતા ત્યારે સારું લાગતું ત્યાં સૂતા હતા અને જે મળતું હતું એ ખાતા હતા, પણ હવે તો આછું-પાતળું પણ ઘર જોઈએ. અલ્યા દિયરિયા, તારો ભાઈ તો થાંભલો થઈને જ ઊભો રહ્યો છે! જા, તેને જઈને વાત કર. આમ ઊભાઊભા તો જલમ જશે નહીં અને ભગતિ પણ થશે નહીં.''

વનખંડમાં દિયર અને ભાભી મઢી બનાવે છે. સીતા તેમાં ભગવાનના નામની ધૂણી રચે છે. હવે સીતા લક્ષ્મણને કહે છે, ''દિયર, માળા રટવાથી કામનો પાર આવવાનો નથી. તારા ભાઈને સમજાવ કે માળા રટવાનું છોડીને આપણે ભૂખ્યાં થયાં છીએ માટે વનફળ લઈ આવે. આપણે અહીં કયાં કૂવો ગોડવો એ નક્કી કરીએ.''

રામ એક વન મૂકીને બીજા વનમાં ફળ લેવા જાય છે. ભગવાનને વારતા રાખવી હશે. થાકયાં-પાકયાં સીતા અને લક્ષ્મણ સાગપાન ઓઢીને સૂવે છે. સતિયાંની આંખે નિદ્રા આવી છે અને બંને ઝીણીઝીણી નિદ્રા લે છે. બંને ભરનિદ્રામાં પોઢ્યાં છે. પૂર્વ દિશાનો પવન વાય છે અને શરીર ઉપરથી સાગનાં પાન ઊડી જાય છે. આથી બંને નાગાંપૂગાં થઈ જાય છે. બંને ઘસઘસાટ ઊંઘે છે અને રામ વનફળ લઈને મારગેમારગે આવે છે. રામ ભાભી અને દિયરને નજીક નજીક નાગાંપૂગાં સૂતેલાં જુએ છે અને વહેમના કારણે મનમાં દુઃખ અનુભવે છે. આથી આવેશમાં આવીને લક્ષ્મણને મારવાની તૈયારી કરે છે. રામના ચાલવાના કારણે સીતાની નિદ્રા તૂટે છે, અને ઝબકીને બેઠી થાય છે. હવે રામ વધુ ગુસ્સે થાય છે અને લક્ષ્મણ ઉપર ધસી આવે છે. ચતુર સીતા રામને કહે છે, ''હે ઘરના ભરથાર! તું કોના ઉપર ગુસ્સે થઈને આવ્યો છે?'' રામ કહે છે, ''બોલી એટલું જ રહેવા દેજે. હવે આગળ બોલતી નહીં. દૂર ઊભો રહીને હું જોઈ રહ્યો છું. તમે બંને નાગાં જ સૂતાં હતાં તમારો શો વિશ્વાસ?'' ચતુર સીતા વિચારે છે કે, ''જો હું ભાર દઈને મારી વાતને સમજાવીશ તો તે મારી વાત માનશે નહીં. માટે મારે તેને જ્ઞાનથી જ સમજાવવો પડશે.'' આમ વિચારીને રામને કહે છે, ''તારે



તારા ભાઈને મારવો હોય તો ભલે માર. પણ તે પહેલાં તું મારી વાત સાંભળ. તું એક હાથે તાળી પાડ.'' રામ એક હાથે તાળી પાડવાનો વૃથા પ્રયત્ન કરતાં કહે છે, ''સીતા, એક હાથે તો વળી તાળી પડતી હશે?'' સીતા આગળ કહે છે, ''હવે એક લાકડે આગ પાડ.'' રામ આગ પાડવા માટે સામે બીજું ઘસવાનું લાકડું ન હોવાથી ફૂંકી ફૂંકીને થાકે છે પણ આગ પડતી નથી. રામ કહે છે, '' સીતા, એક લાકડે ક્યારેય આગ પડે નહીં!'' સીતા કહે છે, ''રામ, એક હાથે તાળી નહીં પડે; એક લાકડે આગ નહીં પડે; તેમ એક શરીરથી કંઈ નહીં થાય! તું મનમાં ગણતરી ગણ કે ભાઈ વિના વેર પણ વળે નહીં. જ્યારે તું તો તારા સગા ભાઈને જ મારવા માટે તૂટ્યો છે. અમે બંને ભાઈ-બહેનને શ્રમિત થવાને લીધે આંખે ઊંઘ આવી. આથી સાગપાન ઓઢીને સૂઈ ગયાં. અમે ઘસઘસાટ ઊંઘતાં હતાં અને પૂર્વ દેશનો પવન વાયો તેના કારણે અમારાં શરીર ઉપરથી પાન ઊડી ગયાં. તેમાં અમારો શો દોષ?'' સીતા રામને આગળ કહે છે, ''હવે તું આવી નકામી વાતો રહેવા દે અને આ વનમાં નાનો સરખો એક કૂવો બનાવીએ. આપણા કૂવાનું જ પાણી પીએ અને ઘરના કૂવે જ સ્નાન કરીએ. નકામી વાતો કરે કામનો પાર નહીં આવે. આ વન માંનવાં નવાં કામ કરીએ.''

રામ વનખંડમાં શ્રીફળ વધેરે છે અને હાથમાં કોદાળી લઈને કૂવો ખોદવા લાગે છે. લક્ષ્મણ કૂવામાંથી ટોપલાં ભરે છે અને સીતા ભરેલાં ટોપલાં માથે લઈને કૂવાની બહાર ઠાલવે છે. ધીમેધીમે કૂવામાં આછાં આછાં નિર્મળ નીર આવવા લાગ્યાં છે. રામ લીલાં નાળિયેર વધેરીને પાણી વધાવે છે. સીતા રામને કહે છે, ''રામ, યુગ તો ચાલ્યા જશે પણ આપણી નિશાનીઓ કાયમ રહી જશે. આપણે નાનો સરખો કૂવો ગોડ્યો પણ હવે નાનો સરખો 'હરિયો' બાગ બનાવીએ.''

વનમાં વાલમો સુથાર આવે છે. તે 'રૂપાવરનો રેંટ' અને 'સોનાવર'ની માળા બનાવે છે. 'તાંબાવર'ના ઘડુલા રેંટને જોડે છે. રામ રેંટ ચલાવે છે અને લક્ષ્મણ 'પાણત' (પાણી સિંચવું) કરે છે. વાડીમાં પાણી આવવા લાગ્યું છે. સીતા ક્યારા કરે છે અને ક્યારામાં પિતાએ દહેજમાં આપેલાં બીજ રોપે છે. ચતુર સીતા જોઈ જોઈને એક ક્યારામાં ચંપાનાં બીજ રોપે છે. તો વળી બીજા ક્યારામાં મરવા રોપે છે, તો વળી ત્રીજા ક્યારામાં મોગરાનાં બીજ રોપે છે. સીતા રંગ



રંગનાં ફૂલછોડ અને વૃક્ષો વાડીમાં રોપે છે અને ક્યારાને પાણી સિંચે છે. બીજા દિવસે સવારે સીતા ઘડામાં મૂકી રાખેલું શીતળ પાણી સિંચે છે. બીજને ધીમેધીમે અંકુર ફૂટવા લાગ્યા છે, અને ફૂલછોડ મોટાં થવા લાગ્યાં છે. વૃક્ષો કમરથી માથા સુધી આવવા લાગ્યાં છે. તેઓને નવાં પાન, ડાળીઓ અને ફૂલ આવવા લાગ્યાં છે. હવે બાગમાં જૂઈ, જાસુદ, મરવા-મોગરા, રાય-ઢુઢણિયા, કેતકી-કેવડા અને ચંપા ફૂલ્યા છે. વાડીમાં રંગરંગનાં અને ઘાટ ઘાટનાં ફૂલ ખીલ્યાં છે. હરિયા બાગમાં કાળી પાંખોની કોયલો બોલે છે. ફૂલો ઉપર ભમરા ગુંજે છે અને વૃક્ષો ઉપર લીલા મોર ટહુકાર કરે છે. એક વૃક્ષથી બીજા વૃક્ષે લીલી પાંખોના સૂડા ઊડે છે. સાચા ચંદનનાં ઝાડ ફૂલ્યાં છે અને ફૂલોની સુગંધ ચોતરફ ફેલાઈ છે. સીતા બાગની આજુબાજુ ફરે છે. સોહામણો બાગ જોઈને તેને ખાધાપીધા વિના પણ ભૂખ મટી જાય છે. રંગબેરંગી ફૂલોની સોડમ લે છે.

દસમો ગ્રહ

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો મહાજોગ આવ્યો.

રાવણે નવગ્રહો તો ઢોલિયોના પાયે બાંધ્યા છે. દસમો ગ્રહ છૂટો રહી ગયો છે, જે બધે ફરતો ફરે છે. રાવણ તેને શોધી રહ્યો છે પણ મળતો નથી.

દસમો ગ્રહ રાવણના મહેલની નીચે આવે છે. તે અડધી રાતે રડવા લાગ્યો છે. રાવણરાજા કાન માંડીને સાંભળી રહ્યો છે. તે વિચારે છે, ''મારા રાજમાં કોણ દુઃખી છે? અને કોણ વૈરાગી છે? મારા રાજમાં રડવાવાળું કોણ?'' આમ વિચારીને તે 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરીને નીચે માણેકચોકમાં આવે છે. રાવણ દસમા ગ્રહને પૂછે છે, ''કવેળાનું રડવાવાળું કોણ છે? તને કોઈએ આંખ કાઢી હોય તો આંખ ફોડું, ગાળ બોલ્યો હોય તો જીભ ખેંચું. તું કયા દુઃખે રડે છે? તું કોણ છે?'' હવે દસમો ગ્રહ રડતો છાનો રહે છે અને ધીમે રહીને કહે છે, ''હું તારો બાપ થાઉં છું.'' રાવણ કહે છે, ''મારા બાપને મરે તો ઘણા દિવસ થઈ ગયા, આજે ક્યાંથી જાગ્યો? અને જો તું મારો બાપ હોય તો કયા દુઃખે રડે છે? તારાં દુઃખોની વાત કર. હું લંકાગઢનું રાજ કરું છું. મારે દસ માથાં અને વીસ હાથ છે. હું આ જગતમાં કોઈને ગણતો નથી. તો પછી મારા બાપને એવું કયું દુઃખ



પડ્યું?'' દસમો ગ્રહ ધીમે રહીને કહે છે, ''પુત્ર, બહુ બોલીશ નહીં. તેં તો લંકાગઢનું રાજ લજવ્યું! મારે પેટ પુતર પાક્યો એના કરતાં તો પથરો પાક્યો હોત તો સારું. ધણીની પૂછેલી પત્નીને ભીખારી બાવા લઈ ગયા!'' રાવણ વિચારે છે, ''ઓહો! હો! હો! સીતાવાળી વાત આવી.'' રાવણ તે વાતના અનુસંધાને કહે છે, ''હે બાપુ! એ વાત જવા દો! ધનુષ ઊંચું કરવા જતાં મારી વીસેવીસ આંગળીઓ કપાઈ ગઈ, જ્યારે રામે ટચલી આંગળીએ ધનુષ્ય ઊંચક્યું.''

દસમો ગ્રહ આગળ કહે છે, ''તું બહાર નીકળીને જોતો ખરો? લોકો મહેણાં મારે છે કે મર્દની પત્નીને ઋષિએ રાખી.'' દસમો ગ્રહ રાવણને ચડાવતાં કહે છે, ''દીકરા, રામ ઋષિ ઘણો જ બહાદુર છે. તું એને કશું જ નહીં કરી શકે. દીકરા, તેનો નાનો ભાઈ પણ મોટો યોદ્ધો છે. એ વાત પણ સાચી છે કે તને તે અવશ્ય મારી નાખે!'' આવેશમાં આવેલો રાવણ ગ્રહને કહે છે, ''હે પિતાજી! નવગ્રહ તો મેં મારા પલંગના પાયે બાંધ્યા છે! દસમો ગ્રહ વનવન ભટકતો ફરે છે. પછી એવા ઋષિના કોણ ભાર ગણે? હું ધારું તો બાવા જેવા રામની પત્નીને ચૂલા ઉપરથી ઊભી કરીને હાલ જ હરી લાવું.'' હવે દસમો ગ્રહ રાવણને બરાબર ચડાવતાં કહે છે, ''હું તારા કહેવા માત્રથી તો નહીં માનું. તારે દસ માથાં અને વીસ હાથ છે પણ તું તેને હરી લાવે તો જ હું માનું કે તું મારો વીર પુત્ર છે!'' રાવણ કહે છે, ''મેં તમને મારા વિશે ઘણું કહ્યું, પણ હવે સીતાને હરી લાવ્યા વિના નહીં છોડું.'' દસમો ગ્રહ છેલ્લી વાત કરતાં કહે છે, ''તું તેને સાચે જ હરી લાવવાનો હોય તો મને સતવચન આપે તો જ માનું.'' રાવણરાજા દસમા ગ્રહને આ પૃથ્વીના માથે સતવચન આપતાં કહે છે, ''અમર વાચા, બ્રહ્મ વાચા, વાચા ચૂકું તો ઊભો સુકાઈને થાંભલો થઈ જાઉં!'' આમ બોલીને રાવણરાજા દસમા ગ્રહને વચન આપે છે. છેલ્લે દસમો ગ્રહ રાવણને કહે છે, ''દીકરા, હવે ક્યાં સુધી મારો આત્મા આમને આમ વનવન ભટકશે?'' રાવણ કહે છે, ''બાપુ, તમે પણ મારી સાથે ચાલો. તમારા ભટકતા આત્માને મારા મહેલના એક ખૂણે બેસાડીશ.'' રાવણ રાજા સાથે દસમો ગ્રહ પણ 'ધરમર ધરમર' વાદળમહેલનાં પગથિયાં ચડે છે. મહેલમાં આવ્યા પછી પલંગમાં પડ્યો પડ્યો રાવણ સીતાને હરી લાવવાના વિચારે ચડે છે.



રાવણ વિચારે છે, ''લોકો મહેણાં મારે એ મારા માટે જગતમાં સારું ન ગણાય. સીતા સૂની પડે તો જ મારો ઘાટ આવે. સીતા સાથે લક્ષ્મણ યોદ્ધો હશે તો હું સીતાને ક્યારેય હરી શકીશ નહીં. સીતાથી લક્ષ્મણને દૂર લઈ જવા માટે મારે તેમનો હરિયો બાગ ભેળવવો પડશે. આમ વિચારીને રાવણ બે મુખવાળો સતનો મૃગ બનાવે છે. બે મુખવાળો મૃગ ઘણો જ ફૂટડો છે. તે સોને રંગ્યો અને રૂપે રળિયામણો છે. શરીર ઉપર રૂડી ભાત પાડેલી છે. એક મુખની જુએ છે અને બીજા મુખ દ્વારા ખાય છે. હવે તે સોના વર્ણના મૃગને આદેશ આપતાં કહે છે, ''મૃગ, વનખંડમાં પેલા બે ઋષિની વાડીમાં જા અને તેમનો લીલો બાગ ભેળી નાખ. દિવસે તું પર્વતોમાં સંતાઈ રહેજે અને રાતે બાગમાં ઊતરી આવજે. ચંપા-કેવડા, મરવા-મોગરાને ઉખેડી ઉખેડીને મૂળ આસમાન તરફ કરજે અને ડાળાં પાતાળ તરફ. તું ચેતન રહીને એક મુખે દુશ્મનને જોતો રહેજે અને બીજા મુખે બાગ ભેળીને ફળ ખાતો રહેજે.'' રાવણના આદેશથી બે મુખવાળો મૃગ લાંબી ફાળે અને છોટે ડગલે મારગે મારગે વનખંડની વાટે આવે છે. લંકા પૂઠણ મૂકી પરલંકામાં આવે છે. હવે તે એક સીમ પાછળ મૂકે છે અને બીજી સીમમાં આવે છે. ચાર પગે ચાલતો તે વનખંડની વાટે આવે છે.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) ગયો છે. સૂડા સૂવા માટે માળે ગયા છે. મૃગ ધીમેધીમે પર્વતો ઊતરવા લાગે છે. તે મારગે મારગે વનખંડમાં આવે છે. તેને સુંદર લીલો બગીચો નજરે પડે છે. રૂડી કોયલો ટહુકા કરે છે. લીલા મોર બોલે છે. ધીમેધીમે મધરાત થાય છે. ડાકણ-શાકણની વેળા થઈ છે. ભૂત કાકડે રમે છે. મઢીમાં સતિયાંને નિદ્રા આવે છે. દબાતા પગે મૃગ સીતાની વાડીમાં પ્રવેશ કરે છે. મરવા-મોગરા, જૂઈ-જાસુદ અને ચંપા-કેવડા ફૂલ્યા છે. સાવ સોહામણું લાગે છે. તે લપાતો છુપાતો વૃક્ષો પાસે આવે છે. એક મુખે જોતો તે બીજા મુખે વૃક્ષો ઉખેડવા લાગ્યો છે. વેરી મૃગને રીસ ચડે છે. વૃક્ષોનાં મૂળ તો આસમાનમાં કરે છે અને ડાળાં પાતાળ તરફ. તે જગ્યાએ જગ્યાએ બખોલો કરવા લાગ્યો છે અને અડધો બાગ ઉજજડ કરી નાખ્યો છે. સવાર થતાંની સાથે તો તે દબાતા પગે પર્વતો ઉપર ચાલ્યો જાય છે.

સૂરજ ઊગે છે અને સીતા મારગે મારગે હરિયા બાગમાં આવે છે. બાગ



જુએ છે અને તેની આંખો આંસુથી ઊભરાય છે. સીતા વિચારે છે, ''ઘણી મુસીબતે બાગ બનાવ્યો હતો. વેરીએ ઊંધે માથે ચંપા અને કેવડા કરી નાખ્યા છે. હવે હું મન કેવી રીતે વાળું?'' તે મારગે મારગે મઢીએ આવે છે અને આંગણામાંથી જ મહેણાં મારવા લાગે છે. સીતા કહે છે, ''બાપડા, બે મરદ છો પણ ઘરમાંથી બહાર નીકળતા જ નથી ને! સાંજે સૂઓ છો, સવારમાં સૂઓ છો અને કવેળાએ જાગો છો. વેરીએ વાડીનું તો રણ બનાવી દીધું છે. કેટલે પ્રયત્ને (વરખે) વાડી બનાવી હતી. હવે હું કેવી રીતે મન વાળું?'' સીતા રામને કડવાં વેણ બોલવા લાગી છે. રામને સીતાનાં વચનોથી રીસ ચડે છે. તે હાથમાં બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર લે છે. વાડી તરફ જતાં પહેલાં લક્ષ્મણને શિખામણ દેતાં કહે છે, ''ભાઈ, તું ઘેર રહેજે. અહીં જ હાજર રહેજે. નહીં તો આ વનખંડમાં સીતાને એકલી જોઈ કોઈ હરી જશે. હું વાડીમાં જાઉં છું. હવે તો મૃગને મારી ને જ પાછો આવીશ. મૃગે આપણો હરિયાળો બાગ ઉજ્જડ કર્યો છે પણ તેની ખાલનો સીતાને કમખો (કાંચળી) સિવડાવીશ ત્યારે જ મારું મન વળશે!'' પત્નીના બોલ ખારા (કડવા) લાગ્યા છે એવા રામ રીસને લીધે કાળામેંશ થતા વાડીમાં આવે છે. તે દોઢીનો દરવાજો પાછળ મૂકીને વાડીમાં આવે છે. લાંબી નજરે જુએ છે તો ફૂલઝાડનાં મૂળ ઊંધે માથે કર્યાં છે. ખેદાનમેદાન થયેલી વાડી જોવાની રામની છાતી ચાલતી નથી. હવે તેમને પગની પાનીથી રીસ ચડે છે, ત્યાંથી ચોટીએ જઈ ભડાકો થાય છે. રામ વિચારે છે, ''મૃગ, હવે આ વીરનો ખેલ જો! તું વાડીમાં આવ્યો હતો તારા પગે પણ હવે પાછા જવાનું છે મારા પગે!'' રામ મૃગને મારવા માટે જમીનમાં ખાડો ખોદીને ઑંદી ઘાલે છે.

દિવસ અસ્તાચળે (ડાબા ડુંગરે) જાય છે. સૂડા સૂવા માટે જાય છે. મધ્યરાત્રી થવા આવી છે. ભૂત કાકડે રમે છે. મૃગ પર્વત પરથી ઊતરીને દબાતા પગે વાડીમાં આવે છે. એક મુખે વેરીને જુએ છે અને બીજા મુખથી બાકી રહેલાં વૃક્ષો ઉખેડવા લાગ્યો છે. રામ ગુસ્સામાં થરથર કાંપવા લાગ્યા છે અને બાર મણના ધનુષ્ય પર તેર મણનું તીર ચડાવે છે. શરીરનું બધું જ બળ એકઠું કરી તાકીને તીર છોડે છે. તીર મૃગનો ગાલ વીંધે છે, અને મૃગ ચીસ પાડતો લક્ષ્મણનું નામ લે છે. સીતાના કાને ચીસનો અવાજ આવે છે. તે વિચારે છે, ''રામ મુસીબતમાં આવ્યા લાગે છે.''



સૂતેલા લક્ષ્મણને કહે છે, ''દિયર, તને સૂતાંની સાથે ઊંઘ કેમ આવી? તારો ભાઈ મુસીબતમાં ફસાયો લાગે છે. તેણે વાડીમાંથી કારમી ચીસ પાડી છે. તું ઝટઝટ તેની મદદે જા. જગતમાં ખોટું કામ આવ્યું.'' લક્ષ્મણ કહે છે, ''ભાભી, મને ભાઈએ તેની પાછળ આવવાની ના પાડી છે. હું વાડીમાં જાઉં અને મઢીમાં એકલી જોઈને તને કોઈ હરી જાય એવો ભય છે. માટે વાડીમાં જવું એ હિતાવહ નથી.'' લક્ષ્મણની આનાકાનીથી આવેશમાં આવેલી સીતા કહે છે, ''દિયર, તેં તો મનમાં ભૂંડું ધાર્યું. તારે તો એમ છે, કે ભાઈ મરશે તો મને ભાભી મળશે!'' લક્ષ્મણને ભાભીના બોલ કડવા લાગે છે. તે આળસ મરડીને બેઠો થાય છે. મઢીના આંગણામાં આવીને લસ્મણ રેખા (આગિયાકારી) બાંધે છે અને બોલે છે, ''આ રેખા ઓળંગશે તે બળીને ભસ્મ થઈ જશે!'' લસ્મણ રેખા બાંધીને ચાલ્યો જાય છે.

રાવણ

લંકાગઢમાં રાવણરાજા વાણિયાના ઘેરથી ભગવું કાપડ લે છે અને દરજીના ઘેર આવે છે. દરજીને કહે છે, ''વીરા, માગે એટલું દામ આપીશ. મારે ઝોળી-ઝંડો સિવડાવવો છે.'' સદભાગીના બોલ અને અભાગિયાના લાગે ભોગ. રાવણના આદેશથી દરજી ઝોળી-ઝંડો સીવે છે. ઝોળી-ઝંડા ઉપર માંડે છે, મા અને બાપ. બીજું માંડે છે, 'લવતા' મોર. આખી ઝોળી ઉપર માંડે છે લંકાગઢ. હવે દરજી ઝોળી-ઝંડો સીવીને રાવણને આપે છે. રાવણ તેને સીવવાના દામ આપે છે. તે ઝોળી-ઝંડો લઈને મારગે મારગે કંસારાના ઘેર આવે છે, અને તેની પાસેથી ભમ્મર ઘૂઘરા લે છે. હાથમાં ખાલી ખપ્પર લે છે. કેડ સુધી જટા વધારે છે. પગે 'ઠમકા' ઘૂઘરા બાંધે છે. એક હાથમાં મોરલી અને બીજા હાથમાં ડાકલું લે છે.

લંકાગઢનો રાવણ રાજા જોગીનો વેશ લઈને મારગેમારગે આવવા લાગે છે. તે લંકાગઢ પાછળ મૂકે છે અને મારગેમારગે વનખંડમાં આવે છે. ઝડપથી આવી રહ્યો છે અને આવવાની ઝડપના કારણે 'તેંમરી' વાગી રહી છે. તે નાચતો નાચતો સીતાની મઢી નજીક આવી રહ્યો છે. સીતા સૂતી સૂતી કાન માંડીને સાંભળી રહી છે. રાવણ જોગી મઢીના ઝાંપે આવીને નાચી રહ્યો છે. સીતા બેઠી થઈને જોગીને જોવા લાગી છે. તે વિચારે છે, ''મને એકલી જાણીને કોઈ ભૂત



(વેહ) થયો લાગે છે. રાવણ નાચતો નાચતો આંગણા નજીક આવવા લાગ્યો છે અને સીતા ભૂતના ભયને કારણે ખૂણેખૂણે લપાવા માંડી છે. જોગી મીઠી મોરલી અને ડાકલું વગાડીને રમત માંડે છે. તે ગાય છે અને સીતાને મીઠું લગાડે છે. રાવણ મોરલીમાં મીઠાં મીઠાં ગીતો ગાવા લાગ્યો છે. સીતા મઢીના દ્વારે આવીને જોવા લાગી છે. ઝોળી ઉપર માંડેલા મોર ટહુકી (લવી) રહ્યા છે અને સીતા રાવણના નૃત્યને જોવામાં મગ્ન બનવા લાગી છે. સીતાને ગીત, સંગીત અને નૃત્ય ઘણું જ પ્રિય (હાઉ) લાગે છે. હવે રાવણ નાચતો નાચતો ઊભો રહે છે, અને સીતાને કહે છે, ''હે માતા! મને ભિક્ષા આપો! અમે તો ઘણા ઘરના મહેમાન છીએ. એક જ ઘેર આટલું બધું રોકાશું તો ભિક્ષા ક્યારે ભેગી કરી રહીશું?'' સીતા કહે છે, ''વીરા, તને કેવી રીતે ભિક્ષા આપું? બારણાથી આગળ તો લક્ષ્મણે રામનું નામ લઈને રેખા બાંધી છે. રેખા ઓળંગતાં જ બળીને ભસ્મ થઈ જવાય!'' રાવણ કહે છે, ''માતા, રામનો નહાવાનો પાટલો છે તેને રેખા ઉપર મૂકીને પાટલા ઉપર પગ મૂકી ભિક્ષા આપો.'' હવે સીતા રામના નહાવાનો પાટલો મઢીમાંથી લાવીને લક્ષ્મણરેખા ઉપર મૂકે છે અને રાવણને ભિક્ષા આપવા હાથ લંબાવે છે. સીતાની ભિક્ષા તો ત્યાં જ પડી રહે છે અને રાવણ ચોટલે હાથ નાખીને સીતાને ઊંચકે છે. સીતાને વિમાનમાં બેસાડે છે અને બંને 'સ્વર્ગાપવનાં'માં આવે છે. સ્વર્ગની વાટે વિમાન લંકા તરફ જવા લાગ્યું છે. હવે તો આવજો દિવાળી વહેલી.

લક્ષ્મણ મારગેમારગે વાડીમાં આવે છે. તે લાંબી નજરે જુએ છે તો રામ મૃગ મારીને તેની 'સોનેરંગી' (સોનવર્ણી) ખાલ પાડી રહ્યા છે. રામ લક્ષ્મણને જોઈને તેની સામે આવે છે અને સીતાના સમાચાર પૂછે છે, ''તારી ભાભીને કોને ભળાવીને આવ્યો છે? તેને સૂની મૂકીને અહીં શા માટે આવ્યો?'' લક્ષ્મણ કહે છે, ''હું અહીં આવતો નહોતો તો ભાભી મહેણાં મારતી હતી. મને ખોટું લાગ્યું એટલે આવ્યો છું. ભાભીએ કોઈની ચીસ સાંભળી. આથી તેને થયું કે તમે મુશ્કેલીમાં છો. જેથી મને વાડીમાં મોકલ્યો છે.'' રામ કહે છે, ''પણ તારે મઢી છોડવી જોઈતી નહોતી''. લક્ષ્મણ કહે છે, ''મેં તો અહીં આવવાની ચોખ્ખી ના પાડી હતી પણ ભાભી આવેશમાં આવીને બોલી કે દિયર, તેં તારા મનમાં ભૂંડું



વિચાર્યું છે. તારા મનમાં એમ છે કે ભાઈ મરશે તો ભાભી મળશે. આવા ખ્યાલના કારણે તું તારા ભાઈની વહારે જતો નથી. તેણીનાં આવાં અવળાં વેણ સહન ન થવાના કારણે અહીં આવ્યો છું.'' બંને ભાઈ મરેલા મૃગની પાસે આવે છે. તેઓ મરેલા મૃગની ખાલ પાડે છે. બંને મરેલો મૃગ અને ખાલ લઈને મઢીએ આવે છે. રામ મરેલા મૃગની ગાંઠડી જમીન ઉપર નાખી દે છે. અધીરા બનેલા રામ આંગણામાંથી સીતાને શોધતા શોધતા ચોપાડમાં જાય છે પણ ત્યાં સીતા મળતી નથી. આથી તેઓ મઢીમાં આવે છે. મઢીનો ખૂણેખૂણો શોધી વળે છે પણ સીતા એકેય ખૂણામાંથી મળતી નથી. તેઓ વિચારે છે, ''જરૂર, સીતાને રાવણ જ હરી ગયો હોવો જોઈએ.'' રામ લક્ષ્મણને કહે છે, ''હું તને તો મઢીએ સીતાની રક્ષા કરવા મૂકીને ગયો હતો અને તું મારી પાછળ પાછળ આવ્યો. કોઈ અહીં આવીને સીતાને જરૂર હરી ગયો લાગે છે. જગતમાં ખોટું કામ થયું.'' સીતા વિહોણી મઢી જોઈને રામની છાતી ભરાઈ આવે છે. તેમની આંખમાંથી બોર જેવડાં આંસુ પડે છે. તેઓ વિલાપ કરતા છાતી કૂટે છે. રામ વિચારે છે, ''જગતમાં આવી પત્ની નહીં મળે. સીતા ચતુર નારી, ઘણા ગુણવાળી હતી.'' લક્ષ્મણ રામને કહે છે, ''ભાઈ, તું ધીરજ ધર. તને બીજી પત્ની પરણાવીશું અને તેનું નામ સીતા રાખીશું!'' રામ કહે છે, ''લક્ષ્મણ, તું ઘણા લક્ષણવાળો છે અને આવું કેમ બોલે છે? બીજી સ્ત્રીને સીતાનું નામ આપવાથી શું થશે? સીતા પાસે ગુણ કેટલા હતા? કેટલાં સારાં લક્ષણોવાળી હતી તે? બીજી સ્ત્રીને સુલક્ષણા કહેવાથી શું થશે? વાડીએ વાડીએ ચંદન વૃક્ષ નહીં મળે. બધા તળાવે કમળ નહીં હોય. તેમ ઘેરઘેર ચતુર નારી નહીં મળે ભાઈ! સીતા વિનાના મને ચાલવાથી ચેન (ઝપ) પડતું નથી અને રાતે ઊંઘ આવતી નથી.'' રામ સીતાને યાદ કરીકરીને આંસુ સારે છે. તે વિચારે છે, ''અષાઢી વાવણી, પહેલો દીકરો અને પહેલી પત્ની જ સુખ આપે. બીજી પત્ની કરીએ તો ફાટ્યા ઉપર થીંગડા જેવું થાય.'' રામ યોદ્ધાને રાતે ઊંઘ આવતી નથી. સીતાની યાદમાં તે સ્વપ્નમાંથી ઝબકીને જાગી જાય છે અને હૈયામાં સીતાને શોધે છે. સવાર થાય છે અને સૂર્ય ઊગે છે. તે લક્ષ્મણને કહે છે, ''ચાલ ભાઈ, આપણે તેને શોધવા માટે જઈએ.'' રામ સીતાનાં પગલાં શોધે છે પણ તેમને કયાંય પગલાં મળતાં નથી. તેઓ નીચે



બેસીને સીતાનાં પગલાં શોધે છે. પણ ક્યાંય પગલાં મળતાં નથી.

રામ અને લક્ષ્મણ હાથમાં ધનુષ્ય અને બાણ લઈને સીતાની શોધ કરતા કરતા વનખંડમાં આગળ વધે છે. આગળ જતાં સીતાનું સતનું પગલું નજરે પડે છે. રામજી સીતાનું કંકુનું પગલું જુએ છે અને તેની પાસે દોડી જાય છે. તેઓ ચરણચિહ્નની પાસે બેસી જાય છે. તેને જોઈજોઈને વિલાપ કરતા આંસુ સારે છે. લક્ષ્મણ પણ ભાભીનું ચરણચિહ્ન ઓળખે છે અને તેનું હૈયું ભરાઈ આવે છે.

આવળ, ખાટી નેંબો અને ખિસકોલી

રામ ભારે હૃદયે લક્ષ્મણ સાથે પપૈયાવનમાં આવે છે. સરસ મજાની વનરાજી છે. ઊંચા ઊંચા સાગ આકાશે અડ્યા છે. રસ્તાની બાજુમાં આવળ ફૂલોથી લચી પડી છે. આવળનાં 'જોવન' જાય છે. ભરયૌવનમાં આવેલી આવળને રામ પૂછે છે, ''હે બાઈ, તેં સીતાને અહીંથી જતાં દેખી છે?'' રામના પ્રશ્નથી આવેશમાં આવેલી આવળ કહે છે, ''હું ભરયૌવનમાં આવી છું! ક્ષણેક્ષણે મારું યૌવન જાય છે. તમે મને શા માટે અવળું બોલાવો છો? તમે શા માટે સમાચાર પૂછે છો? તમે મને ચોકિયે મૂકી હતી? તમે બે પુરુષ છોને? તમે ક્યાં ગયા હતા?'' રામ આવળના ઉત્તરથી વિચારે છે, ''આવળે સીતાને ન જોઈ હોય તો કંઈ નહીં પણ તેણીએ સીધું તો બોલવું હતું?'' રામ તેને શાપ આપતાં કહે છે, ''જા, તારું લગ્ન નહીં થાય! તને વર પરણવા આવશે ત્યારે તારું શરીર કરમાઈ જશે. જેથી વર પરણ્યા વિના પાછો જશે. તું જનમ કુંવારી રહીશ. તારું સદાનું સ્થાન ચમારનો કુંડ રહેશે અને તારાથી તેઓ ચામડાં પકવશે.''

સીતાના સાચા સમાચાર નહીં મળવાના કારણે દુઃખી થયેલા રામ અને લક્ષ્મણ પપૈયાવનમાં આગળ વધે છે. રસ્તામાં 'ખાટી નેંબો' મળે છે. રામ તેને સમાચાર પૂછે છે. ''ભાઈ, તેં અહીંથી સીતાને જતાં જોઈ છે?'' ખાટી નેંબો (ચોમાસામાં થતી એક વેલ કે જેનાં પાન ખાટાં હોય છે) કહે છે, ''તમે બે પુરુષો હતા, તમે બંને શું કરવા ગયા હતા કે જેથી તમારી પત્ની ચાલી ગઈ? હું યૌવનમાં આવ્યો છું અને મારે પરણવાનો સમય જાય છે. તમે આવ્યા તેની વાટે જાઓ.'' ખાટી નેંબોએ યોગ્ય ઉત્તર આપ્યો ન હોવાના કારણે આવેશમાં આવેલા રામ



તેને શાપ બોલે છે, ''તારી સાથે પરણનાર કન્યા ભરયૌવનમાં આવશે અને તારા પગ ઢીલા થઈ જશે. તું અમર કુંવારો રહીશ.''

સીતાની શોધ કરતા કરતા બંને ભાઈ કદળીવનમાં આવે છે. રૂડાં સાલ વૃક્ષો ઊભાં છે. મહુડાનાં વૃક્ષો ઉપર મહુડાં બેઠાં છે. ખિસકોલી બાઈ મહુડાં વીણવા માટે આવ્યાં છે. કદળીવનમાં રામ આગળ ચાલે છે અને લક્ષ્મણ પાછળ ચાલે છે. ભૂખે અને તરસે બંનેનો જીવ જાય છે. મહુડાના વૃક્ષ પર મહુડાં વીણતાં ખિસકોલી બાઈ લાંબી નજરે રામ અને લક્ષ્મણને આવતા જુએ છે. પૂંછડી ઊંચી કરીને આનંદ પામતી કહે છે, ''આજે તો મારા બંને મામા આવે છે.'' ખિસકોલી બાઈ તો ઝટપટ મહુડા ઉપરથી નીચે ઊતરે છે. મામાને સામે જઈને મળે છે, અને બંને મામાની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. બંને મામાને આગળ કરીને મહુડા પાસે લાવે છે. મહુડાની શીતળ છાયામાં બેસાડે છે. ખિસકોલીબાઈ મનમાં વિચાર કરે છે, ''મારા મામા તો બહુ જ દૂરથી આવે છે આથી ભૂખ્યા થયા હશે.'' તે રામ અને લક્ષ્મણને કહે છે, ''મામા, તમે ક્ષેમકુશળ બેસો. હું તમારા માટે ખાવાની વ્યવસ્થા કરું છું. ખાઈએ તેનાથી સેવા!'' આમ વિચારીને ખિસકોલી મહુડા ઉપર ચડે છે અને ઉપરથી મહુડાં વીણીને રામ અને લક્ષ્મણ બેઠા છે ત્યાં નાખે છે. મહુડા ઉપરથી જ કહે છે, ''મામા, તમે ફૂંકી ફૂંકીને ખાજો. નહીં તો બળશો.'' સતિયા ખિસકોલીબાઈએ નાખેલાં વનફળ હેતથી ખાય છે. બંને મહુડાં ખાઈને ધરાઈ ગયા છે. લક્ષ્મણ મામો કહે છે, ''બાઈ, હવે તું નીચે આવ. અમે ધરાઈ ગયા છીએ.'' ખિસકોલીબાઈ તો મહુડા ઉપરથી નીચે આવે છે અને બંને મામા સાથે વાતે ચડે છે. તે રામને કહે છે, ''મામા, તમે સદા જેવા આજે આનંદી નથી લાગતા!'' રામની આંખોમાંથી બોર જેવડાં આંસુ પડે છે. લક્ષ્મણ કહે છે, ''બાઈ, તારી મામીને કોઈ હરી ગયું છે. અમે ઘણા જ દુઃખી છીએ.'' ખિસકોલી સીતાના સમાચાર આપતાં કહે છે, ''કાલે કોઈ સ્ત્રીને ઊડણપાવડી ઉપર બેસાડીને લંકાનો રાવણ આકાશમાર્ગે જતો મેં જોયો હતો. હા, પણ તમે મામા ધીરજ ધરો. આપણી મામી ક્યાંય નહીં જાય. મને વિશ્વાસ છે.'' તેની વાતોથી શાતા પામેલા રામ ખિસકોલીના શરીર ઉપર હાથ ફેરવે છે. તેના શરીર ઉપર રામની આંગળિયોના સાવ સોનાના લીટાઓ(નિશાન) પડે



છે. ખિસકોલી સોનાનું શરીર જોવા લાગી છે. શરીર ઉપર સોનું ચળકે છે. આ સોનું જોઈને ખિસકોલી રામને કહે છે, ''મામા, તમે મારી વાત સાંભળો. આજે તો સતજુગ છે. કાલે કળયુગ(મનુષ્યઅવતાર) આવશે ત્યારે ભીલનાં છોકરાં સોનું લેવાની લાલચે મને જીવતી નહીં મૂકે!'' રામ ખિસકોલીની વાત ઉપર વિચાર કરીને તેના શરીર ઉપરથી સોનું લઈ લે છે. આજે પણ ખિસકોલીના શરીર ઉપર રામની આંગળીઓનાં નિશાન દેખાય છે.

હનુમાન

વહેળાના કિનારે લીલા ઝાડ ઉપર ચડીને હનુમાન આંસુ સારી રહ્યો છે. બીજા 'ચરિયા' વાનરાએ તેની પત્ની ઝૂંટવી લીધી છે અને અંજનીપુત્ર આંખો બંધ કરીને ચોધાર આંસુએ રડી રહ્યો છે. ધારાઓ નીચે સુકાયેલા વહેળામાં પડે છે અને આંસુનું ખાબોચિયું ભરાયું છે. રામ અને લક્ષ્મણ મારગેમારગે આવે છે. રામજીને તરસ લાગી છે. રામ લક્ષ્મણને કહે છે, ''ભાઈ, મને તરસ લાગી છે. મારા માટે પાણી લઈ આવ.'' લક્ષ્મણ રામને રસ્તાના માથે બેસાડે છે, અને તે પાણી લેવા જાય છે. વનખંડમાં લક્ષ્મણ પાણી શોધીશોધીને થાકે છે પણ તેને ક્યાંય પાણી મળતું નથી. હાર્યો-થાકયો લક્ષ્મણ વહેળાના કિનારે આવે છે. એક વૃક્ષની નીચે પાણીથી ભરેલું બોડું દેખાય છે. પાણી જોઈને રાજી થઈ જાય છે. ખાખરાનાં લીલાં પાન તોડીને પડિયો બનાવે છે. આ પડિયામાં પાણી ભરીને લક્ષ્મણ મારગેમારગે રામ પાસે આવે છે અને રામના હાથમાં પાણીથી ભરેલો પડિયો મૂકે છે. રામ પડિયાનું પાણી જોઈ રહે છે. પછી લક્ષ્મણને પૂછે છે, ''ભાઈ, તું કયા કૂવા કે નદીમાંથી પાણી લાવ્યો છે?'' લક્ષ્મણ કહે છે, ''હું તો વહેળામાંથી પાણી લાવ્યો છું.'' રામ કહે છે, ''લક્ષ્મણ, આ નથી તો ગંગાજળ કે નથી તો જમનાનાં નીર કે નથી વહેળાનાં જળ! આ પાણી જમીનમાંથી નથી આવ્યાં. આતો આંખોનાં નીર છે. આ પાણી કોઈ દુ:ખીનાં છે. આંસુને પણ તું પારખી ન શક્યો? મારી સાથે કરેલી તારી બાર વરસની ભકિત નકામી ગઈ!'' લક્ષ્મણ પોતાનો બચાવ કરતાં કહે છે, ''આ ધરતીનાં પાણી છે. હું તો એક મોટા વહેળાના ખાબોચિયામાંથી પાણી લઈને આવ્યો છું.'' રામ કહે છે, ''ભાઈ, બાર વરસ તું



ધૂળમાં ઓળોટ્યો પણ તને પાણીની ખબર પડી નહીં.'' લક્ષ્મણ કહે છે, ''ભાઈ, સીતાના કારણે તું ગાંડો થઈ ગયો છે એટલે તને પાણીની પણ ખબર પડતી નથી! પાણી હું જાતે લઈને આવ્યો છું. એટલે મને તો ખબર છે કે આ વહેળાનું પાણી છે. કાનથી સાંભળેલી વાત કોઈ નહીં માને પણ તું મારી સાથે ચાલ. હું તને સગી આંખે બતાવું.'' હવે લક્ષ્મણ આગળ થાય છે અને રામ તેની પાછળ જાય છે. બંને ભાઈ વહેળાની નજીક આવે છે. વૃક્ષ નીચેના ખાબોચિયા પાસે આવે છે. લક્ષ્મણ ખાબોચિયાનું પાણી બતાવતાં કહે છે, ''હવે તું જો, આ સાચે જ વહેળાનું પાણી છે.'' રામ ખાબોચિયા પાસે આવે છે અને વહેળાનું પાણી જુએ છે. પછી માથું ઊંચું કરીને વૃક્ષ ઉપર જુએ છે. રામને ભાણેજ હનુમાન વૃક્ષ ઉપર નજરે પડે છે. હનુમાનની આંખો બંધ છે અને તેની આંખોમાંથી આંસુની ધારા વછૂટી છે. આ આંસુથી નીચે ખાબોચિયું ભરાયું છે. તે લક્ષ્મણને નજીક બોલાવે છે અને કહે છે, ''તું આ વૃક્ષ ઉપર જો.'' લક્ષ્મણ જુએ છે તો હનુમાન વૃક્ષ ઉપર બેઠો છે. તેની આંખો ઢાળેલી છે. અને આંખોમાંથી ચોધાર આંસુ વહે જાય છે. આ આંસુને કારણે જ નીચે બોડું ભરાયું છે. લક્ષ્મણ વિચારે છે, ''હું લક્ષ્મણ ઘણાં લક્ષણવાળો હતો. ભાઈ કરતાં પણ મારામાં ગુણ વધારે હતા. પણ આજે સાચે જ ભૂલો પડ્યો.'' રામ લક્ષ્મણને કહે છે, ''હનુમાન ઘણો જ શકિતશાળી છે પણ વનમાં વૃક્ષ એકલું ન હજો. હનુમાન માતા અંજનીના પેટ એકલો છે. હવે ભાઈ વિના કોણ ભીડ ભાંગે?'' રામ હનુમાનને સંબોધીને કહે છે, ''ભાણેજ, દુઃખી ન થતો. તારી ભીડ અમે ભાગીશું. પણ એ તો કહે કે, તું કયા દુઃખે આંસુ સારે છે?'' હનુમાન આંખ ખોલીને જુએ છે તો મામા રામ અને મામા લક્ષ્મણ નજરે પડે છે. તે ઝટપટ નીચે આવે છે. રડતો જાય છે અને રામ લક્ષ્મણની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. રામ હનુમાનને ફરીને પૂછે છે, ''કયા દુઃખના કારણે આંસુ સારે છે? ભાણેજ, તારા દુઃખની વાત કર.'' રામનાં વચનો સાંભળીને હનુમાનની છાતી ફાટે છે અને સાયર ઊમટે છે. રડતો જાય છે અને તેના દુઃખની વાત કરે છે, ''મામા, હું માતાના પેટ એકલો છું. એટલે જંગલનાં જાનવર પણ મને ગણતાં નથી. બીજા વાનરાએ મારી પત્ની હરી લીધી છે. આવા સંજોગોમાં હું તેમની



સામે થવા જાઉં છું તો તેઓ મને એકલો જાણીને પૂરેપૂરો મારી નાખવા માટે તૂટે છે.''

સ્ત્રીહરણની વાત આવી ને રામની આંખો ચૂવા લાગી. રામ વિલાપ કરતા છાતી કૂટવા લાગ્યા છે. રામ કહે છે, ''ભાણેજ, તારી મામી સીતાને હું ક્યારેય સૂની મૂકતો નહોતો. અમે બંને ભાઈ વાડીએ ગયા અને મઢીમાં એકલી સીતાને જોઈને રાવણ તેને હરી ગયો છે.'' બંને સમદુઃખિયા ભેગા થઈ વિલાપ કરવા લાગ્યા છે. લક્ષ્મણ બંનેને ધીરજ બંધાવે છે. હનુમાન શાંત થઈને કહે છે, ''મામા, તમે મારી ભીડ ભાગો, તમારી ભીડ હું ભાગીશ.'' રામ કહે છે, ''કઈ યોજના કરવાથી વાનરાનો ટોળો અહીં આવે.'' હનુમાન કહે છે, ''હું ઝાડ ઉપર ચડીને પોરસ કરીશ કે તરત જ બધા વાનરા મને એકલો જાણીને મારવા તૂટશે.'' રામ અને લક્ષ્મણ ઝાડની ડાળીઓની મોટી મજબૂત લાકડીઓ લઈને સંતાઈ જાય છે. હનુમાન એક ઊંચા ઝાડ ઉપર ચડીને પોરસ કરીને 'હૂકાહૂક' કરવા લાગ્યો છે. દૂર વૃક્ષો ઉપર રહેલો 'ચરિયો' વાનરો વિચારે છે, ''એકલો તો છે ને વળી પોરસે ચડ્યો છે અને આપણા સામે ભારત (યુદ્ધ) માંડ્યું છે!'' આમ વિચારીને ચરિયો સરખી જોડીના વાનરોને સાદ દઈને બોલાવે છે. હનુમાન સાથે યુદ્ધે ચડવા વાનરનાં ટોળાં પૂંછડાં ઊંચાં કરીને આવવા લાગ્યાં છે. હનુમાન બધાં ટોળાં આવવા દઈને લડાઈ કરવા માટે દોડતો નીચે આવે છે. હવે હાથમાં લાંબી લાકડીઓ લઈને એક બાજુથી લક્ષ્મણ દોડી આવે છે અને બીજી બાજુથી રામ દોડી આવે છે. બંને ભાઈઓ આવેલા વાનર મહેમાનોને કૂટવા લાગે છે. આ બાજુ આવે તો લક્ષ્મણ મારે છે અને પેલી બાજુ જાય તો રામ કૂટે છે. સામેની બાજુ જાય તો હનુમાન ઝૂડે છે. વનમાં વાનરાઓને માથે 'ઠોર' ઊડે છે. બધા જ વાનરાઓનો દેખાવ એકસરખો હોવાના કારણે હનુમાનને પણ એક બે લાકડીઓ પડે છે. હનુમાન બરાડી ઊઠે છે, ''મામા, મને પણ તમે તો ભેગો કૂટવા લાગ્યા છો.'' રામજી કહે છે, ''તું દોડતો યુદ્ધમેદાનમાંથી બહાર જા. તારા મોઢા ઉપર અને હાથેપગે નિશાનીઓ કરીને આવ. તું પણ બધા વાનરા જેવો જ લાગે છે. લડાઈના જુસ્સામાં અમે તને ઓળખી શકતા નથી.'' હનુમાન કહે છે, ''વનની બધી જ વનરાજી લીલી છે. શાના વડે હું મારું મુખ



કાળું કરીને નિશાની કરું?'' રામ ધનુષ્ય ઉપર તીરનું સંધાન કરીને છોડે છે. અગ્નિ પ્રગટે છે અને ટીમરાનું ઝાડ સળગે છે. હનુમાન ટીમરાના સળગી ગયેલા ઝાડ પાસે જાય છે, અને તેના કોલસાથી મુખ અને હાથપગ કાળાં કરે છે. તે ફરીને ટોળામાં આવે છે અને વાનરાઓને 'ભૂહભૂહ' કૂટવા લાગે છે. માર ખાઈખાઈને થાકી અને હારી ગયેલા વાનરા હનુમાનની વાનરીને છોડીને ઊભાં પૂછડાં કરીને પર્વતો ઉપર ચડી જાય છે. સતિયા હનુમાનને કહે છે, ''એ..ભાણિયા..! લે.. આ તારી વાનરી.. અહીં કોઈ જગાએ મઢી છે કે? હવે અમે સીતાની વહારે જઈએ.'' હનુમાન કહે છે, ''તમે મારી ભીડ ભાગી. હવે હું તમારું દુઃખ દૂર કરું. તમે ઘેર જાઓ અને હું મામીની વહારે લંકામાં જાઉં છું.'' રામ કહે છે, ''હનુમાન, આપણે સૌથી પહેલાં લાવલશ્કર મેળવીએ અને બધા સાથે જ લંકામાં જઈએ.'' તેઓ લંકામાં જવા માટે લાવલશ્કર એકઠું કરે છે. રામ, લક્ષ્મણ અને હનુમાન મોટા લશ્કર સાથે લંકા તરફ જવા લાગે છે. તેઓ એક ખંડ મૂકીને બીજા ખંડમાં થઈને દરિયાકિનારે આવે છે. લંકાની આડે વિશાળ દરિયો જોઈને બધા 'ડગમગ' ઊભા રહી જાય છે. બધે જળ, જળ ને જળ ભરેલું છે! લંકા વચ્ચે તો ઊંડો સમુદ્ર ભરેલો છે. કઈ દિશામાં લંકા છે તેની પણ ખબર પડતી નથી. બધે 'જળુકાર' જ દેખાય છે. હનુમાન રામને કહે છે, ''હું સૌથી પહેલાં એકલો જઈને લંકા જોઈ આવું ત્યાર પછી લશ્કર લઈને સાથે જઈએ.'' રામ કહે છે, ''ઘણો જ લાંબો અને ઊંડો સમુદ્ર છે. તું એક કૂદકે સામે કિનારે જઈ શકીશ નહીં. અહીંથી પોરસ કરીને છલંગ માર અને હું તારી પાછળ તીર છોડું છું. જયાં તીર સ્થિર થાય ત્યાં ઘડીએક ઊભો રહીને વિરામ કરજે.'' રામ બાર મણના ધનુષ્ય ઉપર તેર મણના તીરનું સંધાન કરે છે. હનુમાન ઘણું જ પોરસ કરીને સમુદ્ર ઉપર કૂદે છે અને સડસડાટ જળ ઉપર આગળ વધે છે. હનુમાન સમુદ્રની અધવચ્ચે આવવા લાગે છે અને રામને લાગે છે કે હનુમાન થાકવાની તૈયારીમાં છે. રામ શરીરનું બધું જ બળ એકઠું કરીને પણછ ઉપર તીર ખેંચીને છોડે છે. તીર સમુદ્ર ઉપર સડસડાટ આગળ વધે છે, અને સમુદ્રની અધવચ્ચે સ્થિર થાય છે. હનુમાન તીરની નજીક આવે છે અને તેની ઇન્દ્રી 'ખલે' છે. વીર્ય સમુદ્રમાં પડે છે. સમુદ્રમાં પડેલું વીર્ય એક માછલી ગળી જાય



છે. તેનો જળનો યોદ્ધો (મકરધ્વજ)જન્મે છે. હનુમાન તીરના ફણા ઉપર ઘડીક વિરામ લઈને ફરીને પોરસ કરીને છલંગ મારે છે. લંકા તો પાછળ રહી જાય છે અને તે પરલંકામાં જઈને પડે છે.

સીતા લંકામાં

રાવણે સીતાને ઊડણપાવડીમાં ઊંચકી લીધી અને બંને 'સ્વર્ગાંપવનાં'માં આવે છે. પાંખે પર્વતો ઊડે છે અને મારગેમારગે લંકા તરફ જાય છે. બાર દિવસ વિમાન ચાલે છે અને ઊંડા ભરેલા સમુદ્રને મારગે રાવણ સીતાને લઈને લંકામાં આવે છે. વિમાન ઘૂમરી લઈને માણેકચોકમાં ઊતરે છે. રાવણ અને સીતા ઊડણપાવડીમાંથી બહાર આવે છે. રાવણ સીતાને કહે છે, ''રાણી, આપણા સરસ મજાના વાદળમહેલ છે. તને રાજમહેલમાં સારું લાગશે.'' રાવણનાં વચનો ઉપર ધ્યાન નહીં આપતી સીતા મનમાં આંસુ સારે છે અને વિચારે છે, ''વનખંડમાં મારો રામ શું કરતો હશે?'' તે હૃદયમાં રામનું નામ લે છે. રાવણને કહે છે, ''રાવણ, બાર દિવસ વિમાન ચાલ્યું. આખો દરિયો ઓળંગ્યો. હવે તો હું વનખંડમાં જઈ શકવાની નથી. હું તારી રાણી અને તું મારો રાજા! પણ મારા પિતાએ પરણાવી તે દિવસથી વનખંડમાં રહી છું. રાજમહેલમાં પણ મને વાડી જ ગમે. હું તો ફૂલોની સોડમ વિના રહી શકતી જ નથી. બાગમાં લીલી પાંખોના સૂડા ઊડે, મોરિયા લવે, અને કાળી પાંખોના ભમરા ગુંજે. આવા બાગમાં જ મને તો સોહામણું લાગે. વાદળમહેલમાં તો હું પરણ્યા પછી રહી જ નથી. મને અત્યારે તો વાડી વિના ફાવે જ નહીં. માટે મને સવા મહિનો હરિયા બાગમાં મૂક. પછી હું જાતે જ રાજમહેલમાં આવીશ.'' રાવણ વિચારે છે, ''હું તેને ઘણે દૂરથી લંકાગઢમાં લઈ આવ્યો છું. હવે તે કયાં જવાની છે? આજે નહીં તો કાલે તે મારી જ રાણી બનશે, આ વાત બિલકુલ સાચી!'' હવે દસ માથાં અને વીસ હાથવાળો રાવણ સરદારોને સાદ પાડે છે અને 'વાજમી' વહેલ તેડાવે છે. વહેલ આવે છે અને વહેલમાં બેસાડીને સીતાને વાડીમાં લાવે છે. સીતા ચંપાની છાયામાં આવે છે. સીતા બાગને જુએ છે. રૂડો હરિયો બાગ ખીલ્યો છે. કેતકી, કેવડા, મરવા, મોગરા, જૂઈ, જાસુદ–વાડીના છોડ ફૂલોથી લચી પડ્યા છે. સીતા બાગને



જોઈને વિચારે છે, ''ખાધા અને પીધા વિના બેસી રહીએ એવો સોહામણો બાગ છે.'' સીતા ચંપાની છાયામાં બેસીને વિચારે છે, ''દસ માથાં અને વીસ હાથવાળો રાવણ ઘણો જ શકિતશાળી યોદ્ધો છે. કોઈ દિવસ તેનું મન ચૂક કરી બેસે તો અત્યાર સુધીની મારી પતિભકિત પાણીમાં જાય. મારે રાવણથી બચવા માટે કંઈક તો કરવું પડશે.'' આમ વિચારી સીતા આજુબાજુથી પથ્થરો એકઠા કરે છે અને ઊભી રહી દૂંટી સુધી પથ્થરો ગોઠવે છે. શીલ સાચવવા સીતા અડધા શરીર સુધી પથ્થરોમાં સમાય છે. તેણી હાથમાં રામના નામની માળા લે છે. તેને રામની યાદ આવે છે અને રામને યાદ કરીને મનમાં રડે છે. સીતા વિચારે છે, ''રામ પણ મને યાદ કરીને રડી રડીને મરતો હશે.'' તેને દિયર લક્ષ્મણની પણ યાદ આવે છે. સીતા વિચારે છે, ''મારો લાડમિયો દિયર પણ વનમાં રહી ગયો.'' સીતાને પોતાની મઢી, કૂવો અને વાડીની યાદ આવે છે અને ચોધાર આંસુએ રડવા લાગે છે. તેણી પોતાને દોષ દેતી વિચારે છે, ''હાય રે હાય! મેં પાટલો મૂકીને ભિક્ષા ન આપી હોત તો આટલે દૂર સુધી આવવું શીદને પડત? પણ થયું તે થયું. મારો રામ મને અવશ્ય છોડાવશે જ. તે ગમે તે રીતે અહીં સુધી આવ્યા વિના રહેશે નહીં. તેની આશાએ તો મેં સવા મહિનાનું વ્રત લીધું છે.''

ભંજની (હનુમાન પરલંકામાં)

હનુમાન પાછળ ફરીને લાંબી નજરે જુએ છે અને વિચારે છે, ''ઓહો! લંકા તો પાછળ રહી ગઈ અને હું પરલંકામાં આવી ગયો. લંકાથી તો હું ઘણો જ આગળ નીકળી ગયો.'' તે થોડીક ક્ષણો ઊભો રહે છે અને વિચારે છે, ''પરલંકામાં મારી માસી ભંજની (ભાંજણી) રહે છે. આટલે સુધી આવ્યો છું તો લાવ, તેને પણ મળતો જાઉં. તે મારી માની એકની એક બહેન છે. ઘણે જ દૂરથી આવ્યો છું. ભૂખ્યો થયો છું. માસીને ઘેર જમી પછી લંકામાં જાઉં.'' તે જે મારગે આવી રહ્યો છે તે જ મારગે તેની માસી ભંજની પાણી ભરવા માટે સામે આવી રહી છે. માસી સામે ચાલી આવતા હનુમાનને જુએ છે અને નવાઈ પામતી વિચારે છે, ''ઓહો! આજે તો મારી માજણી બહેનનો દીકરો હનુમાન આવી રહ્યો છે ને! તે અહીં



કેવી રીતે આવ્યો હશે? ઓ બાપા! આવડો મોટો દરિયો તેણે કઈ રીતે ઓળંગ્યો હશે? તેણે પરલંકાની વાટ કઈ રીતે શોધી કાઢી હશે?'' હવે તેણી આગળ ચાલીને હનુમાનને મળવા જાય છે. ભંજની હર્ષઘેલી બની તેને ભેટે છે, અને હનુમાનને આગળ કરીને પોતાને ઘેર લાવે છે. ભમરઢોલિયો ઢાળે છે, અને કાબરી-પટોરી હીરખિયો પાથરે છે. ઘણા જ માન સાથે માસી ભાણિયાને ઢોલિયાના અગ્રભાગે બેસાડે છે. ભંજની પહેલી વખતે પરલંકામાં આવેલા ભાણિયા સાથે વાતે ચડે છે. તેને પ્રશ્નો કરે છે, ''દીકરા! તને એકાએક માસીની યાદ કેમ આવી? તું તો ઘણો જ મોટો થઈ ગયો છે ને? પણ તને આ વેરીવાળી વાટ કોણે બતાવી?'' હનુમાન કહે છે, ''મામો રામ અને મામો લક્ષ્મણ વનખંડમાં રહેતા હતા. એક દિવસ બંને વાડીએ ગયા અને આ તરફ રાવણ આવ્યો. સીતા મામીને એકલી જોઈને હરી ગયો. હું મામીની વહારે આવ્યો છું.'' માસી કહે છે, ''રામ અને લક્ષ્મણ મારા જ ભાઈ છે. આ કામ તો એ યોદ્ધાઓનું છે. તું શા માટે મરી જવા આવ્યો છે? રાવણને તારી જાણ થશે તો તને પૂરેપૂરો મારી નાખશે દીકરા!'' માસીના બોલ સાંભળતાંની સાથે તો હનુમાનને પગની પાનીથી રીસ ચડે છે ત્યાંથી માથાની ચોટીએ જઈ ભડાકો થાય છે. હનુમાન ભંજનીને કહે છે, ''માસી, આવી વાતો તું મને કરીશ નહીં. રાવણ તો મારા માથાની જૂ છે જૂ!'' ''દીકરા, રાવણને તેં જોયો નથી. તેને તો દસ માથાં અને વીસ હાથ છે! તે દસ મોઢે બોલે છે અને એકી સાથે વીસ હાથે લડે છે. બોલ દીકરા, તું એને શું કરી શકીશ?'' હનુમાન કહે છે, ''માસી, રાવણના પરાક્રમની વાતો હવે જવા દે.'' ભંજની કહે છે, ''દીકરા, તું મારી એકની એક બહેનનું એક સંતાન છે. તું રામની વાતોથી ભોળવાઈને અહીં આવ્યો છે.'' ''માસી, કાલ સવારે લંકામાં શું બને છે તે તું સાંભળજે. હું અત્યારે તો ઘણે જ દૂરથી આવું છું. ભૂખ્યો થયો છું. ઘરમાં કંઈ ખાવાનું હોય તો મને આપ.'' ભંજની ભાણિયાને કહે છે, ''અહીં બેસ દીકરા, મારે પાણિયારે નિર્મળ નીર ખૂટ્યાં છે. સરઝા વાવે પાણી ભરીને આવું છું. પછી તને રાંધીને જમાડું છું.'' સરઝા વાવે પાણીએ જતાં માસી વિચારે છે. ''ભાણિયો ઘણો જ અળવીતરો છે. તે સ્થિર બેસી રહેશે નહીં. અહીં પણ કંઈ ને કંઈ પરાક્રમ કરશે જ!'' આમ વિચારીને ભંજની હનુમાનના પગે કાચા સૂતરનો દોરો બાંધે



છે. ત્યાર પછી મરવાની ઉઢાણી માથે મૂકી ઉપર માટીનો ઘડો મૂકે છે અને ધરમર ધરમર વાદળમહેલ ઊતરે છે.

હનુમાનને માસીના મહેલે બેઠેબેઠે ચેન પડતું નથી. તે વિચારે છે, ''માસી રે મારી કેવી છે! મારા પગે કાચો દોરો બાંધી ગઈ. માસીએ મને કેવો ગણ્યો? આખો દરિયો ઓળંગતાં લંકા તો પાછળ રહી ગઈ અને છેક પરલંકામાં પડ્યો તો પણ ભાણિયાને ઓળખી શકી નહીં. હવે હું વળી તેના કાચા દોરાથી બંધાઈને અહીં જ બેસી રહીશ?'' માસી દેખાતી બંધ થઈ છે અને હનુમાન આળસ મરડીને ઊભો થાય છે. પોરસ કરીને કૂદે છે. તે સ્વર્ગે પહોંચે છે પણ પગે બાંધેલો દોરો તો તૂટતો જ નથી. તે ફરીને પૃથ્વી ઉપર આવે છે. નીચે પાતાળ તરફ પોરસ કરીને કૂદે છે તો છેક પાતાળમાં જાય છે. પણ માસીનો બાંધેલો દોરો તો સાથે ને સાથે જ છે. અંતે હારી- થાકીને હનુમાન પાતાળમાં બેસી પડે છે.

માસી પાતાળ વાવમાં પાણીનાં બેડાં માથે મૂકીને મારગે મારગે ઘેર આવે છે. બેડાં ઉતારીને પાણિયારે મૂકે છે. હવે ભંજની ભૂખ્યા થયેલા ભાણિયાને મહેલમાં શોધે છે પણ હનુમાન કયાંય દેખાતો નથી. આખો મહેલ જોઈ લીધા પછી હનુમાનને બોલાવવા માટે સાદ દે છે. પાતાળમાં બેઠોબેઠો હનુમાન પ્રતિસાદ દે છે અને માસી સાથે વાતો કરે છે. હનુમાન કહે છે, ''હું તો પાતાળમાં બેઠો છું. અહીં બેસી તારો દોરો તપાસી જોતો હતો. માસી તમારો દોરો તો ઘણો જ મજબૂત છે!'' હસતી હસતી ભંજની હનુમાનને પાતાળમાંથી બહાર કાઢે છે. ભંજની હનુમાનને પલંગના અગ્રસ્થાને બેસાડતાં કહે છે, ''તું ઘડી એક બેસ, તારા માટે ભોજન બનાવું છું.'' માસી હનુમાન માટે બત્રીસ-તેત્રીસ પ્રકારનાં ભોજન બનાવે છે. સોનગરા થાળમાં ભોજન કાઢે છે અને હનુમાનને પાણી આપતાં કહે છે, ''ભાણિયા, ભાવતાં ભોજન જમી લે. ઘણો દૂર-નવખંડમાંથી આવ્યો છે.'' હનુમાન ઝટપટ ભોજન કરે છે અને જમીને ઊભો થાય છે. તે જવાની તૈયારી કરતાં કહે છે, ''માસી, ઘણા માન સાથે આ પરલંકામાં બેસ. મારે મામીની શોધ માટે લંકામાં જવું છે.'' માસી તેને ફરીને સમજાવતાં કહે છે, ''ભાણિયા, હજી હું તને ચેતવું છું કે તું લંકા જાય તો ભલે જા. રાવણનું રાજ્ય ઘણું જ આકરું છે.'' હનુમાન ભંજનીનું કહ્યું માનતો નથી. તે કહે છે, ''માસી,



હવે મારી ચિંતા છોડી દે અને મારા પગે બાંધેલો દોરો છોડીને મને મુકત કરી દે. વિલંબ કરવાથી મોડું થાય છે.'' ભાણિયાનો મક્કમ નિર્ધાર જાણીને માસી હનુમાનને પગે બાંધેલો દોરો છોડીને મુકત કરે છે અને લંકા તરફ જતા હનુમાનને આશીર્વાદ આપતાં કહે છે, ''તું લંકાની વાટે ક્ષેમકુશળ જજે.''

હનુમાન લંકામાં

હનુમાન મારગેમારગે લંકાની વાટે જાય છે અને લંકાગઢમાં પ્રવેશે છે. લંકાગઢમાં સીતાની શોધ આદરે છે. સૌથી પહેલાં તે રાવણના વાદળમહેલની નજીક આવીને ઊભો રહે છે અને વિચારે છે, ''મારી મામી આ મહેલના કોઈ ખૂણામાં ગણગોર થઈને બેસી હશે.'' હવે તે આ મહેલની તપાસ આદરે છે. મહેલનો ખૂણેખૂણો, અગાસીઅગાસી અને બારીબારી જોઈ વળે છે પણ કોઈ સ્થાને તેને સીતા દેખાતી નથી. હનુમાન વિચારમાં પડી જાય છે, ''રાવણે સીતાને કયા સ્થાને સંતાડી હશે?'' હનુમાન સીતાની શોધ માટે એક મહેલથી બીજા મહેલે અને બીજા મહેલથી ત્રીજા મહેલે ભટકી ભટકીને થાકે છે પણ તેને કયાંય સીતાની ભાળ મળતી નથી. અંતે હનુમાન વિચારે છે, ''સીતા તો ઘણી જ ચતુર હતી. કદાચ તે રાવણના મહેલમાં ગઈ પણ ન હોય.'' તે મહેલનું સ્થાન છોડીને મારગે મારગે વાડીમાં આવે છે. રૂડો હરિયો બાગ ફૂલ્યો છે. મરવા, મોગરા, ચંપા, કેવડા મહેંકે છે. હનુમાન બાગમાં સ્થળે સ્થળે શોધે છે, પણ સીતા મળતી નથી. હવે તે સીતાને શોધવા એક ઊંચા વૃક્ષ પર ચડે છે અને ચારે બાજુ જુએ છે. પણ સીતા કયાંય દેખાતી નથી. હનુમાન એક ઝાડથી બીજું ઝાડ થેકતો અને ઊંચે ને ઊંચે વૃક્ષો ઉપર ફરતો ફરતો એક મોટા ચંપાના વૃક્ષ પર આવે છે. ઉપર ચંપો ફૂલોથી લચી પડ્યો છે અને નીચે સીતા નાભિ સુધી પથ્થર ગોઠવીને હાથમાં માળા રાખીને રામનું નામ રટતી આંખો ઢાળીને બેઠી છે. હનુમાન સીતાને જુએ છે અને ઘણો જ હર્ષિત થાય છે. તે થોડીક ક્ષણો સીતાનું ભકિતરૂપ જુએ છે અને ધીમે રહીને તેના ખોળામાં રામે આપેલી મુદ્રિકા (મુદરખા) નાખે છે. સીતા વિચારે છે, ''ખોળામાં ચંપાનું ફૂલ પડ્યું લાગે છે.'' આમ વિચારીને તે આંખો ખોલીને જુએ છે તો ખોળામાં રામની વીંટી દષ્ટિમાં આવે છે. વીંટી હાથમાં લઈને



વિચારે છે, ''રામ તો ઘણે દૂર વનખંડમાં રહી ગયા. તેમની મુદ્રિકા અહીં કેવી રીતે આવી? જરૂર રામ મારી યાદમાં રડી રડીને મરી ગયા હશે! તેમના શરીરને આરોગીને કોઈ જંગલી પક્ષી અહીં આવ્યું હશે, નહીં તો આ મુદ્રિકા અહીં ક્યાંથી?'' સીતા માથું ઊંચું કરીને જુએ છે તો ચંપાના ઝાડ ઉપર હનુમાન દૃષ્ટિમાં આવે છે. સીતાને જોઈને હનુમાન નીચે આવે છે. સીતા હનુમાનને પૂછે છે, ''ભાણેજ, તને આ વીંટી ક્યાંથી મળી?'' ''મામી, હું તો તને શોધવા માટે આવ્યો છું.'' ''દીકરા, તું આવ્યો તો ભલે આવ્યો પણ તારો મામો શું કરે છે તેની વાત કર.'' ''મામો તો તારી યાદમાં એક ઝાડથી બીજે ઝાડ દોડતો રડીરડીને ઝાડ થઈ ગયો છે! અને તું છે તે અહીં લંકા સુધી આવી પહોંચી છે.'' હનુમાનના બોલથી સીતાને રામની યાદ તીવ્રતાથી આવે છે અને તેની આંખોમાંથી આંસુની ધારાઓ વછૂટે છે. તેણી કહે છે, ''તું જો તો ખરો, અહીં મારી કેવી દશા થઈ છે! મારા રામને માટે મારું સત જાળવવા હું નાભિ સુધી પથ્થરમાં સમાઈ છું, પણ દીકરા, એટલું કહે કે તું આટલે દૂર લંકામાં દરિયો ઓળંગીને કઈ રીતે આવ્યો?'' હનુમાન કહે છે, ''રામ અને તારા માટે સમુદ્ર ઠેકીને અહીં સુધી આવી પહોંચ્યો છું.'' સીતા કહે છે, ''ભાણેજ ધીમેધીમે બોલ. રાવણ જાણશે તો તને પૂરો મારશે.'' સીતાનાં વેણ સાંભળીને હનુમાનને પગની પાનીથી રીસ ચડે છે ત્યાંથી માથાની ચોટીમાં પહોંચીને ભડાકો થાય છે. ક્રોધમાં તેના શરીરના વાળ ઊભા થઈ જાય છે. તે સીતાને કહે છે, ''રાવણને વળી કોણ ગણે છે? રાવણ તો મારા માથાની જૂ છે! પણ મામી, અત્યારે બીજી વાત જવા દે. મને ઘણી જ ભૂખ લાગી છે. ઠંડું કે ગરમ જે કંઈ ખાવાનું હોય તે મને આપ.'' સીતા કહે છે, ''દીકરા, મારી સામે તો જો? આ વાડીમાં હું તને ઠંડું કે ગરમ શું ખાવાનું આપું? અહીં તો વનફળ સિવાય બીજું કશું નથી.'' હનુમાન કહે છે, ''મામી, ચાલ ત્યારે હું વાડીમાં જઈને વનફળ ખાઈ આવું.'' સીતાની આજ્ઞા લઈને હનુમાન ફળના બાગમાં આવે છે. ખાટાં અને કાચાં ફળ તોડી નાખે છે અને પાકાં પાકાં ફળ ખાય છે. ફળોથી સંતૃપ્ત થયેલો હનુમાન કેળાં અને જામફળનાં ઝાડ ઉખાડી ઊંચકીને ફેંકવા લાગે છે. ઉખાડેલાં બધાં વૃક્ષોનાં મૂળ આસમાન તરફ કરે છે અને થડ તથા ડાળીઓને પાતાળ તરફ કરે છે. આખો બાગ ઉજાડીને બાગનું મેદાન કરી નાખે



છે. બગીચાની મધ્યમાં એક ચંપાનું વૃક્ષ ઊભું રહેવા દે છે અને થડમાં એક બખોલ ખોદે છે. તે બખોલમાં દાખલ થઈને મુખ બહાર રાખે છે અને ચંપાની છાયામાં સૂતો સૂતો વાનરની માફક બોલવા લાગે છે.

પીળિયાં પ્રભાત થયાં અને રાવણના રાજનો માળી અને માળણ ફૂલ વીણવાની તૈયારી કરે છે. માળણ મરવાની ઉઢાણી માથે મૂકીને ઉપર સોનાની છાબ મૂકે છે. માળી ફૂલ પાડવા માટે હાથમાં રૂપાનો અંકોડો લે છે. બંને મારગે મારગે વાડીમાં આવે છે. વાડીના દ્વારે આવીને જુએ છે તો આખી વાડી ઉજ્જડ બની ગઈ છે. ચંપાની છાયામાં બેસેલા હનુમાન દાંત કાઢે છે (અટ્ટહાસ્ય કરે છે). માળી અને માળણ વિચારે છે, ''બાપા! વળી આ કયું જનાવર આવ્યું છે?'' બીકના કારણે માળણના માથેથી સોનાની છાબ પડી જાય છે. વિચિત્ર પ્રાણીના ભયથી થરથર ધ્રૂજતા માળીના હાથમાંથી રૂપાનો અંકોડો નીચે પડી જાય છે. બંને પાછા પગે ભાગવા લાગે છે. તેઓ દોડતાં દોડતાં નીચે પડે છે. ઊભાં થાય છે અને પાછળ જોતાં જોતાં દોડે છે. માળણ અને માળી ઝડપથી પગથિયાં ચડીને કચેરીમાં આવે છે. તેઓ રાવણની સામે જઈને નીચે પડે છે અને આળોટી આળોટીને રડે છે. રાવણ પૂછે છે, ''તમે કેમ રડો છો? રડવાનું કારણ તો કહો?'' તે આશ્વાસન આપતાં કહે છે, ''તમે રડવાનું છોડીને શું બન્યું છે તેની વાત કરો.'' માળણ કહે છે, ''સદા તો ફૂલોની માળા પહેરતા હતા પણ હવેથી આકડાના ફૂલોની માળા પહેરજો.'' માળી અને માળણ રાવણ સામે જોઈને ઊભાં ઊભાં ઝૂરે છે.

વાદળમહેલમાં સોનાના ખાટહિંડોળે બેઠી બેઠી મંદોદરી (મડાવરી) માળણ અને રાવણની વાત સાંભળે છે ને તરત જ વાદળમહેલમાંથી કચેરીમાં આવે છે. તેના આવવાથી માળી અને માળણને થોડી ધીરજ બંધાય છે. આથી તેઓ આગળ વાત કરે છે, ''ગજબ થઈ ગયો! હરિયા બાગને તો કોઈકે ઉજ્જડ ખેતર કરી નાખ્યું છે.'' માળણ અને માળીની વાત સાંભળીને મંદોદરી કહે છે, ''તારા મહેલમાં હું રાણી જેવી રાણી તો હતી અને વળી તું બીજી લઈ આવ્યો. કાલનો કોઈ યોદ્ધો આવ્યો છે. તેણે તો આખો હરિયો બાગ ભેળી નાખ્યો છે. તે આપણા બધા મહેલ ફરી ફરીને જોતો હતો. તેને જોઈને હું એટલી બધી તો ડરી ગઈ કે



આપણા મહેલનાં કમાડ જ બંધ કરી દીધાં.'' મંદોદરી આગળ મહેણાં મારતી કહે છે, ''તું તો નવી લાડીએ આવ્યો છે પણ કાલે તો આખો દરિયો ઓળંગી કોઈ રામનું જાનવર આવ્યું છે. તે આપણા મહેલો ઉપર ચાલતું હતું અને બારીએ અને અગાસીએ કંઈક શોધતું હતું. મને તો જોરાવર યોદ્ધો લાગે છે. હું તો તેને જોવા માત્રથી જ ગભરાઈ ગઈ. જેથી કમાડ જ બંધ કરીને મહેલમાં સંતાઈ ગઈ.''

હવે રાવણ સૈનિકોને આદેશ આપતાં કહે છે, ''સરદારો, તમે હરિયા બાગને ચોતરફથી ઘેરી લો.'' રાવણના આદેશથી સરદારો હાથમાં ઢાલ-તલવાર અને તીર-કામઠાં લઈને હરિયા બાગને અવળીતવળી 'વેંટ' પાડીને ઘેરી લે છે. તેઓ જેમજેમ નજીક આવે છે તેમતેમ હનુમાન પોતાના પૂંછડાનો વીંટો પાડીને ઉપર બેસે છે. તેઓ તદ્દન નજીક આવે છે, ત્યારે તો હનુમાનના પૂંછડાનો વીંટો રાવણના વાદળમહેલ જેવડો મોટો થાય છે ને તેના ઉપર હનુમાન વિરાજે છે. હનુમાનનું આ વિરાટરૂપ જોઈને રાવણ વિચારમાં પડી જાય છે. તે વિચારે છે, ''આ વાનરાને મારવો સહેલો તો નથી જ. આ માટે સાતમા પાતાળમાં સૂતેલા કુંપખાંન (કુંભકર્ણ) અને ભભીખાંન (વિભીષણ)ને જગાડવા પડશે. તેઓ જ ખાંડાના એકએક ઝટકે આ વાનરાના ટુકડા કરી શકશે.'' હવે તે સૈનિકોને આદેશ આપતાં કહે છે, ''સૈનિકો, તમે ઝટઝટ સાતમા પાતાળમાં જાઓ અને કુંભકર્ણ-વિભીષણને જગાડી લાવો. સાથે ઘણ પણ લેતા જજો.'' એક સૈનિકને કહેતાંની સાથે તો પંદર સૈનિકો ઊભા થાય છે, અને 'ધરમર ધરમર' પાતાળનાં પગથિયાં ઊતરે છે. તેઓ સાતમા પાતાળમાં પહોંચે છે. માથામાં મોટા ઘણના બાર બાર ફટકા મારે છે ત્યારે બંને ભાઈ આળસ મરડીને બેઠા થાય છે. તેઓ જેવા જાગે છે કે તરત જ સૈનિકો કુંભકર્ણ અને વિભીષણને રાવણનો આદેશ કહી સંભળાવે છે. બંને ભાઈ ઊભા થાય છે અને હાથમાં ઢાલ અને 'વીજીહણ' ખાંડાં લે છે અને લંકામાં આવે છે. ઊંચે બેઠેલા હનુમાન હવે વિચારે છે, ''આ બંને આવ્યા છે, તેઓ કયાં પરાક્રમ કરે છે તે તો હું જોઉં!'' હનુમાન બંને વચ્ચે ચાર પગે થઈને ઊભો રહે છે. બંને ભાઈ વિચારે છે, ''આપણ બંનેને જોઈને આ વાનર તરત જ નીચે ઊતરી આવ્યો છે. તે પણ કદાચ આપણા બંનેનો સામનો



કરવાની તૈયારી કરતો લાગે છે. આમ વિચારીને બંને સાવધ થાય છે અને હનુમાનની સામે સામે ઊભા રહે છે. હનુમાન પોતાની ગરદન લાંબી કરીને તેમની સામે ધરે છે અને રામનું સ્મરણ કરતાં મનમાં કહે છે, ''વનખંડનું રાજ કરવાવાળા રામ, મારી મદદે આવજે! હું હમણાં જ આખી લંકા ફૂટી બાળીને તારી પાસે પાછો આવું છું.'' હવે કુંભકર્ણ અને વિભીષણ હનુમાનની ગરદન ઉપર બરાબર નજર રાખીને વીજળાહણ ખાંડાના સામસામા ઝટકા કરે છે અને હનુમાનની ગરદનના અઢી વાળ મહા મુસીબતે કપાઈને નીચે પડે છે. હવે બંને ભાઈ 'વીજળાહણ' ખાંડાં જમીન ઉપર નાખીને સામસામે બેસીને રડવા લાગે છે. હનુમાન તેમનાથી અવળી દિશામાં ફરીને પોક મૂકીને રડવા લાગ્યા છે. થોડે દૂર ત્રણ જણને ઘેરીને ઊભું રહેલું રાવણનું લશ્કર આશ્ચર્યથી આ ત્રણને રડતા જોઈ રહે છે. થોડા સમય પછી ત્રણ જણ રડતા છાના રહે છે, અને રડવાનાં એકબીજાને કારણ પૂછે છે. હનુમાન ધીમે રહીને પૂછે છે, ''તમે બંને તો મને કાપી નાખવા આવ્યા હતા, અને કેમ રડો છો?'' કુંભકર્ણ કહે છે, ''વાનર, અત્યાર સુધી તારા જેવા તો 'વીજળાહણ' ખાંડાથી અનેકને ઝટકાવી નાખ્યા. બારબાર વર્ષના પાડાના તો એક જ ઝાટકે ચારેચાર પગ જુદા કરતા પણ આજે આખી લંકાનાં પ્રજાજનો જોઈ રહ્યાં છે અને અમારા બંનેના વાર ખાલી ગયા. અમે તને કશું જ કરી શક્યા નહીં. પછી રડીએ નહીં તો શું કરીએ? પણ તારે રડવાનું શું પ્રયોજન છે?'' હનુમાન રડવાનું કારણ દર્શાવતાં કહે છે, ''હું એટલા માટે રડી રહ્યો છું કે આજે જીવનમાં પહેલી વખતે મારી ગરદન ઉપરથી અઢી વાળ કપાયા છે! હું વનનો રાજા! ઘણાં વર્ષોથી વનનું રાજ કરતો હતો. મારો કોઈ વાળ વાંકો કરી શકતું નહોતું. મારા આટલા વાળ ખેરવનારા જીવનમાં મારા માટે પહેલા જ છો. આટલા બધા જોરાવર છો તે તો આજે મેં તમને પહેલા જ જોયા. પછી હું રડું નહીં તો શું કરું?''

કુંભકર્ણ અને વિભીષણની અસહાય પરિસ્થિતિ જોઈને રાવણ તેમની પાસે આવે છે. હનુમાન રાવણને કહે છે, ''રાવણ, તું મારી વાત સાંભળ. તેં જોયું કે હું કોઈનો માર્યો મરતો નથી. પણ હું કઈ રીતે મરું તેની વાત માંડીને કહું છું તે તું કાન દઈને સાંભળ. હું તલવારથી નહીં મરું કે તીરથી પણ નહીં મરું.



વીજળીહણ ખાંડાં એક સાથે પંદર પડે તો પણ મને કાપવા માટે શકિતમાન નથી. પણ જો તારે મને મારવો જ હોય તો હું કહું તેમ કર. બાર ગામનાં ગોદડાં મંગાવ. બાર ઘાણીનાં તેલ મંગાવ. ગોદડાં મારા પૂંછડે બાંધીને તેના ઉપર તેલ રેડાવ. પછી ધીરજ ધરીને મારું પૂંછડું સળગાવ. પૂંછડે આગ લાગશે અને હું આગમાં ખાખ થઈ જઈશ. નહીંતર હું કોઈ લોઢા કે લાકડાના શસ્ત્રઅસ્ત્રથી તો નહીં જ મરું.'' રાવણ વિચારે છે, ''દુઃખે તેને પીડા થાય. સુગંધ (સુખ) હોય તેને તો ઘણી ઊંઘ આવે. આ એક જ વાનરે મારો આખો હરિયો બાગ ઉજ્જડ કરી નાખ્યો.'' રાવણને હનુમાનની વાત સાચી લાગે છે. તે સૈનિકોને બાર ગામનાં ગોદરાં અને બાર ઘાણીઓનું તેલ લાવવાનો આદેશ આપે છે. એકની જગાએ પંદર સૈનિકો તૂટી મરે છે. જોતજોતામાં તો હનુમાનની સન્મુખ ગોદરાંનો એક મોટો ડુંગર ખડકાઈ જાય છે. રાવણનો આદેશ થવાની સાથે તો તેલી, તંબોળી અને ઘાંચી બાર ઘાણીઓનું તેલ લઈને હાજર થઈ જાય છે. હવે રાવણ હનુમાનના પૂંછડે ગોદરાં બાંધવાનો આદેશ આપે છે. સૈનિકો હનુમાનના પૂંછડે ગોદરાં બાંધે છે ને તેલી તથા ઘાંચી બાંધેલાં ગોદરાં ઉપર તેલ રેડે છે. હનુમાન રાવણને કહે છે, ''રાવણ, તારી નગરીનાં બધાં લોકોને સાદ દઈને બોલાવ. તેઓ મારા મૃત્યુનો મહોત્સવ મનાવે.'' સૈનિકો ઊંધાં નગારાં સીધાં કરે છે અને નગારે ડંકા પાડે છે. લંકા અને પરલંકાનાં લોકો હનુમાને જોવા ઊમટે છે. બધાં લોકો હનુમાનને મરતા જોવા માટે હારમાં ગોઠવાય છે. રાવણનો આદેશ થાય છે અને સૈનિકો હનુમાનને પૂંછડે આગ મૂકે છે. હનુમાન ધીમેધીમે પૂંછડું હલાવે છે, અને આગ પ્રજળવા લાગે છે. પૂંછડે આગની જવાળા નીકળવા લાગે છે. હનુમાન લોકો ઉપર પૂંછડાની ઝાપટ મારે છે, અને લંકા-પરલંકાનાં પ્રજાજનો આગથી સળગીને દિશાહીન થઈ ભાગવા લાગે છે. ભયના કારણે સામસામે અથડાઈ-કુટાઈને અંદરોઅંદર મરવા લાગ્યાં છે. હનુમાન કૂદીને રાવણના વાદળમહેલ પર આવે છે, અને મહેલની બારીએ અને બારણે પૂંછડાની મદદથી આગ ચાંપે છે. રાવણના એક પછી એક મહેલ આગથી સળગે છે અને ભસ્મીભૂત થાય છે. છેલ્લે હનુમાન મંદોદરીના મહેલે આવે છે અને વિચારે છે, ''મંદોદરી તો સતી છે. મારે મંદોદરીનો મહેલ બાળવો નથી.'' આખી લંકા ભડકે બળી રહી છે અને હનુમાન પૂંછડું હોલવવા



માટે દરિયા તરફ દોટ મૂકે છે. આગની જવાળાઓથી મંડિત હનુમાનને આવતા જોઈને દરિયો તેનાથી દૂર ભાગે છે. હનુમાન દરિયાને કહે છે, ''હે સમુદ્ર, મને મારું આગથી સળગતું પૂંછડું હોલવવા દે!'' સમુદ્ર કહે છે, ''હનુમાન મને બાળીશ તો જગતમાં ખોટું કામ થશે. મારામાં કેટલા બધા જીવ છે? બધા જીવ બળીને ખાખ થઈ જશે, અને જગત ઉપર હાહાકાર મચી જશે. આથી જગત ઉપર પાપ વધી જશે.'' હવે પૂછડેથી દાઝતા હનુમાન પોરસ કરીને સમુદ્રમાં પડે છે. સળગતું પૂછડું હોલવી નાખે છે. આથી સમુદ્રમાં આગ ઊઠે છે અને દરિયાનાં માછલાં કાળાં પડી જાય છે. હનુમાન જ્યારે લંકા જવા માટે નીકળ્યો હતા ત્યારે માતા અંજનીએ આદેશ આપ્યો હતો કે લંકા બાળે તો ભલે બાળે પણ તું પીઠ ફેરવીને બળતી લંકાને જોતો નહીં. હનુમાન માતાનો આદેશ ભૂલી જાય છે અને લંકા કેટલી બળી છે તે જોવા પીઠ ફેરવી જોવા લાગે છે. હનુમાનની નજર અગ્નિની જવાળાઓ ઉપર પડે છે, અને આગ સોનામાં બદલાવા લાગે છે. હનુમાનની દૃષ્ટિ પડવાથી બળેલી લંકા સોનાની થઈ જાય છે.

હનુમાન સમુદ્રની પાળ ઉપર ઊભો ઊભો વિચાર કરે છે, ''હવે હું મામાને લઈને લંકામાં આવું છું. લંકામાં તો રાવણ એકલો જ વધ્યો છે. તે એકલો શું કરી શકશે?'' હનુમાન વનખંડમાં જવા માટે સમુદ્રની પાળ ઉપરથી પોરસ કરીને છલંગ મારે છે અને અધવચ્ચે રહેલા રામના તીર ઉપર પડે છે. તીરના ફણા ઉપર થોડોક આરામ કરીને ફરીને પોરસ કરીને કૂદે છે અને સમુદ્રના સામે કિનારે જઈને પડે છે. હનુમાન જમીન પર પડે છે ત્યારે આવવાના જોશના કારણે 'ધમરી' (સુસવાટા) વાગે છે.

સમુદ્ર કિનારે રામને ચેન પડતું નથી. તેમને સૂતે નિદ્રા આવતી નથી. બેસવાથી ઝપ (ચેન) પડતો નથી. તેમને પોતાનું દુઃખ નથી તો કહેવાતું કે નથી તો સહેવાતું. તેઓ આતુરતાથી સમુદ્ર પરથી આવતા હનુમાનની રાહ જુએ છે. ઝડપથી પૃથ્વી ઉપર પડતા હનુમાનની શરીરની વાગતી 'ધમરી' રામના કાને પડે છે અને રામ વિચારે છે, ''હનુમાન આવતો લાગે છે.'' તેઓ લાંબી નજરે જુએ છે તો હનુમાન તેમની તરફ આવી રહ્યા છે. આતુર બનીને હનુમાનને લંકાના સમાચાર પૂછે છે, ''ભાણેજ, લંકામાં શું કરીને આવ્યો તે વાત માંડીને



કર.'' હનુમાન કહે છે, ''મામા, ધીરજ ધર. હું લંકાને બળતી જોઈને આવ્યો છું. ઘરથાળે આકડા વાવીને આવ્યો છું. લંકાગઢની મધ્યમાં તો કાળો ખીજડો વાવીને આવ્યો છું. લંકાને ભસ્મીભૂત કરીને રણમેદાન બનાવીને આવ્યો છું. આ તરફ આવતાં અડધો દરિયો પણ બાળીને આવ્યો છું. પણ મામી તો લંકામાં કુશળ છે.'' રામ ઘણા જ આતુર થઈને પૂછે છે, ''તારી મામીની વાત માંડીને જલદીથી કહે.'' ''મામી તો ઘણી જ દુઃખી છે. વાડીમાં ચંપાની છાયામાં બેઠી છે. માળા ફેરવે છે અને તારું નામ લે છે. તને તો એક ક્ષણ પણ ભૂલતી નથી. નાભિ સુધી પથ્થર ગોઠવીને રાવણની વાડીમાં બેઠીબેઠી તપ કરે છે.'' રામ કહે છે, ''હનુમાન, તું એ વાત કર કે આપણે લંકામાં કઈ રીતે જઈ શકીએ?''

રામ-લક્ષ્મણ લંકામાં

રામ પોતાના દળ સાથે લંકામાં જવાની ઇચ્છા પ્રગટ કરે છે કે તરત જ વૈકુંઠપુરીમાંથી એક ઘણો જ મોટો દડો નીચે પૃથ્વી ઉપર સમુદ્રના કિનારે ઊતરે છે. દડા ઉપર રામ, હનુમાન અને લક્ષ્મણ પોતાનું દળ બેસાડે છે. દળ રામનું સ્મરણ કરતાં કરતાં કહે છે, ''આખરે તારણહાર તો રામ જ છે! આ જગતમાં અમારી વાત રહેજો.'' હવે વૈકુંઠપુરીથી આવેલો દડો સમુદ્રના જળમાં સડસડાટ જવા લાગ્યો છે. બધા આનંદિત થઈને રામનું નામ પોકારે છે અને રામનું દળ લંકાગઢના કિનારે આવીને ઊતરે છે. રામ અને લક્ષ્મણ પોતાના દળની વ્યવસ્થા લંકાગઢના ગાંદરે કરે છે. લંકાના સીમાડામાં લાવલશ્કર ડેરા તાણે છે અને રાવણને મારવાની જાતજાતની યોજનાઓ ઘડે છે.

એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. દિવસો પસાર થાય છે પણ રાવણને મારવાની કોઈ યોજના પૂરી થઈ નથી. બત્રીસ-તેત્રીસ લક્ષણો લક્ષ્મણ રાવણને મારવાનો ઘાટ પોતાના મનમાં ઘડે છે. તે વિચારે છે, ''લંકાની સીમમાં બેસી રહેવાથી કંઈ બની શકશે નહીં. વેરીને મારવા માટે કંઈક તો ઉપાય કરવો પડશે જ.''

પીળિયાં પ્રભાત થયાં છે. સુહાવનો (હોયમણો) સૂરજ ઊગ્યો છે. લક્ષ્મણ લંકાગઢના દ્વારથી ધોબીને સમુદ્ર તરફ આવતો જુએ છે. ધોબી સમુદ્ર કિનારે



જાય છે અને પોટલું છોડીને રાવણની સ્ત્રીઓનાં કપડાં ધોવા લાગે છે. લક્ષ્મણ લાંબી ફાળેને છોટે પગલે સમુદ્ર કિનારે આવે છે. તે મંદોદરીનાં કિંમતી કપડાં ઓળખે છે અને તેના મનમાં રાવણને મારવાનો એક વિચાર ઝબકે છે. હવે તે ધીમેધીમે ધોબીની સાથે વાત કરવાનો પ્રયત્ન કરતાં પ્રશ્ન કરે છે, ''ધોબી, આ તું કોનાં કપડાં ધૂએ છે?'' રાવણનો ધોબી લક્ષ્મણના પ્રશ્નથી ક્રોધે ભરાય છે, અને કહે છે, ''વટેમાર્ગુ, જે વાટેથી આવ્યો હોય તે વાટે પાછો જા. હું મારું કામ કરી રહ્યો છું. તારે સમાચાર પૂછીને વળી શું કામ છે?'' લક્ષ્મણ ધોબીનાં ક્રોધમાં કહેવાયેલાં વેણ ઉપર વિચાર કરે છે, ''આ પરાયો દેશ છે અને પારકી ભૂમિ છે. પરાયા દેશનાં પારકાં લોકોને રીઝવવાં છે, પણ તેની જેમ આવેશમાં આવીશ તો મારું કામ થઈ શકશે નહીં.'' લક્ષ્મણ ધોબીના વેણથી ગુસ્સે થયા વિના હસતોહસતો થોડે દૂર જાય છે. થોડીક ક્ષણો પછી તે પાછો આવે છે. તે ધોબીનો ભેદ લેવા કહે છે, ''તેં ઘણાં કડવાં વેણ કહ્યાં છતાં મેં તને કંઈ કહ્યું? હું તો તને કંઈ નહીં કહું!'' ધોબી વિચારે છે, ''આ તો કોઈ ભલો માણસ લાગે છે. મારે તે પૂછે તેનો ઉત્તર આપવો જોઈએ.'' આમ વિચારીને લક્ષ્મણને કહે છે, ''ભાઈ વટેમાર્ગુ, આ કિંમતી કપડાં તો રાજા રાવણની રાણીઓનાં છે.'' ''રાજા રાવણને કેટલી રાણીઓ છે?'' ''બે રાણી.'' લક્ષ્મણ ધોબીનું અંતર ઉઘાડવાનો પ્રયત્ન કરતાં કહે છે, ''આ રાણીઓમાં જૂની કઈ અને પટરાણી કઈ?'' ધોબી કહે છે, ''ભાઈ એક ઘણી ઘરડી છે અને બીજી તો હમણાં જ નવી લાવ્યો છે. તે તો વાડીમાં જ છે. હજી મહેલમાં પણ નથી આવી.'' ''ભાઈ તેમનાં શાં નામ છે?'' ''મોટીનું નામ મંદોદરી છે અને નવીનું નામ સીતા.'' લક્ષ્મણ ગળાનો હાર બતાવતાં કહે છે, ''જો તું મને એક જોડી કપડાં આપે તો હું તને આ નવલખો હાર આપું! તું આખી ઉંમર બેઠોબેઠો ખાઈશ!'' ધોબી લક્ષ્મણનાં વેણ સાંભળી વિચારમાં પડી જાય છે. ''જો આ વટેમાર્ગુને કપડાં આપું અને પકડાઈ જાઉં તો ભારે થાય!'' તે આગળ વિચારે છે, ''રાવણ પૂછશે તો કહીશ કે કપડાં તો દરિયામાં તણાઈ ગયાં. જોકે કપડાં ઘણાં છે તેથી તેને ખબર તો કદાચ નહીં પડે. ખબર પડશે તો પણ શું? ઘણું થશે તો મને નોકરીમાંથી છૂટો કરશે. મારી આખી પેઢી ચાલે એવો આ કિંમતી હાર તો આ વાટનો જનાર સજ્જન આપે છે. પછી



રાવણની નોકરીને કોણ ગણે છે?'' ધોબી વર્ષોથી પોતાના સ્વામીનું ઋણ ખાધું હતું તે ભૂલીને પોતાનું સત ચૂકે છે અને લક્ષ્મણ પાસેથી નવલખો હાર લઈને પોતાની સ્વામિનીનાં એક જોડી કપડાં આપે છે. લક્ષ્મણ ધોબી પાસેથી મંદોદરીનાં કપડાં લેતાં કહે છે, ''વીરા, ઘણો જ કુશળ રહેજે! અને સમય મળે તું મને મળજે.''

રાવણ અને લક્ષ્મણ

મંદોદરીનાં કપડાં જોઈને ઘણો આનંદિત થતો લક્ષ્મણ પોતાની છાવણીમાં પ્રવેશે છે અને રાવણના મૃત્યુનો ઘાટ ઘડતો વિચારે છે, ''મંદોદરીનાં કપડાં તો પ્રાપ્ત થયાં પણ રાવણ ખાય છે તે રસોઈ તો કરવી પડશે ને?'' લક્ષ્મણ રાવણ માટે મંદોદરી બનાવે છે તેવાં બત્રીસ-તેત્રીસ પ્રકારનાં ભોજન બનાવે છે. તે દેવગરા સોનાના થાળમાં ભોજનની વાનગીઓ સજાવે છે. ત્યાર પછી બત્રીસ લક્ષણો લક્ષ્મણ હાથપગ ધોઈને મંદોદરી રાણી જેવા શણગાર સજવા લાગે છે. કમરે 'મેઘાડાંમોર'નો ચણિયો પહેરે છે. છાતીએ કાંચળી પહેરે છે. શરીર ઉપર આછો સાળુ ઓઢે છે. ગળામાં હાર પહેરે છે. વાળે વાળે મોતી ગૂંથીને સેંથીમાં સિંદૂર ભરી, માથે દામણી પહેરે છે. કાન પ્રમાણે ઝૂમણાં પહેરે છે. કપાળની મધ્યમાં ટીલડી પાડે છે. આંખે કાજળ ઘાલે છે. ગાલે માખ માંડે છે. હવે તે ડાબા હાથમાં દર્પણ લઈને પોતાનું રૂપ નીરખે છે, તો મુખ પૂનમના ચંદ્ર જેવું લાગે છે. નેત્રો ખાંડાની ધાર જેવાં છે. પાંપણો ભમરાની પાંખ જેવી છે. આંખે ભમરા 'લૂમ્બ્યા' છે. દાંત દાડમનાં બીજ જેવા છે અને નાક દીવાની શગ જેવું છે. તે હાથમાં દેવગરો થાળ લે છે. બત્રીસ લક્ષણો લક્ષ્મણ સાચે જ મંદોદરીના અવતાર જેવો લાગે છે, અને રૂમઝૂમ ઠણાક કરતો લંકાની સીમમાંથી પસાર થાય છે. પર્વતો ઉપર લીલા મોર બોલે છે. વનરાજીમાં પક્ષીઓ ગાય છે અને લક્ષ્મણ મારગેમારગે રાવણના મહેલ નજીક આવે છે. તે લાંબી 'લાજ' તાણે છે અને 'ધરમર ધરમર' વાદળમહેલ ચડીને રાવણ પાસે આવે છે. રાવણને ભોજનનો થાળ આપે છે. રાવણ ભોજન જમવા બેસે છે અને લક્ષ્મણ પોક મૂકીને રડવા લાગે છે. તે 'વેરાગ' કરીને રડે છે. વારંવાર ડૂસકાં ભરે છે. રાવણ આશ્ચર્યથી તેને પૂછે છે,



''રાણી, કેમ રડે છે? તારી સામે કોઈએ આંખ કાઢી હોય તો તેની આંખ ફોડું. તને અજુગતું કહ્યું હોય તો તેનું માથું ફોડું. તું છાતીએ ધીરજ ધર અને મન મૂકીને તારા દુઃખનું કારણ કહે.'' લક્ષ્મણ કહે છે, ''તું નવી લાડી લાવ્યો તો ભલે લાવ્યો પણ લાડીની પાછળ તો લંકામાં રામનું આખું દળ ઊમટ્યું છે. તેઓ તને મારી નાખ્યા વિના નહીં રહે. પછી મારું શું થશે? હવે તું જ કહે, હું રડું નહીં તો શું કરું?'' મંદોદરીના વેશમાં રહેલા લક્ષ્મણનાં વચનો સાંભળીને રાવણ આવેશમાં આવી જાય છે અને કહે છે, ''રાણી, તું ઘણું બોલી! હવે આગળ બોલતી નહીં. વાનરાં અને બાવા આવ્યા છે. તેઓને તો હું મટાડી નાખીશ. તું ચિંતા કરીશ નહીં.'' લક્ષ્મણ રાવણના પેટમાં પ્રવેશીને રાવણના મૃત્યુનો ભેદ લેવાનો પ્રયત્ન કરતાં કહે છે, ''રાજા, રામના દળમાં તો લક્ષ્મણ જેવો જોરાવર યોદ્ધો છે. તે દિવસે એક જ વાનરું આવ્યું અને આખી લંકા બાળી નાખીને ચાલ્યું ગયું! આ વખતે તો સમુદ્ર ઓળંગીને રામનું પુરું દળ આવ્યું છે. હવે આપણી શી ગત થશે?'' રાવણ મંદોદરીના વેશમાં છુપાયેલા લક્ષ્મણને આશ્વાસન આપતાં કહે છે, ''રાણી, મને કોણ મારે? મને કોઈ મારી શકનાર નથી. મારો જીવ એમ કોઈને મળનાર નથી. મારો જીવ મારી પાસે પણ નથી. પછી મને કોણ મારી શકે?'' હવે લક્ષ્મણ રાવણના હૃદયમાં પ્રવેશીને ધીમેધીમે પગ પહોળા કરે છે અને તેના હૃદયનો ઊંડો ભેદ લેવા પ્રશ્ન કરે છે, ''રાજા, બધાને હોય છે તેમ તારો જીવ પણ તારી પાસે જ હશેને? તેં થોડો અળગો મૂક્યો હશે?'' રાવણ પોતાનું મન મોકળું મૂકતાં કહે છે, ''રાણી, મારી ચિંતા સદા માટે છોડી દે. મારો જીવ તો મારાથી અળગો આકાશમાં ફરતા સૂરજના રથમાં છે. સૂરજના રથમાં ભમરો છે. તેમાં મારો જીવ વિરાજે છે. હવે તું શાન્ત થા. સૂરજમાં રહેલા ભમરાને કોઈ નીચે પાડી પણ નહીં શકે, અને મને મારી પણ નહીં શકે!'' લક્ષ્મણ છેલ્લો દાવ અજમાવવા બોરબોર જેવડાં આંસુ પાડે છે અને કહે છે, ''રામના દળમાં લક્ષ્મણ યોદ્ધો છે તે ઘણો જ જોરાવર છે. તે તો તને કંઈ નહીં કરી શકે ને?'' રાવણના હૃદયનાં બધાં દ્વાર ખુલ્લાં થઈ ગયાં છે. તે કહે છે, ''રાણી, દિલમાં દુઃખી શા માટે થાય છે? લક્ષ્મણ મને કંઈ જ કરી નહીં શકે. મને મારવો હોય તો કેટકેટલી કળાઓ કરવી પડે! કેવી કેવી તો



વસ્તુઓ મેળવવી પડે. તેમ છતાં યોગ્ય માણસ ખરો યોગ સાધી શકે તો જ મારું મૃત્યુ થાય!'' લક્ષ્મણ કહે છે, ''રાજા, તું ખરેખર નહીં મરી શકે? હું તો તારા સ્નેહને રડું છું. તું ન હોય તો મારું અહીં કોણ?'' રાવણ કહે છે, ''હવે તો તને ખાતરી થઈ હશે કે મારું મૃત્યુ જેમતેમ રસ્તામાં તો પડ્યું નથી. મારો જીવ મારા શરીરમાં નથી જ નથી! તે તો ઊંચે આકાશમાં સૂરજના રથમાં રહેલા ભમરામાં વિરાજે છે. વળી, ભમરાને નીચે પાડવો હોય તો ઘણી બધી કળાઓ કરવી પડે. આ માટે તો સૌથી પહેલાં બાર ઘાણીઓનું તેલ જોઈએ. લોઢાની એક મોટી કઢાઈ જોઈએ. સૂરજ ઊગે તે પહેલાં તો કઢાઈ સૂર્ય સામે ચૂલો બનાવી તેના ઉપર ગોઠવવી પડે. કઢાઈની નીચે અગ્નિ સળગાવીને તેમાં તેલ રેડવું પડે અને તેલ ઊકાળવું પડે. સૂર્ય ઊગે તે પહેલાં તો કઢાઈના બંને કાના ઉપર પગ ઠેરવી સ્થિર ઊભા રહી ધનુષ્ય પર તીર ચઢાવી સૂર્ય સામે લક્ષ્ય લઈને ઊભા રહેવું પડે. જેમજેમ સૂરજ આકાશમાં ઊંચે ચડે તેમતેમ તીરનું નિશાન ઊંચે ને ઊંચે લઈ જવું પડે. મધ્યાહ્ન થાય અને સૂર્ય બરોબર માથા પર આવે ત્યારે સૂર્યના રથમાં વિરાજિત ભમરાનું પ્રતિબિંબ કઢાઈના તેલમાં પડે. આ યોગ સાધીને ધનુષ્ય ઉપર તીર બરાબર ખેંચીને સૂર્યના રથમાં રહેલા ભમરાને વીંધીને તેલમાં પાડવો પડે. આ ભમરો કઢાઈના તેલમાં પડીને બરાબર તળાઈ જાય ત્યારે મારો જીવ જાય અને તે જ સમયે ભમરાને મારનારને પણ મૂર્ચ્છા આવે. તેની પણ મૂર્ચ્છા વળે તો વળે નહીંતર તે પણ મૃત્યુ પામે. આ સાહસ જેણે બાર વર્ષ બ્રહ્મચર્યનું પાલન કર્યું હોય તેવો વીર યોદ્ધો જ કરી શકે. રાણી, હવે તું જ કહે, તારે રડવાનું કોઈ કારણ ખરું?'' લક્ષ્મણ છાતીમાં આનંદનો મુક્કો મારે છે, અને કહે છે, ''વાહ રે! રાજા વાહ! તને હવે બીજો તો કોણ મારી શકે? હવે મારે રડવાનું કોઈ જ કારણ નથી! વળી મારા સિવાય તારા મૃત્યુના ભેદને જાણે છે પણ કોણ? હવે હું પણ ભૂખી થઈ છું. તું પણ આ ભોજન આરોગ, અને મજા કર! હવે મને બરાબર ધીરજ બંધાઈ છે. હવે મારે તારી ચિંતા કરવાનું કોઈ જ કારણ નથી!'' લક્ષ્મણ 'ધરમર ધરમર' વાદળમહેલ ઊતરે છે. તે જતાંજતાં રાવણના મહેલને એક લાત મારે છે અને રાવણના મહેલના કાંગરા ધ્રૂજવા લાગે છે. ભોજન કરતાં કરતાં રાવણ વિચારે છે, ''મંદોદરીના મનમાંથી મારા મૃત્યુનો



ભય ટળ્યો છે. આથી આનંદમાં ને આનંદમાં પગ પછાડતી અને 'રૂમઝૂમ ઠણાક' કરતી જઈ રહી છે.''

લક્ષ્મણ મારગે મારગે લંકાની સીમ ભણી આવી રહ્યો છે. રાવણના મૃત્યુનો ભેદ પામીને આવતા તેના મનનો આનંદ અનેકગણો વધી ગયો છે. આથી ઝડપથી ચાલતા તેના પગ જમીનને થોડાથોડા જ અડે છે. છાવણીમાં આવીને તે મંદોદરીનાં આભૂષણો એકએક કાઢીને ફેંકી દે છે, અને મનમાં આનંદ અનુભવતો વિચારે છે, ''હવે તું આ વીરના ખેલ દેખ રાવણિયા!''

રાવણરાજાને જમવાની વેળા થાય છે અને મંદોદરીરાણી દેવગરા થાળમાં રાવણ માટે બત્રીસ-તેત્રીસ પ્રકારની વાનગીઓ સજાવે છે. તે સોળૈયો શણગાર સજે છે, અને હાથમાં દેવગરો થાળ લઈને 'રૂમઝૂમ ઠણાક' કરતી રાવણનો વાદળમહેલ ચડે છે. પૂર્વ દેશના પવન વાય છે અને તે યૌવનના ભારથી ભાગીને ટુકડા થાય છે. તેણી રાવણની સામે આવે છે અને તેને ભોજન આપે છે. રાવણ મંદોદરીને કહે છે, ''રાણી, તું તો ગાંડી થઈ છે કે બાવરી? તું બે વાર ભોજન લઈને કેમ આવી?'' હવે રાણી 'ઠગમગ' થાંભલો થઈને ઊભી રહે છે અને રાવણને કહે છે, ''હું તો આજે આ પહેલી જ વાર રોજ આવું છું એ જ સમયે આવી છું. મારું તો માનવું છે કે તું ગાંડો થયો છે.'' ''આ થોડા સમય પહેલાં તો તું મને જમાડીને ગઈ છે અને ફરી દેવગરો થાળ ભરીને આવી પહોંચી!'' રાવણની વાત સાંભળીને મંદોદરી વિચારમાં પડી જાય છે અને પછી કહે છે, ''આપણી સીમમાં રામના દળે આવીને પડાવ નાખ્યો છે તેમાં સતિયો લક્ષ્મણ યુદ્ધકુશળ યોદ્ધો છે. તે લડાઈમાં જીત મેળવવા માટે જાતજાતની કળા કરી જાણે છે. રાજા, તે અહીં આવીને કોઈ ભેદ તો નથી લઈ ગયો ને?'' રાવણ કહે છે, ''લક્ષ્મણ આવ્યો હોય તો કપડાંની તો મને ખબર પડે ને? તારાં જ કપડાં હતાં. એ જ સોનાના તારવાળી ચૂંદડી, એ જ તારો ચણિયો અને કમખો (કાંચળી). પછી આ કપડાં તેં આપ્યાં હોય તો તું જાણે!'' મંદોદરી કહે છે, ''મારાં કપડાં તો મારી પાસે જ છે. મારાં કપડાં વેરી પાસે ક્યાંથી?'' રાવણ કહે છે, ''રાણી, મેં જાતે જ તારા માટે હેતથી ખરીદેલાં કપડાં કેમ ઓળખી નહીં શકું?'' મંદોદરી રાવણને વિશ્વાસ બંધાવતાં કહે છે, ''રાજા, તું ગમે તે કહે, પણ સોગંદથી કહું છું કે આજે



હું આ પહેલી વાર જ આવી છું.'' મંદોદરી સાથેની વાતચીતથી રાવણના મનમાં લક્ષ્મણની કપટલીલાનું ચિત્ર સ્પષ્ટ થાય છે અને આઘાત પામીને પલંગમાં ઊંધો પટકાઈ પડે છે. તે વિચારે છે, ''હાય રે હાય! મેં જાતે જ દુશ્મનને પરમોદ (ભેદ, આનંદ) આપ્યો!''

રાવણવધ (અહંકાર મરાયો)

રાવણના મૃત્યુનો ભેદ જાણીને ઘણો જ આનંદિત થયેલો લક્ષ્મણ રામની છાવણીમાં આવે છે અને રાવણના મૃત્યુના ભેદના પ્રસંગને માંડીને કહે છે. પછી તે છેલ્લે કહે છે, ''આપણે અત્યારે જ બાર ઘાણીનું તેલ અને લોઢાની એક કઢાઈની જરૂર પડશે. આપણે તો પ્રાતઃકાળમાં ઊગતો સૂર્ય જ સાધવો પડશે.'' લક્ષ્મણ રામને શાન્ત થઈ બેઠેલા જોઈને વિચારે છે, ''રામ તો ઋષિ જેવા છે. તેમનાથી કંઈ પણ બની શકશે નહીં. આ વસ્તુઓ પણ મારે જાતે જ મેળવવી પડશે.'' લક્ષ્મણ મારગે મારગે ઘાંચીના બજારમાં આવે છે અને એક ઘાંચીને કહે છે, ''વીરા, માગે તે દામ આપું. મારે અત્યારે જ બાર ઘાણીનું તેલ જોઈએ.'' હવે તે ઘાંચીને દામ આપે છે અને ઘાંચી બદલામાં તેલ આપે છે. લક્ષ્મણ ત્યાંથી મારગેમારગે લુહારના ઘેર આવે છે, અને તેને દામ આપીને એક મોટી કઢાઈ ખરીદે છે. આ વસ્તુઓ લઈને દળમાં આવે છે. હવે તે રામને કહે છે, ''ભાઈ, તું તો ચાલતો પણ નથી ને ચાલવા દેતો પણ નથી. દિવસ ઊગ્યા પહેલાં તો કઢાઈ નીચે સળગાવવા લાકડાં જોઈએ. આપણું કામ પૂરું નહીં થાય અને દિવસ ઊગી જશે તો આપણી બધી જ મહેનત પાણીમાં જશે.'' લક્ષ્મણનાં વચનો સાંભળી રામ લશ્કરને આદેશ આપે છે અને રામનું દળ લાકડાં એકઠાં કરીને મોટો ઢગ ખડકે છે.

બાર વર્ષથી જેણે બ્રહ્મચર્યનું પાલન કર્યું છે એવો બત્રીસ લક્ષણો લક્ષ્મણ ધરતીના માથે ચૂલો બનાવે છે અને ચૂલાના માથે કઢાઈ મૂકે છે. કઢાઈમાં તેલ રેડે છે અને નીચે આગ સળગાવે છે. કૂકડે પોતાનું સ્થાન છોડી દીધું છે. વૃક્ષો ઉપર પક્ષીઓ બોલે છે. પીળિયાં પ્રભાત થયાં છે અને સૂર્યદેવ ઊગવાની તૈયારી કરે છે. લક્ષ્મણ કટકટાવીને કમર બાંધે છે અને કઢાઈના સામસામેના કાના ઉપર



પોતાના પગ માંડીને સ્થિર ઊભો રહે છે. તે રામને કહે છે, ''ભાઈ, હવે તું મને બાર મણનું ધનુષ્ય અને તેર મણનું તીર આપ.'' રામ પગની મદદથી ધનુષ્ય ઉપર પણછ ચડાવે છે અને લક્ષ્મણના હાથમાં તીર અને ધનુષ્ય આપે છે. લક્ષ્મણ ધનુષ્યની પણછ ઉપર તીર ગોઠવે છે. સુહાવનો (હોયમણો) સૂરજ ઊગી રહ્યો છે. લક્ષ્મણ કઢાઈ પર પગ ઠેરવીને સૂર્ય સામે તીરનું લક્ષ્ય તાકીને ઊભો રહે છે. રામનું દળ આ નવલું દૃશ્ય જુએ છે અને નવાઈ પામે છે. ધીમેધીમે ધરતીનો સ્વામી સૂર્ય આકાશ માર્ગે ઊંચે આવે છે તેમતેમ લક્ષ્મણ પણ તીરનું લક્ષ્ય ઊંચે ને ઊંચે લઈ જાય છે. કઢાઈ નીચે આગ સળગી રહી છે અને કઢાઈમાં તેલ ઊકળી રહ્યું છે. પૃથ્વીનો દીવો માથા પર આવવાની તૈયારીમાં છે અને લક્ષ્મણનાં સત પારખાં થવાની ક્ષણો નજીકમાં છે. નીચે તેલ સ્થિર થયું છે, મધ્યાહ્ન થયો છે : સૂર્યના રથમાં વિરાજિત ભમરાનું પ્રતિબિંબ તેલમાં પડે છે. યોગ્ય યોગ જોઈને પોરસ કરીને લક્ષ્મણ સૂર્ય સામે તીર છોડે છે. તીરની તીવ્ર ઝડપને લીધે સૂર્યનાં કિરણો વચ્ચેથી માર્ગ કરીને મંડળમાં ફેલાય છે. વચ્ચેના માર્ગથી સૂર્યના રથમાં રહેલો ભમરો સ્પષ્ટ દેખાય છે. ભમરો તીરથી વીંધાઈને નીચે પૃથ્વી ઉપર કઢાઈમાં પડીને તળાઈ જાય છે અને તેની સાથે રાવણનો જીવ ચાલ્યો જાય છે. તેલમાં પડેલા ભમરાના તેજલિસોટામાંથી ઊઠેલી આગથી લક્ષ્મણની આંખોમાં રતન બંધ થાય છે. તેને મૂર્ચ્છા લાગે છે અને તે કઢાઈ ઉપરથી 'ભૂહ' દઈને ધરતીના માથે ઢળી પડે છે. રાવણ મરાયો, યોદ્ધો ઊંઘ્યો અને અહંકાર મૃત્યુ પામ્યો.

અંજની અને હનુમાન (અમરજ્યોત)

રામ દોડતા લક્ષ્મણ પાસે આવે છે. કઢાઈની બાજુમાં લક્ષ્મણ આબુના શિખરની માફક પડ્યો છે. લક્ષ્મણની મૂર્ચ્છા જોઈને રામ દળને આદેશ આપે છે, ''તમે જલદીથી કોઈ વૈદ્ય કે ભૂવાને બોલાવી લાવો. લક્ષ્મણ મૂર્ચ્છિત થયો છે.'' પૂરા લશ્કરમાં લક્ષ્મણને સાજો કરવા માટે બીડાં ફરે છે પણ કોઈ યોદ્ધો બીડાં ઝીલવા માટે શકિતમાન નથી. માતા અંજની હનુમાનને કહે છે, ''પુત્ર, ઊઠ! મામા લક્ષ્મણને સૂર્યનાં બાણ વાગ્યાં છે. તું મેરુ-સુમેરુ પર્વત ઉપરથી અમર જ્યોતિ



લાવવાનાં બીડાં ઝડપ.'' અંજનીના આદેશથી હનુમાન ઊઠે છે અને રામનાં બીડાં ઝડપે છે. ત્યાર પછી હનુમાન અંજનીને કહે છે, ''માતા, મેં બીડાં તો ઝડપ્યાં, પણ હવે મારે શું કરવું?'' માતા કહે છે, ''દીકરા, ઝટઝટ મેરુ-સુમેરુ (મેર-સિમેર) અને ધૂનાગર પર્વત ઉપર જા અને ત્યાંથી અમર જ્યોત લઈ આવ. તો જ મામો સાજો થશે.'' માતાની વાત સાંભળીને હનુમાન મેરુ-સુમેરુ પર્વત તરફ દોટ મૂકે છે. તે મેરુ-સુમેરુ અને ધૂનાગર પર્વતો ઉપર આવીને જુએ છે તો દરેક વૃક્ષનાં પાનેપાને જ્યોત બળે છે. તે વિચારે છે, ''આ બધી જ્યોતમાં અમરજ્યોત કઈ હશે? અહીંથી એક જ્યોત લઈ જાઉં અને માર્ગમાં જ હોલવાઈ જશે તો વળી પાછું અવળું પડશે. અહીંથી જાઉં અને માતાને પૂછીને પાછો આવું.'' હનુમાન મારગેમારગે પાછો આવે છે અને અંજનીને પૂછે છે, ''માતા, હું મેરુ-સુમેરુ પર્વતો ઉપર ગયો હતો પણ ત્યાં તો પ્રત્યેક વૃક્ષનાં પાનેપાને દીવા બળે છે. આ બધી જ્યોતમાંથી સાચી અમરજયોત કઈ છે તે હું ઓળખી શકયો નહીં. આથી તને પૂછવા માટે પાછો આવ્યો છું.'' અંજની કહે છે, ''પુત્ર, તું મેરુ-સુમેરુ અને ધૂનાગર પર્વતોને ઊંચકીને સમુદ્રમાં ફેંક! જેટલી કાચી જ્યોતો હશે તે સમુદ્રના પાણીથી હોલવાઈ જશે અને અમરજ્યોત સમુદ્રમાં હોલવાયા વિના તરતી રહેશે. આ અમરજ્યોતને લઈને તું પાછો આવજે.'' હનુમાન કહે છે, ''માતા, આટલી બધી શકિત મારામાં કયાંથી?'' અંજની પોતાના પુત્રમાં રહેલી શક્તિની પ્રતીતિ કરાવવા પોતાની કાંચળી છાતી ઉપર ઊંચે ચડાવે છે અને પોતાનું એક પયોધર (સ્તન) બહાર કાઢીને દબાવે છે. દૂધની ધારાઓ પર્વતો ઉપર પડવા લાગે છે અને પર્વતો કાણા થઈને ઓગળીને દૂર પડવા લાગે છે. હનુમાન આ દશ્ય જુએ છે અને તેનામાં અપૂર્વ શક્તિ ઝણઝણી ઊઠે છે. અંજની હનુમાનને કહે છે, ''પુત્ર, તું જોઈ શકયો કે મારા દૂધની ધારાથી પર્વતો પણ ફાટીને કાણા થઈ ગયા. આ જ દૂધ પીને મોટો થયો છે. પછી તું સત્ત્વહીન વાતો કેમ કરે છે? ઊઠ, અને દોડવા લાગ! મેરુ-સુમેરુ પર્વતોને રત્નાગર દરિયામાં નાખ અને જીવતી અમરજ્યોતને લઈને પાછો આવ.'' માતાનાં વચનોથી હનુમાનમાં અપૂર્વ શકિતનો સંચાર થાય છે. જેથી પોરસ કરીને છલંગ મારે છે. હનુમાન મેરુ-સુમેરુ પર્વત ઉપર જઈને પડે છે. આ પછી ફરીને પોરસ કરીને બંને



પર્વતો ઊંચકીને રત્નાગર સમુદ્રમાં ફેંકે છે. વૃક્ષોને પાનેપાને બળતા બધા જ દીવા હોલવાઈ જાય છે. પૂરા સમુદ્રમાં એક અમરજ્યોત જ સળગતી રહે છે. હનુમાન આ અમરજ્યોતને પ્રાપ્ત કરે છે અને મારગેમારગે લંકામાં આવે છે. રામને અમરજ્યોત આપતાં કહે છે, ''મામા, અમરજ્યોતનાં બાણ લો. આ જ્યોતમાં મરેલાને પણ જીવતો કરવાની શક્તિ છે.'' રામ હનુમાન પાસેથી અમર જ્યોત લે છે અને લક્ષ્મણને વાગેલાં સૂર્યનાં બાણની શક્તિને આ જયોતથી કાપે છે. લક્ષ્મણની મૂર્ચ્છા ધીમેધીમે દૂર થાય છે અને લક્ષ્મણને જાગ્રત કરતાં રામ કહે છે, ''હે યોદ્ધા! હવે તું જાગ! અહંકાર મૃત્યુ પામ્યો છે.'' લક્ષ્મણ જાગ્રત થાય છે અને સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરે છે. રામ હનુમાનને અભિનંદન આપે છે.

અહંકાર આ ધરતી ઉપર ઢળી પડ્યો છે. રામ, લક્ષ્મણ અને હનુમાન પોતાના દળ સાથે હરિયા બાગમાં આવે છે. લક્ષ્મણ ભાભી સાથે વાતો કરે છે અને સીતાને પ્રશ્ન કરે છે, ''ભાભી, રાવણને તો મારી નાખ્યો. હવે તમારે અમારી સાથે આવવું છે કે?'' સીતાની આંખોમાંથી આંસુની ધારા વહેલા લાગે છે. તેણી કહે છે, ''દિયર, આટલા દિવસ તો મેં મહામુસીબતે કાઢ્યા છે. હું તો તમારા વિના રહી શકતી જ નહોતી. સદા બે ભાઈને ભજી રહી હતી.'' લક્ષ્મણ સીતાને બીજો પ્રશ્ન કરે છે, ''ભાભી, રાવણ અહીં લંકામાં કઈ રીતે લાવ્યો? તને તો પૃથ્વી ઉપર ચલાવીને લાવ્યો કે પછી ઊંચકીને લાવ્યો?'' સીતા કહે છે, ''ભાઈ, મને રાવણ ઊડણપાવરીમાં બેસાડીને લાવ્યો હતો. પૃથ્વી પર મારો પગ અડ્યો જ નથી. વનખંડમાંથી લાવ્યા પછી અહીં આ વાડીમાં મને મૂકી છે.'' સીતાની આંખોમાં શ્રાવણ ધૂરે છે અને આગળ વાત કરે છે, ''રામના કારણે તો હું નાભિ સુધી પથ્થરમાં સમાઈ ગઈ છું.'' રામ અને લક્ષ્મણ સીતાને આશ્વાસન આપે છે અને બંને ભાઈ સીતાની આજુબાજુ ગોઠવેલા પથ્થરો લઈ લે છે. સીતા પથ્થરોમાંથી બહાર આવે છે.

મકરધ્વજ

રામ, લક્ષ્મણ અને હનુમાન સીતાને લઈને લશ્કર સાથે દરિયાની પાળે આવે છે. લંકા અને વનખંડની વચ્ચે તો આડો દરિયો ઘૂઘવે છે. બધા દરિયા કિનારે ઊભા



ઊભા વિચારે છે, ''આપણે આ દરિયા ઉપરથી કેવી રીતે પસાર થઈએ?''

રામ અને લક્ષ્મણની મૂંઝવણને કળી જઈને હનુમાન દરિયા ઉપર સેતુ બનાવવા વિચારે છે. હનુમાનના આદેશથી લશ્કર સેતુ બનાવવા લાગે છે. હનુમાન જેમજેમ સેતુ બંધાવે છે તેમતેમ દરિયાનો કોઈ યોદ્ધો (મકરધ્વજ) સેતુને તોડી નાખે છે. હનુમાન દિવસે જે બંધ બંધાવે છે તે રાતે આવીને આ જળનો એકલ યોદ્ધો તોડી નાખે છે. જળનો યોદ્ધો સેતુને સમુદ્ર ઉપર સ્થિર થવા દેતો જ નથી. રોજરોજ તૂટી જતા સેતુને જોઈને હનુમાન વિચારે છે, ''મારાથી પણ શકિતશાળી આ જળમાં કોઈ યોદ્ધો જાગ્યો લાગે છે.'' સેતુનું રક્ષણ કરતા હનુમાન જુએ છે તો એક ઘણો જ શકિતશાળી 'મગર-માછો' સેતુ પાસે આવે છે અને પૂંછડાની એક ઝાપટ મારે છે. તેથી આખો સેતુ કડડભૂસ કરતો પાણીમાં ગરક થઈ જાય છે. હનુમાન આ દશ્યને જુએ છે અને જળમાં રહેલા મગર-માછાને કહે છે, ''હે જળના યોદ્ધા! મેં તારા બાપને કયાં માર્યો છે? મેં તો દુઃખ દૂર કરવા કામ કર્યું છે. તું સારું કામ શા માટે બગાડી આપે છે? રામના દળને સામે કિનારે લઈ જવા માટે બંધાતા આ સેતુને તોડી પાડનાર વળી તું કોણ છે? આવો શકિતશાળી તું કોનો પુત્ર છે?'' હનુમાનનાં વચનોથી આવેશ અનુભવતો જળનો યોદ્ધો (મકરધ્વજ) કહે છે, ''હું વનના રાજા હનુમાનનો પુત્ર છું. પણ તેનું તારે શું કામ છે?'' યોદ્ધાની વાત સાંભળીને હનુમાન આશ્ચર્ય પામીને વિચારે છે, ''અરે, આ તો પોતાનું બાણ પોતાની સામે આવ્યું! જગતમાં ખોટું કામ આવી રહ્યું છે.'' હનુમાન સ્વસ્થ થઈને કહે છે, ''પુત્ર, હું જ તારો પિતા છું.'' ''તું વળી કયા દિવસથી મારો પિતા થાય છે? આ વાતનું પ્રમાણ શું?'' હવે બંને દાંતની મેખેમેખને મેળવે છે. દાંતેદાંત મળે છે. હનુમાન કહે છે, ''હું લંકામાં જતો હતો ત્યારે પોરસ કરીને છલંગતાં અધવચ્ચે દરિયામાં મારી ઇન્દ્રી 'ખલી'. કોઈ મગરીએ આ વીર્ય ઝીલ્યું અને તું ઉત્પન્ન થયો. હવે તું મારી જ સામે આવ્યો છે!'' જળનો યોદ્ધો કહે છે, ''હવે તમારે સેતુ બાંધવાનું શું કામ છે? હું બેઠેલો છું ને? રામનું બધું જ દળ મારી પીઠ ઉપર બેસાડીને સામે કિનારે ઉતારું છું. તમે દળને આ બાજુ બોલાવી લાવો. હું ક્ષણમાં જ સામે કિનારે ઉતારી પાડું છું.'' હનુમાનના કહેવાથી રામનું દળ જળના યોદ્ધા ઉપર ગોઠવાઈ જાય છે અને જળનો યોદ્ધો



થોડીક ક્ષણોમાં સમગ્ર દળને સામે કિનારે ઉતારે છે. રામ અને સીતા હનુમાનના પુત્ર મકરધ્વજ ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપે છે અને સમુદ્રનું રાજ સોંપે છે.

રામનું દળ મારગેમારગે વનખંડમાં આવે છે. હનુમાન રામને કહે છે, ''મામા, હું ઘણા દિવસથી બહાર છું. હવે તો હું મારા ઘેર જાઉં છું! તમે બધાં ક્ષેમકુશળ અયોધ્યાનગરીમાં જજો.'' રામ અને સીતા હનુમાનના માથે હાથ મૂકીને આશીર્વાદ આપે છે અને વનનું રાજ્ય સોંપે છે. રામ, લક્ષ્મણ અને સીતા મારગેમારગે અયોધ્યાની સીમમાં આવે છે અને અયોધ્યાની સીમમાં પ્રવેશે છે.

કૌશલ્યા

રામ, સીતા અને લક્ષ્મણ વનમાંથી પાછાં આવી ગયાં છે તેની ખબર આખી અયોધ્યાનગરીને પડે છે. અયોધ્યાનાં લોકો રામના આગમનથી આનંદિત થઈને ઉત્સવ મનાવે છે. માતા કૌશલ્યાને તેમના આગમનની ખબર પડે છે અને કૌશલ્યા વહેલિયાને કહે છે, ''વહેલિયા વીરા, વહેલ શણગાર. ઘણા દિવસ સીતા લંકામાં રહીને પાછી આવી ગઈ છે. તેણીને મળીભેટીને આવીએ છીએ.'' કૌશલ્યાના આદેશથી વહેલિયો રૂપે ઊજળી અને સોને પીળી વહેલ શણગારે છે. કૌશલ્યા વહેલમાં બેસે છે. વહેલિયો વહેલને ધોળા બળદ જોડે છે અને બળદોને આળ દે છે. બળદો ચાલવા લાગે છે અને વહેલ મારગેમારગે જાય છે. કૌશલ્યા અધીરી થઈને વહેલિયાને કહે છે, ''તું બળદોને ઉતાવળા હાંક, સીતા લંકામાંથી ઘણા દિવસે પાછી ફરી છે. મારું મન તેને મળવા અધીરું બન્યું છે.'' કૌશલ્યાના આદેશથી વહેલિયો ઝડપથી વહેલ હંકારે છે. 'ધૂધળી' રેત ઊડે છે. વહેલની ઝડપથી વંટોળ ઊઠે છે. જેથી સૂકાં પાન આકાશમાં ચડે છે. બંને મારગેમારગે માણેકચોકમાં આવે છે. સીતા મહેલની અગાસીમાંથી વહેલને જુએ છે અને વિચારે છે, ''આજે તો સાસુજી આવે છે! હું આગળ જઈને તેમને મળું.'' સીતા માથે સાળુ ઓઢીને 'ધરમર ધરમર' વાદળમહેલનાં પગથિયાં ઊતરે છે. કૌશલ્યાની વહેલ ઊભી રહે છે અને તે વહેલમાંથી નીચે ઊતરે છે. કૌશલ્યા મનમાં વિચારે છે, ''બાપ, મારે તો ઘણા દિવસે વહુ લંકાગઢથી પાછી આવી છે!'' સીતા આગળ આવીને કૌશલ્યાના ચરણમાં પડે છે, અને સાસુ 'ગણણણ્ દઈને'



અવળી ફરી જાય છે. સીતા ફરી સાસુના મુખ આગળ આવીને ચરણોમાં પડે છે. પછી હાથ જોડીને ઊભી રહે છે અને કૌશલ્યાને કહે છે, ''સાસુજી, મારા કયા દોષને કારણે તમે મને બોલતાં નથી?'' કૌશલ્યા કહે છે, ''રાંડ! તું મારી પાસેથી શું જવાબ માગે છે? મને આજીજી કરવાનું છોડી દે અને તારા રાવણ ધણીની વાત કર! દુનિયા કહે છે કે તેને દસ માથાં અને વીસ હાથ છે પણ તું તો તેને નજરોનજર જોઈને આવી છે, તેની તું વાત કર.'' સીતા મનમાં વિચારે છે કે ''મારે હવે આ સાસુને સમજાવવી કઈ રીતે? કૌશલ્યા આગળ પ્રશ્ન કરે છે, ''તું રાવણના મહેલમાં રહીને આવી છે. તું એ તો વાત કર કે રાવણનો વાદળમહેલ કેવો છે?'' સીતા કહે છે, ''માતા, મારે તમને કેવી રીતે સમજાવવાં? મેં તો રાવણનો મહેલ જોયો પણ નથી. તેની વાડીથી આગળ જઈ પણ નથી.'' કૌશલ્યા કહે છે, ''વાહ! સાચા બોલી રાંડ વાહ! તું મને ખરી વાત વહેંચવા માટે આવી છે!'' ''તમારે જે માનવું હોય તે માનો પણ હું તો વનમાં હતી ત્યારે પણ વાડીનાં વનફળ ખાતી હતી અને લંકાની વાડીમાં રહી ત્યારે પણ વાડીનાં ફળ જ ખાધાં છે. રાવણના ઘરનું પાણી પણ મારે માટે તો હરામ હતું.'' ''વાહ રે વાહ! નટરી રાંડ! તેં મને ખરી વાત કરી!'' સીતા કૌશલ્યાને શાંતિથી સમજાવતાં કહે છે, ''માતા, માનો તો હું તમને એક વાત કરું. હું લંકાની વાડીમાં રામ માટે મારી દૂંટી સુધી પથ્થર ગોઠવીને બેઠી હતી. તમને મારી વાત ઉપર વિશ્વાસ આવતો ન હોય તો હનુમાન ભાણેજને પૂછો. તે તમને બધી વાત કહેશે. મેં મારું સત પૂરું સાચવ્યું છે. રામ વિના મને ઊંઘ આવતી નહોતી. હું તેમને ક્યારેય ભૂલી નથી. રામના નામની માળા રટતી વાડીમાં બેઠી હતી.'' ''ઠગારી, તારી વાત રહેવા દે! તું તો ખરા ધણીને જઈને પાછી આવી છે. સાચાબોલી, તું મને શું સમજાવવા બેઠી છે? રામ તો વાડીએ ગયો જ હતો. તેં વળી પાછો લક્ષ્મણને વાડીમાં શા માટે મોકલ્યો હતો? તારે રાવણ સાથે જવું હતું તેથી તો તેને મહેણાં મારીને રામની પાછળ વાડીમાં મોકલ્યોને?'' ''સાસુજી, હવે તમે અવળું બોલશો નહીં. તમારા દીકરાની જ ભૂલ હતી. એકલી મૂકીને વાડીએ શા માટે ગયો? મને કદળીવનમાં મઢીએ મૂકીને જવાની જરૂર ન હતી.'' ''ભૂંડા કુળની! મને સમજાવવાનું છોડ દે. તું વાડીમાંથી પાછી આવીને શું



કહેતી હતી? તું તો કહેતી હતી કે બે આદમી મૂઆ છો પણ મઢીમાંથી બહાર નીકળતા જ નથી. તેં કાઢ્યા એટલે તો જાય જ ને? બંને જાય પછી જ રાવણ તારી પાસે આવી શકે ને?'' ''સાસુજી, ઘણું દુઃખ વેઠીને વાડી સજાવી હતી. મેં મારા પિતાજીના ઘેર ક્યારેય કામ કર્યું નહોતું. રામજી સાથે આવી ત્યારે ઘણી મુસીબતે કૂવો ગોડીને વાડી સજાવી. પછી અમારા દેખતાં જ અમે વાડીને કઈ રીતે ભેળી નાખીએ? તમે મને વારંવાર ઉપાલંભ કેમ આપો છો? વારંવાર તમે મને કડવું લાગે તેવું કેમ બોલો છો? તમે કયું ઋણ વેઠીને મને પરણાવી છે? મારા પિતાએ તો મને બાવાઓ સાથે વળાવી હતી! વળી પાછી તું મને કેમ દબાવે છે?'' સીતાનાં વચનો સાસુને કડવાં લાગે છે. તે રડતી જાય છે અને બોલતી જાય છે. આ બંનેનો ઝઘડો દૂરથી સાંભળી રહેલા રામ અને લક્ષ્મણ નજીક આવે છે. કૌશલ્યા કહે છે, ''નટરી રાંડ! મને વિધવા જાણીને મહેણાં મારે છે? મારા દીકરાની વહુ! ઘડપણમાં વેઠવી પડે તે દુઃખે મને મહેણાં મારે છે?'' હવે તે રામને કહે છે, ''દીકરા, તારી વહુ મને વિધવા જાણીને કહે છે કે વૃદ્ધા સાસુ આ જન્મ માથે પડી છે.'' કૌશલ્યા રડતી જાય છે અને રામને આગળ કહે છે, ''તું આને પાછી વનખંડમાં મૂકી આવ. હું તને અયોધ્યાનું રાજ આપું છું. આવી રાંડ આપણા ઘર નજીક પણ નહીં જોઈએ. તું મારા પેટનો પુત્ર હોય તો આ રાંડને કાઢી મૂક.'' કૌશલ્યા આવેશમાં આવીને કહે છે, ''દીકરા, તું તેને વનમાં લઈ જઈને મારી નાખીને આંખોનાં રતન કાઢી મારી પાસે લઈ આવે તો જ મારું મન વળે!'' રામ ઋષિ વિચારે છે, ''હું વનમાં એકલો જ પરણ્યો. વનમાં સીતાને મારી પાછળ પાછળ ઘણાં દુઃખ વેઠ્યાં. ઘણાં દુઃખ વેઠીને તેને લંકામાંથી પાછી લાવી શક્યો. હવે મારે શું કરવું? હું તો માતાને વહાલો થાઉં કે પછી પત્નીને વહાલો થાઉં? મારે તો હવે બે બાજુનું દુઃખ થયું.''

રામ વચ્ચે છે અને સાસુ ને વહુ બંને અવળાં ફરીને આંસુ સારે છે. સાસુ રડે છે વહુનાં મહેણાંને માટે અને સીતા રડે છે તેના સત માટે. સીતા મનમાં વિચારે છે, ''કરણીના કિરતાર, તેં લખ્યું તે ખરું! જેવા મારા લેખ. રાવણ બળાત્કારે લઈ ગયો અને આજે હું મહેણાં સાંભળતી થઈ!'' કૌશલ્યા વિચારે છે, ''હે કરણીના કિરતાર! મારા દીકરાના કેવા લેખ? તેને વન ભોગવવું પડ્યું. વનમાં જ



પરણ્યો, પણ વહુ ભૂંડા કુળની મળી. આવતાંની સાથે જ મહેણાં મારવા લાગી.'' સીતા છેલ્લેછેલ્લે સાસુને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહે છે, ''સાસુ, ધીરજ ધર! મને નહીં રહેવા દે તો હું વનમાં પાછી જઈશ. પણ મારી થોડીક જ્ઞાનની વાતો સાંભળ. હું જે દેશમાં ગઈ હતી તે દેશની વાત કરું છું. તે દેશની કેવી અવળી વાતો છે તે તું ધ્યાનથી સાંભળ. તે દેશમાં એક સ્ત્રી મેં એવી જોઈ કે ઘરનો પતિ બહાર ગયો હોય તો ઘડીક થાય અને બહાર આવે અને પાછી ઘરમાં જાય. તેને ચેન પડે જ નહીં. વારંવાર પતિની વાટ જોયા જ કરે. જેવો પતિ બારણે આવે કે તરત જ પતિને અવળું બોલીને તેની સાથે કજિયો કરે. આવી સ્ત્રીનો અવતાર કૂતરીનો ગણાય!'' સીતા આગળ કહે છે, ''સાસુજી, તમે મારી વાત આગળ સાંભળો. વળી, મેં એક સ્ત્રી એવી જોઈ કે જે રાંધતી જાય અને ખાતી જાય, વળીવળીને વાસણના કાના ચાટતી જાય. આવી સ્ત્રીનો અવતાર બિલાડીનો ગણાય!'' સીતા આગળ વાત કરે છે, ''વળી, એક સ્ત્રી એવી દીઠી કે ઊભી ઊભી છોકરું ધવડાવે જ જાય. માણસ હોવા છતાં આવી સ્ત્રીનો અવતાર ઘોડીનો ગણાય!'' તે જ્ઞાનની વાતો આગળ સમજાવતાં કહે છે, ''સાસુજી, આ સંસારમાં મેં જાતજાતની સ્ત્રીઓ જોઈ છે. એક સ્ત્રી એવી પણ જોઈ કે પોતાના ઘરના આદમીથી સંતોષ નહીં થાય અને બીજો પુરુષ કરતી જાય. એવી સ્ત્રી છિનાળ ગણાય. વળી, એક સ્ત્રી એવી દીઠી કે ઘરનો પતિ સરસ-સુંદર નવાંનકોર કપડાં પહેરાવે. પણ આવી સ્ત્રી ધૂળ નહીં જુએ કે કચરો નહીં જુએ. આવી સ્ત્રીનો અવતાર ગધેડીનો ગણાય છે!'' સીતા જ્ઞાનની વાણી આગળ ઉચ્ચારતાં કહે છે, ''સ્ત્રીઓના ઘણા પ્રકાર છે. એક સ્ત્રી વળી એવી જોવામાં આવી કે ભરેલું બેડું માથે હોય અને વાતે ચડે. દિવસ સવાપહોર ચડે છતાં ખબર નહીં પડે. આવી સ્ત્રીનો અવતાર ઊંટડીનો ગણાય.'' સીતા સાસુને આગળ સંભળાવે છે, ''સાસુ, તમે મારી વાત સાંભળો. એક નારી વળી એવી હતી કે માથામાં હાથ નાખેને બાચકો લીખો અને જૂ હાથમાં આવે. તે ચાલતી જાય અને પટ દઈને લીખો ને જૂ ભેગી મારતી જાય. એવી સ્ત્રીનો અવતાર માંકડા(મોલા)નો ગણાય.'' સીતા કૌશલ્યાને અંતે કહે છે, ''ઘેર ઘેર ચતુર નારીઓ નથી જ નથી! દરેક વાડીમાં ચંદનનાં વૃક્ષ ન હોઈ શકે. દરેક તળાવમાં કમળ થતાં નથી.



હું તો સાચે જ ભગવાનની દીકરી છું. સત્યની પૂતળી મને ભગવાને જાતે પોતાના હાથે જ ઘડી છે. મારામાં કેટલા ગુણ છે એ તું શું જાણે? એ તો તારો પુત્ર જાણે. તારા મનમાં તો મેલ ભરાયો છે. તું મને સાચે જ ઓળખી શકી નથી.'' કૌશલ્યા કહે છે, ''નટરી રાંડ! મને ગમે તેટલું સારું લગાડે, પણ તું મારી નજીક નહીં જોઈએ. તું અત્યારે જ અહીંથી ચાલી જા. મારા દીકરાને રાખવી હોય તો બંને સાથે જ જાઓ. બાર વરસ તો ભેગાં રહ્યાં. હવે આ જન્મ વનમાં જ મરજો!'' કૌશલ્યા રામજીને કહે છે, ''દીકરા, વિલંબ કરે મોડું થાય છે. તારી રાંડ તો પટપટ બોલે જ જાય છે. તેને ઝટઝટ વનમાં મૂક. તેને લઈને વનમાં જા, અને આંખોનાં રતન લઈને ઝટઝટ પાછો આવ. તેની આંખો મારા હાથે મસળી નાખું તો જ મન વળે, દીકરા!'' રામ પગના અંગૂઠાથી જમીન ખોતરે છે અને લક્ષ્મણને કહે છે, ''ભાઈ, તારી ભાભીને વનખંડમાં મૂકી આવ.'' લક્ષ્મણ રામને કહે છે, ''ભાઈ, ભાભીના હાથના રોટલા મેં ઘણા દિવસ ખાધા છે. રીસમાં આપ્યું કે હસીને આપ્યું પણ હું તેના લીધે જ વનવાસ વેઠી શક્યો છું. હવે હું ગુણ ઉપર અવગુણ કઈ રીત કરું? ભાભીને હું મારા હાથે વનમાં નહીં મૂકી શકું.'' માતાના અજુગતા આદેશથી બંને ભાઈઓ વિચારમાં પડી જાય છે.

રામ પોતાનો ભૂતકાળ યાદ કરતાં વિચારે છે, ''છ માસ વનવાસ વેઠ્યા પછી અમને સીતા સરખી ચતુર નારી મળી. તેના સહારે અમે બંને ભાઈઓએ બાર વરસ પૂરાં કર્યાં. વળી તેમાં એક વર્ષ ફરીને દુઃખ આવ્યું. લંકામાં યુદ્ધ આદર્યું. ઘણી જ મુશ્કેલીએ સીતાને ફરીથી પ્રાપ્ત કરી. હવે તેને પુનઃ વનમાં મૂકવાની વાત આવી છે. પણ હું માતાનો આદેશ પણ અવગણી શકતો નથી.'' માતાના આદેશથી દુઃખી થયેલો લક્ષ્મણ અવળો ફરીને આંસુ સારી રહ્યો છે. રામ લક્ષ્મણની પાસે જઈને કહે છે, ''લક્ષ્મણ, આ વનફળ સીતાને આપી વહેલમાં બેસાડીને વનમાં મૂકી આવ.'' લક્ષ્મણ વિચારે છે, ''ભાભીના હાથનું ઘણું ખાધું ને પીધું. વનમાં દુઃખ પડ્યું ત્યારે ભાભીએ અમારી સેવા કરી. હવે જ્યારે સુખ આવ્યું છે ત્યારે હું મારા જ હાથે ભાભીને વનમાં કઈ રીતે મૂકી આવું?'' ભાભીને વનમાં મૂકવાની વાત માત્રથી લક્ષ્મણની આંખોમાંથી આંસુની ધારા વહે છે. રામ લક્ષ્મણને કહે છે, ''ભાઈ, ધીરજ ધર અને આ વનફળ સીતાને આપ.'' લક્ષ્મણ



કહે છે, ''ભાઈ, હું ભાભીને વનફળ નહીં આપી શકું. તમે તમારા હાથે આપો.'' રામની આંખોમાંથી આંસુની ધારા વહે છે અને તે સીતાની પાસે આવી ઊભા રહે છે. સીતા રામની સામે એક પગે ઊભી રહે છે અને પાયે લાગીને કહે છે, ''મારું હરણ થયું છતાં હું મનમાં દુઃખ લાવી નહીં. સદા તારું નામ લેતી રહી. મારું સત જાળવીને લંકામાંથી પાછી આવી. વળી, પાછી સાસુ મને વનમાં મુકાવે છે. હવે હું વનમાં એકલી જાઉં છું.'' રામ સાથે વાત કરતાં કરતાં સીતાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગે છે. તે આગળ કહે છે, ''ભલે કરણીના કિરતાર! અમે બંને ઘણી વિપત્તિએ ભેગાં થયાં. પહેલાં તો અમે ત્રણ જણ હતાં એટલે હું વનમાં રહી શકી. પણ હવે તો હું એકલી જ કઈ રીતે વનમાં રહી શકીશ?'' સીતાના નજીકના વિયોગથી રામની આંખોમાંથી બોરબોર જેવડાં આંસુ પડે છે. તેઓ સીતાને કહે છે, ''હે સીતા! તું ઘણી જ ક્ષેમકુશળ વનમાં જા! ભગવાને વનમાં જ આપણી જોડી બનાવી અને તને ફરી પાછો વનવાસ આપ્યો. ભગવાન ફરીને આપણા લેખ મેળવશે તો વળી પાછાં ભેગાં થઈશું.''

સીતા વનખડમાં

શોકાતુર લક્ષ્મણ ધીરજ ધરીને વાજમી વહેલ શણગારે છે. તે ભાભી પાસે આવીને કહે છે, ''હવે રોવાથી રાજ મળવાનું નથી. તું ધીરજ ધર.'' સીતા લક્ષ્મણની પાછળ પાછળ જાય છે અને વહેલ ઉપર પગ મૂકવા જાય છે કે તરત જ કાળો કીર અને કાળો કાગડો સાથે બોલે છે. વહેલમાં બેસવા માટે સીતાનો ઊંચો થયેલો પગ પાછો જમીન પર આવે છે. રામ સીતાને વનફળ આપે છે અને કહે છે, ''આ ફળ તું વનમાં ખાજે. આનાથી તને મારો આધાર મળશે.'' સીતા વનફળ લે છે અને બંનેની આંખોમાં શ્રાવણ ઘૂરે છે. વિયોગના વસમા દુઃખને કારણે એક આંખમાંથી શ્રાવણ અને બીજી આંખમાંથી ભાદરવો વરસે છે. રામ વહેલની પાસે ઊભા છે, અને સીતા વહેલમાં બેસીને રામને હાથ જોડીને કહે છે, ''મારા રામ! ઘણો કુશળ રહેજે!'' લક્ષ્મણ રડતી આંખે વહેલ હંકારે છે. જતાં જતાં કૌશલ્યા લક્ષ્મણને કહે છે, ''રાંડ! ભૂંડા કૂળની હતી! અહીંથી કાઢી તો ખરી. લક્ષ્મણ તેને લઈને જાય છે પણ તારા હાથે જ મારીને



આંખોનાં રતન લઈને આવજે. મારા હાથે મસળી નાખીશ ત્યારે જ મારી રીસ હોલવાશે!'' લક્ષ્મણની આંખોમાંથી આંસુની ધારાઓ વહે છે અને નીચું મુખ કરીને વહેલ હંકારે જાય છે. તે વહેલને લઈને માણેકચોકમાં આવે છે. સીતાને જતી જોઈને આખી નગરીનાં લોકો આંસુ સારે છે. સીતા વનના મારગે આવે છે, અને વિચારે છે, ''એક વખત રામથી છાના તલ ખાધા હતા, તેનું આ પરિણામ આવ્યું!'' લક્ષ્મણ સાગવન પાછળ મૂકે છે અને કદળીવનમાં આવે છે. કદળીવન પાછળ મૂકીને બંને કાદવિયાવનમાં આવે છે. અહીં આ વનમાં ધોળી વસ્તુ પણ દેખાતી નથી અને પીળી વસ્તુ પણ દેખાતી નથી. સીતા મનમાં વિચારે છે, ''લક્ષ્મણના મનમાં ભારે દુઃખ છે માટે તો તે નીચું મુખ કરીને વહેલ હંકારે જ જાય છે. મને કયાં લઈને જઈ રહ્યો છે તેનો ખ્યાલ પણ તેને રહ્યો નથી. મારે જ તેને સાવધ કરવો પડશે.'' તે લક્ષ્મણને કહે છે, ''દિયર, વહેલ ઊભી રાખ. મારો તો તરસે જીવ જાય છે. પાણી વિના મરી જઈશ.'' લક્ષ્મણને સીતાની વાતથી મનમાં શાંતિ થાય છે. તે વિચારે છે, ''ભાભીના મનમાં મારા તરફથી કોઈ દુઃખ નથી. મારા માટે તેનું મન સાફ છે. તે કોઈ પણ પ્રકારનું દુઃખ રાખ્યા વિના મને મુકત મને બોલે તો છે. હવે લક્ષ્મણ વહેલને ઊભી રાખે છે અને ભાભીને જાળવીને વહેલમાંથી નીચે ઉતારે છે. સીતાને વૃક્ષની છાયામાં બેસાડે છે, ''ભાભી, તમે અહીં જ બેસજો. હું પાણી લઈને થોડીક ક્ષણોમાં પાછો આવું છું.''

પાણી લેવા લક્ષ્મણ વનમાર્ગમાં આગળ વધે છે. પાણી લેવા માટે કૂવે આવે છે કે કૂવામાંથી ફ ર્ ર્ ર્ કરતા હોલા ઊડે છે. આજુબાજુના બધા કૂવા પાણી વિનાના ખાલી છે. લક્ષ્મણ વિચારે છે, ''હજી કિરતારને કેટલું દુઃખ પાડવાનું બાકી હશે? તેં અવતાર આપ્યો અને વનમાં ભટકતાં જ અમારો અવતાર પૂરો થવા આવ્યો. હજી પણ અમારા દુઃખનો કોઈ કિનારો આવ્યો નહીં.'' કૂવામાંથી પાણી પ્રાપ્ત ન થવાથી હવે લક્ષ્મણ સરોવરમાં પાણી શોધવા જાય છે. સરોવરની પાસે આવવાની સાથે પાળ ઉપરથી જ ફ ર્ ર્ ર્ દઈને હોલા ઊડવા લાગે છે. સરોવરની નજીક આવીને જુએ છે તો આખું સરોવર કોરુંકટ છે. દિવસ નમવા આવ્યો છે. ઘણા પ્રયત્નો કરવા છતાં પણ ભાભી માટે પાણી નહીં મળવાને



કારણે તેની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગે છે. અંતે થાકીને લક્ષ્મણ પાણી મેળવવા બીજા વનખંડમાં જાય છે. આ વનખંડમાં પણ પાણી મળતું નથી. વનમાં ભટકતાં ભટકતાં જ રાત પડી જાય છે. વનમાં લક્ષ્મણને સૂતે નિદ્રા આવતી નથી અને બેસી રહેવાથી ચેન પડતું નથી. વિચારે છે, ''મારી ભાભી તો કદળીવનમાં રહી ગઈ. એકલી જોઈને વાઘ-ચિત્તા ખાઈ જશે તો? વનમાં મૂકવા ન આવ્યો હોત તો મારે આ દુઃખ જોવું તો ન પડત!'' લક્ષ્મણ જેમતેમ કરીને 'અજ્જર વજ્જર' રાત કાઢે છે. પીળિયાં પ્રભાત થાય છે. પૃથ્વીને માથે સૂર્ય ઊગે છે અને સતિયો ફરીને પાણીની શોધ માટે ઊભો થાય છે. ચાલતો ચાલતો ગંગા-ગોદાવરીના કિનારે આવે છે. નદીમાં જુએ છે તો આખી નદી કોરી ધાકોર છે, અને નદીમાં ધૂળ ઊડે છે. લક્ષ્મણ નિરાશ થઈને નીચે બેસી પડે છે અને માથે હાથ દઈને પોક મૂકે છે, ''મારી ને ભાભીની આખી ઉંમર જંગલમાં પૂરી થઈ. વનમાં એકલી આવીને મારી નજર બહાર મરી હોત તો મને આટલું દુઃખ નહીં થાત. હે કરણીના કિરતાર! મેં બાર વરસ ભકિત કરી છતાં તું મને નીચું કેમ જોવડાવે છે? હવે કદાચ મળે તો પર્વતો ઉપર દેવીઓનું પાણી શોધું. સાચી દેવીઓનું કોઈ જગ્યાએ પાણી હશે તો મને મળશે.'' લક્ષ્મણ પર્વત ઉપર જાય છે અને સ્થળે સ્થળે જળ શોધે છે. તેને પર્વત ઉપર લીલાં ઝરણાં નજરે પડે છે. તે વિચારે છે, ''આ તો સાચી દેવીઓનું જ પાણી છે. તે પાનાંનો પડિયો કરીને પાણી ભરી લે છે અને મારગે મારગે કદળીવનમાં આવે છે. લક્ષ્મણને દૂરથી આવતો જોઈને સીતા સૂઈ જાય છે. પાસે આવીને સાદ દઈને બોલાવે છે પણ સીતા બોલતી નથી. લક્ષ્મણ નજીક આવીને નીરખે છે પણ તેને સમજાતું નથી કે સીતા તો જીવે છે કે મૂએલી છે. સીતા વિચારે છે, ''હું આંખ ખોલીને જોઈશ તો દિયર નજરે પડશે. અહીંથી જવાનો પ્રયત્ન કરશે ત્યારે તેને હું ખુલ્લી આંખે કઈ રીતે વિદાય આપી શકીશ?'' તે આંખો બંધ રાખીને પડી રહે છે. લક્ષ્મણ પાણીનો પડિયો સીતાના માથા પાસે મૂકે છે અને વિચારે છે, ''ભાભીના લેખ ભાભી પાસે અને મારું કર્મ મારી પાસે. હે શામળા, તને સીતા સોંપું છું!'' તે નીચે બેસે છે અને સીતાના માથા ઉપર હાથ ફેરવે છે. લક્ષ્મણ જતાં જતાં કહે છે, ''જીવતી હોય તો કુશળ રહેજે અને મરી ગઈ હોય તો 'નરવરગઢ ઝોઆર!'



જીવતી હશે અને પરમાત્મા વળી પાછી મેળવશે તો અમે ભાભી અને દિયર વળી પાછાં ભેગાં થઈશું. લક્ષ્મણની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસે છે અને વહેલ હંકારે છે. આંસુ લૂછે છે અને મારગે મારગે જાય છે. વહેલ આગળ જાય છે અને મન પાછળ રહે છે. લક્ષ્મણ જતાં જતાં વિચારે છે, ''ત્રણ જણ સાથે રહેતાં હતાં ત્યારે સારું હતું. ત્રણમાંથી હવે તો બે જ ભેગા રહ્યા. ઘેર આવતાંની સાથે માતા તો કેટલે દૂર મળવા આવશે!'' લક્ષ્મણ આગળ વિચારે છે, ''વિના કારણ હત્યા કરવાનો ઘણો દોષ છે. પરંતુ, હું હરણને મારીને બતાવવા આંખો નથી કાઢતો, તો માતા માનવાની નથી.'' મારગમાં દોડતા એક હરણને મારે છે અને તેની આંખો કાઢી લે છે. લક્ષ્મણ એક ખંડ મૂકી બીજા ખંડમાં થઈને અયોધ્યા આવવા લાગે છે. કૌશલ્યા દૂરથી વહેલ આવતી જોઈને લક્ષ્મણને સામે આવીને પૂછે છે, ''તું આંખોનાં રતન લઈને તો આવ્યો છે કે?'' લક્ષ્મણ સીતાની આંખો માગતી માતાને હરણની આંખો આપે છે. કૌશલ્યા આંખોને હાથથી મસળી ઢોલિયાને પાયે દબાવે છે. માતા લક્ષ્મણને અભિનંદન આપતાં કહે છે, ''હે પુત્ર! તેં આજે ઘણું જ સારું કામ કર્યું છે!''

લક્ષ્મણ વહેલ લઈને જવા લાગે છે અને દેખાતો બંધ થાય છે કે તરત જ સીતા આળસ મરડીને બેઠી થાય છે. પડિયામાં જુએ છે તો પાણી ભરેલું છે. તે રામનું સ્મરણ કરે છે અને પાણી પીએ છે. સીતા કાન માંડીને સાંભળે છે તો દૂરથી વાઘનો અવાજ કાને પડે છે. વાઘ લાંબી નજરે જુએ છે તો તેને મનુષ્યદેવ નજરે પડે છે. તે વિચારે છે, ''બારબાર વરસ થઈ ગયાં છે. પેટમાં કંઈ પડ્યું નથી. હું જેવું સાધન શોધતો હતો એવું મળી રહ્યું છે.'' વાઘ સીતાની નજીક આવે છે અને તેને મારવા માટે છલંગ ભરવાની તૈયારી કરે છે. સીતા પણ વાઘ ઉપર તરાપ મારવા માટે ચાર પગે થાય છે અને વાઘને કહે છે, ''તું પણ જંગલનો છે અને હું પણ જંગલની છું. તું જે ખાય છે તે હું પણ ખાઉં છું.'' સીતા પણ વાઘનું લક્ષ્ય લઈને તેની સામે ઊભી રહે છે. વાઘ નવાઈ પામીને સીતાને પૂછે છે, ''હે બહેન! તેં મારા સામે કેમ મોરચો માંડ્યો?'' સીતા વાઘને પૂછે છે, ''તું કેટલા દિવસનો ભૂખ્યો છે તે વાત કર.'' વાઘ કહે છે, ''મેં તને બહેન માની છે. તું મારી વાત ધીરજથી સાંભળ. હું બાર વરસથી ભૂખ્યો છું. હું કોઢના રોગથી



પીડાતો હોવાથી જેવો ગુફાની બહાર આવતો કે તરત જ માખીઓ સતાવવા માટે મારી પાછળ પડતી હતી. આથી હું ભૂખ્યો જ ગુફામાં પડી રહેતો. ઘણાં વરસ થઈ ગયાં. ભૂખ વેઠી શકયો નહીં. આથી હું ગુફામાંથી બહાર આવ્યો છું. હવે એ તો વાત કર કે તું મારી સાથે કેમ થઈ?'' સીતા કહે છે, ''ભાઈ, તું બાર વરસથી ભૂખ્યો છે તો મને તેર વરસ પૂરાં થવા આવ્યાં છે! મને પણ આ વનમાં ઘણાં વર્ષોથી કંઈ પણ ખાવા મળ્યું નથી. ભૂખની મારી તારામાંથી તો થોડું ઘણું તોડી લઉં એમ સમજીને મેં પણ તારા ઉપર તૂટી પડવાની તૈયારી કરી.'' વાઘ કહે છે, ''બહેન, તું પણ સરખી અને હું પણ સરખો. હું તો વાઘ હતો. આથી વનમાં રહેતો હતો પણ તું એ તો કહે કે તારે વનમાં રહેવાનું કયું પ્રયોજન છે?'' ચતુર સીતા કહે છે, ''ભાઈ, મારી વાત સાંભળ. હું રામનું નામ લઉં છું અને વનમાં રહું છું. હું ભકતાણી છું.'' તું સાચે જ રામની ભકતાણી હોય અને તારામાં સત હોય તો મારું દુઃખ દૂર કર. મેં તને મારી બહેન માની છે, મારા કોઢ મટે અને મારું શરીર સારું થાય એવું કર. હું તારા ગુણ નહીં ભૂલું.'' સીતા દેવીઓના પાણીનો ભરેલો પડિયો હાથમાં લે છે, અને રામનું નામ લઈને વાઘ ઉપર છાંટા નાખે છે. વાઘ ઉપર રંગરંગના છાંટા પડે છે અને વાઘના શરીર ઉપરના કોઢ મટે છે. તેના ઉપર કાબરચિતરી ભાત પડે છે. વાઘ પોતાના શરીરને નીરખે છે. તેનું શરીર સુંદર બની ગયું છે. પોતાનું સુંદર શરીર જોઈને આનંદિત બનીને વાઘ કહે છે, ''હે મારી ધરમની બહેન! તને મારી મોટી બહેન ગણું કે નાની બહેન ગણું પણ હવે તારા દુઃખની વાત કર.'' સીતા કહે છે, ''ભાઈ, મને તો ભક્તિ જ વહાલી છે. અહીં બેઠેબેઠે મારા દિવસો જતા નથી. હું એકલી છું. તું વનમાં ફરે છે. તેં ઘણા બધા ઋષિઓની ધૂણિયો જોઈ હશે. મને કોઈ સારા ગુરુના આશ્રમે મૂક. ગુરુના આધારે દિવસ અને રાત ભક્તિમાં જ પસાર થશે.'' વાઘ કહે છે, ''હું ઘણા ઋષિથી પરિચિત છું. દરિયાની પાળે પાનઋષિ, ધૂમઋષિ, કોરબઋષિ, ઘરોઋષિ આદિ સાત ઋષિની ધૂણિયો છે. તેઓ નથી તો ખાતા કે નથી તો પીતા. તેઓ આ જન્મ ભક્તિ કરે છે. તેમની ધૂણિયે તને મૂકું છું.'' ''વનના રાજા, મારે એવા જ જ્ઞાની ઋષિઓની સેવામાં જવું છું.'' ''બહેન, મારા ઉપર બેસી જા, તને સાત ઋષિઓની ધૂણિયે લઈ જાઉં.'' સીતા વાઘ ઉપર સવાર



થાય છે અને વાઘ ઋષિની ધૂણિયે આવવા નીકળે છે. સીતા હાથમાં માળા લઈને ભકિત કરે છે અને વાઘ ઉપર સવાર થઈને મારગે મારગે આગળ વધે છે. વાઘ બોલે છે અને બાર ગાઉ સંભળાય છે. વાઘ લાંબી ફાળે અને છોટે પગલે ઋષિની ધૂણિયે આવે છે અને ચતુર સીતા વાઘ ઉપરથી નીચે ઊતરે છે. સાત ઋષિ તપ કરે છે. તેઓના કાને વાઘનો અવાજ આવે છે પણ તેઓ આંખો ખોલતા નથી. રામનું નામ લે છે અને ભગવાનને કહે છે, ''હે ભગવાન! પર્વતોમાંથી વાઘ-ચિત્તા આવે છે. અમે તપ કરવા બેઠા છીએ. ખાવા હોય એટલા ખાઈ જાય અને રહેવા દેવા હોય એટલા રહેવા દે. અમારે આંખો નહીં ખોલવાનું પ્રણ છે. આંખો ખોલીએ તો જંગલઝાડી નજરમાં આવે અને પાછો ભકિતનો મારગ અટવાઈ જાય.'' વાઘ ઋષિઓની નજીક આવીને કહે છે, ''ઋષિઓ, મારી વાત સાંભળો. તમે સૌથી પહેલાં આંખો ખોલીને જુઓ. ઋષિ કહે છે, ''વનના રાજા, તારી સાથે અમે જૂઠું નહીં બોલીએ. ખાંડાની ધાર ઉપર છીએ. એક બાજુ દરિયો અને બીજી બાજુ સમુદ્ર છે. અમે વચ્ચે ખાંડાની ધાર પર બેઠા છીએ. આંખો નહીં ખોલવાની અમારી પ્રતિજ્ઞા છે.'' વાઘ ઋષિને કહે છે, ''તમારા જેવી જ શિષ્યા લઈને આવ્યો છું. તેની સામે તો જુઓ!'' બીજા ઋષિ તો સીતાની સામે જોતા નથી પણ પાનઋષિ બંધ આંખે વાત કરે છે, ''તું નામ અને ઠામ કહે તો અમને ખબર પડે કે અમારી ધૂણિયે કોણ શિષ્યા થવા માટે આવી છે. આંખો બંધ રાખીને તપ કરે જઈશું અને તેની છાયા અમારા ઉપર પડશે તો અમારી ભક્તિમાં ધૂળ પડશે.'' સીતા ઋષિ સામે હાથ જોડીને ઊભી રહે છે અને તેઓને કહે છે, ''હે ઋષિ! તમારા જેવી જ હું છું! ભગવાને મને વનવાસ આપ્યો. મારો સ્ત્રીનો અવતાર છે. થોડીથોડી ભક્તિ હું પણ જાણું છું. પણ મારે સાચા ગુરુનો બોધ લેવો છે.'' સતી સીતા અને રામ ઋષિનું નામ આવવાની સાથે જ પાનઋષિ પોતાનાં નેત્રો ખોલે છે. ચતુર સીતા સામે જુએ છે અને મનમાં વિચારે છે, ''તેમની ભક્તિ તો અમે કરીએ છીએ અને તેમને દુઃખ કયાંથી આવ્યું? તેમના ખોળે તો અમે રહીએ અને તેઓ અમારા ખોળે કયાંથી? લીલા બાગમાં કોયલો સદા વસે. પણ આજે તો હરિયો બાગ કોયલો પાસે આવ્યો છે!'' ઋષિ કહે છે, ''તું હરિનું નામ લે. અમે તારી પાસેથી સાચી



ભક્તિ સાંભળીએ. તારી પાસેથી ભક્તિ જાણીએ. અમે ઘણી ભકિત કરી છે પણ તારા જેવું દુઃખ વેઠ્યું નથી.''

ઋષિ 'લળીલળી'ને રામનું નામ લે છે, અને સીતાની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. ચતુર સીતા રામફળ ઋષિના હાથમાં મૂકે છે અને કહે છે, ''આપણે બધાં આ ફળ વહેંચીને ખાઈએ.'' તેઓ રામફળનાં દર્શન કરે છે અને સીતાને કહે છે, ''સતી, અમારે ખાવાલાયક આ ફળ નથી. આ ફળ તો તમારે જ આરોગવાનું છે. ચતુર સીતા વિચારે છે, ''રામને મને પૂરા દિવસે આ ફળ આપ્યું છે.'' સીતા ઋષિની હાજરીમાં રામફળ આરોગે છે. આથી પેટમાં પીડા ઊપજે છે અને ઊલટી થાય છે. આંતરડામાં 'ઘોટા' વળે છે. સીતા દુઃખી થાય છે. સીતાનું દુઃખ જોઈને કોઈ ઋષિ તેના હાથ મસળે છે તો કોઈ પગ મસળે છે. સીતા રામને સ્મરે છે, ''હે વૈકુંઠના સ્વામી! તેં આ જન્મ દુઃખ જ આપ્યું. હવે તું મારી ખબર રાખ.'' રામના સ્મરણથી સીતાના પેટમાં ઠંડક થાય છે. તે ઋષિને કહે છે, ''હવે તમે શાંતિથી બેસો. મને પણ શાંતિ થઈ છે.''

લવ-કુશ

દિવસો પસાર થાય છે. સીતાથી નથી તો કહેવાતું કે નથી તો સહેવાતું. પોતાના પતિ સિવાય આ વાત કોને કહેવી? દિવસો ગણતાં માસ થાય છે. સીતાના પેટમાં ગર્ભ છે. ગર્ભને જીવ સંચરે છે. નવ માસ અને નવ દિવસ થવા આવ્યા છે. બાળક પેટમાં લાતો મારે છે. પૂરા માસે રામે આપેલું ફળ પાકે છે. પ્રસૂતા વેદ ભણે અને વાંજણી કરે ઠમકા. શક્તિ વિના ભક્તિ ન થાય. તંબૂર જેવું પેટ થઈ ગયું છે. સીતાને ચાલતાં લહાવો પૂરો થતો નથી અને બેસવાથી ચેન પડતું નથી. તેને સૂવાથી ઊંઘ આવતી નથી. સતી મનમાં વિચારે છે, ''એક તો વનમાં મૂકી અને પાછું દુઃખ આવ્યું. મારી ભક્તિના માથે ધૂળ વળી.'' સીતાને નથી તો ચલાતું કે નથી તો ફરાતું. જીવનો 'સૂંથારો' થાય છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો 'મહાજોગ' આવ્યો. સીતાનાં 'હીળાંહીળાં' પેટ દુઃખવા આવ્યાં છે. તેનો 'હરહર' જીવડો જાય છે. ગંગાજળમાં હંસદેવ રમવા લાગ્યો છે. વરસાદ વિના નદીઓ વહેવા લાગી છે.



નદીના પૂરમાં હંસલો તણાતો આવે છે. લોહીની નદી તેની પાછળ આવે છે. સીતા રામને સ્મરે છે, ''હે કરણીના કિરતાર! તારું બાંધેલું તું છોડ! સતીનો જીવ જાય છે અને આવે છે. એક બાજુ 'લોઅર' પડે છે અને બીજી બાજુ કુંવરનો જનમ થાય છે. સતી મૂચ્ર્છિત થાય છે. ઋષિ તેના ઉપર કપડું ઢાંકે છે. થોડી વાર થાય છે. સીતા રામનું સ્મરણ કરે છે અને આળસ મરડીને બેઠી થાય છે. લળવળ કમર બાંધે છે. ઋષિ પાણી આપે છે અને સીતા કુંવરને નવડાવે છે. રામે આપેલા કુંવરનું મુખ પૂનમના ચંદ્ર જેવું છે. કુંવરને ધીમેધીમે ઘૂમરી ઘાલે છે. કુંવરને જોઈને સીતા સ્મરે છે, ''કાળિયાના જેવું જ મુખ છે. તારા જ ફળનું ફળ પાક્યું. હું આ વનમાં એકલી જ હતી પણ મા-દીકરો બે જણ થયાં.'' સીતા કુંવરને સ્તનપાન કરાવે છે.

એક દિવસનો 'સમાજોગ' આવ્યો અને 'સમાજોગ'નો 'મહાજોગ' આવ્યો. સીતા ઋષિઓને કહે છે, ''તમે મારી ઘણી સેવા કરી. છ દિવસ થયા છે. હું નદીએ જઈને નાહી અને માથું ધોઈને પાછી આવું છું. કુંવરને પારણામાં પોઢાડીને જાઉં છું. તમે મારા કુંવરની ખબર રાખજો.'' સીતા નદીએ જવાની તૈયારી કરે છે અને ઋષિ તપ કરવા આંખો ઢાળે છે. સીતા વિચારે છે, ''આ ઋષિ તો તપ કરવા બેસી ગયા. તપના સમયે ખાવાનું નહીં કે પીવાનું નહીં એવું તેઓને પ્રણ છે. આંખો નહીં ખોલવાની પ્રતિજ્ઞા છે. તેઓના ભરોસે કુંવરને નહીં છોડાય.'' સતી કુંવરને પારણામાં પોઢાડે છે અને ત્રણ ભુવનના નાથને સ્મરે છે, ''તેં દુઃખ આપ્યું અને હું ભોગવું છું. તું આ કુંવરની ખબર રાખજે.'' સીતા કાળે ઉનાળે કાળીધોળી વાદળીનું સ્મરણ કરતાં કહે છે, ''હે કાળીધોળી વાદળી! તમને મારી ધરમની બહેન બનાવું છું. મારા કુંવરને તમે આછાઆછા છાંટા નાખજો. તમારા આ જળછાંટણાથી મારો કુંવર સમજશે કે મારી માતા મને ધવડાવે છે.'' હવે તે પવનદેવને કુંવરની સંભાળ રાખવાનું કામ સોંપતાં કહે છે, ''હે પવન વીરા! હું તને ધરમનો ભાઈ માનું છું! તું ધીમેધીમે વાજે. જેથી મારો કુંવર સમજશે કે મારી માતા મને હીંચોળે છે.'' છેવટે સીતા સૂડાને કહે છે, ''હે સૂડા વીરા! તારી વાણી મને ઘણી જ મીઠી લાગે છે! તું સોહામણાં (હોયમણાં) ઘણાં ગીત ગાજે. મારો કુંવર સમજશે કે મારી માતા હાલરડું ગાય છે.''



સીતા સ્નાન કરવા માટે જાય છે. મારગેમારગે ગંગાકિનારે આવવા લાગે છે. વનમાં રંગરંગનાં પક્ષી બોલે છે. ડુંગરે મોર બોલી રહ્યા છે. સુહાવની વનરાજિ ખીલી રહી છે. આસોપાલવ ઉપર એક વાનરી બેઠી છે. માર્ગમાં ચાલવાથી શ્રમિત થયેલી સીતા આસોપાલવની શીળી છાયા તરફ વળે છે. તે છાયામાં બેસે છે. વૃક્ષ ઘણું જ સોહમણું છે. ઘરનું મન વળે એવી છાયા છે. સીતા થોડો વિશ્રામ કરે છે ત્યાર પછી આસોપાલવના વૃક્ષ ઉપર ઊંચે જુએ છે તો એક વાનરી પોતાના બચ્ચાને ધવડાવે છે અને રમાડે છે. સીતા વિચારે છે, ''આ વાનરાંનો અવતાર તો જુઓ! તેઓને તો જલમ જ અદ્ધર આપેલો છે. આ વાનરીનું બચ્ચું તો જુઓ! પાતળી ડાળીએ ફરે છે અને અહીં નીચે મારો જીવ ધ્રૂજે છે. સીતા વાનરીને કહે છે, ''રાંડ, તને જણતાં દુઃખ નથી આવ્યું? જોતો ખરી, તારો જાયો તો પાતળી ડાળીએ ફરે છે. પડી જશે તો મરી જશે. તું પ્રસૂતિની વેદના ભૂલી ગઈ?'' વાનરી કહે છે, ''હમણાં જો હું તને એક દાખલો દઈશ તો તું નદીએ જવાનું અને નહાવાનું પણ ભૂલી જઈશ અને આવી હતી તે રસ્તે પાછી જઈશ!'' વાનરી સીતા સાથે વાતે ચડે છે. સતીને કહે છે, ''સીતા, મરશે તો મારો દીકરો મારી નજર આગળ મરશે. પણ તું તારા દીકરાની વાત કરને?'' સીતા કહે છે, ''હું ઋષિઓને સોંપીને ગંગાસ્નાન કરવા જઈ રહી છું.'' વાનરી કહે છે, ''સીતા, મારી વાત ધ્યાન દઈને સાંભળ. ઋષિ તો તપ કરતી વખતે આંખો નહીં ખોલવાનું પ્રણ લઈને બેઠા છે. આ વનમાં વાઘ અને ચિત્તા ઘણા ફરે છે. તારા દીકરાને ખાઈ જશે તો? તું મારી ચિંતા છોડીને પહેલાં તારી જ ચિંતા કરને મારી બાઈ!'' સીતા ઊભી ઊભી વાનરીની વાત ઉપર વિચાર કરે છે. ત્યાર પછી કપડાંની પોટલી નીચે મૂકી ચણિયાનો ખોળો વાળી, ધૂણી તરફ દોટ મૂકે છે. ધૂણિયે આવીને પારણામાં જુએ છે તો કુંવર જમણા હાથનો અંગૂઠો ધાવે છે. સીતા તેને ખોળામાં લે છે અને કુંવરના મુખ ઉપર આડાં અવળાં ચુંબન કરે છે. નાનું બાળ માતાને ઘણું વહાલું. તે ભરેલા સ્તને બાળકને ધવડાવે છે. ઋષિ તો આંખો બંધ કરીને ધૂણીએ ઊંધા પડ્યા તપ તપે જાય છે, અને સીતા કુંવરને લઈને આસોપાલવની છાયામાં આવે છે. કુંવરને ચુંબન કરીને વાનરીને કહે છે, ''કળિયુગમાં તારા જેવું કડવું પણ સાચું કહેનારાં માણસો નહીં મળે.'' સતી



આસોપાલવની છાયામાં કુંવરને ધવડાવી અને થોડો વિરામ કરીને ગંગાના ઘાટે આવે છે. નદીના કિનારે કીડીઓનાં નગરાં (દર) ચારે છે. નદીમાં આવી જળના જીવોને ચારે છે અને વૃક્ષના થડ પાસે ક્યારા કરીને માથું ધોવાના જવારા વાવે છે. તે પોતાની નજર સામે રૂમાલમાં બાળકને સુવાડીને સ્નાન કરે છે.

ધૂણિયોને માથે તપનો સમય પૂરો થાય છે અને ઋષિ આંખો ઉઘાડે છે. તેઓને પારણું ખાલી દેખાય છે અને ઊભા થઈને પારણામાં જુએ છે તો પારણામાં કુંવર નજરે પડતો નથી. આથી તેઓ કુંવરને આજુબાજુ શોધે છે પણ કુંવર મળતો નથી. બધા ઋષિ ચિંતિત થઈને અંદરોઅંદર વાતો કરે છે, ''સતી આપણને કુંવર સોંપીને ગઈ અને આપણે તો તપમાં જ ઊંઘા પડી રહ્યા. આપણા ઉપર તો સીતાનો મોટો ઉપાલંભ (ઓળપો) આવ્યો. કુંવરને વાઘ-ચિત્તા કે વરુ ખાઈ ગયાં લાગે છે. આપણું તો ઘીપાણીનું મૂલ્ય થઈ ગયું. સીતા આવશે ત્યારે આપણે શું જવાબ આપીશું?'' પાનઋષિ ધરોઋષિ સાથે ચર્ચા કરે છે, ''આપણે ભગવાનના ઘરના ઋષિ છીએ. સીતા માટે બીજો કુંવર ઉત્પન્ન કરીએ એટલું સત તો આપણામાં છે જ. જાઓ, એક ઋષિ દર્ભ લઈ આવો.'' પાનઋષિના આદેશથી જળઋષિ જળમાં ઊગેલા દર્ભ લઈ આવે છે. પાનઋષિ માણસ જેવી દર્ભની પૂતળી બનાવે છે. ધરોઋષિ આ પૂતળીને પારણામાં મૂકે છે. ધૂમઋષિ પારણા ઉપર કોરા કાપડનો ઓછાડ નાખે છે. પાનઋષિ હાથમાં 'અમીનો હંસો' અને 'કણિયોરની કાંબ' લે છે અને બોલે છે, ''હે સત્ય ભગવાન! અમે તારું સ્મરણ કરીએ છીએ! અમે તારા ઉપજાવેલા ઋષિ છીએ અને આ જન્મ તપ કર્યું છે. અમારા માથે સીતાનો આરોપ આવ્યો છે. તું અમારા ભેગો આવજે.'' આમ બોલીને પાનઋષિ પારણા ઉપર 'અમીનો હંસો' અને 'કણિયોરની કાંબ' ફેરવે છે. ત્યાર પછી પારણા ઉપરથી ઓછાડ લઈને જોવા લાગે છે તો પહેલાં હતો એવો કુંવર નજરે પડે છે. પારણામાં કુંવર રડવા લાગે છે અને ઋષિ રામના નામની માળા રટતા રટતા વિચારે છે, ''સીતા નદીથી ક્યારે આવે અને આપણે આ જવાબદારીમાંથી મુક્ત થઈએ!''

સીતા વૃક્ષ પાસે જવારા વાવી સ્નાન કરી અને હાથમાં બાળક લઈને મારગેમારગે આવી રહી છે. ઋષિ લાંબી નજરે જુએ છે, તો સીતા કુંવરને



તેડીને આવી રહી છે. ઋષિ વિચારે છે, ''આપણે અહીં બીકના માર્યા દર્ભનો બીજો કુંવર ઉત્પન્ન કર્યો અને સીતાનો કુંવર તો તેની પાસે જ છે. આપણે તો ભયના માર્યા આપણી જાતનો કૂચો કર્યો. હવે આપણે સીતાને કઈ રીતે સમજાવીશું?'' ઋષિ પારણામાં રડતા કુંવરને છાનો રાખવા માટે હાલરડું ગાય છે અને સીતા ધૂણિયોને માથે આવે છે. પારણામાં બીજો કુંવર જોઈ સીતા તેઓને પ્રશ્ન કરે છે, ''તમે આ કોનું બાળક હીંચોળી રહ્યા છો? મારો કુંવર ઊંઘમાં આવ્યો છે. લાંબા મારગેથી તેને તેડીને આવી હોવાથી હાથે થાક લાગ્યો છે. મારે તેને પારણામાં સુવાડવો છે.'' ઋષિ ધીમેધીમે સીતાને સાચી હકીકતનો પરિચય આપવાનો પ્રયત્ન કરતાં કહે છે, ''બાઈ, અમે તો સીધું કરવા ગયા અને અવળું પડ્યું છે. તું ગઈ અને અમે તપમાં બેઠા. અમારે આંખો નહીં ઉઘાડવાની પ્રતિજ્ઞા હતી અને તું કયા સમયે આવીને કુંવર લઈ ગઈ તેની અમને ખબર નહીં રહી. તપમાંથી જાગ્યા ત્યારે પારણામાં કુંવર નહોતો. અમે તારા ઉપાલંભથી ગભરાયા અને પારણામાં દર્ભ મૂકીને સતનો કુંવર ઉત્પન્ન કર્યો. હવે આ કુંવર પણ તારે જ ખોળે લેવો પડશે. નહીં તો અમને તેનો દોષ લાગે.'' સીતા ઋષિની વાત ઉપર વિચાર કરે છે, ''મારે એક કુંવર હતો અને બે કુંવર થયા. બે ભાઈઓની રૂડી જોડી થઈ.'' સીતા કહે છે, ''તમે જે કર્યું તે સારું કર્યું. હું છાનીમાની આવીને કુંવરને લઈ ગઈ. આથી તમારો શો દોષ? તમે આ બંને બાળકોનાં નામ પાડો.'' જળઋષિ વિચારીને કહે છે, ''બાઈ, વડાનું નામ લવ આવે છે અને પાછળવાળાનું કુશ ઉપરથી કુશ આવે છે.'' સીતા રામનું સ્મરણ કરીને કહે છે, ''દીકરા, મોટા થઈને પિતાની ખબર લેજો! વનમાં વૃક્ષ એકલું ન હજો. પાંચ જણનું ટોળું જ સારું લાગે! દરબારગઢમાંથી રાજા એકલો આવે તો શોભે નહીં. સમૂહમાં જ સારો લાગે. સીતા કુંવરને હાથમાં લે છે અને સ્તનપાન કરાવે છે. રામનું સ્મરણ કરીને કહે છે, ''રામ! તમે આપ્યો અને મેં લીધો!'' હવે ઋષિ બંને કુંવરોના માથે હાથ દઈને આશીર્વાદ આપે છે, ''ઘણા ક્ષેમકુશળ રહેજો, અને કરોડ દિવાળી રાજ્ય કરજો.'' ઋષિ સીતાને કુંવર સોંપીને ધૂણીના માથે આવે છે.



દિવસરાત બંને કુંવર મોટા થાય છે અને વનખંડમાં રમે છે. એક દિવસનો સમાજોગ આવ્યો અને સમાજોગનો મહાજોગ આવ્યો. લવ અને કુશ બંને ભાઈઓ અંદરઅંદર વાતો કરે છે, ''આપણે તો માતાને એકલી જ જોઈ છે. આપણે વન અને પર્વતોમાં જ કેમ જન્મ્યા છીએ? આપણે કોના પુત્રો છીએ? આપણાં ગામ-ગાંદરાં ક્યાં? આપણે કઈ સીમના રાજા છીએ?'' બંને ભાઈ માતા પાસે જાય છે. સીતાને પ્રશ્ન કરે છે, ''માતા, અમે દિવસે દિવસે મોટા થયા છીએ. પણ અમે હજી સુધી અમારા પિતા કે કાકાભાઈને જોયા નથી! ક્યાં છે આપણાં ગામ અને ગાંદરાં? લવ અને કુશના પ્રશ્નોથી સીતાની છાતી ફાટે છે, અને સમુદ્ર ઊમટે છે. આંખોમાં વિના નદીએ નીર આવે છે! તેની છાતીમાં ધક્કો આવે છે અને આંસુની ધારાઓ વછૂટી છે. બંને દીકરા માતાની સાથે રડવા લાગે છે અને વિચારે છે, ''આપણી વાત તો માતાને અવળી પડી. માતા રડે એ સારું ના કહેવાય. આવું જાણ્યું હોત તો માતાને અણગમતી વાત પૂછત નહીં.''

રામના ઘોડા

અયોધ્યાના વાદળમહેલમાં બેઠાબેઠા રામ વિચારે છે, ''વનમાં જતી હતી તે દિવસે વનફળ આપ્યું હતું. અહીં બેઠાંબેઠાં મને વનમાં બે બાળકોની જોડી દેખાય છે. તેઓ વનમાં જ્યાં હશે ત્યાં મોટા થયા હશે. અહીંથી ગઈ ત્યારે સીતા રડતી વનમાં ગયેલી. તે વાતને વરસ પસાર થયાં.'' આમ વિચારીને રામ હાથમાં તાળાની ચાવી લે છે અને ઘોડારમાં જાય છે. ત્યાંથી ઘોડાની એક જોડી બહાર કાઢે છે. બંને ઘોડા ઉપર રૂપાનાં પલાણ માંડે છે અને મોઢામાં સોનાની લગામ ઘાલે છે. ઘોડાને તાણીતાણીને તંગ ભીડે છે. ત્યાર પછી રામ અણબોલા જાનવરોને શિખામણ આપતાં કહે છે, ''મારે વનમાં નહીં જવાની પ્રતિજ્ઞા છે. વનમાં ગયો એટલા દિવસ તો રહ્યો પણ હવે વનમાં જવાનું ગમતું નથી! તમે વનમાં જાઓ. વનમાં મારા શૂરવીર પુત્રો છે. તમને જોશે તો અવશ્ય પકડશે અને ઠેકાણે બાંધશે. ત્યાર પછી હું તમને શોધવાના બહાને વનમાં આવી શકીશ. હે ઘોડા!



ચારખંડ અને ચૌદભુવનમાં ફરજો! કોઈ શૂરવીર મળે તો ત્યાં જ રહેજો!'' આમ આદેશ આપીને રામ પૃથ્વીને માથે ઘોડાને રમતા મૂકે છે. મારગેમારગે તેઓ જવા લાગે છે. પાંખે પર્વતો ઊડે છે. ઘોડાની ઝડપી ચાલને કારણે 'ધૂધળી રેતી' ઊડે છે અને ડુંગર ઉપર ધૂળની વાદળી જામે છે. તેઓ ઉપર માંડેલાં ચાંદીનાં પલાણ અને મુખમાં ઘાલેલી સોનાની લગામ ઉપર સૂર્યનો પ્રકાશ પડવાથી 'જળુકા' (તેજ લિસોટા) પડે છે. અડધી પૃથ્વીના રૂપ જેવા ઘોડા મારગેમારગે સાગવનમાં આવે છે. સાગવન પાછળ મૂકી તેઓ કદળી વનમાં પ્રવેશે છે. ઘણું ચાલવાના કારણે તરસ્યા થયા છે, અને મારગેમારગે દરિયા તરફ વળે છે. પાણી પીવા માટે સમુદ્રની પાળે આવે છે. સમુદ્રમાં પાણી પીને ઋષિઓની ધૂણીઓ તરફ વળે છે.

લવ અને કુશ વનખંડમાં રમે છે. ઘોડાઓના શણગારથી ઊઠતા 'ઝળુકા' બાળકોની આંખોમાં પડે છે. બંને કુંવરો લાંબી નજરે જુએ છે તો રૂપાનાં પલાણ અને સોનાની લગામવાળા ઘોડા મારગે મારગે આવી રહ્યા છે. નજીક આવે છે ત્યારે બંને ભાઈ મુખથી 'બુસકારે' છે. જેથી ઘોડા 'ઠગમગ' ઊભા રહે છે. બંને વિચારે છે, ''આપણે આ ઘોડા માતાને બતાવીએ.'' બંને ભાઈ જાણે કે રાજમહેલમાંથી નીકળ્યા હોય તેમ બંને ઘોડાને દોરતા દોરતા સીતા પાસે લાવે છે. સીતા ઘોડાને ઓળખે છે અને પુત્રોને પ્રશ્ન કરે છે, ''તમને આ ઘોડા ક્યાંથી મળ્યા?'' લવ કહે છે, ''અમને તો આ ઘોડા આપણા વનખંડમાંથી મળ્યા છે.'' સીતા કહે છે, ''આપણા વનખંડમાંથી મળ્યા તો ભલે મળ્યા પણ વૃક્ષના થડે બાંધી દો. ઘાસપાણી પણ બેઠી પથારીએ આપો. તેમનો જે સ્વામી હશે તે આ ઘોડાઓની વહારે આવશે.''

દિવસ આથમ્યો. રાત પડી અને બીજા દિવસનો પ્રાતઃકાળ થયો પણ ઘોડા પાછા નથી આવ્યા. રામને ઘોડાઓની પ્રતીક્ષા કરતાં કરતાં પાંચ દિવસ પસાર થયા પણ ઘોડા પાછા ન ફર્યા. હવે રામની ધીરજનો અંત આવ્યો. સૈનિકોને ઘોડા શોધવાનો રામનો આદેશ થયો ને એકની જગાએ પાંચ સૈનિકો છૂટ્યા. સૈનિકો ઘોડા શોધતાશોધતા વનખંડની વાટે આવે છે. સાગવન પાછળ મૂકે છે અને કદળીવનમાં પ્રવેશ કરે છે. તેઓ મારગેમારગે સાત ઋષિની ધૂણીએ આવે



છે. હાથીઓની ચિંઘાડે (હૂહવારે) રાતનાં પેટ ફાટે છે અને પીળિયાં પ્રભાત થાય છે. તેઓ જુએ છે કે સાતે ઋષિ રાખમાં બેસી રહ્યા છે અને ઊંચું મસ્તક કરીને જોતા જ નથી. સૈનિકો થોડે દૂર જાય છે અને સીતાની મઢી પાસેના વૃક્ષના થડે બાંધેલા ઘોડા નજરે પડે છે. ઘોડા જોઈને ઊભાઊભા વિચાર કરે છે, ''આપણા ઘોડાને બાંધનાર આ વનમાં આવો 'જબરો' વળી કોણ હશે? આ પારકો દેશ અને પરાયી ભૂમિ છે. આપણને કોઈ પૂછેતો વટેમાર્ગુ છીએ એમ કહેવાનું. નહીંતર ઘોડાના વાંકે આપણને કૂટશે!''

લવ અને કુશ સૈનિકોને જુએ છે અને વિચારે છે, ''આપણે ઘણા દિવસથી આ વનખંડમાં રહીએ છીએ. પણ અત્યાર સુધી ઋષિ સિવાય બીજો કોઈ મનુષ્યદેવ જોયો ન હતો. ઘણા વર્ષે આજે મનુષ્યદેવનાં દર્શન કરવા મળ્યાં.'' બંને ભાઈ સૈનિકોની પાસે આવે છે. ભયના માર્યા સૈનિકો કહે છે, ''અમે તો વટેમાર્ગુ છીએ; આ મારગેથી જઈ રહ્યા છીએ.'' લવ કહે છે, ''તમે અહીંથી નીકળ્યા તો ભલે નીકળ્યા, પણ તમે વારંવાર ઘોડાની સામે કેમ જુઓ છો?'' ચોર નહીં તો ચોરનાં પગલાં સાચું બોલે! મોઢા ઉપરથી ખબર પડે કે તે ચોર છે. બંને ભાઈ સૈનિકોને ભીંસમાં લેતાં કહે છે, ''સૈનિકો, અમારી વાત સાંભળો અને અમને સાચી વાત કહો. નહીંતર અહીં તમારા પગે આવ્યા છો અને હવે અહીંથી અમારા પગે જવાનું છે.'' કુંવરોની વાત સાંભળીને સૈનિકો 'ઠગમગ' ઊભા રહે છે. તેઓ વિચારે છે, ''હવે કોના મોઢે બોલવું? ઘોડા તો આપણા જ છે પણ કઈ રીતે પ્રાપ્ત કરવા?'' બંને કુંવરો સૈનિકોની પાખળ પાખળ ફરે છે અને કહે છે, ''તમે એક જ મોઢે સાચું બોલો. તમે કયા માલિકના નોકરો છો?'' પરાયી ભૂમિમાં સૈનિકો હાથ જોડીને ઊભા રહે છે અને નમ્રતાથી બોલે છે, ''હે સ્વામી! અમે તમને નથી તો ઓળખ્યા કે નથી તો જાણ્યા. અમે તો રામના સૈનિકો છીએ અને રામના મોકલેલા આવ્યા છીએ.'' એટલામાં તો સીતા ત્યાં આવી પહોંચે છે, અને પોતાના પુત્રોને આદેશ આપે છે, ''જાયા, એકપણ સૈનિક અહીંથી જવો જોઈએ નહીં. બધાને મજબૂત તાણી બાંધો અને આપણી મઢીમાં લઈ જાઓ.'' લવ અને કુશ પાંચે સૈનિકોને બાંધે છે અને મઢીમાં લઈ જાય છે.



રામ-લક્ષ્મણ વનખંડમાં

દિવસ આથમે છે અને રામ સૈનિકોની આતુરતાથી રાહ જુએ છે. પાંચ દિવસ થવા આવ્યા છે પણ સૈનિકો પાછા ફર્યા નથી. થાકીને તેઓ લક્ષ્મણને બોલાવે છે, અને કહે છે, ''ભાઈ, પહેલાં વનખંડમાં બે ઘોડા મોકલ્યા પણ પાછા ફર્યા નહીં ત્યારે તેમની પાછળ પાંચ સૈનિકો મોકલ્યા. આજે દસ દિવસ થયા છતાં નથી તો ઘોડા પાછા ફર્યા કે નથી તો સૈનિકો પાછા ફર્યા. હવે તો આપણે શોધવા જવું પડશે.'' આદેશ થતાં લક્ષ્મણ તીર અને ધનુષ્યથી સજ્જ થાય છે અને બંને ભાઈ ઘોડા અને સૈનિકોને શોધતા શોધતા વનખંડની વાટે આવે છે. વન જોઈને રામને સીતાની યાદ તીવ્ર બને છે. તેઓ વિચારે છે, ''વનમાં જ પરણેલી મારી પત્ની સદા વનમાં જ રહી!'' સીતાની યાદથી રામની છાતી ભરાઈ આવે છે. તેઓ લક્ષ્મણને સીતા વિષે પૂછે છે, ''ભાઈ, સીતાને મૂકવા તું આવ્યો હતો. તને એ તો ખબર હશે જ કે તું તેને કયા વનમાં મૂકીએ આવ્યો હતો?'' લક્ષ્મણ કહે છે, ''ભાઈ, હું તો ભાભીને કદળીવનમાં મૂકીને આવ્યો હતો. અને તે વન તો અહીંથી થોડે જ દૂર છે. બંને મારગે મારગે જવા લાગે છે અને સાગવનમાં આવે છે. તેઓ સાગવન પાછળ મૂકીને કદળીવનમાં આવે છે. લક્ષ્મણ જે સ્થળે સીતાને વહેલમાંથી ઉતારી હતી તે સ્થળ બતાવતાં કહે છે, ''મેં ભાભીને આ સ્થળે ઉતારી હતી. હવે અહીંથી તે કઈ બાજુ ગઈ હશે, તે હું જાણતો નથી.'' બંને ભાઈ સીતાને શોધતા શોધતા આગળ વધે છે. ઘણા દિવસે વનમાં આવ્યા છે. વન ઘણું સોહામણું લાગે છે. વૃક્ષો પર પક્ષીઓ બોલે છે. ફૂલો પર કાળી પાંખોના ભમરા ગુંજે છે. કોયલો ટહુકા કરે છે. પર્વતોમાં લીલા મોર ટહુકે છે. જેમજેમ પ્રકૃતિને જુએ છે તેમતેમ રામને સીતાની યાદ તીવ્રતાથી આવે છે. તેઓ વિચારે છે, ''ત્રણ જણ વનમાં હતાં ત્યારે તો ઘણું જ સારું હતું. પણ અત્યારે તેણી એકલી વનમાં કેવી રીતે રહેતી હશે? વાદળમહેલમાંથી અલગ થતાં તેને કેટકેટલું દુઃખ થયું હતું!'' રાત પડે છે અને રામને વનમાં ઊંઘ આવતી નથી. સવાર પડે છે અને પાછા ફરીને 'અરવરિયાં ખાતા' ઊભા થાય છે અને બંને ભાઈ ફરીને સીતાની શોધ આદરે છે. તેઓ શોધતા શોધતા સમદ્રની પાળે આવે છે. આજુબાજુ જુએ છે તો નજીક સાત ઋષિની ધૂણી



નજરે પડે છે. રામ અને લક્ષ્મણ ઋષિની પાસે આવે છે અને જુએ છે તો તેઓની આંખો બંધ છે. તેઓ માળા રટે છે અને રામ અને સીતાનું નામ લે છે. ત્યાંથી બંને ભાઈ મઢી તરફ જાય છે. મારગમાં બે કુંવરોને રમતા જુએ છે. રામ તેમને પૂછે છે, ''હે કુંવર, તમે કોના પુત્રો છો? તમે આ વનમાં એકલા જ કેમ રમો છો?'' અપરિચિત માણસના એકાએક પુછાયેલા પ્રશ્નોથી કુંવરોને રીસ ચડે છે અને 'કાળમા' થઈને જવાબ આપે છે, ''તારે તેનું શું કામ છે? આ વનના તો અમે સ્વામી છીએ. હવે આવા અજુગતા પ્રશ્નો કરીશ તો મારનો ભૂખ્યો નહીં રહે! અહીં ને અહીં ઝીણો થઈ જઈશ. તારે અને અમારે શું? ભલું ઇચ્છતો હોય તો છાનો માનો આવ્યો તે રસ્તે પાછો જા! બાળકોના ઉત્તરથી રામ મનમાં વિચારે છે, ''બાર વરસ મેં વનવાસ વેઠ્યો પણ મને ટકોર કરવાવાળું નથી મળ્યું. મારા રાજયમાં પણ ઘણાં વરસ રહ્યો પણ આવું કડવું બોલવાવાળું કોઈ મળ્યું નથી. પણ મારા જીવનના છેલ્લા ભાગમાં આવું તોછડું બોલવાવાળા આ બંને પહેલા જ મળ્યા!'' બાળકોના ઉત્તરથી રામને ગુસ્સો ચડે છે. તેઓ આવેશમાં આવીને કહે છે, ''તમે અણછાજતું કેમ બોલો છો?'' રામને આવેશમાં આવેલા જોઈને લક્ષ્મણ તેમને વાળતાં કહે છે, ''એ તો છોકરાં છે. તેમના વાદે આપણાથી ન ચડાય. આપણે તેમને કંઈ કહેવું કે કરવું નથી.'' રામ કહે છે, ''આપણે તો તેમને પરિચય પૂછ્યો છે પણ આવું કેમ બોલે છે?'' રામ આવેશમાં આવી જાય છે. તેમની સાથે બંને કુંવરો પણ આવેશમાં આવી જાય છે. હવે સતિયા, સતિયા વચ્ચે લડાઈ શરૂ થાય છે. પિતા પુત્રો વચ્ચે યુદ્ધ આરંભાય છે. સામસામે તીર ખેંચાય છે. સીતાને મઢીએ ખબર પડે છે. વિચારે છે, ''જો હું મોડી પડીશ તો જગતમાં ખોટું કામ થશે.'' તે દોડતી યુદ્ધસ્થળે આવે છે. આવીને રામના પગમાં પડે છે અને પુત્રોને પિતાનો પરિચય આપતાં કહે છે, ''હે પુત્રો! આ તો તમારા પિતા છે!'' તે રામને કહે છે, ''હે સ્વામી, વૃક્ષ પોતાનું થડ નહીં કાપે!'' રામ અને સીતાની નજરનો મેળાવો થાય છે. બંનેની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી છે. લક્ષ્મણ બંનેને ધીરજ બંધાવતાં કહે છે, ''ભાઈ, ભાભી તો પૂરા લેખની છે.'' સીતા રામની પ્રદક્ષિણા કરીને પાયે લાગે છે. રામ જાણે છે કે સીતા વનમાં કેટલી દુઃખી છે. સીતાનું હૃદય જાણે છે



કે રામ અયોધ્યામાં મારા વિના કેટલા દુઃખી થયા છે. બંને દુઃખી આત્માઓની આંખોમાંથી ફરીને આંસુની ધારા વહેવા લાગે છે. લક્ષ્મણ ફરીને ધીરજ બંધાવતાં કહે છે, ''હવે તમે બંને શાંત થાઓ. વિધાતાએ તમને જેટલા દિવસ જુદાં પાડવાં હતાં તેટલા દિવસ જુદાં પાડ્યાં. તમારા બંનેનો વિયોગ પૂરો થયો છે. હવે તો આપણે બધાં અયોધ્યામાં સાથે જ જઈએ છીએ. લક્ષ્મણનાં વચનોથી બંને ધીરજ ધરીને શાંત થાય છે.

લક્ષ્મણ સીતાને કહે છે, ''ભાભી, મારા ભાઈએ તને શોધવા માટે આ વનમાં બે ઘોડા અને પાંચ સૈનિકોને મુક્ત કર્યા હતા. તેમની ભાળ આપ.'' સીતા લક્ષ્મણને કહે છે, ''દિયર, આવા વીરત્વનું કામ તો તારા ભત્રીજાઓએ કર્યું છે. બંને ઘોડા આપણી મઢીમાં સુરક્ષિત જ છે. તેઓ ખાય છે, પીએ છે અને મજા કરે છે. તમે મારી મઢીએ ચાલો,'' હવે લક્ષ્મણ સીતાને છેલ્લો અણધાર્યો પ્રશ્ન કરે છે, ''ભાભી, આ બે પુત્રો કોના છે? એક તો રામે આપેલા વનફળનો અને આ બીજો પુત્ર કોનો?'' દિયર, ''એ પુત્રના ઘણા સાક્ષી છે. તું નહીં માને તો મોઢે મેળવું. સામે સમુદ્રની પાળે સાત ઋષિ તપ તપે છે. તેમને સમાચાર પૂછ.'' લક્ષ્મણ કહે છે, ''હું તારી એકલીની વાત નહીં માનું. તારી વાતને સાત ચારણીએ ચારું ત્યાર પછી જ માનું.'' સીતા કહે છે, ''માટે તો તને કહું છું કે હું થોડે દૂર ઊભી રહું છું. ઋષિ તો સત્યના પુત્રો છે અને સત્યના સાક્ષી છે. તું જાતે જઈને તેમને સમાચાર પૂછ.'' હવે સીતા આગળ થાય છે અને લક્ષ્મણ તેની પાછળ પાછળ જાય છે. ઋષિઓની ધૂણિયે જઈને સીતા કહે છે, ''હે ઋષિ! હું મુશ્કેલીમાં આવી પડી છું! તમે થોડો સમય માળા રટવાનું છોડીને લક્ષ્મણની શંકાનું નિવારણ કરો.'' ઋષિ આંખો ખોલે છે અને ઊભા થઈ લક્ષ્મણને મળે છે. લક્ષ્મણ ઋષિને પ્રશ્ન કરે છે, ''હે સત્યના સાક્ષીઓ! સીતાનો બીજો પુત્ર, તેણીને કઈ રીતે પ્રાપ્ત થયો તે વાત તમે માંડીને કહો અને મારો સંશય નિર્મૂળ કરો.'' પાનઋષિ કહે છે, ''લક્ષ્મણ, આ બીજો પુત્ર, કુશ પણ સીતા અને રામનો જ છે. એક દિવસે સૌથી મોટા પુત્ર, લવને સોંપીને સીતા ગંગામાં સ્નાન કરવા જઈ રહી હતી. અમે તો આંખો ઢાળીને તપ કરવામાં લીન બન્યા હતા પણ વાનરીના કહેવાથી તે પાછી આવીને કુંવરને લઈ ગઈ. આ ઘટનાની અમને



ખબર પડી નહીં. અમારા તપનો સમય પૂરો થયો અને જ્યારે આંખો ખોલી ત્યારે પારણામાં કુંવર અમારી નજરે પડ્યો નહીં. સીતા અમને આવીને ઉપાલંભ આપશે તેવા ભયના કારણે અમે પારણામાં દર્ભની ગૂંચળી મૂકીને રામનું સ્મરણ કરીને સતનો બીજો કુંવર ઉત્પન્ન કર્યો. માટે આ સતનો ઉત્પન્ન થયેલો કુશ પણ તમારો જ પુત્ર છે. માટે તમે સીતાને મનદ્દુઃખ થાય એવું બોલશો નહીં. આમ પણ તે દુઃખી તો છે જ. સતીની આખી ઉંમર વનમાં જ ગઈ છે.'' ઋષિનાં વચનોથી લક્ષ્મણને મનનું સમાધાન થાય છે. તે સીતાને કહે છે, ''તમારી વાત સાચી છે. ચાલો, આપણે તમારી મઢીએ જઈએ.આપણા ઘોડા અને સૈનિકોને મુક્ત કરીએ.'' બધાં મઢીએ આવે છે અને સીતા ઘોડા અને સૈનિકોને મુક્ત કરે છે. રામ અને લક્ષ્મણ લવ અને કુશને એક એક ઘોડો આપે છે. લક્ષ્મણ કહે છે, ''ભાભી, હવે આપણે આપણા ઘેર જઈએ.'' દિયર, તમે તો વાદળમહેલમાં બેઠા બેઠા રાજ કરતા હતા પણ મારા દુઃખમાં પેલા સાત ઋષિ ઘણા કામ આવેલા. મારાથી ગુણ ઉપર અવગુણ નહીં થાય. હું તેમને મળીને પાછી આવું છું. તેમના આશીર્વાદ લેતી આવું.'' સીતા ઋષિની ધૂણીએ આવે છે. તેમને નમસ્કાર કરીને કહે છે, ''ઋષિ, તમે ક્ષેમકુશળ બેસજો. ખાજો, પીજો અને વનનું રાજ કરજો. હવે મારા આ વનથી ઋણાનુબંધ પૂરાં થતાં હોય એવું લાગે છે.'' સીતાનાં વચનો સાંભળીને ઋષિ ઊભા થાય છે. તેઓ સીતાની પ્રદક્ષિણા કરીને નમસ્કાર કરે છે અને કહે છે, ''સીતા, તું સત્યની દીકરી છે. આ વનની મુસીબતોમાં પણ સત્ય ચૂકી નથી. તું સાચે જ એક પતિની પત્ની છે. ક્ષેમકુશળ તારા ઘેર જજે. સદા કુશળ રહેજે અને વૈકુંઠનું રાજ કરજે.'' સીતા ઋષિઓને છેલ્લા નમસ્કાર કરતાં કહે છે, ''હું આ વનખંડમાં તમારી દીકરી થઈને રહી. હવે સાસરીમાં જાઉં છું. મારા આ તમને છેલ્લા રામ! રામ!'' સીતા પોતાની મઢીમાં આવે છે અને મઢીની પ્રદક્ષિણા કરીને પ્રણામ કરે છે. તે ધરતીને નમન કરીને કહે છે, ''ધરતીમાતા, તું કુશળ રહેજે.'' છેલ્લે મઢી છોડતાં વનને કહે છે, ''રામે તેના હાથે મને વનમાં મૂકી હતી. હવે તેના હાથે જ મને લેવા માટે આવ્યો છે. વનમાં મેં દુઃખ વેઠ્યું, સુખ વેઠ્યું. આ વન જ મારી મા અને બાપ હતું. ભગવાનને વળી મારા તરફ દયા આવી લાગે છે માટે તો તેણે મારું મુખ ઘર તરફ કર્યું છે.'' છેલ્લે



વનને નમસ્કાર કરતાં કહે છે, ''મારું વન સદા કુશળ રહેજો!'' હવે સીતા પોતાના કુટુંબની પાસે આવે છે. બધાં મારગે મારગે આવે છે અને સાગવન પાછળ મૂકીને અયોધ્યાની સીમમાં પ્રવેશે છે.

સીતા રાજમહેલમાં

રામ લક્ષ્મણને આદેશ આપે છે, ''તું વાદળમહેલે જા, અને વાજમી વહેલ શણગારી લાવ.'' લક્ષ્મણ મારગે મારગે અયોધ્યાનગરીમાં આવે છે અને રૂપે ઊજળી અને સોને પીળી વહેલ શણગારે છે. લક્ષ્મણના આદેશથી નગારચી ઊંધું નગારું સીધું કરે છે અને નગારું વગાડે છે. આખી નગરીના લોકોને ખબર પડે છે કે આજે રામ સીતાને લઈને આવી રહ્યા છે. હવે વાજાં વાગી રહ્યાં છે. 'ધૂસાં' દરિયાની પાળે વાગી રહ્યાં છે. નગરીનાં સમગ્ર પ્રજાજનો સીતાનું સામૈયું કરવા અયોધ્યાની સીમ ભણી આવી રહ્યાં છે. રામ સીતાને કહે છે, ''તને ઘણું જ દુઃખ પાડ્યું છે. પણ હવે તું મન વાળીને રાજયમાં પ્રવેશ કર. મેં તને આખી જિંદગી વનમાં રાખી. મારી માતાએ પણ તને અજુગતું ઘણું કહ્યું પણ હવે તું નીર જેવી નિર્મળ અને દૂધ જેવી ચોખ્ખી થઈને વહેલમાં બેસ.'' લક્ષ્મણ પ્રજાજનો સાથે વાજમી વહેલ લઈને આવી પહોંચે છે. રામ સીતાને ઘણા માન સાથે વહેલમાં ફૂલોના સોહર (માળા) વચ્ચે બેસાડે છે. સાથે લવ અને કુશ વિરાજે છે. સોનારૂપાની વહેલ વાદળમહેલની નજીક આવી રહી છે અને સૂર્યપ્રકાશના કારણે વહેલ ઉપરથી તેજલિસોટા ઊઠી રહ્યા છે. ગીત ગાનારી સ્ત્રીઓ ગીતો ગાય છે, ''બધી વાડીએ ચંદનવૃક્ષ હોતાં નથી. દરેક તળાવમાં કમળ થતાં નથી, તેવી જ રીતે ભગવાનની સત્યની દીકરી સીતા જેવી તો કોઈક જ સ્ત્રી હોય!'' વાજાં વાગી રહ્યાં છે. ઉત્સવ ઊજવાઈ રહ્યો છે અને વહેલ વાદળમહેલ નજીક આવીને ઊભી રહે છે. કૌશલ્યામાતા હાથમાં સોનગરો થાળ અને 'ખજૂરિયાળા' દીવા લઈને આવે છે. માતા ઘણા હેત અને માન સાથે સીતા અને લવ-કુશનું ચોખા અને કંકુથી સામૈયું કરે છે અને સીતાને કહે છે, ''હે મારી પુત્રવધૂ! મારાં કડવાં વેણ ગાદી નીચે ચાંપ અને તારાં મીઠાં વેણ મારા ઉપર વરસાવ! હવે તો તું જ મારો આધાર છે.'' સતી સીતા વનમાંથી ઘરમાં



પ્રવેશે છે. પ્રજાજનો આનંદથી નાચી રહ્યાં છે અને રાજમહેલમાં વાજાં વાગી રહ્યાં છે.

સાસુ (કૌશલ્યા) સીતાને કહે છે, ''વનમાં પાંચ મૂર્ખ માણસોની એક ટોળી હતી.'' સીતા કહે છે, ''સાસુજી અમે કેમ મૂર્ખ કહેવાયાં?'' ''સીતા, તું વનમાં રહી; ભકિત કરી, વન વેઠ્યું પણ ઘણું જ અવળું કર્યું. રામને છોડી રાવણને ગઈ અને લંકાગઢનું રાજય ઉજ્જડ કરાવ્યું.''

હવે તેણી લક્ષ્મણને કહે છે, ''લક્ષ્મણ તેં પણ ઘણી મૂર્ખાઈ કરી છે. સૂરજના રથમાં (રાવણનો પ્રાણ) ભમરો હતો. તેને મારીને રાવણના પ્રાણ હરી લીધા.''

કૌશલ્યા રામને કહે છે, ''રામ, તને ચારખંડ અને ચૌદભુવનનું રાજય આપ્યું છતાં તેં પણ જગતમાં ઘણું ખોટું કર્યું. તું તો ઘણો સતિયો હતો. છતાં સીતાની કંચુકી માટે મૃગ માર્યો.''

હવે તે અંજનીને કહે છે, ''અંજની, તેં પણ મૂર્ખાઈભર્યું કામ કર્યું છે. કુંવારી હોવા છતાં પુત્રને જન્મ આપીશ એવા વિધાતાએ તારા લેખ લખ્યા હતા. આથી તું પથ્થરો વચ્ચે છુપાઈ ગઈ. પુરુષોનો અવાજ સાંભળી તેં કાન બહાર કાઢ્યો. ગુરુએ કાન ફૂંકવાના બહાને શિવનું વીર્ય તારા કાનમાં ભર્યું. જેથી હનુમાન જેવો બળવાન યોદ્ધો જન્મ્યો અને ગુરુને કલંક લાગ્યું.''

છેલ્લે હનુમાનને કહે છે, ''હનુમાન, તેં પણ ઘણી મૂર્ખાઈ કરી છે.

સમુદ્ર ઓળંગતાં તારી ઇન્દ્રીમાંથી વીર્ય વછૂટ્યું અને પાણીમાં ઘણો જ બળવાન યોદ્ધો (મકરધ્વજ) પેદા કર્યો. લંકામાં જઈને સોનું નીપજાવ્યું. લંકામાં રાવણને મારતાં લક્ષ્મણને મૂર્ચ્છા આવી. તેના માટે રત્નાગર દરિયામાં મેરુ-સુમેરુ પર્વતો નાખી અમરજયોત લઈ આવ્યો. આ રીતે તમારા કાર્યોનાં જુગજુગ સુધી પ્રમાણ છે. તમારાં અમર નામ યુગો યુગો સુધી રહેશે.''

રામ-લક્ષ્મણ જગ પ્રદક્ષિણાએ

અયોધ્યામાં આવે રામને ઘણા દિવસ થઈ ગયા છે. તેઓ વિચારે છે, ''જાણવા મળ્યું છે તે પ્રમાણે પિતાજીની રાજગાદી સૂની પડી છે. તેના માટે કંઈ કરવું



જોઈએ.'' હવે તેઓ લક્ષ્મણને કહે છે, ''આજ તો ભાઈઓના રાજમહેલમાં જઈને તેઓની કુશળતાના સમાચાર લઈએ.''

બંને ભાઈ મારગે મારગે વાદળમહેલમાં આવે છે. ભરત અને શત્રુઘ્ન આગળ આવીને હેતથી મળે છે. પ્રદક્ષિણા કરીને બંને ભાઈઓને પ્રણામ કરે છે.

ઘણા દિવસે ભાઈઓ આવ્યા હોવાથી ભરત અને શત્રુઘ્નની છાતી ભરાઈ આવે છે. બોરબોર જેવડાં આંસુથી આંખો ઊભરાય છે. ભરત કહે છે, ''તમે તો રહી ગયા વનમાં અને અહીં પિતાજીનું મૃત્યુ થયું.'' રામ કહે છે, ''પિતાજીનું મોત કઈ રીતે થયું? તેઓ બીમાર પડ્યા હતા? તેઓને કયો રોગ થયો હતો?'' શત્રુઘ્ન કહે છે, ''પિતાજીને શાપ લાગ્યો હતો. તેઓ સમુદ્રની ચોકી કરતા હતા. શ્રવણકુમાર પાણી ભરવા માટે સમુદ્ર કિનારે આવ્યો. જળ ડહોળાવાનો અવાજ આવ્યો. બાપુ દૂર હતા. તેઓ સમજ્યા કે કોઈ જંગલી જાનવર પાણી અપવિત્ર કરવા આવ્યું લાગે છે. બાપુએ બાણ છોડ્યું. શ્રવણ મરાયો. તેનો શાપ બાપુને લાગ્યો. પોતાનું તીર જ પોતાની સામે આવ્યું! નરણીના તીરે બાપુના પ્રાણ હર્યા!'' પિતાના મૃત્યુના સમાચારથી બધા ભાઈ દુ:ખી થાય છે.

ભરત કહે છે, ''તે દિવસથી રાજગાદી પર તમારી મોજડી (ચાખડી) મૂકીને અમે રાજય કરતા હતા. હવે આ રાજગાદી તમે સંભાળો.'' રામ કહે છે, ''તમારે રાજગાદી સૂની રાખવી જોઈતી નહોતી. હવે હું તમને રાજગાદીએ બેસાડું છું. મારે તો આખી પૃથ્વીની ખબર રાખવાની છે. અયોધ્યાની ગાદી તમે સંભાળો. હું અહીં બેસી રહીશ તો દુ:ખીઓની ખબર કોણ રાખશે? દુ:ખીઓનાં દુ:ખ ભાંગવા તો મેં બારબાર વરસ વનવાસ વેઠ્યો છે. મારે તો આખા જગતનું રાજ્ય કરવું છે. જગત પર કોઈપણ પ્રકારનું દુ:ખ રહેવા દેવું નથી.

ભરત અને શત્રુઘ્ન રામના ચરણોમાં પડે છે, અને કહે છે, ''ભાઈ, બાર વરસ તો રાજગાદી સૂની પડી છે. હવે દર્શન દઈને ક્યાં જાઓ છો? તમારે અહીં શું દુ:ખ છે?'' રામ કહે છે, ''ભાઈ, બાર વરસ વનવાસ વેઠ્યો, લંકા ઉજ્જડ કરી સીતાને પાછી અયોધ્યા લાવી અને પાછી વનમાં મૂકી. મેં પ્રહ્લાદ જેવા ભકિતશૂરા જોયા; હિરણ્યકશિપૂ જેવા યોદ્ધા જોયા. પાંડવોનું મહાભારત પણ જોયું. આ બધાં વચ્ચે મેં મારું સત્ય પારખી જોયું. મારે તો બાપુની ગાદી ભોગવે



નહીં ચાલે. દુઃખીજન મારી રાહ જુએ છે. મારે સુખી લોકોને સુખ વહેંચવું છે. નિઃસંતાન મારી માળા રટે છે. 'નૂગરા' મારી ભકિત કરે છે. 'હૂગરા'ને સુખ આપવું છે. અમારી કોઈ ચિંતા કરશો નહીં. અમે આવતાજતા રહીશું. તમે બંને ક્ષેમકુશળ બેસજો અને અયોધ્યાનું રાજ્ય કરજો. અમે તો દુઃખીઓનાં દુઃખ દૂર કરવા ચારખંડ અને ચૌદભુવનમાં આ ચાલ્યા...

સંદર્ભસૂચિ

૧. ગૌતમ અને ઇન્દ્રની આરંભની કથા માટે આ સંશોધકના ''અરવલ્લી પહાડની આસ્થા'' નામના પુસ્તકમાં આવતી 'ગોતમ રખી' નામની કથાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૨. વધુ જાણકારી માટે આ સંશોધકનું ''અરવલ્લી પહાડની આસ્થા'' પુસ્તક જોવું.





રોમ સીતમાની વારતા

ઇદર નં ગોતમ રૂખી

ઇદર રાઝા રે વિસાર મોંડે,
ખમા, ઇદર રાઝા રે વિસાર મોંડે રે.....
મનમાં વિસાર મોંડવા લાગો હો..... રા....ઝી...

એ'લા ગોતમ રૂખી રે વાળી નાર,
ખમા, ગોતમ રૂખી વાળી નાર રે.....
ઓહો મનમાં વિસાર મોંડવા લાગો હો.... રા....ઝી...

બાપરી કણી કે ફૂટરી નાર રે વાઝે,... (૨)
ઓહો ઇદર રાઝા રે વિસાર મોંડે હો..... રા....ઝી...

બાપરો સૂરિયા દેવને રે એલો મારે.....(૨)
એંદર રાઝા રે એલો મારે હો....... રા....ઝી...

પેલા સદરમા દેવને એલો મારે,... (૨)
એતો સદરમા દેવને રે એલો મારે, હો... રા....ઝી...

કુઆરકા દેવીને એલો મારે,
એતો કુઆરકા દેવીને એલો મારે રે....
કુઆરકા દેવીને એલો મારે હો.... રા....ઝી....



બાપરો એલો મારીને વાતો સોળે,
એંદર બાપરો એલો મારીને વાતો સોળે રે....
એ હૌંપળો પાઈ પૉડિયાં મારી વાત હો.... રા....ઝી....

એ'લા મારે પરિયું રે મોટું કૉમ,.....(૨)
હૌંપળે ગુરુ રે મારી વાતો હો..... રા.....ઝી...

પેલો ગોતમ રૂખી રે ટણકો આદમી....(૨)
ટણકાનાં સત રે આપણ લેવાં હો..... રા....ઝી....

એ'લા...એની બાઈલીની લાઝ લેવી,
ખમા, એ'લા એની બાઈલીની લાઝ લેવી રે...
ઓહો હૌંપળો સુરઝ મારી વાતો હો... રા.....ઝી....

પેલી કુઆરકા દેવી ન વાતો સોળે,
ઇદર પેલી કુઆરકા દેવી ન વાતો સોળે રે...
હૌંપળે કુઆરકા મારી વાતો હો..... રા.....ઝી....

કૂકરો થઈને તું તો બોલે રે,.....(૨)
હૌંપળે કુઆરકા મારી વાતો હો..... રા.....ઝી....

બાપરાં ખેરિયાં રે ખેરિયાં આવણા લાગાં,
ખમા, બાપરાં ખેરિયાં રે ખેરિયાં આવણાં લાગાં રે.....
એરે આવે એંણા ગોતમ વાળે કેંરે હો.... રા.....ઝી....

એરે અગલી રે અગારુ રાતો ઓયાં,
ખમા, એ રે અગલી રે અગારુ રાતો ઓયાં રે.....
પાસલી પસારુ રાતો ઓયાં હો... રા.....ઝી....

પેલા ઝોંપાની સૉકિયે સુરઝ રેયો,
ખમા, પેલા ઝોંપાની સૉકિયે સુરઝ રેયો રે......



એ બાયણાની સૉકિયે એંદર રેયો હો.... રા.....ઝી....

બાપરો બાયણાની સૉકિયે સૌંદો રેયો,....(૨)
બાયણાની સૉકિયેરે સૌંદો રેઈયો હો.... રા.....ઝી....

ગોતમ સેતર વીતરનો ઝીલવા ઝાવે,...(૨)
એ કૂકરો બોલેને ઝીલવા ઝાવે હો.... રા.....ઝી....

દેવી કૂકરો થઈને બોલવા લાગાં,...(૨)
અરતી રાતેનાં બોલવા લાગાં હો.... રા.....ઝી....

પેલા કૂકરાનો અવાઝ ગોતમ હૉંપળે,...(૨)
અમળેહો મારીને બેઠો ઓયો હો.... રા.....ઝી....

બાપરો ધનકન પસેરો હૉતવા લાગે,
ગોતમ બાપરો ધનકન પસેરો હૉતવા લાગે રે...
ખેરિયો ખેરિયો રે ઝાવા લાગો હો..... રા.....ઝી....

પેલો એંદર રાઝા રે કેંરમાં પેઠો,....(૨)
પેલી સતિયાંણીને માંસે પરો આવે હો.... રા.....ઝી....

હેરી રે બઝારાં પૂઠેણ મેલે....(૨)
મૉણકિયાં સૉકોમાં ઓરો આયો હો.... રા.....ઝી....

ગૉમને ગૉદરે રે ઓરો આયો,
ગોતમ ગૉમને ગૉદરે ઓરો આયો રે.....
ગૉમને ગૉદરે રે ઓરો આયો રે..... રા.....ઝી....

બાપરો ગૉમને ગૉદરાં રે પૂઠેણ મેલે,....(૨)
એ ગંગા ગોદાવરી ઓરો આવે હો..... રા.....ઝી....



બાપરો દેઇયાંના વસ્તર ઉતારવા લાગો,...(૨)
દેઇયાંના વસ્તર ઉતારવા લાગો હો...... રા.....ઝી....

બાપરો ઝમનાના તીરે ઓરો આયો,
ગોતમ બાપરો ઝમનાના કિનારે ઓરો આયો રે.....
ઝમનાના કિનારે ઓરો આયો હો..... રા.....ઝી....

બાપરો આડા ઓળવટ વાળવા લાગો,
ગોતમ બાપરો આડા ઓળવટ વાળવા લાગો રે.....
એ આડા ઓળવટ વાળવા લાગો હો..... રા.....ઝી....

ગોતમ રૂખી રે નાવા બેઠો,....(૨)
ગોતમ રૂખી રે નાવા બેઠો હો....
બાપરું ઝળ દેવે રે મુટે બોલે રે,...(૨)
કવેળાં ઝગારવાવાળો કુણ હો... રા.....ઝી...

એ'લા કુણે રે પાપી રે મને ઝગારે,....(૨)
કવેળાની નેંદ કુણ ઉડારે હો..... રા.....ઝી...

બાપરો ગોતમ રૂખી રે વાતો સોળે,....(૨)
હદ્દાવાળી ટેમે ઝીલવા આવો હો.... રા.....ઝી...

એતો ઝળ દેવતા રે વાતો સોળે .....(૨)
ઠોકીરા થારે કેંર તો સૂઆ પરા લાગા હો...... રા.....ઝી...

એ ઝળનું કયેલું કોઈ નેં મૉને,
ખમા એ ઝળનું કયેલું, કોઈ નેં મૉને રે.....
ઝળદેવતા રે વાતો સોળે હો..... રા.....ઝી...

એ'લા થારાં વસ્તર પરાં ભીઝારે,...(૨)
થારાં વસ્તર પરાં ભીઝારે હો...... રા.....ઝી...



ગોતમ વસ્તર ભીઝારી ઊસાં નૉખે,
વસ્તર ઊસાં નૉખે હો.... રા.....ઝી...

વસ્તર હદ્દા હૂકઈને નેંસે પરે,....(૨)
એ હદ્દા હૂકઈને નેંસે પરે હો.... રા.....ઝી...

એ'લા લીલાં વસ્તર નેંસાં પરિયાં,....(૨)
ગોતમ ઊપો રે ઊપો રે વિસાર મૉડવા લાગો હો...., રા.....ઝી...

(એક સહાયક ગાયક :એ ઝગ રડણું હેં! કેંમ કરીન નેંસું પરેં!)

ઝળ દેવતા મુટે રે બોલે,....(૨)
કેંરે સૂઆ લાગા રે,
થારા કેંર સૂઆ લાગા હો..... રા.....ઝી...

ગોતમ માર વાતો સોળે,...(૨)
હૉંપળે ગોતમ વાતો રે,
થારા કેંરે સૂઆ લાગા હો.... રા.....ઝી...

એ'લા ખોળો વાળીને ગોતમ આવે,.... (૨)
ખેરિયો આવણા લાગો રે,
થારા કેંરે સૂઆ લાગા હો..... રા.....ઝી...

લાંબી ફાળે સોટે ડગલે,...(૨)
ખેરિયો આવણા લાગો રે,
થારા કેંરે સૂઆ લાગા હો..... રા.....ઝી...

હેરી ન બઝારે આવે,...(૨)
તરમર મેંલે રે સરે,
થારા કેંરે સૂઆ લાગા હો.... રા.....ઝી...



એ'લા સૂરિયા દેવ તો ભાળી ગિયો,....(૨)
સૂરઝ નાહવા લાગો,
થારા કેંર સૂઆ લાગા હો..... રા.....ઝી...

એ'લા કેંરનો તણી કેંરે આવે....(૨)
બીઝાનું હું સાલે રે,
મારા કેંર સૂઆ લાગા હો..... રા.....ઝી...

સપિયો સપિયો સૉંદોર નાઠો,
બાપરો ઑં હો નાઠો રે,
મારા કેંર સૂઆ લાગા હો.... રા.....ઝી...

બાપરો લીલો તો પસેરો લેતો,...(૨)
સૉંદોર તૉંમો ઝાય રે,
મારા કેંર સૂઆ લાગા હો... રા.....ઝી...

બાપરાન નાહતે નાહતે સાથીમ પરિયો,...(૨)
સૉંદોરન તો ઝીકો રે,
મારા કેંર સૂઆ લાગા હો... રા.....ઝી...

કેંરમા ઝાઈ એરવા લાગો,...(૨)
ગોતમ નઝરે આવો રે,
થારા કેંર સૂઆ લાગા હો.... રા.....ઝી...

ગોતમ રૂખી એંદર રાઝા,....(૨)
લરાઇયો ન લાગી રે,
થારા કેંર સૂઆ લાગા હો.... રા.....ઝી...

બાપરા પાડા પાડા લરે રે,....(૨)
ખાખરાનો ખોએ નેહરે રે,
થારા કેંર સૂઆ લાગા હો..... રા.....ઝી...



બાપરા સરગાં પવનાંમાં આવે,..... (૨)
ઊપા રઈ લરેં રે,
થારા કેંર સૂઆ લાગા હો.... રા.....ઝી...

બાપરો મારી મહળીન નૉખી દેતો,...(૨)
એંદર ખાંખાંમા પર રે,
થારા કેંર સૂઆ લાગા હો.... રા.....ઝી...

એ'લા ઇદર રાઝા ખાંખાંમા પરિયો રા...(૨)
ઇન્દર હો.... રા.....ઝી...

એસા એસા તરણીના ખેલ રે રા.... (૨)
ઇન્દર હો..... રા....ઝી....

એ પોવીની માથે કાળ પરો રે રા....(૨)
ઇન્દર હો..... રા.....ઝી...

એનાં નીર તો નીવાંણ ગિયાં રે રા.....(૨)
ઇન્દર હો.... રા.....ઝી...

એ વારે વેલો કોઈ નહીં રે રા....(૨)
ઇન્દર હો.... રા.....ઝી...

અનાઝ તો કોઠારે ગિયાં રે રા...(૨)
ઇન્દર હો.... રા.....ઝી...

અસ્તરીએ બાળ સૉંડાં રે રા....(૨)
ઇન્દર હો રા.....ઝી...

એ ધેનુનાં માર વાસરું મરે રે રા...(૨)
ઇન્દરિયા રા.....ઝી...



એ'લા કરેલાં કૉમાં આડે આવે રે રા....(૨)
ઇન્દરિયા રા.....ઝી...

એ તરતી માર તા સૉડે રા.....(૨)
એંદરિયા રા....ઝી...

એ આકોરિયે માર આક નહીં રે રા...(૨)
એંદરિયા રા.....ઝી...

(એક રાગિયો- એંદર કેં યે ખાંળાંમાં હૂતા હાં? મુખ્ય ગાયક- હા!)

એ ખૉમદ રહીને વિસાર મૉડે રે રા....(૨)
એંદરિયા રા.....ઝી....

એ'લા ઘણે વળખે પોવી ઉપાવી રા......(૨)
એંદરિયા રા....ઝી...

એ પોવી ભાગે હાઉ નેં આવે રા.....(૨)
એંદરિયા રા....ઝી....

એ'લા પગયોન વિસાર કરેં રે રા....(૨)
એંદરિયા રા....ઝી...

એંદર એરવા ઉંતો ઝાઉં રે રા....(૨)
એંદરિયા રા....ઝી...

ખેરિયો રે ખેરિયો રે ઝાવા લાગો રે રા....(૨)
એંદરિયા રા....ઝી...

ખેરિયો રે ખેરિયો રે ઝાવા લાગો,....(૨)
ખેરિયો રે ખેરિયો રે ઝાવા લાગો હો.. રા....ઝી...



સતિયો આવે એણાં મારગાંવાળી જોર,...(૨)
ખેરિયો ખેરિયો રે આવણા લાગો હો.... રા....ઝી...

બાપરો હારો લેવે ને આવણા લાગો,
ખમ્મા બાપરો હારો લેવે ને આવણા લાગો રે...
હારો લેવેને આવણા લાગો હો.. રા....ઝી...

બાપરો સારે ખડ સોરાસી ફરવા લાગો,
ખમા બાપરો સારે ખડ સોરાસી ફરવા લાગો રે.....
મૂઆ મારાની ખબર નહીં પરતી હો.... રા....ઝી...

ઝગરામાં આવું રે ખોટું કૉમે,
ખમા, ઝગરામાં આવું રે ખોટું કૉમે રે....
ગોતમ રૂખી રે વિસાર મૉડે રે હો.... રા....ઝી...

બાપરો ખેરિયો રે ખેરિયો આવણા લાગો,
ગોતમ બાપરો ખેરિયો રે ખેરિયો આવણા લાગો રે..
વનરે ખડેમા આવણા રે લાગો હો..... રા....ઝી...

ગોતમ અરણ ઝંગળનો પકરવા લાગો,...(૨)
એ ઊપો ઊપો વિસાર મૉડવા લાગો હો.... રા....ઝી....

બાપરો અરણના હેંગેમાં એંદર પૂરે,
ખમા, બાપરો અરણના હેંગેમાં એંદર પૂરે રે....
અરણ કેંમ કરીને ઑણાને એરી કાઢે હો..... રા....ઝી...

એ રે અરણના પૉગે રે અવળા ફેરે,....(૨)
ઑમ ઝાયને ઑમ પૉગાં પરે હો..... રા....ઝી...

એ ખેરિયો ને ખેરિયો એરવા ઝાવ રે રા....
એંદર રા....ઝી...



એ નૉનકા સ ગૉમમાં ઓરો આવે રે રા...
એંદર રા....ઝી...

એક વટાઉરાને હારો લેવે રે રા....
એંદરિયો રા....ઝી...

એ'લા એંદરને એરવા પરિયો રા....
એંદરિયો રા....ઝી...

એક પાડોહેંણ બાઈ મૉરખાઈ ખાએ રે રા......
ઇન્દરિયો રા...ઝી....

એક પાડોહેંણ ખૉર લાવેં રે રા.....
એંદરિયો રા....ઝી...

પાદરવાનું ખૉર લાવેં રે રા.....
એંદરિયો રા....ઝી...

એંણી બાઈને માર હારો લેવો રે રા....
એંદરિયો રા....ઝી...

બાપરી પસાહે વરસની ડોકરી વાઝે રે રા...
એંદરિયો રા....ઝી...

પાડોહેંણ હારો લેવે રે રા....
એંદરિયો રા....ઝી...

એ ડોકરી કેંમે ગઈ રે રા....
એંદરિયો રા....ઝી...

એ'લા ખોર લેવા ડોકરી ગેઈ રે રા...
એંદરિયો રા....ઝી...



બાપરી કરીક થઉંને ડોકરી આવે રે રા....
ઍંદ્રિયો રા....ઝી...

ડોકરને માર હારો લેવે રે રા...
ઍંદરિયો રા....ઝી...

બાઈ કેંમહું ખોર લેઈ તું તો આવે રે હા....
ઍંદરિયો રા....ઝી...

એ'લા તમાર પૂસવાનું કૉયે કૉમ રે હા....
ઍંદરિયો રા....ઝી...

ખેરિયો રે ખેરિયો રે આવણા લાગો,
હારખાંખાંમાં ઓરો ફેરો રે આવે હો... રા....ઝી...

ખૉમદાં ઑહું વાટીને લેઈને આવું.....(૨)
ઑહું વાટીને લેઈને આવું હો... રા....ઝી...

ડોકરી થોકીરી તું તો ઝાઝે રે થારે કેંરે....(૨)
તું તો રે ઝાઝે રે થારે કેંરે હો... રા....ઝી...

ખૉમદ ફરી ફરીને એરવા લાગો,....(૨)
ફરી રે ફરીને એરવા લાગો હો... રા....ઝી...

એરે ભાળિયે રે કૉય નેં મળે,
એરે ભાળિયે રે કૉય નેં મળે હો.... રા....ઝી...

ખૉમદ રૉમ કાસબો રે પેદાસ કેંરે,...(૨)
રૉમ કાસબો રે પેદાસ કેંરે હો.... રા....ઝી...

એ'લા ઍંદર એરીને મને આલે,
તનં આલું'લા ઝંગળનું રે રાઝ હો... રા....ઝી...



એ'લા હેંણે હેજારે કાસબો રચો,
 એંણા પૉણીની સૉકી કરેં હો....   રા....ઝી...

અરણો નિત નિતનો રે પૉણી આવે,
એંમહો આવેં ને એંમ ઝાય હો...   રા....ઝી...

એ અરણો આવેંને ઉમાસો આવે,..(૨)
એ અરણો આવેને ઉમાસો આવેં હો....   રા....ઝી...

સમ ભગવૉન ઝાવા લાગા રે,...(૨)
ઝાવેં એંણા રૂખીવાળા કેંર હો....   રા....ઝી...

ખાંમદને દેખીને અગેળે આવે,.... (૨)
મિળી હોમળીને લેઈને આવે હો...   રા....ઝી...

હીરાખ રે તળાઈઓ પૉથરવા લાગો રે,
ગોતમ હીરાખ રે તળાઈઓ પૉથરવા લાગો રે.....,
ઢોલિયાંને માથે રે વરાઝ ઓયા હો...   રા....ઝી...

એ બાપરો ખૉમદ રહીને વાતો સોળે,
એ બાપરો ખાંમદ રહીને વાતો સોળે રે.....
એ હૉંપળે ગોતમ મારી વાતો હો....   રા....ઝી...

ઢોકીરા એંદરની ખબરની વાતો સોળે,
હૉંપળે ગોતમ મારી વાતો હો...   રા....ઝી.....

એંણાની વાતો ઝાવા દેઝો,
અવતાર એંણાની વાતો ઝાવા દેઝો રે....
એ તો સેનાવળો વાઝે હો....   રા....ઝી...

એ'લા હૉંપળે ગોતમ મારી વાતો



ખમા એ'લા હૉંપળે ગોતમ મારી વાતો રે....
ઠોકીરા ભૂતને નૉમે પીપળો હું કરવા બાળે હો... રા....ઝી...

કરોર રે પરથમી રે પરલે ઝાવે,...(૨)
એંદર વેણું કણું ખોટું આવે હો.... રા...ઝી...

એ'લા ઠોકીરા દાવો મૉગે તો દાવો આલે રે,....(૨)
એ હૉપળે ગોતમ મારી વાતો હો... રા....ઝી...

એ'લા ગોતમની બાઈલીનો દાવો પરે,....(૨)
અરધામાંનો તીઝો ભાગ કેંરે હો... રા....ઝી...

રૂખી લેઈને આવે રા....
એંદરિયો રા....ઝી...

એ રે ખેરિયા ખેરિયા આવણા લાગા રા....
એંદરિયો રા....ઝી...

પાઓર પર્વત ઓરાન આયા રા.....
એંદરિયો રા....ઝી...

એ'લા અરણાનાં માર એરાં એર રા....
એંદરિયો રા....ઝી...

એ વનનું અરણું એરી કાટે હા....
એંદરિયો રા....ઝી...

એ તો એણી ઝગે લેઈને આવે રા...
એંદરિયો રા....ઝી...

ગોતમ રૂખી રે હેંગરું પારેં રા....
એંદરિયો રા....ઝી...



એનું હેંગરું એક ઝ રઇયું હા....
એંદરિયો રા....ઝી...

થારું તે દિ' કણું ઝ ઓયું રે રા...
એંદરિયો રા....ઝી...

એંદરને ગોતમ મેળ કરાવે રા.....
એંદરિયો રા....ઝી...

એ સતિયાંને સમાદૉન કરાવે રા....
એંદરિયો રા....ઝી...

એ ગોતમ રૂખી અરો આવે હેં રા...
એંદરિયો રા....ઝી...

એ વાતો તો ગોડી કાલી રે રા...
એંદરિયો રા....ઝી...

એ'લા કૉમને કરિયું રા..
એંદરિયો રા....ઝી...

ખાવા લેવા ખૉમદ આવેં રે રા...
એંદરિયો રા....ઝી...

ખેરિયો ખેરિયો ખૉમદ આવે રે રા...
ખૉમદિયો રા....ઝી...

એ રે અગેહળો આવીને કળા વરતેં હેં...
ખૉમદિયો રા....ઝી...

બાપરો ઝોગીનો વેહ માર ખૉમદ લેવેં રા...
ખૉમદિયો રા....ઝી...



એંણી પરથીને વાસ્તે નખરા કરેં હા...
ખૉમદિયો રા....ઝી...

ભગમો ભેખ માર ભગવૉન પેર હા....
ખૉમદિયો રા....ઝી...

સમ ભગવૉન માર બાબો ઓયા રા...
ખૉમદિયો રા....ઝી...

એ'લા મારતેં તો માર વેળા નહીં થાતી હા..
ખૉમદિયો રા....ઝી...

એ'લા ઉપજ કરવી કણી દોયલી હા....
ખૉમદિયો રા....ઝી...

એહે ભીક મૉગતો ખૉમદ ફીરેં હા....
ખૉમદિયો રા....ઝી...

એ'લા કણી બાઈઓ મોહા બોલે રે હા....
ખૉમદિયો રા....ઝી....

એ'લા કાળ પરિયો નહીં દેખતો રે રા...
ખૉમદિયો રા....ઝી...

એ'લા તનેં ભીકસા કેંમ આલિયેં રા...
ખૉમદિયો રા....ઝી...

એ એક બાઈને માર ઝાપો ઓયો રે રા....
ખૉમદિયો રા....ઝી...

પૉબીને કેંર માર ઝાપો ઓયો રા....
ખૉમદિયો રા....ઝી...



બાપરો અલેક ઝગવી ખૉમદિયો રા...
ખૉમદિયો રા....ઝી...

એ'લા પૉબી રઈ માર વાતો સોળે રે રા..
માર બાબો રા....ઝી...

માર બઈરાને અનાઝ નહીં મળતું રા....
માર ઝોગીરો રા....ઝી...

ઠોકીરો તમોને ફેરી કેંમહી કરાવું રા...
માર ઝોગીરો રા...ઝી....

પૉબણ અતી રે સતુર નારી રે રા...
ખૉમદ રા....ઝી...

એ'લા માર ખાવાનું એંણાંને આલેઝે રા....
ખૉમદિયો રા....ઝી...

'લા વૉણિયા વેપારીનં આપું લાવહું રા...
ખૉમદિયો રા....ઝી...

અરે આદમી ઝોગિયાંન માર કુણ આલહેં રા..
ખૉમદિયો રા....ઝી...

એહે કેંરનો આદમી ના પારેં હા....
ખૉમદિયો રા....ઝી...

બાપરી પૉબણ માર દુઃખી થાય રે હા...
ખૉમદિયો રા....ઝી...

મૉહ માટી પરી લેવે રે રા....
ખૉમદિયો રા....ઝી...



સતુર બાઈ માર ફેરી કરાવેં હા...
ખૉમદિયો રા....ઝી...

કેંરનો આદમી મોહા બોલે રે રા....
ખૉમદિયો રા....ઝી...

રૉડ હૂતી હૂતી અવેં હું ખયે હા...
ખૉમદિયો રા....ઝી...

અરે આદમી ખૉમદ પૂરહેં મુંય ખાઓ રે હા...
ખૉમદિયો રા....ઝી...

એ વેકુઠપરીનો ધણી વાઝેં હા...
ખૉમદિયો રા....ઝી...

એ સતુર બાઈના કેંરમાં આવ રે રા....
ખૉમદિયો રા....ઝી...

બાઈ કેઈ કેઈ કોઠિયો થારે વાઝેં હા...
ખૉમદિયો રા....ઝી...

એ કોઠિયાંમ ભગવૉન આથ ફેરવેં રા...
ખૉમદિયો રા....ઝી...

(એક બાણિયો-એ ભગવૉન આવો'લા! મુખ્ય ગાયક-હા!)

એ ગઉં બાઝરીહી કોઠિયો પરણી હા...
ખૉમદિયો રા....ઝી...

ઓહો અગે મુટે ખૉમદિયો આવે રા....
બોલતા રૉમ સાધુ રા....ઝી....



ખેરિયો રે ખેરિયો આવણા લાગો,
આવેં એંણી મારગાંવાળી ઝોરે હો... રા....ઝી...

ખાંમદ મારગાંની ઝોરે આવણા લાગો.....(૨)
એ લાંબી ફાળોને સોટાં ડગલાં હો... રા....ઝી...

બાપરો પાવોર ન પરબત ઓરો આયો,
એ પાવોર ને પરબત ઓરો આયો હો... રા....ઝી...

એ બારે ખડમાં ઓરો આવે,
ઓ બારે ખડમાં ઓરો આયો હો.... રા....ઝી...

એંદર એ'લા ભમર રે હીલાઠ એઠે આવેં,
હૉંપળે એંદરિયા મારી વાતો હો... રા....ઝી...

ખૉમદ આથેં રે હાઈને બેઠો કરે,...(૨)
આથે હાઈને બેઠો કરેં, હો ... રા....ઝી...

ઠોકીરા થારેં કારણિયેં ભોઝન લાવો,...(૨)
એ'લા ટેક રે રાખીન તું તો લેઝે હો... રા....ઝી...

ખૉમદ ઠીબું રે લેઈ ન આલવા લાગો,....(૨)
એ એંદર રાઝા રે વાતો સોળે હો..... રા....ઝી....

ખૉમદ તમાં પેંલો રે નહીં ખાતો,....(૨)
તમે રે પેંલા રે ખાઝો હો... રા....ઝી...

ખૉમદ ઊપો ઊપો રે વિસાર મૉંડે,...(૨)
ઝગરામાં આવું રે ખોટું કૉમ હો... રા....ઝી...

એ એંદર રાઝાને હીખો દેવિયો રે રા...
એ એંદર રાઝાને હીખો દેવિયો રે રા....હો... રે....ઝી....



હૉંપળે ઍંદરિયા મારી વાતને રા.....
હૉંપળે ઍંદરિયા મારી વાતને રા...હો... રે....ઝી....

એ’લા કેતરે દને રે તમે આવો રે રા...
એ’લા કેતરે દને રે તમે આવો રે રા...હો... રે....ઝી...

અમોન કાલાં ગોલાં રે તમે આલહો રે રા....
અમોન કાલાં ગોલાં રે તમે આલહો રે રા..હો... રે...ઝી...

એ’લા ટેકો ઓઈને અમે આવહું રે રા.....
એ’લા ટેકો ઓઈને અમે આવહું રે રા..હો... રે...ઝી...

એ’લા હીખો દેઈને આવણા લાગહો રે રા....હો...
એ’લા હીખો દેઈને આવણા લાગહો રે રા...હો... રે...ઝી....

ખૉમદ આવે વેકુઠાંવાળી વાટ રે રા....
ખૉમદ આવે વેકુઠાંવાળી વાટને રે રા...હો... રે..ઝી....

એ બાપા તૂરમાં કાટિયાં રે નકલી આપને રા....
એ બાપા તૂરમાં કાટિયાં રે નકલી આપને રા... રે...ઝી.....

એ’લા નકલિયાં કાટિયાં તૂરમાં આપને રા...
એ’લા નકલિયાં કાટિયાં તૂરમાં આપને રા...હો.... રે....ઝી....

બૂડી આપલિયાંમાં ખવેં રે ઝેંણી વીજને રા....
બૂડી આપલિયાંમાં ખવેં રે ઝેંણી વીજને રા...હો... રે....ઝી...

એ’લા ગાઝી ઝરમર રે ઍંદર સરિયો રા.....
એ’લા ગાઝી ઝરમર રે ઍંદર સરિયો રા...હો.... રે...ઝી....

એ’લા પોવીને માથેં રે ઍંદર ટુઠિયો રે રા...હો...
એ’લા પોવીને માથેં રે ઍંદર ટુઠિયો રે રા...હો.... રે....ઝી....



એ'લા ઝેંણા ઝેંણા રે એંદર વરસે રે રા...
એ'લા ઝેંણા ઝેંણા રે એંદર વરસે રે રા...હો રે...ઝી....

ખૉમદ આંતરા દેસમાં પરો આવિયો રે રા....
ખૉમદ આંતરા દેસમાં પરો આવિયો રે રા..હો... રે....ઝી....

વીજ ને કોરેંણ આવણા લાગિયાં રે રા.....
વીજ ને કોરેંણ આવણા લાગિયાં રે રા...હો... રે....ઝી...

ખૉમદ ને સવઝીને પરા પીઝારિયા રે રા....
ખૉમદ ને સવઝીને પરા પીઝારિયા રે રા...હો... રે....ઝી....

એ બાપરાં રુખાં, ઝારખાં ઓરાં લેવિયાં રા....
એ બાપરાં રુખાં, ઝારખાં ઓરાં લેવિયાં રા...હો... રે....ઝી....

ખૉમદ ઊપો ઊપો રે વિસાર મૉડે હો રે રા.....
ખૉમદ ઊપો ઊપો રે વિસાર મૉડે હો રે રા..હો.... રે...ઝી....

એ'લા એંદર વાઝ રે અનકરી રાવને રા......
એ'લા એંદર વાઝ રે અનકરી રાવને રા...હો... રે....ઝી...

સવ ને ભગવૉનને પરા પીઝારિયા રે રા....
સવને ભગવૉનને પરા પીઝારિયા રે રા...હો.. રે....ઝી....

એ'લા નઈને નાડાં રે એકે ઓવિયાં રે રા....
એ'લા નઈને નાડાં રે એકે ઓવિયાં રે રા...હો... રે....ઝી.....

(એક બાણિયો-ઓ નવે નાડે નદીઓ સૂટી હેં....!મુખ્ય ગાયક-સૂટી'લા!)



ખાંમદ નં સવ

ખેરિયો ને ખેરિયો ખૉમદ આવે રા.....
ખૉમદિયો રા....ઝી....

એ વેકુઠપરીમાં ખૉમદ આવે રા....
ખૉમદિયો રા....ઝી....

એ સવની ધૂણીએ સવઝી આવે રે રા...
ખૉમદિયો રા....ઝી....

પોવીને માથે એંદર સરિયો રે રા...
ખૉમદિયો રા....ઝી....

એ હૂકે ઠૂઠે માર ગૂગળ સૂટે હા....
ખૉમદિયો રા....ઝી....

એંદરને મુટે અમી વાઝે રે હા.....
ખૉમદિયો રા....ઝી....

(એક રાગિયો-અમી એ મૂટામાં અમી હેં,એંદરન તો!મુખ્ય ગાયક-ખરું!)

એક બે મઈના પરા ઓયા રે હા...
ખૉમદિયો રા....ઝી....

એ બીઝ બગલી માર પરી વાવેં રે રા...
ખૉમદિયો રા....ઝી....

એ બીઝ બગલી ખેતરમા વાવેં રે રા....
ખૉમદિયો રા....ઝી....

એ અનાઝ પૉણી પરાંન ઓયાં ને રા..
ખૉમદિયો રા....ઝી....



એ ખૉમદ બેઠો વિસાર મૉંડે રા...
ખૉમદિયો રા....ઝી....

આઝ તો કેળાસપતિને ફેરે ઝાવેં રા....
ખૉમદિયો રા....ઝી....

એ સવની ધૂણિયે ખૉમદ આવે રા....
ખૉમદિયો રા....ઝી....

એ હેંડ કેં સવઝી ફેરે ઝાયેં રા..
ખૉમદિયો રા....ઝી....

એ'લા હોરાં દોરાંની ખબર લેયેં રા....
ખૉમદિયો રા....ઝી....

એ રે સવ ભગવૉન ફેરે ઝાય રે હા...
ખૉમદિયો રા....ઝી....

બાપરા વનકદળીમાં ઓરા આયા રા...
ખૉમદિયો રા....ઝી....

(એક રાગિયો – એ સૂરઝ હૉમા ફિરે! મુખ્ય ગાયક – હા !)

વાગમાં કોયલો બોલે રા....
ખૉમદિયા રા....ઝી....

બાપા મેઉવાળાં ઝીવરાં બોલે રે રા...
ખૉમદિયો રા...ઝી...

હારે સવઝી હાઉ હોયમણો લાગે હા....
ખૉમદિયો રા...ઝી...



સવ મહરાઝ સતિયો વિસાર મૉંડે રે રા..
ખૉમદિયો રા…ઝી…

એ'લા કેતરોક સતિયો ખૉમદ વાઝે હા…
ખૉમદિયો રા….ઝી…

પોવીનો ધણી તો ખૉમદ વાઝે હા…
ખૉમદિયો રા….ઝી…

ઝંગળઝારીનો ઉં તણી રે હા…
ખૉમદિયો રા….ઝી…

એ ઉપઝ કરેં ખૉમદ રે રા…
ખૉમદિયો રા….ઝી…

એંનો સૉકીપેરો મારો વાઝે રે રા…
ખૉમદિયો રા….ઝી…

વેહ તો લેવે ગાતીનો રા…(૨)
ખૉમદિયો રા….ઝી…

કળા વરતેં માર સવઝી રા…(૨)
એ સાયબો મારો …હો….

એ અગળ આવેં માર ગાતી રા….(૨)
એ સાયબો મારો…..હો…..

નઝર પરેં ખૉમદને રા…(૨)
એ સાયબો મારો…..હો…..

ઊપો રઇયો ખૉમદિયો રા…
એ સાયબો મારો…..હો…..



પાસો એરે ખૉમદિયો રા....(૨)
એ સાયબો મારો.....હો.....

કણે રઇયો માર સવઝી રા...(૨)
મનમા વિસાર મૉડે એ....હો.....

ઝીવરો વટલે ખૉમદિયો રા...(૨)
વિસાર મૉડે ઓ...હો...

એ ગાતીન વરેં માર ખૉમદ
રે તેંણ ભવનાંનો નાથ રે...હો....

એંદરી ખલિયાં ખૉમદને રા.....
એ અવતાર મારો...હો....

વેહતો બદલે માર સવઝી રા....
ઊપો ઊપો મૂટે પરો બોલિયો....હો....

હુંએ કરિયું મુરખ રે રા....(૨)
એ ખૉમદ ઓય ન ખોટું કૉમ કરિયું...હો.....

એંદરી પરી સરકીને રા....
તરણ માતા વેઆર દેતો....હો....

વિરિયે ઝાય રે પેંઆળને રા....(૨)
એ'લા તેંણ ભવનાંનો નાથ રે...હો.....

વિરિયે ઝાય રે પેંઆળમાં રા....(૨)
વાસંગની વારીમાં ઓરો આવિયો...હો...

એ રુરાં ફૂલિયાં કમળનાં ફૂલ...
એ'લા ફૂલમાં વિરિયો ઝાઈન પરો પરિયો...હો....



અગળ ઝયે રે રૂખરિયો રા....(૨)
એ સાયબો મારો.... હો.....

કળા વરતે ખૉમદિયો રા... (૨)
દેખ મરદાંના ખેલ રે.. હો....

કેતરોક સતિયો તું સવઝી રા......
થારું સત મું ઝોવું રે....હો

એકી કરિયેં અમે સવઝી રા....(૨)
એ'લા એંડતો થાઝે એ...હો....

એ'લા વેસ તો લેં રે નારીનો રા...(૨)
વેસ વેકુઠપરીનો ધણી લેવીઓ....હો...

હાઉ રૂપાળી માર નારી રા...(૨)
એ સવઝી સતિયો એ...હો....

પરથીનું રૂપ માર નારી રા....(૨)
એ'લા પારવતી ઝેવી નારી ઓવિયો...હો...

પૂઠ વાળે માર સવઝી....રા...(૨)
પગવૉન નહીં દેખાતો...હો.....

કણે પૂઠે રયો ખૉમદિયો રા...(૨)
ઝીવરો પરો વટરાવિયો....હો....

સવઝી વરે માર નારી રા...(૨)
સવઝી રૂખરિયો... હો.....

વિરિયે ખલેં સવઝીનો રા...(૨)
પગવૉન મુટે પરો બોલિયો....હો...



આથમાં પકરેં માર સવઝી રા....(૨)
સવઝી રૂખરિયો... હો...

પાપી વાઝેં તું સવઝી રા...(૨)
સાયબો મારો...હો....

ખેરિયા આવે ખેતરમાં રા...
એ સતિયા આવેં હો....

આથ તો નૂસેં માર સવઝી રા...(૨)
એ'લા તું તો વિરિયે ઝારખામા પરો નાખિયો..હો..

એંનો બણિયો માર હેંહલો રા... (૨)
ઝંગળનું રાઝ કરિયું...હો....

આથ નૂસેં માર પૉને રે રા...
તીલાં વાળાં પૉન રે...હો....

તે દ્વિ'યાંનાં કક્રાં માર પૉનાં રા....(૨)
એંણે સતિયે નખરો કરિયો હો...હો....

આંઝણી લપીઆં પાવોરમા રા....(૨)
એ'લા વિસાર ક્રેં એ...હો....

થારો વિરિયે કેં મેલીએં રા....(૨)
હૉપળે સવઝી મારી વાત રે...એ..હો

બેંય હરખા આપણું ને રા.... (૨)
કેંણાં ન ખોટો આપણું કરિયેં ....હો...

લેઈને ઝાઈયેં આંઝણી હાર રા...(૨)
થારો વિરિયો એં મેલિયેં...હો....



(એક બણિયો – એ... એંણાં કરમ કરીન કુવારીન કળાંખ લગારેં...)

મુટું નહીં ઝોતી પુરુસનું રા.... (૨)
કેદિ'ક સતી એય વાઝિયો...ઓ...હો...

દીકરી વાઝે ગોતમની રા...(૨)
એ'લા રૂખીની દીકરી એ...હો....

ખેરિયા ખેરિયા ખૉમદિયો રા.. (૨)
પેલી કાકોર કન ઓરા બારા આવિયા...હો...

પાખળ ફિરે ખૉમદિયો રા...(૨)
ઝીયો ... રા...ઝી....

કોર તો લેવે માર આંઝણી રા...(૨)
એ'લા ખૉમદ કૉનિયા મૉડિયો...હો....

એલો મારે ખૉમદિયો રા....(૨)
આંઝણી કઈ રે એલો મારિયો...હો....

અવાઝ આવેં મારે કૉને રા.... (૨)
ઝબકી બેઠાં ઓયાં ...હો.....

કુણ ઝગવે મનં સતીન રા...(૨)
નેંદ કેમ ઉડારિયો... હો....

હારો લેવે માર આંઝણી રા...(૨)
હદેવણાવાળો કુણ રે...હો...

પોતે ભગવૉન ઉં આવિયો રા..(૨)
હૉંપળે આંઝણી મારી વાતને..એ...હો...



નૂગરી વાઝે તું આવઝે રા....(૨)
અમે સેલી કરવા આવિયો ઓ..હો....

મુટું નહીં એરતી પુરુસનું....(૨)
મારા લેખેં અવળો લખિયો ઓ...હો.....

વાતો સોળે માર આંઝણી રા....(૨)
તમે કેતરા ઝણા આવિયો ઓ...હો....
ઝીવતાં રાં.....

પવગૉન બીઝ મતર બોલે રા...(૨)
સવઝી આંઝણીના કૉનમાં પૂગળી કાલેં ઓ...હો....

સવઝીનું વિરિયે કૉનમાહી બતરી કોઠામા રા....(૨)
દેઈમા ફિરવા લાગિયું ઓ..હો.....

(એક રાગિયો – એ ડોળા તો ઉગાર!)

દુઃખરો ઊપઝો માર પેટમા રા...(૨)
એ આંઝણી બાઈ રે એ...હો....

ઝીવરો ઝાએ રે માર આંઝણી રા....(૨)
એ’લા સત રાખે દન પૉતરા માર પરિયા હો...હો....

બેમો મહિનો રે બાઈને આવિયો...રા...(૨)
બેમો મહિનો રે બાઈને આવિયો ...હો......

સારમો મહિનો માર આંઝણી...રા...(૨)
પૉસમો મહિનો બાઈનો આવિયો... હો....

ટેહકેં રોવેં માર આંઝણી રા..(૨)
ખોડે ઝાઝો ખૉમદનું...હો...



સૉમો મહિનો માર બાઈને આવિયો...રા.....(૨)
એ'લા હાતમો મહિનો બાઈને આવિયો....હો...

આઠમો મહિનો માર બાઈને રા...(૨)
એ'લા નવમો મહિનો બાઈને આવિયો ઓ...હો...

મઈના પૂરા માર બાઈને રા....(૨)
એ'લા પેટમાં ગોટો પરો પાકિયો ઓ..હો...

પેટમાં નેપઝો માર અરુઓ રા...(૨)
અરુઓ ઝોતો પેટમાં નેપઝ ઓઇયો...હો..

પેટમાં બોલેં માર અરુઓ રા...(૨)
હૉંપળે ઝરણી મારી વાત રે...હો...

મારલી નેંહરવાનું બારણું નહીં મળતું રા...(૨)
હૉંપળે ઝરણી મારી વાત રે...હો...

ઝાઇયા મારા તમે ઑદરને ઝણિયો રા..(૨)
હૉંપળે ઝાય્યા મારી વાત રે હો....

દુનિયા કેંહેં હગી નૉખિયો રા...(૨)
ઑદર નહીં મું તો આવતો ...હો....

(એક રાગિયો-એ'લી પેટમાં રૉ રૉ બોલ હેં, બારો આવી ન હું કરહેં?
મુખ્ય ગાયક - હા!)

હૉંપળે ઝાય્યા મારી વાતો...રા..(૨)
મારે મખેં તું તો આવઝે..હો.....

દુનિયા ઝૉણહેં જણ રે ઊલખોને રા....(૨)
ઊલખીન બારો બારો પારિયો ઓ..હો...



નેહરે માર ઝાય્યા રા... (૨)
એ'લા હૉંપળે ઝાય્યા મારી વાત રે...હો....

દુનિયા હેપી નૉખિયો રા.. (૨)
હૉંપળે ઝરણી મારી વાત રે..હો

(એક રાગ પુરાવનાર સ્ત્રી- એ વા રે વા! સતી વા!

(બીજો રાગિયો – ઘણી ખમ્મા ઝીવતા રો સાધુ)

અરુઓ વિસાર મૉડે રા...(૨)
અરુઓ રા...ઝી...

મારલી કરી એકણ ટણકાં રેઝો રા...(૨)
માર મારલી રા...ઝી....

અરુમાંન ઝોદ્ધો માથામાં નેંહરે રા...(૨)
અરુઓ રા...ઝી...

સતીનું'લા તાલકું કૌંણું રા....(૨)
અરુઓ રા...ઝી.....

એ અરુમાંન ઝોદ્ધો માથામાં નેહરે રા....(૨)
અરુઓ રા....ઝી....

આંઝણી મારલી પરો નવરાવે રા.....(૨)
માર આંઝણી રા...ઝી....

વનમાં મદદ કુણે કરેં રે હા....(૨)
ઝીઓ રા....ઝી....

એ દીકરોને મારલી બેયઝ વાઝેં હો..(૨)
અરુઓ રા...ઝી....



મૉણહ ઝેવું મૉણહ નેંહરું રા...(૨)
અરુઓ રા...ઝી....

લાંબુ પૂસરું મનં પેરાવિયું રા...(૨)
અરુઓ રા...ઝી....

એ'લા ડાવા ઝમણાં થૉન તવારેં હા..(૨)
અરુઓ રા...ઝી....

બાપરી ઈરવાળી દ્વોરાં બૉંતે રે રા...(૨)
અરુઓ રા...ઝી....

માલકાં થારા કેંરનું પારણું આલે રા...(૨)
અરુઓ રા...ઝી....

એ'લા ખાંમદ્વાંના કેંરનું પારણું આલે રા...(૨)
અરુઓ રા...ઝી....

અરુઆને માર પારણે પોઢારેં રા...(૨)
અરુઓ રા...ઝી....

મારલી ઝગળનો રાઝા વાઝું રા..(૨)
માર મારલી રા...ઝી...

એખા અરુઓ નેંપઝ ઓયો રા...(૨)
અરુઓ રા...ઝી....

સિવ સંકરનો દીકરો આવે રા....(૨)
અરુઓ રા...ઝી....

એ બાપરો ઝગળનો રાઝા ઓઇયો રા...(૨)
અરુઓ રા...ઝી....



દસરથ ને પેયાંણ રાઝા

દસરથરાઝા રે ખેરિયો ઝાવે....(૨)
એ આવે એંણી પેંઆળવાળી વાટે હો.... રા....ઝી...

એ'લા પેયાંણને દસરથ બે પાઈ ઓયા....(૨)
એ પોત્યેં પાઈ રે પરા ઓયા હો... રા....ઝી....

દસરથ પેંઆળમાં આવી તારોટો ફોરેઃ...(૨)
એ'લા સૂરિયાનો પરકાસ ઓવા લાગો હો... રા....ઝી....

એણા પેંયાંણની રૉણીઓ સોળ વાઝે...(૨)
એ પેંયાંણની રૉણીઓ સોળ વાઝેં હો... રા....ઝી....

એ બાપરી પરકાસો ઓયાને બેઠાં ઓયાં...(૨)
એ ખાટલાંમાહાં અમળેહો મારી બેઠાં ઓયાં હો.... રા....ઝી....

પેલી પદમણી રૉણી રે વાતાં સોળે...(૨)
હૉંપળો સોરિયાં રે મારી વાતો હો... રા....ઝી....

એ'લી દસરથ ભગવૉન ખેરિયો આવેં.... (૨)
ઝીલણિયે તળાવેં પરી ઝાઈએ હો... રા....ઝી....

આપણું ઝીલી નાઈને પાસી આવિયેં...(૨)
ઝીલી નાઈને પાસાં આવિયેં હો... રા...ઝી....

એ'લા પરકાસ ઓયો રે નાવા ઝાવેં...(૨)
ઝીલણિયે તળાવેં ઓરાં આવેં હો... રા....ઝી....

બાપરી દેઇયાંના દરેસ ઉતારવા લાગાં...(૨)
હૉંપળાં સોરિયો રે મારી વાતો હો... રા....ઝી....



સોરિયો મનં આયાં રે તમનાં લૂગરાં...(૨)
ઍંણે કારણિયે નાવા આવાં હો.... રા....ઝી....

બાઈ તો ઝળનાં ઝીવરાંને પૂન કરેં...(૨)
મગર માસા રે સારવા લાગાં હો.. રા....ઝી....

બાઈ તો તળાવને પાળે કિઆરીઓ કરે...(૨)
એ'લા ગવાં ઝવાંની કિઆરીઓ કરે હો... રા....ઝી....

કિઆરી કરીને જવારા વાવે...(૨)
ગઉં રે ઝૉવ રે વાવણા લાગાં હો... રા....ઝી....

રૉણી એતો કેસરવરનાં લૂગરાં ધોવા લાગાં...(૨)
કેસરવરનાં લૂગરાં ધોવા લાગાં હો... રા....ઝી....

બાપરી લૂગરાં તોઈને ઝીલવા પેંરિયાં...(૨)
ખેલે હીરકલિયાંવાળા દ્વાવે હો... રા....ઝી....

રૉણી એતો નાઈ રે કરીને બારાં આવે...(૨)
કોરા રે કપર બદલવા રે લાગાં હો રા....ઝી....

હાર સીર રે પેરવા લાગાં...(૨)
એ દાસી સોરિયોને વાતો સોળે હો... રા....ઝી....

સોરિયો આપણું ઝાઈએં રે અરિયા વાગમાં,
ફૂલરાંનો હોરમ લેઈને આવિયે હો.... રા....ઝી....

રૉણી સોરિયાંવાળે ઝુલરે ઝાવા લાગાં....(૨)
દૉઢીન દરવાઝે ઓરાં આયાં હો... રા....ઝી....

રૉણી વાગ બગીસા ઓરાં આયાં...
ફૂલરાં એરી એરીન હોરમ લેવે હો... રા...ઝી...



સોરિયો કમળનું ફૂલ રે રુરુ ફૂલેણું....(૨)
એનાં હોરમ લેતી ઉંય આવું હો.... રા...ઝી....

રૉણી વાગ બગીસા ઓરાં આયાં...(૨)
ફૂલરાં એરી એરીને હોરમ લેવે હો... રા....ઝી....

રૉણી રે તીરી રે તીરી તોરવા લાગાં...(૨)
ફૂલ હમાંને હાવા લાગાં હો... રા....ઝી....

એ રૉણી કમળનું ફૂલ રે હુંગવા લાગાં...(૨)
ભગવૉનનો પારો પેટમાં ઝાવે હો.... રા....ઝી....

એ દસરથ રાઝા... હા રે મહરાઝ અવેં ઝોધિયા નગરીમાં આવે. ખેર ખરલે ખાટ... હારે પેયાંણને પોતિયે ભાઈ અતા. એ પેયાળમાં આવતો. તારોટો ફોરતો. હા રે આખા પેયાળમાં અઝવાળું થાતું. હાતે મહરાઝ અવેં દસરથ હેં, તે... પેયાંણને પોતિયેં ભાઈ. હા રે આવા વગળ સાલેં નેં. હા રે લાંબી ફાળ સોટે પગલે... કળમાં ઊગો હોરમો પાંણ.... હા રે આવેં પેયાળની વાટ... એ પાવરિયે પાવરિયે આવેં... એ ... અવેં આવેં પેંયાળની વાટે હા રે મહરાઝ પેયાળમાં આવે. એક તારોટો ફોરે.... હારે સૂરિયાનો પરકાસ થાયે... હારે મહરાઝ અવેં પદમ નાગણિયો હેં. ઢોલિયામાહી ઊપી થાયે. એ દસરથ આવેં... તો બેઠી થો. હા રે પરકાસ થો હેં... એ અઝી તો કણેં આવતો અહેં. હા રે પણ બેઠી થો. હા રે મહરાઝ અવેં રૉણી હેં...દસરથની હૉળ વાઝેં...હેં... અવેં દસરથ હેં...લાંબી ફાળે સોટે ડગલે, હા ને અવેં રૉણી હેં એ.... સોરિયોન કૉય કેં, દાસી સોરિયો હૉંપળો મારી વાત, એ ધમનાં આવાં લૂગરાં. હા... રે દસરથ આવે આપણે ઘેંર. અવણાં સપા ભરાહેં એ... ખરાં ખોટાં આવે... માર એંડવાની આલત નહીં. નાઈ કરીને પાસી આવિયેં... હા રે રૉણી હેં. દાસી સોરિયોન લેય. હા રે મહરાઝ અવેં, વળી લોટ લેય... હા રે અવણ ગૉળ લેય, હા રે અવેં ગઉં ઝવ લેય. હા રે, મહરાઝ ખેરિયે થકી આવે. એ અવેં રૉણી હેં... સોરિયોવાળે ઝૂલરે, લાંબી ફાળે સોટે પગલે. એ..ખેરિયે થકી કૉય આવે. હા રે મહરાઝ હેરી બઝાર પૂઠણ મેલે.



મૉણકસૉક પૂઠણ મેલે એ... અવેં રૉણી હેં. હા તે મહરાઝ અવણ મૉણકસૉક પૂઠણ મેલ. હા ને ઝીલણિય તળાવ કૉય આવે. રૉણી હેં. હા રે અવણ તળાવ ઓરી આવેં... તળાવની પાળે હા રે દેઇયાંના વસ્તર ઉતારે. હાર સીર નેંસા મેલે...રે એ... કીરી નગરાં સારેં. હા રે મહરાઝ અવેં સોરિયાં ન કૉય કેં, એ સોરિયો! હા રે ઝારના થકમાં કિઆરી કરો. ઝવારા વાવણા હેં... હા ને ઉ મગોર માસા સારું. હા રે બાઈ હેં ઝળના ઝીવ સારેં... હા રે અવેં કિયારી કરાવે... હા રે અવણ ગઉ, ઝવની કિઆરીઓ કૉય વવરાવે. અવણ ઝવારા વવરાવીન આડા ઓળવટ વાળેં. હા...રે પરે તળાવમાં....એ હીરકલિયા દાવ ખેલે. હા રે સમદર ઝખોરેં. હા રે અવણ નાઈ ઝીલીન બારી આવેં. એ... સોરિયાં કૉંય કેં, દસરથ તો આવીસ રો હેં...આપણા કેંર આવેં. એ સારવાર કરવી પરેં...હા ને હેંડાં ઝટ દેઈન પરી....એ રૉણી હેં...કોરા કપર બદલે. હાર સીર પેરેં..ઑસાં હાળું ઓટેં...હા રે સાતી કૉંસુઓ કૉય ઘાલેં.. હા રે દેઇયાંના હણગાર પરા પેરે. હા રે અવણ સોરિયોવાળે ઝૂલરે પાસી કેવી વળી હેં. તે....આવતે આવતે, રૉણી મનમાં વિસાર કરેં... એ...હૉંપળાં સોરિયો વાત....ઘણાં દનાંની વારીમાં નહીં ગેઈ. આવાં આવાં ફૂલાંનો હોરમ લેતી ઝાઇયેં. હા રે દૉટીન દરવાઝેં આવેં... દૉટીનો દરવાઝો પૂઠણ મેલે... હા તે મહરાઝ અવેં વાગ વારીમાં કૉય આવે... એઝી ભારી ફૂલરાંનો હોરમ લેય! હા તો મહરાઝ લાંબી નઝરે કમળનું ફૂલ દેખાય. હાવ રુરુ ફૂલું! હા તેં લાંબી ફાળે ન સોટે પગલે કેવી આવેં. એ... ઝાળવીન પેસણ આથ નૉખે!

ઝીલી નાઈને પાસી આવેં રા ...(૨)
રૉણી રા...ઝી...

સોરિયોને ઝૂલરે ખેરિયાં આવેં....(૨)
રૉણી રા...ઝી...

બાઈને સમાંમ દેઈન વાળ ઊપા રા... (૨)
રૉણી રા...ઝી...



ખેરિયાં ખેરિયાં કેંર આવે રા...(૨)
રૉણી રા...ઝી...

રૉણી હેરી બઝારે ઓરાં આવેં રા....(૨)
રૉણી રા...ઝી...

એ'લા પદમણી નૉમ વાઝે રા...(૨)
રૉણી રા...ઝી...

એ ધરમર સરે વાદળ મેંલાં રા...(૨)
રૉણી રા...ઝી...

બાપરી ખઝૂરિયાળો દીવલો લેવે રા...(૨)
રૉણી રા...ઝી...

દીવરલા માર પરા ઝોઆરા....(૨)
રૉણી રા...ઝી...

એ દસરથને હૉમેરે ઝાવેં રા....(૨)
રૉણી રા...ઝી...

એ પરદખણા દેઈને પાયે લાગે હા... (૨)
રૉણી રા...ઝી...

એ'લા અગળ કરીને લેઈને આવે રા...(૨)
રૉણી રા...ઝી...

નિત નિત રાઝા આવેં રા... (૨)
રૉણી રા...ઝી...

એ'લા પેયાંણ નાગરો કેંરે નહીં રા...(૨)
રૉણી રા...ઝી...



(એક સ્રી-બાણિયો-પીયાંણની તો મૉનેલી અતી...કકા નાગણી તે!)

કાબરી પટોળી ઝાઝમો રાળે રા...(૨)
રૉણી રા...ઝી...

એ ઝાઝમોન માથે વરાઝ ઓયો રા...(૨)
રૉણી રા...ઝી...

એ'લા પેયાંણનો હારો લેવે રે રા...(૨)
દસરથ રા..ઝી...

હારી પાબીઓ માર બૉતમો કેમનો ગિયો રા..(૨)
રાઝા રા...ઝી...

થારો બૉતમો ગૉમ ગિયો રા...(૨)
રાઝા રા...ઝી...

તમે રાઝા હોરિયે બેહો રા...(૨)
રાઝા રા...ઝી...

એ વારીઆંમાં ઝાઉં મું પાસી આવું રા....(૨)
રૉણી રા...ઝી...

એ ખેરિયાં ખેરિયાં રૉણી આવેં રા...(૨)
રૉણી રા...ઝી...

એ વાગ વારીઓમાં ઓરી આવી રા...(૨)
રૉણી રા...ઝી...

એ બૉડિયો ગોઠિયો વારીમ મળિયો રા...(૨)
રૉણી રા...ઝી...



બાપરાં ઊપાં ઊપાં માર વાતો કરેં રા...(૨)
રૉણી રા...ઝી...

(એક સ્ત્રી રાગિયો-એ....મકના આથીની બાઈલી હેં...મુખ્ય ગાયક -હા!
એક સ્ત્રી રાગિયો-એવા રેંઝી પેંઝીન હું વાતો કરે!)

બેઠો બેઠો વિસાર મૉંડે હારો રા....(૨)
દસરથીઓ રા...ઝી...

એ'લા બઈરાં પેળું કુણ બેહ હા...(૨)
દસરથીઓ રા...ઝી...

ખેરિયો ખેરિયો પાસો વળેં રે હા...(૨)
દસરથીઓ રા...ઝી...

એરે રૉણીન બૉડિયો નઝરે આવો રા...(૨)
દસરથીઓ રા...ઝી...

એ દૉટું ઝોઈને દસરથ ઝાએં રા...(૨)
દસરથીઓ રા...ઝી...

(તંબૂર સ્વર) એ... અવેં દસરક...ખેરિયો થકો આવે. હા રે અવેં રૉણી હેં...એ.... ઝીલી નાઈન આવેં.... ખેલ ખેલ ખરલે ખાટ. હા રે ફૂલરાં હુંગી, હા રે ખેરિયે થકી કૉય આવેં. હા રે મહરાઝ અવેં લાંબી ફાળ ને સોટે પગલે એ હેરી બઝારે આવે. હેરી બઝારાં પૂઠણ મેલે...હા રે મહરાઝ અવેં ધરમર ઉતરે વાદળ મેંલ... સોરિયાંવાળે ઝૂલરે, એ...રમ્ ઝમ્ બળાક્! રમ્ ઝમ્ ઠણાક્! એ કાસી કણિયોરની કૉબ. સૉપી પેયાળ ઝાય. હેરિયે હોરમ! હા રે પાતરપેટી નાર.... આવતેં વાળ ઊપા થય! હા રે કૉય તો ઝોખો ઉપઝો. એ... ધરમર સરે વાદળન મેંલને... ખઝૂરિયા દીવલા લગારેં, હા રે દીવલો ઝોવારેં. હા રે સોરિયોન કૉય કેં, એ.... સોરિયો.... તમાર પિતાઝી કેંર નહીં. ઝગરામાં આવે ખોટું કૉમ. હા રે



દસરક અવેં કેંર એં એતણ કેતરે હૉમેરું કરવા ઝાય. આ બીઝી હેં તે નેં ખબર પરેં...એ....એંડાંક અગેહળી ઝાઇયેં. હા રે ઘેરેંક બાઇલિયો અતી. હમો અબોકાર નેં આલો. હા રે દસરક રાઝા કેંહેં, તો પેયાંણ આપાંન મારી નૉખહેં. એ આદમીનો આબરૂ એં, રૉણી એંડાં ઝાઇયેં. ઝાઇયેં'લી બત્તી એંડાં કેં. હા રે અવેં પૉસ ડગલાં અગી ઝાયેં. હા રે બેય આથે લાગે પાય... અગળ કરીન લેઈન આવેં. સોરી મૂસાં ધોય! હા રે લીલી પીળી ઝાઝમો સૉંટારેં! હા ને અવેં રાઝાન કૉય બેહારે. એ... પૉણીની મનવેંર કરેં. હા... રે અવેં રૉણી હેં, કરેલી ટેંમ પરી વત્તે. રાઝાન કૉય કેં, એ રાઝા... કણા હોરિયે બેહો... એ... પાબીઓ... હા રે ઘણે આવતેં ખબર પરી એ... આઝ કસેરીમાં કેવું ધાકલું લાગેં! આઝ... મોટો ભાઈ કેંર નહીં. એ... દાદો કેં ગો પાબીઓ. એ દેવરિયા! ગૉમ ગો હેં...આઝ તો નેં આવેં. હા રે હવેળો કેંર આવે... હા રે મહરાઝ અવેં રૉણી હેં તે કૉય કેં, એ રાઝા, ઘણાં હોરિયે બેહો. હા રે તમારા કારણે ઝાઉં વાગ વારી મા, એ વનનાં ફળ લેઈન આવું. તમાંન પરાં ખવરાવું... હા રે ગૉઝો લેતી આવું. થોરેક સટો લેય્યાં! હા રે હાઉ રે હાઉ! હા તે રૉણી હેં, એ...અવેં ખેરિયે થકી ઝાય. લાંબી ફાળેન સોટે પગલે. વાગ વારીમા આવેં... હા ને અવેં બોડિયો ભાઈ કેંમહો મળો....ઝોઈ... અવેં રૉણી ન બૉડિયો હેં તે વાતે કેવાં વળે! હા રે ટેંમ થાય વત્તારે... દસરક બેઠો બેઠો વિસાર કરેં, સાલું બાઇલિયો હાથેં વાતો કરવી, હાને કસેરીમ બેહવું, કોઈ ઝણ તેંર ભાળે. મારેં રેંવું નહીં...હા રે ભાઈ આવહેં એતણ બીઝો દન પાસો આવો. હા પણ નારી કનેં મારે વાત કરવી નહીં... હા રે અવેં આસ... કેવો નેંહરો.... એ ધરમર ઊતરેં વાદળને મેંલ. હા રે ખેરિયો ખેરિયો આવેં... હા રે વાગ બગીસાની વાટ કેવો આવેં ! હા રે લાંબી નઝર હેં... એ... નઝર હેં પાપી... હા રે દસરક રાઝા લાંબી નઝરે ઝોયેં...એ.. અવેં રૉણી, હા રે અવેં પદમણી હેં, હા ને બૉડિયા કને વાતો કરે... એ ઊપેલી અતી પણ બેહી ઝાય. ઝગમાં આવુંને ખોટુંન કૉમ... હા રે દસરથ ને પેયાંણ પોત્ય ભાઈ હેં. માના ઝાઇયા! આઝ દેખી ગો....હા મારી કથા કરાવહેં. એ પેયાંણન વાત કરેં.... ઝગરામાં ખોટું આવેં. હા રે દસરક હેં...અવળું ઝોય. અગળ મુટે કેવો આવેં. હા ને વારતા આગી કેવી હાલે...



રૉણી વાગ વારિયાંહી કેંર આવેં...(૨)
વાટે આવેં ને વિસાર મૉડેં હો... રા....ઝી....

આઝેં ઝગરામાં આવું રે ખોટું કૉમ....(૨)
દસરક રાઝા રે દેખી ગિયો રે હો રા....ઝી....

રૉણી કેંરે આવીને ટેંહકા કેંરે...(૨)
ટેંહકા કેંરે ને આવણા લાગાં હો રા....ઝી....

પેલી દાસી સોરિયો રે હારો લેવેં...(૨)
હૉંપળે મારલી રે મારી વાતો હો રા....ઝી....

મારલી હુંયેં ઓયું રે ટેંહકા કેંરો.... (૨)
હુંયે ઓયું રે ટેહકા કેંરો હો રા....ઝી....

સોરિયો તમારે બાપુએં ગોઠિયા કેંરા...(૨)
એ ઝેણાં તેંણાંની ભલાઈઓ કેંરે હો રા....ઝી....

આઝતો દસરથ મળોને મને મારી....(૨)
વારીઓમાં ગેઈતી રે વૉહળ વૉહળ આવો હો રા....ઝી....

મને સૉંટવા દે એ એંમ કરી બાથે આવો...(૨)
ઉં નતી મૉનતી માર પરો મારો હો રા....ઝી....

સોરિયો ઝટકેં ટાળે રે ભમર ઢોલિયો રે ....(૨)
હીરખ એ તળાઇયો પાથરવા લાગાં હો રા....ઝી....

રૉણી રે ભમર રે ઢોલિયે રે પરાં પોઢિયાં....(૨)
એક પાથરેં ન બીઝો પરો પાથરેં હો રા....ઝી....

બાપરો પેયાંણ રાઝા રે કેંરે આવે...(૨)
બઈરું સોરાંની હયાળ લેવેં હો રા....ઝી....



મારી મૉનેતી રૉણી રે કેમે ગેયાં...(૨)
મૉનેતી રૉણી કેમે ગેયાં હો રા....ઝી....

બાપરી પદમણીની દાસીઓ વાતો સોળે...(૨)
હૉંપળો બાવસી મારી વાતો હો રા....ઝી....

એ બાપુ ખોટું ઝોઓ તો વેગ દેઈ આવો...(૨)
હર હર ઝાય રે રૉણીનો ઝીવરો હો રા....ઝી....

રાઝા ધરમર સરે વાદળિયાં મેંલાં...(૨)
રૉણીની હેઝોમાં ઓરો આયો રા...ઝી.....

એ'લા રૉણીને ઢોલિયે રે બેહવા લાગો... (૨)
ફૂંહાળીને હારો પરો લેવેં હો રા....ઝી....

રાઝા બોલો એતરું રે તું તો બોલે રે...(૨)
મરો ધતમાં હાથે લેઈને ઝાઇયેં હો રા....ઝી....

પેલું દરસથિયું રાઝા રે પાઈ ઓયું...(૨)
એ આવેં એતણ એક ઠાંબરામાં તમે ઝમો હો રા....ઝી....

એ કાલેં આવું રે આપણ કસેરિયાં...(૨)
આદમી કરત વતારેં સાકરી કરી હો રા....ઝી....

એ થારો હારો રે એતો લેતો...(૨)
વેગ્ગો ગિયો તે હવેળો કેંર આવે હો રા....ઝી....

એને બેહારી વારિયાં ગિયાં.....(૨)
આવત દેખીને વૉહેળ વૉહેળ આવો હો રા....ઝી....

રાઝા એ'લા વાગે વારીએ રે વોહળ આવું...(૨)
નતીં મૉનતી માર પરો મને મારો હો રા....ઝી....



આવા સેનાળવા ભાઈ કેંમહા કરે....(૨)
મારા સરીરને માર પરો મારિયો હો રા....ઝી....

એ અવેં રૉણી હેં. હારે મહરાઝ અવેં વાગવારીમાંહી કેંર આવેં.... લાંબી ફાળ ન સોટે પગલે .... એ મનમાં વિસાર કરે, હા રે મારો રાઝા. હા ને દસરક રાઝા. એક ભૉણામાં ઝમેં. હા રે એંણા ધણીની નઝર પરી. એ....ઝગમાં આવેં ખોટું ને કૉમ પણ અવેં કેંમ કરીન પૂલવું? એ કાલ આવો નહીં ન વાત કરી નહીં! એ...પેયાંણ મારા સિવાય નેં સોરેં...પણ અવણિયાં કેંમનો વળ પારું? હા રે મહરાઝ અવેં નળા ઉપર માર પરો મેંલેં... મનના હાથેં ગુંટવેં... હા એસ સૉંટો હેં, એંમ કેવું હેં! હા રે એંણાંન વિયોદ્દ પરહેં. એઝો આવહેં નેં, ન વાત કર હેં નેં. એ એંણાંનો પરેમ ટૂટી ઝાહેં. એંણાંન કુણ વાત કરહેં? એ...રૉણીએ અવળું પારું. હા તો મહરાઝ અવેં કીના તો કીનાસ બળેં... તેલના એં એ ઝણઈ ઝય... હા... તો મહરાઝ અવેં રૉણી હેં, એ.. મેંલ આહની આવી. હા વળી પરેં ઊઠે એંમ કરેં (મોટેથી)....એ સોરિયો, દાસિયો હેં, હમી નઝરે ઝોયેં. અરે બાઈઓ! અરે બાઈઓ! માઝીન હું થઉં? બેંઝણિયાં હાઈને આવેં... હા રે અગેહળી ધૉમીન ઝય. એ... આથે બાઉરે હય. હા ને વળી હારો લેય. એ માઝી ? કૌં કૉમાંનાં નૉમ. કેંમ થઉં હેં? એ... રૉણી ધીરી રઈન વાત કરેં, સોરિયો ઝાવા દો એ વાત. એંણી વાતે મનં રીહ સરે! (ભાર દઈને) એ... તમાર બાપુઝીએ... સેનાવળા ભાઈ ઝોરા, એ પૂઠો તાકેં! હા રે તમારો બાપુઝી કેંર નતો, એતણ વારીમાં ઝાવા દેઈન વૉંહળ આવો. એ સૉંટવાનું કેંતો! હા રે મેં ના કઉં... એ...વારીમાં માર પરો હેં. હા રે મારા સરીર ઉપર કેતરો માર પરો! હા ને એંમ કરી ન પરો ગો હેં. હા તો સોરિયોન મૉનામાં આવેં, વાત તો હાસી... એંણી ઝ વાટે નેંહરો... એ.... અવેં સોરિયો હેં, ભમર ઢોલિયો ઢાળેં. હીરક તળાઈ નૉખેં. હા રે રૉણીન તો વળી ઊસી કરીન... હા ને ઘણા મૉનહી હુવારેં. એ એક ઓટે નં એક પૉથરેં... એ સરીરન હું દુઃખ હેં તે નેં હૂએં! હા... રે માર પરેલો એં તો થોરું ઘણું વીતેં. ઝૂઠી વાત કરી, હું કરવા વીતેં!

એ.... અવેં રૉણી હેં, નેંદરા હોરેંમ આવેં... પણ પેલો મનમાં વિસાર નેં



ઝાયેં... મારહું તો દૉઢું થઈ ઝઉં... હા ને પેલો દેખી ગો હેં... એ... મારી કરેલી ઝો હમી પરેં,તો તો આવેં બરાબર! ને ઝો નેં હમી પરી... ઝગરામાં ખોટું આવેં. આથેં કરેલું હાથેં પરું આવે... હા રે મહરાઝ પેયાંણ કેંર આવેં... એ કેંર આવી બઈરાં સોકરાંની હપાળ લેંય. હા રે કિયે કૉમે ગાં? કૉય પરૂણેં ગાં. એ... કેઈ વારીએ ગાં? હું કૉમ કરે? (ભાર દઈને બોલે છે.) હા રે મહરાઝ હારો લેય. એ... મૉનીતી રૉણીનો હારો લેય... હા રે મહરાઝ અવેં એંણી દાસી– સોરિયો હેં... રાઝા ન કૉય કેં, એ બાપુઝી? મુટું ઝોવું એં તો એંડાં ઝટ દઈન! એ...માઝીન તો ઝીવરો ઝાય, ઝીવરો આવે...બાઈઓ આવું બત્તું હું હરખું થઈ ગઉં? એં...કેંમ થઉં? એંડાં બાપુઝી મેંલે...એ તો રૉણી વાત કરહેં. અમારી કરેલી ખોટી પરેં તો. હા રે મહરાઝ, રાઝા હેં, ધરમર સર વાદળમેંલન એ...રૉણીન હેઝમાં ઓરો આવેં. હા રે મહરાઝ ભમર ઢોલિય આવેં. ગોદરું ઊસું કરેં, એ...રૉણીન હારો કૉય લેંય, એ રૉણી, હું હું દખરાં થાં! કર દઃખની વાત. (મોટેથી બોલે છે.) હા તે રૉણી હેં, ઝોર કરીન બોલે... એ રાઝા બોલો એતરો બોલ. મરો તો મું ઝોવ! તમાંન લેઈન નહીં ઝાવાની. એ... કેંમહા ઝોરા બતા ભાઈ કરિયે એંમ... કરીન એવા એવા બતા કેહા લાવા.... એ રૉણી વાત તો કર. એ... કાલ દસરતિયો આવો...હા રે... આદમી કેંર નહીં એંમ કરી, ઘણી હૉમેરે ગઇયો, હા ને ઘણાં મૉનહો લાવો, કલમ કસેરીમાં બેહારો... હા નેં એંણા માટે વનફળ લેવા ગેઈ... વાગ વારીમા, હારાં હારાં લેતાં એ...મેં કઉં કે ગૉમ ગો હેં, હવેળો કેંર આવેં. હા રે મું વાગ વારીમાં...હા ને આવા પાપીલા ભાઈ ઝોરા. એ પૂઠો તાકેં! હા રે વારીમાં ઑંહળ આવો. એ...મનં બાથે આવવાનું કેંતો! બાથે આવો! મેં ધીરો ને તે ઝબર માર પારો હેં! ઝબર મનં તો કૂટીસ નોખી હેં! એ... મારા પેટમાં લોઈ પરી ગઉં હેં... પરી ગઉં હેં ને... અવેં..કેંવા હરખી વાત નહીં, એ...મારી એંડવા ફરવાની આલત નહીં... પૉણી પણ પસતું નહીં. રાઝા (મોટેથી બોલે છે.)! રાઝા સાફ થઈ ગેઈ હું એ તો તું ઝો! એ ટણકી થઈને બોલું, બોલું. આ તો થાકી રઈ હું. આ તો ઝરા ઝરા ઝોરમાં સ બોલું. એ! હેં! અવેં પેયાંણ રાઝા હેં, પૉગેનો સમાટો ટોસીમાં ભૂડકો થાય! હા અવેં કાળઝું ટૂટી, કેંવા અરખી વાત કેંવાય રે ભોંડામાં મરી ગઉં. હા! હા! હા (હસતાં) એ રાઝા હેં, દેખ મરદાંના ખેલ. હા રે



પેયાળમાં આવેં. દસરથન ઝીવતું નહીં ઝાવા દેવું! મારી બાયલીન કેંમ બાથે આવો? અને વારતા કેવી આગી હાલે....હલાવો ભલા...

કળમાં ઊગો હોરમો પાંણ
કળમાં ઊગો કિરનારો પાંણ હો રા...ઝી...

એ'લા સેંઝ રે કિરણોનો ધણી ઊગો,
એ અધ પરમાંણી અઝવાળું રે ઓયાં હો રા...ઝી...

બાપરો ઝંગળ ઝારી રે રાઝા ઝાવેં રે...(૨)
ઝંગળ ઝારી રે રાઝા ઝાવે રે હો રા...ઝી...

બાપરો ઝારી રે ઝાઈને પાસો આવેં,
દાતુણ ડૉળેં ને આવણા લાગો હો રા...ઝી...

રૉણીઓ તાંબાની તાવણીએ પૉણીરાં મેલે...(૨)
કઉસલા રૉણી પૉણીરાં રે આલેં હો રા...ઝી...

પેલી સુમેતરા રૉણી વૉંહો કેંરે...(૨)
દાતુણ ડૉળેંને ઝીલવા લાગો હો રા...ઝી...

રાઝા ઊગતો સૂરુઝ ઑંદવા લાગો...(૨)
ઝીલી નાઈને સૂરુઝ ઑંદ હો રા...ઝી...

રૉણીઓ આડ ડાળેનાં ભોઝન કરેં...(૨)
દેવગરા થાળેમાં પરોસવા લાગાં હો રા...ઝી...

એ મૉનેતા રાઝાને ભોઝન ઝમારે...(૨)
એ રાઝા ઝમી ઝૂટી ન બેઠો ઓયો હો રા...ઝી...

રાઝા હોળૈયો હણગાર મૉડવા લાગો...(૨)
એ હોળૈયો હણગાર મૉડવા લાગો હો રા...ઝી...



પેલી કઉસલા રૉણી રે હારો લેવેં...(૨)
એ હાઁપળો રાઝા રે મારી વાતો હો રા...ઝી...

રાઝા કેં ઝાવાનું રસાલું મૉડું....(૨)
હાઁપળો રાઝા રે મારી વાતો હો રા...ઝી....

રૉણી પાઈપતને મળવા અમેં ઝાઇયે....(૨)
પેંયાંણ રે રાઝાને મિળવા ઝાઇયેં હો રા...ઝી...

રૉણી કાલે ગિયો રે કેંર નેં મળો....(૨)
મિળી હૉમળી પાસો આવું હો રા...ઝી...

રાઝા ઝૉવ તો ભલેરા ઝાઝો...(૨)
હાઁપળો રાઝા રે મારી વાતો હો રા...ઝી...

એ રાઝાને કૉઈકને વખરો પેઆળમાં ઓય...(૨)
હાઁપળો રાઝા રે મારી વાતો હો રા...ઝી...

રૉણી આઈનો ઝણેલો પાઈ વાઝે...(૨)
એકા ભૉણામાં પેળા ઝમીએ હો રા...ઝી...

એ'લા રૉણીનું કયેલું રે નહીં મૉનતો...(૨)
નાગફણી મોઝરી પૉગે ફરી રે કાલે રે હો રા...ઝી...

(તંબૂર - સ્વર) ઓ મહરાઝ! એ... ધન કરી! ધન વાર! હા રે કરમાં ઊગો હોરમોન પાંણ... એ સેંસ કિરણાંનો તણી બારો આવેં... હા રે મહરાઝ આખી પુરથમી પર અઝવાળું થાયેં... એ કુકરિય રોર સૉંડે... હા રે રાઝા હેં, બેઠો થાય....એ ઝંગળ લોટી હાથ ઝાલે... હા રે મહરાઝ ધરમર ઊતરે વાદળ ને મેંલ...ખેરિયો થકો આવે... એ... હેરી બઝાર પૂઠણ મેલે. હા રે ઝંગળ ઝારી કેવો આવેં! એ ઝંગળ ઝારી આવેં... એ ઝંગળ ઝારી કરી પાસો કેવો વળે! હા રે અવણ દાતુણ ડૉળતો ડૉળતો આવેં....હા ને મહરાઝ અવેં ધરમર સરેં વાદળ ન



મેંલ. એં... હેરી બઝાર પૂઠણ મેલ. હા રે ધરમર સરે વાદળ મેંલ. હા રે આવેં કલમ કસેરીમાં. એ... અવેં રૉણીઓ હેં. તાંબાવટીએ પૉણી ઊનાં મેલે. હા રે ગરમ કરેં... હા ને કઉસલા રૉણી હેં, એ પૉણી કેવુંક મેલે! હા રે બારાં લેઈ ઝાય ન મેલે. હા રે સુમેતરા હેં, રાઝાન ઑંહો કરેં. ફૂંહાળી નવારે, રાઝા દાતુણ ફારેં... હા ને અવણ કેવો નાય! એ નાઈ કરી, હા... રે અવેં કોરા કપર બદલેં. હા ને ઊગતા સૂરુઝ ઑંદે... એ સૂરિયાન નમણ કરેં.... પરદખણા દેઈ પાય લાગે... હા રે મહરાઝ અવેં રૉણીઓ હેં તે કૉય કેં રાઝા ન... એ... રાઝા? હા રે બતરી તતરી આડ ડાળનાં ભોઝન કરાં... એ.... આવાં ઝમી લ્યાં. હા રે બેય રૉણીઓ એક રાઝા... ઝમી ઝૂઠી બેઠો થાય. હા ને અવેં હોળૈયો હણગાર કૉય મૉડે. એ... સોપતું પેરે. મહરાઝ અવેં રાઝા હેં, એ દેવગરો થાળ પરુસેં. હા રે અવેં રાઝા કેવોક ઝમેં...હા...રે, સોપતું ઓટે... હા રે પેંયાળે ઝાવા હુસાળું મૉડે... હા ને કઉસલા રૉણી હેં તે કૉય કેં...એ રાઝા? ઝૉવ તો ભલે ઝૉવ.... એ ઝાતા આદમીન, હા રે અગળ સબ્દો નેં મારવો... પૉણ હૉપળે રાઝા વાત. હા રે કયેલું કેંય ટળી નેં ઝાય... હા રે નારીનો બોલ ઝરૂર અગળ આવેં... એ... હૉપળ મારી ન વાત, હા તે પેયાળમાં ઝય. નિત ઝય નિત આવેં. એ હારાં આપણા ઝેવાં હરખાં નેં એં... હા તે કોઈ અવળી વાત કરે, કાલેં ખોટું પરેં કૉમ. હા રે તું થાર ઠેકાંણ થઈ ઝયે... હા ને બેય હૉખ રડાઈયેં! હા રે મહરાઝ અવેં રાઝા હેં. રૉણીન કૉય કેં, એ રૉણીઓ એં માર કોઈ નહીં... હા રે આઈનો ઝણો પાઈ. એ... એકી થાળીમાં ભોઝન પેળાં ઝમિયેં. હા રે માર ઑં તો બીવા ઝેવું નહીં. હા ને એં તો મનં કેતરાં તો લેવા આવેં. એ... કણેં હૉમેરું કરવા આવેં. હા ને મનં તો એં ઝાવા સિવાય સાલેંસ નેં એં.... કાલ ગો નેં મળો. હા તે આઝતો મિળવા ઝઉં. હા અવેં રૉણીનું કયું રાઝા નેં મોનેં. નાગફણી મોઝરી પૉગે ઘાલે.... એ રૂપા સરીઓ આથમાં લેય. સોનાનો સકોરો માથેં મેલે... હા ને અવેં ધરમર વાદળમેંલ કેવો ઊતરે! (ઝડપથી બોલે છે.) અને વારતા કેવી હાલે...

એ ધરમર વાદળ મેંલો રા....

રાઝા રા...ઝી....



ખેરિયો ખેરિયો રાઝા આવેં રા...
રાઝા રા...ઝી....

એ હેરી બઝારો પૂઠેંણ મેલે હા...
રાઝા રા...ઝી....

એ મૉણકસૉકમાં રાઝા આવેં રા...
રાઝા રા...ઝી....

એ પેઆળાંની વાટેં આવે રા...
રાઝા રા...ઝી....

પાવરીએ પાવરીએ આવે રા...
રાઝા રા...ઝી....

એ પેઆળાંની વાટેં આવે રા...
રાઝા રા...ઝી....

એ પેઆળમાં માર ઓરો આયો રે...

રાઝા રા...ઝી....

એ'લા બે આથાંનો તાળોટો ફોરેં રા...
રાઝા રા...ઝી....

એ પેઆળપરીમાં અઝવાસ ઓયો રા..
રાઝા રા...ઝી....

એ પેયાંણ નાગરાને ખબર ઓયાં રા...
રાઝા રા...ઝી....

એ'લા ઓઈ દસરથનો પરકાસ ઓયો રા..
રાઝા રા...ઝી....



બાપરો સરાં સપાઈ નં વાતાં સોળે રા..

રાઝા રા...ઝી....

એ પેયાંણ નાગરો વાતાં સોળે રા...

પેયાંણ રા...ઝી....

એંણા નૂગરાને ના કેંઝો રે રા...

સપાઈરો રા...ઝી....

એંણા પાપીને ના પારઝો રે રા...

સપાઈરો રા..ઝી...

એ બાપા મોટા ધણિયાંના ઉકેંમ સૂટા રે રા..

રાઝા રા...ઝી....

એ નોકર સાકર પરા તૉમેં રા...

રાઝા રા...ઝી....

એ રાઝા હેં, હા નેં ધરમર ઊતરેં ને મેંલ. એ ખેરિયો થકો આવેં... હા... રે હેરી બઝારેં આવેં. હેરી બઝાર પૂઠણ મેલે... એ મૉણકસૉકમાં આવેં. હા.... રે મૉણકસૉક પૂઠણ મેલેં, હા રે અવણ પેયાળની વાટે આવેં. હા રે લાંબી ફાળને સોટે પગલે. અગલા પલા વાત કરે, હા રે પૉગની પની ઉંકારો કૉય દે. એ ખેરિયો ખેરિયો આવેં. હા રે મહરાઝ પાવરિયે પાવરિયે આવેં... હાને અવેં એકમી પાવરી પૂઠ મેલે. હા રે બીઝી પાવરી આવેં, હા...રે તીઝી પાવરીએ કૉય આવેં. એ આવેં પેયાળની વાટે. હા રે પેયાળમાં ઓરો આવેં, એ...ઊપો રે...હા...રે બે આથાંનો તાળોટો ફોરેં. હા રે આખા પેયાળાંમાં પરકાસો થાય! એ સૂરિયો દેવ ઊગો એવી રીતે! હા રે અવેં પેયાંણ રાઝા હેં. એ...પેયાંણન ખબર થાય. એ ઝગમાં આવું ખોટું ન કૉમ. એ....હૉંપળાં સરો ન સપાયો મારી ન વાત. એ ઝૉવ અગેંળ કાટ. હા રે એંણા પાપીન ના કેંઝો.. એ...એણું મુટું નહીં ઝોવું! હા ને હૉમેં મુટે મનં કૉય કેંવું પરહેં.. એ... આવતાન પાસો વાળાં. હા... રે રખે ઑં



આવણા દ્હેતા...હા રે મહરાઝ અવેં સરા સપાઈ હેં... મોટાં ધણિયાંના ઉકમ સૂટા. એ રાઝા હેં, એ.. તે પેયાંણ અવેં (ઉધરસ)એ... પેયાંણ હેં, હા રે મહરાઝ અવેં સરાં સપાયાંન કૉય કેં, હા ને સરા સપાઈ હેં... એકના તેરા પનર... હા રેં અવેં કેંતે લાગી વાર... એ ખેરિયા થકા આવેં... હા...ને અવેં ઊતરેં ધરમર વાદળને મેંલ.. એ... હેરી બઝારે આવેં... હા ને પૂઠણ પેયાંણ કૉય કેં, એ'લા એ... હમી રીતે ના કેંઝો... હા નેં વારતા આગી કેવી આલેં...

(તંબૂર – સ્વર) એ.. અવેં સપાઈરા... હા નેં અવેં લાંબી ફાળને સોટે પગલે, હેરી બઝાર પૂઠણ મેલે. એ મૉણકસૉક પૂઠણ મેલે. હા રે મહરાઝ ઘણે આવતા ભેળા થાય. એ પરદખણા દ્હઈ પાય લાગે... હા રે અવેં રાઝાન પરદખણા દ્હઈ પાય લાગે. હા ને ઠગમગ કેવા ઊપા રા... એ રાઝા હેં, હા રે અવેં મનમાં વિસાર કરેં... હા તો ઘણા ઓથ્થા હૉમેરું કરવા આવતા.. આઝ તો ઍણા હા અગળ નેંહરી ગા હેં. એ... કાલ ઝાઈ ન આવો. તે પાઈ કેંર નતો. આઝ તો વળી વત્તારેં મૉન આલવાના હેં! હા રે રાઝા મનમાં વિસારે, હા રે અવેં સરા સપાઈ હેં, ઝોરી આથે ઊપા. હા રે રાઝા હેં, સરાં સપાયાંન કૉય કેં, એ... અવેં હેડાં પરા, હ હા આવતા હૉમેરું કરવા થોરેક. આઝ તો ઘણેં આવા... અગેહળા... એ.... આતો આપું તો ઑંસ રઈયેં ન આતો ઝાયસ અમણાં! એ... અવેં સપાઈ હેં, રાઝાન કૉય કેં, એ ધણિયો! નહીં તો કેંવાતું. હા રે નહીં રેંવાતું... એ તમે મોટા ધણી વાઝાં.... હા રે તમાં કરે એવી વાત હું કરીન કરિયે? હા રે અવે રાઝા હેં. કૉય કેં, એ સરો ન સપાઈઓ, મનમાં રાખવું નેં, એ દ્હીલમાં ડાગ એં, ફેરવી ફેરવીન ઝોયેં નેં દેખાય. કપરા ઉપર ડાગ એં... દેસન દુનિયા દેખેં! એ.. ખોટું ખાવું, હમું બોલવું... હા રે ખાવું ખરું ન ખોટું નેં બોલવું. એ... એં એવું કાં! હા રે તમાંન હીખવાળેલા હીખા હાં. હા ને કયેલું કેંતા આં. હા તમારો દ્હોસ નહીં... હા રેં અવેં સપાઈરા હેં, એ દસરક ન કૉય કેં, એ... રાઝા... ઓ...હ. હા રે અમાંન કલમ કસેરિયે આવણાનો તનં ના કો. હા રે ભલે રે ભલે, કેતરાં તો દઃખાં! કેતરા ગુના! કેતરી ખૉમીએ ના કો? હા રે હૉંપળાં ધણિયો વાત, હા રે એ તો પેયાંણ ઝૉણે. હા ને થારો આતમા ઝૉણે! અમાં તો કયેલું, કૉને હૉપળેલી વાત કઇયેં. હા રે મહરાઝ અવેં દસરક હેં, વિસાર મૉડેં, એ સપાઈરો! તમારો મોખલેલો



ઝઉ નેં.... તમારો કાટેલો નેં વળું. હા રે આવું કલમ કસેરીમાં. હા ને હાગી પેયાંણન હારો લેઉં... એ હેંણ કૉમેં મનં ના કેંય. હા રે અવેં દસરથ હેં. તે લાંબી ફાળ ને સોટે પગલે, હા રે અવેં કલમ કસેરી હારનો કેવો વળો (ઝડપથી). હા ને વારતા આગી કેવી હાલે...

ખેરિયો ખેરિયો દસરક આવેં રા....
રાઝા રા...ઝી....

એ બાપરો હેરી બઝારાં દસરક આવેં રા...
રાઝા રા...ઝી....

એ ધરમર સરેં વાદળ મેંલાં હા.....
રાઝા રા...ઝી....

કલમ કસેરીમાં રાઝા આવેં રા...
રાઝા રા...ઝી....

એ ગણેંણ દેઈને અવળો ફિરે રા...
રાઝા રા...ઝી....

ઠોકીરો સાથી ઉપર નેંતો ઑણવો રા....
રાઝા રા...ઝી....

એ'લા ઑણા વેરીને ના પારો રે રા....
રાઝા રા...ઝી....

ઠોકીરા અગળ ઝાતાંમા ઑમનો ફિરે રા...
રાઝા રા...ઝી....

બૉતમા કેતરા દઃખે રે રીહો સરી રે રા...
બૉતમિયા રા...ઝી....



એ પાઈઆ આઈનો ઝણો બૉતમો કેંવાય રા..
બૉતમિયા રા...ઝી....

ઠોકીરા નહીં મારવો નહીં ઝીકવો રે રા...
બૉતમિયા રા...ઝી....

ઠોકીરા ઝે થઉં એ મું મન કરું રે રા...
બૉતમિયા રા...ઝી....

દસરથ પેઆળમાંહો પરો ઝાઝે રે રા...
બૉતમિયા રા...ઝી....

એ ઊપો ઊપો વાતાં સોળે રે રા...
બૉતમિયા રા...ઝી....

ભાઇયા થારા કેંરનો હુંયેં ગુનો રે રા...
બૉતમિયા રા...ઝી....

હૉંપળે બૉતમા મારીસ વાત રે રા...
બૉતમિયા રા...ઝી....

એ બૉતમા ગુનાનું મન નૉમ પારે રા...
બૉતમિયા રા...ઝી....

માર નહીં કેવું નહીં ઝીક્વું રે રા...
બૉતમિયા રા...ઝી....

એ'લા કેંર આવેલાન નહીં ઝીકતો રા...
બૉતમિયા રા...ઝી....

એ બાપરો દસરથ રાઝા વિસાર મૉડે રા...
દસરથીઓ રા...ઝી....



એ'લા કાલ આવો મેં ગુનો નહીં કરિયો રા...
રાઝા રા...ઝી....

(તંબૂર-સ્વર) એ.... અવેં રાઝા હેં, હા રે મહરાઝ હેરી બઝાર પૂઠણ મેલે... હા રે ધરમર સરે વાદળને મેંલ... હા રે આવે કલમન કસેરીમાં. હા રે હદ્દા તો આવેં રાઝા કેતરે મિળવા! હા રે ઊંતું કાલીન બેઠો હેં... એ પેયાંણ હેં... હા રે ઝમી હાર ઝોવેં. હા ને અવેં દસરથ હેં, એ... કલમ કસેરીમાં કૉય આવેં. હા... રે પેલાન આવતાંમાં અવળો ફરે, હા... રે અવેં દસરથ હેં... મનમા વિસાર કરે... ઝગમાં આવું ખોટું કૉમ....એ... કોઈ કોઈ કૂટણા...કોઈ કોઈ મરણા... મારી વાર નેં કરી એંમ કઈ રીહણો... કેં હું થઉં... હા રે મહરાઝ, અવેં રાઝા હેં, અગળ ફરી ન પરેંણો ઑંખોમ આવીન ઝોવેં. હા રે એંમનો ઝોતામાં વળી અવળું ઝોવેં! હા પણ નઝર મેળાવો નેં કરે... હા રેં અવેં રાઝા હેં, મનમા વિસાર કરેં. એ ઠગમગ કેવો ઊપો! (તંબૂર સ્વર) એ...રાઝા ન કૉય કેં, એ... બૉતમા? હા રે આઝ તો નેં મિળો નેં બોલો.... માર કૉય ઑંક નહીં ગણવો. પૉણ અવળો રઈ વાત તો કર... એ... હદ્દા તો રૉણીઓ, તું ઘણેં મિળવા આવતાં... હા રે આઝ તો ઝૉપાન બાણણેં નેં આવો. હા કોઈ પણ મનં બોલું નહીં... એ.. થારા નોકર-સાકર તો ઘણા આવતા ભેળા થા... એંકેં તનં તો ના કો હેં... હા તે ઉં આવો વાદોવાદ. ગુનો નહીં કરો.... અવળું નહીં બોલો. બઈરાન ટૉગ નહીં કરી! એ....કેંહેળું તનં અવળું લાગું... હા રે કૉમનું નૉમ. હા રે બઈરાન કેંતાંમા... થોરો હોકણ બોલ... એ નહીંસ બોલો... હા રે દસરથન મનમાં ગેરાવો કૉય પરે! હા કૉયક તો હેં! એ દસરથ હેં, ફરી ફરી ન હારો લેય... એ ભાઇયા! કેં દઃખની વાત કર... એ... નેં બોલેં તો કૉય નેં... હા પણ થારાં દઃખાંની વાત તો કર. હા રે અવેં પેયાંણ હેં...તીરો રઈન બોલે... એ ભાઇયા? હા રે કણા વાલા અ'તા... પણ તું દુસમન, મારી સાથીએ નતો આવણો! હારે મારી નઝરો આગળ હું કરવા આવો? એ આઝ તો નહીં ઝીકવું, નહીં મારવું... હા પણ હમો હમો પરો ઝા...એ... નકર હાઉ નેં આવેં. હા રે અવેં દસરથને અવળું પરેં... એ ભાઇયા? મારે તો ભલેરો માર! હા રે તારી તલવાર મારું માથું! હા રે આઝ પેયાળમાંહો નેં



ઝઉ કે કાલ નેં ઝઉ...એ....કેતરા તો ગુના? હા ને કેતરા વૉક...હા રે નકી કરું તો પેયાળમાંહો ઝઉં....નકર પેયાળાંહો નેં ઝઉ... હા રે નરો મરું... કોર ખૂટેં કુણ મરેં?

વાલા ઝીવતા રાં (તંબૂર-સ્વર) એ. અવેં વેંરી આવો સાથી ઉપર... વેંરી કેંર આવો. એ ગમે એવું પરેલું એં તૉય વેંરીન કેંર આવેલાન કૉય નેં કેંવાય. હા રે રાઝા હેં પેયાંણ મનમાં વિસાર કરેં, મારી બાઈલીનાં પૉહળાં ભાગી નૉખાં હેં! ખાહરાં બે સાર ભાગાં હેં એ! વળી ઑંન ઑં ફરેં ન મોટી ઠોકે! હા... પણ અવણ કેંર આવો હેં એ.... દસરથ? કાયદો હપાળી ન પરો ઝા... નકર અવણ હાઉ નેં આવેં. હા પેલી હેં તે મૉસામાં રગોઇયાં કરે...! ટેંહકા કરે પરી પરી. હા રે અવેં રાઝા હેં.... તેં... અવેં કૉય કેં,

ઊપો ઊપો વાતાં સોળે,
હૉંપળે બૉતમિયા મારી વાતો   રા...ઝી....

એ'લા હેંણાંનો વેંમ રે તને પરિયો,
એ કરે એણાં વેંમવાળી વાતો હો   રા...ઝી....

એ'લા મારા બઈરાનાં આડખાં પાગાં,....(૨)
આઈનો ઝણો બૉતમો તનતો ગણતો હો   રા...ઝી....

તુંતો મારા બઈરાની રે પૂઠે તાકેં,....(૨)
એ હૉંપળે દસરથિયા મારી વાતો હો   રા...ઝી....

(એક બાણિયા સ્ત્રી-એ પૂડી... એતણ અવળો ફરી રો, મુખ્ય ગાયક - હા!)

એ બૉતમા એંણા કરું'લા ધીઝ...(૨)
એ હૉંપળે બૉતમિયા મારી વાતો હો   રા...ઝી....

એ'લા આઝના આઝ રે ધીઝ કુણે કરે....(૨)



એ થારા રે મારા સાકસી કેંમહા લાવીએ હો રા...ઝી....

ઑણામાં ઝોઇયેં વાલા પૉઝકેંર...(૨)
કુણ ખરો ને કુણ ખોટો હો રા...ઝી....

એ'લા આપણી પૉઝકેંર કુણ કરે....(૨)
એ હૉંપળે બૉતમિયા મારી વાતો હો રા...ઝી....

ઠોકીરા મોરી રે મકવાંણા ડોડિયા સુએંણ...(૨)
એંણાં હરદારોને એલો મારો હો રા...ઝી....

મોરી રે મકવાંણાને એલો મારો...(૨)
ડોડિયા સુએંણન એલો મારો હો રા...ઝી....

એ કેંતે લાગી રે કેતરી વારો....(૨)
સીઆર બેણરું વડા પંસાતીઆ રે લાવો હો રા...ઝી....

દસરથ દૂરો લેઈ ઝાઈને વાતો સોળે...(૨)
એ હૉંપળે પંસાતીઓ મારી વાતો હો રા...ઝી....

એ'લા ખોટો વેંમો રેં મનેં કરો,
હૉંપળો પંસાતીઓ મારી વાતો હો... રા...ઝી....

એ આઈનાં ઝણાંમાં વિઝોગો પરિયો...(૨)
અમે વાઝતા પોતિયેં બે પાઈ હો રા...ઝી....

પેયાંણની નારિયે રે અવળું પારું...(૨)
હૉંપળો પંસાતીઓ મારી વાતો હો રા...ઝી....

ઠોકીરો હાસ ઝૂઠ કરી મને હાસો કેંરાં...(૨)
તમે કોં એતરાં કૉમાં કરીએ હો રા...ઝી....



એ દિતવારના ધીઝ રે પરા નૂતે હો
આવતો દિતવાર પરો રે નૂતે ઓ રા...ઝી....

એ દસરથ રાઝાને વાતાં સોળે...(૨)
એ હૉંપળે દસરથ મારી વાતો હો રા...ઝી....

(તંબૂર–સ્વર) એ.. કેંવા ઝેવી વાત. હા અવેં રાઝા હેં... હા તે અવેં કૉય કેં, એ બૉતમા? નહીં ઢીલાંનું કૉમ. તું કેં એતરાં કૉમ કરું... હા રે તું કેં એંણો વેંમ ઉતારું... હા રે પૉણ આપણ બે પાયાંન વીખવાસ પરેલો હાઉ નેં આવેં. એ....હેંણો વેંમ તારો... હા રે મહરાઝ અવેં રાઝા હેં, એ... પેયાંણ કૉય કેં, એ દસરતિયા? પેટમાં કટારિયો રમેં! એ... મું કેંર નતો, હા રે હૂની નારિયો દેખી. હા ને પૂઠો કેંમ તાકેં? એ મારી બાઈલીનાં આડખાં ભાગી નોખાં હેં... એ દેખ મરદાંના ખેલ... કેંર આવો નકર બીઝી થાંત... હા રે અવણ દસરથ હેં, વાળી ગોડીન બેહે...દસરથ ભગવૉન હું... હા રે ખોટો ન ઝઉં... નકર નરો થઈન ઝઉં... હા રે અવણ હૉંપળે પેયાંણ વાત... હા રે થારાહી મારાહી વાત નેં થાય'લા એ... એ મોરી, મકવાંણા, ડોડિયાન સુએંણ. હા રે એલો પરો મારું... પસ કરાવું. હા રે વાલાં પસાંન લાગેં... હા રે રૉમ હેં પસ... એ કરીન લાવે એ હાસી. થારીન મારી નહીં ગણવી.... હા રે પસાંભાયાંન એલો મારેં. હા રે મોરી, મકવાંણા, ડોડિયાન, સુએંણ, હા રે ખેરિયા થકા આવેં. એ... અવેં રૂખની સાય્યા. હા ને દસરથ હેં તે કૉય કેં. એ... પંસો? એ... કરતી રે હમું! પરું અવળું! હા રે ઝગરામાં આવું રે ખોટુંને કૉમ. એ... અવેં રૉણી હેં.... પસાંન કૉય વાત નેં કરી હકે... હા રે પસ હેં આપ ઝેરા.... મનમાં કેંણી હગની ખબર પરેં.... ઝૉણી રે ઝૉણી.... ઝગમાં અવળી પરેં.... દસરત તો એંમન એંમ નરો નેંહરવાનો હેં. હા પૉણ ઑણાંવ વિરોહ પારું એ વાત હાસી હેં....

એ... રૉણી! હા રે વેંમ પરો રાઝાન.... પેયાંણ નહીં મૉનતો.... હા રે બે પાઈ પોત્ય અતા... ઝગરામાં પરા મરેં. એંણાંન વાસ્ત ધીઝ ધણનું કરિયે... દસરથ હાઝો નેહરહેં.... હુઝકો આલવો પરહેં.... એતો રાઝાન ઉસાટ... તેં કરુંન રાઝા હીખો! હા રે મહરાઝ અવેં મુટેં મુટેં વાત કૉય કરેં.... એ... ઝાઈન



અવેંણ પેયાંણન વાત કરેં, એ પેયાંણ! હા રે અમાર આથે રૉમ! હા રે વેંમનું ઓખેંદ કૉય નેં થાય! એ.... વેંમે ઘણા મરી ગા... હા નેં ઘણાંન મરવું પરેં.... હા પણ વેંમનું ઓખેંદ એતરો.... હા રે અમાંન હુઝકો આવેં.... હાસ ધીઝ નેંપઝ કરિયે.... હાને દસરથન હાસ ધીઝ કરાવિયેં.... ધીઝમાં ખોટો પરેં... થોરો સોર ખરો... હા રે મહરાઝ અવેં ધીઝ નૂતેં... આવતો દિતવાર નૂતે.... હા રે ખેતરમાં ડેરો તૉણવો... હાને હવેળમાં ધીઝ કરવાના. હૉંપળો મારીન વાત... એ... મરવાહો નેં બીઉં... હા...રે પેયાંણની રૉણી એ રાઝા ઉપર ખોટો વેંમ કરો. હા તે તમાંન ઝોગ લાગેં તારઝો. મા ન બાપ, તમાંન હૂપી દેતું... હા ને ભગવૉન તમાં ભળાવો. એ તમાર મુટ ન્યા.... હા ને તમાંહું તરવું નં તમાંહું મરવું! હા રે મહરાઝ કૉયક હેં. હા રે....તેંણ હારેંણ હા રે તેંણ ન પૂસે. હા રે...પેયાંણ કેં, પંસાતિયો? હા રે બે અઠવારિયે રૉણી ઊઠી થઈ હેં. હા રે સૉંટવા નતી દેતી. આડખાં ભાગી ગાં હેં એ... એંણા ઘણીનો મા...ર. હા... તે મારી રૉણી! હા તે ઝગરામાં ખોટી હાલત કરી હેં ને! આઝ વળી મોટી મોટી વાતો કરેં હેં એ તીઝ – ધણનાંની વાતો કરેં. હા રે એ રઈ રૉણી, તમે ઝાઈન હારો લ્યો! હા રે મહરાઝ અવેં પસ હેં. હા રે અવેં કકાપદમણી હાર કેવા આવેં. હા ને અવેં હારો કેવો લેય...

એ રૉણી! એ થાર માથ લીલું ન તણનું... હા રે પગવૉન વેસી ખાતો હેં તો એવી રીતે બોલઝે હા... રે આ લીલું તણનું થાર માથે મેલિયેં.હા તે રૉમ માથે મેલીન બોલઝે. હા ખરી કરે તોય મૉનહું. એ... તું ખોટું કરે તોય મૉનહું. હા પણ રૉમની થોરી ડર રાખઝે. હા રે મહરાઝ રૉણીન માથ લીલું તણનું મેલ. હા રે રૉણી હેં. બાકું ફાટું બકલનું.... હા રે કી પૉણીનાં મોલ થાય. એ ઝવાપ આપતેં હૉંહા થય. થય'લા, ઝીપ ઊપરતી નહીં..એ કરતી રે હમું. પરું અવળું.. હા રે ઝગરામા આવું ખોટુંન કૉમ...

દસરથ માર તોતિયાં લેવે રે રા...

રાઝા   રા...ઝી...



બાપરો કોરાં તોતિયાં પરાં લેવે રે રા...(૨)
રાઝા રા...ઝી...

બાપરા થાવોરો તો મેળ મેળાવેં રા....(૨)
સતિયા રા...ઝી...

એ ગૉમનાં નૉમનાં હમણ ઝોવેં રા...(૨)
સતિયા રા...ઝી...

(એક બાણિયા સ્ત્રી – એ ખરા ખોટાંનાં પારખાં તો એં મળહેં!)

એ ઝમણા વેંણાગ પરા બોલે રે રા...(૨)
રાઝા રા...ઝી...

એ'લા ડાવીન દેવોલ પરી બોલે રા...(૨)
રાઝા રા...ઝી...

બાપરી કઉસલા માર મુટું મલ્લે રા...(૨)
રાઝા રા...ઝી...

એ કઇયું તે મેં નેં મૉનિયું રા...(૨)
રાઝા રા...ઝી...

મારો આબરૂ પરો ગિયો રે રા...(૨)
રાઝા રા...ઝી...

રૉણીઓ દૂત હરખો થઈને આવો રે રા...(૨)
રાઝા રા...ઝી...

ઠોકીરી એંનો ગુનો નહીં કરિયો રા...(૨)
માર રૉણીઓ રા...ઝી...



સુટા ખેતરમા ડેરો તૉણે રે રા....(૨)
રાઝા રા...ઝી...

બાપરા સાર પોરની માર રાત કાટેં રા...(૨)
રાઝા રા...ઝી...

રૉણીઓ ખાવા પીવાનું પરું કરઝો રા...(૨)
રાઝા રા...ઝી...

રાઝા કેંર સોકરા પરા વિતારે રા...(૨)
રાઝા રા...ઝી...

એ સતરુ ન ભઝરુ પરા વિતારે રા...(૨)
રાઝા રા...ઝી...

એ રૉમઝી દીકરો કોરિયામાં રોએં રા...(૨)
રાઝા રા...ઝી...

બાપરા સમરણ તમારું કરીએં રા....(૨)
રાઝા રા...ઝી...

એ કળમાં ઊગો હોળમો પાંણ રે રા...(૨)
રાઝા રા...ઝી...

દન સૉના ઝાવા લાગા રે રા...(૨)
રાઝા રા...ઝી...

દીકરા ગંગાઝી માર પરા નવરાવેં રે રા...(૨)
પંસાતિયા રા....ઝી ....

એ તમણ તપાવી તોપ તપાવે રા....(૨)
એ સતિયા રા....ઝી ....



એ ધમણ ધમાવી ગોળો તપાવે રા...(૨)
એ સતિયા રા....ઝી ....

એ બાપા સતર આસન લેવે રા....(૨)
એ સતિયા રા....ઝી ....

એ'લા હાસો એ તો થાંપને હાઝે રા...(૨)
દસરથ રા....ઝી ....

એ બાપરા અગનીની થાંપે કીરીઓ એંડે રા...(૨)
દસરથ રા....ઝી ....

થાંપને માર બાથે વાળે રા...(૨)
રાઝા રા....ઝી ....

પેયાંણ રાઝા નહીં મૉનતો રા...(૨)
રાઝા રા....ઝી ....

એ'લા ધમણ ધમાવીન ઢોલ તપાવો રા....(૨)
પંસાતિયો રા....ઝી ....

એ ઝળાં માર અગની ઝળે રે રા...(૨)
દસરથ રા....ઝી ....

બાપરો ઢોલમા માર દસરથ નેંહરે રા... (૨)
રાઝા રા....ઝી ....

(તંબૂર - સ્વર) એ અવણ દસરથ હેં, ઝોઈતી સીઝો મેળવેં.... હા રે સનીવાર આવો...હા રે હવેળમાં ધીઝ કરવા... એ ટૂટી સાદર લેંય... કેતરાં નાળેર લીય... એ... પૉસ આથનું પોતિયું લેય. એ.. અવેં લેઈન કેંર આવેં. હા રેં... થોરાક ઝણ ફરેં...હા...રે ખોટા આફેંદનો ધીઝ....એ.... મનમાં ખરું ગણીન



આવાં તૉયન ખોટું ગણીન આવાં તોય. હા રે ઝણ ફરેં...આ રે મહરાઝ અવેં રૉણીઓન કૉય કેં...એ રૉણીઓ! ખરાય આવહેં, ખોટાય આવહેં....હા તેરેલા આવેં, અણ તેરેલાય આવેં... પણ આવેં એંણાન ખાવા વાળઝો... થોરી તકલી લેઝો...એ... અવેં કઉસલા રૉણી હેં, મટકા મલ્લે... ઝાતો તો મેં ના કઉં...એ રાઝા! પેયાળમાં ઝાય, કૉય ઝોખો ઉપઝે. તો એ... માર આઈનો ઝણો હેં એંમ કેંતો... એ રૉણી હેં તે અવટા બોલેં... સોકરાંનાં બૉનાં કાટેં...એ... રાઝા! હા રે કેંરતો સઇયા વિતારે. હા રે અવેં એણાંન એંસોરિયેં, ધવરાવિયેં... કેં ખાવા નૉતિયેં... ખમા (તંબૂર – સ્વર) એ... સતરુ ન ભઝ વિતારેં ... હા રે રૉમ બૉતમો વિતારેં... હા... રે મહરાઝ રાઝા હેં.... બાબો ઑમનો ને કેં ઑમનો નેં... વેંસમા ટૂટી ઝાય... હા રે અવણ મનમાં વિસાર કરેં, ઝગમાં આવું ખોટું ને કૉમ. હા રે મહરાઝ અવેં ઝૉપાહો નેંહરે... હા ને હમણ કૉય ઝોયેં... એ... ઝમણા વેંણાગ બોલેં. હા ને અગેળી ડાવી દેવોલ બો...લે. હા.... રે... પસ હેં... હા રે હાગી ખૉમદાંન કેંર કીના બળેં! હા રે દસરથ તનં તારીન પાસો લઈન આવિયેં... ઈયામા હમો રેંઝે... હા ને રાઝા હેં તે રૉણિયોન કૉય કેં....

એ રૉણીઓ, અવળું નેં બોલઝો! ઉં થરકો થઈ ન પાસો આવું... હા રે મનમાંહો કાળ પરો કાટી નૉખઝો... (તંબૂર – સ્વર) એ... અવેં સૂટા ખેતરમાં ડેરો તૉણેં... હા રે મહરાઝ અગલી અગાળું પાસલી પસાળું... હા રે રેંણ થાયે.... એ... ઝારે ઝનવોર બોલેં... વનમા ઘેરું કૂકર બોલે. હા...ને કળમાં ઊગો હોરમોન પાંણ....હા...રે ભાંઝગરિયા હેં, રાઝાન કૉય કેં... એ.... દસરથ રાઝા! ઢીલ કરેં મોરું થાય. હા રે ઊગતી ફઝારમાં ધીઝ કરવો.... હા રે મહરાઝ અવેં લેઈ ઝાય ગંગાન ઘાટ... હા રે રાઝાન નવરાવેં. હા રેં અવેં સરદ ઉપર ભેળા થાય... એ... ઝોતિયા નગરની સરદ... હા ને પેયાંણની સરદ વેંસો વસમાં આવેં.... હા રે પેલા આવેં ન, પેલા આવેં... હા રે મહરાઝ અવેં ધમણ ધમાવી થૉપ તપાવેં... હા રે અવેં દસરથને કૉય કેં. એ... દસરથન માથે આથ દેય... હા રે ઝા હાસો એં તો તરીન આવઝે... હા રે થારા ઝીવાંના દોહ... હારે મહરાઝ દસરથ હેં, એ... બળતી અગનીમા, કીરીઓ ફરેં! હા ને ઝાઈન બાથ કેવી વાળેં...એ.... સબ દુનિયા ઝોય.. હા રે અવેં પેયાંણ મૉનેં નેં... ના ના નેં મૉનું. હા રે મહરાઝ કેં ઢોલ



તપાવાં... એં નેંહરે તેંર મૉનું... એ અવેં ધમણ ધમાવી ઢોલ તપાવે... હા ને પાખળ પાખળ અગની ઝળેં... હા રે વેંસમાં તો કેવા હરખી વાત! હા રે ધીઝ કરવાવાળાન તો એંમ થાય... પૉણ બીઝાંન એંમ થઈ ઝાય... કેં ના ના બળી ન ભસમ થઈ ઝાઈયેં... એ તેંણી હગ મારો સૉમી સૉમળો એલે આવેં... હા રે ઢોલમાં પેલે હેઢ નેંહરી ઝાય... હા રે દસરથ બોલે... એ... અઝી કૉય બાકી? હા રે પેયાંણ કૉય નેં મૉનેં... ના ના વાત ખોટી. હા ગોળામાં ઘાલાં! એઠણ અગની ઝળાવાં! ઉપર ઢાંકણી દેઆં, તે દિ' મૉનું... હા ને વારતા આગી કેવી હાલે....

એ ઝોરે આવે માર સતિયા ન રા... (૨)
એ સાયબો મારો...હો.....

નહીં મૉનતો પેલો પેયાંણ રા...(૨)
એ દસરથ રાઝા હો...હો......

ગોળામાં કાલિયો માર દસરથ રા...(૨)
એ સાયબો મારો હો...હો.....

એ અગની ઝળે માર સતિયા રા...(૨)
તાંબાવરનો ગોળો પરો ઓવિયો હો...હો....

ગોળો ફૂટીઓ એન મતે રા...(૨)
તેંણ પવનનો નાથ રે હો...હો......

અગનીય બેઠો માર દસરથ રા...(૨)
એ'લા સોનાવરની અગની ઝળવા લાગિયો હો...હો....

નહીં મૉનતો માર પેયાંણ રા...(૨)
સાયબો મારો હો...હો.....

ધીઝ તો કરિયે પૉણીના રા....(૨)
હૉંપળો પંસો મારી વાત રે હો...હો.....



વાતો સોળે માર પસ રે રા....(૨)
હૉંપળે પેયાંણ રાઝા વાત રે હો...હો....

ધીઝ તો કરાવીએ અમે હાતહાત રા....(૨)
મુટાનું મૉગું લેવીએ હો...હો......

મુટેં બોલે પેલો પેયાંણ રા...(૨)
માર આઈનો ઝણો ખરો બૉતમો આવિયો હો...હો....

માર રૉડે એ ભૂડુ તારિયું રે રા...(૨)
સાયબો મારો હો...હો.....

(ખાંમદાં.... ખમા! ખમા!)

(તંબૂર - સ્વર) એં...અવેં રાઝા હેં... હા રે મહરાઝ અવેં પેયાંણ બોલે... એ... ઢોલમાં નેંહરેલો નેં મૉનું...હા રે ગોળો તપાવાં.. એઠણ અગની ઝળાવાં... હા.. રે ઉપર ઢાંકણી વાહાં... હા તે દિ' મૉનું... આતરી બતી નેં કરતાંત... હા રે ભેળા થાતા. ઝમતા, એકી થાળીમાં! મારી બાઈલી ઉપર ભૂડુ કેમ ધારું, એતણ ઑમ કરું! હા રે મહરાઝ અવેં પસ હેં... કયેલું કૉય કરેં... હા રે દસરથ કે'દિ ખોટો પરવો નહીં... આપણ હું કરવા બીવું પરેં... નેંફીકેંર કૉમ કરાં. હા ને મહરાઝ અવેં ઠેયા મડાવેં... હા ને અવેં દસરથન ગોળામાં પૂરેં... હા ને... ભગવૉનને ખબર થઈ. ઝગરામાં ખોટું આવું કૉમ... હા રે મારા કળમેં દોરી આવેં... હા રે દસરથ હેં...એં...અવેં ગોળો હૂનો ફૂટેં! હા રે આઝુબાઝુ કાંઠા ઝય...હા ને બળતી અગનીમાં કૉય પલોઠી વાળી બેઠો...એ અવેં દસરથ હેં, હા રે અવેં હાઝો ઊઠો થાય, એંમ ઊઠો થાય. અગનીમાંહો બારો આવેં...હા રે તેહીવેળા ડોડિયા, સૂઅણ, મોરી, મક્વાંણા હેં, સક પૉમી ગા! હા રે અવેં ખરો રે ખરો થારો સાયબો હાસો! થનમાં આતરો વૉળ નહીં.... હા રે મહરાઝ અવેં પેયાંણ હેં, એ... કેંાય કેં... હા રે નેં મૉનું... હા રે ઝળના ધીઝ કરાં... હા તે મહરાઝ પસ હેં તે અવેં કૉય બોલે... એ ધીઝ કરવા એં, હા રે મારવો એં, હા રે



આ ઊપો દસરથ! હા રે આવો ન્યા કરી, હા રે સતઝુગમાં એંડારી હક્યેં.... કાલ કળઝુગવાળો આવેં, હા તે રઈ ઝાઇયે પેયાળમાં, પણ ઘરનાં મૉનવી ઘણા મોહા બોલેં. આતરા હુતી નેં કરી હકિયેં... એ થાર મૉનવું હેં, તો ખરું.. થૉપન હવરાવો... હા રે ઢોલમા કાટો...ગોળામા બાળો. કેંય કપરે ડાગ નહીં પરો! થાર મારવો એં તો આ રો! અરે એ તો હું મારેં પણ અમે તનં મારિયે એંમ થઈ રા હૈય. તનં તો! એ... અવેં પેયાંણ હેં, મનમાં વિસાર કરેં...ઘણા ખમા! વાત તો હાસી... હા રે વૉંક બતો મારી રૉણીમાં. હા રે એરું રે એરું દરપણમાં.

તું મારા દલરામાં.. એ... કેંય એરવા ઝાવા ઝેવું નહીં.. હા રે ભાઈ ઉપર ઘણો અવદ્દોસ ધારી નૉખો..ઝગરામાં ખોટું આવું કૉમ. હા રે પંસાં કનેં વાત કૉય કરે! એ એંડાં પેયાળપરીમાં.. હા રે આળમેળ કરિયે... હા ને પેસણ પરા આવાં... હા રે અવણ પંસ બોલેં, એ.... એંણી વાત રવા દે.. હુઝકાની વાત પેંલી કર. હા પેસણ આળમેળની વાત કર.. હા રે અમારી આઁખાં દેખતે.. હા રે અગનીન બાથો ઘલાવી.. અગનીમાં કાટો. અગનીમાં બેહારો. અનેં અઝીએં તું ઘીઝ મૉગેં. હા રે મૉગિયેં એતરા વેદન આલ... હા નકર ઝગરામાં હાઉ નેં આવેં... હા નેં વારતા આગી કેવી હાલેં.

વાતો સોળે માર પેયાંણ રા...(૨)
હૉંપળો પંસાતીઓ મારી વાત રે હો... હો....

તમે મૉગાં મું આલું રે રા....(૨)
એ સાયબો મારો હો...હો....

દુઃખ તો ધારિયું માર રૉણીય રા...(૨)
હૉંપળો પંસાતીઓ મારી વાત હો... હો....

હૂઝકામાં આલું રે માર રૉણી રા...(૨)
હૉંપળો પંસાતીઓ મારી વાત રે હો... હો....

એ કકાપદમણી માર રૉણી રા...(૨)



હૂઝકામાં આલી રે હો...હો.....

દુઃખ તો તારિયું એંણી રૉણી એ રા...(૨)
બીઝું કૉય નહીં આલવું એ હો...હો...

અમલ કરેં માર પંસ રા...(૨)
એ સાયબો મારો હો...હો....

મેળે કરે બે પાઈ રે રા...(૨)
એ સાયબો મારો એ હો...હો.....

નહીં ઉપઝાવા માર સતિયે રા...(૨)
એંણી રૉણી વાળ કારણે વીખો કરાવિયો હો...હો.....

હૂઝકામાં આલી માર રૉણી રા...(૨)
કકાપદમણી એ હો...હો....

(તંબૂર - સ્વર) એ... કેવા ઝેવી વાત... હારે મહરાઝ અવેં સતિયા હેં, ઊપા ઊપા વિસાર કરેં, હા રે અવણ પેયાંણ હેં તે કૉય કેં... ખૂટા રે માર રૉણીના... હા રે ઝગરામાં આવું ખોટું કૉમ. નરા ઉપર અવદોસ તારો. એ ઝગરામાં કૉમ નેં આવેં હાઉ... હા... રે મારો બૉતમો હાસો... પૉણ ખોટ અતી એ માર રૌંડમાં. હા તે આવતો ઝાતો... એંણી એ નઝર નૉખી.. એંણીય બેઠી એં બેઠો હા તે ખોટું ભરાવું.... હા રે માર બૉતમાન ઘણા ફોરા પરા. હા રે હૌંપળાં પંસો મારી વ્હાત એ... હૂઝકામાં બીઝું નેં આલું. હા રે આલું મારી રૉણી! એ.. એંણા દોસતી તો એંણીએ એવો પરતન કરો... હા રે નરાન પરો મરાવતી! હા રે ઝીવતો રો. હાસો અતો ઝીવો. હા રે એસ રૉણી એંણાન હૂપું. હા તે મહરાઝ અવ અમલ કરેં. એંણી નૉમની વાત ગોડી ઘાલેં. હા રે સમાદાંન કરે. હા ને અવણ પેયાંણ હેં, દસરથ હેં, હા રે અવેં આથ મેળાવા કરી કૉય મિળેં! હા રે સમાદાંન થાય. હા તે રૉણી હેં તે અવે કૉય આલેં હેં. એ હા રે રૉણી! માર મનમા પાપ ન'તું થારા મનમા પાપ! એ તેં ઘણાં ઘણાં ઑનાં કરાવાં. હા રે ઑણા



દોસતી તેં ઑનાં કરાવાં. ઑણા દોસતી તેં ઑનાં કરાવાં તે... નરા ઉપર દોસ મેલો. હા રે ઑણા ઉપર અપરાત મેં ધારો, તનં નેં રાખું...એ...આ રો દસરથન તું રઈ. હા રે એ થારો રાઝા, તું ઍંણી રૉણી! હા રે મેં મારા ભાઈ ઉપર અપરાત ધારો એતણ તનં રાખું નેં. હા રે અવે રૉણી હેં. એ... રાઝાન ગમે એ રૉણી, બીઝી ભરે પૉણી... હા તો મહરાઝ અવેં રાઝા હેં તે અવેં દસરથન કૉય હૂપે. હા તે પસ હેં, હા તે ઍંણી ભાંસ્કર કરેં. હા ને રૉમા રાઝન ખેંમા કહોર! અનં વારતા કેવી હાલેં હેં...

કકાપદમણી

દસરથ રાઝા આવણા લાગો રા..... (૨)
રાઝા રા...ઝી....

એ એણાં પસો ને માર વાતો સોળે રા....(૨)
દસરથ રા...ઝી....

એ હવા રૂપિયો રોકરો આલેં રા... (૨)
દસરથ રા...ઝી...

એ બાપરાં પસોન માર પૈસા આલે રે રા...(૨)
દસરથ રા...ઝી....

પસોની મઝૂરી આલે રે રા....(૨)
રાઝા રા...ઝી....

ઝાઝો આવઝો હીખો દેવે રા...(૨)
રાઝા રા...ઝી....

એ હઉ હવાંની વાટે આવે રા...(૨)
રાઝા રા...ઝી....



વૉંહળ વૉંહળ રૉણી આવેં રા....(ર)
રૉણી રા...ઝી....

ઝોતિયાનગરની વાટે આવે રા....(ર)
રાઝા રા...ઝી....

દસરથ રાઝા વિસાર મૉંડે રા...(ર)
રાઝા રા...ઝી....

એ'લા આતો વાઝેં પેયાંણની નાર રા...(ર)
એ હાઝી એંતો વખરો ઊપઝે રા....(ર)
રૉણી રા...ઝી....

એ પાસો ફિરી માર હારો લેવે રા....(ર)
રાઝા રા...ઝી....

એ હૉંપળે રૉણી મારી વાતો રા....(ર)
રાઝા રા...ઝી....

એલી હાસું હાસું તું બોલે રા...(ર)
રાઝા રા...ઝી....

મારા પેટમાં ગરપવાસો રા...(ર)
રાઝા રા...ઝી....

કેતરાં મહિનાંનો ગરપવાસો રે રા... (ર)
રાઝા રા...ઝી....

રાઝા મારા પેટમાં ગરપવાસો રા...(ર)
રાઝા રા...ઝી....



એ સૉ મઈનાંનો ગરપવાસો હા....(૨)
રાઝા રા...ઝી....

(તંબૂર - સ્વર) ઓ.... મહરાઝ! એ.... અવેં પસ હેં... હા રે અવેં દસરથ હેં... હીખમત દેય. હા રે રૉણીન કૉય હૂપે! હા રે દસરથ હેં, અવેં. હા રે સેલા રૉમ રૉમી કરેં. હા રે પૂઠણ પૂઠણ રૉણી કૉય આવેં... હા રે દસરથ હેં, પોતાના ખલેસામા હવા રૂપિયો કાટેં. હા રે પસાંની મઝૂરી આલેં. એ... આ તમારી દાંનગી... હા રે અવેં પસનો રૂપિયો હવા, ને તમે તમારા કેંર અને મું મારા કેંર. હા રે હીખમત દેય. રૉમરૉમી કરેં... હા રે લાંબી ફાળ સોટે પગલે કૉય આવે.... એ રૉણી હેં, પૂઠણ આવેં. હા ને રાઝા અગળ કૉય આવેં. એ લાંબી ફાળન સોટે પગલે. હા ને અવેં ઝોધિયાનગર હૉમા આવે.... હા રે મહરાઝ અવેં આવતાં આવતાં મનમાં વિસાર કરેં... એ... પેયાંણની રૉણી, હા રે કાલ રે કોઈ પેટમાં ગરપવાસો હેં. હા રે ઝોધિયાનગરમાં ગઝબ થાય. એ... હારો લેવો પરેં... પેલા બૉડિયાન વાતે વળી એવા એવા હરખા એં તો ગઝબ થાય. હા રે મહરાઝ અવે રાઝા હેં, ઠબ દેઈન ઊપો રેં... હા રે રૉણી ન કૉય કેં, એ રૉણી! હા રે પેયાંણની રૉણી અતી... હાથે કરું, હાથે આવું. હારે... આલી આથો આથ. એ...મું દસરથ ને તું મારી રૉણી. પણ હૉંપળ મારી વાત.... એ કોઈ પેટમાં ગરપવાસો એં... હા તો હાસુ હાસુ બોલઝે... હા...કાલ ઝોખો ઉપઝેં. હા રે રૉણી હેં... મનમાં વિસાર કરેં, એ.... નહીં તો પેયાંણનું. હા રે નહીં, બૉડિયાનું હા પણ કમળનું ફૂલ હૂગું, એ... તે દિ'યાંનું કૉય પેટમા હેં તો ખરુ! એ સૉ મઈના થા. હા રે મહરાઝ અવેં રૉણી હેં તે રાઝાન કૉય કેં..એ...રાઝા! હા રે સૉ મઈના થા હેં... હા રે ગરપવાસો હેં તો ખરો પેટમાં... હા રે મહરાઝ અવેં રૉણી હેં, રાઝાન કૉય કેં... રા ને અવેં રાઝા હેં તે રૉણીન કૉય કેં... હા ને વારતા આગી કેવી હાલે....

એ ઊપી રે ઊપી રે વિસાર મૉડે હો...(૨)
ઊપી રે ઊપી રે વિસાર મૉડે હેં હો....ઝી



એ'લા મારા રે પેટેમાં ગરપવાસો હો...(૨) હો....ઝી
સૉ મઈનાનો ગરપવાસો હેં હો....ઝી

એ'લા ગૉમ નં ગૉંદરાં પરાં બદલાંણાં હો....(૨)
મારો રાઝા બદલાંણો હેં હો....ઝી

એ'લા પેયાળમાં રેંતી તે વખત નારી હો....(૨)
અવેં તે દસરથ કેરી નારી હેં હો....ઝી

રાઝા ઊપો રે ઊપો ને વાતો સોળે હો...(૨)
થારો ગરપવાસો કાટે રે હો....ઝી

એ'લી પેયાંણનાં ઝનવોર કણાં ખોટાં હો...(૨)
મારાં મૉનવી ડરી ઝાહે રે હો....ઝી

એ ઊપી રે ઊપી રે સમરણ મૉંડે હો...(૨)
એ હૉંપળો માલકાં વાતો હેં હો....ઝી

કોઈ પુરુસનો ગરપવાસો નહીં હો...(૨)
ફૂલનો ગરપવાસો હેં હો....ઝી

ભગવૉન તુંએ રે આલનારો લેનારો હેં હો...(૨)
મારું પેટ નવરાવે રે હો....ઝી

એ'લા લખેલું ફૂલ રે મનં મળિયું હો....(૨)
એ આઝે ઠેકાંણે કરવું હેં હો....ઝી

એ'લા ભગવૉનને કેંરહો કટારો આવે હો..(૨)
રૉણીને નઝરાઈ કન પેંરિયો હેં હો....ઝી

રૉણી પેટ રે માહી ગરપ કાટે હેં હો...(૨)
લેએ હરિનાં નૉમેં હો....ઝી



બાપરી ગરપવાસો રે બારો કાટે હો...(૨)
હા રે સૂનરીનો સેરો હેં હો....ઝી

બાપરી સૂનરીને સેરે ગોટવણાં લાગાં હો...(૨)
સૂનરીને સેરે ગોટવેં હેં હો....ઝી

રૉણી ઝાવેં રે કુપારિયાને કેંરે હો...(૨)
કુપારિયાને વાતો સોંળેં હેં હો....ઝી

કુપારિયા તનેં કરું ધરમનો બૉતમો હો...(૨)
મને કરો આલે રે હો....ઝી

બાપરી કાસીના કરુલાને પરી લેવેં હો...(૨)
ગરપવાસો મેલેં હેં હો....ઝી

બાપરી ખેરિયાં ખેરિયાં રે આવણા લાગાં હો...(૨)
ખેરિયાં આવણા લાગાં હેં હો....ઝી

(તંબૂર - સ્વર) ઓ... મહરાઝ! આ... રેં અવેં રૉણી હેં ... એ રાઝાની ફરઝ રૉણી એ બઝાવી... હા રે રૉણીના પેટમાં ગરપ... હા રે રૉણીન રો રો અવેં વિસાર કરેં, એ... સૉ મઈના થા... એ... નહીં ગરપવાસો રાઝાનો... હા રે નહીં પેલો કોરવેંતીઓ એંણાંનો, નહીં બૉડિયાનો એ.... થોરીક યાદી હેં... કમળનું ફૂલ હૂગું... હા રે એંણો ગરપવાસો હેં... ઝોખો હેં....એ... કેયાં ધણિયાંનું હેં ન કેયાં ધણિયાંનું નહીં... હા રે ઠાંમ ઠેકાંણા વગળનું હેં... હા પણ અવણ કેંણાંન પોકાર કરું? હા પણ ઑણો બાપ કુણ? કેંણાં ન હૂપું... હા રે અવેં ખાંમદ્દાં હૉમા આથ ઝોરે.. સમરુ તેંણ ભવનાંના નાથ! એ વેકુટપરીના તણી! સૉમી, સૉમળા! હા રે પુરુસ મળો એં તો ખબર પરાંત. હા રે પુરુસ નહીં મળો. હા રે ફૂલના હાથેં ઈરો મળો! એ..કેણાંનો હેંન કેંણાંનો નેં? હા... રે ઝેણાંનો હેં એંણાંનો આઝ સમરણ મૉડું.. એ.. એંણાંનો વળાકો કરવો હેં... હા રે મૉનવી પૉગે એંડે, તેંર ઝાય. હા રે પણ એંડે નેં તો રસ્તે હું ઝાય? એંણાન માથે કરવું પરેં... એ રૉણી



મનમાં વિસાર કરેં... એ... ખાંમદાંના નૉમની સમરણ મૉડેં... હા રે ખાંમદને ખબર પરેં... હા રે ખાતું ખરું પૉણ અવ ટકવાવાળું નેં રું હેં...હા રે સોવન કટારો લેય... હા રે ખૉમદાંના કેંરનો. એ રૉણી ન નઝરો આગળ પરેં... એ સોવન કટારો લેય રૉણી.. હા રે રૉમનું નૉમ લેય... લેય હરિનાં નૉમ.. એ..અવેં વેદ પણેં હેં. એ ગરપવાસો કાટેં... લોઈનો લૂદકો! ગરપવાસો કાટેં.. હા રે અવેં લોઈનો લૂદકો આથમાં લેય. હા રે સૂનરીનો સેરો... હા રે અવેં આથમાં લેય... એ મનમાં વિસાર કરે.. એંમેંસ મેલું... હાઝનાં કૂતરાં ખાઈ ઝય. કેયાં ધણિયાંનાં બીઝ. હારે મું મરો પૉણ કોઈ મોટું કરહેં... હા રે કરઝુગમાં એંડહેં તો ખરું.... એ ઝાય કુપારિયા વીરાન કેંર. હા રે કુપારિયા વીરાન કૉંય કેં.. એ'લા કુપારિયા વીરા, હા રે કરું ધરમનો બૉતમો... હા એક કરો મનં આ...લ... હા રે મહરાઝ એ બાઈ હું કૉમ હેં? હા રે... કૉમ તો પરું મોટું... એ... રસ્તે એંડું તીહાં વેંણી પરી મરું.... હા તે પૉણી મારા હાથમાં ઝોઈઝેં... હા રે કેંણી વેંરાગણી થઈ ન કેં... કુપારિયા વીરાન દીયા આવેં. હા રે કાસો કરુલો કૉંય આલે. એ કરુલામાં ઝાળવીન મેલેં. હારે અવેં બૂઝ બૉંતેં. હા નેં અવેં આથમાં લેય... હા ને લાંબી ફાળ ને સોટે પગલે કેવી આવેં... એ... વારતા એંડ....

ખેરિયાં આવેં માર રૉણી રા.....(૨)
મારગાંની ઝોરે આવણા લાગિયાં.... હો.....

બાપરીન હાતેં રૂખિયા નઝરે આવિયા રા...(૨)
ઊપાં રયાં ઓ...હો......

વાતાં સોળે માર રૉણી રા....(૨)
હૉંપળો રૂખિયો મારી વાત રે....હો.....

મારો કરો તમાંન આલું રે રા... (૨)
હૉંપળો રૂખિયો મારી વાતો રે...હો...

હુએં પરિયું કરામાં રા... (૨)
વાટની વટાઉરી વાતો સોળિયો...હો.....



વાતાં સોળે પદમણી રા... (૨)
હોંપળો રૂખિયો મારી વાતે રે...હો...

સીઆર મઈને તમે ખોલઝો રા....(૨)
હોંપળો રૂખિયો મારી વાતે રે...હો...

રૂખિયાંને હૂપેં કરુલો રા....(૨)
કકાપદમણી રૉણી રે..હો.....

(તંબૂર -સ્વર) એ..રૉણી હેં.... હા રે. મહરાઝ અવેં ખેરી ખેરી...મનમાં વિસાર કરે... હા રે ઝગરામાં આવું ખોટુંને કૉમ. એ.... કરુલામાં ગોટવે. ના ના સૂનરીના સેરે ગોટવેં. હા રે લેઈન આવેં.... એ... અવેં કુપારિયા વીરાન કોંય કેં, એ.... વીરા? ઝગરામાં આવેં ખોટુંને કૉમ. હા રે એક કરુલો મનં આલ.... હા રે કુપારિયો વીરો કોંય કેં, એ બેંનરી? હું કૉમ હેં...? હા રે કણી હોરીન હોયમણી! તીહાંની મરું.... હા તે.... પૉણી હાથે ઝોઈઝેં... હા તનં કરું ધરમનો પાઈ! હા રે કાસીનો કરુલો આલેં... હા ને રૉણી હેં તે કૉય મેલ્લે. લેઈન આવેં.... ખેર નં ખલ્લે ખાટ.... લાંબી ફાળ ને સોટે પગલે....એ... પૉન રૂખી, ધૂમ રૂખી તપઝા તાપે... હા રે મહરાઝ રૉણી નઝરમાં આવેં... એ....કોઈ રૂખિયા હેં.... ઑણાન ભરાવું! નકર અગળ કેં મેલું? એ...ઝાય રૂખીન ધૂણી... હા રે મહરાઝ અવેં ઝાઈન ઊપી રેં... હા ને અવેં રૂખિયા હેં તે કોંય હારો લેય... એ.... બાઈ! એ... હોંપળ મારી વાત. હા.... તે કેંમ ઊપી? થાર દઃખની વાત કર.... હા રે એ રૂખિયો વીરો! ઝબરા સાત સાતુરા હાં.... હા પણ એક વસ્તુ તે... તમે ઝાળવી હકહાં એમ કરીને આલું... હા રે મહરાઝ અવેં રૂખિયા હારો લેય... હા ને પદમણી વાત કોંય કરેં... એ... હું હેં બાઈ થારી વસ્તુ વતાવ... એ.... કાસીનો કરુલો હેં... બૂઝ બોંતેલી ખરી.... તમાર સોરવી નેં... હા ને નવ મઈનાન નવ દન થય. તે'દિ તમે ઉગારઝો.. હા રે કાલોગોલો કરેં... હા ને રૂખિયાંન કૉય હૂપે... હે અવેંણ ઠાંહે ઠોકે... હા ને બાઈ હેં તે ખેરિયે થકી કેવી આવેં....,એ કકા પદમણી રૉણી, હા રે રમઝમ બણાક ન રમઝમ ઠણાક! ઊડી તો હરગન



સાંપી પેયાળ. હા રે આવેં આપણા દસરથના પૂઠણ. હા રે ખેરિયે થકી આવેં.... હા ને વારતા કેવી અગી હાલેં.

ઝ્રખિયા લકાંગડેનું કરે રાઝ,
એ'લા લકાંગડાંનું કરે રાઝ હો   રા...ઝી...

ઝોગિયાંનો ડેરો રે પરો આવેં...(૨)
રાવણના દેસેમાં ઓરો આવેં હો   રા...ઝી...

એ'લા લકાની ઝમીમાં ઝોગી આયા....(૨)
ડેરામાં ડેરો રે ઝોગી આવેં હો   રા...ઝી...

લકાં રે ગડાંનું કરે રાઝ....(૨)
એ લકાં ગડાંનું કરે રાઝ ઓ   રા...ઝી...

રાઝા વિસાર મૉડે રા...(૨)
રાવણ   રા...ઝી...

એ પરી સભામાં વાતાં સોળે રા...(૨)
રાવણ   રા...ઝી...

એ'લા આપણ ઝમીની વિગોટી લાવે રા...(૨)
હરદારો   રા...ઝી...

એ'લા ભોગ અસલ પરો લાવો રા.. (૨)
હરદારો   રા...ઝી...

એ ધણીયાંના માર હુકમ સૂટા રા...(૨)
હરદારો   રા...ઝી...

લખેંણ સૉપરા પરા લેવે રા....(૨)
હરદારો   રા...ઝી...



એ ઝમી માતાનો ભોગ લેવે રા....(૨)
હરદારો રા...ઝી...

એ'લા ફરી ફરીને માર ભોગ લેવે રા...(૨)
હરદારો રા...ઝી...

બાપરા ભોગ લેઈને પાસા આવે રા....(૨)
હરદારો રા...ઝી...

એ રાવણ રાઝા હારો લેવે રા...(૨)
રાવણ રા...ઝી...

એ'લા કેની વિગોટી બાકી નહીં રે રા...(૨)
હરદારો રા...ઝી...

એ'લા હારાંની ઑણી ઝોગી રઇયા રા...(૨)
હરદારો રા...ઝી...

ધણિયાં ઝોગિયાં કને હું યેં લેવહો રા....(૨)
ધણિયાં રા...ઝી...

એ'લા ઝે આલે અરું લેઝો રા.... (૨)
હરદારો રા..ઝી...

ઝોગિયાં કને ભોગ માગે હા....(૨)
હરદારો રા...ઝી...

અમોને કનેં કૉંય નહીં રા...(૨)
ધણિયો રા...ઝી...

એ કાસીનો કરુલો એકેંસ હેં રા....(૨)
ધણિયો રા...ઝી...



અરે રૂખરિયા કરો આલે હા....(૨)
રૂખી રા...ઝી...

એ કરો આલીન વાતાં સોળે હા... (૨)
ધણિયાં રા...ઝી...

એ'લા નવે મઈને તમે ઉગારઝો હો...(૨)
ધણિયાં રા...ઝી...

એ'લા ભોગ લઈને રૂખીનો આવે રે રા...(૨)
ધણિયાં રા...ઝી...

એ ભોગ અસલ લેઈને આવે હા...(૨)
હરદારો રા...ઝી...

એ'લા લેઈને આવતે ખોટાં હમેંણ રા...(૨)
હરદારો રા...ઝી...

ઝમણા વેંણાગ પરા બોલે રા... (૨)
હરદારો રા...ઝી...

એ કલમ કસેરીએ રૂખિયા આવે રે રા...(૨)
હરદારો રા...ઝી...

એ કલમ કસેરી લેઈને આવે રે રા....(૨)
હરદારો રા...ઝી...

ઓહો સરા સપાઈ માર લેઈને આવે રા...(૨)
હરદારો રા...ઝી...

એ રાવણ રાઝા હારો લેવે રા....(૨)
હરદારો રા...ઝી...



એ'લા ઝોગિયાં કન હું હું લાવાં રે રા...(૨)
હરદારો રા...ઝી...

એ ઝોગિયે તો કરો આલો રા...(૨)
ધણિયાં રા...ઝી...

એ'લા હુંયેં કઈન તમાંન આલિયો રા...(૨)
હરદારો રા...ઝી...

એંણા કરામાં હુંયે પરિયું રા...(૨)
હરદારો રા...ઝી...

એ અમાંન ઝોગિયે એંમ કઇયું રે રા...(૨)
ધણિયાં રા...ઝી...

એ'લા ઝાળવીને કરો પરો મેલઝો રા...(૨)
ધણિયાં રા...ઝી...

એ'લા નવ મઈના ગણતા રેંઝો રે રા...(૨)
ધણિયાં રા...ઝી...

બાપરો ભમર આળિયામાં પરો મેલે રે રા...(૨)
રાઝા રા...ઝી...

(તંબૂર - સ્વર) ઓ... મરાઝ... એ ખઝૂરો ઊગો પાંણ... હા રે કેંવા ઝેવી વાત... એ...એકાદનરો સમાઝોગ. હા રે ઝોગનો માઝોગ ઝાગે... એ.... અવણ રાવણ રાઝા હેં... હા રે સરાં સપાયાંન ઉકેંમ આલે... એ હરદારો! એ આપણી ઝમી ઉપર કોઈ ઝોગી ઝથી એં, હા રે સતની વિગોટી લાવાં... હા રે કોઈ બાકી રેંવો ઝોઈઝે નેં. હા રે મરાઝ અવેં સરા સપાઈ હેં. એ ધણિયાં! સબ કનહી વિગોટી ઑણી... હા પણ બાપરા ઝોગી હેં. એંણાં કન કૉય નહીં... ભપૂતય નહીં! એ એંણાં કનેં હું લાવિયેં? હા રે મહરાઝ અવેં રાવણ કૉય કે, એ



હરદારો! હા રે વિગોટી સબના કનહી લેવી... હા રે એંણી ઝમી ઉપર અગેં... મૂતરેં કેસાબ કરેં... હા... રે હૂયે, બેહેં. હા રે વિગોટી સબની લાગેં.. હા રે ગમે એ વસ્તુ આલે... લેઈન પરા આવાં. હા રે અવેં હરદાર હેં... મોટા ધણિયાંના ઉકેંમ સૂટા... હા રે, અપાગિયાંના ભોગ લાગેં... એ ખેર ખેરન ખરલે ખાટ... હા રે લાંબી ફાળ ને સોટે પગલે, એ ખેરિયા થકા કૉય આવેં. હા રે આવેં ઝોગિયાંના ડેરામાં. હા રે ઝોગિયાંના માથે માર પારે. એ... ઝોગિયો? કેંણાંન પૂસું? હારે કેંણાંન હાસું! એ કેંણાંની ઝમી વાઝેં... હા રે કેંણાંની ઑણ દૉણ વાઝેં... હા રે આ ઝમીનો ભોગ અસલ પરો આલો! હા રે મહરાઝ ઝોગી હેં... ઝોરે આથે થયે... એ... ખમા અમે નેં ઝૉણા નેં ઓળખા! હા પણ અમે તો ઝોગી અતા... એ હૂની ઝમી દેખીન બેઠા... હા રે વિગોટી મૉગાં તો પરી આલિયેં... (તંબૂર - સ્વર) એ... અવેં ઝોગી હેં.... હા રે મરાઝ અવેં માટીનો કરો....

એ... મનમાં વિસાર કરેં, હા રે આપાં કન બીઝું આલવાનું નહીં. એ આપાં કન તો ડેંગા ન કોથળા. હા રે એંણાન તો લેય નેં... હા પણ કરો પરો આલિયે. હા ને આઁહા પરા ઝાઇયે... એ... કરો આલીન સૂટિયેં. હા રે બીઝા તણીની હેંમમાં ઝાઇયેં... હા રે મહરાઝ અવેં કરો હેં... એ.... હરદારાંન કૉય આલેં. હા રે બીઝું તો નહીં... હા પણ આ કરો હેં, એ... આઝ કરો તમાંન આલિયેં. હા રે કરો આલેં. હા ને કરો આલીન વાત કૉય કરે, એ તણિયાં? હા રે લેઈન ઝૉવ... હા રે આ કરાની કાવ ન કોલ. તે... નૉવ મઈના નૉવ દન થય, હા...તે દિ' ઉગારઝો. હા રે એતરામાં કોઈ ખોલતા નેં... હા રે અવેં હરદાર હેં, લાંબી ફાળન સોટે પગલે, હા રે અરવળિયાં થકા કૉય આવેં. મૉણકસૉક પૂઠણ મેલે. હેરી બઝારે આવે... હા રે ધરમર સરેં વાદળન મેંલ...એ... અવેં કલમ કસેરીમાં આવેં. હા રે રાઝા હેં, એ હરદારાંન કૉય કેં, એ હરદારો? વિગોટી લેઈન આવા? હા રે લેઈન આવા. એ રૂપિયા લેઈન આવા... અનાઝ લેઈન આવા... એ હું લેઈન આવા મનં વાવોરો. હા રે અવેં ઘરો કાટીન વતાવેં. એ ઝોગિયે એંમ કઉ ધણિયાં! હા રે નૉવ મઈના નૉવ દન થય... તે દિ' ઝોવાનું ... હા એતરી કરી ઘરાન કોઈ એ ખોલવાનો નેં. હા રે મહરાઝ અવેં રાઝા હેં, ભમર આળિયામાં મેલેં. હા ને અવેં વારતા આગી કેવી હાલે...



સીતમા

મઈના ગણત માર દનરા રા...(૨)
એ રાવણ રાઝા... હો.....

દનરા ગણે માર રાઝા રા...(૨)
એ રાવણ રાઝા...હો....

એકમો મઈનો માર કરાન રા....(૨)
એ રાઝા ગણ રે...હો.....

બેમો મઈનો માર રાઝા રા....(૨)
રાવણ રાઝા..... હો

તેંણમો મઈનો માર કરાન રા...(૨)
એ લેખાં લેવે રે....હો.....

સારમો મઈનો માર કરાન રા...(૨)
એ સાયબો મારો...હો.....

એ પૉસમો મઈનો માર કરાન રા....(૨)
એ ઝરણી કરથાળ રે....હો.....

સૉમો મઈનો માર કરાન રા....(૨)
તેંણ ભવના નાથ રે...હો....

હાતમો મઈનો માર કરાન રા....(૨)
એ સાયબો મારો એ... હો....

આઠમો મઈનો માર કરાન રા...(૨)
એ'લા તેંણ ભવનાંના નાથ રે હો...હો.....



નવમો મઈનો માર કરાન રા...(૨)
રાઝા ગણતરી કરવા લાગિયો હો...હો....

પૂરા ઓય્યા માર મઈના રા... (૨)
એ રાવણ ગણતરી ગણવા લાગિયો હો..હો....

(તંબૂર -સ્વર) એ... લકાંગડાંનો રાવ. હા રે મરાઝ અવે મનમાં વિસાર કરેં, એ... ભમર આળિયામાં મેલે. હા રે ઝોગિયાંની વસ્તુ. હા રે ઝગરામાં હું...પાકેં એ... ઝોઉં તો ખરો... હા રે મહરાઝ અવેં દન ઝાયેં... એ.... મઈના ઝયેં. હા રે અવેં રાઝા હેં, એ.... કૉય ગણતરી કરેં. એ....દન રાતેના પૉતરા.... હા રે અવેં બેમો મઈનો ઝાય . એ... તેંણમો મઈનો આવે... હા રે અવ કરો હેં, મા ફૂલવતી કુવેંરણ. હા રે કરાન મૉગ કૉય દેવો પરે. (તંબૂર-સ્વર) એ... અવે રાવણ હેં, એ સારમો મઈનો આવેં. હા રે ગણતરી કરેં.... હા ને પૉસમો મઈનો કૉય આવે.... એ પૉસમો મઈનો ઝાય... હા રે અવણ સૉમો મઈનો આવે. એ... સૉ મઈના સૉ દન. એ રાઝા હેં, નઝીકમાં આવી રું હેં... હા રે દન રાતનાં લેખાં લેય. (કૂતરું ભસવાનો અવાજ) હા રે ગણતરી કૉયે કરે.... એ... અવેં હાતમો મઈનો આવેં... હા ને આઠમો કૉય ઝાય... હા રે રાઝા હેં... હા રે દન રાતના પૉતરા પરેં... એ.. નૉવમો મઈનો આવેં. હા રે નૉવમો મઈનો ઝાય... હા રે અવેં નૉવ મઈનાન નૉવ દન... એ... મઈનાં વૉહળ દન કૉય ઝય.... હા રે મહરાઝ અવેં કુવરેંણ હેં, કેંવા હરખી વાત. કાવ કોલ પૂરી થાય. હા ને રાઝા હેં તે ગણતરી કૉંય ગણે.... હા રે દન ને મઈના પૂરા થા. હા રે અવણ એરવાની ટેંમો ઝય. હા ને અવેં વારતા અગી કેવી આલે....

એ કરો ઉતારે માર રાઝા રા... (૨)
એ સાયબો મારો...હો....

વૉઝિયો રાઝા માર રાવણ રા... (૨)
એ સાયબો મારો...હો.....



એ ખોલવા લાગો માર કરો રા...(૨)
એ વૉઝિયો રાઝા હો...

એ બૂઝે સોરે માર રાવણ રા... (૨)
નઝરે એરવા પરો લાગિયો...હો....

પરથીનાં રૂપ કરામાં રા...(૨)
એ'લા સાયબો મારો...હો......

નઝરે આવે માર કુવરણ રા...(૨)
સૂરુઝ ઝૉખો પરો ઝાવિયો...હો.....

એ રાઝુ ઓય્યો રાવણ રે રા... (૨)
એ'લા ખૉમદે દીકરી મને આલિયો...હો....

અવતાર લેતો માર ગરેં રા...(૨)
રાવણનો દસમન અવતાર લેવીઓ....હો.....

નૉવે ગરા પાયેં બૉંતિયા રા...(૨)
એ'લા દસમો સૂટો રઈ ઝાવિયો....હો.....

એ ઊતું નગારું માર લેંવેં રા...(૨)
એ નગારે ડકો પરો પારિયો...હો.....

એ નગારું વાઝે માર મેંલમાં રા...(૨)
એ ગૉમનાં લોકાં કૉનિયા મૉડિયો...હો....

એ હેનું નગારું માર રાવણ રા....(૨)
હેંનું નગારું ઝગમાં વાઝિયું ...હો....
ઝીવતા રાં ઝીવતા રાં...હો......

(તંબૂર- સ્વર) એ... રાવણ રાઝા, હા રે મહરાઝ અવેં કાલકોલ પૂરી



થેઈ... એ અવેં મનમાં વિસાર કરે... એ ઝોગિયાંનો માલ... હા રે કાવકોલ પૂરી થેઈ... હા નૉવ મઈનાન નૉવ દન... એ... એરું તો ખરો? હા રે અવેં કરાન આથ લગાવે.. એ... મેલેં રગન રાવળા મા... હા રે ઑણ કલમ કસેરીમાં, એ... હા રે મહરાઝ અવેં નમણ કરેં. એ.. ઘણા ખમા માલકાંન! એ.. એ.. ઝોગીઓનો ઘરો...ઝોગિયે આલું એ હાસું. હા એક તો પણ મા નાગ તો નેં એ... હા રે બાબાંનો ઘરો. એ પાસે પૉગે રેં... હા રે મહરાઝ અવેં ઘરાની ગૂઝ સોરેં... વેગળો રેં... સેટિયે રેં. હા રે મા ઘરો હેં તે બાઈન અંસ ઑંસરો. હા રે નવ મઈના નવ દન પૂરા થા... એ..ઑમહી ઑમ પાટુઆં મેલે! હા રે કરો હૂનો હૂનો હેંહરે... એ... દસ તો માથાંન વીસ આથ... હા પણ રાવણનો ઝીવ ડગી ઝાય. પાસપૂદ્દો રેં... એ ભલું પૂસાં ઝોગિયાંનો વેહ. આ ઝગમાં કાલ બીઝું નેંહરે... હા રે ઝગમાં હાઉ નેં આવે.... એ પાસે પાસે પૉગે રેં... હા ને અવેં ઘરો કેવો ખુલે... હા રે નઝરાંનાં બૉણ પરેં.... હા રે ફૂલવતી નઝરે આવે. એ... મનમાં વિસાર કરે, ભલી રે કરણી ન કરથાર, હા રે ઘણી રૉણીઓ અતી.... દીકરી દીકરો દેખવા નેં મળો. હા રે માલકેય ખરા થા. એ ખરું કરું એં તો ઓટોમિટિકમાં થાય. એ... મેંમેત ન કરી મઝૂરી નેં કરી... હા ને ખૉમદે ઓટોમેટિકમાં આલી... હા રે... મહરાઝ અવેં ફૂલવતી એં.... મનમાં વિસાર કરેં... એ... નવ તો પાઇયે બૉંતા... હા ને દસમો ટળી ગો. એ... થાર કેંર અવતાર લેતો. હા રે મહરાઝ અવેં ઊતું નગારું હમું કરેં. અનેં અવેં રમી રમી ન ગેડિયો કૉય રોળવેં. એ મેંલાંના કાંગરા તૂઝેં!

હા...રે મહરાઝ અવેં રૉણીઓ હેં, મનમાં વિસાર કરે, એ... આવું નગારું તો ઝગમાં કે દિ' નતું વાગું. એ... રૉણીઓ! હા રે મેલે રઈન કૉય કેં, એ...રાઝા... આવું હરખું હું હેં! કેંનાં મૂઆં વાલાં મૉનવી! કેંના હોવનને હપારા! હા તે આવું નગારું વાઝું... વારનું વાઝું એ... ગૉમના લોકો હેં, કૉનિયા મૉડીન હૉંપળેં. હા રે મૉનાં કે નેં મૉનાં, હા રે રંગરાવળે નગારું વાઝે એ...હરખું હેં... હા રે આપ ઝેળા ખટાકિયા, હા રે હોળી હોરમના, મેંદ્દના ઘણા રસિયા. લાંબી તૉણી તો દન રાતની હું થાવાની ખબર નેં. હા...રે અવેં સૂરાં પૂરાંનું કૉમ. રાતેં ઊગ નેં આવેં.. હા રે એંડે લાવો પૂરો નેં થાય. એ બૉંતે કટકટાવીને કેંરો! હા રે વાદ્દળમેંલ કેવા આવે! હા રે અવેં હેરિયે આવેંન તો ખબર મળેં. હા ને અવે રાવણ હેં, એ...



ઘણી રૉણીઓ અતી. દીકરી નેં ઝલમી... હા રે આઁખે દીકરો કે દીકરી નેં દેખી... હા રે ભગવૉને આલવું અતું તે આ ઝોકેં! એ... ઝારમાહું નેંપઝ થઉં. હા રે અવેં વળી કૉય કેંવા હરખી વાત. હા ને વારતા કેવી આગી હાલે...

બાપરો રાવણ રાઝા વાતો સોળે રા....(૨)
રાઝા રા....ઝી...

એ હૉંપળો હરદાર મારી વાતો હા... (૨)
હરદારો રા....ઝી...

એ'લા ઢીલ કરીએં મોરું ઓયું રા...(૨)
હરદારો રા....ઝી...

ઠોકીરો કાબરી પટોળી ઝાઝમો રાળે હા....(૨)
હરદારો રા....ઝી...

ઠોકીરા વૉણિયો વોરાને ખબર આલો રા..(૨)
હરદારો રા...ઝી...

એ'લા ઑગણે મડાવો પરું આટ રે રા....(૨)
હરદારો રા....ઝી...

એંણાં ઝાઝમવાળાંન ખાંડ વૉંટાં રા...(૨)
હરદારો રા....ઝી...

એ'લા બઝારે વૉંટો ખારેક ખોપરાં રે રા...(૨)
હરદારો રા....ઝી...

ઠોકીરો નબળું હબળું ટળી ઝાહેં રે રા... (૨)
હરદારો રા....ઝી...



એ હેરીએ વૉંટો માળવિયો ગોળ રે રા...(૨)
હરદારો રા....ઝી...

એ એંણી ફૂલવતીને સેવા કરે રા...(૨)
હરદારો રા....ઝી...

એ'લા સોનાના પારણેં પરી પૉટારેં હા...(૨)
માર રૉણીઓ રા....ઝી...

એ હૉપળો સપાઈઓ મારીન વાતો રે રા...(૨)
સપાઈરો રા....ઝી...

એ'લા ભણિયા ઝોસી પરા બોલાવો રે રા...(૨)
હરદારો રા....ઝી...

આપણ બાઈનું નૉમ ધરાવો રા....(૨)
હરદારો રા....ઝી...

(તંબૂર - સ્વર) એ... અવેં રાઝા હેં, હા રે અવેં હરદારોન કૉંય કેં, એ... હરદારો! ઢીલ કરેં મોરું થાય. હા... રે નહીં ઢીલાંનાં કૉમ... હા રે આપણ એંમ કરાં. કાબરી ન પટોરી ઝાઝમો રાળાં. હા રે આખું ગૉમ આવી રઉં હેં. હા રે આપણો દેસ ન વલાટ આવી રો. એ.... બેહવાની સગવટ કરાં. હા રે ઝાઝમો રાળાં... કાબરીન પટોરી. એ.... મૉણકસૉક તો ભરાઈ ઝાય. હા રે મહરાઝ અવેં કેંતે લાગી વાર. મોટાં ધણિયાંના ઝવાપ સૂટા... હા રે અવેં તેલી તબોલી કૉય ખેલ કરે. હા રે મહરાઝ અવેં હરદારાંન કૉય કેં, એ... હરદારો! હા રે ઑણ એલે પુરું નેં થાય. એ ઑણિયા વેંપારી કેંર બોલાવો... હા રે હુંગાન મુંગા આટ નખાવો. ઝોઈતી વસ્તુ ઑં મળવી ઝોઇયેં. એ...ખૂટન વળી ધૉમિયેં, હાઉ નેં આવેં. એ... ઑણિયા વેંપારી લાવાં. ઑગણે આટ મટાવો.... હા રે મહરાઝ અવેં મોટાં ધણિયાંના ઉકમ સૂટા. એંણાં ઠેકાંણાં તો વખારના વખાર... હા ગોડાયણો ભરી દેતી. એ ઝાઝમો ઉપર બેઠાં હેં. હા રે ખાંડ વૉંટે. હા રે અવેં બઝારમાં,



ખારક ખોપરાં વૉંટે... હા ને રાવણ હેં તે કૉય કેં, એ.... હરદારો! હા રે બાપરાં નબળાં હબળાં. એ હેરીએ બઝારેં આવહેં. માળવિયો ગોળ પરો આલો. નેંહાઇયો નૉખીન કોઈ નેં ઝાવું ઝોઇયેં. એ અવેં રાઝા હેં, એ રૉણિયાં ન કૉય કેં..

હા રે રૉણિયો હેં... કૉય હૉંપળેં. હા રે અવેં સોનાના ગોરિયામાં બાઈ પોટારે. એ... હોનાના વેંઝણે અવણ વઈરા ઢોળેં. હા રે ઝેંણી ઝેંણી ઘૂમર રાળે... એ ખૉમદેય વૉઝિયામેંણું ભાગું. હા રે ઘણું રુ રુ થઉં... હા રે કેવા હરખી વાત... એ.... બાઈની સેવા કરે. હા તો મહરાઝ અવેં રાઝા હેં, કૉય કેં, એ... કૉમદારો! નહીં ઢીલાનાં કૉમ... એ ભણિયા ઝોસી બોલાવાં... હા રે કુવરીનું નૉમ પરાવણું... હા રે અવેં હૉંપળો મારી વાત... ઢીલ કરેં મોરું થાય. એ એલો મારી ઑણી કરી લાવાં.... હા રે હાઈન લાવાં. નહીં ઢીલાંનું કૉમ. હા રે બાઈઝી ઝલમાં, નૉમ કૉમ પારિયે. હા કેયા નકસરમાં ઝલમાં હેં... હા નેં વારતા આગી કેવી હાલે....

એ'લા મોટા ધણિયાંના ઉકમ સૂટા,
મોટાં ધણિયાંના ઉકમ સૂટા હો — રા...ઝી...

હરદાર આવે રે બૉપુણ વાળે ઘેંર...(૨)
એ લાંબી ફાળે ને સોટાં પગલે હો — રા...ઝી...

એ'લા ભણિયા રે બૉપુણ વાળે ઘેંર....(૨)
હેરી બઝારાં ઓરા આયા હો — રા...ઝી...

એ હરદારો ધરમર સરે બૉપુણને ઘેંર...(૨)
એ રળી ઑગણે રે ઓરા આયા હો — રા...ઝી...

એ એંણા ભણિયા બૉપુણને એલો મારો...(૨)
એ હૉંપળે ભણિયા રે મારી વાતો હો — રા...ઝી...



ભણિયા નહીં રે ઢીલાં રે વાળાં કૉમેં...(૨)
ધણિયે મોકલેલા અમે આવા હો　　　　　　　　　રા...ઝી...

ભણિયો તીરો રહીને હારો લેવેં...(૨)
એ'લા કેંણે મોકલેલા તમે આવા હો　　　　　　　　　રા...ઝી...

ભણિયા રાવણ રાઝાએ અમાંન મોકલા...(૨)
એંણાં ધણીનો ઉકમ સૂટો હો　　　　　　　　　રા...ઝી...

એ'લા સારે ઝગાંનું ટીપણું લેવે...(૨)
એ સાર ઝગાંનું ટીપણું લેવે હો　　　　　　　　　રા...ઝી...

(એક બાણિયો-એ ફરલી ફરલી ઝોઆ'લા પોતી!મુખ્ય ગાયક - હા!)

એ બાપરો ટૂટી પેંઝારાં પૉગે કાલે...(૨)
એ કમળ લાખરી રે આથાં ઝાલેં હો　　　　　　　　　રા...ઝી...

(તંબૂર - સ્વર) એ રાવણ રાઝા. હા રે અવેં કોરાં ધણિયાંન મારે પરેં... હા રે કેંણા દીકરા કેંણા બાખરા... નોકર - સાકરન માર પરેં. હા રે રાઝા હેં તે કૉંય કેં... એ કૉમદારો! હા રે આઝની તારીકમાં... બૉંતેલી કેંરે રાં... મળેં તો ખાં.... એ.... મળેં તો પીઓ...નેં મળેં તો કૉય નેં... હા રે સાર પૉસ દનાં તરી તકલી લ્યાં. હા રે મારી કુવરી ઝલમી. હા રે દંડો ફીટે... એ....કેંવા હરખી વાત. હા... અવેં રાઝા હેં, કોરાંના માથેં માર પરેં. હા રે ઝૉવ ભણિયા બૉપુણને બોલાવીન લાવાં... એ નહીં ઢીલાંનાં કૉમ... હા રે બાઈનો ઝોહ ઝોવો હેં... હા રે અવેં હરદાર હેં, કેંત લાગી વાર. એ... એ મોટાં તણિયાંનાં મોટાં કૉમ. હા રે અવેં ખેરિયા થકા આ વેં.... એ આવેં મારગની જો..ર. લાંબી ફાળ સોટે પગલે. હા રે અવેં અગલા પલા વાત કરેં ન પૉગની પની ઉકારો દેય! એ.. અવેં ભણિયાવાળા ઘેંર... એ.... હેરી બઝાર પૂઠણ મેલે... હા રે અવેં રંગ રાવળેં આવેં. એ... ઑગણિયામાં કૉય આવે. હા તે... અવેં એલો મારે... એ... વીરા ભણિયા બૉપુણ!



હા રે હૂતો એં તો ઝાગતો થા. ઝાગતો એં તો બારણે આવ... એ.. નહીં ઢીલાંનું કૉમ. હા રે ઝેંમ થાઉ અહેં એંમ ધણીનું થાહેં... પૉણ અતારે અમાંન મારી રો હેં, એંનું હું?

(તંબૂર - સ્વર) એ ભણિયો હેં, હા રે અવેં ધીરો રઈન બારો આવેં. હા રે અવે હારો લેય, એ કેંમહા તો આવા ન કેંમહા ઝૉવ. હા કાં કૉમાંનાં નૉમ. હા રે અવેં હરદાર હેં, ભણિયાન કૉય કેં. એ..... વીરા! હારે અમે રાઝા એ મોકલેલા આવા... હા રે ભણિયો કૉય કેં, હા રે અવેં ધરમર ઊતરેં વાદળન મેંલ... હા ને વારતા આગી કેવી હાલે... એ’લા તમારો કેયો રાઝા... રાઝાનું નૉમ તો કાં? હા...રે...રાવણની કુવરી ઝલમી.... તે એણાનું નૉમ ધરવું હેં.... હા તે પોતી એરવી હેં... હા.... ટીપણું એરવું... એંણા માટે એલો મારો... હા રે અવેં ભણિયો હેં... મોટે મને થાય.. એ.... આતો મોટાં ધણિયાંની મોટી વાત...એ.. મનં ઝરા..વતારેં કૉયક આલહેં.. એ.. ઝટઝટ તેયાર થાય. હા રે ઝગમાં વાત.. એ... ટૂટી પેંઝારાં પૉગે ઘાલે... હા રે સાર ઝગનું ટીપણું લેય.... કમળલાખરી આથ ઝાલે... હા ને અવેં હરદારાંન કૉય કેં... થાં અગળ રઉ વાંહળ....

ખેરિયા ન ખેરિયા આવણા લાગા રા...(૨)
રાઝા   રા...ઝી....

બાપરા ભણિયાન લેઈને આવે રે રા...(૨)
રાઝા   રા...ઝી....

બાપરાં લકાંગડાંમાં ઓરા ન આવેં રા...(૨)
રાઝા   રા...ઝી....

બાપરા મૉણકસૉકમાં ઓરા આવેં રા...(૨)
રાઝા   રા...ઝી....

લેઈન આવેં માર ભણિયો રા...(૨)
એ સરાં સપાઈરો... હો......



એ કલમકસેરીએ માર ભણિયો રા...(૨)
એ'લા લેઈન ઓરા આવિયો હો...હો....

એ અગેહળો ઝાવે માર રાઝા રા...(૨)
પરદખણા દેઈ પાયે પરો લાગિયો ...હો..

એ અગેંળ કરેં ભણિયાને રા...(૨)
એ રાવણ રાઝા...હો.....

એ ઝાઝમ નૉખે એ પોળામાં રા...(૨)
સતિયાં પેળાં પરાં ઓવિયો હો...હો...

એ વાતાં સોળે માર રાવણ રા...(૨)
એ'લા હૉંપળે ભણિયા મારી વાત રે...હો...

મુટાનું મૉગું દૉમ આલિયેં રા...(૨)
એ'લા હૉંપળે ભણિયા મારી વાત રે...હો....

એ'લા કુવરી ઝલમી માર રે..રા...(૨)
એ'લા એનું ટીપણું એરવું... હો....

ટીપણું કાટે સાર ઝગનું રે રા...(૨)
એ ભણિયો બૉપણ ...હો....

એ ભણિયા બૉપુણ માર મેળીએ રા...(૨)
અગલા બાઈનો ઝોહ પરો એરાવિયો...હો....

એ માથું ધૂનારે માર ભણિયા રે...(૨)
મનમાં વિસાર કરવા લાગિયો...હો....

એ મોટો રાઝા લકાનો રા...(૨)
એ'લા હું કરીને એંણાંન અમે કેંવિયો...હો.....



કેંઇયેં ખરા ખોટું લાગે રા...(૨)
એ'લા ખોટું નગસર આવિયો...હો....

એ વાતાં સોળે રાવણિયો રા...(૨)
હૉંપળો ભણિયો મારી વાત રે...હો....

(તંબૂર -સ્વર)ઓ... મરાઝ એ.... એકા દનનો સમાઝોગ, હા રે સમાઝોગનો માઝોગ આવેં. અવેં હરદાર હેં, હા રે રાવણ કૉંય કેં. એ... સરોન સપાઇયો! હા રે મૉંગો પગાર આલું...હા રે કયેલાં કૉમ કરાં... એ ઝાઓ પણિયાના કેંર.. હા રે ભણિયાન બોલાવીન લાવાં.એ... ખેરિયા ખેરિયા અવેં ઝય... હા રે મારગાંની જો...ર. હા રે લાંબી ફાળ ન સોટે પગલે...એ... અવેં ભણિયાન કેંર... હા રે હેરી બઝાર પૂઠણ મેંલે...એ... ધરમર સરે વાદળન મેંલ. હા રે અવેં, સૉપાળમા આવે... એ ભણિયા દેવતાન કૉય કેં, હા રે ભણિયો દેવતો હેં, હા રે હૂતો એં તો બેઠો થા. હા...રે ઝાગતો એં તો બારો આવ. હા રે અવણ ભણિયો હેં... તે કૉંય પરું કવેળું કૉ...મ. હા...રે કાં કૉમાંનાં નૉમ... હા રે અવેં સરા સપાઈ હેં... ભણિયાન કૉય કેં... હા રે ભણિયો કૉય હૉંપળે... એ... હૉંપળે ભણિયા વાત.. હા રે રાવણ રાઝાન કેંર કુવરણ ઝલમી... તે.. બઝારમાં વૉંટાંય ખારેકન ખોપરાં... એ... હેરીએ વૉંટાંય અવેં માળવિયો ગોળ.. હા રે ઝાઝમો ઉપર વૉંટાય મસરુન ખાંડ... એ રાવણ રાઝાય એલો મારો... હા ને મોટું પેટિયું તનં મળહેં...મળહેં'લા...હા ને વેંલો ઊઠો થા... હા રે સાર ઝગનું ટીપણું લે. હા રે ઢીલ કરેં મોરું થાય. એ.. ભણિયો હેં...સાર ઝગનું ટીપણું લેય. મોટાં ધણિયાંની વાત આવી. એ...થોરું દૉમ વતારેં વતારેં મળહેં. હા રે હઉન લાલસ એ... ખૉત ખેતરા ખપેં અવેં કૉય ઘાલે. હા રે ધરમર ઊતરે વાદળન મેંલ... ખેરિયો ખેરિયો આવેં...એ...ખેર ખેર ખરલેંન ખાટ... હા રે અવેં લાંબી ફાળન સોટે પગલે.... અસનાપરમાં આવેં... હા... રે અસનાપર પૂઠણ મેલે... હા ને ખેરિયો થકો કેવો આવેં. આવેં આવેં લકાની વાટ.... હારે લકાની વાટે આવેં... એ... રાવણ હેં....

હારે લાંબી નઝરેં ઝોયેં... એ...ભણિયો નઝરમાં આવેં.... અગેહળો



ઝાય... એ... અવેં પરદખણા દેઈ પાય લાગેં... હા રે અવેં અગળ કરીન લેઈન આવેં... એ...આવેં વાદળન મેંલ.. હા રે ભણિયાન હેં તે સેવા સાકરી કૌંય કરે... એ પીળી પીળી ઝાઝમો રાળે.... હા રે અવેં એકહાંન હાઠ ભણિયા બોલાવા... એ અવેં ભણિયા ઝોસિયાંન કૉય કેં.... એ... એ ભણિયો! હા રે મુઢાનું મોગું દૉમ આલું... હા રે કુવરી ઝલમી... ટીપણું એરવું.... હા રે મન મેલીન એરાં.... હા રે બાઈનું નૉમ પારિયે? હા રે કેવા નકસરમાં ઝલમી હેં... હા તે મહરાઝ અવેં પણિયા હેં... પોતપોતાનાં ટીપણાં કાટેં... હા રે અવેં ઝોવા કૉય લાગા... એ અવેં ટીપણાં ફરલી ફરલીન ઝોય. હા રે ખોટું નકસર નઝરમાં આવેં. તાલીન આવી વાત. એ.. ભણિયા હેં, હા રે એરતા ઝય માથું ધૂનારેં... હા ને રાવણ હેં તે કૉય કેં.... એ ભણિયો! નકસરમાં આવે એવી વાત કરવી. હા રે મુટાની નેં કરવી... હા માથાં કેંમ ધૂનારાં ? એ આવા તો તમારા પૉગે, ઝાવા મારા પૉગે... હા રે ટીપણું હમું એરાં.... હા રે મહરાઝ અવેં ભણિયા હેં... એં.... રાવણન કૉય કેં, એ... રાઝા, હૌંપળ મારીન વાત.

હા તે મોટા વાઝાં રાઝા... હા રે લકાંગડાંના એ... કેંઇયેં તો ખોટું લાગેં... હા રે મનમાં હીઝઈ હીઝઈ મરી રા હૈય! હા તે ઝગમાં ખોટું આવું કૉમ... હા ને તાલીન આવેં વાત... એ... ખોટું નકસર આવેં... હા રે આપ અમે નહીં કઈ હકતા.... હા રે અવેં રાવણ હેં, સરો સપાયાંન કૉય કેં, એ... સરો સપાઈઓ! આવા એંણાંન પૉગે... હા ને ઝાવું આપણા પૉગે... હારું ટીપણું એરાં.... હા ને વારતા અગી કેવી હાલે.....

એ રાવણ રાઝા વાતાં સોળે રા...(૨)
રાઝા રા...ઝી....

એ હૌંપળો ભણિયો મારી વાતો રા...(૨)
ભણિયો રા...ઝી....

એ’લા બાઈનાં નૉમાં હુંય પારિયેં રા...(૨)
ભણિયો રા...ઝી....



એ બાઈનું નૉમ સીતા પારિયેં રા...(૨)
રાઝા રા...ઝી....

એ રાઝા એક નગસર તો ખોટું આવેં..રા (૨)
રાઝા રા...ઝી....

એ ખાંમદાંનાં કેંરનાં હાસાં ટીપણાં રા...(૨)
રાઝા રા...ઝી....

માર તો અમાંને મારઝે રા...(૨)
રાઝા રા...ઝી....

એ ઑણી બાઈ હાથેં ઘેંર બાર ઓવ રે રા...(૨)
રાઝા રા...ઝી....

એ રાઝા તમાર કેંરની નારી ઓય રે રા...(૨)
રાઝા રા...ઝી....

એ રાઝા ખૉમદે કેંમ લેખ લખા રા...(૨)
રાઝા રા...ઝી....

એ રાવણ રાઝા મખરે બોલે રા...(૨)
રાઝા રા...ઝી....

એ સરાં સપાઇયાંન વાતાં સોળે રા...(૨)
રાઝા રા...ઝી....

એ ભણિયાંને મારેં હાઉ નેં આવે રા...(૨)
હરદારો રા...ઝી....

આતો ખોટા નકસરની કેંમહી આવી રા...(૨)
હરદારો રા...ઝી....



એ’લા હૉંપળો સપાઈઓ મારી વાતો રા...(૨)
હરદારો રા...ઝી....

ઑણીને વેંતી ગંગામાં પરી મેલો રા...(૨)
હરદારો રા...ઝી....

દીકરીએ અવતાર નહીં લેતો રા..(૨)
હરદારો રા...ઝી....

આપણાં સરાં સપાયાંન ઓડર કરેં રા...(૨)
રાઝા રા...ઝી....

એ’લા ગોરિયા હોઈતી લેઈને આવે હા..(૨)
રાઝા રા...ઝી....

એ મેંલાંમાં રોયે રે રાઝાન રૉણીઓ હા...
રાઝા રા...ઝી....

(એકલા એ વૉંઝિયામેંણું ભાગું! મું.ગા.હા!)

આટાંમાં રૉએં માઝમ વૉણિયા રા...(૨)
રાઝા રા...ઝી....

બાપરી પરી રોએં રૉણીઓની દાસીઓ રા...(૨)
રાઝા રા...ઝી....

ખૉમદે પૂરે આથે નહીં આલી રા...(૨)
સોરિયો રા...ઝી...

બાપરા ગંગાવાળ ઘાટે આવે રા...(૨)
હરદારો રા...ઝી...



(તંબૂર - સ્વર) એ રાઝા હેં... હા રે અવેં હરદારાંન કૉય કેં, એ... હરદારો? હા રે ભણિયાંન મારેં હાઉ નેં આવેં... એ... આપણાં કરમાં ખોટાં.. હા રે ઝાઈન ગળે સરી મૉડિયે, ઝગમાં ખોટું આવેં... હા રે ભણિયો મારો..કે ગાઉ મારો...હા રે તાલી નેં આવેં વાત. એ ભણિયાંન નહીં મારવા... હા રે ભણિયાંન મારે ઠીક નેં આવેં... એ... નકસરમાં આવેં એ કય.. હા રે, એંણાંનો દોહ નહીં... હા રે આપણ કરમાંનો દોહ.

(તંબૂર - સ્વર) એ ભણિયાંન કૉય નહીં કરવું.. હા રે મહરાઝ ઑમ કરાં... હા રે આ તો દીકરી તો નહીં ... હા તે વેંરણ આવી! હા રે ભણિયા કય, એ આતો કેં થારી ઘેંરની નાર થાય... હા રે ખાંમદે દીકરી કરીન આલી... હા ને ખોટું નકસર કેંમ આવેં....એ મેલાં વેંતીન ગંગા ન મા.... હા તે મગોર માસા ખાઈ ઝાય. હા રે ઝીવતી રેંહે નેં... હા ને ઘેંર બારી થાહું નેં. અવેં રાઝા હેં, ભણિયાન કૉય કેં.. એ.. ભણિયો! તમારો દોહ નહીં. હા... રે માર કરમાંનો દોહ. એ.. અવેં કૌંય કેં... હા રે હૉંપળાં હરદારાં વાત. ઢીલ કરેં મોરું થાય... હા ને અવેં સરા ન સપાઈ હેં, એલો મારેં. એક એકના પનરા આવેં. હા રે અવેં ગોરિયા હોયતી કૉય લે... હા રે મહરાઝ અવેં રૉણિયો હેં, ધૉમી ધૉમીન મેંલમાં ઝય. એ ધેફરે માથાં ઝીકી ઝીકીન રોય. હા રે ખૉમદાં ખોડ ઝાઝો થારું. એ... પૂરે આથે નેં આલી. એ પાસી લેતી. હા રે અવેં આટે રોયેં ઑણિયાન બૉપુણ! હા..રે મહરાઝ પરવેં રોયેં રૉણિયોની દાસીઓ. હા રે હૉંપળાં સોરિયો વાત... હા રે રોયેં, રતરેં રાઝ નેં પૉમિયે. એ ખાંમદે પૂરે આથે નેં આલી... હા રે અતૂરા લેખ લખા. હા રે નકસરમાં ખોટું આવું... એ આપણે કેંર રેં તો હાઉ નેં આવેં... હા તો મહરાઝ અવેં હરદાર હેં, એ ગોરિયા હોઈતી લે... હા રે મહરાઝ લેઈ ન આવેં ગંગા ન ઘાટ.. હા રેનેંસી ઉતારે... હા ને મનમાં વિસાર કૉય કરે.. એ.. વારતા કેવી આગી હાલેં...

વિસાર મૉડે સપાયરાં રા...(૨)
એ સાયબો મારો એ...હો...

નેંસું મેલે માર કોરિયું રા...(૨)



એ સપાઈ એરવા લાગિયો એ...હો...

કોરિયામા રમેં માર સીતમા રા...(૨)
એ સાયબો મારો...હો.....

વિસાર મૉડે માર હરદાર રા...(૨)
એ કરણી કરથાર...હો.....

એ'લા દોસે લાગે આપણાંને રા...(૨)
એ ઑણી બાળકી હારણ એરઝો...હો...

એ'લા દેયા હેંની મોટાંને રા...(૨)
એ બાળકી હાયણ તમે એરઝો...હો....

એ પરથીનાં રૂપ બાળકીનાં રા...(૨)
ઠોકીરા સૂરુઝ ઝૉખો ઝાવિયો ઓ...હો...

ઑંસ મેલિયેં ખોટું આવેં રા....(૨)
એ'લા વેળનાં વેરુનાં ઝનાવર બાળકીને ખાઈ ઝાવિયો...હો....

ગંગામાં મેલીએં હૉંપળો ન રા...(૨)
હૉંપળો હરદાર મારી વાત રે...હો....

ઝાતાંમ પૂસે રાવણિયો રા....(૨)
આપણું હુંએ ઝબાપ આલિયો...હો.....

(તંબૂર-સ્વર) એ....અવેં હરદાર હેં... હા રે ખેરિયા થકા આવેં. હા રે આવેં ગંગાની વાટ. હા રે લાંબી ફાળન સોટે પગલે.... એ આવેં ગંગા ન ઘાટ. હા રે અવેં હરદાર હેં, કોરિયું નેંસું મેલેં...એ કોરિયું નેંસું મેલીન એ... રેં હા... રે બાળકી હેં, હા રે ફૂલવંતી કુંવરણ... હા રે અવેં રમેં હાઉ હોયમણું લાગેં. એ સરાન સપાઈ ઉપર રઈન ઝોય... હા તો મહરાઝ સાથી નેં સલેં... ઝગમાં આવેં



ખોટું ન કૉમ. એ...આઝ તો સૂરુઝ ઝૉખો ઝાય... હા રે અરતી પરથીનું રૂપ! હા રે મોટાં ધણિયાં ન હું દેયા આવેં! પણ આપણું સાથી હું કરી ન રાખિયેં? હા રે કરીક રઈ કાઠો ઝીવ કરેં. હા રે ગંગામાં નૉખીય. મગોર – માસા ખાઈ ઝય. એ... આપણાંન દોસ લાગેં... હા રે મોટાંન તો કૉય નેં! હા પણ આપણાંન દોસ લાગેં..... હા રે વિસાર કરે, હા તો મહરાઝ રે... પાસા મનમાં વિસાર કરેં, એ... આઁસ મેલીન ઝાઈયે. હા વેળનું ઝનાવર તરતસ ખાઈ ઝાય. ઝગમાં આવેં ખોટું કૉમ... એ મેલિયેં ગંગામાં. હા તે કોરિયામાં રેંહેં. હા રે મગોર – માસા નેં ખાઈ હકેં. હા તો મહરાઝ અવેં હરદાર હેં, એ...મનમાં વિસાર કરેં, હા રે ઝીવતી રેં. હા તો ઝગ મૉડઝે. મગોર – માસા ખાઈ ગા... મૂઈ ગઈ નરવરગડ ઝોઆર! હા રે અવેં હરદાર હેં, એ... પરદખણા દેઈ પાય લાગે. હા રે સતી સીતાન... હા તો મહરાઝ અવેં ગંગાન ઘાટ કૉય મેલે. હા ને અવેં ઝટ દેઈન પાસા કેવા વળેં... હા ને અવેં વારતા અગી કેવી આલે....

ધનકરાઝા

વેંતી ગંગામા કોરિયું મેલે,
એ કોરિયું મેલીને પાસા વળિયા હો   રા...ઝી...

ગંગાના ઘાટે રે કોરિયું ઝાવેં રે...(૨)
વેંતી ગંગામાં કોરિયું આવેં હો....   રા...ઝી...

બાઈ તો ગૉણાં ગાએ ગંગાને ઘાટે,
અઝી નેં આવાં રે આઈ ને બા હો   રા...ઝી...

ધનક રાઝા રે વાળો ધોબી...(૨)
ધનક રાઝાના કપરા ધોવેં હો   રા...ઝી...

પેલો ધનક્નો ધોબી રે કાપલા ધોવે....(૨)
ગંગા વાળા ઘાટે કાપલા ધોવે હો   રા...ઝી...



ધનક બેઠો બેઠો રે એરવા લાગો રે...(૨)
હૉંપળે ધોબીરા મારી વાતો   રા...ઝી...

એ લાંબી નઝરે રે ધોબીરો એરેં...(૨)
ઍંણી ગંગામાંએ કોરિયું આવે હો   રા...ઝી...

પેલો ધોબી રે રઈને વાતાં સોળ રે...(૨)
હૉંપળો રાઝા રે મારી વાતો હો   રા...ઝી...

પેલું આવેં રે મુંએ લેવું રે...(૨)
કોરિયું આવે રે મુંએ લેવું હો   રા...ઝી...

રાઝા રે રઈને વાતો સોળે રે...(૨)
ઍંણા કોરિયામાં અયે અમે લેવીએ   રા...ઝી...

એતો આહનું રે આહનું કોરિયું આવે રે...(૨)
બાપરો કરમો ધોબીરો પરવા લાગો હો   રા...ઝી...

એ'લા વેંતી ગંગામાં કોરિયું પકરેં...(૨)
બાપરો ઝાળવીને લઈને બારો આવે હો   રા...ઝી...

(તંબૂર - સ્વર) એ... હરદ્દાર હેં.... ઘોરિયું મેલી પાસા વળેં. હા રે સતુર હેં, હા રે મહરાઝ આવેં વેંતી ગંગાન ઘાટ, એ... ગૉણાં ગાય. હા ને અવેં મનમાં વિસાર કરેં, એ અઝી માર આઈ ન બા નેં મળાં... હા રે ઝગમાં આવું ખોટું ન કૉમ... એ... બાઈ સતુર હેં, હા તે મનમાં વિસાર કરેં. હા ને અવેં ગંગાવાળો ઝપેટો. હા રે ઝગમાં વાત. હા રે અવેં પવનાંના ગોટકા... હા રે ગંગા માઝી હેં, હા રે ઉલટેં નેં. હા રે ખેરિયે થકી આવેં. હા રે ગંગા-જમનાની નઈ આલેં ઉતાવળી... હા ને સતુર હેં, નદ્દીમા કેવી આવેં! હા રે મહરાઝ અવેં રાઝા હેં... હારે ધોબીરો હેં...એ દેઇયાંના વસ્તર ધોવા કૌંય આવેં. હા રે મહરાઝ ધનક રાઝા હેં... હા તે હેઢે બેહી રો હેં. હા ને અવેં કરમો ધોબીરો હેં... એ...રાઝાના કાપલા કૌંય ધોયેં.



હા તો મહરાઝ અવેં રાઝાન નઝર પરેં... હા રે ઘણે દૂર.... એ આળ એતરુંક દેખાય.... હા તો ધોબીન કૉય કેં... એ ધોબીરા! હા રે સાલું ગંગામાં કૉયક આવેં... હા રે રાઝા, હા રે ગંગા ઝમનાનાં ઝીવ, ઑંય તો મૂળો ફરેં. હા રે ઊતો ઊતો એરેં... હા રે ઊતો ઊતો ધોયેં... હા રે થોરીક વાર થાય... હા ને ધોબીરો હેં તે લાંબી નઝરે ઝોયેં.... હા તો મહરાઝ અવેં ઘોરિયું નઝરમાં કૌંય આવેં.... એં... અવેં ધોબી કૉય કેં રાઝા ન... ધણિયાં! હા રે હાગી મૉનાં તો વાત કરું. હા ને નેં મૉનાં તો નેં કરું! હા રે મૉનાં કે નેં મૉનાં હાગી ઘોરિયું આવેં.... હા તે આવતું કોરિયું મું લ્યું... હા તો મહરાઝ રાઝા હેં, એ ધોબીન કૉય કેં.... એ ધોબીરા? હા રે ઘોરિયું તું લેયે.... એ મા એં, ઉં લેઉં... હા રે મહરાઝ અવેં બેય, વગળ ઘોરિયા હાતા વેંણા બેંય બતય..... હા રે મહરાઝ અવેં ઘોરિયું લગબગું આવેં... કરમો હેં, એ... પરેં ગંગામાં. હા રે વેંતી ગંગામાંહું ઘોરિયું પકરેં. હા ને ઝાળવીન બારો લેઈન કૉય આવેં. એ... આવેં ગંગાન ઘાટ... હા ને વારતા આગી કેવી હાલે....

ધોબી લેઈન માર બારો આવેં રા...(૨)
ધોબી રા...ઝી.....

એ બારો આવી માર નેસું મેલે રા...(૨)
રાઝા રા...ઝી.....

એ ધનક રાઝા તૉમીન આવે રા...(૨)
રાઝા રા...ઝી.....

એ ઘોરિયામાં માર કુવરી હૂતી રા...(૨)
રાઝા રા...ઝી.....

ઊડી એરિયે ભાળિયે કેંમહું મળે રા....(૨)
રાઝા રા...ઝી.....

ઠોકીરા ઉમર ગઈને બાળક નહીં હા...(૨)



ધોબી રા...ઝી....

મારી માલ મતા નોકર ખાતી હા....(૨)
ધોબી રા...ઝી....

માલખે અન, ધનમાલ કણું આલિયું રે....(૨)
ધોબી રા...ઝી....

માર ગંગામાહી કુવરી મળી હા....(૨)
ધોબી રા...ઝી....

ઝમણા આથે લેખ ઝાવે રા...(૨)
રાઝા રા...ઝી....

એ સીતા નૉમ નઝરેં આવેં રા...(૨)
રાઝા રા...ઝી....

પૂરે આથે દીકરી લખી રા...(૨)
રાઝા રા...ઝી....

એ રાઝા રઈ વાતાં સોળે રા....(૨)
કરમા રા...ઝી....

ઠોકીરા વાદળમેંલે તું તો ઝાવે રા...(૨)
કરમા રા...ઝી....

એ રૉણિયોન વાતો સોળઝે રા...(૨)
કરમા રા...ઝી....

એ'લા વૉંકતૂરઈયાંન એલો મારઝે રા...(૨)
માર ધોબી રા...ઝી....



ગાઝતે વાઝતે હૉમે આવે રા...(૨)
મા૨ ધોબી રા...ઝી....

આળિયે દીવલા પરા મેલઝો રા...(૨)
મા૨ ધોબી રા...ઝી....

એ'લા ઑગણે મડાવઝો પરાં આટ રે રા...(૨)
મા૨ ધોબી રા...ઝી....

(તંબૂર - સ્વર) એ અવેં ધોબીરો હેં.... હા રે લેઈન બારો આવેં. એ... અવેં મેલેં ઝમનાન ઢોકેં. હા રે મહરાઝ અવેં રાઝા હેં... ધૉમો ધૉમો આવેં.... એ ધોરિયામાં બેઝણા થઈ ન કૉય ઝોય... હા રે મહરાઝ અવેં પરથીનું રૂપ! હા...રે અવેં ઑંખિયે ભમરા લૂંબા! હા રે માથું પણસિયું નાળેર... એ... કકુવરના ઓઠ! હા રે નાક દીવાની હોગ... હા રે નયણાં ખાંડાની ધાર... હા તો મહરાઝ અવેં મુટું પૂનમિયો સૉંદ... એ... બાઈ.... હેં, હા રે કેંવા હરખી વાત... એ... અરતી પરથીનું રૂપ! હા તો રાઝા હેં... હા રે અવેં ખાંમદાંન ઊપો રઈન એકેં પાગે નમણ કૉય કરે.... હા રે માલકાં એરિયેં ભાળિયેં નેં મળું... હા રે ખાંમદ હમો થવા આવો... એ...ઝમનાને તીરે દીકરી મળી.. હા તો અવેં ધોબીરાન કૉય કેં.... એ... વીરા? હા ઢીલ કરેં મોરું થાય... એ... વાદળ ન મેંલ; હા રે કલમકસેરીમાં ઝા... હા તે આપણ રૉણીઓન ખબર આલ... હા રે વૉંકતૂરઈયાં મગાવાં... હારે ટાઢી હોરા નૉખેં... હા ને વાઝાં ગાઝાં તિયાર કરો... હા ને ઝાઈન રૉણિયોન કેં... એ... ઑણે મેલે પાર નેં આવેં.... ઑગણે મડાવો આટ... હા ને અવેં મૉગેલી વસ્તુ તરત મળવી ઝોયેં. હાને સોરિયાંવાળે ઝૂલરે....એ...દેવગરો થાળ લેવો... હા રે સોખલિયા લેવા. હા ને કકુના કરી... હા ને ખઝૂરિયાળા દીવલા... હા ને ગાઝે વાઝે પાસા હૉમા આવાં... હા રે વાઝમી વૉલ લેઝો. હા ને બાઈન બેહારીને લેઈન ઝાઈયેં.... હા રે વૉંઝિયામેંણું ભાગું હેં... હા ને વારતા આગી કેવી હાલે....

ખેરિયો રે ખેરિયો રે ધોબીરો આવેં રે...(૨)



ખેરિયો ખેરિયો રે આવણા લાગો હો   રા....ઝી....

એ લાંબી ફાળોને સોટે ડગલે રે....(૨)
ખેરિયો રે ખેરિયો આવણા લાગો હો   રા....ઝી....

આતો ગૉમનાં ગૉદરાં રે ઓરાં આવાં...(૨)
ગૉમને ગૉદરે રે ઓરો આવે હો   રા....ઝી....

મૉણકિયાંસૉકાંમાં ઓરો આવે રે....(૨)
હેરી બઝારે ઓરો આવે હો   રા....ઝી....

વાદળિયાં મેંલાંમાં ઓરો આવે રે...(૨)
કરમો ધોબીરો વાતાં સોળે હો   રા....ઝી....

એ હૉંપળો રૉણીઓ રે મારી વાતો રે...(૨)
નહીં રે આપણે ઢીલાં વાળાં કૉમે હો   રા....ઝી....

એ'લા ઝીલવા ગિયાને કુવરી મળી રે...(૨)
નહીં રે આપણે ઢીલાં વાળાં કૉમે હો   રા....ઝી....

ઢોલી રે નગારીને એલો મારો રે....(૨)
હૉંપળો માર માઝી રે મારી વાતો હો   રા....ઝી....

માઝી આપેંણ વૉંઝિયામેંણું રે પરું પાગું રે...(૨)
વૉંઝિયા રે મેંણું રે પરું ભાગું હો   રા....ઝી....

કેંતે લાગી રે કેતરી વારો રે...(૨)
એ નગારસી ટોલીન એલો મારો હો   રા....ઝી....

એકના તેરિયા રે પંનર આવેં....(૨)
એકના તેરિયા રે પંનર આવે હો   રા....ઝી....



(એક બાણિયા સ્ત્રી – એ સાધુના દીકરા વાત મૉ...ડ)

(તંબૂર – સ્વર) એ અવેં કરમો હેં... હા રે રાઝા કૉય હીખ દેય... એ... એ ધોબીરા! હા રે ઝા... વાદળન મેંલ... હા રે રૉણિયાંન ખબર આલ... ઢીલ કરેં મોરું થાય. હા રે અવેં ધોબીરો, એ... મોટાં ધણિયાંના બો...લ. હા રે અપાગિયાંના ભોગ લાગા... હા... રે લાંબી ફાળન સોટે પગલે.... એ અગલા પલા વાત કરેં. હા રે પૉગની પની ઉંકારો કૉય દેં.... હા રે અવેં ખેર ખેરન ખરલે ખા...ટ. હા રે ખેરિયો થકો આવે... હા રે આવે મારગાંની જો...ર. હા રે ગૉમન ગૉદરેં આવેં... હા રે મૉણકસૉક પૂઠણ કૉય મે...લે. એ... હેરી બઝારે આવેં.. હા રે હેરી બઝાર પૂઠણ મેંલે... હા રે ઘરમર સરેં વાદળ ન મેં...લ. એ... આવેં કલમન કસેરીમાં. હા રે વાદળમેંલમાં કૉય આવે. હા તે મહરાઝ અવેં આવેં રૉણીના મેંલમાં..હા રે અવેં રૉણીન વાત કૉય કરેં. હા તે મહરાઝ એ...માઝી! એ ઝાગતાં બારાં આવાં... હા રે હૂતેલાં બેઠાં થાં... હા રે નહીં ઢીલાંનું કૉમ.એ ઢીલ કરેં મોરું થાય... હા રે રાઝાન મું બેંય ઝીલવા ગા... હા રે એરિય થકેં નેં મળેં... હા રે વગળ એરિય મળું... એ... ખૉમદે... કુવરી આલી. હા તે રાઝા તો લેઈનસ બેઠો. હા ને મનં મોકલો... એ.... ઢોલિયા વીરાન નગારસી વીરાન... હા રે એલો મારાં.. હા રે ઢોલેં ગેડી પારાં... હા રે ઊતું નગારું હમું કરાં... હા તે નગારેં ડકો પારાં... તે ગૉમ ગૉદરાન ખબેંર પરેં... હા તે હું હરખું હેં... હા તે હારાં આઁ આવેં... હા રે ઝણ કરવા ઝાઇયેં... ઘણું મોરું થાય. કે દિ' ખબર આલીયેં... એ નગાર ડકો પારાં... હા તે હારા ગૉમન ખબર પરેં... હા નેં ઝાવું પરેં ગંગાન ઘાટ... એ રાઝા લેઈન બેઠો હેં... હા ને નહીં ઢીલાંનાં કૉમ. હા રે તૂરી તળગારાંન બોલાવાં... હા રે ટાઢી હોરા નૉખે. હા ને ગાઝાં વાઝાંની હારાંની ઝરૂર હેં... હા ને વારતા આગી કેવી હાલી...

એ'લાં ઊતાં નગારાં હમાં કેંરાં...(૨)
નહીં રે આપણે ઢીલાં રે વાળાં કૉમે હો રા....ઝી...

એંણા નગારસી વીરાને વાતાં સોળેં રે..(૨)
એહે હૉંપળે વીરા રે મારી વાતો હો રા....ઝી...



એ વીરા નગારે ડકો રે પરવા લાગો રે...(૨)
એ'લા મેંલાંનાં કાંગરાં તૂઝવા લાગાં હો રા....ઝી...

એ ઈયોધિયા નગરીમાં વાઝાં વાઝેં રે...(૨)
ઓ ઢોલને નગારાં વાઝવા લાગાં હો રા....ઝી...

વારી ઢોલ વાઝવા લાગો રે...(૨)
ગૉમના લોક રે કૉનિયા મૉડે હો રા....ઝી...

એ તો હારાં લોક આવણા લાગાં...(૨)
એ કલમને કસેરીએ ઓરાં આવેં હો રા....ઝી...

લોકાં તીરાં રઈને હારો લેવે રે...(૨)
બાપા કેણાં મૂઆં રેં વાલાં મૉનવી હો રા....ઝી...

હેનું રે નગારું રાવળે વાઝે રે....(૨)
કેંઝો એંણાં કૉમાં વાળાં નૉમેં હો રા....ઝી...

ધોબીરો તીરો રહીને વાતો સોળે રે...(૨)
હૉંપળો લોકો રે મારી વાતો રે રા....ઝી...

એ આપણા રે રાઝાને કુવરી મળી રે...(૨)
વૉંઝિયા રે મેંણું રે રાઝાને પાગું હો રા....ઝી...

એ ઑગણે મડાવે એઝો આટે રે...(૨)
કસેરીઆં વૉંટે રે મસરું ખાંડ હો રા....ઝી...

એ બાપરો વાઝમી વૉલાં રે તેઆર કેંરે રે...(૨)
એ ધવળા ધોરી રે ઝોરવા લાગો હો રા....ઝી...

એ વૉંકને તૂરઇયાં વાઝવા લાગાં રે....(૨)
એ વૉંકને તૂરઇયાં વાઝવા લાગાં હો રા....ઝી...



બાપરા તેલી તંબોલી તાંતો તોરે રે....(૨)
ટાઢી બાઈ રે હોરા નૉખેં હો રા....ઝી...

(તંબૂર – સ્વર) એ... કેંવા ઝેવી વાત... હા રે મહરાઝ અવેં ધોબીરો હેં, એ... એલો કૉય મારેં. હા તો મહરાઝ અવેં એકના તેરા પનર આવેં... હા રે અવેં ટાઢી હોરા નૉખે.... હા રે ગીતારી બાઇયો ગીતાં ગય....હા રે અવેં ગૉમના લોકો હેં... હા તે ખેરિયા થકા કૉય આ...વે. એ... કેંણાં મૂઆં વાલાંન મૉનવી.... હોવન હપરા આવા, એ હું હરખું હેં... હા તો મહરાઝ હારો કેવો લેય. એ... ધોબીરો હેં, હા ને અવેં ધીરો રઈન વાત કૉય કરેં. એ... ગૉમનાં લોકો... હા રે આપણા રાઝાન તનમાલ ઘણો અતો. ખાનાર કોઈ નતું... એ ખૉમદે એરેં ભાળે કોય નેં મળું, હાને હેંલ હાટે દીકરી આલી! એ વૉંઝિયા મેંણું ભાગું... આખા ગૉમનાં લોકાં મેંણાં મારતાં... હા તે રાઝાન દીકરી મળી... હા તે ગંગાવાળ ઘાટ હેં... હા ને રાઝાએ એલો મારો હેં... એ ઢીલ કરેં મોરું થાય... હા રે વાઝમી વૉલ ઝટ હણગારાં... એ... રૂપે તો ઉઝળી... હા... રે હોનેં ગૂંગળી... નહીં ઢીલાંનું કૉમ. હા તો વૉલિયા વીરાન કૉય કેં, એ વૉલિયા વીરા! ઢીલ કરેં મોરું થાય. હા રે રાઝાન કુવરી ઝલમી. હા રે કેંવા હરખી વા...ત. હા રે રાઝા હરખો રાઝા... હા પણ ગૉમના લોકો ઠેકો કરતાં. એ... ઘણું હાઉ આવું. હા તો મહરાઝ વૉલિયો વીરો હેં... એ વૉલ કેવીક હણગારેં....

(તંબૂર – સ્વર) એ... હોને તો ઉઝળી હા... રૂપે ગૂંગળી. હા કેંવા હરખી વાત... હા રે મહરાઝ અવેં ધવળા ધોરું ઝોરેં... હા રે અવેં તોપ નેંસણો વાઝેં... હા રે અવેં વૉંક તૂરઇયાં વા....ઝેં. ગાઝાંન વાઝાં વાઝેં... હા રે આખી યોદિયાનગરી કેવી ઝાય... હા રે અવેં રાઝાની વાત હૉંપળી. પરી પરીન મળેં... હા રે અવેં ઑંગણે આટ કૉંય મડાવેં. એ આવેં એતરાંન બાસકા ભરી ભરીન ખાંડ આલેં... હા રેં અવેં હેરિયે તો વૉંટાય માળવિયો ગૉળ... બઝારમાં ખારેંક ન ખોપરાં... કેંવા હરખી વાત... હા રે નેં ખાય એ નાત બારું... હા રે મહરાઝ રે અવેં ગૉમ ન ગૉદરાં કેવાં મેલે પૂઠણ... હા ને ખેરિયો થકો કૉય આવેં... હા ને વારતા આગી કેવી હાલેં...



ખેરિયા રે ખેરિયા ઝાવા લાગા રા....(૨)
હરદારો રા...ઝી...

તૂદ્દળી તૂદ્દળી રેતો ઊડેં હા....(૨)
હરદારો રા...ઝી...

એ ધરમર ઊતરે વાદ્દળ મેંલે રે....(૨)
હરદારો રા...ઝી...

હેરી બઝારાં ખેરિયાં આવેં રા...(૨)
રાઝા રા...ઝી...

એ મૉણકસૉક માર પૂઠેંણ મેલે હા...(૨)
રાઝા રા...ઝી...

એ ગૉમન ગૉદ્દરું આહનું આવેં હા...(૨)
રાઝા રા...ઝી...

એ ગગાવાળી વાટેં આવેં હા...(૨)
રાઝા રા...ઝી...

ખેરિયાં ને ખેરિયાં આવણાં લાગાં રે...(૨)
રાઝા રા...ઝી...

બાપરાં ગંગાવાળે ઘાટેં આવે હા...(૨)
રાઝા રા...ઝી...

ગંગાના ઘાટ માર ઓરાં આયાં રા...(૨)
રાઝા રા...ઝી...

એ આખી પરઝા વૉહળ આવેં રા...(૨)
રાઝા રા...ઝી...



ઘોરિયામાહી આથમાં લેવેં રા...(૨)
રાઝા રા...ઝી...

એ ગૉમનાં લોકાં નમેંણ કરે રા...(૨)
રાઝા રા...ઝી...

એ'લા આવી દીકરી એરિય ભાળિયે કેં નહીં મળે હા...(૨)
રાઝા રા...ઝી...

એ રાઝાની માર રૉણી આવેં રા...(૨)
રાઝા રા...ઝી...

(તંબૂર – સ્વર) એ.. ગૉમનાં લોકો... હા રે મહરાઝ અવેં ખેરિયાં હા રે આવેં મૉણકસૉકમાં... હા રે હેરી બઝાર પૂઠણ મેલ... હા રે આવ મૉણકસૉકમાં... હા તો મહરાઝ રે તેલી તબોળી તાંતો તોરેં... હા રે ટાઢી હોરા નૉખેં... હા તો મહરાઝ આવેં અવેં ખેરિયાન થકા... એ... આવેં મારગાંની ઝો..ર. હા રે લાંબી ફાળેન સોટે પગલે... ધૂંધળી ધૂંધળી રેત ઊડે... હા રે પૂતરેં પૉન ઊડે... હા રે મગરેં બાળુફણી ઝમેં... હા રે આખી યોધિયાનગરી ઊઠી ગેઈ હેં... હા રે ખેરિયા થકા કૉય આવે... હા રે આવેં ઝમના વાળી વાટ.. હા તો મહરાઝ અવેં વાઝમી વૉલ અગળ હેં... હા રે અવેં થાળીએ દીવા કૉય લેય... હા રે કકુ થાળીમાં લેય. હા ને ખેરિયાં થકાં કૉય આવે. એ આવેં ઝમનાન કિનારે... હા તો મહરાઝ અવેં રાઝા હેં... ગૉમન આવતેં દેખેં... એ.. કુવરી હેં, હા રે અવેં ઘોરિયામાહી બારી લેય. હા રે ખોળે ઝોળે કરેં... હા ને અવેં બાઈન આથમાં કૉય લેય... એ... ગૉમ આવેં. હા તો મહરાઝ અવેં મોટા મોટા ધણી આવેં... હા રે આથાઝોરી કરેં... એ... ઘણાં દનાંની સેવાઓ કરતો.. મૉનતાઓ કરતો.... હા રે ખૉમદાંન આલવી અતી... તે હેંલના હાટ આલી... હા રે અરતી પરથીવાળું રૂપ! હા તો મહરાઝ અવેં રૉણી હેં... રાઝા એલો કૉય મા..રે. હા ને રૉણી કૉય આવેં. હા ને વારતા કેવી આલેં હેં....



મૉણકિયાંસૉકો રે પૂઠેંણ મેંલે,
વાદળિયાં મેલાં રે ઓરાં આયાં હો રા...ઝી...

થાળિયાં રે દીવલા રૉણીઓ લેવે...(૨)
પેંલું ટીલુ બળદને કેંરે હો રા...ઝી...

બીઝું ટી લું રે વૉલને કેંરે ....(૨)
બી ઝું ટીલુ રે વૉલ ન કેંરે હો રા...ઝી...

એ...એ'લા હોદાવઝી રે રાઝા રૉણીન વાતાં સોળે...(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ...હોદાવઝી રે આપું હદા મૉનતા મૉનતા....(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ....હોદાવઝી રે રાઝા રૉણીન ખોળે આલે....(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ..હોદાવઝી રે રૉણી ખોળામા લેવે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ.. હોદાવઝી રે રૉણી ન સૉખલિયે વતાવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં રા...ઝી...

એ.. હોદાવઝી રે રૉણી મેંલાં માથે બેઠાં....(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ હોદાવઝી રે રૉણીઓ આખળ પાખળ....(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ હોદાવઝી રે વાઝાં ગાઝાં વાઝેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઈયેં રા...ઝી...



એ હોદાવઝી રે લોકાં ખેરિયાં ખેરિયાં આવેં...(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

એ હોદાવઝી રે બાપરું આવે યોદિયાની વાટેં...(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

હોદાવઝી રે બાપરું આવે એંણા મૉણકિયાસૉકાંમાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

અરે હોદાવઝી રે સીતા મારલીન ખોળીમાં લોટે રે...(૨)
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં રા...ઝી...

(તંબૂર - સ્વર) એ.. રાઝા હેં... હારે રૉણીન એલો કૉય મારે... હા રે અવેં રૉણીન ખોળે આલેં.. હા રે રૉણી હેં, એ ખોળો ધરીન ઊભી. હા રે આથા ઝોરી લેય... હા રે કકુન વૉરે... હા રે સોખલિયે વતાવેં... હા રે ખઝૂરિયાળા દીવલા... હા રે બાઈન અવણાં પરદખણાં દેઇ પાય કૉય લા...ગે. હા રે મહરાઝ અવેં રૉણી હેં, એ... સીતા ન ખોળામાં લેય.. હા રે માલકાં ખૉમદેયે આલી... હા રે નોકર-સાકરે લેતી...એ.. આલેં તો પૂરે આથે આલઝે... હા રે અતૂરે આથે નેં આલતો... હા રે અરતી ઉમરનાં થાં.... નૉનાનું મોટું દેખું... હા તે ઑદરેં તો નેં આવું... હા પૉણ ખૉમદેયે આલું... ઑદરેંસ આવેલું મૉનિયેં... એ...પૂરે આથે આલે. હા ને મૉગું એતરું દૉન આલઝે... હા રે મૉગા એતરા વેદન... હા તો મહરાઝ રે મારા માના પેટમાં ઝનમી... હા તે દિ'યાંનું નૉનાનું મોટું નેં દેખું.. એ... આતો બાળું ભોળું નૉનકું હેં... ઑણ તો તાવણા ઝોઈઝેં! હા રે એંસવા કોરિયું ઝોઈઝેં... હીરની દોર ઝોઈઝેં... એ.. માલકાં પૂરાં આથે આલી એં.. હા રે થારા કેંરનું હારું આલે... હા રે તાંતાં મૉનું... નકર નેં મૉનું... હા તે મહરાઝ અવેં સતી હેં....એ.. સીતાન ખોળામાં કૉય લેય... હા રે અવેં વૉલમાં બેહેં... હા ને વૉલિયો વીરો, તે.. અવેં બળદાંન આળ દેયેં. હા રે પૂતરે પૉન ઊડે.... હા નેં વૉંહળતો અવેંણ ધૂળ વિયાઈ સધા એંમ... એ... ટાઢી હોરા નૉખે. ભૂતરે પૉન ઊડેં. કેંવા હરખી વાત. એ...ખેરિયાં ખેરિયાં આવેં. હા રે આવેં યોદિયાની વાટે...



હા રે ગૉમ ગૉંદરે આવેં. હા ને મૉણકસૉકમાં ઓરાં આવેં. એ... હેરી બઝારે આવેં. હા રે મહરાઝ અવેં વાદ્દળિયામેંલ આહનાં કૉય આવે. અનેં વૉલ ઊપી રાખેં. હા રે મહરાઝ બીઝી રૉણીઓ હેં... એ... અવેં ખઝૂરિયાળા દીવલા, અને હૉમેરે કૉય આવેં. હા ને વારતા અગી આલેં....

તીઝું રે ટીલું વૉલિયાન કેંરે...(૨)
તીઝું ટીલું રે વૉલિયાન કેંરે હો રા...ઝી...

કોરિયામાંહી રૉણી સીતાન લેવા લાગાં...(૨)
એ રૂએલાં બાળોટિયાંમાં પરાં લેવેં હો રા...ઝી...

બાપરો સોનાની થાળીમાં મેલવા લાગો...(૨)
એ હોનાની થાળીમાં મેલવા લાગાં રે રા...ઝી...

બાપા મોટાં ધણિંયાં રે વાળી વાતો....(૨)
ભલે આવાં સતિયાં વાળાં નૉમે હો રા...ઝી...

બાપરો હારાંન વૉંટ રે મસરું ખાંડ....(૨)
હાટાં વૉંટ રે ખારેક ખોપરાં હો રા...ઝી...

લોકો હીખો દેવેંને ઝાવા લાગાં...(૨)
હૉંપળો ધણિયાં રે અમારી વાતો હો રા...ઝી...

તમાંન ખૉમદે આલીને તમે લેતાં...(૨)
બાઈન કેંણી હોરી તમે પરાં રે રાખો હો રા...ઝી...

રૉણીઓ માલખાંના નૉમની સમરણ મૉંડે....(૨)
માલખાં તમે આલીને અમે લેતાં હો રા...ઝી...

(એક ભણેલો બા, : માલકે કણાંનું લોઈ પીતું હેં ન બતાંન ઊતાં વાળેં)



ખાંમદાં તમારા કેંરેનું પારણું આલો...(૨)
તમારા કેંરેની હીરની દોરે હો   રા...ઝી...

ખૉમદાં હૂકી રે તાયે રે દૂત આલાં....(૨)
બાઈને હુંયે તવરાવીએ હુંયેં ખવરાવીએ હો   રા...ઝી...

(તંબૂર - સ્વર) તો... મરાઝ! એ...અવેં...રાઝા હેં... હા રે રૉણિયો હેં... અવેં ખોળે ઝોળે કરેં... હા...રે મરાઝ ખૉમદે આલી. અમે... લેતી. એ...પૂરે આથે આ...લે. હા તો મહરાઝ રે રૉણિયો હેં. હા તો અવેં દેવગરો થાળ લે...ય. એ ખઝૂરિયાળા દીવલા! હા રે પેંલું ટીલું બળદને કરે. હા રે બીઝું કરેં અવેં વૉલને...એ તીઝું ટીલું કરે વૉલિયા વીરાન... હા તો મહારાઝ રે અવેં સીતા હેં... એ રૉણીના ખોળામાંહી લેં.... હા રે અવેં ખોળે ખૂટવે કરે... હા ને અવેં રૂના બાળોટિયામાં કૉય ઘાલે. એ... મોટાં ઘણિયાંની મોટી વા...ત. હા રે અવેં સોનાની થાળીમાં લેયેં. હા રે હોના પૉણિયેં નવરાવેં... હા તો મહરાઝ અવેં કકુના કરેં... હા ને બાઈન લેઈન અવેં રંગરાવળામાં કૉય આવેં. હા રે અવેં ગૉમનાં લોક. એ... સૅરિયાના લોક. હા રે મહરાઝ અવેં મસરું ખાંડ વૉંટેં. હા રે બઝારમાં વૉંટાય ખારેક ન ખોપરાં.... એ... કોઈ હમઝણાં હેં, હા તે અવેં હીખમત દેય. એ... રાઝા! હા રે... ખૉમદેએ આલી. તે લેતી. હા રે બાઈન કણી હોરી રાખે.

હરવણ કુવોર

મા નં માર બા તો ઑંતળાં ઓયાં....(૨)
સેવો નાથ રૉમઝી હેં...ઝી.....

એ ઑંખે ઑંતળાં પગે રૉટાં....(૨)
સેવો નાથ રૉમઝી હેં...ઝી.....

થોકીરી માર મા નં બાની સેવા કરે...(૨)
ઝીયો નાથ રૉમઝી હેં...ઝી.....



આઁતી આઁતાની સેવા કરે....(૨)
ઝીયો નાથ રૉમઝી હેં...ઝી.....

ઠોકીરા થાર મા નં બા થું મારી નૉખ...(૨)
નકર થાર મા નં બા કૂવામાં નૉખ....
ઝીયો નાથ રૉમઝી હેં...ઝી.....

ઠોકરી હૉંપળે રૉણી મારી વાત.. (૨)
ઝીયો નાથ રૉમઝી હેં...ઝી...

ઠોકીરી માર મા – બાની સેવા કરું....(૨)
સેવો નાથ રૉમઝી હેં...ઝી.....

લીલા પીળા કપર લેવેં....(૨)
સેવો નાથ રૉમઝી હેં...ઝી.....

લીલા – પીલાની ઝોળી હીવરાવેં....(૨)

સેવો નાથ રૉમઝી હેં...ઝી.....

તો મહરાઝ... એ હરવણ કુવોર હેં, હા... રે કૉય રૉણી... ન કય હા...રે હૉંપળે મારી વાત... તે માર આઈ નં બા આઁતળાં. આઁતળાંની સેવા કર... હા રે... રૉણી હેં.... કૉય કેં.... એ રાઝા....! હા.... રે થાર મા નં બાપ, મારી નૉખ.... નકર કૂઆમાં નૉખકે કૂઆમાં! સેવા તો નેં કરું! (તંબૂર – સ્વર) એ... હારે.... રાઝા બોલે.... એ... રૉણી! માર મા નં બા આઁતળાં થાં... તે ઉ સેવા કરું... તે ખેરિયો થકો ઝાય. હા રે આૅણીરલાને આટે ઝાય... પેસ હઈરલાંને આટે ઝાય.... તે લીલાં પીળાં કપરાંની ઝોળી હીવરાવેં... હા રે ઝોળીએ મૉડે મા નં બાપ. (તંબૂર – સ્વર) એ લીલાં – પીળાંની ઝોળી હીવરાવી. હા નં ખેરિયો થકો આવેં... હાને એક ઝોળીમાં મા બેહારે...બીઝીમાં બાપ બેહારે.... હા ને માનં બાપ ખપે કરેં... ખેરિયો થકો કૉય લેઈન ઝાયેં...



એક ઝોળીમાં મા બેહારે....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એક ઝોળીમાં બાપ બેહારે....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ...મા – બાપ નં તો ખપે કરેં....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ ખેરિયો લેઈન ઝાયેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

બાપરો વન લેય ન વન મેલે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

બાપરો વનકદળીમાં ઓરો આવેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ... અમે હરવણ તીહોં ઓયાં....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

મા–બાપને નેંસાં મેલે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઝળની સોંકી દસરથ રેંયો રે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ ઑંતળી ઑંતળાં તીહોં ઓયાં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ આઈ નં બાપ માર તીહોં ઓયાં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....



એ બાપરો કરો લેઈનં હરવણ આવેં....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

બાપરો ઝળમાં બૂડવણા નાખો...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

(એક સહાયક બાણિયો એ પૉણી ભરેં!)

એ ઝખોરી માર કરો ભરેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

અરે... દસરથ રાઝા કૉનિયા મૉડે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ ઝનોર આવું કે હું? હા...
એ સમદરમાં માર કુણ આવું રે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ...બાપરો તીર કૉમઠું માર પરું લેય રે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ..આસરે રઈ નં તીર તૉણે રે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ...કરી પોરસ નં તીર મારેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ બાપરા હરવણ નં તીર લાગે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ રૉમનાં નૉમ માર હરવણ લેયે રેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....



(તંબૂર - સ્વર) ઓ... મહરાઝ. એ અવેં હરવેંણ ... હેં...આ...ઈ નં બા ખપેં કાલેં....એ... લાંબી ફાળન (સોટે) પગલે.... એ... માટીનો કરો લેય... ખાવાપીવાનું હાથે લેય... હા... એ ખેર.... ખેર ખરલે ખાટ.... હા... નં અવેં વન મેલે વન લેય.... હા... રે હોરી રેંઝો ઘેરનારી... એ મેંણાંનો મારેલો.... હા... રે બાયલીએ મેંણું મારું.... હા.... તે મા નં માવેતરાં લેતાં.... હા... તે અવેં હરવેંણ હેં. કેંરની નારી નં કૉય કેં... એ રાંડ... તારા હરખી તો એક હૉ નં હાઈઠ ઑણું! આઈ નં બા કેંમ હાં કરું! હા રે અવેં લેઈન કેવો આવેં... તે વન મેલે વન લેય.. હા તે બીઝા તણીની હેંમ આવેં...હા રે અવેં ઑંતી નં ઑંતો... એ પગે લગરાં... હા રે અવેં મોટો સમુદર દરિયો આવેં. હા રે અવે ઑંતો ઑંતી કૉય કેં... એ જાય્યા? પરો ઝીવરો ઝાય... કેંક્હું પૉણી પિયાર...હરવણ હેં.... એ... હીળી હીળી સાય્યા... હા ને અવેં આઈ નં બા નેંસાં મેલે... હા ને અવેં ઘરો કેવો નેંસો મેલેં (તંબૂર - સ્વર). એ... ઘરો લેય. હા ને લાંબી ફાળ ને સોટે પગલે એ... આઈ નં બા ... હા રે ઉં ઝઉં પૉણી લેવા.. તમે ઑંનાં ઑં રેંઝો... હા રે અવેં ખેરિયો થકો આવેં.... એ અવેં પાળે આવીન ઊપો રેં... હા રે ઘણાં હોયમણાં ગંગાઝળ લેંય. હા રે કોઈ સૉસ ને બોટેલી... હા રે અવેં કાળી વાદળી તૉળી વાદળી એ... અવેં ગંગાઝળ પૉણી ભરેલાં હેં. હા ને અવેં હરવેંણ હેં. નેંસો આવેં.... એ ઝખોરી ઝખોરીન પૉણી કૉંય ભરેં. હા રે અવેં ઝખોરતાં હાથેં...કેવું થાય! એ દરિયાની સૉંકીએ હેં દસરથ રાઝા... અરે મહારાઝ અવેં સેટી હેં.... કૉન મૉડીન હૉંપળે... હા રે ગગાઝળ નીરનો અવાઝ કૉય કૉને આવેં... હા રે કોઈ ઝનવોર આવું... પૉણી તો પરું વટલાવું... (તંબૂર - સ્વર) એ... દસરથ હેં... હા રે મહરાઝ અવ તીરકમાંન આથ લેય. હા રે અવેં આસરે ભાલોર કેવો તૉણે. એ કર દેઈન બળ... એ અવેં તીર મારે. એ...ખૉમદાંન વારતા રાખવી... હા... તે અવેં હરવણને ભાલોર કૉય લાગે. એ...હરવણ હેં, ગોડિયા ન ગરણ થાય.... હા રે પરતાંન હાથેં રૉમનું નૉમ કૉય લેય. હા....ને દસરથ કેવો કૉન મૉડીનં હૉંપળે.... એ ખોટું આવું કૉમ... દીકરાનું નૉમ લેતું.... હગોવાલો હેં.... હા ને વારતા કેવી હાલેં...



એ... ખેરિયો ખેરિયો દસરથ આવેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ... ધૉમો થકો માર દસરથ આવેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઓ... હરવણ કુવોર નઝરે આવે....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

બાથમા ગાલીન બેઠો કરેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ...દસરથવાળી ઘણી કરેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ..તૂટેલો પાસો નેં પરેં... હા
એરે...ઝીપાંનાં સૂટાં નેં વળેં'લા(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ મુગતી પૉમેં...! હા....!
એ હરવણ કુવોર મુટે બોલે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

અરે પાપી તનં વાળું તો પરું કરું'લા...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ... પાળે આઈ નં બાપ...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

અરે પાપી ઑંખે ઑંતળાં પૉગે રૉટાં....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....



અરે પાપી આઈ બાન વાસ્ત વનવાસ વેઠો....(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ...ખોટું આવું હેં... હા....!
અરે સાયબા લખનારીના લેખ લખિયા....(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ'લા માર આઈ બાન તું પૉણી પિયારે...(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ..મારો ઝીવરો પરો ઝાય રે...(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ પરણ ઝાય...હા!
અરે બાપરો મરતો મરતો હરાપ બોલે...(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ ઑણ ભાલોરે મૉત થાહેં...(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ બાપરો કરો લેઈનં પરો આવે....(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ પેલાં આઁતળી આઁતળો કૉનિયા મૉડેં રે...(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ દસરથ રાઝા વાતાં સોળે...(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....

એ... આઈ નં બાપ મું પરો આવો....(૨)
હરવણ કુવોરિયો   રા....ઝી....



એ'લા હરવણ ઉં દીકરો વાઝું...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

(તંબૂર - સ્વર) ઓ મહરાઝ... હા રે અવેં દસરક હેં...એ... અવેં ધૉમો ધૉમો આવેં...હા... રે અવેં લાંબી નઝરેં ઝોયે... હા રે અવે મનખાદેવ નઝરમાં આવેં... હા રે ખોટું આવું, હા... રે ઝોઈન મરી ગો... એ ઉપર આવેં... એ... અવ લાંબી નઝરે એરે... હા... રે હરવણ નઝરમાં આવેં.... હા... રે ઝગરામાં આવું ખોટું કૉમ.... તીર લાગું.... હા નં પાર નેંહરી ગઉં... તે ઊપો ઊપો વિસાર કરેં...હા રે પણસાંનાં સૂટાં... કેદિ' નેં વળેં.... હા ને ઝીપાંનાં સૂટાં નેં વળે! હા રે દસરથ હેં, વિસાર કરેં, હા... રે હરવણ હેં... ઝીવરો ઝાય નં ઝીવરો આવેં... હા... રે ધીરો રઈન કૉય કેં...એ...પાપી થેં કરું થારા વાળું... હા રે અવેં તનં તો લોરે લાકરે નહીં... અરપી હકવો... હા રે માર આઈ નં બા પૉગે લગરાં.... એ આઁખે આઁતળાં. એ... કેંરની બાયલીએ મેંણું મારું.... હા... રે લેઈન બારો પરો.

હા તે લખનારીના લેખ! કેવા લખણા અહેં લેખ. આડો આવો હેં.. એઝાં પેંલો ઉં મરો... હા... રે અવણ એંણાંના હું હાલ? વનમાં આવો.... કિયા તીલાંનાં તાપણાં? આઈ બા કેંહાં ઝાહેં? (તંબૂર - સ્વર) એ હરવણ હેં... દસરક ન કૉય કેં.... એ... પાપી! તીહાં ભૂખાંનો ઝીવરો ઝાય.... પૉણી લેઈન ઝા... હા તે પૉણી લેઈન ઝા... એ કૉય કરીન પિયારી હકેં તો... એ... કણેં ઝાતે ખબર પરહેં... તમારો દીકરો હેં, એંમ કેંઝેં.... નકર તીહાંનાં પરાં મરહેં.... એ હરવણનો ઝીવ પરો સૂટે... હા... રે કરો લેય... હા રે ખેરિયે થકો આવે... આવે'લા પાળે...એ આઁતી આઁતો હેં... પગહોટ વાઝેં... બેંય કૉનિયા મૉડે.... કૉંક ઝનોર આવું કેં હું? (તંબૂર - સ્વર) એ અવેં દસરક હેં. હા રે ધીરે ધીરે પૉગે કેવો આવે. હા ને વળી આઁતો - આઁતી હેં ... હા... રે તમાર દીકરો હું. હા... રે પૉણી લેવા ગો તે લેઈન આવો હું. ના રે ના દીકરો નહીં, કેંમનો દીક્રો થય... થું કુણ હેં? કુણ પાપી? કેહાંન આઈન બા કરેં? હા રે અવેં દસરક હેં... તાલીન આવી વાત...ઊપો ઊપો વિસાર કરે'લા. હા રે આથમાં પૉણ વટઈ ગેઈ હેં.... વારતા આવી કેવી આલેં.....



આઁતી - આઁતો માર વાતાં સોળ રે...(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

આઁખે આઁતળાં, પૉગે રૉટાં...(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

હૉંપળે પાપી મારી વાતો....(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

તમાર દીકરો પરો મારિયો....(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

મારી પૂલ તો પરી ઓઈ રે...(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

આઁતો આઁતો સમરણ મૉડે...(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

અમાર દીકરો પરો મારિયો રે...(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

એ બાપરાં રોયેં રતરે સમરણ મૉડે....(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

ફરતો દીકરો આથાં લેઈન....(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

અરે રૉમ વનકદળીમાં કેથાં ઝાઇયેં રે...(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....

એ વેકુટાં પાલકી આવેં....(૨)
હરવણ કુવોરિયો ૨ા....ઝી....



ઑંતી ઑંતી મોહા બોલેં રે....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

પાપી થારું ઝાઝો ખરીઆ ખોડ રે....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઑતી ઑંતો હરાપ બોલે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

રૉમના ઘરની પાલકી આવેં....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

એ દસરથ ઍંણ પાલોર થારું મરણ થાહેં રે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઑંતી - ઑંતો હરાપ બોલેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

રૉમના ઘરની પાલકી આવેં....(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઑંતી ઑંતો પાલકીમા ઝાય...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

દસરથ રાઝા ખેરિયો આવેં...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઊપો ઊપો માર વિસાર મૉંડે...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

ઝગરામાં આવું ખોટું કૉમ'લા...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....



અદણ- સદણની કાઠી લેય'લા...(૨)
હરવણ કુવોરિયો રા....ઝી....

(તંબુર – સ્વર) ઓ મહરાઝ.. તન કરી ન વાર. હા રે મસ્કલ મોટો વાર... હા રે રૌંક ફીરે સેરમેં... રૌંક દીયે દૉન... કાઠાં ગઑનું કરપલું.... વાઝિયાંની પેંડ. કોરો રોટો.... ઉપર કી.. દેઉ ઉકારસી ને... હા રે ખાઈ પીને રે તગરો રેંકે ને... (તંબૂર – સ્વર) એ અવણ ઑંતી ઑંતો તો હા રે અવં દસરકન કૉય કેં... એ પાપી? હાસું બોલ...હા રે દસરક હેં. હા રે કેંવા હરખી વાત... ઊપો ઊપો વિસાર કરેં...એ.... ઑંખે ઑંતળાં પૉગે રૉટાં. તાલી આવેં નેં વાત. હાસું સ કેવું પરેં... એ હૉપળાં ઑંતા નં ઑંતી વાત... તમારો દીકરો પૂરો મુક્તિ પૉમો....પૂલ મારી હેં.... એ નઝરે નેં ઝોઓ...તીર પરું નૉખું... હા તે પરો મૂઓ.... હા...રે એંમ કેંતાંમા ઑંતા ઑંતીનો પરણ કૌંય ઝાય... એ રૉમન સમરેં. અવણ હોવન હપારો કૉય મૉડે.... રૉમ નં સમરણ કૉય મૉડે.. હા રે દીકરો અતો... હા રે સેરે પાટલે ગૉમે ફરતો. ઝોળીમા કાલીન... તે ઝંગળમાં લેઈન આવો.... અવણ કેંહું ઝાવું? હા... રે કેંણાં કને પૉણી મૉગવું? હા તો મહરાઝ અવણ માલકાંન વારતા રાખવી.... તે વેંકુઠપરમા ખબર કૉય થાય.... અવેં પાલખી આવેં... હા રે અવણ ઑંતી ઑંતો હેં. હા તે દસરક ન કૌંય કેં, એ પાપી? અમારો તો ગો... પૉણ એંણે પાલોરે થારું મરણ થાહેં. અવણ ઑંતી ઑંતો હેં. અમર પાલખીમાં કેવાં ઝય! હા રે અમર કેવાં થય. હા રે દસરથ હેં... એ બાકું ફાટું બકલનું... કી પૉણીનાં મોલ થય... પૂલ થેઈ. ખેરિયો થકો કેવો આવેં.... અવણ હરવણ કનેં આવેં... હા રે મરાઝ અવણ અદણ સદણની કાઠી કૉય મેળેં. હા... રે અવેં હરવણ કુઓરને બાળેં.... વારતા આગી કૉય આલેં....

અદણ – સદણની કાઠી મેળ રે રા...(૨)
દસરથ રા...ઝી...

દરિયાની પાળ ઓરો આવેં રે...(૨)
દસરથ રા...ઝી...



પાલોર તો માર આથમા લેય રે...(૨)
દસરથ રા...ઝી...

ઠોકીરા હરિયો તો માર પાગી નૉખે રા...(૨)
દસરથ રા...ઝી...

દરિયાની માર પાળેં આવેં રા...(૨)
દસરથ રા...ઝી...

પાલોર ન મારું પરું ઘેંહવેં રા....(૨)
દસરથ રા...ઝી...

(એક બાણિયો - એ ઘેંહવી નૉખું'લા.....!)

નીત નીતનો પાલોર ઘેંહવેં રે રા...(૨)
દસરથ રા...ઝી...

એ બાપરા એક દનનો સમાઝોગ રે રા....(૨)
દસરથ રા...ઝી...

એ પાલોરન માર પરું અરાવેં રા....(૨)
દસરથ રા...ઝી...

એ ઘેંહવીનં માર પાતળી કરેં રા...(૨)
દસરથ રા...ઝી...

એ આથમાહી માર પરી વસૂટેં રા...(૨)
દસરથ રા...ઝી...

એ પાલોર તો માર અળું આવેં રા....(૨)
દસરથ રા...ઝી...



બાપરું દરિયામાં માર ભાલોર આવેં રા...(૨)
દસરથ રા...ઝી...

મગોર માસો આવણા લાગો રા...(૨)
દસરથ રા...ઝી...

ઝળનો ઝીવરો ગીલી ગિયો રે રા....(૨)
દસરથ રા...ઝી...

ઓ મહરાઝ... એ દસરથ હેં, હરવણનં કાઠી પર સરાવે... અગની દેયેં... હા રે અવણ હરવણનં સસકારેં. હા રે અવણ ખેરિયો થકો કેવો આવેં. એ અવેં પૉણ એં આવેં.... હા રે ફરી ફરી ઝોયેં. હા રે મરાઝ પાલોર હેં.... આથમા લેયેં.... એ ઑણે પાલોરે તો મારું મરણ હેં, એંમ કઉ હેં.... ઑંતી - ઑંતળે.... એ ઝગમા મેલવું નહીં.... ઘાહવીન તીત્યો એં એંમ કરી નૉખું. પેસ હેંણ મરું! (તંબૂર - સ્વર)એ દસરથ હેં.... એ હરિયો કાટીન પૉગી નૉખે. હા... રે લેઈન કેવો આવેં... હા...રે બૉડી પૉડી પાલોર... અવેં દરિયાની પાળે આવેં.... અવેં કરકરો ડગરો ઝોએં.... તરત કૅામે સાલુ થઈ ગો... એ પૉણી નૉખી નૉખીન કેવો ઘેહવે...ઘેહવી ઘેહવી ઓગનિયો એં એંમ કેંરે.. દન ઝાય દન આવેં.. નીત નીતનો ઘાહવેં હા...રે એક દન ખાલી નેં ઝાય... હા..રે મરાઝ અવેં ખાંમદાંન વારતા રાખવી.... એ કાહવીન ઓગનીઓ એંમ કરી નૉખી... હા...રે એક દન વસૂટી ઝાય. પરેં દરિયામા... હા..રે પાલોર હેં સીપટી... હા રે ઝેંમ પૉણીમા ઝાય એમ કેવી રમેં! એ ઝળના ઝીવરા હેં... હા રે મગોરન માસો...લાંબી નઝરમા આવેં... હા રે ઘણો તૉમીન આવેં. આવેં’લા. હું તીતકાય હેં એંમ કરી નં. વા! વા! (તંબૂર - સ્વર)

એ અવેં માસો આવેં.... પાલોર કૉય ગીલે... હારે ઝળનો ઝીવરો ગીલી ઝાય... હા રે દસરથ હેં... બારો બેઠો બેઠો વિસાર કરેં.... હા રે અવેં તો ફેંણામા ઝાતી રેંહેં. ગડઈ રેંહેં એથી... એ કાટ ખાઈ ઝાહેં.... અવ તો મરણ પરું બસું. હા રે અવણ તો ઝીવણું પરેં... હા રે મરાઝ અવેં દસરથ હેં. એંણા દન અવણ આતમાન



સંતોસ થાય! એંણો બોલો પૉણ પરું મટારી નૉખું. હા રે પેલી તો ઠેકાંણે થાય એ કેંણાંન ખબર હેં! હા રે મગોર – માસો હેં....

ઝળનો ઝીવરો પરો ગીલેં હેં રા....(૨)
દસરથ રા...ઝી...

ઝળમા ખાય ઝળમા એંડેં રા...(૨)
દસરથ રા...ઝી...

એ ખૉમદાંન માર વારતા રાખવી રા...(૨)
દસરથ રા...ઝી...

બાપરા પોઈ તો માર ખેરિયા આવેં....(૨)
દસરથ રા...ઝી...

બાપરા ઝાળીઓ લઈન ખેરિયા આવેં...(૨)
દસરથ રા...ઝી...

દરિયા ન માર હેઢે આવેં રા...(૨)
દસરથ રા...ઝી...

બાપરા ઝાળીઓ તો માર નૉખી કરેં રા...(૨)
દસરથ રા...ઝી...

ઠોકીરા એંણાના આયરાન સમરણ મૉડે રા...(૨)
દસરથ રા...ઝી...

એ દરિયામા ઝાળીઓ પરી નૉખેં રા...(૨)
એ નાવરાંમા બેહીન એરાં એરેં રા....(૨)
દસરથ રા...ઝી...



પેલો પાલોર ગીલો માસો આવેં રા...(૨)
દસરથ રા...ઝી...

ઝાળીમા મારો પરો બતણો રા....(૨)
દસરથ રા...ઝી...

ઠોકીરા તૉણીન પોઈ માર બારો કાટેં રા...(૨)
દસરથ રા...ઝી...

બાપરા માસા ન માર લેઈ ન આવેં રા...(૨)
દસરથ રા...ઝી...

લેઈન માર કેંરય આવેં રા...(૨)
દસરથ રા...ઝી...

એ માસાન માર પરો ફેંદ્યિો રા...(૨)
દસરથ રા...ઝી...

ખેંસીન માર પરો ફારેં રા....(૨)
દસરથ રા...ઝી...

માહું માર પાલોર નેંહરેં રા...(૨)
દસરથ રા...ઝી...

બાપરા ફેરવી ફેરવીન માર એરવા લાગા રા...(૨)
દસરથ રા...ઝી...

આ તો લોઆરન આલહું પૈસા આલહેં રા...(૨)
દસરથ રા...ઝી...

બાપરા લોઆરન કેંરય આવે રા...(૨)
દસરથ રા...ઝી...



પાલોર તો મા૨ પરું વેસે રા...(૨)
દસરથ રા...ઝી...

(તંબૂર - સ્વર) ઓ મરાઝ. એ અવેં... દસરથ હેં... મનમા રાઝી થાય. હા.... રે અવણ તો ઝીવ મટી.

રૉમ - લસમણ

ઓ... મહરાઝ... એ.... કેંવા ઝેરી વા....ત. હા રે મહરાઝ અવેં રૉણી હેં.... એ... રૉણી કૉય કેં....,એ... રાઝા! હા રે વાત તો હૉંપળ? હા રે કેંણાંન આલેં રાઝાન પાટ. હા...રે કેંણાંને આલે ગૉમને ગૉદરાં.... હા ને કેંણાંન હોમાન હેઢિયો આ...લે. હા તો અવેં રાઝા હેં. રૉણીન કૉંય કેં...,ઝગરામાં આવું ખોટું કૉમ. એ... કિયા તો વાલા ન કિયા અરખા! હા રે દીકરા તો મા....ર....હા રે ઝગરામાં આવું ખોટું ને કૉમ. એ... રૉણી હેં... હા તે અવેં રાઝા ન કૉય કેં..., એ... રાઝા! હા રે રૉમન લસ્મણન મેલ વન ખડમાં... હા ને સતરું ભઝ કરે રાઝ... હા રે રાઝા હેં.... હા રે ઊતો પરો વિસાર કરે... એ... એ રાઝા! નકર નેં આવેં તાલી વાત. હા રે મહરાઝ અવેં રાઝા હેં... એ.... દીકરા હરખા. હા રે કેયા અળખાન કેયા વાલા... હા તો મહરાઝ અવેં મનમાં વિસાર કરેં... પૉણ પેંલા સત વસન આ...લા. કપરા કપઈ ગા.... અવેં ઝોર હું કરીન કરેં? ખમા (તંબુર - સ્વર) એ..રૉણી! હા રે દીકરા હરખા.... હા રે કેંણાંન વનવાસ નહીં આલવો.... હા રે વૉંટેં ભાગેં થોરું થોરું આલું... હા પણ હઉં બાપની ઘરથાઈ ઉપર રાઝ કરેં... એ રાઝા! હા રે તુંય કોઈ.... ઉંય કો...ઈ. હા રે રૉમ લખમણ ઑંય રેંવા ઝોઈઝેં નેં. નકર તાલીન નેં આવેં વા...ત હા રે થાર માર ઘેંરવાખરો ટૂટેં... હા તો મહરાઝ અવેં રાઝા હેં... મનમાં વિસાર કરેં, ભલે કરણીના કરથાર. હા રે ઝગમાં આવું ખોટું કૉમ. એ.... એકેંસ બાઈલી કરી... ઑ...ત. હા...તો એક થાંત. કેં બે થાંત. હા તો આતરું બતું નેં થાંત. એ.... બેં તેંણ બાઈલી કરી.... હા... રે હઉંને દીકરા આવા.... હા...રે બાપ એક. દીકરા ઘણા થા. હા તે કેં મેલવાન કેં



નેં...રાઝગાદ્દી એકઝ....તે...અવેં કેયાંન તો વાલા કરું? કેયાં ન અળખા કરું! આથે કરી ન મુટેં હું કરીન કઉં... રૌંડન હમઝવામાં ફેર પરી ગો... હા ને વારતા કેવી હાલે.....

બાપરા હૉકાંવાળા દીકરા..... (૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ રૉમઝી લખણો બૉતમા રે....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ રૉમઝીને ખબર ઓયાં રે...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ બે પાઇયોની જોરી રે....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ બાપરા તેંણ તેંણ રૉણીઓ વાઝે રે...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

બાપરી માહીઓ મેંણાં મારે રે....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ રૉમઝી વિસાર મૉડે રે...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

અરે રાઝા મુટેં હું કરીન કેંય...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ બાપરા નેંહાળ ભરવા ગિયા રે...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...



એ માહી કોરા કાગળ લેવેં રે....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

(એક બાણિયો : એ ઘણા ખમા માલકાં ન! મુખ્ય ગાયક :- હા!)

માહી ખરિયા ખલમ લેવેં રે...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ બાપરા માહી આથે કાગળ લખે રે....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

બાપરાંન કાળાં માંય લખિયું...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ લખિયો વનવાસ....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

બાપરા ભણી ઘણીને આવેં રે રા...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ કાગળ દરવાઝામાં મેલિયો રે રા...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ સતિયાને ઝોતે નઝરે આવેં રે....(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

એ રૉમઝી ઊપો ઊપો એરિયો...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી...

બાપરો કાગળ વૉસવા લાગો...(૨)
વનવાસમાં રેંતાં રે....ઝી....



એ'લા વનનું રાઝ લખિયું રે...(૨)
વનવાસમાં રેંતાં   રે....ઝી...

ઘણા ખમા! ઝીવતા રાં સાતુરો!

(તંબૂર-સ્વર) એ એકાદનની વાત. હા રે મહારાઝ સતઝુગની વારતા... હા રે દોઆ ઝુગનો પોરો. એ...અવેં રૉણી હેં...હા રે અવેં રાઝા હેં. ઝરી ઝરીન પૉઝર થાય. મનમાં વિસાર કરે.., એ...રૉણીઓ મારી... દીકરા મા...રા.. હા પણ ઑણે મુટે હું કરીન કઉં એ... તમે પરા ઝાઝો એંમ નેં કેંવાય ને...હા રે મહરાઝ રાઝા હેં, એ.. મનમાં વિસાર ક...રે, હા તો મહરાઝ અવેં ખાતું પીતું અરણ નેં થાય. હા...રે એંડે ફીરે ઝપ નેં થા...ય. હા તે મહરાઝ તાલી નેં આવેં વા..ત. એ..રૉણી હેં, હા રે મનમાં વિસાર ક..રે. હા તો રાઝા તો કૉય કરવાના નહીં. એ ખરિયા ખલમ આથ ઝાલેં. હા રે કોરા કાગળ લે..ય. હા રે મરાઝ અવેં પેંલા લખે લાડમિયા ઝોઆર! પૂઠેં ખેંમાન કહોર! હા રે પૂઠેંણ અવણ કાળામાંનાં બીરાં કૉય... લખે.. હા રૉમન લસમેંણ. આલું વનવાસનું રા..ઝ.. હા રે બાપની રાઝધાંની ઉપર ગાદ્દી નેં પોગવેં. એ.. અવેં કાગળ લખેં. હા...રે....વનવાસનું કાગળ લખેં. હા તો મહરાઝ લેઈન આ..વેં. એ.. રૉમ ન લસમણ હેં. નેંહાળમાં ભણવા કૉય ગા.. એ મેલે દૉટીના દરવાઝે... હા... ને રૉણી હેં તે લટ લઈન પાસી કૉય વળેં. હા...રે મહરાઝ ભણી ગણી. એ પૉસની સૂમાર થા..ય. નેંહાળમાહા સૂટા પરેં... હા રે અવેં રમતા ખેલતા. એ... ખેરિયા થકા કેવા આ...વેં. હા તો મહરાઝ લાંબી ફાળે સોટે પગલે... હા રે ભૂખા થા હૈય તે આઈ કન ઝાઈન અવણાં ખાહું.. હા તો મહરાઝ રે લાંબી ફાળ સોટે પગલે... એ અવેં ઝોળા કૂદેં! હા ને અવેં હેં તે હીલકા વૉહળ કૉય આવેં.. હા રે મહરાઝ અવેં હેરી ન બઝાર. બઝાર પૂઠણ મેલેં. હા રે મહરાઝ અવેં કલમ કસેરિયાં લગતા કૉય આવેં. હા રે દૉઢીના દરવાઝેં આવેં... હા તો અવેં રૉમઝી હેં... લાંબી નઝરે ઝોયેં.. હા ..રે અવેં કાગળ નઝરમાં આ..વેં. એ બે પૉગે ઊપો રેં.. હા રે લસમણ હેં.. ધખેલ ધખેલ કરેં... એ ભાઇયા... ભૂક લાગી હેં પેટમાં... ઉતાવળો એંડ કેં! હેંનાહો ઊપો થઈ રો હેં? એ..લખમણ, હા રે ઊપો રેં.. હા ને અગળ હું હેં એ તો



ઝોતો ખરો? હા રે મહરાઝ અવેં રૉમઝી હેં.. ઊપો ઊપો કાગળ વૉંસેં. હા રે પેંલા બોલે લાડમન ઝોઆર... પૂઠણ ખેંમાન કહોર! એ.. પૂઠણ બોલેં અવેં આકરાં બીરાં... હા.. ઝગમાં ખોટું આવું કૉ..મ.. હા..રે મરાઝ વનખડ લખો. હા રે મહરાઝ ઑં રાઝ નેં કરેં રૉમ નં લખમણ. આલું વનખડનું રા..ઝ. હા...રે અવેં ટોસીમાં ભૂડકો થા...ય. કાળઝું ટૂટીન.. ભાંડામાં તૉહી ગઉં! એ.. તાલી નેં આવેં વા..ત. હા રે ઊપા ઊપા બે ભાઈ રોયે.. ઝગમાં આવું ખોટુંન કૉમ. દસરતના દીકરા.. હા રે કેયાં ઘેંરાંના પરુણા. ઝગમાં તાલી નેં આવેં વા..ત. ઝીપ તાળવાંની સેટી પરી ગેઇયો. એ...બોરાં એતરતાં ઑંહુઆં પરેં.. હા..રે અવણિયાં ખાવા તો ખાતા ઝૉત... પણ અવણિયાં પેહવું હું કરીન? હા રે વારતા આગી કેવી હા...લે.

એ વિસાર મૉડે માર રૉમઝી રા... (૨)
એ સાયબો મારો હો..હો...

એ વાતો સોળે લસમણને રા... (૨)
એ બૉતમા મારા હો..હો...

ઝાતાઝાતા બૉતમિયા રા... (૨)
એ’લા ઝરણીને પેળા થાતા ઝાવીએ હો..હો..

નહીં ઝોગ રે રેંવાનો રા... (૨)
ઝરણીને પેળા થાતા ઝાવીઓ હો..હો...

નૉનકો બૉતમો લસમણિયો રા... (૨)
ઝરણીને પેળા થાતા ઝાવીઓ હો.. હો..

નૉનકો બૉતમો લસમણિયો રા... (૨)
રૉમને વાતાં પરાં સોળિયો હો..હો..

નહીં ઝાતા માર મારલીને રા...(૨)



આપણા કાળાંમાં એ લાગિયાં એ હો..હો...

લખણેતો બૉતમો લસમણિયો રા... (૨)
વાતાં સોળિયાં ઓ હો..હો..

ઘણા ખમા!...

(તંબૂર સ્વર) એ... રૉમન લસમણ હેં... હા રે મહરાઝ અવેં હરાવણ ભાદરવો કૂરેં! હા ... રે કેંવા હરખી વા..ત. હા ઝગમાં આવું ખોટું ન કૉ..મ. એ.. તાલી નેં આવેં વા..ત. એ.. એંણાંન દુઃખ પરું હેંન આપણાંન રૂગું આવી ગુ હેં! હા તો મરાઝ અવેં ઊપો ઊપો, એ વિસાર ક..રે..ઝગમાં આવુંન ખોટું ન કૉમ. હા...રે. રૉમ હેં...એ... લસમણન કૉંય કેં, એ.. ભાઇયા! હા...રે ઝાવું તો ખરું.. હા પણ ઝરણીન ભેળા થાતા ઝાઇયેં. એ.. રોઈ રોઈન મરી ઝાહેં... હા રે મળતા ઝાઇયેં.. હા... તો મરાઝ લસમણ હેં... એ ઘણાં લખણેતો બૉતમો.. હા..રે.. ભાઇયાન કૉય કેં, બૉતમા! હા..રે લખેલું હેં... એ ..તું વાંસ.., હા રે ઝાવાની વાત સોર. તાલીન આવેં વા..ત. હા તો મહરાઝ અવેં.. રૉમઝી હેં એ.. ભાઇયા હા તે નૉનકો મારો ઘણે લખેણેતો...એ થારું તો નૉમ નહીં લખું....

હા રૉમનુંસ નૉમ લખું... તનં મેલું આઈ કનેં... ન ઉં ઝઉં એખલો.. હા તો મહરાઝ. એ બૉતમા? તનં પેંલો ઉં મરું.. હા... રે ઉં રેંવા મૉગું નેં.. એ.. તનં અગળ ઉં નેંહરું... હા તો મહરાઝ અવેં રૉમ હેં, લસમણન કૉય કેં... એ.. લખેલું તો ભલેં હેં, હા પણ ઝાઇયેં મારલીન મેંલે. એ... મારલી કનહું ભોળવીન કૉંયક કરીન બાના આથનું કબાંણ હબાંણ તો લેતા ઝાઇયેં. રેંવું વનાંખડાં માં. હા રે હૂઓર-હૉબરા મારહું... હા વાઘ સીતરા આપાંન ખાઈ ઝાહેં... એ.. ખતરીના દીકરા... હા અથિયાર તો ઝોઈઝેં... ઠાલા ભૂલા હું કરિયેં? હા તે એતણ તનં કઉં.... હા તો મહરાઝ લસમણ હેં..કૉન મૉડીન હૉપળે. વાત તો હાઉ હાસી.. હા ને વારતા આગી કેવી હા...લેં...

ખેરિયા રે ખેરિયા ઝાવા લાગા રે રા... (૨)
રાઝા રા...ઝી....



ઓ દૉટીનો દરવાઝો પૂઠણ મેલે રા... (૨)
રાઝા રા...ઝી...

એ ધરમર સરે વાદળ મેંલ રે રા... (૨)
રાઝા રા...ઝી...

એ ઝરણીને મેંલમાં ઓરા આવેં રે રા... (૨)
રાઝા રા...ઝી...

અરે ઝરણી આવત હાથેં ખોળામાં લેવેં રા... (૨)
રાઝા રા...ઝી...

એ બતરી તતરી ભોઝન કરે રે રા... (૨)
રાઝા રા...ઝી...

બાપરી થાળીઓમાં તો ઝમિયાં પરોસેં રા... (૨)
રાઝા રા...ઝી...

એ આવા જાય્યા ભોઝન ઝમો રે રા... (૨)
મારલી રા...ઝી...

ઓ રૉમઝી દીકરો વાતાં સોળે રા.... (૨)
રૉમઝી રા...ઝી...

ઝરણી આઝ તો ભોઝન નહીં ઝમતો રા... (૨)
એ મારલી રા...ઝી...

મારલી રમણાની અમાંન હુસ ઓઈ રે રા... (૨)
ઝરણી રા...ઝી....

આયા તીર ક્બાંણ અમાંને આલે રા... (૨)



ઝરણી રા....ઝી...

ઠોકીરા તીર કબાંણ બાપેં કને રા... (૨)
જાય્યા રા....ઝી...

દીકરા મોટા થઈને તમે રમઝો રા ... (૨)
જાય્યા રા...ઝી...

રૉમઝી બૉતમો વાતાં સોળેં રે રા... (૨)
બૉતમિયા રા...ઝી...

એ રૉમઝી મારલીને વાતો સોળે રા... (૨)
બૉતમિયા રા...ઝી...

ઠોકીરા મોટા થઈને રમઝો... (૨)
બૉતમિયા રા...ઝી...

એ રૉમો સોકરો અટ તો લેવેં... (૨)
બૉતમિયા રા...ઝી...

એ રૉમો પરી પરીને રોવેં... (૨)
બૉતમિયા રા...ઝી...

પાઈ સોકરા અટતો લેવેં ... (૨)
બૉતમિયા રા...ઝી...

અરે રૉણી કલમ કસેરિયાં આવેં (૨)
બૉતમિયા રા...ઝી...

એ રૉણી રાઝાને વાતાં સોળે રે... (૨)
બૉતમિયા રા...ઝી...



અરે રાઝા સોકરા મન વિતારે... (૨)
બૉતમિયા રા...ઝી...

એ કબાંણ મને આલઝે.... (૨)
બૉતમિયા રા...ઝી...

બાપરા તીર કબાંણ તું આલે રે... (૨)
બૉતમિયા રા...ઝી...

અરે રાઝા એંડો એંડો બોલે.... (૨)
બૉતમિયા રા...ઝી...

એ રૉણી આથેં નહીં આલતો... (૨)
બૉતમિયા રા...ઝી...

એ રોઈ મેંલમાં ખેલિયાં... (૨)
બૉતમિયા રા...ઝી...

એંણાં સોકરાંને વતારઝે... (૨)
બૉતમિયા રા...ઝી...

રૉણી પાસી મેંલમાં આવેં... (૨)
બૉતમિયા રા...ઝી...

(તંબૂર -સ્વર) તો.. મરાઝ.. હા...રે અવેં રૉમ ન લસમણ.. એ અવેં બતું કેં... હા રે તરત વિખવાસ પરેં. હા રે ઝગમાં ખોટું આવેં કૉમ... હા રે રૉમ હેં... ઘણો કારજી વાળો આદમી.. બાળો ને ભોળો.. હા પણ હમઝવામાં બઉ ઝૉણવાવાળો હેં... એ.. અવે વિસાર કરેં... હારે અવણાં આઈન કઉં તો અવેં તાલકે ભૂડકો થા...ય. ઝગમાં ખોટું આવેં કૉ..મ. એ.. અમાર તો લખું એવું ઝાવું.. પણ કેંરમાં કજિયો પરેં. એ.... નહીં કેવું.... પણ નહીં રેવાતું. કરવું કેંમ? હા તો મરાઝ અવેં રૉમઝી હેં... એ પરી પરીન બે પાઈ રોંયેં... હા તો



મરાઝ અવેં સોકરાં એં, મારલી કનેં રોયેં. હા રે મારલી ઝાઈન બાપને અરજી કરેં... હા રે ઝે કરવું એં એં બાપ કરેં... હા પણ પેંલું મારલીના ખોળામાં રોયેં... હા રે મહરાઝ અવેં રૉણી હેં... દીકરાન કેંમહું આલું.... હા રે મારા આથમાં તો તમાંન ખવરાવું પીવરાવું... હા રે સરસાંમન મનં કન હેંનો....? અવેં તમાર બાપનાં અથિયાર... એ... કલમ ન કસેરિયામાં રાં. અવેં કેંમહાં આલું? હા... રે પાખળ પાખળ ફિરેં. ખોળે લેય, ભોંય પરેં... હા...રે અવેં કૉય નખરા ક...રે.... રોતા ઊપા રેંતા નહીં... એ અવેં રૉણી, હા... રે અવેં ધરમર થકી ઊતરેં વાદ્દળમેંલ.... હા અવેં આવેં કલમ કસેરીમાં... એ અગલા પલા વાત કરે... પૉગની પની ઉંકારો દે..ય. હા અવેં કલમ કસેરીમાં આ....વેં. હા ઊપી રેં... એ... રાઝા! હા તું બેઠો વાદ્દળમેંલમાં. હા ને દીકરા આઝ ફોરા પારેં. એ વિઝકા હેં તે કેંવાની વાત નહીં. હા રે ઝપારેલા ઝપતા નહીં... આલેલું ખાતા નહીં...એ...તીર કબાંણ લેવાની અઠ...લેતી. હા રે મૉનતા નહીં... હા રે રાઝાન ખટ દેઈન ખટકો પરેં. એ... ઝગરામાં ખોટું આવેં કૉમ.... હા રે રૉમ ઠાવો ઝૉણી ગો... હા રે વનવાસમાં ઝાવાનો અવેં... એ... રૉણી! તીર ન કબાંણ પરવામાં પરેલાં, હા... પણ આથે લેઈન નેં આલું... એ.... ઝાઝે તે રૉમને વાત કરઝે.... હા તે વતારઝે. તે એંણાંન લેઈન ઝાહેં. આથેં નેં આલું. હા રે મહરાઝ રૉણી હેં... કેંતે લાગી વા...ર. હા રે લાંબી ફાળેને સોટે પગલે કૉય આવેં. એ... આવીન બેઆંન બથોરેં... એ જાય્યા.... રોતા સૉના રાં....હા ને મારલી હેં તે....કૉય કેં.... હા રે વારતા આગી કેવી હા...લે.

એ....એ'લા હોદ્દાવઝી રે...., સતી દીકરાન વાતાં સોળે,
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે અરે... હોદ્દાવઝી રે...., સતી રૉમઝીન વાતાં સોળ,
રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે..... રૉણી અગળ કરીન લાવેં,
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....



(એક દર્શક : સોરિયાં નાસવાવાળાં હેં)

અરે હોદ્દાવઝી રે રૉણી તીર કબાંણ લેવેં..(૨)
હોદ્દાવઝી રે રોમ રાખેં તેંમ રઇયેં..ઝી...

અરે હોદ્દાવઝી રે રૉમઝી તીર કબાંણ લેવેં... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે... ખેરિયા ખેરિયા આવેં... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે સતિયા ખેરિયા આવણા લાગા... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

એ હોદ્દાવઝી રે રૉણીઓન મેંલમાં ખબર ઓઇયાં... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે સતિયા ખેરિયા આવણા લાગા... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે મેંલાંમાં રૉણીઓ રોવેં... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે પારણેં સોરિયો રોવેં....(૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે આટાં રોવેં વૉણિયા બૉપુણ..(૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે પેલા સતરુ ભઝન રોવેં... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....



અરે હોદ્દાવઝી રે પેલા સતરુન ભઝ રૂંગાં રાળેં... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે રોવેં નગરીવાળાં લોક.... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે માર રોવેં સેરનાં લોક... (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે પેલો સતરુ વાતાં સોળે.. (૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે ઝાયેં સીયાર ભાઈ ઝાયેં...(૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

અરે હોદ્દાવઝી રે બાપરાં રોયે ટૉડાં રોકેં...(૨)
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં...ઝી....

(તંબૂર-સ્વર) તે અવેં રૉણી... હા રે રૉમ લસમણન કૉય કેં... એ ...તીર કબાંણ ઝોઈન આવી. હા રે એંડાં જાય્યા ... હા રે લેઈન પાસાં આવિયેં.. હા રે મહરાઝ અર્વે તીર કબાંણનું કેંતાંમાં તિયાર થઈ ઝય... એ.. લાંબી ફાળન સોટે પગલે. હા રે મહરાઝ અવેં મારલી વતારેં, હા ને દીકરા કૉય લે...ય. હા રે મહરાઝ લેઈન પાસા વળા. એ મારલી? રમી ઝાઈ, અનં પાસા આવિયેં.. પાસા આવિયેં ઝંગળમાં.. હા તો મહરાઝ આઝ કેવા વળા હેં... એ મારલી હું ઝૉણેં કે કેંમ ઝય.. હા રે મહરાઝ ખેરિયા ખેરિયા આવેં.. હા રે મેંલમાં ખબર થા...ય. હા રે રાઝા દસરથન ખબર થાય. ઝગમાં આવું ખોટું ન કૉમ... એ રૉમન લખમણ ગા વનવાસ... હા તાલી નેં આવ વા...ત. હા રે મહરાઝ અવેં રોવે રૉણીઓ... હા રે રોયે રૉણીઓની દાસીઓ, એ ઝગમાં આવું ખોટુંન કૉમ.. હા રે રૉમ વનવાસ.. ઝા...ય.. હા તે મહરાઝ અવેં આટેં રોયેં વૉણિયા ન બૉપુણ એ.. બઝારમાં રોયેં સેંરનાં લોક.. હા રે હેરિયે રોયેં સારણ ન ભા...ટ. હા કેવા હરખી વાત. અ...



અવેં માહીવાળાંન ખબર થાય... તાલીન આવેં વાત... એક બાના દીકરા... હા રે ઘણું અતું થોરું મળહેં... હા રે નહીં બાનું ખાવું... ઝાઇય સારે સાર... અવ મારલી હેં, એ.. ઘણે વરખે તો પેલાંન કાટા હેં...તમે કેંય ઝૉ.. ખમા! (તંબૂર-સ્વર) એ...અવેં મારલી હેં... વાઁહળ આવેં.. હા રે સતરુ ભઝ હેં તે કેવા આવેં.. એ... રૉમ લખમણ હેં... હા રે પૉણી પીવાની પેંણ ... ખાવ ખાવાની આકરી.... હા... રે. હવેં હેરી બઝારાં પૂઠણ કૌંય મે..લે! હા ને વાઁહળ માહીવાળા હેં તે કેવા આવેં... એ... ગૉમનાં લોક હેં... અવણ પેલા તો પૂઠ વાળવાની પેંણ.. પૉણી પીવાની આકરી, કોઈના બોલાવેલા બોલેં નેં... હા રે વાળેલા વળેં નેં.. હા તો મહરાઝ ગૉમનાં લોકો ખબેંર પારેં... એ...રાઝગાદ્દી તો સાપ હૂની પરેં. એ એંણાંન પાસા વાળાં... હા તે રાઝગાદ્દી તો હપાળહેં... હા તો મહરાઝ અવેં પેલા નેં પાસા વળેં.. હા રે રૉમ લખમણ હેં તે અવણ ખેરિયા થકા કેવા આવેં... હા ને વારતા આગી કેવી હાલેં...

બાપરા ખેરિયા ન ખેરિયા આવેં રે.. (૨)
વનવાસમાં રેંતાં...ઝી...

એ રૉમઝી ખેરિયો ખેરિયો આવેં ... (૨)
વનવાસમાં રેંતાં...ઝી...

એ બાપરા વનને વાટે આવે... (૨)
વનવાસમાં રેંતાં...ઝી...

બાપરા કેયાં તીલાંનાં તાપણાં... (૨)
વનવાસમાં રેંતાં...ઝી...

ઠોકીરા તરકાંણ હૂઓર રે... (૨)
વનવાસમાં રેંતાં...ઝી...

એ બાપરા વન કેં વનનાં....(૨)
વનવાસમાં રેંતાં...ઝી...



સતિયો કુણ કરેં વનની વારે... (૨)
વનવાસમાં રેંતાં...ઝી...

વનમાં રાતો પરિયો રે...(૨)
વનવાસમાં રેંતાં...ઝી...

સતિયો દનરા ડાવા ડુગરા...(૨)
વનવાસમાં રેંતાં...ઝી...

અરે ખૉમદાં હોરાના રેંનારા...(૨)
વનવાસમાં રેંતાં...ઝી...

એ મારલીને કણા અતા લાડકા રે...(૨)
વનવાસમાં રેંતાં...ઝી...

એ પાઇયા કેણાંને અરજી કરીએ...(૨)
વનવાસમાં રેંતાં...ઝી...

(તંબૂર-સ્વર) એ.. સતિયા હેં... હા રે રૉમ નં લસમણ... હા રે તીર કબાંણ લેય... હા રે ખેરિયા થકા કેવા આવેં... એ આવેં વનકદળીની વાટે.. હા તે મહરાઝ અવેં ગૉમ ગૉદરાં પૂઠણ મે...લે. લાંબી ફાળન સોટે પગલે... એ... માહીએ વનવાસ આલો..! હા રે કરવો વનેંવાસ.. હા... તે મહરાઝ રે બાર વરસનો વનવાસ... એ.. ઝીવતા હૈય તો પાસા આવિયેં.... હા ને મૂઆ નરવર ગડ ઝોઆર... હા રે મહરાઝ હેરિય આવેં... ફરી ફરી નમણ કરેં.... ગૉમ ગૉદરાંન નમણ કરેં... હોરાં રેંઝો ગૉમન ગૉદરાં ... હા રે હોરાં રેંઝો વાદળન મેંલ.. એ હોરી રેંઝો માહિયાંન આઈ! હા રે કરમમા લખેલું હેં તો ભોગવણું હેં... હા તો મહરાઝ રૉમ ન લસમણ હેં... એ... લાંબી ફાળન સોટે પગલે... ગૉમ-ગૉદરાં પૂઠણ મેલે... હા રે મહરાઝ રે અર્વે આર્વે વનની વાટે....

એ..આ વનખડ પૂઠણ મેલેં. બીઝો લેય... એ... બીઝો વનખડ પૂઠણ મે...લેં. હા રે મહરાઝ અવેં વનાંખડાંમાં આ...વેં. એ દનરા ગા ડાવે ડુગરે...



હૂરલા ગા હોવન ને માળિયે. હા રે મહરાઝ વન કેં વનનો.... વનમાં કુણ કરેં વાર! હા રે વનની વાર કોઈ નેં કરેં... એ... એંદુએ ગાય, તરકરે હૂઓર! હા રે મહરાઝ કેં તીલાંનું તાપણું... હા રે દનરા ગા ડાવે ડુંગરે... હૂરલા ગા હોવન માળિયે- એ ઝૉપા ભીરા કૂતા સપા...ડાકણ સાકણની વેળા... રાતના ભૂતભાઈ ભૂઝારે રેંમેં! કેંવા હરખી વા..ત. એ... હૂતે તે ઊગ નેં આવેં... હા રે એડેં લાઓ પૂરો નેં થાય. બેઠે ઝપ નેં થાય. એ કિયાં તીલાંનાં તાપણાં... તાપણાં....કેંથી તારા નેં નેંહરા તે... હા તે મહરાઝ અવેં બેંયન સેત આવેં... એ ઘણા લાડકા મારલીના ખોળામાં લોટતા... દનમાં તેંણ વખત ખાતા... વેગા ખાતા. બપોરે ખાતા... હોઝેં ખાતા. આઝ તો એક વારય મળું નહીં! એ... અવેં ઝેંમ રાખેં એંમ રેંવું... હા રે આલો તો વનવાસ! હા રે અવેં ભેંહ કેદિ' ભાદરવો સેતવેં.... પરી મરેં.... એ અતારે તો મરોહ મરોહ હારાંન ઘેંર....

(તંબૂર-સ્વર) એ બેં પાઈ, હા તો મહરાઝ વનમાં બેઠા બેઠા વિસાર કરેં... તાલીન આવી વાત. હા... રે અવેં હબળું બોલિયેં તો કોઈ નહીં...હૉંપળે. નબળું બોલિયેં તો કોઈ હૉંપળેં... તે.. કિસ્મતમાં લખું એ હાસું.... એ નબળું હબળું સેતમાં નહીં ઑણવું.... હા રે વાઘ સિતરા ખાઈ ઝાય તો મૂઆ નરવર ગડ ઝોઆર! હા રે લસમન નૉનકો હેં. હા પણ કેવળી મોટી સાથી આલેં. હા ને વારતા કેવી અગી આલે....

દીકરા વનવાસમાં ઓરા આય્યા...(૨)
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...

અરે સોકરાંને નેંદ નેં આવે રે રૉમ લેંરી...
એ હોરાના રેંનારાંન દોરી આવેં રેં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...

અરે ઝોધાંન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...
એ લસ્મણ નૉનકો વાતો સોળે રે....
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..



ઠોકીરા નેંદ નેં આવે રે રૉમ લેંરી...
એંણાં સતિયાંને દોરી આવે રે...
ઊગ નેં આવે રે રૉમ લેંરી...

એ બેઠા બેઠા રે વિસાર મોંડે,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
ઠોકીરા નેંદ નેં આવે રે આવે રે રૉમ લેંરી...

એ દસરથના માર દીકરા વાઝેં રે...
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
બાળા રુખરિયાંન નેંદ નેં આવ રે રૉમ લેંરી...

એ અઝર વઝર રાતો કાટે,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
એંણાને નેંદ નેં આવે રે રૉમ લેંરી...

એ ઝારે ઝનોર પરાં બોલે રે,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
એંણાંને નેંદ નેં આવે રે રૉમ લેંરી...

એ ઝારે ઝનોર પરાં બોલે રે,
ઊગ નેં આવે રે રૉમ લેરી...
એ રે રૂખરિયાંને નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ પરથીનો ધણી બારણે આવેં રે,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...
એંણાંને નેંદ નેં આવે રે રૉમ લેરી....

એ વનમાં ફિરેન વનમાં રય’લા,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...
એ રે સોકરાંને નેંદ નેં આવે રે રૉમ લેંરી...



એ પરથીનો ધણી પરો ઊગિયો રે,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...
એ ઝોતાંને નેંદ નેં આવે રે રૉમ લેંરી...

ખેરિયા ખેરિયા ઝાવા લાગા રે,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...
બીઝાં વનાંમાં ઝાવણા લાગા,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...

બાપરા ધનક રાઝાના ઝોડમાં આવેં રે,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...
એણાંને ખરે બપોરે,
ઊગ આવે રે રૉમ લેંરી...

એ ખરે બપોરે નેંદ આવેં,
ઊગ આવે રે રૉમ લેરી...
તીર કબાંણ નેંસાં મેલાં રે,
ઊગ આવે રે રૉમ લેંરી...

ધનક રાઝાના ખેતરમાં,
ઊગ આવે રે રૉમ લેંરી...
એ ઊગના માર બેઠા ઓયા રેં,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...

એ તીર કબાંણ માર ભૂલી ગિયા,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...
એ ભૂલી ન માર દૂરા આવા,
ઊગ નેં આવે રે રૉમ લેંરી...



(તંબૂર-સ્વર) એ.. અવેં સતિયા હેં, હા રે મહરાઝા હૂતેં ઊગ નેં આવેં... બેઠેં ઝપ નેં થાય... એંડે લાઓ પૂરો નેં થાય.... તે- બેઠા બેઠા વિસાર કરે... ઝગમાં આવું ખોટુંન કૉમ. તાલી નેં આવી વાત. એ.. કિસમતમાં લખું એ હાસું. હા રે કરોર વિસારા કરિયેં. હા રે ગોડિયેં તો પૉણી આવેં.... હા રે મહરાઝ ગોતિયેં તો ખરેખર મળેં.. એરેં ભાળેં નેં મળેં... હા રે મહરાઝ, આથ ઈલારિયેં તો ખાવા મળેં... હા રે ઈલા વગળ નેં મળેં...હા તો મહરાઝ અઝર વઝર રાત કાટેં. ઑંખેં ઊગ નેં આવે. એ ઝાળે ઝનવર બોલેં... હા રે મહરાઝ પૂરી ભાઠાંનો હોળમો ઊગેં... એ ...ઊગેં પરથીનો ધણી... હા...રે મહરાઝ પરથીનું રૂપ! કેંવા હરખી વાત.. એ... સોકરા હેં.. હા રે મહરાઝ અવેં ઑય મગરેં સરીન ઝોય... એ... બીઝે... મગરેં સરેં... હાયરાંન હૂઓર... વન દેખાય... હા કેંવા હરખી વાત. એ.. વાઘ સિતરા ખય. મૂઆ પૉણ નરવર ગડ ઝોઆર...! હા રે પાસા તો કેદ્દિ' વિસાર કરીન નહીં વળવાના.... હા રે મહરાઝ અવેં રૉમન લસ્મણ હેં... એ... એંડે ફિરેં મઈના કાટેં...હા... એંડેં ફિરેં દનરાત... ય. હા... વનમાં હૂએં વનમાં ખ..યેં. હા બેહવા ઊઠવાનું ઠેકાંણું ઠૉમ નેં...હા...રે કેં તે બેહવું ન કેં હૂવું... હા રે મહરાઝ આઝ તો એંણાં રૂખ એઠણાં... કાલ બીઝે ઠેકાંણ... હૂવું હા... તે અવેંણ ખાંમદાંન વારતા રાખવી. એ.. સમય થાય... બે તેંણ સાર વરહાં થય... હા ને અવેં હૂઓર હૉબરાં ઑંહળ પરેં.. એ.. રેપરતા રેપરતા કેવા લાવેં! હા તે ઑણ હેંય ખરા! હા રે મહરાઝ અવેં ઝગળમાં ખતરીનું કૉમ કરેં... હા રે હાઉ ખળબળ ખતરી... કેંવા હરખી વાત.. હા રે મહરાઝ વાવા! અવેં ખેરિયા થકા આવેં.. એ... આવેં ધનેંક રાઝાના દેસમાં. હા રે ખૉમદાંન વારતા રાખવી... ખરે બપોરે નેંદ આવેં... હા તે બે ભાઈ અવેં ધનેંકના ખેતરમાં કેવા પૉટેં!

હા રે ઊડેં ઑંખિયાંવાળી નેંદ.. નેં આઝસ કેવા નેંહરા હેં.... તીર કબાંણ રો એંણ ઠેકાંણેં..આવઝો દીવાળી વેગી.... હ હા તે મહરાઝ વા! વા! ખેરિયા થકા આવેં... ગા એંણી વાટેં... હા ને વારતા કેવી આલેં...

હા કરમાં ઊગો હોળમો પાંણ રે,
હોળમો પાંણ રે..



સીતમા રા...ઝી...

એ...એંલા કરમાં ઊગો હોળમો પાંણ રે,
હોળમો પાંણ રે રા...

સીતમા રા...ઝી...

ઠોકીરા હોળ હોળ હેરું ધનક્ને રા...
હોળમો પાંણ રે રા...

સીતમા રા...ઝી...

એ'લા બાર હેરું અળાં વાળાં રા...
અળાં વાળાં રા....

સીતમા રા...ઝી...

એ એ'લા બાર હેરું તેઆર ઓયા રા...
તેઆર ઓયા રે રા...

સીતમા રા...ઝી...

એ તળવા ધોરું પરા ઝોરે રા.....
પરા ઝોરે રા....

સીતમા રા...ઝી...

એ ધૂહળી માથે, અળ મેલે રે રા....
અળ મેલે રા....

સીતમા રા...ઝી...

એ બાર કળહણી ખેરિયા આવેં રા...
ખેરિયા આવેં રા....

સીતમા રા...ઝી...



એ'લા ધૂદ્દળી ધૂદ્દળી રેતો ઊડે રા...
રેતો ઊડે રા...
સીતમા રા...ઝી...

બાપરા ખેતરમાં ઓરા આય્યા રા...
ઓરા આય્યા રા....
સીતમા રા...ઝી...

એ અળાં નેંસાં ઉતારે રા...
ઉતારે રા....
સીતમા રા...ઝી...

એ'લા આડી અવળી અળાં તૉણે રા...
અળાં તૉણે રા...
સીતમા રા...ઝી...

એ'લા ખેરતાં કબાંણ નઝરેં આવે રા...
નઝરેં આવે રા...
સીતમા રા...ઝી...

ઠોકીરા એક કળહણી એરી ઝાય રા...
એરી ઝાય રા...
સીતમા રા...ઝી...

ઠોકીરા બીઝાને પરો લેવેં રા...
એરી ઝાય રા....
સીતમા રા...ઝી...

ઠોકીરા તેંણમાને માર એલો મારે રા...
એલો મારે રા...
સીતમા રા...ઝી...



ઠોકીરા સારમાન માર એલો માર રા...
એલો માર રા...
સીતમા રા...ઝી...

બાર કળહણી પરા સૉંટા રા...
પરા સૉંટા રા...
સીતમા રા...ઝી...

એ’લા એ કબાંણ માર નહીં લેઈ હકતા રા..
નહીં લેઈ હકતા રા....
સીતમા રા...ઝી...

એ બાર અળાંના બળદ ઝોરે રા...
બળદ ઝોરે રા...
સીતમા રા...ઝી...

(એક બાણિયો : એ નહીં તૉણી હકતાં મુ.ગા. હા!)

એ ઠોકીરા હારાં અળાંનાં નારાં તોરે રા...
નારાં તોરે રા...
સીતમા રા...ઝી...

(તંબૂર-સ્વર) ઓ ....મહરાઝ! હા...રે સતઝુગની વારતા... એ...દોઆ ઝુગનો પૉરો... હા રે કળઝુગનાં મૉનવી... કિયાં તીલાંનાં તાપણાં! હા રે મહરાઝ અવેં ધનેંક હેં... એ હોળ હોળ, પસી પસી, હેરું રાખેં.. હા પણ દીકરી તો હેં પણ દીકરો તો કંટીય નહીં.. એ.. અવેં બાર હેરું તો અળાંસ વાળા હેં... હા રે મહરાઝા રાઝા કૉય કેં... એ.. હેરું? હા...રે સાર વાગેં ઊઠા થાઝો... હા બળદાંન સાર પૂળો કરઝો... હા રે હવેળો નમર ખેરીન કૉય મેલવો નહીં હેં.... એ.. હેરું હેં, હા રે સાર વાગેં બેઠા થાય. હા સાર પૂળો કરેં...કરમાં ઊગો હોળમોન પાંણ... એ.. અવેં માથેં.. તૉણીન બારા કાટેં.. હા રે અવેં કૉંધમાં



ધૂહળી કૉય મેલે.. એ.. અવેં અળફૉરો સરાવે.. હા રે મહરાઝ પોતપોતાના પરેંણા.. વોટ્ટિયામાં પૉણી.. હા ને હેરું હેં.. એ અવેં આકેં લાંબાં ન મારગાં... હા રે ખૉમદાંન વાત રાખવી અગળ તો એવો પાટ પરેલો હેંકેં ન.

(તંબૂર-સ્વર) એ... ખેરિયા થકા આવેં... હા રે આવેં મારગાંની જોર. એ.. અવેં ખેતરમા આવેં... હા તે મહરાઝ એ હેટાહા રય... અળાં નેંસાં ઉતારેં.. પોત પોતાનો નાળવા દેય...હા ને અવેં પરેંણા આથમા કેવા લેં..ય. હા રે ધોરુંઆંની આર દેવરાવેં. આડા અવળા અળા તૉણેં... એ બાર અળાં એં પેસણ હું કેંવું પરેં! હા રે મહરાઝ અવેં એક અળ ન બીઝે અળ.. રેંવી ઝગમાં વાત. હા રે મહરાઝ અવેં એક બાઝું ધનુસ કબાંણ પરેલું હેં... ખેરતા ખેરતા આહના આવેં... હા રે મહરાઝ અવેં અગળવાળો હેં... અળ ઊપું મેલેં... અળો લેતો તે અળામાસ આવું... એ ઝાઈન સૉંટી ઝોય... એંણ ઠેકાણેં તો રેં ઝગમાં વાત..હેંહરતું નઈ.. એલા ધૉમી આવાં કેં.. એ.. બીઝાન બોલાવેં... હા રે બેં થઈને કરે... વાત કરવી નેં...એ... તેંણમાન એલો મારેં... હા રે હેંહર તો ખરું! હા રે સારમાન એલો મારેં.... હારા સૉંટેં પૉણ વાત નેં... એ... અવેં પોસમાન એલો મારેં... હા તો અવેં પૉસમો આવેં... સૉમો આવેં... આવા આવા તો બારેં કળહણી આવેં... એ.. આથાંમાં આથ પણ હેંહરાવે કુણ... તાલી નેં આવેં વાત.. એ ઠોકીરા પરા થાકા! હા એંમ કરાં... એક અળના કાટી લાવાંન'લા.. હા રે મહરાઝ એક અળના બળદ ઝોરેં... નારું પરું તોરેં... બીઝા કાટી લાવેં.. હા રે આવા આવા બાર અળાંના બળદ ઝોરેં... એક નારું હાઝું નેં રેં.. એય નવરા થઈ ગા! હ હા રે કેંવા હરખી વા..ત. એ.. અવેં હેરું હેં.. હા રે નારાં વેંણા હું અળાં આકેં? એ કાટી સોરી મેલીન અવેં સારેંન કેવા બેઠા હેં... ખાવાની ટેંમ થા..ય. હ હા રે લાંબી નઝરે ઝોયેં... કોઈક તો આવહેં તો ખરું! હા ને વારતા આગી કેવી આલે...

એ સીતમાન સતી વાતાં સોળે રા ...
વાતાં સોળે રા...
સીતમા રા...ઝી...



હૉંપળે મારલી મારી ન વાત રે રા...
મારી ન વાત રે રા...
સીતમા રા...ઝી...

એ આપેણ હેરું ભૂખે મરે રા...
ભૂખે મરે રા...
સીતમા રા...ઝી...

એ મારલી ખાવાન આલવા અમે ઝાઇયેં રા...
અમે ઝાઇયેં રા...
સીતમા રા...ઝી...

મારલી ખાવા આલીને પાસી આવિયે રા...
પાસી આવિયે રા...
સીતમા રા...ઝી...

એ વાટકીમાં રોટો પરો મેંહળે રા...
પરો મેંહળે રા...
સીતમા રા...ઝી...

એ'લા ગૉળ રોટાનું સૂરમું કરેં રા...
સૂરમું કરેં રા...
સીતમા રા...ઝી...

એ પાહેરીમાં કીએં લેવે રા...
કીએં લેવે રા...
સીતમા રા...ઝી...

એ ખેરિયે ખેરિયે સીતમા આવેં રા...
સીતમા આવેં રા...
સીતમા રા...ઝી...



એ અગલા પલા વાતાં રે રા...
વાતાં રે રા...
સીતમા રા...ઝી...

ઠોકીરી પૉગની પની ઉંકારા દેએ રા...
ઉંકારા દેએ રા...
સીતમા રા...ઝી...

બાપરી રમતી ખેલતી સીતમા આવેં રા...
સીતમા આવેં રા...
સીતમા રા...ઝી...

એ લાંબી નઝરે હેરું ભાળે રા...
હેરું ભાળે રા...
સીતમા રા...ઝી...

આઝતો બાઈ સીતામા ખેરિયાં આવેં રા...
ખેરિયાં આવેં રા...
સીતમા રા...ઝી...

(તંબૂર-સ્વર) એ.. સીતા હા રે મહરાઝ અવેં મારલીન કૉય કેં.... હા મારલી હઝાઈ મૉંડે.. એ...બાર હેરું ગા! હા દનરો સરો હવાન પોર.. તે ભૂકાંના મરેં.. હા તો મહરાઝ અવેં સીતમા હેં... માઝીન કૉય કેં... એ...મારલી? ન'તાં એતણ તમે કૉમ કરતાં.. એ.. એવું ટૉપું ટીપું તો કરિયેં એવી થેઈ.. એ.. ઝઉં ભાત લેઈન... આલીન પાસી આવું.. હા તે મારલી હેં.. એ.. સીતા, મોટાંનાં મૉનવી. લાઝનો ઢગલો! એ લોકો નદિયા કરે.. હા...રે તમાંન નહીં ઝાવું.. એ ઘણા નોકર ને સાકર... હા રે સતા ઝાહેં...હા...રે એ મારલી! હા રે ઝઉં એવી હું ને! હા તો મહરાઝ, એ...વાટકીમાં રોટો લેય. ગૉળ મોઈન સૂરમું કેવું કરેં... ઓઈ! આઈ! દદરેં એવું કરેં હેં! હા કેંવા હરખી વા..ત.. એ.. પાહેરામાં કી લેય.



હા રે એ મારલી! સીતામા વાત કરે.., હા ઑણી ઘરીમાં પાસી આવું.. હા ખૉમદાંન વારતા રાખવી. એ.. અવેં ધરમર ઊતરેં વાદળ મેંલ.. એ.. લોટીમાં પૉણી લેય.. હા રે મહરાઝ અવેં ખેરિયે થકી કેવી આવેં.. હા રે કેતરા ઝણા હેં ને હેંણ ધાપહેં એંણે પૉણીએ..? હા રે લાંબી ફાળન સોંટે પગલે. હા રે સોંપી તો પેયાળ ઊડીસ રેં સરગે! પરથીવાળાં રૂપ! આઝ તો સૂરુઝ ઝૉંખો ઝા...ય! પેટ પીયાંણિયો હાપ! હા રે માથું પણસિયું નાળેર.. એ.. નઈણાં ખાંડાની ધાર! કકુવરના ઓઠ.. નાક દીવાની હો..ગ. આઁખે ભમરા લૂંબા. મુટું પૂનમિયો સૉંદ.. ખાતેં હરેં પણ હદ્દા દેખેં હરેં....

(તંબૂર-સ્વર) એ બાઈ... હા રે પેટ પીયાંણિયો હાપ. હા રે ઉખળો એંમ ડૂટી... એ.. વાઁહો આબૂની ભાજ. હા રે આથ વરલાની વરવાઈ.. હહારે દેવોળ કેરા થાઁપ પૉગ...કેવા હરખી વા..ત. બાઈ એંડે તેંમરી વાઝેં... એ... હેરી બઝાર પૂઠણ મે...લે. હારે અવેં સીતા હેં, મૉણકસૉક પૂઠણ મેલે. લાંબી ફાળન સોંટે પગલે. એ... અવેં ગૉમન ગૉદરાં પૂઠણ મેલે.. અગલા પલા વાત કરે.. હા ને પૉગની પની ઉંકારો કૉય દેય! એ.. ફેંટેં રમતી આવેં.. હા રે વળી અવેં.. થોરાં થોરાં રૂખાંન ઝણનાં આવેં. હાઉ હોયમણાં ઝીવરાં બોલેં... હા લવતા મોરિયા બોલેં... હા સતુર હેં, એ.. કેંર રય થકેં તો કૉય ઝોવા નેં મળે.. આઝ ભાતે આવી તે આઝ એરવા મળું... હા રે અવેં સીતમા હેં... ખેરિયે થકી આવેં.. હા રે હેરું હેં, લાંબી નઝરે ઝોયે... હા તો સતુર નઝરમાં આવેં... ઓ..હો આઝ તો રાઝાની કુવરી! કેંવા હરખી વા..ત! કેંમહી બારી પરી... તે લોટીમાં તો વળી પૉણી હેં... વળી થોરું એકણ કૉંક દેખાય. આથમાં વળી કૉયેંક હેં.એ... આઝ તો કૉય રીહઈન નેંહરી હેં કે હું.... આઝ કેં ઝાતી એં.... હા રે અવ રમતી ખેલતી આવે... હા રે અવેં હેરુંઆં કનેં. હા ને વારતા આગી કૉય આ...લે. આલેં પરી...

ખેરિયે ન ખેરિયે સીતમા આવેં રા...
સીતમા આવેં રા...
સીતમા રા...ઝી...



એ હેરુંઆં કનેં સીતમા આવેં રા...
સીતમા આવેં રા...
સીતમા રા...ઝી...

એ લોટીમ પૉણી નેંસું મેલે રા...
નેંસું મેલે રા...
સીતમા રા...ઝી...

એ પાહેરીમ કી માર નેંસું મેલે રા...
નેંસું મેલે રા....
સીતમા રા...ઝી...

એ બાર કળહેંણીઆંન વાતાં સોળે રે...
વાતાં સોળે રે...
સીતમા રા...ઝી...

એ'લા હૉંપળો હેરુઓ મારી વાત રે..
મારી વાત રે...
સીતમા રા...ઝી...

ઠોકીરો તમારે કીઝણ ભાત લાવી રે રા...
ભાત લાવી રે રા...
સીતમા રા...ઝી...

એકીકાં હાર ઝોઈને આહેં રા...
ઝોઈને આહેં રા...
સીતમા રા...ઝી...

(એક બાણિયો : એ થોરુંક હેં. હું ખાહું? મુખ્ય ગાયક : હા!)



ઠોકીરો મોટાં મોટાં તમે પૉનાં કરઝો રા...
પાનાં કરઝો રા...
સીતમા રા...ઝી...

ઠોકીરા રીહના ભરા ઝાવા લાગા રા...
ઝાવા લાગા રા...
સીતમા રા...ઝી...

એ મોટાં મોટાં બાઝરાં કરેં રા...
બાઝરાં કરેં રા...
સીતમા રા...ઝી...

એ ઠોકીરા અળેં અળેં બેહવા લાગા રા...
બેહવા લાગા રા...
સીતમા રા...ઝી...

(એક બાણિયો : એ વૉટિ હેં'લા! મુખ્ય ગાયક : હા!)

એક હેટાહી સતુર રેં હેં રા...
સતુર રેં હેં રા...
સીતમા રા...ઝી...

એ બાપરી સૂનરીન સેરે કબાંણ રોકેં રે રા...
કબાંણ રોકેં રે રા....
સીતમા રા...ઝી...

ઝેંમ એંડે એંમ વૉંહળ તણાય રે રા...
વૉંહળ તણાય રે રા...
સીતમા રા...ઝી...



ઠોકીરી બાઝરાં પરી પરી સૂરમાં વોઁટે રા...
સૂરમાં વોઁટે રા...
સીતમા રા...ઝી...

(એક બાણિયો : એ ધાપી.. ધરઈન ખાં! મુ.ગા. હા!)

ઠોકીરા ખાતા ખાતા માર પરા થાકા હેં રા...
પરા થાકા હેં રા..
સીતમા રા...ઝી...

એ વાટકીમ સૂરમું નહીં ખૂટતું રા...
નહીં ખૂટતું રા...
સીતમા રા...ઝી...

પાહેરીમાં કી નહીં ખૂટતું રા...
નહીં ખૂટતું રા...
સીતમા રા...ઝી...

ઠોકીરી લોટીમાં પૉણી સળો કરાવેં રા...
સળો કરાવેં રા....
સીતમા રા...ઝી...

એ લોટીમાં પોણી નહીં ખૂટતું રા...
નહીં ખૂટતું રા...
સીતમા રા...ઝી...

એ બાપરી ખવરાવી પીવરાવી પરી ઝાય હેં રા...
પરી ઝાય હેં રા...
સીતમા રા...ઝી...

એ સૂનરીન સેરે કબાંણ ઝાય હેં રા...



કબાંણ ઝાય હેં રા...

સીતમા રા...ઝી...

એ બાર કરહેંણી વિસાર મૉડે રે રા...
વિસાર મૉડે રે રા...

સીતમા રા...ઝી...

ઢોકીરા આતો વાઝેં મોટી ડાકેંણ રા...
મોટી ડાકેંણ રા...

સીતમા રા...ઝી...

(તંબૂર-સ્વર) એ અવેં સીતમા હેં, હા રે ભાત લેઈન આવેં. હા રે મહરાઝ અવેં લોટી નેંસી મેલેં. હા રે પાહેરીમાં કી નેંસુ મેલે.. હા ને અવેં હેરુઆંન કૉય કેં, એ.. કળહણીઓ! ઢીલ કરેં મોરું થા...ય. એ.. તમાંન ભૂખ નહીં લા...ગી? એ.. ઝૉવ ખાખરે.. મોટાં મોટાં પૉનાં કરાં! હા...રે હદ્દા નબળું મળતું. પણ આઝ તો એવું લેઈન આવી હુંનક ઝે... કૉય કેંવી નહીં, સૂતાં સૂરમાં! હા રે મહરાઝ એકીકાં હારણ ઝોય...એ.. વાટકીમાં તો સૂરમું! પાહેરીમાં એકણ હું હેં? લોટીમાં પૉણી... એ.. એકાન સળું નહીં થાવું... હા ને એકેં ઝણાન એકેં ઓઠ નહીં થાવો! એ.. હાઝી ખોટી કરવાની હેં...હા તો હીખેંરાં એંણી ન આલું હેં તે ખાતી ખાતી લેઈન આવી હેં! એ.. અવેં ઝોઇયેં તો ખરા! ...હા રે... મહરાઝ અવેં ખાખરે તૂલય... મોટી મોટી બાઝો કરેં... આપેંણ ભોટો કરેં.... કરે એ ભોટો ઊસો ખીલીન મોટી મોટી કરેં! વા! વા!

(તંબૂર-સ્વર) એ અવેં મોટી બાઝ કરેં .. હા ને અવેં વળી આપ ઝેવા હરદ્દાર ! એકી રાતના ઝણેલા.. હા ને એકી ઓળીના ઢુંઢિયા! ઓળેંય કેવાક બેહે.. હા રે મહરાઝ અવેં સતુર હેં.. એ.. વૉંટવા ઊઠી થા..ય. હા ને સૂનરીના સેરામાં કબાંણ કૉય ભરાય! વૉંહળ કીટકી તણાય એં એંમ પૂઠણ તણાય.. એ... અવેં પેંહો ભરી ભરીન આલેં... સૂરમું આલેં'લા... હા પણ વાટકીમાં તો ખૂટે તો ખરું! ભરેલું ન ભરેલું હેં...! હા રે બાઝરાં ઢોળાઈ ઝય. ના કય તેંર રવા દેય.



ખીલ્યાં ટૂટી ઝય રે! હા રે મહરાઝ અવેં વૉંટે વૉંટે હેટે નેંહરે! હા બાકું ફાટું બકલનું, કી પૉણીનાં મોલ! હા...રે કેંવા હરખી વા...ત. એ.. સતુર હેં... હા રે હેઢે નેંહરે... એકીકાં હારણ પેલા તો ઝોયેં. બા...પા! એં...ખાઈ હકવા નહીં... હા રે મહરાઝ અવેં કી પાહેરી લેઈન વળે... હા તે નેરે સ નેરે... હા...રે અવેં પૉન્નિયાં ઉપર નેંહરી ઝય પણ મેલતી નહીં. પૉનાં ફારીન હેંગફોટ નેંહરે કી તો... એ આથ ના કેંવરાવે તેંર રેવા દેય. હા તે મહરાઝ રે એતું થોરું ઓસું એં તો પાવેં એં... વણ હારેં મળેલું એં તો બાકરાંન મુટે મેલે.. હા રે મહરાઝ અવેં એકા એકા તો ખાતું... એકા તો મન્યો કરી ગા! હા તો મહરાઝ રે લોટી લેઈન ફરેં.. હા રે બતાંન સળું કરાવે.. ભરીન પિયારેં. તૉય પૉણી વતેં... ભરેલીસ લોટી હેં! હા ને અવેં હેરુંઆંન કૉય કેં, એ હેરુઓ! ખેરી કરીન હૉઝે કેંર આવઝો... હા કેમહા ધાપા હાં કેં.. હેરુ હેં... બાઈ, કણા ધાપા...મોરી મોરી ઝા..! ઘણાં વરહ થઈ ગાં પણ આવું તો અમાંન કેદ્દિ'નતું મળું... હા રે મહરાઝ અવેં સતુર હેં... લાંબી ફાળન સોટે પગલે. એકીકાંન ઘોસીન વાતાં કૉંય ક...રે... એ... બાર કળહણી થાકા! બાર અળાંનાં નારાં તોરાં! બાર અળાંના કાટી થાકા... વિસાર તો કરાં? એ.. અવેં આ તે કોઈ ડાકેંણ હેં.. કેં આવી ઝોગણ હેં...? હા રે મહરાઝ વિસાર કરે.. રાઝા ઝૉણેંક માર દીકરી હેં... પણ આ તો બતું ઉઝોર વાળવાની હેં! હારે વારતા આગી કૉય હાલે..

એ'લા ખેરિયાં ખેરિયાં સીતા આવેં રે રા...
સીતા આવેં રે રા...
સીતમા રા...ઝી...

એ ગૉમને ગૉંદરે ઓરી આવે રે....
ઓરી આવે રે...
સીતમા રા...ઝી...

એ બાપરી હેરી બઝારે સીતા આવે રા...
સીતા આવે રા...
સીતમા રા...ઝી...



એ મૉણકસૉકમાં સીતા આવે રે રા...
સીતા આવે રે રા...
　　　　　　સીતમા　　　　રા...ઝી...

એ ધરમર સરે વાદળ મેંલ રે રા...
વાદળ મેંલ રે રા...
　　　　　　સીતમા　　　　રા...ઝી...

એ ધનુસ કબાંણ સૉકમાં મેલે રે રા...
સૉકમાં મેલે રે રા...
　　　　　　સીતમા　　　　રા...ઝી...

એ મારલી મારી હારો લેવે રે રા...
હારો લેવે રે રા...
　　　　　　સીતમા　　　　રા...ઝી...

એ હૉંપળે જાય્યા મારી વાત રે રા...
મારી વાત રે રા...
　　　　　　સીતમા　　　　રા...ઝી...

એ ખાવા આલીને પાસી આવી રે રા...
પાસી આવી રે રા...
　　　　　　સીતમા　　　　રા...ઝી...

એ...સીતમા હેં, હા રે મહરાઝ ખેરિયે થકી આવેં. આવે રે મારગાંની જોર.. લાંબી ફાળેન સોટે પગલે.. એ.. અવેં હેરીન બઝારેં આવેં..એ.. પાતરકી કેંરાંની આવેં.. હા રે લળવેંળ લળવેંળ આવેં! હા તો મહરાઝ અવેં હેરી બઝારેં, એ.. હેરી બઝાર પૂઠણ મે...લે. હા રે અવેં મૉણકસૉકમાં કૉય આ...વે. હા તે પૂઠ વાળીન ઝો...ય. એ... ઘણી હગનું સૉંટું હેં... આ હું કેંહરો પરેં હેં આપ.. હા રે મહરાઝ અવેં સૉકમાં..અવેં નોંતમાંહો સેરો કાટેં... હા રે મેલે સૉકમાં... હાને



અવેં ધરમર સરેં વાદ્દળન મેંલ. એ.. અવેં મારલી હેં, બાઈન હારો કેવી લેય... એ.. જાય્યા! એ આલીન આવી કેં ભોળવણી તો નહીં? હા રે અવેં સતુર હેં, મારલીન કૉય કેં, ઠાવીસ ગેઈન. હા ને વારતા કેવી હા...લે.

મોટી આઈ રે માર સીતમા રા... (૨)
એ સાયબો મારો.. હો....

ઝોવનાંમાં આવી માર સીતમા રા...(૨)
એ સાયબો મારો...હો...

દીકરીની ખબર માર મારલી રા....(૨)
દીકરી ઝીલતી નાતી રે ઓવિયાં...હો...

સીતા હાવરેં સૉકોમાં રા.. (૨)
કબાંણ સૂનરી વાળે સેરે વાઁહેળ પરિયાં ...હો...

ભલે ધનક એરે માર સીતમા.. (૨)
એ વિસાર કેંરીઓ...હો....

હા...રે ખૉમદાંન વારતા રાખવી. એ અવં ભોઈ હેં. ઝાળીઓ લેય. એ ખેરિયા થકા આવેં... આવેં દરિયાના ઢોકેં.

નાવી નં દસરથ

હા રે પાળેં આવી ન વિસાર કૉય મૉડે. ઘણો ઊડો સમુદ્દર હેં. કેમ કરીએ (તંબૂર-સ્વર). અવેં ઝાળીઓ લાંબી પરી. નાવરાં તિયાર કરેં. અરે મરાઝ અવેં પોઈ હેં... આયરાન સમરણ મૉડેં, હા...રે રાતે દનેં રમણાવાળો ભેળો આવે... હા તો મરાઝ અવેં હૂળાની કૉબરિયો સરાવહું. હા તો મરાઝ અવેં સમરણ મૉડેં... હા...રે નાવરાં લેઈન કેવા પરેં... એ ખૉમદાંન વારતા રાખવી. એ પાલોર ગીલો એ માસો, ઝાળીમા કૉય ફસાય.. એ પોઈ હેં, તૉણી ન બારો કાટેં... હા રે અવે



કાટેં દરિયાન હેઢે... એ ઝળનો ઝીવ હેં. એ કેંવા હરખી વાત. હા...રે અવેં ખતરીઓનો મળો કુણ મેલેં. (તંબૂર-સ્વર) એ.. હેઢે કૉય કાટેં... એય પરો લે...ય. લાંબી ફાળન સોટે પગલે. લેય નં કેંર કેવા આવેં... હા તો મરાઝ અવેં અસતરા લેય. પેંગી કરી સોખાં કરેં... અવેં એક પણું ફારેં... હા.... રે મા ઝોય.... પાલોર નઝરમા કૌંય આવેં... તાલીન આવી વાત... એ હરદાર હેં, મનમા વિસાર કરેં. હા તો ઝાહું લોઆરીઆન કેંર.. એ કૌંયક બણાવરાવહું... વેસી પણ મારહું. એ અવણ પોઈ હેં.. પાલોર કેવું લેય... અવ લાલુ લોઆરીઆન કેંર આવેં. હા ને લોઆરીઆન કૉય કેં...હા ને વારતા કેવી આલેં...

હૉંપળે લોઆરીઆ મારી વાત....(૨)
સોળું દલાંની વાતો...

મૉને તો મું વાતો સોળું...(૨)
હૉંપળે લોઆરીઆ વાતો...

પાલોર લઈન અમે આવિયા....(૨)
હૉંપળે લોઆરીઆ વાતો....

અસતરો માર કરી આલે...(૨)
હૉંપળે હરદાર વાતો...

આંનો અસતરો નેં વળે'લા....(૨)
હૉંપળે હરદાર વાતો.....

તમાંન મું પૈસા આલું...(૨)
મનં પરો આલો...

એ'લા પોઇયાંન માર પૈસા આલે... (૨)
લાલુરો પાલોર લેઇયો...

એંણ પાલોરની નેંણની કેંરે...(૨)



હાઉ હોયમણી કરિયો...

એંણા પાલોરની નેંણની કેંરે...(૨)
લાખની નેંણની કેંરિયો...

એ'લા નાવીરો ખેરિયો આવેં...(૨)
આવેં લાલુરાન કેંર ઓ...

હોંપળે લાલુરા મારી વાત...(૨)
સોળું દલાંની વાતો...

નેંખ વાટવાની માર નેંણની ઝોયેં...(૨)
હોંપળે લાલુરા વાતો...

ઠૉકીરા દૉમ દેય તો પરી આલું'લા...(૨)
હોંપળે લાલુરા વાતો...

એ'લા નાવીરાન નેંણની વેસે...(૨)
રખિયા ફેરવી ફેરવી ન ખાલ પારેં હો...
એ ઑમની પારેં ન ઑમની સૉંટે ઝી...

(એક બાણિયો :- એ હું કરિયે'લા? મુખ્ય ગાયક :- હા!)

બાપરા ફેરવી ફેરવીન ખાલ પારેં હો...
એ અરિ અરિ રૉમ...

(તંબૂર-સ્વર) ઓ મરાઝ... એ..રૉમઝી, હા તો મહરાઝ અવેં ખેરિયો ખેરિયો આવેં..ન એ.. ઊપાહી ગૉંટી નૉંખી દે..તી. હારા હારા એરું... થાકી પાગી ઊપો રે..હા રે અવેં સૉંપારમાં ઝાઈન ઝોયેં.. ખેઉરો નેંહરી ગેયેલો.. એ... ઝરૂર રાવણ લઈ ગો... હા તો અવેં લસમણ ન કૉય કેં, એ બૉતમા? ઝગમાં આવું ખોટું કૉમ.. તનં તો મેલો ઘેંર. એ..તું વૉંહળસ આવો...હા રે એકો સીતા લેઈ ગો...હા રે ઝગમાં આવું ખોટું કૉમ. એ..રૉમઝીની સાથી નેં સલેં..હા...બોરાં એતરતાં ઑંહુઆં પરેં.. હા ને સાથીમા મોટી ઢેંહકો ઝી...કે. એ...ઝગમાં આવું ખોટું કૉ..મ. હા...વા વા! તે સીતમા સતુર ના..ર. પાતર પે..ટી. હા ને ઘણે લખણેતી.. હા ને અવેં લસમણ હેં.. એ રૉમઝીન કૉય કેં.. એ બૉતમા? કરી એક સાથીએ ધીરપો રા...ખ. હા રે બીઝી પરણાવું ના...ર. ઠોકીરા હાગી સીતા નૉમ ધરાવું! એ લખણા? કેં લખણાંના બો..લ. હા.. તે સીતાનું નૉમ ધરાવહેં એતણ હું થઈ ગું? હા રે સીતા કન લખણ કેતરાં! હા ને બીઝી આવેં એણું લખણ કેતરું? હા..વા! વા! તે.. વારીએ વારીએ સદણ નહીં! ઘેંર ઘેંર સતુર નાર નહીં! એ ...તું એ તો ભૂલી ઝા... હા પણ માર કેંમ કરીન ઊગ નહીં આવતી.. હા



રે...એંડે ઝપ નહીં થાતી.. હા તો મહરાઝ અવેં સતિયા હેં.. હા રે વાત કૉય કરેં, હા ને વારતા આગી કેવી હાલેં...

એ પરી પરી માર રૉમઝી રોવેં
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે સતિયા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી..

ઓહો લસમણ બૉતમાન વાતાં સોળે,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે સતિયા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

એ પેંલી બાયલીન પેંલી વાવણી,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
અરે સતિયા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

(એક બાણિયો – વૉંહળ આવેલી કૉંય ભલી કરતી નહીં! મુ.ગા.– હા!)

એ પેંલી વાવણીન પેંલો દીકરો,
ઊગ નેં આવેં રે રૉમ લેરી...
સતિયા નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ'લા બીઝું કરિયેં ફાટા ઉપર થીગળું,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે ઝોતા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

એ રાતનો સપિયો ઢોલિયામાં હોંહળે,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...

(એક બાણિયો :– એ રૉમ રોયેં...! મુખ્ય ગાયક :– હા!)

ઓ...સતિયા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...



અરે લસમણ વારિયે વારિયે સદ્દણ નહીં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
એ..સતિયાન નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

(એક બાણિયો - એ...કમળ નહીં તળાવે! મુખ્ય ગાયક - હા!)

એ હારા પૉણીરાન કમળ નહીં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે રૉમઝીન નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

(એક બાણિયો - એ હોયણામાં ઝખેં! મુખ્ય ગાયક - હા!)

ઓ હોયણાંમાં મ્હાર ઢોલિયો હોંહળેં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
એ રૂખરિયાન નેંદ નેં આવેં રે, રૉમ લેરી...

એ કળમાં ઊગો હોરમો પાંણ,
ઊગ નેં આવેં રે રોમ લેંરી..
એ લખમણ ઘેંર ઘેંર સતુર નાર નેં મળેં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
એ રૂખરિયા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

એ એંડકેં બૉતમા એરવા ઝાઇયેં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
સતિયાન નેંદ નેં આવેં રે, રૉમ લેંરી....

એ પૉંગો એરે નહીં મળતાં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
એ રૉમઝીન નેંદ નેં આવે રે, રૉમ લેંરી..



એ આસરે આસરે ઝાવા લાગા,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
એ સતના સીતમાન પૉગ પરિયા,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
અરે રૂખરિયા નેંદ નેં આવેં રે, રૉમ લેંરી...

એ રૉમઝી બેહી બેહીન પૉગાં ઝોવેં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી..

(એક બાણિયો – એ ઊડણ પાવરીમાં ગેઈ હેં’લા! મુ.ગા. –હા!)

અરે સતિયાન નેંદ નેં આવેં રે, રૉમ લેંરી..

(તંબૂર-સ્વરઃ) એ..રૉમો હેં.. હા રે લસમણ ન કૉંય કેં.. એ લખણા? હા રે તું કેં બીઝી પણણાવું .. હા રે સીતા નૉમ ધરાવું. હા રે પણ સીતા કેતરા ગણાંની અતી! એ બીઝી કેવીક મળેં? હા રે એંણાં દઃખાંની વાત કરું... એ હૉંપળ તો ખરો! વા! વા! (તંબૂર-સ્વર) એ...એ...લસમણ હા રે સૉ વરસ થઈ ગાં..એ... ભમતા ફરતા ઝગળમાં. હા રે પણણીન લાવા...એ..કૉમે વાળા. હા રે વનાંખડાંમા અરિયો વાગ કરો... એ...એંણાં વાગમાં ઑસાં ઑસાં ફૂલ વાવાં! હા રે પાવટ ગોડો... એ સીતાના પરતાપ.. હારે હોળ લખણી નાર અતી! એ એંણાં ગણાંન તો ઓળખીસ નહીં હકો! હા રે વા! વા! અવેં બીઝી લાવિયેં...એય નારીસ કેંવાય... હા પણ વારિયે વારિયે સદણ નહીં.. એ..હારાં તળાવાંમાં કમળ નહીં! એ..અવેં ઘેંર ઘેંર સતુર નાર નહીં! એ...સીતા અતી.. હા રે કેંવા ઝેવી ના...ર. એ...પેંલું ઘેંર.. હાનેં પેંલો દીકરો... એ મોપી ગણાય! હારેં પેંલો અળ આખેં... એ..ફાટા ઉપર થીગળું.. હા રે હાઉ નેં કેંવાય... હા રે એ લસમણ કળમાં ઊગો હોરમોન પાંણ. તે મનં હૂને ઊગ નહીં આવતી...હોયણાંમાં ફૂંહાળી ફૂંહાળી થાકું. એ એંડકેં ઝાઇયેં. હા રે કેઈ બાઝું લેઈન ગો. હા રે હાગી સ રાવણ લેઈન સ ગો હેં.. તે.. પૉગાં તો ઝોઇયેં. હા તો મહરાઝ અવેં રૉમ લસમણ



હેં...એ અવેં ખેરિયા થકા કેવા આવેં.આવેં મારગાંની ઝોર. હારે સતુર હેં.. ઝાતી ઝાતી હીલાંણી કરતી ઝા...ય. હા રે સતનો પૉગ મેલે. એ કકુવરનો પૉગ પરેં. હા રે રૉમઝી હેં....એ..હું હરખું હેં... હા બેહીન ઝોય.. સીતાનો પૉગ... હા રે ઘેંરની નારીનો પૉગ કેંમ નેં ઓળખીયેં? એ પેટમાં કુડલી પરેં... આઈથો ઝાય... ઓ.. લસમણ, ઝગમાં ખોટું આવું કૉ...મ.! (રડવાનો અભિનય) એ રૉમો રોયેં... હા ને વારતા આગી કેવી હાલેં...

અહે... ખેરિયા ઝાવા લાગા... (૨)
બૉતમિયા રા...ઝી...

અહે..રૉમો લસમણન વાત સોળ...(૨)
બૉતમિયા રા...ઝી...

એ સતિયા ખેરિયા ખેરિયા ઝાવેં... (૨)
બૉતમિયા રા...ઝી...

એ સતિયા હેંમો પૂઠણ મેલે...(૨)
બૉતમિયા રા...ઝી...

(એક બાણિયો - એ...બીઝા દેસમાં આવા હેં...મુખ્ય ગાયક - હેં’લા!)

ઠોકીરા પપૈયા વનમાં આવેં...(૨)
બૉતમિયા રા...ઝી...

આવળી, ખાટી નેંબો ને ઊસી

ઠોકીરા પપૈયા વનમાં આવેં...(૨)
બૉતમિયા રા...ઝી...

એ’લા ..બીઝા ધણીની હેંમો, (૨)
બૉતમિયા રા...ઝી...



એહે..આવીન હારો લેવેં..(૨)
બૉતમિયા રા...ઝી...

(એક બાણિયો : એ ભાઈ આઁ સીતા ઝાતેં દે...ખી? મુખ્ય ગાયક : હા!)

આવળી આવી પેંરજોવનાંમાં ...(૨)
બૉતમિયા રા...ઝી...

આવળીન ઝારે જોવનિયાં ઝાવેં...(૨)
બૉતમિયા રા...ઝી...

આ..આવળીન હારો લેવેં...(૨)
બૉતમિયા રા...ઝી...

બાઈ...સીતા ઝાતેં દે...ખી? (૨)
બૉતમિયા રા...ઝી...

ઠોકીરો મનં હું હારો લેવાં...(૨)
બૉતમિયા રા...ઝી...

એ ઠોકીરો મનં હું સૉકિયેં મેલી...(૨)
બૉતમિયા રા...ઝી...

ઠોકીરો તમે હું કરવા રઇયા ...(૨)
બૉતમિયા રા...ઝી...

અરે આવળી મોહા બોલે..(૨)
બૉતમિયા રા...ઝી...

અરે બાપરો રૉમો હરાપ બોલ...(૨)
બૉતમિયા રા...ઝી...



ઠોકીરી થાર પરણેત નેં ઓય..(૨)
બૉતમિયા રા...ઝી...

(એક બાણિયો - એ ઝલમ કુઆરી રે! મુખ્ય ગાયક-હા!)

રૉમઝી મેલે ટેડાંની કૂડમાં...(૨)
માર આવળી રા...ઝી...

રૉમો આગળ મુટે ઝાવેં... (૨)
માર આવળી રા...ઝી...

બાપરો પેલો ખાટી નેંબો વાટમાં...(૨)
માર રૉમઝી રા...ઝી...

એ ખાટી નેંબોન હારો લેવેં...(૨)
માર રૉમઝી રા...ઝી...

બાપરો માર ખાટી નેંબો વાતાં સોળ...(૨)
માર રૉમઝી રા...ઝી...

ઠોકીરો બે બે આદમી વાઝાં'લા...(૨)
માર રૉમઝી રા...ઝી...

તમે હું કરવા રઇયા... (૨)
માર રૉમઝી રા...ઝી...

એ બાપરો રૉમો હરાપ તો બોલે...(૨)
માર રૉમઝી રા...ઝી...

(એક બાણિયો-એ હૉતા ઢીલા થઈ ગા હેં! મુખ્ય ગાયક : હા!)

તું તો અમ્મર કુઆરો રયે...(૨)



માર લેંબો રા...ઝી...

થારાં પરણેત નહીં લખિયાં... (૨)
માર રૉમઝી રા...ઝી...

બાપરા બીઝા વનાંમાં આવેં...(૨)
માર રૉમઝી રા...ઝી...

અહે કદળી વનમાં આવેં...(૨)
માર રૉમઝી રા...ઝી...

સતિયા મઉરાંની માલ વેંણવા...(૨)
માર રૉમઝી રા...ઝી...

(તંબૂર-સ્વર) એ રૉમો હેં.. ઓ..હ? હારે નમી નમીન પૉગ ઝો..ય. હાગી ઘેંર નારીના પૉગ...એ... પૉગ નઝરમાં આવેં...હારે લસમણ કૉય કેં...એ..પાઇયા? હેંડ ઉતાવળો..હા રે ઝાઈસ રા હૈય... હાતો મહરાઝ અવેં સતિયા હેં... એ..વનખડ પૂઠણ મેલે.. હાતો મહરાઝ અવેં બીઝા ધણીની હેંમ.. એ..ખેરિયા ખેરિયા કૉંય આવેં... હારે સતિયા હેં.. આવેં મારગાંની જો..ર. લાંબી ફાળ સોટે પગ..લે. હે... અગલા પલા વાત કરેં... હા ને પૉગની પની ઉંકારો કૉય દે...ય. હા રે સતિયા હેં.. (તંબૂર-સ્વર) એ..આવેં મારગાંની જો..ર. હારે પપૈયાખડમાં આવેં... હા તો મહરાઝ અવેં... લાંબા લાંબા હાગ..કેંવા હરખી ઝારી.. હા અવેં સતિયા હેં... ખેરિયા થકા કેવા આ..વે. હા તો અવેં રસ્તાની કનારેં એ આવળી. હા તો મહરાઝ રૉમ હેં..એ.. આવળીન હારો કૉંય લે...એ..બાઈ? હા રે મારગાંની જોરમાં હેં...એ..કાલ સીતા લેતી હેં.. હારે ઝાતે બીઝી ઝોઈ એં તો.. એ લકાંનો રાઝા લેઈ ગો રાવણિયો.. હાતો અવેં આવળી હેં..હારે મોહા બોલેં, એ..વાટવાળો? હા રે મનં સૉકિયેં નતી મેલી! હા રે ઉં આવી હું ભેંરન ઝોવનાંમાં! મારાં ઝોવન ઝારે ઝારે ઝ...ય! હારે તમે મનં માં અવળું બોલારાં.. હા તો મહરાઝ રૉંમઝી હેં... મનમાં વિસાર કરેં, એ નેં દેખીએં



તો હમું બોલતી.. પણ ઉસલું કેંમ બોલી? હારે મહરાઝ અવં રોમઝી હેં... એ આવોળ? હારે ઝલમો ઝલમ થારું લગન નેં થાય! હા રે થારા વોરન દન આવહેં.. થારું સરીર કુમ્લાહેં. હારે લાડો તેયાર નેં થાહેં.. તે દિ' તું તેયાર થ...યે. હાને ઝયે ડેટાંની કૂડમાં... હા ને રૉમો હરાપ કૉંય દે..ય. વાલા! (તંબૂર-સ્વર) એ અવેં હરાપ દે..ય. હાને અગે મુટે કૉંય આવેં.. હારે હેંમન હેઢે આવેં. હાન તો અવેં ખાટી લેંબો હેં.. કેંવા હરખી વાત. એ.. રસ્તાની બાઝું મા.. હા તો હારો કેવો લે...ય. એ..ભાઇયા? હારે ઝલમો ઝલમનો રેંવાસી, (તંબૂર-સ્વર) એ..કાલની લેતી હેં. હારે કાલની લેતી આઝ પૉકણું હેં. હા પણ કેંયક દેખી એં.. એ..કે દિ' ઝોઈ એં તો વાત તો કર... હાતો મહરાઝ ખાટી લેંબો હેં. મનમાં વિસાર કરેં, એ..બે તો આદમી વાઝાં. હારે કરતા વનાં ખડાંનું રાઝ. હારે બાપરો તમે કેં રઈ ગા! એ.. પરદેસનો આદમી. હા રે તમાં બેં આદમિયાં સતાં કેંમ લઈ ગો ? હાતો મહરાઝ અવેં ખાટી લેંબો હેં, રૉમન કૉંય કેં, એ.. રૉમા? મનં સૉકિયે નતો મેલો.. એ ફરી ફરી મનં નેં પૂસો. આવા એંણી વાટે ઝોવ.. હા તો મહરાઝ રે ઉં ઝોવનમાં આવો હું... હારે માર પણણવાની ટેંમો ઝા..ય. હારે મનં અવળું નેં બોલાવતા. હા તો મહરાઝ અવેં રૉમ હેં... એ.. ખાટી લેંબો! હા.. ઝા થારું લગન કે દિ' નેં થા..ય. હારે થારી કનિયા આવેં ભરજોવનાંમાં.. હાને થારા ગોડા ઢીલા થઈ ઝાહેં! એ થારું લગન નેં થા...ય. હારે અમર કુંવારો રે..ય. હાતો મહરાઝ રૉમ હેં તે હરાપ દેઈન અગે મુટેં આવેં.. એ...લાંબી ફાળન સોટે પગલે, હારે ખડ મેલન ખડ લે..ય. હા અલ્લા! ઝીવતા! (તંબૂર-સ્વર) એ...અવેં બીઝા ધણીની હેંમહા અવેં ખેરિયા થકા કૉંય આવેં. કૉંય આવે'લા. એ કદળી વનમાં આવેં..હા...રે મહરાઝ લાંબી નઝરે ઝો...ય. હારે રુરા ઊપા હાલરી ઘોતલ્લા. હારે અગેહળો આવેં.. હારે રુરી આવી મઉરાંની માલવેંણ.. કેંવા હરખી વા..ત. એ ભૂખાં તીહાંનો ઝીવરો ઝા..ય. હા તો મહરાઝ અવેં રૉમઝી હેં, અગળ આવેં. હાન લસમણ હેં તે વૉંહળ કેવો આવેં. એ..આવેં મઉરા એઠણ.. હારે અવેંણ ઊસી બાઈ હેં, લાંબી નઝરે ઝોયેં. એ.. આઝ તો મૉમા આવેં! હાને વારતા આગી કેવી હાલે...



ખેરિયાન ખેરિયા આવણા લાગા રા... (૨)
રૉમઝી રા...ઝી...

સતિયા સીતાની વારેં આવણા લાગા...(૨)
રૉમઝી રા...ઝી...

એ મઉરાંની માલ વેંણવા આવેં રા...(૨)
સતિયા રા...ઝી...

એ ઊસી બાઈ માર એરાં એરે રા... (૨)
સતિયા રા...ઝી...

એ આઝ તો માર મૉમા આવેં રા...(૨)
ઊસી રા...ઝી...

ઓહો અગેહેળી મિળવા ઊસી આવેં રા...(૨)
રૉમઝી રા...ઝી...

એ મૉમોન માર ઊસી મિળે રા...(૨)
સતિયા રા...ઝી...

બાપરી પરદખણા દેઈ પાયે લાગે રા...(૨)
સતિયા રા...ઝી...

એ અગળ કરીન લેઈન આવેં રા...(૨)
ઊસી રે રા...ઝી...

બાપરી મઉરાન સૉયલે પરા બેહારે રા...(૨)
ઊસી રે રા...ઝી...

(એક બાણિયો : એ હું ખવરાવહેં? મુખ્ય ગાયક : હા!)



એ હે મનમાં વિસાર માર ઊસી મૉડેં રા...(૨)
ઊસી રે   રા...ઝી...

એ'લા માર તો મૉમા ભૂખા રેંહેં રા...(૨)
મૉમો   રા...ઝી...

એ તમે મૉમો હોરિયે બેહો રા...(૨)
માર મૉમો   રા...ઝી...

બાપરી મઉરા ઊસી ઊસી સરેં રા...(૨)
ઊસી રે   રા...ઝી...

(એક બાણિયો – હા.. મઉરાં પારેં હેં રે.. મુખ્ય ગાયક : હા!)

મૉમો તમાં હારણ રોટા કેંરું હા... (૨)
મૉમો   રા...ઝી...

એ મૉમો ખાઇય એંણાની સેવા કરિયેં રા...(૨)
મૉમો   રા...ઝી...

બાપરી ઉપરાહી માર મઉરાં પારેં રા...(૨)
ઊસી   રા...ઝી...

(એક બાણિયો – એ મઉરાં હાઉ હેં! મુખ્ય ગાયક : હા!)

મૉમો તમાં હારણ રોટા નૉખું રા... (૨)
મૉંમો   રા...ઝી...

મૉમો ફૂકી ફૂકીન તમે ખાઝો રા...(૨)
માર માંમો   રા...ઝી...

(એક બાણિયો : એ કેદ્દિ'યાંના દુ:ખી થા...ય. મુખ્ય ગાયક : હા!)



મૉમો ફૂકીન ખાઝો નકર બળહાં રા...(૨)
એ મૉંમો રા...ઝી....

એ વનનાં ફળ માર સતિયા ખય રે રા...(૨)
એ રૉમઝી રા...ઝી...

એ લસમણ મૉમો વાતાં સોળ રા...(૨)
ઊસી રા...ઝી...

એ અવતો બાઈ નેંસી આવેં રા...(૨)
ઊસી રા...ઝી...

(એક બાણિયો – એ ધાપા હૈય..! મુખ્ય ગાયક – હા!)

ઓ બાઈ ઊસી નેંસી આવેં રા...(૨)
ઊસી રા...ઝી...

એ...નેંસી આવીન વાતાં સોળે રા...(૨)
એ'લા ઊસી રા...ઝી...

મૉમો વાળ સોખા તમે લાગાં રા...(૨)
માર મૉમો રા...ઝી...

(એક બાણિયો : એ કેંમ ઑમ હાં'લા? મુખ્ય ગાયક : હા!)

એ હદ્દા ઝેવા હાઉ નહીં લાગતા રા...(૨)
માર મૉમો રા...ઝી...

(એક બાણિયો : એ ઝીલા વગળ હેં! મુખ્ય ગાયક : હા!)

એ હૉંપળે બાઈ માર મારી વાત રે રા... (૨)
ઊસી રા...ઝી...



ઠોકીરી થારી મૉમી પરી લેતી રા...(૨)
ઊસી રા...ઝી...

રૉમઝી હોનું હોનું માર પાસું લેય રે રા...(૨)
રૉમઝી રા...ઝી...

ઠોકીરા તૉય લૂઆ રઈ ગિયા હેં રા...(૨)
રૉમઝી રા...ઝી...

એ સીતાની માર વાતાં સોળે રા...(૨)
બાઈ ઊસી રા...ઝી...

મૉમો કાલ મૉમી લેઈન ગિયો રા....(૨)
મૉમો રા...ઝી...

(એક બાણિયો – એ રાવણ લેઈ ગિયો હેં'લા.. મુખ્ય ગાયક – હા!)

કાલ ઊડણ પાવરીમાં લેઈન ઝાતો રા,...(૨)
એ મૉમો રા...ઝી...

(તંબૂર-સ્વર) એ મઉરાંની માલ વેંણવા આવેં.. હારે મહરાઝ અવેં ભૉણેઝણ હેં..એ લાંબી નઝરે ઝો...ય. હારે અગેહળી મિળવા આવેં... એ પરદખણા દેઈ પાય લાગેં... હારે કણાં દનાંના મૉમા આવા. હા તો મહરાઝ અગળ કરેં.

બાઈ અમે વાઝિયેં ઘણા દુઃખિયારા રા...(૨)
ઊસી રા...ઝી...

એ ઊસી ઉપર રૉમઝી મૉમો આથ ફેરવે રા...(૨)
રૉમઝી રા...ઝી...

(એક બાણિયો – એ લીટા પરેલા હેં! મુખ્ય ગાયક : હા!)



ઠોકીરા હાઉ હોનાના લૂઆ પરેં રે રા...(૨)
ઓ ઊસી   રા...ઝી..

(એક બાણિયો – એ મનખાવાળો આવહેં! મુખ્ય ગાયક : હા!)

એ બાઈ ઊસી એરવા લાગી રા...(૨)
ઊસી   રા...ઝી...

ઓ હૉંપળો મૉમો મારી વાત રા...(૨)
મૉમો   રા...ઝી...

ઠોકીરો આઝ તો વાઝે સતઝુગ રે રા...(૨)
મૉમો   રા...ઝી...

એ'લા કળઝુગમાં તો મેંલનાં મૉનવી રા...(૨)
મૉમો   રા...ઝી...

(એક બાણિયો – એ ખોટું આવહેં! મુખ્ય ગાયક – હા!)

ઠોકીરા ભીલાંનાં સઇયાં મનં પરી મારહેં રા...(૨)
મૉમો   રા...ઝી...

એ..મિળી હૉમળીન લેઈન આવેં. હારે મહરાઝ આવેં ખેરી ખેરી. એ.. મઉરા એઠણ બેહારે. હાતો મહરાઝ અવેં હખ દઃખની વાત કરેં...એ...બાઈ? હા રે હૉંપળ મારી વા..ત. એ..ઝગમાં આવું ખોટું કૉ..મ. હાનેં અવેં રૉમઝી હેં...એ..કૉય કેં...હાતો મહરાઝ ઊસી હેં, કૉંય કેં.. હાને રૉમ ન લસમણ કૉય હૉંપળે..એ.. મૉમો! હારે હદ્દા ઝેવા નહીં લાગતા. એ.. હું હરખું થઉં? હા તો મહરાઝ અવેં સતિયા હેં.. તીરા રઈન કૉંય કયેં. હાને બાઈ કૉંય હૉંપળેં ..હા અલ્લા! (તંબૂર-સ્વર) એ મૉમો? હારે અવેં કરાં વનાખડાંનું રાઝ.. એ ...સીતાન તો કરીય હૂની નતા મેલતા.. હાનેં આઝ મૉમી કેં મેલી? તે.. આઝ એકલા ઝ કેંય નેંહરા હાં? હા તો મહરાઝ રૉમ હેં, ઑંખાંમાં પૉણી આવેં..હારે બોરાં



એતરતાં ઑંહુઆં પરેં... હારે રૉમો હેં.... હા તે અવેં કૉય વનારીન રૂંગાં રાળેં.. એ.. વેંરાગ કરી કરીન રોયેં.. હા તો મહરાઝ ઊસી હેં, મૉમાન ધીરપો આલેં.. એ.. મૉમા? સાથીએ ધીરપો રા..ખ. હારે આપણી એં તો કેંય ઝાય નેં..એ..ફરીન પાસી આવહેં.. હા..રે મૉમીનો મનં વિસવા હેં. એ.. મૉમી કેંય ઝાહેં નેં.. હારે અવેં એંમ કેં. હાને રૉમન ધીરપો આવેં..હા તો મહરાઝ એ મૉમો? હોરિયેં બેહાં. હા તે તમે તો ભૂખા અહાં.. થોરોક નાસ્તો કરાવું ..વા! વા! (તંબૂર-સ્વર) એ..ઊસી, હારે અવેં સરેં મઉરા ઊસી. એ ભૂજિયાંમાહાં મઉરાં પારેં.. હારે મહરાઝ નેંસાં પારેં. હાને અવેં ઊસી રઈ રઈન કોંય કેં, એ..મૉમા? હારે ઓઈ આવેં રોટા.. ખાઇયેં એંણાની સેવા. હારે વનનાં ફ..ળ. આપું હારાં વનનાં ફળ ખાઇયેં.. એ.. ઓઈ રોટા પરા. એ..થોરોક નાસ્તો કરાં. હારે આતો પૉણીનો આરો હેં. નાખાંક થોરાં ઑતરેં અન આવે, હા તો મહરાઝ અવેં સતિયા હેં...એ..મઉરેં આથ મા ઝોયેં તો ડગરા એ..બાઈ હેં, સેટી રઈન કોંય કેં એ..મૉમો? ફૂકી ફૂકીન ખાઝો. નકર બળહાં! હા તો મહરાઝ રે સતિયા હેં, ફૂક મારેં. હાર ગેંગસાંમાંહો ખેઉરો કોંય નેંહરે...હારે અવેં મઉરાં ખય.. એ થોરું ઑતરે હૉન આવેં... હાતો અવેં લસમણ હેં તે ઊસીન કોંય કેં, એ..બાઈ? અવે તો કણા ધાપા. એ..નેંસી આવ..હારે અમે ઝાઇયેં. હારે મહરાઝ અવેં ઊસી હેં, એ.. ઊસીહી નેંસી કોંય આવેં. હારે રૉમ હેં...એ બાઈ? તેં ઘણો ઑતાર આલો. વાટમાં કણાંન હારો લેતો. એ.. અવળું સ બોલતાં. હા પણ તેં ઝબરી હમી વાત કરી..એ.. આતો પોતાનો મૉમોનો ખાર અતો.. એ બખની વાત કરી.. હારે ઘણી હોરી રેંઝે.. હાને કળઝુગમાં મારી નેંસાણિયો બો..લેં. હારે માથા ઉપર આથ ફેરવેં.. હારે પૂસરા હૂતી કાટેં...હાતો હાઉ હોનાની ઊસી થા...ય. હારે બાઈ હેં, લમણો વાળીન ઝો...ય. એ..હોનું ઝબકેં! હારે અવેં ઊસી હેં, રૉમન કોંય કેં, એ..મૉમા? હારે આઝ તો સતઝુગવાળો. હારે કાલ કળઝુગનો વાળો આવેં. એ..ભીલાંનાં સઇયાં કૉમઠી ઑંણેં. પરાં મારેં. હારે.. મનં પરી ઑંણીન મારેં. હોનું દેખીન ઝીવતી નેં મેલેં! એ આતો મનં ઝીવાંહી કાઢેં.. એ...હોનું તો માં મે..લ! હારે રૉમ વિસાર કરેં, વાત તો હેં હાસી.. હારે અવેં ફરી આથ નૉખેં. હોનું લે..ય. હા પણ ભૉય પરેલો પોતલો તેહું લેતો વેંણો નેં રે.. હારે ડાગ પરેલો



ઝાય નેં! એ બાઈન અવણ ઑં લીટા રઈ ગા. હારે અવે ઊસી હેં. રૉમન કૉય કેં, એ..મૉમા? દલરે દઃખ માં ઑંણ. હારે લેઈન ગો તો હેં.. એ.. કાલ મૉમીન લેઈન ઝાતો. હા હારે લકાંગડાંનો રા..ઝા, હારે ઊડણ પાવરીમાં લેઈન ગો...હાને સાથિયે ધીરપો રા...ખ. એ..રોઈ રોઈ ઑંખો ફોરે માં. હાને વારતા અગી કેવી હાલેં..

અરુઓ

એ'લા ખેરિયા ખેરિયા આવેં, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા ઝી..

એલા સતિયા ખેરિયા ખેરિયા આવેં, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા ઝી..

બાપરા આવેં વનેખડાંમાં, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા ઝી..

અરે બાપરો રૉમઝી તીહો ઓઇયો, અરુઓ રોવેં..(૨)
આંઝણીના જાય્યા ઝી..

એ'લા હૉંપળે લસમણ વાત રે.. અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

બાપરા પૉણીરાં પીયારે, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો..ઝી..

(એક બાણિયો – એ'લા હું થઉં હે'લા? મુખ્ય ગાયક : હા!)

એ રૉમઝીન રસ્તા માથે બેહારે, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..



અરે લસમણ પૉણી લેવા ઝાય રે, અરુઓ રોવેં...(૨)
આંઝણીના ઝાય્યા ઝી..

અરે સતિયાન પોણીરાં નહીં મળતાં, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

લસમણ પૉણીરાં એરીન થાકો, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

(એક બાણિયો – એ પૉણીમાં આંહુ હેં! મુખ્ય ગાયક : હા!)

પૂડી દુઃખ પરિયું ખોટું, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

બાપરાન એક પાયે નર નહીં વળતો, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

(એક બાણિયો – એ..બાયલી લેતી હેં'લા! મુખ્ય ગાયક : હા!)

બાપરો ઝબર ટણકો એખલો, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

બાપરો લીલે લીલે ઝણને, અરુઓ રોવેં...(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

એ બાપરો લસમણ ઝાવા લાગો, અરુઓ રોવેં..(૨)
આંઝણીના જાય્યા હો...ઝી..

એ'લા યરિયાન માર નારીન લેતી હો...(૨)
વૉનરીન માર વૉનરે લેતી ઝી...

અરુઓ ઠૂઠેન બેઠો રૂગાંન રાળેં હો...



એ વનાંખડાંમાં રૂગાં રાળેં ઝી...

પેલો લસમણ બૉતમો ઝાવાન લાગો હો...
ઠોકીરા લીલે ઝણણે લાગો ઝી...

બાપરા અરુઆનાં ઑંહુઆં નેંસાંન પરિયાં હો..
એ નેસાં વેળાં માર પરાં ભરણાં ઝી...
અરે સતિયા ઑંહુઆંનાં વેળાં પરાં ભરણાં ઝી...

(એક બાણિયો – એ દુઃખિયા રોયે હેં'લા! મુખ્ય ગાયક : હા!)

બાપરો લીલોન પૂરિયો પરોન ઑંણે હો..
એહે લસમણ મૉમો આવણા લાગો ઝી...

બાપરો વેળામાં પૉણી નઝરેં આવેં હો...
એહે લસમણ બૉતમો રાઝું ઓય્યો ઝી...
એ અરિ અરિ રૉમ મનં પૉણી મળિયું ઝી...

બાપરો પૂરિયામાં માર પૉણી લેય હો...
ઓહો ખેરિયો ખેરિયો લેઈન આવેં ઝી...

બાપરો રૉમઝી હાર માર લેઈન આવેં હો..
એ રૉમા હાર માર લેઈન આવેં ઝી...

બાપરો રૉમઝી બૉતમાન આલવા લાગો હો...
એ રૉમઝીન આથમાં આલવા લાગો ઝી...

એ'લા રૉમઝી બૉતમો એરવા લાગો હો...
એ એરી ભાળી માર વાતાં સોળ ઝી...

(એક બાણિયો – એ દુઃખિયારાં પૉણી હેં..! મુખ્ય ગાયક – હા!)



એ હૉંપળે લખમણ મારી વાતો હો...
ઠોકીરા કિયાં કૂવાંનાં પૉણી લાવો ઝી...
અરે બૉતમા કેઈ નદિયાંનાં પૉણી લાવો ઝી...

(એક બાણિયોઃ એ વેળામાં હું લેઈ આવો ઉં તો! મુખ્ય ગાયક : ખમા!)

અરે બૉતમા કિયાં પાવટાંનાં પૉણી લાવો ઝી..

(એક બાણિયો – એ ઝોતો ખરો? મુખ્ય ગાયક – હા!)

એ'લા આતો પૉણી કણાં દુઃખિયારાં હો...
એ ઝમીમાહાં નહીં આવાં ઝી...
એ ગંગામાહાં નીર નહીં ઝી..

બૉતમા ઝમનાવાળાં નીર નહીં હો...
એ'લા તરતીનાં માર પૉણી નહીં ઝી...

ઠોકીરા ઑંખના રતનનાં પૉણી વાઝેં હો...
હાગી ઑંખોનાં માર પૉણી વાઝેં ઝી...

(એક બાણિયો – એ કોઈ દુઃખિયારો હેં! મુખ્ય ગાયક – હા!)

બાપરા બાર વરહાં તો ભગતિ કરી હો ....
હમી ભગતિ નહીં ભાળી હકિયો ઝી...

(એક બાણિયો – એ ..ખમા! મુખ્ય ગાયક – હા!)

બૉતમા રૉમનાં નૉમ તેં કણાં લઝવાં હો...
એ બાર વર ભગતિ હેંણી કરી ઝી...

એ'લા લસમણ બૉતમો નહીં મૉનતો હો...
હાગી વેળામાંહો લેઈન આવો ઝી...



એ નેં મૉનેં તો ઝોવા ઝાઇયેં હો...
નેં મૉનેં તો એરવા ઝાયેં ઝી...

એ'લા લસમણ અગળ રૉમઝી વૉંહળ હો...
એ વેળાંનાં પૉણી ઝોવા ઝાવેં ઝી..

બાપરો લેઈન આવો એં લેઈન ઝાવેં હો...
એ રૉમઝી ન બૉતમો પરો વતારેં ઝી..

એ રૉમઝી બૉતમો ઊસું એરે હો...
એ અરુઓ પૉણેઝ નઝેરે આવેં ઝી..

એ'લા લસમણન માર પરો વતારેં હો...
હૉંપળે લસમણ મારી વાતો ઝી...

(તંબૂર-સ્વર) ઓ...મહરાઝ! એ...લસમણ, હારે ખેરિયો થકો હારે કેવો આવેં. એ...આવેં મારગાંની ઝો..ર. હારે લાંબી ફાળન સોટે પગલે. હારે અવેં રૉમ દાદો તીહો થો હેં. એ.. બૉતમાન વાસ્ત દોરો થાય. હારે મહરાઝ અવેં સતિયો હેં, લાંબી ફાળ ન સોટે પગલે. એ....પૂરિયું કરેં... હારે વેળો નઝરમાં આવો... ભરીન લે..ય. હાને લેઈન કેવો આવેં. એ. આવેં મારગાંની જો...ર. હારે મહરાઝ લાંબી ફાળેન સોટે પગલે.. મનમાં રાઝું થા...ય. એ પૉણી વાહ રે વા! હારે મહરાઝ અવેં લેઈન કેવો આવેં.એ.. અવેં રૉમઝી નઝીક આવેં. અનં બૉતમાન કૉંય કેં, એ ભાઇયા? નખ્ખા ફરો હું. એ ઘણાહું નીર લેઈન આવો. હાને લેં પી. હારે રૉમઝી હેં. બેંય આથમાં લે...ય. હારે સોરેં નઝરાંનાં બૉ.. ણ. હારે અવેં દુઃખિયારાં નીર નઝરમાં આવેં... હાતો અવેં રૉમઝી હેં.. હાતો રૉમઝી હેં એ.. લસમણ ન કૉંય કેં, એ ભાઇયા? એ..કિયાં કૂવાંનાં પૉણી લેઈન આવો? હા રે કેયી... ગંગાવાળાં નીર? હારે કેયી નદીનાં પૉણી? હાને કેયા પાવટાનાં નીર હેં? હાતો મહરાઝ અવેં લસમણ હેં. એ... દાદાન કોંય કેં..., હાને રૉમ કૉય કેં, એ...લસમેંણ? નહીં ઝમનાવાળાં ની..ર. નહીં ગંગાવાળાં પૉણી..



એ...નહીં ધરતી માતાનું પૉ..ણી. હારે આતો નીર દુઃખિયારાં.. એ ...હાગી ઑંખના રતનનાં નીર હેં! હારે અવેં લસમણ હેં, બૉતમાન કૌંય કેં.. એ ભાઇયા? તું તો વળી એ વાત કરેં, હારે કેતરો મોટો વેળો હેં! એ વેળામાહું નીર લેઈન આવો... હાતો મહરાઝ રૉમઝી હેં... અવેં સરત કૌંય પારેં.. એ.. લસમણ? હા બાર વરહ ભકતિ કરી. એ બાર વરહ ધૂળામાં લો...ટો. હાને પૉણી તઝું. હરે રૉમની માળા રટા! કેવી ભકતિ કરી? એ...બાપરા પોણીમાં ખબર નેં પારી હકો'લા. એ દાદા! તું ઍણી વાસ્તે ગૉડો થઈ ગો હેં એ.. તનં તો ખબરયે પરતી નહીં. હારે હાગી નીર લઈન આવો હું. એ.. લસમણ નેં મૉને. હારે કૉનાંનું હૉપળું કોઈ નેં મૉનેં. હા પણ હાગી ડોળે વતારે. હા અલ્લા ઝીવતા (તંબૂર -સ્વર) એ..અવેં સતિયા હેં. હારે લસમણ અગળન રૉમ વૉંહળ કૌંય આવેં. એ...આવેં મારગાંની જો.ર. હારે લાંબી ફાળન સોટે પગલે.. હારે હળવળિયા થકા કૌંય આવેં. એ ખેરિયા ખેરિયા આવેં. હારે લસમણ હેં... લીલે ઝણ્ને ઓરા આવેં. હાને રૉમને અવણ વેળો કૌંય વતારેં. ઓ.. દાદા? હાઉ લાગેં તો ધોમો ધોમો.. એ..હાગી વેળાનાં પૉણી...હાતો મહરાઝ અવેં રૉમ હેં...એ..લસમણને કૌંય કેં, ધીરપો રા..ખ. હાતો મહરાઝ અવેં રૉમ હેં એ. ઊસું માથું કરીન ઝો..ય. હારે અવેં અરુઓ પૉણેઝ હેં. એ.. આંખોમાં ઑહુઓનાં ધારોરા વળેલા હેં... એ..લસમણન કૌંય કેં, એ લસમણ, હારે ઑમ આવ, તનં વતાવું! એ કેવાં પૉણી આવેં. હા તો મહરાઝ અવેં લસમણને કૉય બતાવેં. એ.. લસમણ હેં... લાંબી નઝરેં ઝો..ય. હારે મું ઘણો લખણેતો અતો. હાને મનં દાદા કરતે ગુણ વતારેં અતા તે ધરતીના તૉનમાં .. તે ભણેલા કે દ્દિ'ક તો ભૂલેં... હાને વારતા કેવી હેંડેં...

એ રૉમઝીન લસમણ વાતાં ન સોળે હો...
રૉમઝી લસમણ વાતાં સોળ ઝી...

એ હૉંપળન લસમણ મારીન વાતો હો...
આઝો કેં માર તરિયાન માર લેવી રા...ઝી...



ઠોકીરો વનમાં રૂંખ એકલું નેં ઓઝો હો..
ગુર બારો વટીકાંણ એકલો વાઝેં ઝી...

મૉટિયો પાયાં વેણી ભીર તો કુણ ન પાગે હો...
અરુઓ કેંણો દઃખી ઓયો ઝી...

બાપરો માયરન પેટ, એકલો આય્યો હો..
એંણાન બેંન ભાઈની તો જોરી નહીં ઝી...
ઠોકીરો બાઈ આંઝણીન પેટ એકલો વાઝેં ઝી..

ઠોકીરા ભાગાના ભેરુ પરાન આવા હો...
એહે હૉંપળે અરુઆ મારીન વાતો ઝી...

ઠોકીરા રોઈ માં મરઝે, અરુઆ પૉણેઝ હો...
એ થારી ભીરો'લા અમે ભાગિયેં ઝી...

ઠોકીરા કેતરેન દઃખેન તું તો રોયેં હો..
એહે કેતરે દઃખે રૂંગાં રાળેં ઝી...

(એક બાણિયો – એ ..કેંઝે કૉમાંનાં નૉ...મ! મુખ્ય ગાયક : હા!)

અરુઓ ઑંખાં ઉગારીન એરવા લાગો હો...
ઓહો રૉમ મૉમો નઝરેં આવેં ઝી..
બૂડી લસમણ મૉમો નઝરેં આવેં ઝી...

એ ઝટ ઝટ અરુઓ નેંસોન આવેં હો..
એ ઝારહો માર નેંસો આવેં ઝી...

એ મૉમાન માર મિળણાં મિળેં હો...
એહે પરદખણા દેઈ પાયે લાગેં ઝી...



એ તમેન મૉમો કેંમહાન આવો હો...
ઓહો હૉંપળો મૉમો મારી વાતો ઝી..

એ..એ વાતો તું ઝાવાન દેઝેં હો...
ઠોકીરા તારાં દઃખાંની વાતો સોળે ઝી...

બાપરા કેતરે દઃખે તું તો ન રોયે હો...
એ એંણાં દઃખાંની વાતાં સોળે ઝી...

અરુઆન સાથી ફાટે'લા સાયોર ઉલટે હો...
અરે અરુઓ રોયન માર વાતાં સોળેં ઝી..

મૉમો માર તો બાયલી પરીન લેતી હો...
એ એખલો દેખીન બાયલી લેતી ઝી...

(એક બાણિયો : એ ઘણા ઝણા હૈય! મુખ્ય ગાયક : હા!)

એ સાથિયે ધીરપો તુંતોન રાખેં હો...
ઓહો રૉમઝી મૉમો વાતાં સોળે ઝી...

બાપરો બાયલીનું કેંતાંમ રૉમઝી રોવેં હો...
એ દુઃખિયારા દુઃખિયારા હારા રોવેં ઝી...

(એક બાણિયો : એ બેં ઝણા રોવેં હેં'લા! મુખ્ય ગાયક : હા!)

અરુઓ થારીન ભીર અમે પરીન ભાગિયેં હો...
એ'લા અમાર ભીરો કુણ ભાગેં ઝી...

એ થારીન મૉમી રાવણ લેઈ ગો હો...
અમે વારિયે ગિયાન લેઈ ગિયો ઝી...

ઓ સાથી ઠોકીન વાતાં સોળે હો...



મૉમો મૉમી લાવણી મનમાં આવેં ઝી..

(એક બાણિયો – એ રોતો સૉનો રેં...! મુખ્ય ગાયક : હા!)

એ રૉમઝીન ધીરપો અરુઓ આલેં ઝી..
મૉમો કુણ ગણેં એંણા રાવણવાળા...ભાર હો...

તો..મરાઝ... એ..અવેં સતિયા હેં. હારે અવેં રૉમ હેં..એ. લસ્મેંણન કૉય કેં, હા રે અવેં ઝોતો ખરો? એ...વનમાં રૂંખ એખલું ન ઓઝો! ઝગમાં તાલીનેં આવેં વા..ત. એંણાન કુણ કર વનમાં વાર! હારે એંદુએં ગાઈ! એ..તરકણેં હૂઓ..ર! હારે મહરાઝ કિયાં તીલાંનાં તાપણાં... હારે અરુઓ હેં.. ઘણો બળવતી વા..ઝેં... હા પણ માયરન પેટ એખલો. હારે આંઝણીના પેટે એખલો.. એ..ઑણે કુણ ઑતાર (કોઈ વતારે નહીં..) કરેં... હા પણ હું દુઃખ પરું? હારો તો લેઇયેં. હારે અરુઓ હેં...એ.. આઁખ ઢાળીન બેહી રો..એ... અવેં રૉમઝી હેં.. હારે કઁય કેં....એ... અરુઆ? હારે કેંણે દઃખે રોયેં... અમાં હૉમું તો ઝો..?એ..અવેં અરુઓ લાંબી નઝરેં ઝો...ય. હા તો અવેં વળી મૉમા નઝરમાં આવેં... એ..રૉમ મૉમો લસમણ! હા...રે અરુઆન અવણિયાં સાથિયે ધીરપો આવેં... હાઈ રે હાઈ! એરતો એવા મળા! હારે ઝટ ઝટ નેંસો આવેં. એ..નેંસો આવેં... હારે અવણિયાં મિળણાં મિળ...હારે અવેં પરદખણા દેઈ પાયેં લાગેં. હાને રોતો ઝાયને પરદખણા દેઈન પાય કઁય લાગેં. હારે મહરાઝ અવેં રૉમઝી હેં...એ.. અરુઆન કૉય કેં, એ ભૉણિયા ...હા..રે કેતરે દઃખે રો...યેં? કર દઃખાંની વા...ત. હારે સાથિયે ધીરપો રા..ખ. હાતો મહરાઝ અવેં અરુઓ હેં.. એ મૉમો? ઝગમાં આવું ખોટું ન કૉમ... એ આઈન પેટ એખલો.. તે વેળનાં ઝનાવર મનં ગણતાં નહીં... એ..માર બાયલી પરી લેતી હેં...હારે તે વતારેં ઝોર કરું... પરો મારેં. હાતો મહરાઝ અવેં રૉમઝી હેં... બાયલીનું કેંતાંમાં એયેં રોયેં.. તે.. એ એરુઆ? હા લસમણ હેં.. બેયાં વસ રેં. હાને રૉમ હેં.. એ..લાંબો હાથ મા...રે. હાઈ રે હાઈ! હારે બેંય દુઃખિયારા મળા.. એ..એ.... અરુઆ? થારાં દુઃખ ભાગીન કઁય નેં મેંલિયે... થાર કણું એં તો મારયેં કણું.. એ સીતમા અતી હાતે થાર મૉમી પરી લે..તી. હારે



બે પાઈ વારિયે ગા.. થોરીક હૂની ર...ઈ. એ..લકાંગડાંનું રાવણિયું લઈ ગઉં. હા તો મહરાઝ અરુઓ હેં, સાથી ઠોકીન તિયાર થા...ય. એ..મૉમો? હારે દેખાં મરદાંના ખે..લ! હારે સાથિયે ધીરપો રા..ખ. કંટીય નેં મેલું... હાને વારતા આગી કેંવી હાલેં.

એ અરુઓ રઈ માર વાતાં સોળે હેં રા...(૨)
મૉમો રા...ઝી...

એ હે રાવણન'લા કુણ ગણેંલા...(૨)
મૉમો રા...ઝી...

એ લકામાહી મૉમી લાવું રા...(૨)
મૉમો રા...ઝી...

એ લકામાહી મૉમી લાવું રા...(૨)
મૉમો રા...ઝી...

મૉમો મારી ભીરો કુણ ભાગેં રા...(૨)
મૉમો રા...ઝી...

અરે ભૉણિયા થારી ભીરો અમે ભાગિયેં રા...(૨)
એ અરુઆ રા...ઝી...

ઠોકીરા કેંમ કરતાંમાં ટોળો આવેં રા...(૨)
એ અરુઆ રા...ઝી...

મૉમો પોરસ કરતાંમાં વૉનરા આવેં રા..(૨)
રૉમઝી રા...ઝી...

એ લાંબા લાંબા માર ડેંગા કાટેં હેં રા....(૨)
રૉમઝી રા...ઝી...



(એક બાણિયો – એ અમારું કૉમ હેં! મુખ્ય ગાયક : હા!)

એ ડેંગા કાટીન પરા લેયેં હેં રા...(૨)
અરુઓ રા...ઝી...

એ અરુઆન માર વાતાં સોળ રા...(૨)
પાઈ રૉમઝી રા...ઝી...

ખરા કૂટવાન તુંય આવઝે રા...(૨)
અરુઓ રા...ઝી...

એ ઝારખાંન માથેં અરુઓ સરિયો રા...(૨)
રૉમઝી રા...ઝી...

એ બાપરો ઊસો સરીન પરો હૂકેં રે રા...(૨)
અરુઓ રા...ઝી...

ઓહો વૉનરાંના માર ટોળા આવેં રા...(૨)
વૉનરો રા...ઝી...

ઠોકીરા એખલો વૉનરો પોરસ સરિયો રા....(૨)
રૉમઝી રા...ઝી...

એ..ખરો ટોળો માર આવણા દેય...રા..(૨)
રૉમઝી રા...ઝી...

એ...ખરો ટોળો માર આવણા દેય...રા.. (૨)
રૉમઝી રા...ઝી...

ઓ...અરુઓ ધૉમીન નેંસો આવેં રા...(૨)
અરુઓ રા...ઝી...



(એક બાણિયો – એ ભેગા કૂટઈ ગા હેં ને! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા આખા ટોળાન માર પરેં રે રા...(૨)
ઓ સતિયા રા...ઝી...

એ વૉનરાંન માથે ઠોર પરેં રા..(૨)
હો હો સતિયાં રા...ઝી...

ઠોકીરા રાવણની રીહ એણ અરિયા રા...(૨)
ઓ રૉમઝી રા...ઝી...

એ અરુઆન ભેળો માર પરે રે રા...(૨)
ઓ મૉમો રા...ઝી...

ઓ અરુઓ ભૉણેઝ વાતાં સોળેં રા...(૨)
માર મૉમો રા...ઝી...

ઠોકીરા મનં ભેળું તમે લગારો રા...(૨)
મૉમો રા...ઝી...

એ હારાં હરખો તુંય દેખાય રે રા...(૨)
ભૉણિયા રા...ઝી...

(એક બાણિયો – એ કૉંય ઓળખેંણો નહીં! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા ઝાકેં હીલાંણી કરી આવઝે રા...(૨)
ઓ ભૉણિયા રા...ઝી...

મૉમો હેંણાની હીલાંણી કરું રા...(૨)
માર મૉમો રા...ઝી...

ઠોકીરા બળેલે ઠૂઠે તું તો ઝાઝે રા...(૨)



ઓ અરુઓ રા...ઝી...

ઓ ધૉમીન અરુઓ આવણા લાગો રા... (૨)
અરુઓ રા...ઝી...

એ રૉમઝીની માર કારણ સૂટી રે રા,
અરુઓ રા...ઝી...

એ કારણની માર અગની ઝળે રે રા....(૨)
રૉમા રા...ઝી...

એ લીલી કડણની પરી હારકેં રા,
અરુઓ રા...ઝી...

એ એંણ કારણે માર મુટું કાળું હેં રે રા....(૨)
અરુઓ રા...ઝી...

(એક બાણિયો - એ હીલાંણી ઑણી કરી હેં! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા તેંણ ઝણા લાંગરું ઓઇયા રા...(૨)
એ અરુઓ રા...ઝી...

ઠોકીરા વૉનરી તો માર પરી પરાવેં રા...(૨)
અરુઓ રા...ઝી...

એ આખો ટોળો રેપ્રી મેલો રા...(૨)
એ રૉમઝી રા...ઝી...

(તંબૂર-સ્વર) એ..અવેં સતિયા હેં... હારે રેંઝો ઝગમાં વા..ત. એ..અરુઓ હેં.. હારે અહુઆન ઊસો સરાવેં... હારે હીખમત દે...ય. હારે કેંમ કરતાંમાં ટોળો આવેં. એતો વાત ક..ર. હારે અરુઓ હેં... એ..મૉમો? પોરસ કરતાંમાં, હારા



ધૉમીન આવેં..એ..હારે મું ઝોર કરીન ધૉમોન તો ટોળો આવેં.. હારે મહરાઝ અવેં રૉમઝી હેં.. લાંબા લાંબા ડેંગા લે...ય. હાતે દૂરા દૂરા બેં ભાઈ લપેં કે..વા! હારે અરુઆન ઊફરો સરાવે. હારે મહરાઝ અવેં ટોળો હેં...એ.સરેં ઝારખાંને મા...થે. હાને પોરસ કરીને ઊકેં..હારે હૉમટા વૉનરા હેં... હેં તો એખલો.. હાને હોમો ભારથ મૉડો હેં.. રેંઝો ઝગમાં વા...ત. હા...હરખી જોરીન એલો કૉં..ય. મા...રે. હાને પાલટી કેવી આ...વે. એ..વૉનરાંનો ટોળો આવેં...હાતો અવેં ભોથા તો વળી, હાને ધૉમા થકા આવેં. એ આવેં ઝારખાન એઠણ...હાતે અવેં અરુઓ હેં તે ઊફરાહી, નેંસો કૉય આવેં. એ....પેલી બાઝુંહો, લસ્મણ આવેં... ઓંણી બાઝુંહો રૉમો આવેં... હાને રેંઝો ઝગમાં વા...ત. એ..કેંવા હરખી વા..ત. એ ઘરના ધણીન તો ઓસો હાઝે.. પેલા પરુણા પાઈ હેં, મારી સ નૉખેં. હા ભલા ઝીવતા! (તંબૂર-સ્વર) એ વૉનરાંના માથેં માર ઊડેં. હારે ઑમના ઝય તો અરુઓ દે...ય. પેલી બાઝું ઝાય લસ્મણ દેય..હારે ઑમનો આવેં તો રૉમ કૉય રોળવેં.. હાતો મહરાઝ ભેળા ભેળી અવેં વૉનરાન કેવી પરેં...એ..અરુઆન બેં તેંણ પરેં...હારે આરલ્લી ઝાય. એ મૉમો! હારે મનંય ભેળી લગારાં.. ઓ..અવેં રૉમઝી હેં... હારે અરુઆન કૌંય કેં, ભૉણિયા? હા રે ધૉમો ધૉમો ઝા..હીલાંણી કર..એ મૉમો? હારે વનની ઝારી સબ લીલી, હેંણ કાળું ક...રું? હા તો મહરાઝ અવેં રૉમ હેં, બૉણ સોરેં.. એ... ટેંબણણી હેં... લીલી લાગેં.. હાતો મહરાઝ અવેં અરુઓ હેં. એ ધૉમો થકો ઝા..ય.. હારે અવેં એરેલું ઑગેં આવેં. હા રૉમ અતો તે વનમાં રેંતો, વનફળ ખા...તો.એ...અવણ ખાયન સહુ કાકો દે..ય. એ..ખાતો એંણાના ફળને હળગાવું... હાતો મહરાઝ અવેં વૉનરો હેં.. તે બત્તું મુટું કાળું ક...રે. હારે આથ પૉગ કરેં... ધૉમો થકો આ..વેં. આવેં ટોળામાં.. એવીક મેંલેકને એ.. ટોળાના માથે..હા..રે પૂસરા લરેં... હાને ભોથા થાકેંન વૉનરા હેં તે કેવા આવેં... હારે ટોળો નાહીન પરો મગરેં ઝા..ય. હાને વૉનરી પરી પરાવે... હારે મહરાઝ અવેં સતિયા હેં..તે અરુઆન કૌંય કેં, એ.. ભૉણિયા? આ થાર બાયલી! અત્તારે થારય ઠીક આવું હેં... ઑંઠે મઢી હેં કેં.. હાને વારતા આગી કેવી હાલે...



તમેન મૉમા ઘૅર ન ઝાઝો, (૨)
ઉં લકામાં ઝઉં રે, અરુઆ તું માર વડવો ભાઈ...

એ લસ્મણ પરો ભાઈ રે,
તું માર વડવો ભાઈ...

સાથિયેં ધીરપો પરો ન આવો, (૨)
મૉમા વાતો સોળ રે.. ઓ અરુઆ તું માર વડવો ભાઈ...

ઓ લસ્મણ પરો ભાઈ રે...
અરુઆ તું માર વડવો ભાઈ...

ઠોકીરા મૉમો મારી ભીરાં ન ભાગી, (૨)
તમારી ભીરો મું ભાગું.. ઓ અરુઆ તું માર વડવો ભાઈ...

એ લસ્મણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

એ વૉનરી ન માર ઘેંરન મેંલે, (૨)
મૉમો ન હીખો દેય... એ અરુઆ તું માર વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
એ અરુઆ તું માર વડવો ભાઈ...

(એક બાણિયો – હા...અરુઓ હું ઑમ કરેં! મુખ્ય ગાયક – હા!)

તમે મૉમો ઘૅર ન ઝાઝો, (૨)
મૉમીની વારી મું ઝઉં રે..એ અરુઆ તું મારો વડવો ભાઈ ....

એ લખમણ પરો ભાઈ રે...
અરુઆ તું મારો વડવો ભાઈ ....



(એક બાણિયો – અરુઓ કેંમ કરેં હેં'લા? મુખ્ય ગાયક – હા!)

એ રૉમઝી મૉમો વાતો સોળે, (૨)
હૉંપળે અરુઆ વાત રે...ઓ અરુઆ તું માર વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

ઠોકીરા આડોન પરિયો મોટો દરિયો, (૨)
દરિયે હું કરીન ઝય રે..એ અરુઆ તું મારો વડવો ભાઈ ....

એ..લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું મારો વડવો ભાઈ ....

ઠોકીરા મૉમાન ભૉણિયા હાથેં ન ઝાઇયેં, (૨)
દરિયા ઉપર આવિયેં...અરુઆ તું મારો વડવો ભાઈ ....

લખમણ પરો ભાઈ રે...
અરુઆ તું મારો વડવો ભાઈ ....

(એક બાણિયો – એ..દરિયાની પાહે આવઝો'લા...! મુખ્ય ગાયક – હા!)

બાપરા ખેરિયાન ખેરિયા ઝાવા લાગા, (૨)
ઝય લકાને વાટે રે..અરુઆ તું મારો વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું મારો વડવો ભાઈ ....

એ ખેરિયા ખેરિયા સતિયા આવેં, (૨)
ઝાવેં દરિયા પાળે,



અરુઆ તું મારો વડવો ભાઈ ....

ઠોકીરા ફોઝ ફાંટું ન માર પરું ન લે..ય, (૨)
ખેરિયા આવણા લાગા રે..અરુઆ તું મારો વડવો ભાઈ ....

ઓહો લખમણ પરો ભાઈ રે...
અરુઆ તું માર વડવો ભાઈ..

એ પાળેં તો માર ઓરાન આવેં, (૨)
ઊપા ઊપા વિસાર મૉડેં... અરુઆ તું મારો વડવો ભાઈ ....

એ'લા લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

(એક બાણિયો – એ'લા હું કરિયે'લા..! મુખ્ય ગાયક – હા!)

એ પરા ઊંડા દરિયા પરિયા, (૨)
કેંમ કરી લકામાં ઝાવું રે.. અરુઆ તું માર વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

એ રૉમઝી તો કબાંણ સરાવે, (૨)
તીર કૉમઠી લેય રે.. અરુઆ તું મારો વડવો ભાઈ...

ઓ લખમણ પરો ભાઈ,
અરુઆ તું માર વડવો ભાઈ...

એ કરી પોરસ ન કબાંણ તૉણેં, (૨)
ભાલોર તૉણવા લાગો રે.. અરુઆ તું મારો વડવો ભાઈ...



એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

બાપરા અતવસ દરિયામાં ભાલોર પરિયો, (૨)
એ’લા સતિયો ઝોવા લાગો રે... એ અરુઆ તું માર વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

ઠોકીરા અરુઆ ભૉણેઝ વાતાં ન સોળે, (૨)
હૉંપળે મૉમો વાત રે.. અરુઆ તું માર વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું મારો વડવો ભાઈ...

એ’લા ફોઝ ફાંટું તમે ઑં ઝ રેંઝો,
એખલો ઝાઈન મું આવું રે.. એ અરુઆ તું મારો વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
એ અરુઆ તું માર વડવો ભાઈ...

મૉમીન ઝોઈ આવું મું એરીન આવું, (૨)
પેસણ તમાં લેઈ ઝાઉં રે.. અરુઆ તું મારો વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું મારો વડવો ભાઈ...

કરી પોરસ માર અરુઓ કૂદે, (૨)
અતવસ દરિયામાં પરે રે... અરુઆ તું માર વડવો ભાઈ...

ઓ લસમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...



એ કૂદતેં થકે એંદરી ખલી, (૨)
ભૉણિયા ન ઝોખો આવો.. અરુઆ તું માર વડવો ભાઈ...

ઓ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

(એક બાણિયો - એ તો નેં હરખો રેંવ'લા..! મુખ્ય ગાયક - હા!)

એ ભાલ્લા ઉપર અરુઓ પરે, (૨)
કરી પોરસ ન પરે રે.. અરુઆ તું માર વડવો ભાઈ...

એ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

ઠોકીરા પેંખાં ઉપર અરુઓ પરો કૂદે, (૨)
ઝાઈ પરિયો પરલકા રે.. અરુઆ તું માર વડવો ભાઈ...

ઓ લખમણ પરો ભાઈ રે,
અરુઆ તું માર વડવો ભાઈ...

(તંબૂર-સ્વર) ઓ..મરાઝ! એ... સતિયા હેં... હારે મહરાઝ અવેં વનખડાંમાં.. હારે અરુઆન બાયલી હૂંપેં.. એ ભૉણિયા? ઑં લેં થાર બાયલી..એ..સાથી રાખઝે... હારે ધવારીન પરી આલી હેં. અમે તો ઝાઇયેં સીતાની વા...રે. હારે મહરાઝ અવેં સતિયા હેં..એ...અરુઓ હેં હારે મૉમાન કૉંય કેં...એ... મૉમો? હારે મારી ભીર તમે ભાગી.. હારે તમારી ભીર ભાગું મું....એ મૉમીની વૉંહે મું ઝઉં... હાને તમે ઝૉવ મોરા મોરા ઘેં...ર. એ..ભૉણિયા? હારે લેઇયેં ફોઝ ન ફાંટું ... હારે ઝાઇયે ભેળા..હ.. હાતે મહરાઝ અવેં રૉમ રૂખરિયો હેં. એ...અવેં કૉંય કેં...એ...મૉમો? હારે ઉં ઝઉં એખલો.. ખબર લેઈન પાસો આવું. હારે પેસ લાવ લસકર લેઈન ઝાઇયેં હારે કેવું હેં મનં ઝોઈ આવણા તો દેયાં... હા અલ્લા ઝીવતા! (તંબૂર-સ્વર) એ... લાવન લસકર મેળ... હા તે



મહરાઝ અવેં તીર કૉમઠાં મે..ળ. હારે ધનુસ કબાંણ લે..ય. હારે મહરાઝ અરુઆન કૌંય કેં... એ..ભૉણિયા? કણો ઝોરમાં હેં... હારે બાર બાર સવીસ ગાઉન માથે દરિયો હેં.. તે લકાંગડાં અગળ દરિયો પરેલો.. એ..ઘણો ઊંડો સમુદર, પરે હેઢે નેં ઝાઈ હકેં.. એ..એં બતા ઝાઇયેં.. હારે દરિયાની પાળેં અમે રઇયેં. હાને તું... હા તો મહરાઝ ખેર ખેર ખરલે ખા...ટ. હાને લાંબી ફાળન સોટે પગલે કૌંય આવેં...અગલા પલા વાત કરેં... પૉગની પની ઉંકારો દે..ય. હારે અવેં રીહના ભરેલા થકા કેવા આવેં.. એ..વાર એં એય ઘણી ઝોરમાં ઝા...ય. હા તો મહરાઝ અવેં રૂખરિયા હેં...એ.. પૉગની પની વા...તો કરેં... હાને પાસલા પલા ઉંકારા દે..ય. એ...તુદળી રેત ઊડેં. હાને ખેરિયા થકા કૌંય આવેં... હારે ખડ મેલે ખડ લે...ય. હા વન મેલે હી લેં.. હારે ખેરિયા ખેરિયા આવેં. એ.. અવેં આવેં લકાની વા...ટ. હા તો મહરાઝ રે લકાની વાટેં આવેં.. હારે દરિયાની પાળે અરા આ...વે. હારે સતિયા હેં.. હારે ઠગમગ ઊપા રેં... હારે લાંબી નઝરેં ઝોય... એ.. દરિયો પરો ઘણો ઊંડો સમુદર. હારે સનિયેન સે પાર નહીં. હાતો મહરાઝ દેખાય જળ જળનું જળ! હારે કેંમ કરીન ઝાવું? હાતે રૂખરિયા હેં, હારે અરુઆન કેંય, એ ભૉણિયા? ઝબર વાતો કરતો.. પણ અરે ઝોતો ખ...રો.. કેંમ સૉનો થઈ રેં...એ તંદુકાર દેખાય... હારે લકા કેંમની હેંન કેંમની નહીં? હારે એ મૉમો? હારે કૂદુ તો ખરો... પણ કેદિ' અતવસમાં ઝાઈ હકું એંમ લાગેં...એ...ધનુસ કબાંણ સરાવાં. હાનેં ખરો માર કરી... હાને પોરસ કરીન તીર મેલાં હારે અતવસ કરીક મનં ટેકો કરાં. હારે મહરાઝ અવેં સતિયા હેં... પેંગ દેઈ કબાંણ સરાવેં. હાને ભાલો કૌંય ઘા..લે. એ.. કરી પોરસ.. હાને તીર કેવું મા...રેં. હારે આવે રેં દરિયાન માથેં.. અતવસ દરિયામાં પ...રે. હાને ઝોતો હેં... મૉમૉન હીખ દે..ય. એ.. મૉમો? અગા પાસા નેં થાતા.. હારે મું ઝાઈ, એ...રી હાને મૉમી હું રાઝ કરેં... એરી ભાળીન પાસો આવું. હારે અતારેય પરા હેં...એક તારો ઘણીન લેઈન નેં ઝા...ય. એ...મૉમો ઝોઈન ભાળીન પાસો આવું. પેસણ હારા ઝાઇયેં.. હાને મૉમી વાળવી મનમાં આવી... હા.. એક ખાતા એં તો બે ખાં. પાળે બેઠા રાં. હારે ફોઝ ફાંટું મે...ળો. હારે અવેં અરુઓ હેં.. કરી પોરસને કૂ...દેં. હારે મહરાઝ અવેં અતવેંસ દરિયામાં આવેં...હારે ખાંમદાંન વારતા રાખવી...એં એંદરી ખલેં! હાને



પૉણીરાનો કેંય જોતો પાર્કે! હારે મહરાઝ અતવસ દરિયામાં પરેં. હારે અવેં અરુઓ હેં... હારે પેંખાં ઉપર આવેં... એ ...કરીક સૉન્તી કરેં..હારે બીઝી પોરસ કરે... હાતો મહરાઝ લકા તો રઈ ઝા..ય વૉંહળ ... હાને પરલકામાં કૉંય આવેં. એ.. અરુઓ હેં.. લકા મેલીન પર લકામાં કૉંય આવેં.. હાને વારતા આગી હાલેં...

એ સીતા રૉણી માર પૂરી લેતી હો....
સીતાન તારણવાળો રૉમ...,રૂખરિયો આવેં ઝી...

એ ઊડણ પાવરીમાં સીતા લેતી હો..
સરગાં પવનાંમાં આવેં...
માર તારણવાળો રૉમ..., રૂખરિયો આવેં ઝી...

બાપરી સરગાં પવનાં પાવરી આવેં હો...
એ'લા લેઈ ગો માર રાવણિયો રાઝા,
માર તારણવાળો રૉમ..., રૂખરિયો આવેં ઝી...

એ'લા બાર દન માર વિમોન હેંડિયો હો...
આવી ગિયો માર લંકા...રે માંય,
માર તારણવાળો રૉમ..., રૂખરિયો આવેં ઝી...

ઠોકીરા મૉણકસૉકમાં પાવરી ઊતરેં હો...
બાપરો રાવણ નેંસો ઊતરેં,
માર તારણવાળો રૉમ..., રૂખરિયો આવેં ઝી...

બાપરો સીતા રૉણીન માર વાતાં સોળે હો...
એ હૉંપળે રૉણી વાતો,
માર તારણવાળો રૉમ..., રૂખરિયો ઝી...

ઠોકીરો મારો વાઝેં વાદળ મેંલ રે હો...
તનં લેઈ ઝઉં વાદળ મેંલમાં,
માર તારણવાળો રૉમ..., રૂખરિયો આવેં ઝી...



એ'લા સીતા મનમાં રૂંગાં રાળેં હો...
મારો રૉમ હું કરતો અહેં,
માર તારણવાળો રૉમ..., રૂખરિયો આવેં ઝી...

એલી સીતા રૉણી વાતાં સોળેં હો,
એ હૌંપળે રાઝા વાતો,
માર તારણવાળો રૉમ.., રૂખરિયો આવેં ઝી...

એ'લા વાદળ મેંલમાં ઝલમ નહીં રે હો...
મું તો રેંતી વનાંખડમાં,
માર તારણવાળો રૉમ.., રૂખરિયો આવેં ઝી...

(એક બાણિયો – એ સતી હેં...! મુખ્ય ગાયક : હા!)

એ'લા ઝલમ મેંલમાં નહીં રે રઈ હો...
મું તો નહીં મેંલાંની રેંનારી,
માર તારણવાળો રૉમ.., રૂખરિયો આવેં ઝી...

ઠોકીરા મનં તો મેલે અરિયા વાગમાં હો..
મું તો વારિયાંની એવાઈ,
માર તારણવાળો રૉમ.. રૂખરિયો આવેં ઝી...

ઠોકીરા વારિયાંવેંણું ઉં નહીં રઈ હકતી હો...
માર વનમાં વારી અતી,
માર તારણવાળો રૉ...મ.., રૂખરિયો આવેં ઝી...

(એક બાણિયો – એ ફૂલરાંનો હોરમ લા..ગેં! મુખ્ય ગાયક : હા!)

બાપા વાગમાં બોલેં કાળા ભમરા હો...
મનં વારિયો વેંણું નેં હૌંબળ...'લા,
માર તારણવાળો રૉમ.., રૂખરિયો આવેં ઝી...



(તંબૂર-સ્વર) એ... રાવણ હારે મહરાઝ અવેં સીતા લે..ય. વનાંખડાંમાહી... હા રે ઊડણ પાવરીમાં લે..ય. હારે મહરાઝ સરગાં ભવનાંમાં આવેં.. એ પૉંખે પાવોર ઊડે! ઊડેં'લા! હારે ખેર ખેર ને ખરલે ખા..ટ. હાને મહરાઝ રે અવેં આવેં લકાની વા..ટ. એ ઊંડા પરિયા સમુદ્દર, દરિયા. હાને અવેં સતીન લેઈન કેવો આ...વે. એ..આવેં લકામાં.. હાને અવેં ઘૂમેરે ઘૂમેરે પાવરી કૉંય નેંસી ઊતરે.. એ..આવે લકામાં.. હારે મૉણકસૉકમાં ઊતરે.. હાને અવેં રાવણ હેં.. એ.. સતુરન કૉંય કેં....એ રૉણી? હારે હૉંપળ મારી વા..ત. હા અલ્લા ઝીવતા! (તંબૂર-સ્વર) આવતાંમાં આવતાં ગૉમન ગૉદરાંમાં.. હારે મારો રાઝ મેંલ..મેંલ..હા.. વાદળમેંલ.. એ..ઑં રઈન કેં.. કેવું હાઉ લાગેં..! ઍણા મેંલમાં લેઈ ઝાઈન મેલું. હારે મહરાઝ અવેં સતુર હેં.. મનમાં રોયેં.. અરે! અરે! રૉમ! હારે માર રૉમ રૂખરિયો હું કરતો અહેં! એ..ઝગમાં સાલીન આવી વા..ત. હારે હરદામાં રૉમનું નૉમ લે..ય. હારે અવેં સતી હેં..મનમાં વિસાર કરેં...,એ..રાવણ ન કૉંય કેં.., એ રાઝા? હારે બાર દન વિમોન ઍડું..ઍં દરિયો અડોળો.. અવેં તો કૉંય પાસી ઝાવાવાળી નહીં... ઍં અવેં કૉંય વનાંખડાંમાં ઝાઈ હકું નેં..એ ...થારી રૉણી ખરી.. તું માર રાઝા ખરો.. પૉ..ણ ઝલમ માર બાહી પણણી તે દિ'યાંની એ..વનાંખડાં રેંતી.. હાને વાગવારીમાં રેંતી..એ..વાગવારીનો હોરો હોરો હોરમ આવતો... હારે વાગ બગીસામાં રેંતી.. એ વા! વા! તે..લીલરી પૉંખોના સૂગટા બોલેં.. લવતા મોરિયા બો..લે.. કાળી પૉંખાંના ભમરા ગુંજે. એ..એવામાં મનં હાઉ હોયમણું લાગેં! હારે વાદળ મેંલમાં તો ઝલમ ઉં રઉં... એ પણણા પૂઠણ નહીં રઈ. એ..મનં કૉંય રેંવાય નેં... હાને મનં મેલ અરિયા વાગમાં...એ..હવા મઈનો રઉં અરિયા વાગમાં.. પેસણ આવું રાઝ મેંલમાં... હારે પેસ અરી આવું...હારે એતરું મારું વરતન હેં...એ.. અરિયા વાગમાં મે..લ... હારે સતિ હેં.. રાવણન કૉંય કેં... હાને રાવણ હેં.. મનમાં વિસાર મૉડેં.. હાને ઑં ઑણી હેં તાંય નહીં ટેક દેવાની. વારતા કેવી અગી હાલેં...

એ'લા હૉંપળેન રાઝા મારી ન વાત રે હો...
મનં મેલે અરિયા વાગમાં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...



એ'લા હવા મઈનો મનં વાગમાં મેલે હો..
એ..પેસણ મેંલમાં આવું,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

એ અરિયાન વાગમાં સીતાન મેલે હો...
લેઈ ઝાય એંણા વાગ બગીસા,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરી સૉપાની સાઇયાએ સીતાન આવેં હો...
આવેં સૉપાની સાય્યા,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

એ... મનમાં વિસાર સીતાન મૉડેં હો..
ભાઈ રાવણ ઝોતો વાઝેં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

એ'લા સત મારું પરું ન લેવે હો...
બાઈલી આદમી ન હું કરી ન ઝૂતેં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

રૉમન માર પરીન સમરેં હો...
માર સમરું રૉમા રાઝા,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરી સતન કારણે પથર સમાંણી હો..
એ સીતા પથર સમાંણી,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરી ડૂટીન હમી પથર સમાંણી હો...
એંણે સતન કારણેયેં,



માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરી સૉપાન સાયાયેં પથર સમાંણી હો...
સતી રૉમઝી માળા લે..ય,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

એ'લા હરદામાં સીતા પરીન રોવેં હો...
એ રૉમની સેતો આવેં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

માર રૉમ રોઈ રોઈન પરોન મરતો હો..
માર લસ્મણિયો દેવરિયો,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરી હરિનાં નૉમ માર પરાંન લેવેં હો..
ભઝતી હરિનવાળાં નૉ..મ,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરીન અરિયા વાગની સેતો આવેં હો..
મારો રઈ ગો વના ખડમાં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

બાપરી પાવઠની માર સેતો આવેં હો..
રૉણીન ઘેંરની સેતો આવેં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં, રા...ઝી...

(તંબૂર-સ્વર) એ...સતુર હારે રાવણન કૉંય કેં, એ..રા! હારે તું માર રાઝા ખરો.. હાને મું થારી રૉણી ખરી.. એ. અવેં કૉય વનાંખડાંમાં નેં ઝઉં. હારે થારી રૉણી ખરી.. હવા મઈનાનું માર વરતણ! એ..એતરા દન મેલે વાગ વારીમા... હારે પેસ ધણી ધણિયાણાં થાઇયેં. હા ભલા! ઝીવતા (તંબૂર-સ્વર) વા! વા!



(તંબૂર-સ્વર) એ રાવણ હેં.. હા મનમાં વિસાર કરેં, હારે લાંબો વિસાર કરેં, એને ઘણે સેટેહી ઑણી. અવેં કેં ઝાવી હેં'લા..! એ..આઝ નેં તો કા..લ. હારે રૉણી એ.. ખરી! હારે ઍણ અરિયા વાગમાં રેંવું ઍં તો પરી મેલું.. એ.. અવેં રાવણ હેં.. હારે દસ માથાં વીસ ભઝા.. હારે મહરાઝ રે અવેં અરિયા વાગમા.. હારે હરદારાંન એલો મારેં... વાઝમી વૉલ તેરાવેં...વૉલમાં બેહારીન વાગમાં કેવી મેલે ..એ...નવલી રૉણી. ઑણી દોસ્તી તો માર આથ વઢઈ ગા હેં... હારે એય બધી પૂરી કરી. દસમેં ગરે મનં વળી રોઈ પેસણ કઉં...રૉણીન કૌંય નેં મેલી. કૌંય નેં મેંલી'લા લકામાં.. હારે અવેં સતુર હેં..એ.. મનમાં વિસાર ક..રે, કરે'લા. સૉપાવાળી સાય્યા ..ઓ..હ... રુરો ફૂલિયો અરિયોન વાગ! વા...ગ. કતકી, કેવરા, મરવાન મોગરા ઓઈ થારી! હારે ઝાસી, ઝવલી, ઝંગળમાં ઍં એવું..એ.. ખાતે હદા હરેં, દેખેં હરેં. હરે'લા. હારે સતુર હેં... એ..મનમાં વિસાર કરેં... હારે ભલું પૂસાં ભાઈ રાવણ હેં, દસ તો માથાં, વીસ ભઝા. એ..કેદિ'ક સૂક ધારેં. હારે મારી ભકતિ ભન્નાટે સરાવેં. એ...કૌંયક તો કરવું પરેં... હારે સતુર હેં... રૉમનું નૉમ લે..ય. હાતો મહરાઝ અવેં સૉપાવાળી સાય્યા.. ડૂટી હમી પથર સમાય. તે રાઝા હેં ભાઈ.. બાયલીનું ઝો..ર. હા આદમીનું ઝો...ર.. એ મારું સત પરું વટલાવેં! હારે સતને કારણિયે પથર સમાય. હારે સૉપાવાળી સાય્યા. હારે સતુર હેં... રૉમના નૉમની માળા લે...ય. હારે હરિ ભઝે વા! હારે સતુર હેં...એ.. રૉમનું નૉમ લે...ય. હાને અરિયો વાગ સેતમાં આવેં...એ ગોડેલો પાવટ સેતમાં આવેં. હારે વા! દિ' વનમાં મઢી સેતમાં આવેં. ઍણી મઠિયાંની રેંનારી..એ... મારો ઘણો દોરો થઈન પાવટ ગોડેલો... હારે રઈ ગો વનાંખડાંમાં.... હારે માર રૉમ અતો રઈ ગો વનમાં...એ.. લસ્મણ દેવરિયો... ઝગમાં આવું ખોટું કૉમ.. હારે સતી હેં... તેંહ તેંહ ઑંહુયે રોયેં.. તાલી નેં આવેં વા...ત. સતુર હેં... મનમાં વિસાર કરેં, હારે રે! પાઈ! ઝગમાં આવું ખોટું કૉ..મ. તે પાટલો મેલીન ભખિયા નેં ઘાલી ઍં તો એ.. આથેં કરુંન હાથે આવું.. હા પણ મારો રૉમ હેં તે મેલહેં તો નેં... આવા વેંણો નેં રેં.. હારે ઍણા કારણે હવા મઈનાનું વરતણ લે...ય. એતરામા ન તો કેંકહાન કેંકહા આવહેં.. હારે મહરાઝ વારતા આગી કેવી હા...લેં.



ભાંઝણી (અરુઓ પરલકામા)

એ'લા ખેરિયોન ખેરિયો અરુઓ આવેં રા,... (૨)
અરુઓ રા...ઝી...

બાપરો પરલકામાં ઓરો આવો હેં રે રા,...(૨)
અરુઓ રા...ઝી...

ઓ આડા અવળું અરુઓ એરેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

ઠોકીરા આવો આવો માહીને ઝઉં રે રા,...(૨)
અરુઓ રા...ઝી...

એ પરલકામાં માહી વાઝેં રા,...(૨)
એ'લા અરુઓ રા...ઝી...

ભાંઝણી માહીને પરુણો થઉં રે રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

ઓ લાંબી નઝરે માહી એરે રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

ઠોકીરા ઘણે દને માર ભૉણેઝ આવે રા,...(૨)
અરુઓ રા...ઝી....

(એક બાણિયો – એ લાંબી નઝરેં ભાળે! મુખ્ય ગાયક – હા!)

એ અગેહળી મિળવા ભાંઝણી આવેં રા,... (૨)
અરુઓ રા...ઝી...

એ ધાઈ ધાઈ ન માર મિળણાં મિળેં રા,...(૨)
એ માહી રા...ઝી...



એ એ'લા મિળી હૉમળી વાતો સોળેં રા,...(૨)
ઓ ભાંઝણી રા...ઝી...

ભૉણિયા કેંમહો'લા તું તો આવો'લા,...(૨)
એ અરુઓ રા...ઝી...

દીકરા હું કરીન તેં દરિયો અડોળો રા,...(૨)
ભૉણિયા રા...ઝી...

માહી મૉમીની મું વારેં આવું રા...(૨)
એ મૉમી રા...ઝી...

એ..ફરી ફરી માર હારો લેય રા,...(૨)
એ માહી રા...ઝી...

(એક બાણિયો-એ હું કરીન આવો જા..ઇયા? મુખ્ય ગાયક - હા!)

દીકરા વેંરિયારી વાટ કેંણે વતારી રા,...(૨)
ભૉણિયા રા...ઝી...

એ માહી મૉમી સીતા એરી લેતી રા,...(૨)
મૉમી રા...ઝી...

દીકરા કળણું વાઝેં રાવણનું રે રાઝ,...(૨)
ભૉણિયા રા...ઝી...

એ ઝૉણહેં તો તનં પરો મારહેં રા,...(૨)
ભૉણિયા રા...ઝી...

(એક બાણિયો - એ કેમનું ક...રે? મુખ્ય ગાયક - હા!)

માર બેંનરીન પેટ તું એકલો વાઝે રા,...(૨)



ઓ અરુઓ રા...ઝી...

દીકરા મૉમા કારણ તો ભોળવાઈ ઝાહે રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

(એક બાણિયો – એ...એંમ કેંમ બોલે માહી? મુખ્ય ગાયક : હા!)

માહી કુણ ગણેં એંણા રાવણના રે ભાર,...(૨)
માહી... રા...ઝી...

એ ભમર ઢોલિયો પરો ઢાળે રા,...(૨)
ઓ માહી રા...ઝી...

એ હોરિયે થઈને તું તો બેહઝે રા,... (૨)
ભૉણિયા રા...ઝી...

એ પૉણી ભરવા મું ઝાઉં રે રા,...(૨)
ભૉણિયા રા...ઝી...

માહી કાસેં દોયરેં પરો બૉંતેં રા...(૨)
ઓ...માહી રા...ઝી...

(એક બાણિયો – એ...અળવીતરું હેં એ તો! મુખ્ય ગાયક : હા!)

એ..દોરેં બૉંતીન પૉણીરાં ઝય રે રા,...(૨)
ઓ ભાંઝણી રા...ઝી...

એ ખેરિયાં ખેરિયાં ભાંઝણી આવેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

એંણા દોયરા હારણ અરુઓ ઝોય રા,...(૨)
એ અરુઓ રા...ઝી...



એં એંણા દોરાન કુણ ગણેં રા,...(૨)
ઓ...માહી... રા...ઝી...

બાપરો બાર ગાઉઆંનો દરિયો અડોળો રા,...(૨)
માહી.. રા...ઝી...

એ..ઓંણ દોરેં હેંણ રઉં રે રા...(૨)
એ...માહી રા....ઝી...

એ...પોરસ કરેં સરગાંમાં ઝાય રે રા,...(૨)
એ'લા અરુઓ રા...ઝી...

(એક બાણિયો – એ ખોટું આવું'લા અરુઆ! મુખ્ય ગાયક : હા!)

એ બીઝી પોરસ માર અરુઓ કરેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

એ કાસો દોયરો નહીં ટૂટતો રા,...(૨)
અરુઓ રા...ઝી...

એ પેયાળાંમાં અરુઓ આવેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

(તંબૂર-સ્વર) એ..અરુઓ. હારે મહરાઝ અવેં લકા મે..લે. હાને પર લકામાં આ..વેં. એ...મનમાં વિસાર કરેં... હારે લકા કેંમની હેં... પરલકા કેંમની હેં..લાંબી નઝરેં ઝો...યેં..એ..લકા તો રઈ ગેઈ વાઁહળ.. હા..રે પરલકામાં આ...વો. એ આઁ કેંક તો માહી હેં... હારે માર આઈની બેંન.. એ એંણી વેળ ઝ..ઉં. હારે ઝબર ઝોર કરું હેં. માહી કૌંયક નાસ્તો કરાવેં. હારે પેસણ ઝાઉં લકામાં.. હારે મહરાઝ અવેં આસ કેંવો વળો હેં...એ..લાંબી ફાળન સોટે પગલે.. હારે હળવે થકો કૌંય આવે.. હા અલ્લા ઝીવતા. (તંબૂર-સ્વર) એ..હાર ખેરિયો ખેરિયો આવેં.એ ...આવેં મારગાંની જો..ર. હારે પરલકામાં કૌંય આ...વે. એ..ઊપો રઈ



રઈન ઝો..ય. હારે. માહીનું કેંર કેંક હેળું હેં...વા! વા! એ અજાંણો હું કેંક અવળો ઝાતો રઉં. હારે મહરાઝ આવેં અરુઓ. એ.. ખેરિયો ખેરિયો આવેં... એ ઠાવોસ કોંય આવે.. એ.. માહી હેં... હારે... હેંડતી થકી નઝર નોંખેં. હારે અરુઓ ઝોતો નઝરમાં આવેં.. હારે માહી હેં... મનમાં વિસાર કરેં.. હારે ઓઈ થાર મા દેવું. એ..આઈની ઝણી બેંનનો દીકરો... હારે આઝ વાટ કેંમહી એરી કા..ટી? બાપા દરિયો હું કરીન અડોળો અહેં. વાવા! (તંબૂર-સ્વર) એ.. માહી, હારે મહરાઝ અવેં અગળહેળી મિળવા ઝા...ય. એ..બેંન દીકરો આવેં. હારે દઃખિયારી વાટો.. એ વેંરિયારી વાટ કેંણે વાવોરી? બાપરો પરલકામાં હું કરીન આવો અહેં? હા રાવણ ઝૉણત તો પરો મારોત.. એ..રાવણનું રાઝ ઘણું આકરું વાઝેં.. હારે અગેહળી મિળવા આવેં. હારે મિળી હૉમળી! હાનેં સાટી બોહાળી... એ..અગળ કરેં... હાતો મહરાઝ લેઈન આવેં ઘેંર.. હારે ભમર ઢોલિયો, હાને અવેં અરુઆન વળી કોંય બેહારેં.. એ..કાબરી પટોરી હીરખી, હાને અરુઆન ખાટલે બેહારે.. હાને હારો કેવો લે..ય. એ.ઝાઇયા ? હારે વેંરિયારી વાટ કેંણે વાવોરી? એ..લકા રઈ ગઈ પૂઠણ... પરલકામાં અરો આવો એ.. આતરી હું ભીર પરી...? એ..માહી..? હારે પરાનો આવો હું. એ.. ઝાઇયા? કેતરી ઉંમરનો થો...? આઝ માહીની સેત કેંમ આ..વી? હારે એ માહી? હારે દુઃખિયો આવો હું. રેં તો સુખિયો આવોય. એ'લા ઝાઇયા? હું હરખું હેં..? વાત તો કરકેં? એ.. માહી! ગઝબ થઉં હેં. હારે મૉમો લખમણ હારે મૉમો રૉમો... હારે વન ખડાંમાં રેંતા. તે બાપરું પેલું માય કોંગલું રાવણિયું મરું. સીતમા લેતી હેં, એ.. એંણી વારે આવો હું..એ...ઝાઇયા ! આવી વાત કરી...નાના હાસી વાત હેં માહી... એ...ઝાઇયા! હારે માર સ પાઈ હેં...પણ એ તો એંણાં ઝોતાંનું કૉમ હેં.. તું હું કરવા પૂરો મરેં...? એ ...રાવણ ઝૉણહેં પરો મારહેં...હારે એંમ કેંતાંમાં તો અવણાં અરુઆન હેં તે ગૉડમાં ભૂડકો કોંય થાય..! એ માહી? મારહેં એંમ તો મનં કેંઝે માં. હારે કેવું રાવણિયું? એ.. એતો મારા માથામાહી ઝીહ ગણું એ..એ ઝાવા દેં'લા જાઇયા.. દસતો માથાંન વીસ ભઝા હેં... એ..એકી હાથે વીહ આથેં લરેં... હારે દસ મુટે બો...લે. હારે તું હું કરે..? માહી એ તો મનં કે વું માં.. માર ભોડામાહીની



લીખ હેં! એ..ઝાઇયા? એવી.. વાતો ઝાવા દે..ય. હારે અરુઓ હેં... એ માહી? હારે એ વાતો ઝાવા દે...ય. એ ઝાઇયા? હારે માર બેનને પેટ એક સ. તે...ઠોકીરા નખા લોઈ ઝાય.. રૉમા હારણ ભોળવાઈ ઝાયેં.. હાનેં તેં હું કરવા આવું કરું? એ મારી? થારી એ વાતો તો ઝા..વા દે..ય. હાને મનં કૌંક નાસ્તો કરાવ. હાને પેસણ તું ખબર તો લે...ય. હારે અવણ હવેળી વેળમાં તનં હું હૉંપળવા મળેં. હા તો મહરાઝ અવેં ભાંઝણી હેં.. એ.. અરુઆન કૉય કેં...એ.. ઝાઇયા? તું ઑંનો ઑં બેહ. એ મું ઝઉં નરમળ નીર ખૂટાં.. હારે સરઝા વાવે પૉણી ભરી પાસી આવું.. હારે પેસણ તનં ભાત નૉતીન ખવરાવું. હારે માહી હેં.. હારે અવેં વિસાર કરેં.. આતો ઘણો અળવીતરો, એ..કૌંક ન કૌંક કરહેં... બીઝાં ઘરાંનો કૌંયક ઝાહો કરહેં તો મનં કેંહેં. એ.. સતી હેં... હારે કાસે દોરે અરુઆન બૉંતેં.. હાને અવેં મરવાનાં અટુણાં માથેં મેલેં..એ.. કાસીનો ઘરો ભોડેં મેલેં.. હારે મહરાઝ અવેં ધરમર ઊતરે વાદળન મેંલ.. એ પૉણીની પણિયારી કૌંય થા..ય. હાને અરુઓ હેં.. હૉમ હૉમ ઝોયેં.. બેઠે ઝપ નેં થાય...એંડે લાવો પૂરો નેં થા..ય. આહનો ખરો કૌંય કરેં... હારે અરુઓ હેં... મનમાં વિસાર કરેં.. (તંબૂર-સ્વર) એ..અરુઓ.. હારે મહરાઝ અવેં ગોખાવટ કરેં. હારે આળોસ મૉંડેં... ઑં વળી મું રેંતો અહું! બારબાર સવીસ ગાઉનો દરિયો અડોળો.. માહી મનમાં હું ગણેં હેં..? હારે અવેં પોરસ કરેં.. એ.. સરગાંમાં સરેં.. દોરો તો ટૂટ તો ખરો..! હારે મહરાઝ અવેં અરુઓ હેં.. પરે નેંસો.. ફેર પોરસ કરેં.. હારે અવેં ઝા...ય. પેયાળમાં.. હાને અવણય બેઠો બેઠો આ...કરીન ઝોઈ રો.. હાને વારતા આગી કેવી હાલે...

માહી પૉણીરાંન ભરવા ઝાવેંન હો...
આવેં પૉણીન પણિયારે.. માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી...

એ નરમળ નીર માર પરીન ભરેં હો...
બેરલાં માથે મેલે, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી...



એ ખેરિયાં ન ખેરિયાં આવેં ન હો...
ખેરિયાં આવણાં લાગાં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી...

બાપરી ભરી ઑગણિયેં આવેં રે હો...
ધરમર સરેં મેંલો, માર તારણવાળો રૉ..મ,
રૂખરિયો આવેં..ઝી...

બાપરી પણસીએ નીર મેલેં રે હો...
એ અરુઆનાં એરાં એરે, માર તારણવાળો રૉ..મ,
રૂખરિયો આવેં..ઝી...

એ'લા અરુઆ કઈન માર બૂબો પારેં હો...
માર ભૉણિયો કેંમનો ગિયો, માર તારણવાળો રૉ..મ,
રૂખરિયો આવેં..ઝી..

બાપરો પેયાળમાં અરુઓ બોલેં હો..
માહી વાતો સોળે, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી..

(એક બાણિયો – કેથો હેં'લા અરુઆ? મુખ્ય ગાયક – હા!)

જાય્યા કેવો હુંય કરેં રે હો...
તનં તો મૉસા ઉપર બેહારો.. માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી..

માહી દોરાન ઝોઈન ઝોતો રે હો...
થારો દોરો ઘણો ટણકો, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી..

(એક બાણિયો – એ ટૂટો નહીં! મુખ્ય ગાયક – હા!)



બાપરી અરુઆન બારો કાટેં રે હો...
એ ભૉણિયાન બારો કાટેં, માર તારણવાળો રૉ...મ,
રૂખરિયો આવેં..ઝી..

(એક બાણિયો - હાઉ રે હાઉ! મુખ્ય ગાયક - હા!)

બાપરી અરુઆન કેંય રે હો...
એ હૉંપળે ભૉણેઝ વા...તાં, માર તારણવાળો રૉ..મ,
રૂખરિયો આવેં..ઝી..

બાપરા હોરિયે તું તો બેહઝે રે હો...
મું તો ભોઝનિયાં રે કરું, માર તારણવાળો રૉ...મ,
રૂખરિયો આવેં..ઝી..

બાપરી બતરી તતરી ભોઝન રે હો...
એ અરુઆન ભોઝન કરેં, માર તારણવાળો રૉ...મ,
રૂખરિયો આવેં..ઝી..

બાપરી થાળિયાં ભોઝન પરુસેં રે હો...
એ અરુઆન પૉણી આલેં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં..ઝી..

એ ભાવતાં ભોઝન ભૉણિયા તું તો રે ઝમઝે રે હો...
બાપરા દૂરા દેસનો તું ખેરિયો, માર તારણવાળો રૉ...મ,
રૂખરિયો આવેં..ઝી..

બાપરો અરુઓ ભોઝન ઝમેં રે હો...
એ ઝમી ઝૂઠી ન ઊઠો, માર તારણવાળો રૉ...મ,
રૂખરિયો આવેં..ઝી..

એ અવતો માહી બેહઝે રે હો...



મારં ઝાવું લકા માંય રે, મારં તારણવાળો રૉ...મ,
રૂખરિયો આવેં..ઝી..

ઓ... મરાઝ! એ.અવેં અરુઓ, હા તો મહરાઝ અવેં બાઈ હેં... હીખમત દે..ય. એ..ઝાઇયા? હારે તું ઑં નો ઑં રે .. પૉણી ભરીન પાસી આવું. હારે પેસણ તનં ભોઝન ખવરાવું! હાતે અવેં અરુઓ હેં. એ.. માહી ધરમર ઊતરેં વાદળ મેંલ... હારે અવેં માહી વાદળમેંલમાં આવેં.. એ.. ધરમર સરેં.. હારે પણસિયે નીર કૉય મેલે.. મરવાનાં અટુણાં નેંસાં મેલેં..હાને અરુઆન કૌંય ઝો...ય. હા અલ્લા ઝીવતા! (તંબૂર-સ્વર) એ..અરુઆન એરવા પરી.. હારે.. અરુઓ અતો... માહીન ઝાવા દેઈન પોરસ કરી તે અસમાંનમાં ગો... હારે બીઝી પોરસ કરી, પેયાળમાં કૌંય ઝા...ય. હારે માહી હેં.. લાંબે લાંબે હાદ મારેં... હાને અરુઓ પેયાળમાં કૌંય બો..લે. એ..માહી હેં, ઉપર રઈન ઝો...ય. એ...જાઈયા? આથો હું કરેં...? એ. માહી! મેં તો આ દોરો હું રેંહેં એંમ કરીન ઝોર કરું.. એ..દોરો ટૂટો નેં.. હારે પેયાળમાં આવતો રો હું.. હાતે મહરાઝ અવેં ભાંઝણી હેં...તૉણીન બારો કાટેં.. એ. ઢોલિયા ઉપર કૌંય બેહારે.. હારે મહરાઝ અવેં બાઈ હેં.. એ.. બતરી તતરી ભોઝન કૌંય કરે.. હારે મહરાઝ અવેં સોનગરા થાળમાં કાટેં.. હાને અવેં અરુઆન પૉણી કૌંય આલેં.. એ.. ઝાઇયા? એ..આવ ઝમી લે.. હારે અરુઓ હેં..ભાંઝણી માહીન ઝમી ઝૂઠેં.. હાતે ઝમી ઝૂઠીન બેઠો કૌંય થા...યે.. એ..બારો આવેં..હારે બેહે ઢોલિયાન માથેં... હાને માહીન હીખ કૌંય દે..ય. એ...માહી! બેહઝે.. હાને આવઝે.. હાને ઉં ઝઉં લકામાં..એ...જાઈયા? માર કયેલું નહીં મૉનવાનો.. એ... રાવણનું રાઝ આકરું.. તાલીન આવેં વાત... હાને વારતા આગી કૌંય હાલેં...

અરુઓ લકામા

ખેરિયોન ખેરિયો અરુઓ આવેં,
આવેં લાંબાં મારગાં, અરુઆ તું મારો વડવો ભાઈ...
એ લસ્મણ તું લોરો પાઈ રે, તું મારો વડવો ભાઈ...



એ ભાંઝણી માહીન હીખો ય દેય,
ભાંઝણી માહીન હીખો ય દેય..
દોરી મેલી દેઝે..., અરુઆ તું મારો વડવો ભાઈ....
એહે લસ્મણ પૂરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ લકાની વાટે અરુઓ આવેં,
લકાની વાટે અરુઓ આવેં...
સીતમાની વારેં ઝાવેં રે..., અરુઆ તું મારો વડવો ભાઈ...
એહે લખમણ પૂરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ લાંબી ફાળે ઝોતો ઝાય રે,
લાંબી ફાળે ઝોતો ઝાય રે...
આવેં લંકાની વાટ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...
એહે લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ તુંદળી તુંદળી રેતો ન ઊડેં,
તુંદળી તુંદળી રેતો ન ઊડેં...
ખેરિયો મારગે, અરુઆ તું મારો વડવો ભાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

ઓ લકામાં માર ઓરો આવો,
લકામાં માર ઓરો આવો...
ફરી ફરી એરવા લાગો રે, અરુઆ તું મારો વડવો ભાઈ...
ઓહો લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

ઓ લકાંગડાંમાં ઓરો આવેં,
લકાંગડાંમાં ઓરો આવેં...
અરુઓ વિસાર મૉડ રે.. અરુઆ તું મારો વડવો ભાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...



બાપરો પેંલો ઝાય વાદળ મેંલાં,
પેંલો ઝાય વાદળ મેંલાં,
સીતાનાં એરાં એરે, અરુઆ તું મારો વડવો ભાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ મેંલાંમાં ઝોય, પરવાંમાં ઝોય,
મેંલાંમાં ઝોય, પરવાંમાં ઝોય,
સીતા નઝરેં નહીં આવતી, અરુઆ તું મારો વડવો ભાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ’લા રાવણિય માર કેંય હૉતી,
રાવણિય માર કેંય હૉતી,
સીતમાનાં ઍરાં એરે, અરુઆ તું મારો વડવો ભાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ..અરુઓ હેં.. હારે માહીન હીખ દે..ય. માહી મોરી બે..હે. હારે માર ઝાવું લકામા.. હા તે અવેં અરુઓ હેં..એ...પૂઠવાળી વાળીન હીખ દે..ય. ઘણી મૉનાઇયે બેહે..હા રે અવેં ઝઉં લકામા.. હા રે મૉમીનાં એરાં એરું! હા રે રાવણની ખબર તો લેઉં! હારે અવેં અરુઓ હેં..લાંબી ફાળે સોટે પગલે.. હારે ખેરિયો થકો કૉંય આવેં...હારે આવેં મારગાંની જો..ર. અગલા પલા વાત કરે...હાને પૉગની પની ઉંકારો કૉંય દે..ય.એ લાંબી ફાળન સોટે પગલે.. એ..એકી બેકી કરતો આવેં.. હારે.. આવેં લકાની માંય.. હારે ધૂહાં ધૂહાંમાં લાંબી હેં.. એ.. આવી સ રો ને...હારે મહરાઝ અવેં ખેરિયો ખેરિયો આવેં... એ...લકામાં કેવો આવેં... ગૉમ ગૉંદરે ઓરો આવેં.. હાતો મહરાઝ અવેં ગૉંદરેં આવી એ.. ઊપો રઈ વિસાર કરેં... હારે મોટાં મોટાં મેંલાં દેખય.. આસ લકા હેં... એ અવેં અરુઓ હેં.. પેંલો ઝઉન વાદળન મેંલમાં એરું તો ખરો.. કેંક વળી ગણગોર થઈન બેહી રઈ અહેં.. હા અલ્લા (તંબૂર-સ્વર) એ..અરુઓ હેં.. હારેં આવેં વાદળન મેંલમા.. ફરી ફરીન ઝો..ય. એ બીઝું ઝોય વાદળન મેંલ.. હારે પરવો પરવો ઝો...ય. હારે



બારિયે બારિયે એ...રે હાતો મહરાઝ અવેં.. સતુર નઝરમાં નેં આવેં.. એ..કેં હૉતી અહેં? હારે ઑણે રાવણિયેં કેં હૉ...તી? એ..અરુઓ હેં... ઑણા મેંલહો પેલા મેં...લ. બીઝા મેંલહો તીઝા મેંલ. હારે એરીન કૉય થાકેં.. હા મનમાં વિસાર કરેં.. પેલી સતુર અતી. હાને ઝો વારીમાં રઈ એં તો? હાન અવેં વારતા અગી કેવી આલેં...

બાપરો અરુઓ એરાં એરે રે હો...
પેલી સતુર મૉમીનાં એરાં...,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપા હરિયાંન વાગ નહીં મળતી હો...
ઠોકીરા મૉમી કિયેં હૉતી...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપરો વાગ વારિયોઓમાં અરિયોન આવેં હો...
રુરો ફૂલિયો વા..ગ..
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપરો ફરી ફરી એરાં એરે રે હો...
ભલે મોટો વાગ...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

અરુઆન એરતે, ફરતે નહીં મળતી હો...
એંણી સીતમાનાં એરાં એરે...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપરો સરિયો સૉપા ઉપર રે હો...
એ લાંબી નઝરેં એરેં...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...



એ'લા સીતા નઝરેં આવેં રે હો...,
બાપરો ડાળે પૉને આવેં...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

સીતા સૉપાવાળી સાય્યા રે હો...
સીતા રૉમની માળા રટેં...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપરી રૉમને આસરે બેઠી રે હો..
એ અરુઓ કાઢવા લાગો...,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપરો સીતાન ખોળામાં નૉખેં રે હો...
એ સીતાન ખોળામાં નૉ..ખે,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

સીતાન ફૂલરાં ઝોવાની આસ રે હો..
બાપરી ઝમણો આથ નૉખેં..,
મનં તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

એ વેંટી નઝરેં આવેં રે હો...,
સતુર ફેરવી ફેરવી ઝોવેં...
મનં તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

(એક બાણિયો–એ કૌંય ઝનાવર ખાઈન આવું હેં? મુખ્ય ગાયક - હા!)

સતુર વેંટીની જોત તો ઝોય રે હો..
માર રૉમના આથની વેંટી..,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

માર રૉમ મરી ગિયો રે હો...



કોઈક ઝીવરું લેયન આવું...,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

બાપરી ઊસું એરવા લાગી રે હો....
એ અરુઓ નઝરેં આવેં...,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

એ બાપરી અરુઆ ન વાતાં સોળે રે હો...
એ હૉંપળે અરુઆ વાતો..,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

ઠોકીરા વેંટી કેંણી લેઈ આવિયો રે હો...
તનં વેંટી કેંહી મ...ળી,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

એ મૉમી થાર વારેં આવો રે હો...
એ મૉમે મોખલો આવો...,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

એ ભૉણિયા તારો મૉમો ઓથો હું કરેં રે હો...
એ'લા એંણી વાતો કરઝે...
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં...ઝી...

એ...અરુઓ હેં.. હારે અવેં વાદળ મેંલમાં આવેં... એ...સતુર હેં.. કેદિ' અરિયા વાગમાં તો નેં ગેઈ હેં.. હારે અવેં અરુઓ હેં.. એ ખેરિયો ખેરિયો આવેં.. હારે આવેં અરિયા વાગમાં.. હારે ફરી ફરીન એરેં...એ...સતુર નઝરમાં નેં આવેં.. હારે ફૂલો રુરો અરિયોન વા..ગ. કતકી-કેવરા, હારે મરવા- મોગરા હાગી જાસી, ડારમનાં બીઝ...એ..અરુઓ હેં... હારે ફરી ફરીન ઝો...ય. હારે સતુર નઝરમા નેં આવે.. એ ઝગમાં આવું ખોટું કૉ..મ. ઑણે તો મારી નૉખી કેં હું? એ મેંલાંમાં નઝરમાં નહીં આવતી. હા કેં વાગ વારીમા નહીં... તેંર કેં મે...લી? વા! વા!



(તંબૂર-સ્વર) એ..અુરઓ હેં.. હારે મહરાઝ મોટો સૉપો.. હારે સરેં સૉપા ઉપર. ઝોવું તો ખરો. હારે આવેં ટોસીન માથેં... લાંબી નઝરે એરે.. એ લાબી નઝરે ઝો...ય. હારે સતુર નઝરમાં આવેં... હારે કેંવા હરખી વા...ત. એ..અરુઓ કૂદકા મારેં... ડાળે ડાળે ઉફરો કૉંય આવે.. એ અદ્દરનો અદ્દર આવેં. હારે પેલા રૂખહો પેલેં.. પેલાહો બીઝેં.. હારે અવેં અદ્દરનો અદ્દર આવેં. હારે સતુર હેં..રાય ઢુઢણિયાંની સાઈયા, રુરી સૉપાવાળી સાઈયા. એ.. ડૂટી હમી પથર હમાંણી.. હારે, ઊધી પરી માળા રટેં રૉમની. હારે અવેં અરુઓ હેં.. એ પરો ઉપર આવેં.. હાનેં અવેં રૉમની આલેલી વેંટી એ જાળવીન ખોળમા કૉંય નાખેં'લા. (તંબૂર સ્વર) એ...અવેં ખોળામાં નૉખેં.. હારે સતુર હેં, ઊડે ઑંખિયાંવાળી નેંદ... હારે ડોળા ખોલેં.. એ ઑંખોમાં ઘાલીન ઝો..ય.ઝમણો આથ નૉખેં.. હાને વેંટી નઝરમાં આવેં.. એ સતી હેં, હારે ફેરવી ફેરવી ન ઝો..ય. હારે આતો રૉમના આથની વેંટી બાપા કુણ લેઈન આવું અહેં... એ.. રૉમ મરી ગો.. રોઈ રોઈન મરી ગો... હારે કોઈ ઝનાવર ખાઈન આવું.. નકર આથી કેંહી? હારે મહરાઝ અવેં સીતા હેં.. એ ઊસું માથું કરીન ઝો..ય. હારે અરુઓ હેં.. હારે ઉફરો નઝરમાં આવેં... હારે અવેં સતુર હેં અરુઆન કૉંય કેં, એ ભૉણિયા? હારે વેંટી કે દિ' મળી? ઓ મૉમી? લકામાં ભલું કરીન આવી હેં તે વારે આવું હું ને..એ... આતો હૉમો આવો હું..હારે ખરો આવો તો ભલે.. થાર મૉમાની વાત કરકેં..? એ..મૉમી! એ વાત તો ઝાવા દે.હારે મૉમો હેં માર ઊતરતે મખે થઈ ગો.. હાર માર એવો મૉમો મેલીન રાવણ ગમો! એ ઝાઇયા? એ વાતો ઝાવા દે.. નતી મૉનતી ઘણી ભોળવતી લેતી હેં.. એ ...ઑં તો રોઈ રોઈન ન મરિયેં હેં ને.. આ ઝોકેં મનં હૉમે તો ઝો.. હા સતના કારણિયે પથર સમાંણી હું... રૉમના વાસ્તે.. એ. આવો તો ભલેં... હા પણ થાર મૉમો હું કરેં? એ.. અવેં અરુઓ હેં. હારે સીતા તબિયાવેં. હાને અરુઓ વળી તબિયાવેં. હાન તો મહરાઝ અવેં વારતા આગી કેવી હાલેં.

એ...સીતમા રૉણી વાતાં સોળેં રા...(૨)
સીતમા   રા...ઝી...

એ..અરુઓ હું કરીન તું આવો રા...(૨)



અરુઓ રા...ઝી...

એ..બાર દન વેંમાંન એંડિયાં’લા..(૨)
માર અરુઓ રા...ઝી...

અરે ભૉણિયા હું કરીન દરિયો થેકિયો...(૨)
માર અરુઓ રા...ઝી..

મૉમી થારી વારેં આવો...(૨)
માર અરુઓ રા...ઝી..

ભૉણિયા થાર મૉમો હું કેંરેં...(૨)
માર અરુઓ રા...ઝી...

એરે મૉમી મૉમો રોઈ રોઈ મરેં...(૨)
માર અરુઓ રા...ઝી...

સીતાન ઑંખેં ધાધોરા સૂટેં...(૨)
માર અરુઓ રા...ઝી...

(તંબૂર-સ્વર) એ...સીતમા હેં... હારે અરુઆન કૉંય કેં, એ ભૉણિયા? હારે મનં રાવણ લેઈન આવો. બાર દન વેંમાંન એંડું. હારે તેંર આવી! હારે તું હું કરીન આવો ? હારે દરિયો હું કરીન થેકો? હારે અરુઓ હેં...એ એંણા દઃખાંની કરે મૉમીન વાત. એ..મૉમી? હા રે રેંઝો ઝગમાં વાત. એવું આતો કરું. એ મૉમોન બત્તા મળી ગા...વૉનરોનો ઘૉણવો કાઢી નૉખો હેં.. હારે અવણ રાવણની ખબર હેં..એ ભૉણિયા? ઝોરમા માં બોલ કેં... એ રાવણ તો ખરાબ હેં. એ મૉમી? મારા ભોડાવાળી ઝૂઈ ગણું! એ’લા એ..તીરો બોલ કેં. હા કેંક રઈન હૉંપળી ઝાહેં.. હારે રાવણનું કેં, અરુઆન ગૉડમાં ભૂડકો થાય. હારે બાપરો! રાવણિયો એતણ કુણ ગણેં? હાતો મહરાઝ અવેં અરુઓ હેં. ઝોર ઝોરમાં બોલેં. હા તે મૉમી હેં તે કૉય કેં ..એ.. અરુઆ? એતો વાત બત્તીય અગી. પૉણ થાર મૉમો



હું કરેં..? એ મૉમી? મૉમાવાળી ઝાવા દે...ય. તું અવેં વળી મૉમાનો હારો લે...ય. મૉમો હેં રૂખે રૂખે વરખે થઈ ગો.. તેં કેવી કરી હેં કેં તે.. હારે મહરાઝ અવેં અરુઓ હેં.. એ..મૉમીન કોંય કેં.. હાને મૉમી કોંય હૉંપળે.. એ મૉમી? ભૂખો થો હું નખ્ખા! એ.. કોંયક મનં ખબરાવ. હારે અવેં સીતા હેં.. હારે અરુઆન કોંય કેં... હાને અરુઓ તો હૉપળે.. હાને વારતા કેવી હાલેં...

એ મુંતો મૉમી ભૂખો ઓય્યો રા,...(૨)
મૉમી રા...ઝી...

ટાટાન ઊનું આલઝે રા,...(૨)
એ મૉમી રા...ઝી...

એ ટાટાન ઊનું મને આલઝે રા,...(૨)
ઓ મૉમી રા...ઝી...

(એક બાણિયો : એ.. પરો મરું! મુખ્ય ગાયક : હા!)

બાપરી ફળ ન ફૂલ મનં તો આલઝે રા,...(૨)
મૉમી રા...ઝી...

દીકરા ટાટા ઊનું કેંમહું આલું રા,.. (૨)
ઓ અરુઆ રા...ઝી...

એ વાગ વારીમાં વનફળ ખઉં રે રા,...(૨)
અરુઓ રા...ઝી..

મૉમી વનફળ ખાવા મું તો ઝઉં રે રા,...(૨)
મૉમી રા...ઝી...

દીકરા રાવણ ઝૉણેં પરો મારેં રા,...(૨)
અરુઆ રા...ઝી...



મૉમી કુણ ગણે ઍણા રાવણના રે ભાર...(૨)
અરુઓ રા...ઝી...

(એક બાણિયો : એ અરિયા વાગમાં ઝાવા કરું એ..મુ.ગા. હા!)

બાપરો અરિયા વાગમાં અરુઓ આવેં રા,...(૨)
અરુઓ રા...ઝી..

બાપરો ખાટાં ફળાં ન તોરી નૉખેં રે રા,...(૨)
અરુઓ રા...ઝી...

બાપા કેળાં પરાં ઉસકાવેં રા,...(૨)
એ અરુઓ રા...ઝી...

બાપરો ઊતાંન મૂળે અરુઓ કરેં રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરો અરિયો વાગ માર પરો ભેળેં રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરા અરિયા વાગમાં ઉઝોરવાળું રા,.. (૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરાં માળણ માળીરો ખેરિયાં આવેં રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરો એક સૉપો ઊપો મેલિયો રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરો સૉપાની સાય્યાએ ઑદરું બોલેં રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...



એ દૉટીના દરવાઝે માળીરો આવેં રે,..(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરો માળણ માળીરો એરવા લાગાં રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપા કૉંય ઝનાવર વાગમાં આવું રે રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

એ દૉત કાટેં અરુઓ બેઠો રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

બાપરાં માળણ માળીરો નાહવા લાગાં રા,...(૨)
ઓ અરુઓ રા...ઝી...

(એક બાણિયો – એ હું ઝનવોર હેં આવું? મુખ્ય ગાયક –હા!)

બાપરો ખૉડિયાં હરખા દૉત કાટેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

બાપરાં પાસે પૉગે માળીરાં નાહે રા,...(૨)
અરુઓ રા...ઝી...

બાપરાં સોનાની થાળો માર નેંસી પરેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

બાપરાંની એંકરોળો માર એઠી પરેં રા,...(૨)
અરુઓ રા...ઝી...

(તંબૂર-સ્વર) એ..અરુઓ હેં.. હારે માહીન (ભૂલ) કૉંય કેં, મૉમીન કૉંય કેં, એ મૉમી? હારે ઝબર ઝોર કરીન આવો. હારે કૉંય ટાટા ઊનું આલ... હારે પરો ભૂખો થો.. એ. કૉંયક નાસ્તો કરાવ.. એ.. જાઈયા? હારે ઓથી અતી એવી



તો ઑય હું.. એ વારીનાં વનફળ ખઉં. હાને અરિયા વાગમાં બેઠી હું...તે બીઝું તો કૌંય નહીં... હારે ઝા એંણા વાગ બગીસામાં... કાસાં તોરે માં..જાળવી જાળવીન પાકાં એરીન ખાઝે..કેંય પૉનું નેં પારે.. એ.. રાવણ ઝૉણી ઝાહેં.. પરો મારહેં. હારે મહરાઝ રાવણિયું કેંન ગૉડમાં ભૂડકો થા..ય! એ..અરુઓ હેં...હારે મહરાઝ અવેં સીતાહી તો દૂરો ઝાય.. હારે ખરાં ફૂલાં અતાં એંણ ઠેકાંણેં આવેં... હારે મહરાઝ અવેં ખાવાં કેંણાંન અતાં. માહીન ખઈન તેયાર થઈન આવો અતો.. એ.. અવેં ખેરા ઉપર આવો. હાતો મહરાઝ અવે, સૉપાવ કેવરા હાઈ હાઈન ઊતે મૂળે કરેં.... હારે અવેં ડાળાં કરે પેયાળમાં ...મૂળાં કરે અસમાંનમાં. એ.. રણાપાતોરનું પાટ કરું. હારે એંણા ઠેકાંણ તો દૂર કાટો એં એંમ.. હા વા! વા! રે! કોરું મોરું ક...રે. હારે લગભગ ખાસુ મોટું ભાઠું કરેં.... હારે અવેં અરુઓ હેં.. એક સૉપો ઊપો મેલેં.. સૉપાન સાઇયાએ ખાંમણું કરેં.. હારે રૉદુ પારેં. હારે અવેં માં પેહેં... થોરક બારો રેં.. હાતે મહરાઝ અવણ પેલી માળણ નં માળીરો હેં..એ..ફૂલાં વેંણવાની ટેંમ થઈ.. હારે સોના સાબલી માથેં.. હારે અવેં મરવાનાં અઢુણાં ભોડા ઉપર, રૂપાની અકરોળ આથમા. હારે માળણ નં માળીરો કૌંય આવેં. (તંબૂર-સ્વર) એ માળીરો અગળ, માળણ વૉહળ. હારે અવેં મેંનુરી માળણ.. હારે રૂપનો ઢગલો માળણ! હારે મહરાઝ અવેં ખેરિયાં થકાં કૌંય આવેં... હા લાંબી ફાળ સોટે પગલે હાને વળી ઊસું ઝોયન આવેં. હાને અવેં દૉઢીન દરવાઝો પૂઠણ મેલેં.. ઊતાંન ઊતાં આવેં... હારે મા આવીન ઝોય. એ કેદિ'યાંનો હૂર કાટેલો. હારે અવેં અરુઓ હેં... ખૉડિયાં એતરતા દૉત કાટેં... એકીકી ઘૂરકી કરેં...હારે તું તો વાત કરેં... હાને માળીન માળીરો હેં.. કાસો પેસાબ કરેં! હાને હૂની ટટી આવેં! એ માળણ ને માળીરો હેં ...સોનાની સાબો એં પરેં. હાને અવેં રૂપાની અકરોળ એઠી પરેં. મરવાનાં અઢુણાં ઠોકી દે...ય. આથાંના પૉગ કરેં... હાને આસ કેવાં નેંહરાં હેં એ. ધૉમાં થકાં આવેં.. હાને ખેરિયાં થકાં આવેં. હાને વારતા કેવી હા...લે.

માળણ ન માળીરો ખેરિયાં ન ઝાવેં હો...
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..



એ'લા ખેરિયાં નાહવા લાગાં રે હો...
આથાં ના પૉગ થાય,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

બાપરાં ધૉમાં ન થકાં આવેં રે હો..
ખેરિયાં આવણા લાગાં,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

બાપરાં હેરી બઝારાં આવેં રે હો...
એ હેરી બઝારાં આવેં,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

બાપરો મૉણકસૉકમાં આવેં રે હો...
એ રળી ઑગણિયે આવેં,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

ધરમર સરેં મેંલાં રે હો...
આવેં કલમ ન કસેરિયાં,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

બાપરાં ફરી ફરી માર રોયે રે હો...
એ માળણ ન માળીરો,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

હૂયે'લા રાઝાન મેંણાં મારે રે હો...
રાવણ ન મેંણાં મારેં,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..

રાઝા હદ્દાન પેરતા સોહર રે હો...
પેરઝો આકોરિયાનાં ફૂલ,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી..



એ રાવણ હારો લેવેં રે હો...
એ’લા રોતાં સૉનાં રેંઝો,
માર તારણવાળો રૉ..મ, રૂખરિયો આવેં ઝી...

(એક બાણિયો - હું થઉં હેં’લા એ? મુખ્ય ગાયક - હા!)

તમે રોતાં સૉનાં રેંઝો રેહો,
તમે એંણા ત કૉમની વાતો,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

બાપરાં ફરી ફરી ન રોવેં રે હો..
ઠોકીરા સૉનાં નહીં રેંતાં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

મડોવરી ન ખબર ઓયાં રે હો...
મેંલ માંહી નેંસી આવેં,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

બાપરાં માળિયાં ન ધીરપો આલેં રે હો...
એ’લા રોતાં સૉનાં રેંઝો
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

મૉમી આપણી વારિયો ભેળી રે હો...
એ વારિયો ઉઝોર કરી,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

એ’લા હદ્દાન આર પેરતાં ને હો..
પેરઝો આકોરિયાનાં ફૂલ,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

મડોવરી મેંણાં મારેં રે હો..



ઠોકીરા નવી લાડિયે આવો,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

કોઈ એક રૉમનું ઝનાવર આવું રે હો...
કાલ તો મેંલાં ઉપર એંડતું,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

એ'લા બારિયે બારિયે એરતું રે હો..
કોઈ ઝબર ઝોધો આવો,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

એ દરિયે કૂદતેં ફિરતું રે હો...
મેં તો દેખીન કમાર દેતું,
માર તારણવાળો રૉ...મ, રૂખરિયો આવેં ઝી...

(તંબૂર-સ્વર) ઓ..મરાઝ... એ.. માળણ ન માળીરો હેં. હારે અવેં અરુઆન દેખીન, પરેં નં ઊઠેં. પાસે પૉગે કૉંય આવેં.. એ....ફૂલાંના સોહરન બીઝાં કેંય ઝ..ય. પરેં નેંસ. હારે સોનાની સાબ પરેં, રૂપાની અકરોળ પરેં. હાતો મહરાઝ અવેં માળણન માળીરો હેં... આથાંના પૉગ કરેં... હાને નાઠાં નાઠાં કૉંય આવેં એ.. અવેં માળણ માળીરો હેં.. હેરી બઝાર પૂઠણ મેલે... મૉણકસોક પૂઠણ મેલે... હારે ધરમર સરેં વાદળન મેંલ. હારે આવેં કલમ કસેરી મા.. એ અવેં પરી પરીન રોય. હારે એઠાં પરી પરીન રોય. એ...ઝગમાં આવું ખોટું ન કૉ..મ. હારે રાઝા હેં. માળીન વાત કરેં.. એલા વાત તો કરાં? હારે સૉનાં રેંતાં નહીં... એ વાત તો કરાં... હારે એ રાઝા? હું વાત કરિયેં? હારે અમાર તો ઝીવણપટો મટી ગો.. તે તમે અગા નેંહરીન ઝોતા નહીં. હા ગઝબ થઈ ગઉ..! એ..હદા પેરતા ફૂલાંની વરમાળો. આકોરિયાંનાં ફૂલાં પેરઝો. હારે રોયેં, રતરે, ઝૂરણ કરેં.. હાતો મહરાઝ અવેં મડોવરી હેં. તે મેંલમાંહી હૉંપળી ઝાય. તે નેંસી આવેં.. હારે હું હરખું હેં કલમ કસેરીમાં.. એ... આવીન પેસણિયો કૉંય કેં...એ માળણન



માળીરો, હૉંપળાં તો ખરાં...? તે હું હરખું હેં, હા તે વાત તો કરાં કેં..? હા તો મહરાઝ અવેં માળણન માળીરો હેં.. ધીરપો રાખેં. હાતે વાત કૉંય કરેં. એ.. મૉમી? હદ્દા પેરતાં સોહર. અવેં પેરઝો આકોરિયાંનાં ફૂલાં! તે...રાઝા નવી રૉણીએ આવો. ગઝબ થઈ ગઉં...! એ...ખેતર કરી નૉખું હેં. હાતો મહરાઝ અવેં રૉણી હેં.. રાઝાન કૉંય કેં...એ મું રૉણી ઝેવી રૉણી! બીઝી રૉણીએ આવો..એ... આખો અરિયો વાગ ઉઝોર કરો.. હારે મું કાલ ઘેંર અતી.. એ...કોઈ ઝોધો આવો હેં.. હારે વાગ વારિયો ભેળઝે કેં તે મેંલાં ઉપર ઝોતો... હઉયે ઝોવો. મેં તો દેખીન કમાર દેતું ભાઈ! એ.. રૉણી હેં... હાતે રાઝાન કૉંય કેં એ...રાઝા...

માળીરાંની વાત હૉંપળી રાવણ કૉંય કેં, હરદારો હરિયા વાગનં વેંટ પારો, હરદારો કર ખૉડાંનં આથમા તીર-કૉમઠાં લેઈ હરિયા વાગનં વેંટ પારેં. અરુઓ રાવણના મેંલ ઊંસો પૂસરાનો ઢગ કરી ઉપર બેહે. રાવણ અરુઆનું ઊંસું રૂપ દેખીન વિસારમાં પરી ઝાયનં. હાતમા પેયાળમા હૂતા કૂપખાંન નં ભભીખાંનનં ઝગારવાનો ઉકેંમ કરેં. એકના કેંતાંમાં પનર હરદાર ધરમર પેયાળમાં ઝાય નં કૂપખાંન નં ભભીખાંનના માથામા ધૉંણના બાર ફટકા ઝીંકે. તેર અમળોહો મારીન ઊઠેં. રાવણનો ઉકેંમ હૉંપળી આથમા ઢાલ નં વીઝીહણ ખૉડાં લેઈ લકામાં આવેં. બે યે પાયાંન દેખીન અરુઓ રૉમનું સમરણ કરી નેંસો આવેં નં સિયાર પૉગે થેઈ ગાબેંર લાંબી કરેં.

એ અમે રોય્યા અમારે વસને હો..
અરુઓ તું રોયો હેંણા વાસતે,
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

ઠોકીરા વનાંખડાંનું ઉં રાઝ કરું હો...
એંણા વાળાંન વાસતેં રોવું રે,
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

(એક બાણિયો – એ'લા કોઈ વાઢી હકતો નતો'લા! મુખ્ય ગાયક – હા!)



એ'લા વાળ વાટવાવાળા કોઈ નતા રે હો..
મારા અટી વાળ પરા તમે વાઢા,
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

(તંબૂર-સ્વર) ઓ...મરાઝ અવેં કૂપખાંન ભભીખાંન હારે વીઝીહણ ખોંડું તેયાર ક...રે. હારે અવેં તેયાર કૉંય થા..ય. હારે મહરાઝ અવેં અરુઓ.. મનમાં વિસાર કરેં...એ...અવેં બેઠા થા.. હેં. હારે અવેં પેલા બે આ...વેં... હાને સારે પૉગ ઊપો થા..ય. હારે કૂપખાન ભભીખાંન હેં-મનમાં વિસાર કરેં... હારે આવતેં થકી કેંમ બેઠો થાય હેં..એતો આપણન પારેં હેં કેં હું..? (તંબૂર-સ્વર) એ.બેંય હોમા હોમા રય. હારે અવેં અરુઓ હેં...એ.. સારે પૉગે ઊપો.. લાંબી ગાબેંર કરેં...મૉમા રૉમન કૉંય સમરેં... એ સમરું મારા વનાંખડાનું. રાઝ કરવાવાળા...હારે વનાંખડાંનું રા...ઝ. એ ઑણે એલે આવઝે.. આવો ઉં લકામા... તે ઑંસ મેલાઈ ગોય.. એ..આઈન પેટ એકલો. હા...રે ભાઈ બેંન કૉંય નહીં.. લકામાં મેલાઈ ગોય એ..મૉમા રૉમ, એલે આવઝે. હારે આખી લકા કૂટી બાળીન ઝઉં... ઝીતના કરીન ઝ..ઉં. હારે મહરાઝ આંઝણીના પેટે એકલો.. ઑંન ઑં તો વીહ ઝણા થઈ ઝઉં... હારે વીહના વીહ સાળીન સાળીના હૉ થઈ ઝઉં...(તંબૂર-સ્વર) એ..અરુઓ હેં... હારે સમરણ મૉડીન સારે પૉગે ઊપો.. હાને અવેં કૂપખાંન-ભભીખાંન...એ..હૉમા હૉમા રેંહ.. હાનેં અવેં વીઝીહણ ખાંડાનો ઝટકો કૉંય કરેં.. હાતે મહરાઝ અવેં અટીવાળ ઘણા વળખે વટણા...હા...રે અટીવાળ વટઈન નેંસા પરેં... હાને અવેં કૂપખાંન-ભભીખાંન હેં... એ.. ખોંડાં નૉખી દેઈન ઑમના રોવા પરેં... હાને અવેં અરુઓ હેં. તે ઑમનો અવળો ફરીન કૉંય રોયેં.. એ પોક મેલી મેલીન રોયેં..! હારે અવેં રાવણની બધી ફોઝન ફાંટું હેં... ઘણેં રઈન ઝોઈ રું હેં એ... તેમે તો હુંય ઝૉણાં. બારે તેરાંની કૉય નહીં સાલીન અવળો વીઝકેં તો હારાંન મારેં ન. વા! વા! વા! વા! (તંબૂર-સ્વર) એ...અવેં રોતા સૉના રેં... હારે એક એકાન હારો લેય.. એ.. એ અરુઆ...હા રે કેંમ રોવો..? હાતો અરુઓ હેં...એ.. ધીરો રેઈન કૉંય કેં.. એ મારુઓ? હારે તમે મારવા આ...વા. હાને કે દિ' મરી ઝૉવ તો મટી ઝૉત... એ..મું તો એતણ



રોવું.. હા પણ તમે કેંમ રોવાં? હારે મહરાઝ અવેં કૂપખાંન ભભીખાંન હેં...હાતે કૌંય કેં...એ...અરુઆ...થારાં થારાં ઝેવાં તો ઘણાં મારી નૉખાં. હારે બાર વરહના પાડાન તો એકેં આથેં ઝટકો કરિયેં.. સાર સાંખલા ભેળા પરેં... હાને આઝ તો કૌંય થઉં નહીં...એ.... આખી લકાની પરઝા ઝોઈ રઈ હેં.. અમારો આબરું હું?... એ અમે આબરુંન વાસ્ત રોયે. હાતે અવેં અરુઓ હેં તે કૌંય કેં..એ.મારુઓ..ઉં અસેંલ કરીન એણે રોવો હું... એ..માર અટી વાળ પરા હેં... આવા તમે મારા એતણ પારી હકા.. નકર કોઈની દેંન નતી...એ..એંણે દઃખે રોવો...હા. કરતો ઉં વનનું રા..ઝ. હા પણ મનં કોઈ વાળ નહીં પારી હકતું... આતરા વાળ તમે પા...રા! હાને આતરા ઝોરમાં તમે... એ..નકર મેં ઝોરવાળા કોઈ નેં ઝોવા...હારે કૂપખાંન- ભભીખાંન હેં... ઈયું ફાટું આળીનું.. દૂત મૉગેં સાળીનું.. હારે આથીને હૂહવારે ગતેંરાંનાં પેટ ફાટેં... હારે બાકું ફાટું બક્લનું.. કી પૉણીનું મોલ! એ..કેંણાંન મુટે બોલવું...? હારે કિયાન પૉગે એંડવું.. હાને વારતા આગી કેવી હાલેં..

એ...અરુઓ રઈ માર વાતાંન સોળ
માર વાતાંન સોળ
હૉંપળે રાવણિયા વાત રે,
અરુઆ તું મારો વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો પાઈ...

ઠોકીરા કેંણાંનો મારો ઉં નહીંન મરતો,...(૨)
હૉંપળે રાવણિયા વાત રે.. અરુઆ તું મારો વડવો પાઈ...
એ....લખમણ પરો ભાઈ રે.., અરુઆ તું મારો વડવો પાઈ...

ઠોકીરા માર મારવાની તનં વાતો સોળું'લા... (૨)
એ હૉંપળે રાવણિયા વાત રે..., અરુઆ તું મારો વડવો પાઈ...
ઓહો લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો પાઈ...



ઠોકીરા બાર ગૉમનાં ગોદરાં લાવે...,(૨)
હૉંપળે રાવણિયા વાત રે.., અરુઆ તું મારો વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે..., અરુઆ તું મારો વડવો પાઈ...

બાર ડબા તું તેલ રે ઑણઝે..(૨)
હૉંપળે રાવણિયા વાત રે..., અરુઆ તું મારો વડવો પાઈ...
લખમણ પરો ભાઈ રે..., અરુઆ તું મારો વડવો પાઈ...

એ કેંતન લાગી મોટી ન વારો..(૨)
ગોદરાં લાવણા લાગાં રે.. અરુઆ તું મારો વડવો પાઈ...
લખમણ લોરો ભાઈ રે..,અરુઆ તું મારો વડવો પાઈ...

એ બાર ગૉમાંનાં ગોદરાં લાયાં
અરુઆન પૂસરેં બૉંતેં રે..,
અરુઆ તું માર વડવો ભાઈ...
ઓ લખમણ પરો ભાઈ...,અરુઆ તું મારો વડવો પાઈ...

એ...ગોદરાં તો માર પૂસરેં બૉંતે...,(૨)
તેલમાં રમવા દેય રે, અરુઆ તું માર વડવો પાઈ..
ઓ ..લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો પાઈ...

એ અરુમાંન માર વાતાં ન સોળ...,(૨)
હૉંપળે રાવણિયા વાત રે..અરુઆ તું મારો વડવો પાઈ...
એ..લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો પાઈ...

એ'લા થાર મૉનવી હા દેઈ કેંઝે...,(૨)
મુંય પરો ને મરું રે... અરુઆ તું મારો વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો પાઈ...



(એક બાણિયો : એ બત્તાંન હા દેઝે'લા! મુ.ગા. હા!)
બાણિયો : કોઈ રઈ નેં ઝાય...! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા અરુઓ મરેં ઝોવાન આવે,...(૨)
નગરીવાળાં લોક રે..., અરુઆ તું મારો વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો પાઈ...

એ...અગન વેદી પરીય ઝળાવેં,...(૨)
અરુઓ વિસાર મૉડે રે, અરુઆ તું માર વડવો પાઈ..
ઓ લખમણ લોરો ભાઈ રે..,અરુઆ તું મારો વડવો પાઈ...

ઠોકીરા ખરું કરી હળગવા દે...ય,...(૨)
પોથો પરો ભમાવ રે, અરુઆ તું મારો વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે..,અરુઆ તુ મારો વડવો પાઈ...

એ...પર લકાનાં મૉનવી આવાં,...(૨)
લકાવાળાં લોક રે, અરુઆ તું માર વડવો પાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ...

એ હારી'લા લકા પરી રે બાળી'લા,... (૨)
લોક પરાં તો પૂરાં રે..., અરુઆ તું માર વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તુ માર વડવો પાઈ...

એ...વાદળ મેંલે ઓરો આવેં,...(૨)
બાળે વાદળ મેંલાં રે, અરુઆ તું મારો વડવો પાઈ...
એ...લખમણ પરો ભાઈ રે..., અરુઆ તું મારો વડવો પાઈ...

એ વાદળ મેંલાં પરાંન બાળેં,...(૨)
બાળવા દરિયો ઝૂતો..., અરુઓ તું માર વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ...



એ...આખી લકા ઉઝોરવાળી,...(૨)
મંડોવરીનો મેંલ રે, અરુઆ તું મારો વડવો પાઈ...
લખમણ પરો ભાઈ રે..,અરુઆ તું મારો વડવો પાઈ...

(એક બાણિયો : હું હું કરેં અરુઓ તો...?)

એ..ઑંણી મડોવરીન રેંવા દેઝો...(૨)
એ'લા રેવા દે મેંલ રે..., અરુઆ તું માર વડવો ભાઈ...
એ લખમણ પરો ભાઈ રે.. અરુઆ તું માર વડવો ભાઈ...

એ..દરિયા હારણ અરુઓ આવેં,...(૨)
દરિયા અગળ ઝાય રે, અરુઆ તું મારો વડવો ભાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

(એક બાણિયો : એ ...ઝીવરાં મરેં..! મુ.ગા. હા!)

એ..અરુમાંન ઝોધો વાતાંન સોળે..., (૨)
હૉંપળે સમુદર વાત રે, અરુઆ તું મારો વડવો ભાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ મારો પોથો ઓલવણા દે,...(૨)
હૉંપળે દરિયા વાત રે,અરુઆ તું મારો વડવો ભાઈ...
એ લખમણ પરો ભાઈ રે...,અરુઆ તું મારો વડવો ભાઈ...

(એક બાણિયો : એ જળનાં ઝીવરાં મરાં! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા દરિયો બાળેં ખોટું ન આવેં...(૨)
મરેં જળનાં ઝીવરાં, અરુઆ તું મારો વડવો ભાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

પોથું તો માર દરિયામાં નૉખેં...(૨)



મરેં જળના ઝીવરા, અરુઆ તું મારો વડવો ભાઈ...
એ લખમણ પરો ભાઈ, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ..પૂસરું ઓલવી પાસો વળિયો,...(૨)
ખેરિયે આવણા લાગો રે, અરુઆ તું માર વડવો ભાઈ...
લખમણ પરો ભાઈ રે,અરુઆ તું મારો વડવો ભાઈ...

એ વનાંખડાંની વાટેં આવેં,...(૨)
પૂસરાન એરવા લાગો રે, અરુઆ તું મારો વડવો ભાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

એ'લા લકામાંન માર હોનુંન નેંપઝું,...(૨)
તે દિ'યાંનો હેં દાખલો, અરુઆ તું મારો વડવો ભાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

ઓ મરાઝા... અરુઓ, હારે અવેં રાવણ ન કૌંય કેં.. એ... રાવણિયા...? હૉંપળ મારી વા..ત. ખૉડે નેં મરું. હારે ઢાલેતોપેં નેં મરું... હારે તીર કૉમઠે નેં મરું... વીઝીહણ ખૉડાં પન્નાર પરેં તૉય નેં મરું! હા પણ માર મરવાની વા...ત. હા તે ઉં કઉં એંમ ક..ર, કે દિ' ઝીનતા લેવી એં તો... એ...બાર ગૉમાંનાં ગોદરાં મૉગ.. હારે બાર ડબા તેલ લા..વ. હારે બાર કૉણિયાંનાં તેલ લેઈ આ...વ... એ....મારું મરણ થા..ય. નકર મું એંમ હેંમ નેં મરું.. હારે રાવણ હેં.. એ..દુઃખે એંણાન પીરા.. હોરમ એંણા ન મૂળો ઊગ આવેં.. એ.. અવેં કોઈ મૉદું એંણાન દવા કેંતાં દુઃખ ઝા...ય. હાતો મહરાઝ હેં... વાત તો હાસી પરહેં...એ હૉંપળો હરદારો વા..ત. ગોદરાં નૉખાં. એ બત્તો બળી ઝાહેં... હારે મહરાઝ હરદારાંન કૌંય કેં... હરદારાંન કેંતે લાગી વા..ર. હારે તેલી, તબોળી, કૌંસી મોસી.. હારે અવેં પેલા ગૉમન બીઝે ગૉમ.. હારે ગોદરાંન તેયાર કરીન મેલ...(તંબૂર-સ્વર) એ..અવને ગોદરાં લેઈન આવેં. હારે અવેં બાર ઘૉણિયાંનાં તે..લ. એ..ઑણીન મગરો સણો એં એંમ કરું...હારે મહરાઝ અવેં અરુઓ હેં.. એંમ તો મઝા નેં



આવેં.. માર પોથેં બાઁતવાં પરેં...એ..કેંતે લાગી વા..ર. હારે અવેં ભોથેં ગોદરાં બાઁતેં.. ઝણેં રાતનો પૂત કરો એં એંમ એ..ભોથેં બાઁતેં.. હાને અવેં બાર કાઁણિયાંનું તેલ કાઁય ને...રે. એ..અગનીદેવી હેં.. હારે અવેં વળી કૉય સૉપે.. હારે મહરાઝ થોરો થોરો હેંહરાવે! એ..થોરો થોરો ભોથો હીલાવેં. હાને હારું પરું હળગાવેં ખરું કરીન.. હાને અવેં રાવણ ન કાઁય કેં.., એ રાવણ.. બત્તાં મૉનવીન ઝોવા હદેઈ કેંઝેં.. હારે મું મરું.. હાતો મહરાઝ મૉનવી હેં.. એ.. વાત હાઁપળે એતણ તો વગર હાદ દેતાં આવેં... હારે અવેં હારાં ઝોવા આવેં... એ.. હારે મહરાઝ અવેં અરુઓ હેં.. ખરો ઓરવા બેહવા દે..ય. નં એવો ભોથો વેંઝવેં કેં ને... એ..કાપલામાંની હારી કૉહારી મરી ગે..ઈ. હારે વાર કેતરી? હારે અવેં લકા ઉઝોર કરેં.. હાને મહરાઝ મડોવરીનો મેંલ એકલો રેંવા દે...ય.. રાવણન રેંવા દે...ય. એ..પેંલાં બાળેં વાદળન મેંલ... હારે વાઁહળ બારેં હરિયાં ઝૂપટાં. હાને અવેં એંણાન ઝીવણાની કાંસીટ કરેં. એ ધૉમેં દરિયા હારણ...હારે દરિયો હેં અગળ અગળ ઝા..ય. હાને અરુઓ કૉય કેં....એ.. સમુદર! હારે મનં ભોથો ઓલવણા દે..ય. એ..એતરી હગનો બાળાં ઘણાં. મું બળુંન'લા.. હાતે મહરાઝ અરુઓ હેં.. એ અગળ અગેહળો ઝા..ય. દરિયો કાઁય કેં.... એ..અરુઆ! હારે તું તો એખલો બળેં.. માર દરિયામાં આતરો ભોથો નૉખેં.. મનમાં ઝીવ-ઝંતુ કેતરાં હેં.. એ હારાં મરી ઝય. નખોદિયા... હાતો મહરાઝ એ'લા એ..પૂસરું ઝલણા દે. હાતો મહરાઝ અવેં ભોથો નૉખે મા...એ... અવેં માસલાં હેં.. હારે કાળાં થઈ ગાં, બળીન હળગી ગાં.. તે અરુઓ હેં ભોથો ઓલવીન પાસો કાઁય આવેં.. એ.. અવેં અરુઓ હેં... હારે આવેં વનાં ખડાંની વાટ.. હારે અવેં મૉમોન લેવા ઝઉ.. અવતો રાવણન એખલું મેલું હેં! હારે મહરાઝ અવેં અરુઓ હેં... લાંબી ફાળે, સોટે પગલે... હાને ખેરિયો થકો કેવો આવેં... હાને વારતા કેવી હા...લે.

ખેરિયો ખેરિયો અરુઓ આવેં,...(૨)
ખેરિયો ઝાવા લાગો રે, અરુઆ તું મારો વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...



એ..દરિયાન કિનારેં આવેં,...(૨)
આવીન ઊપો રય રે, અરુઆ તું મારો વડવો પાઈ...
ઓ લસ્મણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

અહે કરીય પોરસ માર અરુઓ કૂદે,...(૨)
પરિયો અતવસ દરિયે, અરુઆ તું મારો વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ કૂદી પોરસ માર અરુઓ કરેં,...(૨)
આવેં ઑંણ ઢોકેં રે, અરુઆ તું મારો વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ રૉમ મૉમો વાટ ઝોઈ રો હેં,...(૨)
ખેરિયો આવણા લાગો રે,અરુઆ તું મારો વડવો ભાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ અગેહળો રૉમઝી પરોન આવેં,...(૨)
અરુઆન હારો લેય રે,અરુઆ તું મારો વડવો ભાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ..થારી મૉમી હું કરેં'લા... (૨)
હૉંપળે અરુઆ વાત રે, અરુઆ તું મારો વડવો પાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

ઠોકીરા તારી મૉમીની વાતોન કરઝે,...(૨)
થારી મૉમી હું કરે રે, અરુઆ તું મારો વડવો પાઈ...
એ લખમણ લોરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો ભાઈ...

મૉમા કૉમ તો મું હાસું ન બોલું,...(૨)
સૉપાવાળી સાચ્યા રે, અરુઆ તું માર વડવો ભાઈ...



એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો ભાઈ...!

(એક બાણિયો : એ...એકની બે નહીં થઈ! મુખ્ય ગાયક : હા!)

મૉમી દૂટી હમી પથર સમાંણી,...(૨)
નઝરે ઝોઈન આવો રે, અરુઆ તું માર વડવો પાઈ...
લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ...

(એક બાણિયો : એ...મૉમા નઝરે દેખી હેં! મુખ્ય ગયાક : હા!)

મૉમા થારું નૉમ તો પરું લેય રે...(૨)
મૉમી રોઈ રોઈ મર રે, અરુઆ તું માર વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ...

રૉમઝીન સાથીએ ધીરપો આવેં,...(૨)
મનમાં વિસાર મૉડ રે, અરુઆ તું માર વડવો પાઈ...
એ લખમણ લોરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ....

અગળ પૉણી હેં, હુંય ન કરિયેં,...(૨)
હૉંપળે પૉણેઝ વાત રે, અરુઆ તું માર વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો ભાઈ...

એંણા ઠેકાંણે ઉઝોર વાવું,...(૨)
બાળી પરી લકા રે, અરુઆ તું માર વડવો પાઈ..
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો ભાઈ...

એ માલકાંન ઘેંરહી દોટ મેલી,...(૨)
તારણવાળો રૉમ રે, અરુઆ તું માર વડવો ભાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ...

એ રૉમઝી વાળું ડળને આવેં... (૨)



તારણવાળો રૉમ રે, અરુઆ તું માર વડવો પાઈ...
એ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું માર વડવો પાઈ...

લાવ લસકરમા મૉમો આવેં...(૨)
લકાન ઓરો આવેં રે, અરુઆ તું માર વડવો પાઈ..
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ લકાંગડાંમાં ફોઝોન આવેં....(૨)
સીતમા વારી બાળી રે, અરુઆ તું માર વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

લખમણ ઝોધો વિસાર મૉડે...(૨)
હેંણ હું કરિયે, અરુઆ તું માર વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ'લા ઝોતે વિસારે હાર નેં મળેં...(૨)
મનમાં વિસાર મૉડે રે, અરુઆ તું માર વડવો પાઈ...
ઓ લખમણ પરો ભાઈ રે, અરુઆ તું મારો વડવો પાઈ...

એ.. અવેં અરુઓ હેં.. હારે મહરાઝ અવેં લકા બાળી.. હારે પૂઠ વાળી ઝોય.. હારે આવતો તે દિ' મારી આઈ આંઝણી એ કઉં હેં. લકા બાળેં તો ભલેં... પૉણ પૂઠ વાળીન ઝોઝે માં... હારે અરુઓ હેં...મનમાં ભૂલી ઝા..ય. હારે પૂઠ વાળીન કૉય ઝોય'લા..હા લકાન પર લકામાં હોનું પેંદા થા..ય. હારે મહરાઝ અવેં પરદેસમાં હોનું નેંપઝાવું. હારે આવો વનાંખડાંની વા..ટ. એ દરિયા કિનારે આવી ઊપો રેં.. હારે અવેં પોરસ કરેં...એ આવેં અતવસ દરિયામાં.. હારે બીઝી પોરસ કરેં.. તે તીરનાં પેસાં ઉપરહો કૂદેં.. તે અવેં પેલે હેઢે કૉય આવેં... એ.. અરુઓ પરો... હાનેં ઘમરી વા...ઝી. હા રૉમ હેં..એ.. ઊઠે..બેઠે ઝપ નેં થા..ય. એડેં લાહો પૂરો નેં થા..ય. હાને નેં તો રેંવાય નેં કેંવાય... એ સતિયો હેં.. લાંબી નઝરેં ઝો...ય. હાતો અવેં અરુઓ નઝરમાં કૉય આવેં.. (તંબૂર-સ્વર) એ



રૉમઝી.. અરુઓ દેખીન અગહેળો આવેં... કૉંય હમાસાર તો લેઈન આવો અહેં... એ.. અગહેળો આવેં... એ..ભૉણિયા? કેંમ કરીન આવો..? હું ઝોઈન આવો.. વાત તો કર...એ..મૉમા? સાથીએ ધીરપો રાખ. લકા બળતી ઝોઈન આવો હું..હા એંણે ઠેકાંણે તો કરું હેં....! એ ઘરથાળે આકોરિયા ઉગારા... હા ખેઝરો વાવી ન આવો ઑં.. હારે રાવણન મરઘે ઑં ડેંમરો વાવો.. એં ઝાઈન મેં ડેંમરો વાવો.. હારે રણાપાટેનું પાટિયુંવાળું. (તંબૂર-સ્વર) એ..અવેં અરુઓ, આવી મૉમાન વાત કરેં....એ..મૉમા? હારે લકા હારી બાળી..દરિયો ય ઝાતેં અરધો બાળો હેં! એ લકાન પરલકા પૉણ બાળી. હારે બાળી કૂટીન અરો આ..વો. હા પણ મૉમી તો ઘણી હોરી હેં..એ...અરુઓ હેં...હારે મૉમાન વાત કરેં... હાને મૉમો હેં તે કૉંય હૉંપળેં... એ ભૉણિયા? થાર મૉમીની વાત કર કેં...એ મૉમા? હારે મૉનેં તો વાત કરું... હારે મૉમી તો ઘણી દુઃખિયારી હેં..એ..થારું તો નૉમસ નહીં ભૂલતી..હારે લેય થારું નૉ...મ. હારે માળા ફેરવેં...હાને સૉપાવાળી સાય્યા. એ..દૂટી હમી પથર સમાંણી હેં...થારું સત પરું હાસવું હેં...હા તે એ..અગોપાસો નેં થઈ ઝાઝે...મન બગારઝે માં... કૉંયસ થઉં નહીં...(તંબૂર-સ્વર) એ..ભૉણિયા? હારે એ વાતો ખરી...હા પણ અવેં ઝાવું લકા મા.. કેમ કરી ઝાઇયેં..?

રૉમ-લખમણ લકામા

હારે મહરાઝ અવેં ખૉમદાનાં ઘેંરની દો..ટ! તારણવાળો રૉ...મ. હારે ફોઝન ફાંટું બેહે..એ..અવેં દરિયામાં દોટ કૉંય ઝા..ય. તું તારવાવાળો રૉ..મ. હારે રેંઝે ઝગમાં વા..ત. હારે આવેં ઑંણે પાળે.. હા તો મહરાઝ અવેં રૂખરિયા હેં..લકામાં ઓરા આવા..હાને અવેં ફોઝન ફોટું લકામાં કૉંય ઝાય...એ..ડેરા તૉણેં.. હા તબૂ તૉણેં..હારે અવેં કેંવા હરખી વા..ત. એ..રૂખરિયો હેં..હા તો મહરાઝ અવેં લખમણ હેં.. બતરી લખણાંનો લખણો.. મનમાં વિસાર કરેં..એ આવા તો ખરા એ કૉંય કરવું તો પરેં.. એ હૂતેં બેઠેં ઝપ નેં થા..ય. તે...લસમણ હારે કૉંય કરવું પરેં. હારે મનમાં વિસાર કરે... એ..બાપરો પેલો ધોબી કેંહેળો આવતો એંહેં.. હારે કૉંય કરવું પરેં..વારતા આગી કેવી હાલે...



ફોઝન ફોટું રે લકામાં આવેં ઝી,...(૨)
એ'લા આવેં લકા માય રે લસમણ મારા...
દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...

એ ભાભીનો દેવરિયો વારેં સરો ઝી..
એ'લા લસમણ દેવરિયો વારેં ઝી.. લસમણ મારા...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...
એ..એંડે ફિરને વિસાર મોંડેં ઝી...
લસમણ એંડે ફિરને વિસાર મોંડે રે, લસમણ મારા...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...
એ રૉમતો મોઝરીઓને મસકે આવણા...
બાપરો આવેં એંણા દરિયાવાળી પાળે રે,... લખમણ મારા...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...
એ લટકે રે લટકે લસમણ આવેં ઝી..
લટકે લટકે લસમણ સતિયો આવેં રે, લસમણ મારા...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...
એ ભાળેં તીરેંન એરાં એરે ઝી..

(એક બાણિયો - એ... આવેં'લા આવેં, ધોબીરું! મુખ્ય ગાયક - હા!)

એ'લા દરિયા પાળે ફિરને એરાં એરે રે, લસમણ સતિ...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..
ઓહો ધોબીરાંનાં એરાં લખમણ એરે ઝી...
એરે ધોબીરાંનાં એરાં લસમણ એરે રે, લસમણ સતિ...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..



હો હો કળમાં ધોબીરો નઝરે આયો ઝી...
બાપરો કળમાં તો વીરો રે, લસમણ સતિ....

(એક બાણિયો : એ...હારો લેય હેં'લા! મુખ્ય ગાયક : હા!)

બાપરો પૂરો ઝોઈન લસમણ મિળો ઝી..
એ'લા બેઠો બેઠો કાપલા ઓળખવા લાગો રે, ભાઈ'લા મારા...

દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...
બાપલા! આતો કાપલા મડોવરીના વાઝેં ઝી...
એ'લા આતો હારિયો હાઉ હોનાની વાઝે રે, લસમણ મારા...

ઝોઈ રે ઝોઈ એરાં ઝી..
એ લસમણ તોબીરાન વાતાં સોળે ઝી...
એંણા તોબીન વાતાં સોળે રે...
લસમણ સતિ, દેખને ઝોઈ ઝોઈ એરાં ઝી...

એ હૉંપળે ધોબીરા મારી વાતો ઝી..
ઠોકીરા કેંણા કાપલા ધોયે રે...
ધોબી મારા, દેખ રે ઝોઈ ઝોઈ એરાં ઝી...

એ ધોબીરો રઈન વાતાં સોળે ઝી...
બાપરા હારો લેવાનું કોંય કૉમ રે...
વા! વીરા મારા... દેખઝે ઝોઈ રે ઝોઈ એરાં ઝી...

બાપરા પૂસિયાનું કોંય ઝાય રે...
ધોબી મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

આતો મોટાં ધણિયાં વાળા કાપલા રે
સાયબા મારા... દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..



આતો રાવણની રૉણીઓના કાપલા ધોવું રે..
સાયબા મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

ઠોકીરા તનં આલું હોનાનો હાર ઝી..
મનં જોરી કાપલા આલે રે...
ધોબી મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરા ઝીવેં એતરા દન ખાવેં ઝી...
તનં આલું હોનાનો હાર રે...
ધોબી મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

ઠોકીરા રૉણી રે ઝૉણહેં તો પરાં મારેં રે
સાયબા મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

એ ધોબીનો ઝીવ લાલસીરો વાઝેં ઝી...
બાપરો પોતાનો ઝીવ બદલે રે...
સાયબા મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરો લેય રે મડોવરી વાળા કાપલા ઝી,
બાપરો લેચ ન ખેઝમાં આવેં રે...
સાયબા મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરો ભોઝન કરવાની તેયારી કેંરે ઝી..,
બાપરો રાવણનાં ભોઝન લસમણ કરેં રે...,
સાયબા મારા.. દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

ઓ મરાઝ! એ...અવેં લસમણ હેં. હારે એંડે લાહો પૂરો નેં થાય. એ..કેંક વારમાં ગા હૈયે... કૌંક ન કૌંક નકલ કરવી પરેં.. હારે મહરાઝ લસમણ હેં, હારે ફિરેં એંડેં, મનમાં વિસાર કરેં. હા રે કરમાં ઊગો હોરમો પાંણ... એ.. પાળે કૌંય આવેં.. હારે લાંબી ફાળ, સોટે પગલે. હા રે લસમણ એંડે લટકે લટકે. વા! વા!



(તંબૂર-સ્વર) એ..પાળે ફિરે..હારે એરાં કૌંય એરે. હારે મરાઝ અવેં ધોબી હેં, એ.. રાવણ રાઝાની નારીના કાપલા. હા..રે પોટ બાઁતીન કૌંય લેઈન આવેં. હા રે ખૉમદાંન વારતા રાખવી. હારે ઝાનારોન પેલો આવનારો.. અવેં..ધોયેં..હેં... હા રે દરિયે ધોયેં...હા..રે ધોબી હેં.. એ..કાપલા ધોયેં મડોવરીના..હા ને લસમણ હેં તે કેવો આવેં. હા રે પાળેં આવેં. લાંબી નઝરે એરેં...હા ને કરમાં નઝરમાં કૌંય આવેં.. એ લગભગો ઝાય. હારે આહનો આવેં... સેટી બેહેય દૂરો રઈન પેંલો તો ઓળખેં. એ આતો રાવણના હેં કે બીઝાના તો નહીં. હા તો મહરાઝ અવેં લસમણ નાવટો હેં. એ..રૉણી મડોવરીના કાપલા ઓળખેં..હા રે અવેં મોટાનું તો મોટું ખાવું.. ઓઢવું પેરવું હાઉ. કુણ નેં ઓળખેં..હા અલ્લા ઝીવતા (તંબૂર-સ્વર) હારિયો હેં.. એ... કૌંસુઓ હેં.. હા ને અવેં સારણો હેં. નારી ગુઝણવાળું ફેટિયું. હા તો લસમણન નઝરમાં કૌંય આવેં. હા ન અવેં ધોબીરાન કૌંય કેં, એ. .ધોબીરા? હૉપળ મારી વા..ત. એ..એકેં મુટેં હાસું બો...લ. કેંણાંના કાપલા ધોયે? હા તો મહરાઝ નોકર એં તૉય મોટા આદમીનો ઑય તૉય થોરો ટણકો એં..એ..ધોબીરો હેં..હા લસમણન કૌંય કેં, એ...વાટના વટાઉરા? આવો એંણી વાટે ઝા...ઝા'લા. ઝીવતું નેં મેલું!

એ..મનં હારો લેઈન થાર હું કૉમ હેં? હા મું કરું મારું કૉમ. તું થાર ઝાતો એં ઝા. હા..તો મહરાઝ લસમણ હેં.. હારે અવેં ઝોર કરેં હૉમું તો બીઝાન ડરવું પરેં.એ..પરાયો દેસ. પારકી ભૂમી. હારે પારકાં લોક રીઝવણાં..હા તો લસમણ હેં. કરી એક એંડી ઝોયેં. કૌંય નટાવરા ખેલ કરેં.. પાસો આવેં...એ...અવેં ધોબીરાન કૌંય કેં, એ ધોબીરા? નખ્ખા કસું બોલો તોય મું તનં અવળું બોલો? હા તો મરાઝ ધોબીરો હેં, તે...કોઈક આદમી હેં. હા રે ઑણાન તો અવેં દોંઢું તો નહીં બોલવું! પૂસાનો ઝવાપ આલવો હેં..એ..એ... વીરા? એ...આતો કાપલા હેં રૉણા રાવણની રૉણીઓના... હારે મરાઝ..લસમણ હેં..હા..રે એ..ધોબીરા? કેતરી રૉણીઓ હેં, રાઝા રાવણન કેતરી રૉણીઓ...? એ રાઝા રાવણન રૉણીઓ તો બે હેં..હા...રે ઝૂની કેઈન વડી કેઈ? હા રે અવેં લસમણ હેં..એ..મા પેહીન કૌંય હમાસાર લેય.. હા અલ્લા ઝીવતા! (તંબૂર-સ્વર) એ..વીરા? હારે હૌંપળ



મારી વા..ત. એ..એક તો ઘણી ઝૂની ડાવી હેં...એક તો અવળાં લાવો હેં.. એ...નવી રૉણી લાવો હેં.. એતો અઝી તો, મેંલે નહીં આવી. અરે વીરા, એંણું હું નૉમ? હા ને પેલીનું હું નૉમ હેં...? હા તો મહરાઝ અવેં ઘોળીરો હેં...કૉંય કેં..એ...વીરા? હા તે મોટીનું નૉમ હેં, મડોવર. હાને બીઝીનું નૉમ તો સીતમા હેં..હાતો અવેં લસમણ હેં...મનમાં કૉંય વિસાર કરેં, રૉણી હેં પણ દેખતો ખરો! હારે મહરાઝ અવેં ધોબીરાન કૉંય કેં..એ..ધોબી? ઝીવેં એતરા દન ખય. હારે નવલાખનો હાર આલું..એક જોરી કાપલા આલ.. ઑમ ટાળય આલઝે.. હા તો મહરાઝ લસમણ હેં...ધોબીરો હેં. પેંલો તો મનમાં વિસાર કરેં, એ..કેદિ' કાપલા આલું. ઘૅર આકરી થાયેં તો કેંમનો ઝો! હા રે એક વિસાર કરેં... ઑણા તો કાપલા હેં... દરિયામાં કેંમના ગા એંમ કો.. હાને પેલો નવલાખનો હાર મળેં.. હા રે કાઢી મેલહેં ઑણી નોકરીમાંહો તૉય ઝીવતો રો. વા! વા! (તંબૂર-સ્વર) એ અવેં લસમણ હેં. હા રે ધોબીરાન કૉંય હમઝાવેં. એ..એંમ કેંઝે, તળિયે ઝાતા રા.. હા તે નહીં કાઢી હકો. એતરાહી નોકરી તો રો તૉય પૉણ ઝાવું હેં.. હા પણ નવલાખનું હું કરવા ઝાવા દેઉં ? હા રે ધોબી હેં..અવેં પોતાની રૉણીના કાપલા. હા નીત એં ખાતો..એં ઊઠતો. હા ને અવેં નવલખના હારમા કેવો સૂકેં! વા! વા! (તંબૂર-સ્વર) એ..જોરી કાપલા લેય. હા રે નવલાખનો હાર આલેં.. હા નેં અવેં ધોબીરાન કૉંય કેં, એ વીરા? મોરો મોરો ઝા. હારે વળી આવઝે.. હા રે મહરાઝ હીખ દેય.. હા ને અવેં ફોઝમાં કૉંય અરો આવેં! હા ને સોટે પગલે..એ..અવેં મનમાં વિસાર કરેં... કાપલા તો લેતા તો ખરા...હા પણ અવેં રાવણ ખાય એ નોંધવું પરેંહેં ને ..નકર એંમસ ઝાઈન હું કૉમે આવેં? હા ને વારતા આગી કેવી હાલે...

રાવણ નં લખમણ

એ બતરી રે તતરી ભોઝન કરેં ઝી...
બતરી તતરી ભોઝન લસ્મણ કરેં રે..,
સાયબા મારા દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી...

બાપરી મડોવરીનાં હરખાં ભોઝન નોંતેં રે...



સાયબા મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી..

એ તો બતરી તતરી ભોઝન લસ્મણ કરેં રે..
સાયબા મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી..

એ તો દેવગરા થાળમાં ભોઝન પરુસે રે...
સાયબા મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરી ભોઝન પરુસી મેલવા લાગો રે...
સાયબા મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરો મડોવરીના કાપલા લસ્મણ લેવે રે..
સાયબા મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરો પૉગાં પાવરાં રે લસ્મણ પેરે રે ઝી...
એ'લા પૉગે પાવરાં પેરે રે...
લસ્મણ મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી...

એ..કેરાં પરમાંણ સારણો પેરેં રે ઝી...
કેંરે સારણો પેરે રે...,
લસ્મણ મારા, દેખ લે ઝોઈ ઝોઈ એરાં ઝી..

બાપરી મડોવરીનો સારણો રે...,
સાયબા મારા, દેખલે ઝોઈ ઝોઈ પેરાં ઝી..

ઓ હો! નારી ગુઝણવાળું ફેટિયું ઝી...
એ'લા નારી ગુઝણિયું ફેટિયુ રે..,
દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

ઓ...ફેટિયું પેરેન એરવા લાગો ઝી...
લસ્મણ ઢુગા હારણ એરે રે...



સાયબા મારા, દેખલે ઝોઈને પેરાં ઝી..

(એક બાણિયો – એ..કેવો દેખાય! મુખ્ય ગાયક – હા!)

બાપરી હોનાનાં તાગાંવાળી હારી રે ઝી...

(એક બાણિયો – એ...ઝળુકો પરેં! મુખ્ય ગાયક – હા!)

ઝોય ઑંખાં મેંસાંય રે...,
સાયબા મારા, દેખલે ઝોઈ રે એરાં ઝી..

ઓ...સાથી પરમાંણ કૌંસુઓ પેરે રે ઝી..
એ'લા નરનો નારી ઓયો રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...

ઓ...ગળા પરમાંણ હાર સીર પેરે ઝી...,
એ'લા પેરે એણી નારિયાંવાળો વેસ રે..,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...

ઓ..દાટી પરમાંણ મૉખાં મૉડે ઝી..
બાપરો ગાલે ફૂલરી પારે રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...

ઓ..ઑંખિયાં પરમાંણ કાઝળ રાળેં ઝી...,
બાપરો લેલાર ટીલરી પારે રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...

ઓ..વાળે વાળે રે મોતી હારેં ઝી...
બાપરો હેંમથામાં દેય રે હેંદુર રે..,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...



રૉડવો ડાવે હાથે રે દરપણ લેવે ઝી...,

(એક બાણિયો – કેવું દેખાય હેં બાપા! મુખ્ય ગાયક – હા!)

એ પોતાનાં દરસન દરપણમાં કેંરે રે..,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

એ..મુટું પૂનમવાળો સૌંદો ઝી...
રૉડવાન નયણાં ખૉડાવાળી ધાર રે...,
સાયબા મારા, દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

એ..નેંથરી વેંણું રે નાક ઝો ફારેં ઝી...,

(એક બાણિયો – એ...નાક બગારે માં'લા!)

એ'લા નેથરી વેંણું નાક નહીં ખલતું રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

બાપરા ઝૂમરાં વેંણા રે કૉન નહીં ખલતા ઝી..,
એ...ઝૂમરાં વેંણા કૉન બૂસા દીહેં રે..,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

હાગી લેય રે મડોવરી વાળો વેહ ઝી..
લસ્મણ નાક ફારી નેથરી ઘાલેં રે..,
સાયબા મારા, દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

ઓ...કૉનાં પરમાંણ ઝૂમરાં પેરે ઝી...,
એ નાકેં નેથરી પેરે રે...,
દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

ઓ હો દેવગરો થાર'લા આથમાં લેવે ઝી...,



એ'લા ખેરિયો આવણા લાગો રે...,
સાયબા મારા, દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી..

હેરી બઝારાં લસ્મણ આવેં ઝી...
લસ્મણ પૉગાંવાળાં નેવર મસકા ઊડેં રે...,
સાયબા મારા, દેખલે ઝોઈ ઝોઈ એરાં ઝી...

બાપરો લળવળ લળવળ લસ્મણ આવેં ઝી..
રૉડવાન પેટ પીયાંણિયો હાપ રે...,
સાયબા મારા, દેખલે ઝોઈને એરાં ઝી..

(એક બાણિયો –પેટમાં પૉણી દેખાય હેં! મુખ્ય ગાયક – હા!)

ઓહો લળવળ લળવળ લસ્મણ આવેં ઝી...,
એ આવેં એંણા રાવણવાળા મેંલે રે..
સાયબા મારા, દેખલે ઝોઈને એરાં ઝી..

ઓ...લાંબી લાઝો રે લસ્મણ તૉણે ઝી...,
બાપરો લાઝ રે તૉણીન ભોઝન આલેં રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી....

ઓ પોઝન આલીન રૂંગાં રાળેં ઝી..,
એ'લા ઊહકા કરીન રૂંગાં પરાં રાળેં રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

એ વેંરાગ કરીન રૂંગાં રાળેં ઝી...,
એતો રાવણ રાઝા વાતાં સોળે રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

ઠોકીરી હેંણાન કારણિયેં તું તો રોયેં રે..,



રૉણી મડોવરી, દેખલે ઝોઈન એરાં ઝી...
ઠોકીરી કેંણે લોકે રે મેંણાં મારાં ઝી...

એંણાન તાલકામાહી તૉણું રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

એ રૉણી કેંણાંના આવા રે હોવન હપારા ઝી...,
બાપરી એકે મુટેં તું તો હાસું બોલે રે..,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...

એ તીરો રઈન લસ્મણ બોલે ઝી...,
હૉંપળે રાઝા મારી વાતો રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી..

એ રૉમનું દળ રે ગૉમ્મમાં આવું રે ઝી...,
એ રાઝા તનં તો મારી નૉખહેં રે...,
સાયબા મારા, દેખલે ઝોઈન એરાં ઝી...

(તંબૂર-સ્વર) એ..અવેં લસ્મણ હેં..હારે મહરાઝ અવેં બતરી તતરી ભોઝન કરેં.. એ..એકા ખાંનાંમાં ડાળ કરેં, બીઝા ખાનામાં તીખાંન તમતમિયાં. હારે ડાળ પૂરી ભાત કૉંય કરેં. હા રે મડોવરીના ઝેવાં ભોઝન. હારે ખાતેં તો હદ્દા હરેં.. નઝરાંનાં બૉણ વાગેં તો આખા સરીરની ભૂખ લાગેં! હારે મહરાઝ અવેં દેવગરા થાળમાં પરુસેં.. એ...ઝુદી ઝુદી વાડકિયાં મા.. હારે મહરાઝ અવેં ઑસાર કૉંય નૉંખેં.. એ..આથ પૉગ ધોયેં. હા રે મૉંડે દેઈના હણગારેં...એ અવેં પૉગાં પરમાંણ પાવરાં પેરેં..હારે મહરાઝ અવેં મેઘાડાંમોરનો સારણો..એ..મડોવરી રૉણીનો સારણો.. નારી ગુઝણનું ફેટિયું...હારે અવેં સાથિયેં કૉંસુઓ કૉંય પેરે. એ ગળે હાર ન સી..ર. હારે અવેં લસ્મણ હેં..એ..દાઢિયેં મૉખ મૉંડેં. ગાલેં ફૂલરી પારેં... લેલાર ટીલરી થેકે. હા ને અવેં ઑંખે અણિયારાં કૉંય ઘાલેં! હારે મહરાઝ અવેં વાળ વાળ મોતી હારે! એ..હેમથેં હેંદુર રાળેં.. હા રે અવેં રેઝે ઝગમાં વા.ત.



એ..ડાવેં આથ દરપણ.. હારે દરપણમાં પોતાનાં દરસન કૌંય કરેં...એ...હૉમો ઝોયેં.. હા રે મુટું પૂનમિયો સૌંદ..ઑંખ ભમરાની પૉંખ.. હા રે ખાતેં હરેં! વગર દેખેં હરેં! વા! વા (તંબૂર-સ્વર) એ...લસ્મણ હેં..હા રે બત્તે હમું આવું..હા પણ નાક બૂસું દેખાય.. ઓ..નેથરી વેંણું નાક ઝોલા ખાય.. ખમા! હારે અવેં સતિયો હેં...એ અવેં નેથરી લેય. હાને અવેં વળી નાક કૌંય ફારે..એ..એવા નટાવરાના ખેલ..હારે અવેં કૉનાં હારણ ઝોયેં.. ઝૂમરાં વેંણા કૉન તો બૂસા.. એ..લસ્મણ હેં. હા રે કૉને ઝૂમરાં કૌંય ઘાલે.. કેંવા હરખી વા..ત. નાક દીવાની હોગ... હારે નયણાં ખૉડાંની ધાર! હા રે ઑંખેં ભમરા લૂંબા. કકુવરના ઓઠ..એ..દૉત.. દાડમનાં બીઝ...હા રે અવેં સતિયો હેં, હા રે મહરાઝ દેવગરો થાળ લેય. હાને વળી માથા પરમાંણ હાવ હોનાની હારી કેવી ઓઢેં.. એ.નેહરે આગિયા.. મટોરા ઝળુકા પરેં..હા તે મહરાઝ અવેં સતિયો હેં,હા યેં મારગાંની જો..ર. હા રે અવેં ડુંગરે બોલે લવતા મોર..ઝંગળની ઝારીનાં કૌંય ઝનાવર બોલેં.. હાવ હોયમણું લાગેં..વા! વા! (તંબૂર-સ્વર) એ..લસ્મણ હેં, હા રે લસમણ હેં.. હેરી બઝારે આવેં.. એ..હેરી બઝાર પૂઠણ મેલે... હાને અવેં વાદળ મેંલ કૌંય આવેં..એ.. ધરમર સરેં વાદળન મેંલ. હાતો મહરાઝ અવેં રાવણ હેં..એ..બેઠેલો હેં, હા રે અવેં લાંબી લાઝ તૉણેં.. હા ને બે આથે થાળ લઈ ઝાઈન કૉય આલેં...હા રે મહરાઝ રાવણ હેં. એ..બે આથે હાય.. હારે અવેં રાવણ હેં, ઝમણા બેઠો. હાને અવેં પેલો વળી નટાવરો હેં...એ.. મડોવરીનો વેહ...હા ને લસ્મણ સતિયો હેં. હા રે અવેં થૂકનાં આંહુઆં કરેં! હા ને અવેં રોવા કૌંય બેઠો હેં.. એ..અવેં પોક મેલીન રોયેં..ઈ..હી... હારે અવણ સતિયો રોવેં હેં... હા તો મહરાઝ અવેં રાવણ હેં...એ.. કૌંય હારો લેય. એ..રૉણી? કેંણાંનાં મૂઆં વાલાં મૉનવી...કેંણાંના હોવનન હપારા! હા રે ઑંખ કાટી ઑંખ ફોરું... એ..કેંણે ઝવાબ મારો હેં... તાલકામાહી તૉણું! ઝપ કેં ઝપ. એ રાઝા? લસ્મણ હેં ધીરો રઈન બોલેં. એ.. પેલી નવી ઑણી હેં એંણાતો વૉંહળ આવા હેં...એ...રૉમ ઝોતોન આવા. હા તે તનં તો પરો મારવાના હેં'લા. ઉંતો રડય એંમ કરીન રોઉં હુંને..! મું તો મારા દઃખાંન રોવું. તું તો લાડિયે આવો તે અગો પણ. હા રે અવેં રાવણ હેં.. એ..રૉણી? બોલી એતરું બોલ..નકટા હાટેં બાટી... મારેં હેં એંમ કઈન બાયલી નહીં લાવો...



આવહેં એતરાં બત્તાં મટારી નખોવ.. હા ને વારતા આગી કેવી આલેં...

એ લસ્મણ સતિ, રૂંગાં ન રાળેં હો...
એ વનારી રોવેં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

એ રાવણન તો વાતાં સોળે હો...
રૉણી રોતી સૉની રેંઝે, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

એ..રાઝા રૉમનું માર દળન આવું હો...
ઠોકીરા તનં તો પરો મારેં...,માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

એ રાવણન રાઝા વાતાંન સોળે હો...
રૉણી મનં કુણ મારેં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

એ...લસ્મણ ઝોતો દળમાં વાઝેં હો...
એ...તનં તો પરો મારેં... માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

રૉણી મારોન ઝીવરો નેં મારેંન હો...
મનં હું કરીન મારેં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

રૉણી મારો ન ઝીવરો હૂરઝીના રથમાં હો...,
એ..કુણ નર મારી હકેં, હાર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

(એક બાણિયો – એ ઝે અતું એ તો કઈ નખું'લા! મુખ્ય ગાયક – હા!)



એ..રૉણી હૂરઝીના રથમાં ભમરો વાઝેં હો...
મારો ઝીવરો હેં'લા હૂરઝીના રથમાં,
માર તારણવાળો રૉમ,

(એક બાણિયો – હાઉ રે હાઉ! મુખ્ય ગાયક – હા!)

રાઝા કેંમ કરેં તું તો મરેં હો...
મારો લસ્મણ હારો લેવે...,માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી....

એ રૉણી બાર કૌંણિયાંનાં તેલન ઝોઈઝે હો...,
ઠોકીરી લોખણવાળી કળઇયો,માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી....

લસ્મણ સતિ માર હારો ન લેવે હો,
રાઝા કેંમ કરવું પરેં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી....

રૉણી ઊગતો સૂરઝ ગળવો પરેં હો...,
એ કૉમઠીન ભાલોર ઘાલવું, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી....

એ કળઈ ઉપર ઊપું ન રેંવું હો...,
દનરો પેર બપોરિયે આવેં, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી....

(એક બાણિયો – એ ખમા! હાઉ રે હાઉ! મુખ્ય ગાયક – હા!)

એ રૉણી એતરું બત્તું કુણ કરી હકેં હો...,
મનં મારવાળો નેં મળે,
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...



એ લસ્મણ સતિયો ઝાવા લાગો હો...
ઝટ ઝટ આવણા લાગો,
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

ઓ..મરાઝ! એ..અવેં લસ્મણ હેં... હા..રે અવેં પેલા રાવણ ન કૉય કેં. હાને રાવણ કૉંય હૉંપળે.. એ..એ.. રાઝા? હા રે લસ્મણ ઝોધો વાઝેં.. એ..બાપરો એક અરુઓ આવો.. તે આખી લકા ઉઝોર કરીન ગો...હા ને અવને ફેરે તો કેતરું દળ આવું હેં..એ.. ઝગમાં હાઉ નેં આવેં.. એ..અવણાં બીઝો કેવોક મળહેં.. એ..થનં વાલાન રોઉં.. હા રે મરાઝ અવેં રાવણ હેં તે કૉંય કેં, એ મંડોવરી? હા મનં મારવાળા કોઈ નહીં. એ..એક ખાતી, બેં ખા.. હા રે મનં તો મારવાવાળો કોઈ નહીં. એ રાઝા? હા..તે થાર ઝીવ તો કને અહેં કે..! અળગો તો નેં મેલેલો અહેં કે..? એ..રૉણી? ભૂલી ગેઈ રે એવરામા. મારો ઝીવ એંમ કૉંય રાવણ લેઈન નેં ફરેં..એ.. મારો ઝીવ તો મેલો હૂરઝીના રથમાં. હા રે ભમરો હેં, એંણા ભમરાન કોઈ પારી હકુંએ નહીં... હાને મનં કોઈ મારી હકનાર એ કોઈ નહીં એ..વળી, વળી મોટાં આૅંહુઆં પારેં. એ..ઝોરમાં રોયેં.. હા રે વળી લસ્મણ હેં. વત્તારે વત્તારે રોયેં.. હા ને અવેં રાવણ હેં તે કૉંય કેં..એ.. રૉણી? દલરે દઃખ માં આૅણ. નેં મારી હકેં મનં તો. હા રે મહરાઝ અવેં રાવણ હેં.. એ રૉણી? કેતરા નખરા કરવા પરેં.. કેતરી સીઝો ઝોઈઝે... હા રે તો મારો ઝીવ આવેં...નકર કોઈ મારનાર નહીં..એ...રાઝા તે કેંમ કરતાં મરેં...? એ રૉણી? બાર કૉંણિયાંનાં તેલ ઝોઈઝેં. હા રે લોરાની કળઈ ઝોઈઝેં. હા રે ઊગતા પેંલા ઠેસા મૉડવા પરેં.. એઠળ અગની ઝળાવણી.. બાર કૉંણિયાંનાં તેલ મા નેરવાં પરેં.. હા રે ઊગતો ગળવો પરેં! એ..કૉમઠીમાં ભાલોર ઘાલવું પરેં. હા રે આૅંકેં આૅંકેં ભર બપોરિયા દનરા આવેં, તેણી અગળ પેસણિયાં ભાલો તૉણવો. હા તે હૂરઝીના રઠમાંહો ભમરો પરેં. તેંણી હગમાં ઝીવરો ઝાય.. અનેં એંમ કૉંય રાવણ મરેં નેં.. હા તો અવેં લસ્મણ હેં... સાથીમા મોટી ઢેંક દબાવેં... વાહ રે વાહ! તનં કોઈ નેં મારી હકેં..! હા તનં તો કોઈ નેં પૉકી હકેં. હારે અવેં તો ઉં ઝઉં પાસી. હા ને ખા, પીન લેરિયાં માર! હા રે લસમણ હેં.. ઘરમર ઊતરેં વાદળ મેંલ. હારે પૉગ તો થોરા થોરા



અડેં... દેખ મરદાંના ખેલ. અવેં તો હારી વિગતવાર લેતી.. મનં ઝાવા તો દે. હાને અવેં વારતા કેવી અગી એંડે..

એ બતરી તતરી ભોઝન કરેં રા..
ભોઝન કરેં રા.. મડોવરી રા...ઝી...

ઓ બાપરી દેવગરા થાળમાં પરું ભરું રે રા...,
પરું ભરું રે રા...,મડોવરી રા...ઝી..

રૉણી હોળઇયો માર હણગાર મૉડે રા...,
હણગાર મૉડે રા...એ રૉણી રા...ઝી...

એ ખેરિયા ખેરિયા લેઈન આવેં રા...,
લેઈન આવેં રા...એ રૉણી રા...ઝી...

એ..લાંબી ફાળે સોટે પગલે રા...,
સોટે પગલે રા..., એ રૉણી રા...ઝી...

બાપરી રાઝ મેંલમાં ઓરી આવેં હેં રે રા...,
ઓરી આવેં હેં રે રા..., એ રૉણી રા...ઝી...

એ રાવણન માર ભોઝન આલેં રા...,
ભોઝન આલેં રા, એ રૉણી રા...ઝી...

એ...લૉકેં રાઝા ભોઝન લાવી રા...
ભોઝન લાવી રા...,એ રાઝા રા...ઝી...

એ રાઝા તો માર અવળો ફિરેં રા..,
અવળો ફિરેં રા.. રાઝા રા...ઝી...

એ રૉણી ગૉડી ઓઈ કેં વાવરી ઓઈ રે રા...,
વાવરી ઓઈ રે રા.., ઓ રૉણી રા...ઝી...



એ'લી બે હગની તું કેંમ આવી રે રા...,
કેંમ આવી રે રા.. રૉણી રા...ઝી...

અરે રાઝા ગૉડો ઓય્યો કે વાવરો ઓઇયો રા...,
વાવરો ઓઇયો રા... ઓ રાઝા રા...ઝી...

એ'લા કેહી વેળા મુંય આવું રા...,
મુંય આવું રા..., એ રાઝા રા...ઝી...

એ'લા રૉમનું માર દળ આવું રા...,
દળ આવું રા...,ઓ રાઝા રા...ઝી..

એ'લા કેવા અતા ઍંણીન કાપલા રા...,
ઍંણીન કાપલા રા... ઓ રાઝા રા...ઝી...

(એક બાણિયો – એ...બૂડી કેંવાય' લા! મુખ્ય ગાયક – હા!)

રૉણી થારસ કાપલા પેરીની આવી રા...,
પેરીન આવી રા.. ઓ રૉણી રા...ઝી...

(એક બાણિયો – એ તું અતી'લી...! મુખ્ય ગાયક – હા!)

ઠોકીરી મનં કનેં તું ઝૂઠવું બોલેં રા...,
ઝૂઠવું બોલેં રા..., ઓ રૉણી રા...ઝી..

ઠોકીરી મનં કનેં ઝૂઠું હું કરા બોલેં રા....,
હું કરા બોલેં રા...,એ રૉણી રા...ઝી...

એ'લા રાઝા ઑં મું નહીં આવી હું કરા ભોળવે રા...,
માથેં.. હા તો અવેં લીલાં ઝણણાં કોંય નઝરમાં આવેં... હા રે સતિયો હેં, હા રે અવેં પાવોરાંમાં બેહી બેહીન ઊતરેં. હા રે અવેં ઝોયેં વેળામાં. પૉણી નઝરમાં આવેં. હાગી દેવિયાંનાં પૉણી! એ..પૂરિયો કરે... હા રે લસ્મણ હેં..., એ પૂરિયામા પૉણી લેય. હા રે મહરાઝ લેઈન કેવો આવેં.ખેરન ખટલેં ખાટ.. લાંબી ફાળન સોટે પગલે. હાને વારતા આગી કેવી આલેં.

હોદાવઝી રે.. લસ્મણ ખેરિયો આવણા લાગો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ ખેરિયો આવણા લાગો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પાવોર પરબત આવેં...,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પાવોર પરબત આવેં..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પૉણીરાં એરે..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પાવોર પરબત આવેં..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે દેવિયાંનાં પૉણી મળેં...,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ ફરી ફરીન એરે..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પૂરિયો કરવા લાગો..,



હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પૂરિયામાં પૉણી લેવે..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પૉણીરાં લેઈ આવેં..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ ખેરિયો આવણા લાગો...,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ કદળીવનમાં આવેં..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ સીતમા કનેંણ આવેં..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સતુર આવતે દેખીન હૂતાં...,

(એક બાણિયો – એ..વેંરાગ આવેં! મુખ્ય ગાયક – હા!)

હોદાવઝી રે સતુર આવતે દેખીન હૂતાં...,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ પાબીન વાતાં સોળે..,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતમા મુટેં કોઈ નેં બોલેં...
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

(એક બાણિયો – એ...બોલવાનું નહીં થાતું'લા! મુખ્ય ગાયક – હા!)



હોદ્દાવઝી રે લસ્મણ દેવ કળાપો કરેં...
હોદ્દાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

એ..અવેં લસ્મણ હેં, હા રે લાંબી ફાટ સોટે પગલે. હારે ખેરિયો થકો કેવો આવેં, એ..આવેં મારગાંની ઝોર. હા રે મહરાઝ અગલા પલા વાત કરે... પગની પની ઉંકારો દેય.. એ.. ભલે સાયબા કરણીન કરથાર.. હા રે એક રાત વાહો, એ..કે દિ' ઝો એંણે ખાતી એં તો હાઉં. હા રે ઝગમાં એં માર ઝાવું.. હા રે તે દિ' મૂઈ નઝરમાં આવેં.. તો તાલીન આવેં વાત. હા રે લસ્મણ હેં, એ.. ડોડો ફાટેંન કેવો આવેં.. વા!વા! (તંબૂર-સ્વર) એ..ખેરિયો થકો આવેં. હા રે મહરાઝ લાંબી ફાર ન સોટે પગલે. હા રે અવેં કદળીવનમાં આવેં.. હા રે પૂરિયામા પૉણી. હા રે સતુરને વાસ્તેં.. હા રે લાંબી નઝરે ઝોયેં. હા ને સતુરન ખબર કૌંય પરેં. એ..આવતેં દેખી, હા ને સતિ હેં... એ.સીતીનતાન કૌંય હૉયેં. હા રે હાહ નેં લેય! હા રે મહરાઝ અવેં હૉ વરહૉની એવી થઈ રઈ. એ..લસ્મણ હેં, હા રે મરાઝ અવેં આવી. એ..લાંબી નઝરે ઝોયેં. હા રે હાહ નેં લેય.. હા તે પાબી હૂઈ ગેઈ હેં.. હા રે અવેં ઉપર આવેં.. હા રે કૌંય પાખળિયાં કરે.. વા! વા! તે...પાબી કઈન હાદેંય. હા રે સતુર મુટેં કૉય નેં બોલેં. એ..આઁખ ઉઘારું... હા દેવરિયો નઝરમાં આવેં! હા રે એ અવણિયાં ઝાહેં.. હા ને મું કેંમ કરી રો? વા! વા!(તંબૂર-સ્વર)એ...સતુર હેં, હા રે આઝ બોલેં કે કાલ બોલે. હા રે લસ્મણ હેં, હાગી પાબી કાચ્યો થાય.. એ..એંના લેખ એંન કનેંણ.. હા રે મારું કરમ મનં કનેં! એ..સૉમ્ળિયા તનં ભળી! ઝીવતી એં કેં મરી ગેઈલી એં..એ.. અવેં મું ઝઉં પરો. હા રે અવેં માથા ઉપર આથ ફેરવેં. મૂઈ ગેઈ નરવર ગડ ઝોઆર! હા રે ઝીવતી એં, હા તો મારો તીલોખી મેળવેં! હા તે પાબી દેવરિયો થાહું. હા ને ઉં અવણ પાસો ઝઉં. હા રે એકી આઁખેં હરાવણ ઘૂરેં! હા ને અવેં વૉલ કેવી લેય. હા ને પૉણી માથા હારણ મેલેં. હા ને અવેં લસમણ હેં તે ખેરિયો થકો કૌંય આવેં. વા! વા! વા! એ..ખેર ખેર ન ખરલે ખાટ...હા રે લાંબી ફાળ ન સોટે પગલે. આગળ ઝાવું પૉણ પૉગ પાસા આવેં.. હા ને વારતા આગી કેવી આલેં..



એ પૂરિયામાં પૉણી માર પરું મેલે, (૨)
ઊપો ઊપો વિસાર મૉડો...

મારી પાબી'લા નહીં બોલતી, (૨)
અવેં હુંય કરું ઓ...

બાપરો પૂરિયામાં પૉણી પરું મેલે, (૨)
એ'લા લેય રૉમનું નૉમ ઓ..

મૂઈ ગેઈ રે નરવર ગડેં,(૨)
ખૉમદાંન સમરણ મૉડો...

(એક બાણિયો – એ હરિનું નૉમ લેય! મુખ્ય ગાયક – ઘણા ખમા!)

બાપરો વાઝમી વૉલ મારી પરી લેવેં,
વાઝમી વૉલ માર પરી લેવેં,
વાઝમી વૉલો આખો...

એ'લા નઝર ઝોયેં અગળ ઝાય,
નઝર ઝોયેં અગળ ઝાય,
એનાં મનરાં પાસાં રઇયો...

(એક બાણિયા. – ઓ..એતો રોયેં. મુખ્ય ગાયક – હા!)

વાટમાં આવતો આકો નૉખેં, (૨)
બૂટાર મારવા લાગો...

એ લસ્મણ હેં, હા રે મરાઝ અવેં વાઝમી વૉલ તેયાર કરેં. હા રે નઝરાંનાં બૉણ અગળ ઝય! હા રે સતિયાનાં મન તો પાસાં પાસાં આવેં! એ..ભલે સાયબા. હા રે તેંણ અતાં તે દિ'તો ખરું. હા રે તેંણાંમાહાં બેં તો ભેળા રા. હા રે એક તો ઝુદી પરી. એ..બાબા થેઈન પણણા! હા રે ભલે લખનારીના લેખ.. એ...સાયબા



તનં ભળી હેં, હા રે હેયાળ–સીતરા ખય. હા રે વાઘ–હીલ્લકા ખય, એ...થારી સૉકીની રખવાળી. હા રે મારો દોસ નહીં. હા રે મરાઝ અવેં ખેરિયો ખેરિયો આવેં. હા રે ઘેંર ઝાતાંમાં તો આઈ તો કેતરે હાથ ભેળી થાહેં. વા! વા!(તંબૂર–સ્વર) એ..આઈન હું ઝવાય આલો? હા રે મરાઝ લસ્મણ હેં, હા રે પાપ કરવાનો ઘણો દોસ અતો. હા પણ એંણે દન નહીં કરતો. હા તો આઈ મૉનતી નહીં. એ.. અવેં આકો નૉખેં..હા રે બૂટાર પરી મારેં.. હા ઑંખોનાં રતન લેય. હા ને લેઈન કેવો આવેં. એ..ખડ મેલેન ખડ લેય. હા રે અવેં બીઝા ખડમાં આવેં. બીઝો લેય, તીઝામાં આવેંન સોથો કેવો લેય.. હા રે આવેં વેકુઠની વાટ. હા રે મરાઝ અવેં રૉણી હેં, એ...લસ્મણન આવતેં દેખીન અગેળકીક ઝાય. એ જાઇયા? હા રે ઑંખોનાં રતન કેં હેં? વા! વા! અવેં લસ્મણ હેં, હા રે અવેં બૂટારાની ઑંખો, રતન કેવાં આલેં! એ..તે દિ'યાંનો ડાખલો કેં બૂટારના ડોળાંની! વા! વા! (તંબૂર–સ્વર) એ..અવેં મારલી હેં, હા રે અવેં આથેં મેંહળે. હા રે ઢોલિયાના પાય્યા એઠળ... ઘાલેં... હા વા! રે વા! હા રે રૉંડ મૉનતીસ નતી. પૉણ હાઉ કરું. હા ને વારતા આગી કેવી હાલેં...

હોદાવઝી રે લસ્મણ ખેરિયો આવણા લાગો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે લસ્મણ આડે ન પરિયો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સતુર અમળેહોન મારે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સતુર લાંબી નઝરે એરેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતાન પૂરિયામા હેં પૉણી,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..



હોદાવઝી રે સીતા પૉણીરાં ન ઝોયેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા રૉમની માળા રટેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા લેય હરિનાં નૉમ,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે બાપરો હીલ્લકોય આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે બાર વરહાંનો પૂખો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે બાપરો કાંટિયો, કળાંગિયો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે ખાંખોનો તમારોળો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે વાઘન સીતા નઝરેં આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે વાઘ તો તૉમીન આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સતુર હૉમી તૉમીન ઝાવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

(તંબૂર-સ્વર) એ..અવેં લસ્મણ હેં, હા રે અવેં વૉલ લેઈ આસ નેંહરો હેં..



હા રે સતુર હેં.. કૉને હરાકો આવેં. અમળેહો મારીન બેઠો થાય..એ.. લસ્મણ દેવોર આડો પરેં..હા રે અવેં સતુર લાંબી નઝરે ઝોયેં.. એ ઝોયેલો દેખાતો નહીં...હા રે અવેં માથા હાર ઝોય'લા...એ...જળ ભરેલું પૂરિયું... હા ને સતુર હેં..એ..ભલે સાયબા કરણી કરથાર, હા રે આ ઝોકેં આતરું બત્તું કરીન ગો. વા! વા! એ સતુર, હા રે અવેં પૉણીરાં લેય. હા ને અવેં ઘૂંઠલો કૉંય ભરેં. હા રે હરિનું નૉમ લેય..હા રે મહરાઝ અવેં રૉમની માળા રટેં...હા રે રૉમનાં નૉમ તો ભૂલતી નહીં. એ...અવેં મઈના બે મઈના થય. (તંબૂર-સ્વર) એ..સતુર હેં. હા રે મહરાઝ અવેં બેં તેંણ મઈના તો પરા કાટેં... હારે ખૉમદાંન વારતા રાખવી. એ.. હીલ્લકો હેં, હા રે કાંટિયો, કળાંગિયો થો, એ..બાર બાર વરસ થઈ ગાં.. હા રે મહરાઝ અવેં એક દન બારો પરો. હા રે અવેં સતુર અતી એંણી વાટે તો કૉંય આવેં.. એ.. આવેં. એંણે માથેં. હા રે લગભગ ગાઉના પથમાં આવેં. હા રે હીલ્લકાની ડાડેંર બોલેં. હા રે સતુર હેં એ... કૉનિયા મૉડીન હૉંપળેં. હા રે તાલીન આવેં વાત... એ..ઘણા ઘણા દન થઈ ગા. આઝ કૉંયક ઝનોવર આવેં. એ ભલે સાયબા કરણીન કરથાર! લખનારીના લેખ! હા તે ઝે બણી એ હાસી. એ મારવી હું ન તારવી હું.. હા પણ તારણવાળો રૉમ! હા...એંમ તો ભૂલવાની નહીં. હા રે સતુર હેં, માળા રટેં. હરિનાં નૉમ લેય. હાને અવેં વાઘ હેં... એ...લાંબી નઝરે ઝોયેં. હા રે મનુસદેવ નઝરમાં આવેં.. હા બાર વરહાં થઈ ગાં...એ..પેટમાં તો કૉંય નહીં...આઝ એરતો એવું મળું.. વા!વા! (તંબૂર-સ્વર) એ..અવેં હીલ્લકો હેં, હા રે ઉતવાળો ઉતવાળો આવે. હા રે મહરાઝ અવેં કેતરાહી ફેટ મેલેં. હા ને સતુર હેં, ખૉમદાંન વારતા રાખવી. સાર પૉગે થાય. એ..તું વેળનોન ઉં વેળની. હા રે તું ખય કે ઉં ખઉં! હા રે મરાઝ હૉમી પરી ઉઠેં.... એ..અવેં હીલ્લકો ઊપો રેં... હા રે સતુરન પૂસેં, એ..મનુસદેવ! માર હૉમી તેં કેંમ મૉડી? હા રે અવેં સતી હેં, હા તે હીલ્લકાન કૉય કેં, એ..તું કેદ્દિ'યાંનો પૂખો? એંણી વાત કર. હા રે અવેં સતુર હેં, હીલ્લકાન કય, હીલ્લકો કૉંય કેં.. એ..એક બાઈ કઈ ગો... હૉંપળ બાઈ વાત, હા તે બાર બાર વરસ થઈ ગાં. કાંટિયો કળાંગિયો થો..બારો નેંહરતાંમાં તો મનં આહંગરિયો મેલતી નહીં! હા પણ આઝતો ટણકો થઈ ન પેટમા નહીં વેઠણી એતણ આવો હું...વા! વા! સતુર હેં... હા ને અવેં હીલ્લકો



સતુરન કૉંય પૂસેં.. તું કેંમ ટૂટી મનં હારણ ઓ...એ...મનં બાર બાર વરસ થઈ ગાં.. તનં બાર થાંન મનં તેરમું લૂમ્બું! હા રે ખાવા પીવા કૉંય નહીં.. એ..થોરું ઘણું તો તોરી હકું એંમ કરીન ટૂટી.. હા રે મરાઝ અવેં હીલ્લકો હેં, તું હરખીન મું હરખો.. તાલીન આવી વા...ત. એ આતરા દન મું તો વાઘ અતો તે મગરામાં રેંતો..પણ તું વનમાં હું કરા રઈ? હા રે સતુરની બુતિ. હારે અવેં વાત કૉંય કરેં, એ..હૉંપળન વાઘ વાત. હા તે રૉમનાં નૉમ લેઉં. હરિની માળા રટું... એ ભગતાંણી હું! અરે બાઈ! તું ભગતાંણી હેં તો મારું કૉંય ઝૉણતી એ તો કરકેં? એ..મનંય ઘણી તકલી હેં.. હા રે મહરાઝ સતુર હેં, એ..મનં કેતરીક લાડમાં રાખે! હા તો અવેં હીલ્લકો હેં. સીતમાન વાત કરે, એ મારી ગણની થારી સેવા. સીતમા હેં, લેય રૉમવાળાં નૉમ. હા પૂરિયામાનું પૉણી લેય. હા ને અવેં હીલ્લકાન સાંટણા કૉંય નૉખેં. એ..રગ રગના સાંટણા પરેં... હા રે કાંટિયો-કળાંગિયો કેંમનો થાય.. હા ને રેંઝે ઝગમાં વાત. બતરી તતરી ભોંત પરેં.. હીલ્લકો પૂઠ વાળીન ઝોય. અરે! અરે! કેંવા ઝેવી વા..ત.હા રે આઈની ઝણી બેંન! વા! વા! (તંબૂર-સ્વર) એ અવેં હીલ્લકો હેં, હા રે સતુરને આવેં. સાટેં બોળાહેં! મારી માની ઝણી બેંન.. વડી ગણું તૉય, લોરી ગણું તૉય.. હા રે કેં દઃખાંની વાત કરીન કૉંય નેં મેલું. હા રે મહરાઝ હીલ્લકો આપણેં હું હગો થાય? અતારે મૉમો કેંઇયેં! પૉણ તે દિ'યાંનો મૉમો હેં. હા ને વારતા કેવી આલેં...

હીલ્લકાન માર વાતાં સોળે, (૨)
હૉંપળે ભાય્યા મારી વાતો...

ખાંમદે મનં દોરી આલી, (૨)
તું માર માનો જાય્યો...

મનં દોરમા મારો વાઝેં, (૨)
હૉંપળે ભાય્યા વાતો...

બાપરા નીત નીતનો વનમાં ફરે..,(૨)
હૉંપળે ભાય્યા વાતો...



એ'લા ગુરની તૂણીન માર ઝરૂર, (૨)
હૉંપળે ભાય્યા વાતો...

ઠોકીરા ગુરાંની તૂણીએ મને લેઝે,
ગુરાંની તૂણીએ મને લેઝે,
હૉંપળે ભાય્યા વાતો...

એ'લા ભગતિની મું પરી મળિયારી,
હૉંપળે ભાઇયા વાતો..

(એક સ્ત્રી બાણિયો – એ ભગતિમાં મારા દનરા ઝાહેં ન રાતો ઝાહેં! મુખ્ય ગાયક – હા!)

ભાય્યા! બેઠે બેઠે માર દન નહીં ઝાતો,
બેઠે બેઠે માર દન નહીં ઝાતો,
હૉંપળે બૉતમા વાતો...

એલા માળા રટું પૉણ એખલી હુંયે,
માળા રટું પૉણ એખલી હુંયે,
હૉંપળે ભાય્યા વાતો..

બૉતમા કેંહોનો વસ કોઈ હૉંપળ તુંય,
કેંહોના વસ કોઈ હૉંપળ તુંય,
હૉંપળે ભાય્યા વાતો..

બાઈ રૂખિયા મનં ઘણા ઠાવા,
રૂખિયા મનં ઘણા ઠાવા,
હૉંપળે ભાય્યા વાતો..

રૂખિયાંની ધૂણિયે પરી મેલું, (૨)
હૉંપળે બેંનરી વાતો..



પૉનરૂખી રે ધૂમ રૂખી, (૨)
એંણી ધૂણિયે મેલો...

ઝળરૂખી રે કોરબ રૂખી, (૨)
એંણાની ધૂણિયે મેલો...

(એક સ્ત્રી બાણિયો – એ હાસી ધૂણિયે! મુખ્ય ગાયક – હા!)

ખાતા નહીં રે પીતા નહીં, (૨)
ઝનમ ભગતિ કરો...

દરિયાન કિનારે બેહો, (૨)
તનં તો પરી મેલો....

બાપરાં ભાઈ ભૉડિયાં વાતાં સોળે,
ભાઈ ભૉડિયાં વાતાં સોળે,
વનરાવન ને માંયે...

(તંબૂર–સ્વર) એ...સતિ..હા રે મરાઝ અવેં હાવ ફૂટરો હીલ્લકો. હા રે અવેં ભાઇયા ન વાત સોળેં. એ..થાર ઘણું કૉમ કરું ભાઇયા! એ.. મનમાં સત અતું... હા તે અવેં ખૉમદે સત મેલું.. એ..થારી દોરી મેં પરી ભાગી.. હા પણ તું વનનો રાઝા ... હા રે પરબતનો રેંનારો. એ..રોઝ પાવોર પરબતમાં ફરેં. હા રે મું એખલી હું..હા રે તું મેલીન ઝાતો રે.. હા આઝ તો ઑંણા ઝગળમાં ન કાલ બીઝા ઝગળમાં ઝય.. એ..થારન માર નેં બેહેં.. હા પણ કેંક ઝો રૂખી મળા વૉત! હા રે માર ઝબરું બેહોત. હા રે ઘણો ફરેલો. એ ઘણો એંડેલો. એ..મનં રૂખિયાંની ધૂણિયેં પરી મેલવી.. હા રે એખલી ભઝન ભાવ ઘણો કરો. હરિનાં નૉમ ઝબર લેઉં. તે..વનનો કોઈ ઑતાર નહીં. તે મનં ધૂણિયે મેલવી હેં. હા રે મહરાઝ અવેં હીલ્લકો હેં, હે.. બેંનરીન કૉંય કેં, એ માની ઝણી! હા દોરી નેં આવણા દેઉં.. ઘણી હોરી રાખું. હા રે ઑંખ કરેં ઑંખ ફોરું. હા રે કોઈ ગાળ બોલેં, એક લાપોટ



મેલીન ઝીવતો નેં મેલું. વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં હીલ્લકો વાત કરેં.. એ બાઈ, ઘણા રૂખી એરેલા, હા પણ ખરાં રૂખિયાં કને મેલું. એ..ઝળરૂખી, ઘરોરૂખી, હા રે ગોરખનાથ. હા રે એવા એવા રૂખી ઘણા હેં..એ.. દરિયાની પાળેં. હા રે ધૂણી ઉપરહા ઊઠતાસ નહીં. હા નહીં તો ખાતા. નહીં પીતા. અંઝળ પૉણી તઝેલા હેં.... એ એંણાં કન થાર મોખો મળેં. હા તો અવેં સતુર હેં, રાઝું થાય.. એ.. એવાંસ કનણ મારેં રેંવું હેં.. હા રે ઝમારો કાટવો...એ... એંમેંસ નેં નેંહરેં. હા વળી કેંક વળી ભૂલ એંતો નેહરેં. હા રે એંણાંની ભૂલ ઉં કાટું. હા રે મરાઝ અવેં ભાઈ પૉડિયાં વાત કૉંય કરેં..હા હીલ્લકો કૉંય કેં....હા રે સતિ કૉંય હૉંપળે. હા ને વારતા અગી કેવી આલેં...

હોદાવઝી રે માર ઝાવું ગુરાંવાળી ધૂણિયે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી...

હોદાવઝી રે બાપરો વાઘ વાતાં સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે એ એંડકેં બાઈ ઝાયેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે સીતા વાઘેની અસવારી,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે તમે દુઃખિયાંનાં દુઃખરાં નેંઠારાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે ...ઑજિયાંન પારણાં બતાવાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે સીતા ભઝનની હેં પિયારી,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..



હોદાવઝી રે સીતા રૉમન માર સમરે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે મૉટિયાંનાં કણાં વેંર ટાળાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે એંણા આઁતળાંન આઁખો આલી,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે એંણાં દુઃખિયાંનાં દુઃખરાં ટાળાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે હીલ્લકો ખેરિયો લેઈન આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે સીતાન મેલે એંણી ગુરાંવાળી ધૂણિયે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

(એક સ્રી રાગિયો - એ અવેં તો ઝીતના થાહેં-! મુખ્ય ગાયક - હા!)

હોદાવરી રે સીતાન મેલે એંણાં ગુરાંવાળી ધૂણિયે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

એરે હોદાવઝી રે હૉંપળાં રૂખિયાં વાતો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

એરે હોદાવઝી રે.. રૂખિયો મારી બેંનરી વાઝેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..

હોદાવઝી રે.. વાઘ રૂખિયાંન ભરાવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયે ઝી..



(તંબૂર-સ્વર) તે...અવેં હીલ્લકો હેં, હા રે અવેં સીતાન કૉંય કેં, એ..બાઈ? હા રે થારો ભા..ર. કેતરો હેં?... હા રે સરી ઝા માથેં. હા રે લેઈન ઝઉં. હા રે સતુર હેં... વાઘની અસવારી...એ..હીલ્લકો હેં, હા રે અવેં ડાડેંર બોલેં.. હા રે બાર બાર ગાઉના પથમાં ખબર પરેં.. હા રે સતુર અવેં ઉપર રઈ રઈ ભગતિ કૉંય કરેં.. તે ઝાવું ગુરાંવાળી ધૂણી. એ ગુરાં સૂરાંન પૂરો. એ દુઃખિયાનાં દુઃખ ઘટારવાં. હારે ઑંતળાંન ઑંખ પૉંખ આલવી.. હા...રે મૉનવીઆંન પારણાં આલવાં.. હાનેં અવેં હોરમનાં લેનારાંન હોરમ આલવી..હા રે સતુર હેં, એ.. અવણ માળા ફેરવેં. હરિનું નૉમ લેય. હા ને હીલ્લકો હેં તે ખેરિયો થકો કૉંય આવેં. અલ્લા (તંબૂર-સ્વર) એ..લાંબી ફાળ સોટે પગલે. હા રે અવેં ખેરિયો આવેં. એ....રૂખિયાંવાળી ધૂણિયે આવેં.. બાઈન કૉંય કેં...એ..બાઈ? આવીસ રૉં હૈય.. એ.. ઑણી પાળની પૂઠ રૂખિયા હેં. હા રે મહરાઝ અવેં લેઈન કેવો આવેં.. હા રે અવેં સતુર નેંસી ઊતરેં. હાને અવેં હીલ્લકો હેં તે લેઈન કેવો આવેં. એ..પૉનરૂખી, ધૂમરૂખી. હારે તબજા કેવી કરેં. હારે ઑંખ નેં ઉગારેં. રાત કેહી વેળ પરેં દન કેંણી વેળ ઊગેં. હા રે રાત દનની ખબેંર નેં પરેં એ.. રૂખિયા હેં. વાઘની ડાડેંર બોલતેં હૉંપળી એ ઑંખતો નેં ઉગારેં. હા રે રૉમનું નૉમ લેં..ય. એ..ખૉમદાં હીલ્લકા આવેં, વાઘ સીતરા આવેં. એ પાવોર પરબથાંમાં પરેલા હૈય.. ખાઈ ઝાવેં એં એતરા ખાઈ ઝય.. મેલવા એં એતરા મેલેં.. ઑંખ ઉગારવાની પેંણ હેં.. નઝરે નહીં ઝોવું.. અરે મહરાઝ નઝરે ઝોઇયેં..ઝંગળ ઝારી નઝરમાં આવેં. હા રે ભગતિનો મારગ જરા અટવાઈ ઝા..ય. વા! વા!(તંબૂર-સ્વર)એ..અવેં રૂખિયા હેં, હા રે માળા રટેં.... હરિનું નૉમ લેં. હા રે અવેં હીલ્લકો હેં, ફેર ધૂણી ઉપર આવેં. હા ને રૂખિયા હેં, આઝ પરા ખાઈસ ઝાવાનો હેં. ભલે ખાય તો ખાય.. ઑણી નઝરે દરસન નહીં કરવાં. હા રે મહરાઝ અવેં હરિનું નૉમ લેય. હા ને અવેં હીલ્લકો હેં તે વાત કૉંય કરેં, એ રૂખિયો? હૉંપળાં મારી વાત. પેંલાં તો ઑંખ ઉગારી મન હૉમું ઝોવાં. હા રે અવેં રૂખિયા હેં. એ..અવેં હીલ્લકાના કૉંય કય, એ..વેળનો રાઝા, પાવોરનો રાઝા, એ..ઘણો ઓળખોન ઘણો ઝૉણો. હા પણ નઝરાંનાં દરસન નેં કરિય. એ...નઝરાંનાં દરસન નેં કરાં'લા! એંણો અમોગો આલાં. હા રે મહરાઝ અવેં રૂખિયા હેં.. એ..હીલ્લકાન કૉંય કેં, એ..વનના



રાઝા, તનં અગળ ઝૂઠું નેં બોલિયેં...એ..અમે હૈય ખોંડાની ધાર ઉપર! દરિયાની પાળેં.. એક બાઝુ સરવર આવું. હાને ખોંડાની ધાર ઉપર અમે બેઠેલા હૈય! એ..આંખ ઉગારવાની પેંણ...આંખ ઉગારિયેં..ઢોર નઝરમેં આવેં... ખોટા ખરું નઝરમેં આવેં. અમારી ભગતિ પરી કપાય. હા તે આંખ નેં ઉગારિયેં... એ..મન હારણતો નેં ઉગારાં. પણ તમાં હરખી સેલી લઈન આવો. તે એંણા હારણ તો ઝોઆં..? વા! વા! (તંબૂર-સ્વર) એ..અવણ રૂખિયો હેં.. હા રે મહરાઝ અવણ ગોરખનાથ હેં..બીઝા રૂખિયા કોઈ ઝોયેં નેં. હા ને ગોરખનાથ હેં..તે મેંસેલી આંખેં વાત કાંય કરેં, નૉમન ઠૉમ અમાંન કેંય તો ખબર પરેં. કેઈ સેલી થાવા આવી હેં? એ..એક તો ડોળા મેંસી રેંહું. હા નેં કેંક તો ઉપર તણખા નાખીન પરી ઝાહેં. અમારી ભગતિમાં ધૂળ પારહેં.. હા રે સતુર હેં, હા રે ઝોરે આથે હેં.. હા નેં અવેં રૂખિયાંન કાંય કેં..એ.. રૂખિયો.. તમારા ઝેવી મું. હા રે ખાંમદે વનવાસ આલો હેં.. ઝમારો હેં બાઈલીનો. હા પણ અવણિયાં ગૉમ્માં ઘેંર નહીં રેંવું. એ..એકલી નહીં રઈ હકતી. હા રે થોરી થોરી ભગતિ તો ઉંચ ઝૉણું. હા પણ ખરાં ગુરાંનાં આથ ઝી પણ માર લેવા હેં. હા રે અવણ ગોરખનાથ હેં. નૉમ પૂસેં. હા રે મહરાઝ અવેં સતી સીતાનું નૉમ આવું ...હા રે રૉમ રૂખરિયાની વા..ત. હા રે ઝગમાં તાલીન આવેં વાત. ગોરખનાથ હેં, હા રે ખોલેં નઝરાંનાં બૉણ. હા રે સતુર હારણ કાંય ઝોયેં... હા રે રૂખિયા હેં..એ..એંણાંન તો રૉમો રાગેં દેતો. આંણાંન મૉનવીઆંન દોરી કેંહી આવી? એ..એરેલી ભગતિ તો આપું ઝોઆ પરેલા અતા. હા રે સતુર સીતા, રૉમ રૂખરિયો, હા ને લખમણ જાયો હેં તે...એંણાંન તો રાગેં રૉમો મેળવતો. હા ને આપું તો એરામાં મરી ઝાતા... એંણાંન મૉનવિયાંન દોરી કેંહી આવી? એ... એંણાંન ખોળે અમે પરિયેં, અમાર ખોળે કેહાં! હા રે મહરાઝ અવેં હરિયા વાગમાં તો કુચલ તો હપાય. હરિયો વાગ આવો. (તંબૂર-સ્વર) એ...રૂખિયા હેં.. હા રે સતુરન પરી લેય. લેય'લા ધીરા પરઝો'લા એ. એ..બાઈ લેઝે હરિનાં નૉમ. હારે એમ સૂણવાઈ કરિયે..હા ને અમે થારી ભગતિ હાંપળિયેં.. હા રે તારી ભગતિન અમારી ભગતિ.. ઘણો ફેર પરેં.. હા રે થોરું થોરું અમે ઝૉણિયેં. હા.. કેતરાં બાપાંની દીકરી.. કેયાં



કેયાં ઘેરાંમાં રચેલી. હા રે કેતરી કેતરી હોરી દોરી વેઠેલી. હા રે અમે ઘણી ભગતિ કરેલી પણ નહીં વેઠેલું. હા રે ઘણાં બાપાંની દીકરી.. હા રે અવેં ઘણી મૉનતી કરેં.. હા ને ગુરાંની ધૂણિયેં કૉય હૂયેં. હા રે હીલ્લકો લેય. એ રૂખિયાંન કૉય કેં, તમારા દલની ઘણી કરી. પણ મારી એક અરઝ...હા મારી બેંન હેં.. તમાંન દોરી આવેં. ઑણીન દોરી નેં આવેં'લા. હા મઈને પનર દનેં તો ઉં ખબર કરો...હા ને વારતા પરી કેવી હાલેં.

લવ-કુસ

સતુર મેલી માર ધૂણિયે રા...(૨)
એ સાયબો મારો...હો...હો...

ભગતિ કરેં માર સીતમા રા...(૨)
એ એંણા રૂખિયાંવાળી ધૂણિયાં હો...હો...હો..

એ હરિ ભઝેં માર સતિયો રા...(૨)
એ સાયબો મારો...હો...હો...

એ વનફળ ખાય રે માર સતુર રા..(૨)
એ રૉમનાં નૉમ પરાં લેવો...હો..હો...

સેતે આવેં માર રૉમઝી રા...(૨)
એ ઑંખિયેં ધારોરા પરિયો...હો...હો...

એ...વનફળ લેય રે માર રૉમઝીન રા....(૨)
એ'લા સીતમા ખાવા લાગિયો હો...હો...

એ...વારતા રાખવી માર સાયબા રા...(૨)
એ પેટમાં વખરો ઉપઝો હો...હો...

(એક બાણિયો - એ...ભલેં મારા સાયબા! મુખ્ય ગાયક - ઘણા ખમા!)



ઝોખો ઉપઝો માર સીતમા રા...(૨)
એ...સાયબો મારો...હો...હો...

એ ઉલટી વળી માર સતુર રા...(૨)
એ સીતમા સતુરન ઉલટી વેંળિયો હો...હો..

એ સમરણ મોંડેં માર રૂખિયા રા...(૨)
અમાર ભગતાંણીન હુંય ઓવિયું હો...હો...

(એક સ્ત્રી બાણિયો – એ..તારણવાળો રૉમ હેં! મુખ્ય ગાયક – ઘણા ખમા!)

એ રૉમનું નૉમેં માર સતુર રા...(૨)
એ રૉમનું નૉમ લેવિયો હો...હો..

(એક બાણિયો – એ અરિ! અરિ! મુખ્ય ગાયક – ઘણા ખમા!)

દોરી આવે માર કાળિયા રા...(૨)
એ એંણી રૂખિયાવાળી ધૂણિયે દોરી આવિયો હો..હો...

એ પૉગેં મેંહળેં માર રૂખિયા રા...(૨)
અમાર ભગતાંણીન હુંય ઓવિયું..હો...હો.. ઘણી ખમા!

(તંબૂર-સ્વર) એ..અવેં સતુર હેં, લેવેં હરિવાળાં નૉમ. હા રે મહરાઝ અવેં રૂખિયાની ધૂણિયેં હેં. હા...રે લળી લળી ન ભઝન બોલે. હા..રે રૉમનાં નૉમ લે...ય. લખમણ સતિયાંનાં નૉમ લેય. રૂખિયા હેં. તે.. હદ્દા ભગતિ કરતા. પણ આપુંસ કરતા. હા પણ વાવોરવા વાળો કોઈક એં.. તો ઝૉણવાનું અગળ વતારેં મળેં.. પોતેસ કરિયે...એ...એંણા ખેતરમાંસ ખેરાય. હા પણ અળગું નેં ઝવાય. અલ્લા ઝીવતા! (તંબૂર-સ્વર) એ..અવેં રૂખિયા હેં.. હા રે સતુર પાખળ પાખળ.. હા..રે કેંવા હરખી વા...ત.હા રે રૂખિયા હેં, સતુર કેં...એ.. રૂખિયો? હા



રે રૉમના આથનું ફળ. એ વૉંટી વેંસીન હારાં ખાઇયેં. હા રે મહરાઝ અવેં સતુર હેં. ફળ લેય આથમાં, ફળનાં દરસન કરેં. હા...રે ખૉમદાંન વારતા રાખવી. એ..રૂખિયા હારા બોલેં. એ.. ભગતાંણી..હા રે અમારા ખાવા લાયક નહીં..હા રે ધણિયે આલું. તમાર અરોગવાનું હેં. હા રે મહરાઝ અવેં રૂખિયા કોઈ લેં નેં. એ..સતુર હેં, મનમાં વિસાર કરેં.. એ..પૂરે દને મનં આલું.. કેંણાંનસ નહીં આલવું. એ..અવેં વનફળ હેં. હા તે બાઈ લેય આથમા... હાને અવેં વનફળ કૉંય લે..ય. એ...અવેં વનફળ ખાય. હા રે પેટમાં ડાગ પરેં. એ.. પેટમાં વખરો ઉપઝો.. હા રે મહરાઝ અવેં ઉલટી થાય. ઑતરાં ગોટે વળેં. હા રે ભગતાંણી હેં, દોરી થા...ય. રૂખિયા હેં, અવેં પૉન મેંહળેં હું થાય! એ..અવેં કોઈક તો પૉગ મેંહળે. કોઈ આથ મેંહળેં. અરે! અરે! રૉમ. હા રે સતાંણી દોરી થાય. તાલીન આવેં વા..ત. એ..કોઈ કોઈ વખના કરેં.. હા રે રૉમનાં નૉમ લેય. હા...રે. સૉમી સૉમળાન સમરે.. એ..સમરું સૉમીન સૉમળા. હા રે ઑંસન્તાનું હું થઈ ગઉં હેં? એ..તાલીન આવેં વાત. હા રે મહરાઝ અવેં સતિયાં હેં, હા.. તે અવેં દુઃખેં એંણાંન પીરા. હા લેં એંણાન દુઃખ (તંબૂર-સ્વર) એ..અવેં સતુર હેં, ઑકિયાં કરી કરીન ઊલટી કરેં. હા રે સતી હેં...સમરું મારા કાળિયા.. હા તે કેંણાં કનેં રાવ કરું? એ.. વેકુટપરીના ધણી! હા રે ઝલમ દોરી બૉંતી. હા રે પણ માલકે વસમાં તોરી. એ.. પણ તનં તો નહીં ભૂલવાની'લા.. હા નેં મારી હારદા તું રાખે. એ..દોરી આવી.. ઓ..હ! હા રે ખાતેલું પસેં નેં એ..કોઈ ભગતિમાં ધૂળ પરી. હા રે મહરાઝ અવેં સતુર હેં... રૉમને સમરેં. હા રે અવેં રૉમનું નૉમ લે...ય. બાઈન પેટમાં ટાટું થા...ય. એ..સતી હેં... હા રે રૂખિયાંન કૉંય કેં.. એ પેટમાં વીતેં...વા! વા! એ પૉગ ન આથ મેંહળેં કૉંય વળેં એવું નહીં. તમે ઘણા હોરા બેહાં... મનં સૉન્તી થઈ હેં..હા ને વારતા અગી કેવી હાલે..

સતીના પેટમાં ઝોખો ઉપઝો રા...
સાયબા સતીના પેટમાં ઝોખો ઉપઝો રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...



બાપરી રૉમના આથનાં ફળ ખાય રે રા...,
સાયબા રૉમના આથનાં ફળ ખાય રે રા...,
દોરી લાગી રે હરિના નૉમમાં રે...ઝી..

બાપરાં તનં સમરું રે તેંણ ભવનાંના નાથ રે રા..,
સાયબા તનં સમરું રે તેંણ ભવનાંના નાથ રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

એ વનફળ ખાતાંમ દોરી લાગી રે રા...
વનફળ ખાતાંમ દોરી લાગી રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપા પૂરે આથે ફળ આલાં રે રા...,
પૂરે આથે ફળ આલાં રે રા...,
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી..

હારા રૂખિયા મારા કરાપ કરે રે રા...,
રૂખિયા મારા કરાપ કરે રે રા....
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપા કેંમ કરી ઉં દનરા કાટું રે રા...
સાયબા કેંમ કરી ઉં દનરા કાટું રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપા ભગતિ કરતે દોરી લાગી રે રા..,
ભગતિ કરતે દોરી લાગી રે રા...
આથેં કરુંન હાથેં આવું ઝી...

રૉમનાં નૉમ માર સીતા લેય રે રા...,
સાયબા રૉમનાં નૉમ માર સીતા લેય રે રા...



દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપા નહીં કેંવાતું નહીં રેંવાતું રા...
બાપા નહીં કેંવાતું નહીં રેંવાતું રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(એક બાણિયો – એ..ભોળો ઝગ અતો એ તો! મુખ્ય ગાયક – હા!)

બાપા આદમી વેણું કેંણાંન કેંઇયેં રે રા...,
એ બાપા આદમી વેંણુ કેંણાંન કેઇયેં રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપા એવી વાતો કેંણાંન કેંઇયેં રે રા...,
સાયબા એવી વાતો કેંણાંન કેંઇયેં રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

માર ભગતાંણીન દોરી આવી હેં રે રા..
સાયબા ભગતાંણીન દોરી આવી હેં રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

દનરા ગણતે મઈના ઝાય રે રા...,
સાયબા દનરા ગણતે મઈના ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(એક બાણિયો – એ ઓઝરું મોટું મોટું થાય! મુખ્ય ગાયક : હા!)

ભગતિમાં માર ધૂળ પરી રે રા...,
સાયબા ભગતિમાં માર ધૂળ પરી રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(એક બાણિયો – એ ફળ પાકાં હેં એ તો! મુખ્ય ગાયક – હા!)



બાપરીન એકમો મઈનો મથીન ઝાય રે રા...,
બાપરીન એકમો મઈનો મથીન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપરીન બે મઈના બેં દનરા ઝાય રે રા...
સાયબા બે મઈના બેં દનરા ઝાય રે રા..
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

ગરબવાસો પેટમાં રઇયો રા..,
ગરબવાસો પેટમાં રઇયો રા..
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપરી તેંણમો મઈનો સીતાન ઝાય રે રા...,
સાયબા તેંણમો મઈનો સીતાન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપરી સારમો મઈનો સીતાન ઝાય રે રા...,
સારમો મઈનો સીતાન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(એક બાણિયો - એ..સૉન્તી રાખે! મુખ્ય ગાયક - હા!)

બાપરી પૉસમો મઈનો સીતાન ઝાય રે રા...,
પૉસમો મઈનો સીતાન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

અરે બાળકનો તો ઝીવરો હોંસરો રે રા...,
સાયબા બાળકનો ઝીવરો હોંસરો રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(એક બાણિયો - ઝીવરો કૂદેં પેટમાં! મુખ્ય ગાયક - હા!)



એ કુંવોર મારો ફસારાં મેલહેં રા...,
સાયબા કુંવોર મારો ફસારાં મેલહેં રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપરી ભગતાંણીન માર દોરી આવી હેં રા...,
ભગતાંણીન માર દોરી આવી હેં રા..
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

માર રૉમે આલેલું ફળ પાકું રે રા...,
રૉમે આલેલું ફળ પાકું રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(એક બાણિયો –એ ઝમી સૌંડેં હેં'લા! મુખ્ય ગાયક – હા!)

બાપરી સૉમો મઈનો સતુરન ઝાય રે રા...,
સૉમો મઈનો સતુરન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપરી હાતમો મઈનો સીતાન ઝાય રે રા...
બાપરી હાતમો મઈનો સીતાન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

આઠમો મઈનો સીતાન ઝાય રે રા...
આઠમો મઈનો સીતાન ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

બાપરી નવ મઈના નવ દન ઓયા રે રા...
નવ મઈના નવ દન ઓયા રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...



એ..દનરા ગણતેં મઈના ઝાય રે રા..,
સાયબા દનરા ગણતેં મઈના ઝાય રે રા...
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી...

(તંબૂર સ્વર) એ. અવેં સતી, હા રે અવેં ખૉમદાંન વારતા રાખવી. એ. આથેં કરેલાં હાથે આવાં.. હા રે રૉમે ફળ આવેલું. હા રે વખરો ઉપઝેં.. એ.. બાઈન પેટમાં ગરબવાસો રેં.. હા રે મહરાઝ પેંટમાં ડાગ પરો. એ..દનેં રાતેં મોટો થાય...હા રે મહરાઝ સતી હેં..એ..ખાંનકીની વા..ત. બીઝાન કેંણાંન કેંવાય? સતી હેં..એ..નહીં કેંવાતું, નહીં રેંવાતું. એ..અવેં..રૂખિયા ઘણા...બિસારોનો દોસ નેં. કેંણા કણેં રાવ કરવી? વા! વા! (તંબૂર-સ્વર) એ..સતુર...હા રે મહરાઝ અવેં દનેં રાતેં... પૉતરા પરેં.. હા રે દનરા ગણેં મઈના ઝય.. હા રે બાઈન હેં તે પેટમાં વખરો કૉંય ઉપઝો! અવે'લા ઝાડું ઝાડું થાય ઓઝરું! એ..ખૉમદાંન વારતા રાખવી.. હા રે મહરાઝ અવેં મઈના ગણતેં દન-ઝય. હા ને દન ગણતે મઈના કૉંય ઝય... એ બેંમો મઈનો ઝાય... અવેં સતુર હેં એંડવા ઊઠવાના હોંહા પરેં. એ..અવેં વિયણી ભણેં વેદ! ખાલી કરેં ઠમકા! સકિત એં તો ભગતિ! હા રે અવેં સકિત વેંણી ભગ્તિ નેં થાય'લા. હા રે રૂખિયા હેં, એ..આખું સરીર મેંહળેં.. હા પણ પેલું તો માર ભરઈ ગઉ.. હા રે અવેં મઈના હાથેં દન કૉંય ઝાય. એ..સારમો મઈનો આવેં. હા રે મહરાઝ પૉસ ગણેંન પનર ઝય... પનર ગણેંન તરી પૂરા થય. હા રે મહરાઝ અવેં સતી હેં.. એ.. પૉસમો મઈનો ઊગેં. હા રે અવેં પૉસ ગણેં, પનર ઝય. પનર ગણેંન તરી પૂરા થય. (તંબૂર-સ્વર) એ...સતી, પેટમાં બાળકન ઝીવ હૉંસરે'લા.. એ હાગી કુવોરિયો. હા રે મહરાઝ પેટમાં હેં ફસારાં મેલે.. હા રે સતિનો ઝીવ ઝાય.. હા રે ઉંમરમાં નેં ઝૉણું આવું હું થઈ ગઉ'લા બાપલિયા.. હેં... ભગતિન બીઝી અતી.. એ ગ્યાંન પરતા ગૂંસળેં વળાંણા! હા રે મહરાઝ સતુર હેં, એ...કરતી વનાંખડાંનું રાઝ. રૂખિયાંન ભણવતી.. એ.. હા હા રે સતઝુગની વારતા વૉસ્તી... હા ને અવેં કળઝુગમાં નૉમ બારું પારવું અતું. અનેં આ હું મેળવું મનં.. વા! વા! (તંબૂર-સ્વર) એ..સતુર હેં..હા રે અવેં એંડેં લાવો પૂરો નેં થાય. બેઠે ઝપ નેં થાય. એ નેંદરા હોરમ હૂતે નેં આવેં. હા રે તાલીન



આવી વાત.. હા રે બાઈન સૉમો મઈનો આવેં. સૉમો ઝાય. એ.. હાતમો આવેં.. હા રે મહરાઝ અવેં દન ગણતે મઈના. મઈના ગણતે દન. હા રે આઠમો મઈનો ઊગેં...વા! વા!(તંબૂર-સ્વર) એ..સતુર હેં, હા રે અવેં વિસાર કરેં. દન રાતેં વિસાર કરેં, હા ને એક આલી દોરી. એ માર ભગતિન માથેં ધૂળ..વળી... તાલીન આવી વાત.. એ..અગળ અગળ દોરીસ આવતી ઝાય.. હા પણ ખાંમદે દોરી નેં આલી... હા રે મહરાઝ અવેં સતુર હેં.. મનમાં વિસાર કરેં, એ..એંડાં આઝ દોરી આલી.. હા પણ કાલે હોરી આવહેં, હા રે અવેં નવમો મઈનો ઊગેં. હા ને બાઈ હેં, એંડવા ફિરવાના ઑંધા પરેં. હા રે અવેં નહીં તો એંડાતું, એ...નહીં બેહાતું...હુયેં ઊગ નેં આવેં.. હા રે ખાતેલું ખવાય નેં. હા રે સતુર હેં. મનમાં વિસાર કરેં, એ..આ કે દિ' બારો નેંહરેં, મારા ઝીવનો સુતારો થાય. એ ભલેં સાયબા કરણીના કરથાર! તેં એં બધેં દોરી આલેં. હાને વારતા કેવી હાલેં...

ઓહો કાવો ગોલો માર પૂરી વળી રા...,
પૂરી વળી રા...,
સતી રે રા...ઝી...

કાવો ગોલો માર પૂરી વળી રા...,
પૂરી વળી રા...,
સીતમા રા...ઝી..

ઓ..હીળાં હીળાં માર પેટ દુઃખેં રે રા...,
પેટ દુઃખેં રે રા...,
સીતમા રા...ઝી..

એ..ઑમહી ઑમ માર સીતમા ઝૂતેં રા...,
સીતમા ઝૂતેં રા...,
સીતમા રા...ઝી...

એ..હરહર ઝીવરો સતીન ઝાય રે રા...



સતીન ઝાય રે રા...,

સીતમા રા...ઝી...

ઓ..કાસા કુંપ માર બાઈન મેલે રે રા...
બાઈ ન મેલ રે રા...,

સીતમા રા...ઝી...

એ...આ હું ખૉમદે ઝોરી આલું હેં રે રા...
ઝોરી આલું રે રા...,

સીતમા રા...ઝી...

એ..હરહર ઝીવરો સતીન ઝાય રે રા...
સતીન ઝાય રે રા...,

સીતમા રા...ઝી...

હૉંસલાન માર કાવો ગોલો માર પૂરી આવેં રે રા...
માર પૂરી આવેં રે, રા...

સીતમા રા...ઝી...

એ ગંગા ઝળમાં ઑંસો રમેં રે રા...,
ઑંસો રમેં રે રા...,

સીતમા રા...ઝી...

બાપા વગર મેહ ને નદીઓ વળી રા...,
નદીઓ વળી રા....,

સીતમા રા...ઝી....

એ નઇયાંનાં પૂરાંમાં ઑંસો રે આવેં રે રા...,
ઑંસો રે આવેં રે રા...,

સીતમા રા....ઝી....



એ રગતાંની નઈ માર વૉંહળ આવેં રે રા.....,
વૉંહળ આવેં રે રા.....,
સીતમા રા...ઝી.....

(તંબૂર – સ્વર) ઓ....મહરાઝ..... એ...ધન કરી ધન વાર. હા રે મસ્કલ મોટું, એ..એ કેંવા ઝેવી વાત... હા રે એકાદનનો સમાઝોગ.... સમાઝોગનો માઝાગ કૉંય આવેં. અલ્લા (તંબૂર – સ્વર) તે અવેં બાઈ, હા રે મહરાઝ કાવગોલ પૂરી થાય. એ... નવ મઈના નવ દન થાંય. હા રે અવેં સીતા હેં, એ... મા વાળાન બાર આવણું હેં. એ અવેં સતુર હેં, એ અવેં હૂતી હૂતી ઑમની ઑમ લોટેં.. હૂતેં બેઠે ઝપ નેં થાય. વા! વા! એ ઍંડેં લાવો પૂરો નેં થાય. હા રે મહરાઝ અવેં વનમાં હેં. ઑણાં દઃખાની વાતો કેંણેં કરવી? હા રે અવેં એવી વાત આદમી એં તો કરિયે! બીઝાંન તો કેંવાયસ નેં...હું ભાગ હેં બીઝાંનો.. વા! વા! (તંબૂર – સ્વર) એ..સતુર, હા રે નેં તો કેંવાય નેં તો રેંવાય'લા... હા રે મનમાં વિસાર કરેં, એ.. ભલેં સાયબા કરણીન કરથાર.. હા રે ખૉમદે હું દોરી આલી? એ આલી તો ભલે આલી. હા પણ અવેં તો પરી સૂટી કર. હા રે થાર બૉંતેલા, આઝ સોર. એ ટેંમ થઈ એં તો સોરકેં... હા રે મહરાઝ અવેં સતુર હેં... ઝીવરો ઝાય, ઝીવરો આવેં. કાસા કુંપ મેલે... એ...એંણે ઠેકાણે તો કેંવા હરખી વાત... રૂખિયા હેં, અવેં આખળ પાખળ ફરેં. તાલીન આવેં વાત. એ ઝગરામા ખોટું આવું કૉમ. વા! વા! અવેં સતુર હેં, હૂરી હૂરીન બૂબો પારેં...રૂખિયા હેં, એ એંણા પેંલા મરેં એંમ થઈ ઝય. અરે મહરાઝ અવેં સીતમા હેં... (તંબુર – સ્વર) એ વગર મેય નદીઓ આવેં...! હા રે અવેં ખૉમદે પેંલી નદીઓ બૂકો મેલો...અવેં હૂરના ભાગમાં ઑસદેવ કૉંય આવેં.... એ પૂઠણ પેસણિયાં ખૂનની નદીઓ આવેં... હા રે મહરાઝ અવેં એખ બાઝુ લોઅર પરું. હા રે એક બાઝુ કુવોર કૉય ઝલમે... હા રે સતુર હેં. ઝીવરો પરો ઝાય. હા રે તાલીન આવી વાત. હા રે બાઈ હેં, કળા કરતાં કલાક થાય... હા રે અવેં ઑખ ઊગરેં! એ..બૉધવાવાળો એ. સોરવાવાળો એ... હા રે રૉમન સમરે, વા! વા! (તંબૂર – સ્વર) એ... અવેં સતુર હેં, અવેં રૂખિયા હેં, એ બાઈ? અમે કેંમ કરિયેં? હા રે સતુર હેં, અવેં રૂખિયાંન કૉંય કેં.



તમારું કૉમ નહીં. હા રે પૉણ થોરો ટેકો દેવો હેં... એ.. માર ખૂટવેં કૉંય રઈ ગઉ હેં... વા! વા! અરે મહરાઝ અવેં સતુર હેં, આથ પરી નખાવેં. હા રે ઑર કૉંય પરેં. વા! વા! (તંબૂર-સ્વર) એ સતુર, હા રે અમળેહો મારી... મારીને મુમતા મારેં. હા રે અવે કેઈ ગોઠેંણોન વાત કરવી! કેઈ હાહુન ઑમ થઉ હેં એમ કેંવું! એ... રૉમ તું હેં... હા રે અમળેહો મારીન બેઠી થાય. લળવળ કમર કૉંય બોત્તે. હા રે બાઈની ઑર પરી વાટેં..બીઝાન દોસમાં હું કરવા નાખવો.... વા! વા! (તંબૂર - સ્વર) એ... સતુર, હા રે મહરાઝ અવેં રૂખિયાંન કૉંય કેં...એ રૂખિયો? એંડવા આલત થોરી ઓસી. થોરુંક પૉણી મનં આલાં. હારે માર અવેં કુવોરિયો નવરાવણો હેં... એ... અવેં ઑર ગોડી ઘાલવી હેં... હા રે અવેં રૂખિયાંન કૉંય કેં. હા ને અવેં રૂખિયાં કૉંય હૉંપળે... હા ને વારતા કેવી હાલે....

એ..બાઇયેં માર કુંવોર ઝલમો રા...,
સાયબા, બાઇયેં માર કુંવોર ઝલમો રા...,
રૉમદે આલેલો કુંવોરિયો ઝલમો ઝી....

અરે સતાંણીન કુંવોર ઝલમો રા....,
સાયબા, સતાંણીન કુંવોર ઝલમો રા....,
રૉમદે આલેલો કુંવોરિયો ઝલમો ઝી.....

એ..રૉમે આલો વનવાસ રા....,
સાયબા, રૉમે આલો વનવાસ રા....,
રૉમદે આલેલો કુંવોરિયો ઝલમો ઝી....

એ...મુટું હેં માર પૂનમીઓ સૉંદ,
બાઈ માર મુટું હેં માર પૂનમીઓ સૉંદ,
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી.....

એ..કુંવોર ઝોઈન રૉમન સમરેં રા...,
બાઈ માર કુંવોર ઝોઈન રૉમન સમરેં રા...,



દોરી લાગી રે હરિના નૉમમાં ઝી.....

અરે કાળિયા તારાં ફળાંનાં ફળ પાકાં રા....,
સાયબા, કાળિયા તારાં ફળાંનાં ફળ પાકાં રા....,
દોરી લાગી રે હરિના નૉમમાં ઝી.....

એ એકલી અતી બેં મા દીકરાં રા...,
સાયબા, એકલી અતી બેં મા દીકરાં રા...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી....,

કુવોરન માર પરો નવરાવે રા...,
સાયબા, કુવોર ન માર પરો નવરાવે રા...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી.....

અરે... ધોંમી ધોંમીન કૉમ કરેં રા....
સાયબા, ધોંમી ધોંમીન કૉમ કરેં રા....,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી......

ઓ...ટીહું ટૉંપું માર રૂખિયા કરેં રા...
સાયબા, ટીહું ટૉંપું માર રૂખિયા કરેં રા....
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી......

એ...ડાબા ઝમણાં થૉન ધવારેં રા....,
સાયબા, ડાબા ઝમણાં થૉન ધવારેં રા...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી......

એ...પૉસ દહ દનરા ઑઇયા રાવ...,
સાયબા, પૉસ દહ દનરા ઑઇયા રાવ...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી......



એ..બાપરી રૂખિયાંન માર વાતાં સોળે રે રા....,
સાયબા, બાપરી રૂખિયાંન માર વાતાં સોળે રે રા....,
દોરી લાગી રે રોંમના નોંમમાં ઝી......

અરે રૂખિયો માથું ધોઈન પાસી આવું રા...,
સાયબા, રૂખિયો માથું ધોઈન પાસી આવું રા....,
દોરી લાગી રે રોંમના નોંમમાં ઝી......

એ ઘઉં ન ઝોંવતો બાઈ લેય રા...,
ખેરિયાં ખેરિયાં આવણા લાગાં ઝી....

એ કપરાંનું માર પોટકું વાળે રા...,
સાયબા, કપરાંનું માર પોટકું વાળે રાં..
દોરી લાગી રે રોંમના નોંમમાં ઝી......

એ પારણામાં માર કુંવોર મેલે રાવ...,
સાયબા, પારણામાં માર કુંવોર મેલે રાવ...,
દોરી લાગી રે રોંમના નોંમમાં ઝી......

એ...રૂખિયાંન માર વાતાં સોળે રા...,
સાયબા, રૂખિયાંન માર વાતાં સોળે રા....,
દોરી લાગી રે રોંમના નોંમમાં ઝી......

ઓ...મરાઝ...હારે સતી હેં... હારે મહરાઝ કુવોરિયો ઝલમો... હા રે અવેં સતુર હેં, એ. આથોઆથ કોંમ કરેં. હા રે અવેં ખોંમદાંન વારતા રાખવી. એ... કેંણાંનો દીવો કલ્લવો.હા રે કેંણાંનાં ખાવાન સૂતાંન સૂરમાં... વા! વા! (તંબૂર – સ્વર) એ..સતી, હા રે મહરાઝ અવેં રૂખિયાં કને પોંણી મોંગે. હા રે અવેં કુવોરિયો હેં, મુટું તો પૂનમિયો સોંદ! એ..નાક તો દીવાની હોગ! હા રે સતી હેં.... ધીરે એંડોળો ઘાલેં... અરે! અરે! માર રોંમના મુટાનો આવો....(તંબૂર –સ્વર) એ સતુર હેં... હા રે મહરાઝ ઝીલારી નવરાવી કોરા



બાળોટિયામાં લેં. હા ને ડાબા ઝમણી થૉન કૉંય આલેં. એ...ખાંમદાંન વારતા રાખવી. હારુસ મળી રેં.... અરે મહરાઝ અવેં સતુર હેં...એ રૂખિયા હેં. ધૉમી ધૉમીન કૉમ કરે... હા રે મહરાઝ અવેં રૂખિયાંન હીખ દેય.... એ...રૂખિયો! મારી ઘણી કરી... અ...અજીતો ભગતાંણી હું.... મારા મનના હાથેં ભગતાંણી.... પૉણ થોરું મારા આતમાન દુઃખ લાગે. એ..ઑણીન તો ઝબરી દેખીન સેવા કરી... હા ને ઑણીએ તો ઑં હુંય કરું હેં’ન્લા એ.. તમાર આતમા નેં વળેં. તમે તમાર ધૂણી ધજાં. પણ મારી એક વાત હૉંપળાં. એ...આઝ સૉ દન થા. હારે માર માથું પરુ ઘોવું પરેં. એ..ઝીલવું હેં... હા રે કુવોરિયો પોટારુ પારણિયામાં. હા ને ઉં ઝઉં ઝીલવા, નઈ એ... મારા કુંવોરની ખબર રાખઝો... હા રે ધૂણી ધજ્જો. હા રે મહરાઝ અવેં રૂખિયા હેં... બાઈન રઝા આલેં. હા રે અવેં ઑંખ ઢાળે. હા ને અવેં માળા કેવી રટેં... હા રે સીતમા હેં... હે...ઊપી ઊપી વિસાર કરેં, ઝગમાં હાઉ નેં આવેં વાત. હા રે રૂખિયાંન સ ભરાવેલી તાલી નેં આવેં. હા ને વારતા કેવી હાલેં.

બાપરી ઊપી ન ઊપી સમરણ મૉડે હો....,
ઊપી ઊપી સમરણ મૉડે હેં....,
ઊપી ઊપી સમરણ મૉડે હેં હો...ઝી....

એ’લા સમરું તેંણ ભવનાંવાળા નાથ હો....
તેં મન દોરી આલી હેં....,
તેં મનેં દોરી આલી હેં હો....ઝી.....

એ’લા દોરી આલી ન હોરી લેઝે હો...,
થારા નૉમની ભગતિ કરું હું....,
થારા નૉમની ભગતિ કરું હો.....ઝી....

બાપરી કાળી રે વાદળીન સમરણ મૉડે હો....,
હૉંપળે બેંનોરી વાતો હેં....,



હૉંપળે બેંનોરી વાતો હેં હો...ઝી....,

બાપરી તૉળી રે વાદળીન સમરણ મૉંડે હો....,
હૉંપળે બાઈ મારી વાતો હેં.....,
હૉંપળે બાઈ મારી વાતો હેં હો....ઝી.....

ઠોકીરી નદી રે નાવા રે મું તો ઝાઉં હો...,
મારો કુંવોર તનં ભળું હું.....,
મારો કુંવોર તનં ભળું હું હો....ઝી....

ઠોકીરી ઑસા રે ઑસા સાંટણા નાખેં હો...,
કુંવોર ઝૉણેં મારલી તવારેં હેં....,
કુંવોર ઝૉણેં મારલી તવારેં હેં...હો...ઝી.......

બાપરા પવના વીરાન વાતાં સોળે હો....,
હૉંપળે પવના મારી વાતો હેં....,
હૉંપળે પવના મારી વાતો હેં હો...ઝી....,

ઠોકીરા ધીરો ન ધીરો તું તો વાઝેં હો....,
મારા કુંવારિયાન તું ઈલો કાલેં હેં હો...ઝી.....

(એક બાણિયો – એ થોરાં થોરાં લેંરકા લેંઝે! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા મેંઠો રે મેંઠો તું તો વાઝે હો....,
કુંવોર ઝૉણેં મનં મારલી એંકોરે હેં,
કુંવોર ઝોણેં મન મારલી એંકોરેં હેં હો...ઝી.....

બાપરા ઉરલા વીરાન વાતાં સોળે હો....,
હૉંપળે ઉરલા મારી વાતો હેં,
હૉંપળે ઉરલા મારી વાતો હેં હો...ઝી....



ઠોકીરા મેંઠાં તે મેંઠાં ગાંણાં ગાઝે હો...,
તું તો ગૉણાં ગાઝે હેં..,
તું તો ગૉણાં ગાઝે હેં,.... હો....ઝી.....

ઠોકીરા મેંઠાં રે મેંઠાં ગૉણાં ગાઝે હો...,
કુંવોર ઝૉણે મનં મારલી ઈલો ઘાલેં હેં...,
કુંવોર ઝૉણે મનં મારલી ઈલો ઘાલેં હેં હો...ઝી.....

ઠોકીરો આપું થાયે ધરમનાં બૉતમો હો...,
માર કુવોરિયો પરો રાખઝો રે..હો...ઝી....
માર કુવોરિયો પરો રાખઝો રે..હો...ઝી..

રૂખિયા ઑંખો રે મેંકીન માળા રટેં હો...,
ઑંખ ખોલવાની એંણાંન પેંણ હેં...,
ઑંખ ખોલવાની એંણાંન પેંણ હેં હો...ઝી.....

(તંબૂર - સ્વર) એ સીતમા, હા રે મહરાઝ અવેં સૉ હાત દન થાય. હા રે અવેં રૂખિયાંન કૉંય કેં...એ રૂખિયો? મારી ધમાલમાં કૉંય નહીં રેંવું. એ..તમે માળા રટાં... હરિનાં નૉમ લેયાં. હા રે અવેં રૂખિયા હેં, માઈનો બોલ પારેં. હા રે ઑંખ મેંસે. હા રે પૉણી પીવાની પેંણ... ખાવા ખાવાની આકરી... એ...ઑંખ ખોલવાની બાજ. હા રે મહરાઝ અવેં માળા કેવી રટેં. હા રે સતુર હેં.. એ રૂખિયાંન કૉંય કેં...એ વીરો? તમે થોરી ખબર રાખઝો . હા રે ઝીલી નાઈન પાસી આવું... હા (તંબુર -સ્વર) હા રે મહરાઝ અવેં સીતમા હેં... હા રે અવેં એંણ કપરાં લેય. હા રે અવેં કુવોરિયો ગોરિયામાં કૉંય પોટારેં... એ...ઊપી ઊપી વિસાર કરેં, હા રે ભલું પૂસાં રૂખિયાંનું. એંમ કરતા કરતા એંણાંન ઑંખે નેંદ સરેં. એ...એ તો વન ન વગરો કેંવાય... વાઘ સીતરા કોઈ ખાઈ ઝય. વાવા! (તંબૂર - સ્વર) એ..અવેં સતુર, હા રે અવેં સમરું રે મારા વેકુઠના રાવ.... હા રે તેં આલેલી ભગતું... હાને આઝે મું કઉ એતરું કૉમ કેંમ ન થાય... એ... કાળેં ઉનાળેં સમરું મારી કાળી વાદળી, ધોળી વાદળી એ...મારો એલો મારું...એ..એલા હાથે અરી આવી.



(તંબૂર - સ્વર) કાળી વાદ્દળી હેં... હા રે બાઈ હું ભીર પરી? હા રે બાઈ ભીર કોંય પરી નહીં.... આ મારો કુવોરિયો, એ ઑસા ઑસા સાંટણા સાંટે...તનં કરું ધરમની બેંન. માર કુંવોર ઝૉણેં કે માર આઈ ધવારેં! એ અવેં પવના વીરાન વાત કરેં... પવના વીરા? હા રે તનં કરું ધરમનો બૉતમો. હા રે તું હરવો હરવો વાઝે. હા રે માર કુંવોર ઝૉણેં માર માયર એંકોરેં... વા! વા! એ અવેં એ માથેં લેય પવનો વીરો. સાંટણા સાંટવાનું માથેં લેય વાદ્દળી... હા રે અવેં ઉરા વીરાન કૉય કેં.. એ ઉરા? થારી વૉણી મનં બઉ પિયારી લાગેં... એ...તું ઘણાં હોયમણાં ગૉણાં ગાઝે. હા તે માર કુંવોર ઝૉણેં કેં માર માય્યર હેં....તે... મનં ઈલો ઘાલેં. હા રે અવેં ઉરો વીરો હેં... આઈનું કયેલું કુણ ના કેં? હા રે માથેં લેય... હા ને પરાં ભળાવેં... તે ઝીલી નાઈન પાસી આવું....ખબર રાખઝો... અને વારતા આગી કેવી હાલે.

સીતમા રૉણી માર ઝીલવા ઝાય રે રા...,
સીતમા રૉણી ઝીલવા ઝાય રૂખિયો રે ઝી....

ખેરિયાં ન ખેરિયાં સીતા આવેં રે રા...,
એ ખેરિયાં ખેરિયાં સીતમા આવે રૂખિયો રે ઝી...

બાપરી નદીએ નાવા સીતમા ઝાય રે રા...,
એ'લા એ ભગતાંણી નાવા ઝાય સીતમા રે ઝી..

બાપરી વનની રૉણી નાવા ઝાય રે રા..,
માર વનની રૉણી નાવા ઝાય સીતમા રે ઝી...

એ'લા વેળનાં ઝનાવર પરાં બોલે રે રા...,
એ રગે રગેનાં ઝનવોર બોલે સીતમા રે ઝી..

બાપા મોર કળાયરા પરા બોલે રે રા...,
એ બોલેં લવતા મોરિયા સીતમા રે ઝી...



(એક બાણિયો – એ ખમા! મુખ્ય ગાયક – હા!)

સતુર અગલા પલા વાતાં કરે રે રા..,
વાંહલા પલા ઉંકારા દેય સીતમા રે ઝી..

બાપા પાતળપેટી ઝીલવા ઝાય રેં રા...,
એ વણધણિયાંની નાર ઝીલવા ઝાય સીતમા રે ઝી..

(એક સ્ત્રી બાણિયો – એ ખરા ધણિયાંની નાર અતી એતો! મુખ્ય ગાયક–હા!)

બાપરી પૉણીન પેસકે ઓરી આવે રે રા...,
એ ઝમનાના કિનારે આવે સીતમા રે ઝી..

બાપા ઝંગળ ઝારી હાઉ હોયમણી રે હા...,
એ આહોપાલવ વનરી બેઠી સીતમા રે ઝી...

(એક બાણિયો – એ કેવું બોલે! મુખ્ય ગાયક – હા!)

બાપા હીળી સાય્યા માર આહો પાલવે રે...,
એ કેંરનાં મનરાં સાય્યાએ વળે સીતમા રે...ઝી...

બાપરી સતુર સીતમા ઊસુંન એરે રે રા...
એ વનરી બાઈ માર નઝરે આવેં સીતમા રે..ઝી..

(એક સ્ત્રી બાણિયો – એ બસિયા હોઈતી! મુખ્ય ગાયક – હા!)

રાંડ તનં રે ઊસી ઉંતો દેખી રે રા...,
એ'લી ઝણતે જોર તનં આવું રે વૉનરી રે..ઝી..

રાંડ પરહેં તો તારે પરું મરહેં ન રા...,
એ'લી નવ મઈનાંની મેંમત ઝાહેં વૉનરી રે..ઝી..



બાપા ધીરી રઈન માર વૉનરી બોલે રે રા...,
એ હૉંપળ મારી વાત સીતમા રે...ઝી..,

બાઈ પરહેં મારી નઝરાં અગેંળ રા...,
મરહેં તો મુંય દેખો સીતમા રે ઝી...,

(તંબૂર-સ્વર) એ અવેં સતુર હેં. હા રે મહરાઝ અવેં લાંબી ફાળ સોટે પગલે. એ.. ખેરિયે થકી કૉય આવેં.. આવે મારગાંની જોર. એ.. અગલા પલા વાત કરેં.. હા રે વાંહલા ઉંકારા કૉય દેય.. હા રે સીતમા હેં રે રુરાં હેં ઝગળ. હા રે કાટ કાટની ઝારી. એ..રગ રગનાં રૂખાં ઊપાં! હા (તંબૂર-સ્વર) એ..અવેં સીતમા હેં, હા રે અવેં બોલેં ઝગળનાં ઝીવ. હાવ હોયમણું લાગેં! એ...સતુર હેં. હા રે ખેરિયે ખેરિયે આવેં. હા રે ડુંગરે બોલે લવતા મોર. હા રે બોલે અવણિયાં ઢેલ ન કળાયરા. એ કેંવા હરખી વાત. હા રે મહરાઝ અવેં સતુર હેં, એ ગંગાવાળે પેસકે કૉંય આવેં. હા રે મહરાઝ અવેં ઝાર હેં. એ કેંવા હરખી વાત. હા રે મહરાઝ અવેં ઘેર નેં વૉય સાલેં. એ..આહોપાલોની સાય્યા હેં એ.. કરી એક ઊપી રેં. હારે અવેં રૂખ ઘણું હોયમણું હેં. હા તે ઘેરનું મન વળે એવું હેં. હા રે અવેં ઊસું ઝોય એ.. વૉનરી બાઈ એ.. અવેં ટેટું રમારેંન ધવારેં. હા રે એંણાંન ઝલમ અધર અવતાર આલેલો. હા તે પાતળી ડાળખીએ ફરેં. આપણો તો ઝીવ તૂઝેં એ..બાઈનો ઝીવ કાસો. હા રે મહરાઝ અવેં ટેટું હેં નૉનકું. હા ને ઝોન બેહી રેં ન ઑણું ડાળખીએ ડાળખીએ ફરેં. અવેં સીતમા હેં તે વૉનરીન કૉય કેં, એ વૉનરી? તનં ઝણતે જોર આવુંય નહીં! એ..વા! વા! મરી ઝાહેં.. હા રે નૉવ મઈનાંની બધી થારી મઝૂરી ઝાહેં.. હા રે મહરાઝ અવેં વૉનરી હેં.. ડાળે રઈન અવેં. સીતમાન કૉય કેં... એ સીતમા? હૉંપળ મારી વાત..એ.. અવેં તનં એકસ ડાખલો કઉં. તાર તો ઝીલવું નીલવું બત્તું ગૉડમાં પેહી ઝાહેં! હાને વ ારતા આગી કેવી હાલે.

વૉનરી રઈ માર વાતાં સોળે'લા, (૨)
હૉંપળે સીતમા વાતો...



મરહેં મારી નઝરાં અગેંળ, (૨)
હૉંપળે સીતમા વાતો...

થારો કુવોરિયો કેંણાન ભળાવો, (૨)
હૉંપળે સીતમા વાતો....

માર તો સોકરું મનં ભળણું, (૨)
થાર કેંય મેલો...

રૂખિયાંન તો મેંય ભળાવો,(૨)
મું તો ઝીલવા આવી..

વૉનરી રઈ માર વાતો સોળે'લા, (૨)
એ હૉંપળે સીતમા વાતો...

રૂખિયે તો માર નેંમાં લેતી, (૨)
કુણ રખવાળી કરિયો...

ઊપી ઊપી માર વિસાર મૉંડે, (૨)
સીતમા વિસાર મૉંડો...

એ'લા ભલે સાયબા કરણી કરથાર, (૨)
તું તો વાતો હાસો...

ઠોકીરી વાઘ સીતરા પરા આવેં'લી, (૨)
થાર કુંવોર ખાહી ઝાહો...

એ'લી વેળનાં ઝનાવર ઘણાં વાઝેં'લી, (૨)
થાર કુંવોર ખાહી ઝાહો...

પોટકું બસકું પરું મેલે, (૨)
સીતમા ખોળો વાળો...



બાપરા હિયાળ હાદરાં ખાઈ ઝાહેં, (૨)
ઝગમાં ખોટું આવો...

બાપરી લાંબી ફાળે માર સોટે પગલે, (૨)
સીતમા આવણા લાગાં...

સીતમા રૉણી માર ધૂળિયે આવેં, (૨)
ખેરિયે આવણા લાગાં...

સતી થકી માર સીતમા આવેં, (૨)
ગોરિયામા એરવા લાગો...

બાપરો ઝમણા આથનો અગૂઠો તાવેં, (૨)
સીતમા ખોળે લેવો...

(એક સ્ત્રી બાણિયો – એ ખોળામાં લેઈન આડા અવળા બૂસકા દેય!
મુખ્ય ગાયક – હા!)

નૉનકું બાળક માને વાલું, (૨)
થૉન પરો ધવારો....

બાપરી થૉન ધવારેં લેઈન આવેં,(૨)
ખેરિયાં આવણા લાગાં...

(તંબૂર-સ્વર) એ....અવેં સીતમા હેં, હા ને અવેં ઊપાહી પરીન મરી ઝાય. એ...વાત તો હાસી.. હા રે ઘણાંન ભળાવો. પૉણ બીઝાંન હું દેયા આવેં? એ અવેં આઁખ ઉગારવાની પેંણ! હા રે પૉણી પીવાની આકરી.. હા રે અન્ન ખાવાની બાદ.. એ કે દિ'માં ધૂમમાં રઈ ઝય.. હા રે ભલું પૂસાં મગરાની વાત... એ..હિયાળ હાદરાં ખાઈ એંડે. એ બાપા બૂડી, હાસું ખાઈ ઝાહેં.. વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં સતુર હેં.. હા રે મહરાઝ અવેં પિયરપોટકી નેંસી મેલે. હા



ને ખોળો કેવો વાળે. એ આવેં મારગાંની ઝોર.. હા રે લાંબી ફાળ સોટે પગલે..એ ખેરિયે થકી આવેં. હા રે અવેં ધૉમી ધૉમી આવેં. હા રે આવેં ધૂણિયાંન માથેં. હા રે મહરાઝ લાંબી નઝરે ઝોયેં. હા તે રૂખિયા તો અવેં ઊતા પરીન નેંમ કૉય લેતી! તે કુણ કૉય ઝોય.. હા રે મરાઝ અવેં સીતમા હેં.. એ ધૉમીન કોરિયા ઉપર આવેં... હા રે અવેં લાંબી નઝરે ઝોય. કુવોરિયો હેં, એ.. ઝમણા આથનો અગોઠો ધાવેં. હા રે મરાઝ અવેં સતુર હેં.. કુવોરન ખોળામાં લેય. હા રે અવેં મોટો બૂસકો દેય.. એ ડાવા ઝમણાં થૉન ધવારેં.. હા રે નૉનકું સોકરું માને વાલું.. હા રે મહરાઝ અવેં પેલાંન કેંતી નહીંન કેવી આવેં... એ...લઈ ઝાઈન વૉનરીન વતારેં. હા રે આવેં મારગાંની ઝોર. હા રે અવેં લાંબી ફાળન સોટે પગલે. એ ખેરિયે થકી કેવી આવેં. હા ને વારતા કેવી હાલે.

હોદાવઝી રે સીતા ખેરિયાં આવણા લાગાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા ખોળિયેં નૉનાં બાળ,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા કુવોરિયો આથમાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા ગંગાવાળી નઈએ,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

એ હોદાવઝી રે હીળો આહોપાલાનો સૉયલો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા સૉયલે ઓરાં આવાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા વૉનરીન વતારેં,



હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા ઝણતે ઝોર ન આવું,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા કુંવોર ન સાટેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા ઝમના નાવા આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતા માર ગંગા નાય રે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા કીરી નગરાં સારેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા જળના ઝીવરા સારેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા કુંવોરિયો લેવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે સીતા નાવણિયાં નાવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે પેલા રૂખિયા નેંમ સોરે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

હોદાવઝી રે રૂખિયા કુંવોર એરવા લાગા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..



હોદાવઝી રે કુંવોર ગોરિયામાં નહીં મિળતો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે કુંવોર નઝરે નહીં આવતો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી..

(તંબૂર-સ્વર) એ અવેં સતુર હેં, હા રે ફેટે રમતી રઈન આવેં. હા રે મહરાઝ અવેં લાંબી ફાળ ને સોટે પગલે.. હા રે ખોળિયાંમા...લડારેં..ડાવા ઝમણાં થૉન ધવારેં એ..અવેં માનું સોકરું માને વાલું.. હા રે મહરાઝ પેલી તો ભૂલ પરી ગેઈ. હા રે અવેં રમારતી થકી કેવી લેઈન આવેં. એ..અવેં આવેં આહોપાલવની સાય્યા. હા રે અવેં ઠગમગ ઊપી રેં. હા ને વૉદરીન કૉય કેં. એ..બાઈ? હા રે થારા તો ભલા.. મારા ભૂંડા...હા થું હાસી. ઠોકીરીની કેંયક ખાઈ ઝાત તો આવતી પરત. (તંબૂર-સ્વર) એ...અવેં કળઝુગનાં મૉનવી. સત ઝુગની વારતા. હા રે દોઆ ઝુગનો પૉરો.. હા રે અવેં ઑણા કળઝુગનાં મૉનવી. હા રે કેંનારાં મળઝો... હા રે પૉણ અવળી વાટે પરાવવા વાળું માં મેળવઝો.. વૉનરીએ હીખ આલી.. તે લેઈને અરી આવી.. હા રે અવેં સતુર હેં, એ..વૉનરી કૉય કેં, એ બાઈ? ઝીલવું એં તો અવેં લેઈન ઝા.. નઝરો અગળ મેલઝે...પેસણ ઝીલઝે.. હા રે મરાઝ અવેં સીતમા હેં.. કેવી આવેં... એ... આવેં ગંગાવાળે પેસકે..હા રે કેવી નગરાં ઝોય...દિયા દૉન પૂન્ન કરેં...હા રે અવેં ઝળનાં ઝીવરાં કૉય સારેં...એ..બાઈ હેં તેં માથું ધોવાના ઝવારા કૉય વાવેં.. હા ને અવેં કુંવોરિયો હેં..એ...ખોળામાંહો નેંસો મેલે. હા ને અવેં કાપલા ધોયેં. હા રે અવેં ઝીલી નાઈ.. હા ને અવેં કુંવોરને લેવાની હઝાઈ કૉય કરેં. હા ને એતરી ટૅમમાંન તો રૂખિયાંન ખબર પરેં..તે આપું રઈ ગા નેંમમા.. હા રે ને સતુર સીતાએ તો આપુંન પેલું કૉમ ભળાવુંન'લા..એ..આ ઘણીવાર થઈ ગેઈ.. એ ઝો ઝગમાં હેં તો ઠીક.. નકર અવળી પરી.. હા રે મહરાઝ આપ ઝેરો હરદાર, એક રૂખિયો હેં.. હા કેંણાન મુટે બોલવું? હા રે અવેં વારતા એં બંદ થઈ ઝાય. તાલીન આવી વાત.. હા રે મહરાઝ અવેં નૉનકો ઘણાં કે મોટો ઘણાં વાઝમીનો ઓળપો આવો.. કૉમ સોરી દેવું પરેં. હા ને વારતા આગી કેવી હાલેં...



રૂખિયા ન રૂખિયા વાતો સોળે રે રા..,
હૉંપળો રૂખિયો મારી વાત, રૂખિયો રે..ઝી..

બાપા સીતાના કુવોરનો ઓળપો આવો રે રા...,
ઠોકીરો હેંયાળ હાદરાં ખાઈ ગિયાં રૂખિયો રે..ઝી..

બાપા નેંમાંમા રા ન ખાઈ ગિયાં, રે રા...,
એ'લા એંણે ખાતાં આપણે નઝરે નેં દેખાં, રૂખિયો રે..ઝી..

માર ગોરખનાથ વાતાં સોળે રે રા...
એ'લા ખૉમદાંના ઘેરના રૂખિયો વાઝે રે રે..,
એ..એતરું સત આપ મેં'લા રૂખિયા વાઝે રે ઝી....

બાપરા ડાપની'લા ગૂસળી પરી કરેં રા...,
ડાપની ગૂસળી રૂખિયો કરેં, રૂખિયો રે..ઝી..

બાપરા કોરા કપરના ઑસાર કરે રે રા...,
એ અમિયાંના અસા આથાં ઝાલે, રૂખિયા રે...ઝી...

બાપરા કાસી કણિયોરની કૉબો નાખેં રે રા...
કાસી કણિયોરની કૉબો નાખેં, રૂખિયો રે...ઝી...

બાપરા બાર વરહાં અમે ભગતિ કરી રે રા..
ઝલમો ઝલમ તપ અમેતો તૉપતાં, રૂખિયો રે...ઝી..

(એક સ્રી બાણિયો – એ..ઑણે એલે ભેળો આવે! મુખ્ય ગાયક – હા!)

ઠોકીરા થાર ઉપઝાવેલા રૂખિયા વાઝિયે રે રા...
એ સીતા નારીનો અમાંન ઓળપો આવેં, ખૉમદાં રે...ઝી..

એ સત ભગવૉન તમાંન સમરું રે રા...,
ઑણે એલે'લા ભેળો આવે, ખૉમદાં રે ઝી..



એ ઝલમો ઝલમ અમે ભગતિ કરી રે રા...,
એ અમે તજિયાં પૉણી તજિયાં, ખૉમદાં રે...ઝી...

એ'લા કોઈ ઝમીએ થાર મરા નહીં રે રા...,
એ નેંમાંમાં અમે ઉમર કાઢી, ખૉમદાં રે...ઝી...

એ'લા તેંણ ભવનાં માર એલે આવે રે રા...,
એ ઓસારમાં માર બાળક રોયેં, રૂખિયો રે..ઝી..

બાપરા ઓસાર લઈન એરવા લાગા રે રા...,
એ'લા અતો એવો કુંવોરિયો ઓઇયો, ખૉમદાં રે...ઝી...

બાપરા રૉમના નૉમની માળા રટેં રે રા...,
એ'લા કેહીવેળા માર સીતમા આવેં, ખાંમદાં રે...ઝી...

(એક બાણિયો – એ..બાળક રોયેં! મુખ્ય ગાયક : હા!)

ઠોકીરા સીતા આવેં તો પરા સોરિયેં રે રા...,
એ બાઈન હૂપીન આપું સૂટિયેં, રૂખિયો રે...ઝી...

બાપરી ઝીલી નાઈન માર સતુર આવેં રે રા...,
એ ખોળિયે કુવોર સીતમા આવેં, સીતમા રે...ઝી..

બાપરા લાંબી નઝરે રૂખિયા ભાળે રે રા..,
એ સીતાના આથમાં કુંવોર દીહેં, રૂખિયા રે...ઝી...

હા તેં અવેં ઘૉમીન કૉય આવેં. એ...ઝોવેં અવેં ગોરિયા મા.. તો નઝરેં નેં આવેં. હા રે રૂખિયાંન વાત કરેં, એ...આપાંન તો ઓળપો આવો સીતમાવાળો. તે કુંવોર તો હેયાળ- હાદરાં ખાઈ ગાં! હા રે વાઘ-સીતરા ખાઈ ગા. કેં.. હૉમળો ખાઈ ગેઈ... એ ઓળમાં ખાઈ ગાં. ઝગમાં ખોટું આવું. સીતમા ઓળપો બોલેં.. તાલી નેં આવેં વાત. વા! વા! (તંબૂર-સ્વર)



એ રૂખિયા હેં,

(એક બાણિયો – એ લેઈન આવેં હેં! મુખ્ય ગાયક – હા!)

એ'લા સીતમા કને કુવોરિયો દીહેં રે રા...
આપું કેંય'લા ખાઈ ગઉં. રૂખિયો રે ઝી...

આપે ધાકને મારે કૂસો કરિયો રા...
બાઈ સીતાન માર સરે કુવોરિયો માર ખાંમદાં રે..ઝી...

બાપરા પરા એંસોરેં ઈલો ઘાલે રે રા...
સીતમા નારી માર હારો લેય, રૂખિયો રે...ઝી...

એ'લા કેંણાંના બાળકન ઈલો ગાવ હેં રે રા...
એ'લા મારા ઘોરિયામાં કેણું બાળક ઊગિયું રે..ઝી..

(એક સ્ત્રી બાણિયો – એ માર કુંવોર કેં હૂઆરું? મુ.ગાયક – હા!)

એ'લા મારો કુંવોરિયો મનં કને હેં રે રા...,
કેંણાંનો ઘોરિયામાં હૂઆરો રૂખિયો રે...ઝી..ઝીવતા...

તો.. મરાઝ! એ..અવેં રૂખિયા હેં.. હા રે ઝગમાં ખોટું આવું કૉમ. એ આપણી તો ધૂણિયોન હૂણિયો ઑંસ રે.. હા રે સતુર અવેં, એ સીતમા આપુંન હું કેંહેં? હા રે હેંયાળ– હાયરાં ખાઈ ગાં. હા રે વાઘ સીતરા ખાઈ ગા. હા તે અવેં હું કરિયે? એ..બાઈ સીતાના દીકરાનો ઓળપો આવો. હા રે મરાઝ ભગતિ કરેલી કૉમે નેં આવી. હા રે તપ કરેલું આપણું તો કૉંય એરે નેં આવું. વા! વા! (તંબૂર-સ્વર) એ આપાંન ભળાવીને ઝીલવા ગેઈ. હા રે હું તો લેઈ ગઉં. એ હું ખાઈ ગઉં. હા રે નઝરે નહીં ઝોઉં. હા રે મરાઝ અવેં રૂખિયા હેં, એકીકાં હૉમું ઝોય. હા રે ગોરખનાથ રૂખી, એ.. અવેં કૉય કેં... હા રે અવેં ધરો રૂખી બોલેં, એ હરદારો? હા રે નહીં ઢીલાંનાં કૉમ. હા રે ખાંમદે અવતાર આલો તે દિ'યાંની ભગતિ કરી



હેં.. હા રે આઝનો દન દોરી આવી. હા તે ખાંમદ આપાંન એલે કેંમ નેં આવે? વા! વા! (તંબૂર-સ્વર) તે..અવેં રૂખિયા હેં.. અરે મરાઝ અવેં એક બીઝાન એલો મારેં.. હા રે હૉંપળાં ભાઈઓ વાત.. તાલીન આવેં વાત... એ..ઢીલ કરેં મોરું થા...ય. હા રે અવેં, ઝો તે ડાપ કેંકહા એરી લાવાં. હા રે કૉયક ઓરાદ કરિયે.. હા રે મહરાઝ અવેં રૂખિયા હેં..કેંતે લાગી વા..ર. હા રે અવેં ઝળરૂખી હેં, એ..ઝળનાં ઊગેલાં ઘણાં હેં, હા રે ઑણી ઘરી લેઈન આવું.. હા રે મરાઝ અવેં ખેરિયો થકો આવેં. હા રે અવેં ડાપાંની ગૂસળી વાળેં.. લેઈન કેવો આવેં. વા! વા! (તંબૂર-સ્વર) એ રૂખી હેં, હા રે મરાઝ અવેં ગૂસળી વાળેં.. હા રે મૉણસ ઝેવી પૂતળી કરેં.. હા તે અવેં કોરિયામાં કૉય મેલે. એ..સતી બાઈનો દીકરો.. હા રે ખાંમદાં ઝલમો ઝલમ ભગતિ કરી.. હા રે અન્ન પૉણીની અમે આકરી લેતી. એ અમે ઝળ નહીં પીતા. અન્ન નહીં ખાતા. હા રે હૂઆ બેહવાની બાજ હેં.. હા રે આઝ અમાંન દોરી આવી હેં. સીતમા આવેં. પરા મારહેં.. હા રે આવતેં આવતેં કૉય કરિયે. વા! વા! (તંબૂર-સ્વર) એ રૂખિયા હેં, હા રે મહરાઝ કોરો કાપર લાવેં. મહરાઝ અવેં રૂખિયા કૉય નૉખેં. હા રે અવેં ખાંમદાંનું નૉમ લેય. એ સમરું તેંણ ભવનાંના નાથ! સૉમી ન સૉમળા! હા રે અવેં ઑણે એલે ભેળો આવે.. હા રે મહરાઝ અવેં ખાંમદ હેં, વેંકુટપરીમાં એલો હૉંપળે. હા ને રૉમન ખબર થાય. હા રે એક અતોન બે થય. એ..જોરી તો કરવીસ હેં.. એ બેં પાઈ અતા. હા રે અવેં સત મેલે. હા રે અવેં ખૉરનું મૉણસ. કૉય પેદાસ થાય. એ ડાપની ગૂસળીઓમાહો કુવોર કૉય નેંપઝે. ગોરિયામાં પરો રોયેં. રૂખિયા હેં..હા રે કૉયક તો એલે આવું. હા રે ઓસાર લેય. સીતા હેં એવો તો નઝરમાં નેં આવેં..એ અવેં બીઝાન હૉતેં. ખબર નેં પરેં. હા રે એવું મૉડે. હા રે કુવોરિયો હેં, એ રોયે, રતરે ઝૂરણ કરેં..રૂખિયા હેં, વારા લેઈ લેઈન એંસોરેં. હા ને સીતમાની વાટ ઝોયે.. એ સીતમા તો ઓથી ગંગા ઝીલેં. હા ને પેલો તો કનેં હેં.. હા ને અવેં ઝીલી નાઈન કેવી આવેં. લાંબે મારગે. એ..અગલા પલા વાત કરેં. પૉગની પની ઉંકારા દેય. હા રે અવેં આવતેં હૉમી કેવી દેખાય. એ..રૂખિયા રાઝુ થાય. હા રે આવતેં આવતેં તો આપણું કૉમ તો કરું હેં.. વા! વા! (તંબૂર-સ્વર) તે..અવેં રૂખિયા હેં.. હા રે કોઈ હાલો હીલો ઈલો ગાય. હા ને સતુર હેં, ખોળામાં



કુવોરિયો, તે રૂખિયા ઝોયે. એ આપે તો પેલો અતો તે ઓલ્લારો. કરતા હમું...અવળું પરું ને! ઝો પેલી નેં આવેં તો ઑણાન કેંક મેલી આવાં. વા! વા! (તંબૂર-સ્વર) એ..આપે તો કરી, આપણી ભલી થાય એંમ કરી.. હા રે સતુર અવળું લેય. ભલાઈની ભૂડાઈ થાહેં.. હા રે કેંણાનો લાવો, એંમ કેહેં તો હું કેંહું'લા? તે કેંણાંન લેઈન ઝાઈન આઈન બા કેહું? હા રે રૂખિયા હેં, ઘણા રાઝુ થા. હા પણ ઘણા નિરાસ થય.. હા રે સતુર હેં, એ ખેરિયે થકી આવેં...ઘણી હગનું આથમાં હેં, કોરિયામાં તો હૂઆરાં.. મા ઝોય તો બીઝો હૂતેલો.. એ..અવેં સીતમા હેં, રૂખિયાંના કૉય કેં. એ..રૂખિયો? એ.. આ કેંણાંનો લાવીન માર ગોરિયે ઘાલો? તે ઝીલવા ગેઈ તે આથ યે દુઃખી ગો હેં... ઊગેં આવો હેં તે વીતારેં ન'લા.

હા ને આ કેંણાનો ઘાલો? હા રે રૂખિયા હેં... બાકું ફાટું બકલનું... હા ને વારતા આગી કેવી હાલે..

એ વાતાં સોળે માર રૂખિયા રા...,(૨)
એ સાયબો મારો હો..હો...

હૉંપળે સીતા માર વાતો રા...(૨)
એ સાયબો મારો...હો...હો...

એ હૉંપળે બાઈ માર વાતો રા...(૨)
એ દલરાંની વાત રે..હો..હો...

ઓ મરાઝ..એ...અવેં રૂખિયા હેં, હા રે સીતાન કૉય કેં. એ..બાઈ? અવળું માં બોલઝે. હા રે હમાની ઊતી પરી હેં! તે.. અમાંન ભળાવો. હા તે અમે તો નેંમ મા રઈ ગા.. પેસ સેત આવી.. એ..અમે તો તનં દેખિયેં નેં.. કઈ વેળ લેઈન નાહી ગેઈ? હા રે મહરાઝ અમાંન ભૂલ પરી.. હા રે ખૉમદાંના નૉમની ભગતિ કરતા. એ ઓરાદ કરી હેં તે બીઝોય કુવોર કરો હેં.. તે તનં ખોળે લેવો સ પરેં! હા રે નેં લેય તો કેંણાંન આઈ ન બા કરીએં? હા રે એંણાનો દોસ અમાંન લાગેં. હા ને વારતા આગી કેવી હાલેં...



હોદાવઝી રે પેલા રૂખિયા વાતો સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે અમે નેંમાંમાં રઈયા,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે અમે ગોરિયામાં એરું,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે અમે સતનો કુવોર કરિયો,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાઈ બેં કુવોરિયા થારા,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતા મનમાં વિસાર મૉંડે,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે માર એખલો અતો બેં કુવોરિયા ઓય્યા,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે માર બે ભાયાંની ઝોરી,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે સતુર ખોળામાં લેય,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતા રૂખિયાંન વાતાં સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે રૂખિયા કુવોરાંનાં નૉમાં પારાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...



હોદાવઝી રે માર ઝળ રૂખી બોલેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે હૌંપળે સીતમા મારી વાતો,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતા વડાના લવ નૉમ પારિયેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

કુવોર વનમાં રાઝ કરેં, (૨)
વનવાસમાં રેંતાં ઝી..

અરે સતુર મનમાં વિસાર મોંડેં, (૨)
વનવાસમાં રેંતાં ઝી..
ખાંમદે ઝલમ વનવાસ આલિયો, (૨)
વનવાસમાં રેંતાં ઝી..

ઓ મરાઝ...એ...અવેં કુવોર હેં, હા રે અવેં રમતા ઝય વિસાર કરેં, આઝ તો ઝરણીન હારો લઇયેં.

પેલો રૉમ રે રૂખરિયો વિસાર મોંડે,
ખમા રૉમ રે રૂખરિયો વિસાર મોંડે...,
ઓ...બેઠો બેઠો રે વિસાર મોંડે હો... રા...ઝી...

બાપરા ઘોરાવરેમાં રૉમો આવેં,
ઘોરાવરેમાં રૉમો આવેં રે..
ઘોરાવરેમાં ઓરો આવેં હો, રા...ઝી...

ઘોરાવરનું તાળું પરું ઉગારેં,
રૉમો ઘોરાવરનું તાળું પરું ઉગારેં,



હોદાવઝી રે રૉમ રાખે તેંમ રઇયેં ઝી..
હોદાવઝી રે સીતાન રૂખિયા વાતો સોળે,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે વાઁહલાન લવ નૉમ પારિયે,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે સીતમા બેં દીકરાની માય્યર,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે સીતા સમરણો મૉડે,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે મોટા થઈ બાનો હારો લેવેં,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે માર લખનારીના લેખ,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે મું તો બાળી પોળી અતી,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...
હોદાવઝી રે મતે મતે વાત લખિયો,

હોદાવઝી રે રૉમ રાખેં તેમ રઇયેં ઝી...

ઓ મરાઝ...અવેં રૂખિયા હેં.. હા રે અવેં સીતમાન કૉય કેં...એ બાઈ? હા રે અમે તો નેંમમાં રઈ ગા... હા કેઈ વેળ લેઈ ગેઈ. નઝરેં નેં ઝોવું. એ..વાઁહળ આવીન એરું..ગોરિયું ખાલી દેખું..હા રે અમાંન તો અવળી પરી.. એ..ખામદાંન સમરાં. હા રે અમે ઓરાઝ મૉડો. હા રે થાર કુવોર ઝેવો કુવોર કરો. હા રે અમે તો અમાર મેંણાન પેંડસ કરો. ખમા! (તંબૂર-સ્વર) એ અવેં સીતમા હેં, હા રે



મરાઝ, મનમાં વિસાર કરેં, એ..વનમાં એકલું રૂખ માં ઓઝો.. હા રે જોરીની વાત તો ઝુદી હેં.. હા રે મરાઝ અવેં આદમી એં..એ.. બાર ગૉમ ઝાય... ગૉમ્માં ઝાય.. હા રે પૉસ ઝણાંનું ટોળું એં..હાવ રૂપાળું લાગેં.. હા રે રાવળામાંહો દરબાર આવેં. હા રે એખલો આવેં તો ખલેં નેં. હા રે ઘણું ફૂટરું! હા રે મહરાઝ મનમાં સીતા વિસાર કરેં, એ માર વનમાં એકલીન રેંવાનું અતું.. રૂંખાં મનં નતાં હૉહતાં. હી કે હી નો ઑતાર. વન કેં વનનો ઑતાર..વનમાં રૂખ એકલું માં ઓઝો..! એ બે થય. બે ભાઇયાંની ઝોરી. હા તે વનમાં રેંવું પરહેં તૉય. હા રે ગૉમ્મા રેંહેં તૉય. એ..ઘણું હાઉ આવહેં.. એ..ખાંમદે.. ઝબરું હારું કરું. વા! વા (તંબૂર-સ્વર) એ..સીતા હેં.. હા રે મરાઝ અવેં કુવોરિયો લેય..કોરિયામાં.. હા રે ડાવા ઝમણાં થૉન ધવારેં. હા ને રૂખિયાંન કૉંય કેં.એ..રૂખિયો? હા.. રે તમે આલો મેં લેતો. હા રે ખાંમદે ઘરો. હા રે આલવાવાળો એ હેં. હા રે પૉણ ઑણાંનાં તો નૉમાં ઝોઈઝેં.. આ તો વગર નૉમો હેં વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં ઝળ રૂખી બોલેં...એ..બાઈ? હૉંપળ મારી વાત. એ..વડાનતો લવ નૉમ પાર. હા રે વૉહલાન નૉમ પારિયેં કુસ. હૉંપળ મારી વાત.. હા રે અવેં રૂખિયા હેં, સીતમાન કૉંય કેં. એ..વૉંહલાન કૉઈક નૉમ પારિયે'લી. હા તે મહરાઝ અવેં સતુર હેં, મનમાં વિસાર કરેં, હાઉ રે હાઉ! નૉમ પરાં પારાં.. હા રે અવેં લવ ન કુસ! હા રે સતુર હેં.. ફેરવીન ધવારેં! હા. ને રૂખિયા હેં તે માથે આથ કૉય દે...ય. ઘણા હોરા મોટા થાઝો. હા ને ઘણા રાઝ કરઝો. સતુરન હૂપેં..ધૂણીન માથેં આવેં. હા ને વારતા આગી કેવી હાલેં.

એ'લા ગોડિયાંન ગોપરિયાં રમેં, (૨)
હૂતા મોટા માર ઓઇયા..

ડાવા ઝમણાં થૉન ધવારેં,(૨)
કુવોર મોટા આય્યા...

થેઇયો કરેં થેગલિયો કરેં, (૨)
કુવોર મોટા ઓઇયા ઓ...



ડગલિયો માર પરી મૉંડેં, (૨)
કુવોર રમતા ઓઇયા ઓ...

એ..તેંણ મા દીકરાં વનાંખડાં માં, (૨)
એ'લા લખનારીના લેખ...ઓ..

વનાંખડાં કુવોર રમેં, (૨)
કુવોર રમતા ઓઇયા ઓ...

બાળા ભોળા હમઝણા ઓઇયા, (૨)
કુંવોર મોટા ઓઇયા ઓ...

કુવોર રઈ માર હારો લેય, (૨)
હૉંપળે મારલી વાતો...ઓ..

ઘણા મોટા અમે ઓઇયા, (૨)
બાયે અમે નેં દેખો..ઓ..

કાકા પાઈ રે અમાંન વાવોરેં, (૨)
હૉંપળે ઝરણી વાતો...ઓ..

કે દિ'યાંની તું વનમાં રેંઈ, (૨)
અમાંન બાપુ પરો વાવોરો..ઓ...

સાથીમાં માર ધરાકો આય્યો, (૨)
ઑંખે ધારોરા પારિયો...ઓ...

કુવોર અઠ માર પરી લેય, (૨)
હૉંપળે ઝરણી વાતો...ઓ...

એ કેહાં આપણે ગૉમન ગૉદરાં, (૨)



હૉંપળે ઝરણીની વાતો...

તો મરાઝ...એ...અવેં સતુર, હા રે ખોળે ઝોરેં કરેં...હા રે અવેં કુવોર હેં, એ મોટા મોટા. હા રે મરાઝ અવેં બાટુરિયાત.. એ...અવેં પટેલિયે પરેં.. હા રે ખાંમદાંન વારતા રાખવી. હા રે દન ગણતેં કરિયો ઝય’લા. વા! વા! (તંબૂર-સ્વર) એ અવેં કુવોર હેં.. હા રે લવ ન કુસ. હા રે મરાઝ અવેં મોટા મોટા થય. એ...થેઇયાંન થેગલિયાં રમેં. હા રે મહરાઝ અવેં થેઈ કરેં. એ.. ડગલિયો મૉંડે. હા રે મરાઝ અવતારન વારતા રાખવી એ.. અવેં. થોરા થોરા રમતા થય. હા રે મરાઝ અવેં વનાંખડાંમાં રમેં. એ..હમઝણા થાય. હા બાળા ભોળા. એ.. અવેં કુવોર. હા રે મહરાઝ અવેં નીત રમેં. બેં ભાઈ વાત કરેં, એ ભાઇયા! માય્યર એખલી દેખી હેં પણ કોઈ ગૉમ ન ગૉદરું નહીં! હા ને આ મગરામાં કેહા ઝલમા હૈય! વા! વા! (તંબૂર-સ્વર) એ...કુવોર હેં. હા રે મરાઝ અવેં બે ભાઈ વાત કરેં.. એ..આઝ તો આઈન હારો લઇયેં. હા તે આપણા બાપ વાવોરેં! કાકા ન ભાઈ ગૉમ ન ગૉદરાં. એ..કિયા ધણીના દીકરા? હા ને કેયી હેંમાંના રેંનારા. વા! વા!(તંબૂર-સ્વર) રમતા રમતા આવેં.. સતુરને કૉય કેં... એ ઝરણી? હૉંપળ મારી વાત..એ.. આ ઝણા હેં તે દિ’યાંના હીખેંરાં...હા.. પણ અમે મોટા થા.હા પણ અઝી.. બાને દેખો નેં! હા રે કાકાન ભાઈ.. એ...ગૉમન ગૉદરાં નેં ઝોવાં...હા રે કિયા ધણીના દીકરા? હા ને કેઈ હેંમોના રાઝા? વા! વા! (તંબૂર-સ્વર) એ...સતુર હેં, હા રે એંણી વાતે ઘણો વેંરાગ સરે! હા રે મરાઝ અવેં સાથી ફાટેં સાય્યોર ઉલટેં! એ..અવેં વગર નદિયાંનાં નીર આવેં! હા રે આઁખેં ધારોરા કાઁય વળે.. હા રે મરાઝ અવેં નૉનકા હેં. માય્યર રોયેં. એયે ભેળા રોવા પરેં. હા રે એ ભાઇયા? સીતમાન અવળું પરું. ઝરણી રોયેં! તાલી નેં આવેં વાત. આવું ઝૉણાંત તો નેં હારો લેયાંત. હા ને વારતા આગે કેવી હાલે....

બાપરી સીતમા સતુર નારી,
સીતમા સતુર નારી..,
વનવાસમાં રેંતાં ઝી...



અરે બેંઝ કુવોરિયા ઝણિયા,
બેંઝ કુવોરિયા ઝણિયા...
વનવાસમાં રેંતાં ઝી...

એ..ખૉમદાં ઝલમ વનવાસ વેઠિયો,
ઝલમ વનવાસ વેઠિયો...,
વનવાસમાં રેંતાં ઝી...

કુવર તે દિ'યાંના મૉડી વાળે,
તે દિ'યાંના મૉડી વાળે....,
વનવાસમાં રેંતાં ઝી...

અવેં આઈન નહીં પૂસવું,
આઈન નહીં પૂસવું...,
વનવાસમાં રેંતાં ઝી...

મારલી દુઃખિયારી ઓયે,
દુઃખિયારી ઓયે...,
વનવાસમાં રેંતાં ઝી...

અરે કુવોરિયા વનમાં પરા માર રમેં,
વનમાં પરા માર રમેં...,
વનવાસમાં રેંતાં ઝી...

એ કુવોર વનખડાંનાં રાઝા,
કુવોર વનખડાંના રાઝા..,
વનવાસમાં રેંતાં ઝી...

અરે કુવોરિયા હમઝણાન ઓય્યા,
હમઝણાન ઓય્યા...,
વનવાસમાં રેંતાં ઝી...



રૉમના ઘોરા વનખડમા

બાપરો દોરી ઘોરા રે બાયણે કાઢે, (૨)
દોરી ઘોરા રે બારણિયેં કાઢેં હો.... રા...ઝી...

એ'લા અણબોલાં ઝનાવરને હીખો દેય,
રૉમો અણબોલાં ઝનાવરને હીખો દેય...,
એ હૉંપળો કોરિલો મારી વાત રા...ઝી...

એ'લા વનખડના ફેરે તમે ઝાઝો,
વનખડના ફેરે તમે ઝાઝો રે...
અણબોલાં ઝનાવરાંન હીખો દેવેં હો... રા...ઝી...

ઘોરાંન રૂપાવરનાં સમાંનિયાં મૉંડે, (૨)
એ હોનાના માંલ્લા રે ભીરવા લાગો હો... રા...ઝી...

રૉમઝી તૉણી તૉણીન તંગરા ભીરેં, (૨)
ઘોરાંન પરો રે હમઝાવેં હો... રા...ઝી...

એ ઘોરલો ખડાં ખડાંમાં ફેરો મેલો, (૨)
એ ખડાં ખડાંમાં ફેરો મેલો હો.. રા...ઝી...

ઘોરા ખેરિયા ખેરિયા રે આવણા લાગા, (૨)
એ ખેરિયા ખેરિયા રે આવણા લાગા હો... રા...ઝી...

બાપરા પસમ ખડેમાં ઓરા આય્યા,
ઘોરા પસમ ખડેમાં ઓરા આય્યા રે... રા...ઝી...

બાપરા પુરુબ દેસેમાં ઓરા આય્યા,(૨)
ઓ પૂરુબ દેસ રે પૂઠણ મેલે હો.... રા...ઝી...



બાપરા અતરા ખડેમાં ઓરા આવેં, (૨)
બીઝા ધણીની હેંમો પરા આવ્યા હો.... રા...ઝી...

બાપરા હાગ રે વનેમાં ઓરા આવ્યા, (૨)
ઓ વનખડાંમાંય રે ઓરા આવ્યા હો... રા...ઝી...

એ કદળી વનેમાં ઓરા આવ્યા, (૨)
ઓ ઊપા ઊપા રે વિસાર મૉંડે હો... રા...ઝી...

ઢોકીરા તીહાં રે ભૂખાંનો ઝીવરો ઝાય, (૨)
આપું ઝાય રે એંણા સમદરિયે.. રા..ઝી..

ઘોરા વનને દરિયે રે ઓરા આવ્યા, (૨)
ઓ પૉણી પીને ઝાવા લાગા હો... રા...ઝી...

એ ઘોરા ઝાવેં વનખડાં વાળી વાટાં, (૨)
એ ખેરિયા ખેરિયા ઝાવા લાગા હો... રા...ઝી...
બાપરા લવ રે કુસ વનમાં આવેં, (૨)
ઓ હાઉ ગોતરા માર ઘોરા નઝરે આવા હો... રા...ઝી...

ઘોરાંન બૂસકારી બૂસકારી ન ઊપા રાખેં, (૨)
બાપરા લગમેં આથેં રે નૉખવા લાગા હો... રા...ઝી....

બાપરા દોરેં દોરેં લેઈન આવેં,
દોરેં દોરેં લેઈન આવેં રે...
ઓ હોંપળે જરણી રે મારી વાતો હો રા...ઝી...

મારલી વનમાં મળિયા રે અમાંન ઘોરા, (૨)
ઓ સીતમા મારલીન વાતો સોળે હો.... રા...ઝી..

ઘણા ખમા માલકાંન..



(તંબૂર-સ્વર) એ.. ખોંમદાંન વારતા રાખવી. હા રે મરાઝ અવેં રૉમ હેં, એ બેઠો બેઠો વિસાર કરેં, હા રે મરાઝ ઝાતી તે દિ' વનફળ આલું. હા ને વળી બીઝું કૉય દેખાય. હા રે બેંની જોરી લાગેં. હા ને અવેં તો કેંક અહેં તો મોટા થા અહેં. હા રે અતારે કળઝુગ હેં, હા રે બાપલીન ઝીવ બેઠેલો કે દિ' નેંહરેં નેં! વા! વા!(તંબૂર-સ્વર) એ રોતી રોતી સીતા ગેઈ'લી. હા રે વરહાં વીતાં. હા પણ ઊગ નહીં આવતી. હા રે મહરાઝ પણ અવેં આવેં ઘોરાવરમાં. કૂસી તાળાં લેય.. હા રે ઘોરા હેં, હા...રે જોરી ઘોરા કાટેં. હા રે મરાઝ અવેં બારો લેઈન આવેં. એ..રૂપાનાં પલાંણ. હા રે સોનાના મૉલ્લા. એ..તૉણી તૉણી તંગ ભીરેં. હા રે રૉમ રૂખરિયો હેં.. હા રે અણબોલાં ઝનાવરાંન હીખ દેય. વા! વા (તંબૂર-સ્વર) એ...! માર ઝાવાની પેંણ. હા રે વનમાં ગો એતરા દન રો... હા રે અવ ઝાઈ હકતો નહીં... એ..ઘોરા મોખલું.. હા રે કે દિ'ય મારા હૂરીના જાય્યા હેં... એં ઠેકાંણે કરહેં.. ઘોરાંના મેંહલે મું ઝોવ. વા! વા (તંબૂર-સ્વર) એ..નખા ખાઈન બગારીન નહીં આવો'લા.. એ..અવેં ઘોરા, હા રે સાર ખડ સઉદે ભવન ઉપર ફરઝો. હા રે કોઈ હૂરી જાય્યા મળેં.. હા રે જોરી મળેં. એંણે ઠેકાંણેસ ધીરઝો. એ બેં પૉસ મળેં એંણાંન ગણઝો માં. હા રે મરાઝ હીખમત દેય. હા ને અવેં પોવીન માથેં ઘોરા કેવા મેલે. હા રે ઘોરા હેં, પૉંખે પાવોર ઊડેં! હા રે ખરિયાંન માથેં ખે ઊડેં! એ..તુદળી રેત ઊડેં. હા રે મગરે બાળુફણી ઝમેં. હા રે કોઈ અસવાર એં તો થોરો કણો પાર એં. એ..મન ફાટેં એંમ ઝય. હા રે મરાઝ પસમ ખડ પૂઠણ મેલે.. હા રે ખેરિયા ખેરિયા આવેં... પૂરુપ દેસ પૂઠણ મેલે. હા રે અતરા ખડમા આવેં...એ..અતરો ખડ પૂઠણ મેલે. ઝાય રે વનખડાંની વાટ. એ..ખડ મેલેન ખડ લેય. હા રે વન મેલેન વન લેય. વા! વા!(તંબૂર-સ્વર) એ..ઘોરા હેં. હા રે પરથીવાળાં રૂપ! હા રે ઉપરતો અવેં સૉદીનાં પલાંણ. હા રે સોનાના મૉલ્લા. કેંવા હરખી વા...ત.! હા રે ઘોરા એ..હાગવન પૂઠણ મેલે. હા રે એ મરાઝ અવેં બીઝા વનાંખડાંમાં આવેં. એ.. વનખડ પૂઠણ મેલે. કદળી વનખડમાં આવેં. હા રે અવેં ઘોરાંન તીહાં ભૂખાંનો ઝીવરો ઝાય. હા રે અવેં ઘોરા હેં, દરિયા હૉમા કેવા આવેં. અવતાર હેં રાખેંસનો. હા રે અવેં એતરે દેખાય. હા રે ઊસું મુટું કરીન હુગણો લેય. દેસની ખબર પરેં. વાવા! (તંબૂર-સ્વર) એ ઘોરા હેં.. લાંબી ફાળ



સોટે પગલે. હા રે અવેં ખરિયેન ખે ઊડે. હા રે અવેં દરિયા હૉમા.. હા રે વનાંખડાંમાં દરિયો. હા રે દરિયાની પાળે આવેં. પૉણી પીયેં. હા દરિયાની પાળે ઝોયે. એ..અવેં રૂખી હેં, નેંમો લેતીલી. તપજા તાપે. સતુર નઝરમાં આવેં. હા ને આસ કેવા વળા હેં. એ..આવેં વનખડની વાટ. હા રે મરાઝ અવેં સીતમાવાળા દીકરા...વનાંખડાંમાં રમેં..એસ વાટેં તો કેંમહા ઘોરા આવેં હેં.. વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં ઘોરા, હા રે ખેરિયા થકા આવેં. હા રે કુવોરિયા હેં.. લાંબી નઝરે ઝોયે. હા રે રૂપાનાં પલાંણ. હોનાના મૉલ્લા. અરે મરાઝ કુવોર હેં. હા રે મરાઝ બૂસકારેંન અગેહળા કૉય આવેં. એ કોરા, ઠગમગ ઊપા રેં! હા રે મરાઝ અવેં હદ્દા સરવાવાળા મળા એંમ. એ અવેં લગમેં આથ નૉખેં. હા રે સરતા તો નહીં. કે દિ' સરિયેંન એંણાંન દેસ લઈન ઝાતા તો'લા! એ..દોરે દોરે લેઈન ઝાઇયેં. હા રે આઈન વતાળહું. હા રે અવેં કુવોર હેં.. હા રે લેઈન કેવા આવેં. હા રે અવેં રાઝમેંલમાંહા નેંહરા હેં એંમ. એ..આવીન મારલીન કૉય કેં, એ ઝરણી! હા રે અમાંન તો ઘોરા મળા હેં.. એ ઝાઇયા? કેતરેક ગા તમે એ..એકાંનું ખાતર તો નહીં પારું. હા રે મરાઝ અવેં ઝરણી. હેં... કુવોરાંન કૉય કેં... હા ને કુવોર કૉય હૉંપળે. એ મારલી! અમાંન તો વનમાં મળા હેં. હા રે અવેં સીતમા કૉય કેં... એ મળા તો ભલેં મળા..હા રે બાઁતી દેયાં ઑણ ઠેકાંણે. ખાવા પીવાનું બેંઠે પૉથણણે આલાં. હા પણ ઝાવા નેં ઝોઈઝેં. ઘણી અહેં એ વારેં સરહેં... હા ને વારતા આગી કેવી હાલે....

દન આટિયો, રાત પરી'લા, (૨)
ઘોરા કોઈન આલો...હો...

બાપરા દન ઊગિયો બફોર ઓચ્યો, (૨)
ઘોરા કોઈન આલો...હો...

એ બેં દન થય'લા પૉસ દન થય, (૨)
રૉમઝી વિસાર મૉડો...હો...



સરાં સપાયાંન એલો મારેં, (૨)
હૉંપળો સરો વાતો..હો...

ઠોકીરો મારા ઘોરા મેં ફેરે મોખલા, (૨)
અઝી કોઈ નેં આય્યો..હો...

(એક બાણિયો – એ..ખબર લ્યાં'લા...મુખ્ય ગાયક – હા!)

એ રૉમ રૂખરિયો વાતાં સોળે, (૨)
હૉંપળો હરદાર વાતો...હો...

બાપા ધણિયાંના માર ઉકેંમ સૂટા, (૨)
બેંના પોસ આવો...હો...

બાપરા નોકર સાકર પરા ઝાવેં, (૨)
ખેરિયા આવણા લાગો...હો...

બાપરા દેસ મેલે પરદેસ લેય, (૨)
આયા વનખડ વાટે...હો...

બાપરા કદળી વનમાં ઓરા આવેં, (૨)
ઊપા ઊપા વિસાર મૉડો...હો..

બાપરા સીતાન ધૂણિયેં ઓરા આવા, (૨)
વળી હૂસો પરિયો...હો...

બાપરા ખેરિયા રે ખેરિયા આવણા લાગા, (૨)
આવતાંસ નઝરે પરો...હો...

બાપરા રૂખિયા માર નઝરે આવા, (૨)
સપાઈ એરવા લાગો...હો...



બાપરાં ફરી એંડી માર એરવા લાગા, (૨)
ઘોરા નઝરે આવો...હો...

એ..અવેં રૉમઝી હેં.. બેઠો બેઠો વિસાર કરેં, એ...દન ગો. હૉંજે વાત ઝોતી. હા રે મહરાઝ અવેં રાત ગેઈ વેગી વાટ ઝોઈ. એ..દન ગો બફોરે વાટ એરી, હા.. બપોર આટો. હૉંજિયા વખત થેઈ. હા રે અવેં એક બેં દન વાટ ઝોઈ.. ઘોરા કૉંય નેં આવા.. એવા એવા પૉસ દન વાટ ઝોય. રૉમને ખબર પરેં.. બાપ્લિયા વનમાં મળા. વા! વા! (તંબૂર-સ્વર) એ અવેં રૉમઝી હેં... તે.. સરાં સપાયાંન એલો મારેં..એ..હરદારો? નહીં ઢીલાંનાં કૉ...મ. એ..ઢીલ કરેં મોરું થાય.. હા રે મહરાઝ અવેં મોટાં ધણિયાંની ઝીબ, અપાગિયાંન ભોગ કૉય લાગેં હેં! એ.. અવેં કિયા ખડામાં બેઠા? હા ઑડર કરો હેં. હા તે અવળી ઘૉંણિયે તેલ પરેં'લા (તંબૂર-સ્વર) તે.. અવેં હરદાર હેં, હા રે રૉમઝી હેં...એ.. સપાઈરાંન કૉય કેં...એ.. નોકર-સાકર, હા રે નહીં ઢીલનું કૉ...મ. પૉસ, સૉ દન થા.એ..એક દન મારા ઘોરા ખબર લેઈન આવત. સાર દન વત્તના થા હેં. એ...ઝૉ ઘોરાંની મૂઆ મારાંની ખબર લેઈન આવાં. હા રે મહરાઝ અવેં એકના તેરેલા પૉસ તેયાર થય. હા રે મરાઝ અવેં હરદાર, એ.. ખેરિયા ખેરિયા આવેં.. હા રે હેંમ આવેં. મારગાંની જો...ર. મેલેન હેંમ લેય. એ..બીઝા ધણીની હેમમ્મા આવેં. હા રે મરાઝ એ ધણીની હેંમ મેલેં. હા બીઝા દેસમાં આવેં. દેસ મેલે.. આવેં વનાંખડાંની વાટ..એ... ખેરિયા થકા આવેં.. સોટે પગલે..અગલા પલા વાત કરેં.. પૉગની પની હુંકારો કૉય દેય. હા રે મહરાઝ આથિયાંને હૂહવારે. રાતોનાં પેટ પરાં ફાટેં! હા રે રૉમના ઉકેંમ સૂટા. કેંવા હરખી વા..ત! વા! વા! (તંબૂર-સ્વર) એ..મહરાઝ અવેં નોકર સાકર હેં, હા રે મહરાઝ અવેં ખડ મેલેન ખડ આવેં. કદળીવનમાં આવેં...એ..પેલી સીતા રેંતી ઑં આવા. હા રે ઊપા રઈ વિસાર કરેં,એ કેઈક દયા ઝાગે. હા રે સતુર સીતાનું સત. હા રે રૉમનું સત. હા રે દીપરી હૂઝે... વા! વા (તંબૂર-સ્વર) હા રે અવેં સીતમા અતી એણી વાટેં અવેં કેવા વળેં. હા રે લાંબી ફાળ સોટે પગલે. એ...ખેરિયા થકા આવેં... હા...રે અવેં ખડ મેલે ન ખડ લેય. હા રે વનમાં સમુદર આવેં. અરા આવેં. ફરી ફરીન ઝોય. હા રે મરાઝ અવેં રૂખિયા



નઝરમાં કૉય આવે. વા! વા! તે અવેં વિસાર કરેં, હા રે નહીં તો ગૉમ, નહીં ગૉદરું. બાબા એકા બેઠા હેં...એ.. ઊસું ઝોતા નહીં. હા ને ઊતા ઊતા કૉયક કરેં! વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં સરા સપાઈ. હા રે અવેં વાટેં કેવા વળે... અગેહળા કેવા આવેં. હા રે ઘોરા હેં.. એ..અવેં બૉંતેલા થકા. હા રે મરાઝ અવેં ઘોરા નઝરમાં આવેં. હા ને સપાઈ હેં તે સપે સપે કૂલે કૉય આવેં.. કેયે ધણિય બૉંતા અહેં? ઑણાનું હું ભેળું અહેં...?ઑણાનુંયે હું ખાતું અહેં... એ..પેંલા તો એંમસ આવેં તો વાટવાળા હેં એંમ કેવું હેં. એ પાઈ.. પરાયો દેસ, પારકી ભૂમા...કિયાં તીલાંનાં તાપણાં. એંદુએ ગાય, તરકણે હૂઓર. આથા એં તો હૉતરા કરી નૉખહેં. એ ઘોરા તો એસ હેં... ઑણાંનો ગુનો હું કરો હું ખબર? હા ને વારતા આગી કેવી હાલે...

હોદાવઝી રે બાપરા ખેરિયા આવણા લાગા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરા ખેરિયા ખેરિયા આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરા લવ ન કુસ એરે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે પેલા લવ ન કુસ હારો લેવે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે તેમે કેંમ હા આવાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરા હારો પરો લેવે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે પેલા નોકર બોલે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...



હોદાવઝી રે અમે વાટાંના વટાઉરા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે અમેં ઝલમ એવાં મૉનવી નહીં દેખાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

(એક બાણિયો – એ..વનવાસમા મોટા થા હૈય..મુ.ગા : હા!)

હોદાવઝી રે તમે હાસું હાસું બોલાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે માર પાબુ પથરો બોલેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે અમે ઘોરા એરવા આવા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે તમે કેયા ધણીનાં લોક,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે અમે રૉમ મોખલા આવા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે પેલી સીતમા વાતાં સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે એ'લા ઑણાંન પરા બૉતાં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે પેલા નોકર સાકર બૉંતા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...



(એક બાણિયો – એ તૉણી બૉંતાં બરાબર! મુખ્ય ગાયક – હા!)

હોદાવઝી રે રૉમઝી હૉંજ વાટો એરે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે રૉમ હવેર વાટ એરે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે રૉમો બેઠો વિસાર મૉડે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરા પાસા કેંમન વળિયા,
હોદાવઝી રે રૉમ રાખે તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે ગયેલ પાસા નેં આવા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે રૉમ લસમણન વાત સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે એ'લા હૉંપળે લસમણ વાતો,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે આપું ઘોરા એરવા ઝાઈયેં,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

હોદાવઝી રે આપેંણ નોકર સાકર ગિયા,
હોદાવઝી રે રૉમ રાખેં તેંમ રઇયેં ઝી...

(તંબૂર-સ્વર) એ..મરાઝ.. એ. અવેં નોકર-સાકર. હા રે ઊપા ઊપા વિસાર કરે, એ..હાસું કોઈ નેં બોલતા. હા રે પાઈ પરાઇયો દેસ. પારકી ભૂમેંટ. હાઉં નેં આવેં. વા! વા! એ અવેં સપા સપા આવેં. હા રે મરાઝ અવેં સીતમાવાળા



દીકરા...હા...રે મરાઝ અવેં લાંબી નઝરે કૉય એરે.. વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં આવતે ઝતે પૂસે.. એ...કેંમહા આવાં કેમ ઝાવાં? હા...રે આતરા મોટા થા..એ..મનુસ દેવ નેં દેખો! હા દરસન કરવા મળાં.. હા રે મરાઝ રૂખિયાં સિવાય કોઈ ઝાવા મળું નતું...વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં સરા સપાઈ હેં.. હા રે કૌંય કેં, એ.. અમે તો વાટના વટાઉરા હૈય..એ..ઑં થઈન નેંહરા હૈય. હા રે હાઉ રે હાઉ! નેંહરા તો ખરા પૉણ ઘોરા હારણ હું એરાં? સોરનાં પગલાં ગમે એવું હાસુ બોલેં! મુટા ઉપર ખબર પરેં! હા રે અવેં ગમે તે ખતરાવાળો મૉણસ હેં... હા રે બોલતાં હાથે ઝીપહી ખબર પરેં. હા રે મરાઝ અવેં કુવોરિયા હેં, હૉકળે કેવા લેય! એ.. હૌંપળાં હરદારો વાત. હાસું હાસું બોલાં.. આવા તમારા પૉગે, ઝાવું અમાર પૉગે... ઑં રા રા રાઝ કરિયેં... વા! વા! (તંબૂર-સ્વર) એ...અવેં કુવોરિયા કૌંય કેં.. હા ને અવેં પેલા નોકર સાકર હેં... ઠગમગ ઊપા! કેંણાંન મુટે બોલવું? એ આવા તો ખરા... નાહીએ તો ઉરતામા માર પરેં! એ ઘોરા તો એસ હેં. હારો કેંમ કરીન લેઉં? હા રે મહરાઝ અવેં કુવોરિયા હેં, પાખેંળ પાખેંળ ફરેં... હાસું બોલાં એકે મુટે.. એ..કેણાંનાં લોક વાઝાં? હારે..કિયા ધણીનાં મૉનવી? હા રે અવેં ઝોરે આથે કૉય કેં. હા રે ગમે એવો એં તૉય પારકા દેસનો મળો. વા! વા! તે અવેં ઝોરે આથેં વાત કરેં એ ધણિયો? અમે નેં ઓળખા નેં ઝૉણા... નકર ઉન્નાસ ઝૉત. એ..અમેં રૉમના હૈય મૉનવી. હા રૉમે મોકલેલા આવા. હા રે મહરાઝ અવેં સીતમા હેં, કૉય કેં, એ...જાઇયો? સૂટી કે ટૂટી નેં ઝાવા ઝોઇયેં. ફીટો ફીટ બૉંતાં! હા રે મરાઝ રૉમ હેં. એ..દારો પરો આટેં. હા રે વાટ ઝોયેં ઝોયેં.. રાત, આઠ નવ થાય. હા રે મૂઆ મારાની ખબર નેં પરેં. હા રે દન પરો ઊગેં.. હવાર થાય... હા રે અવણેં કે આવણા અતા. એ....બેં સાર દન થય. પૉસ સૉ દન થય.

રૉમ-લસ્મણ વનખડમા

હા...રે.. મરાઝ અવેં રૉમ હેં.. લસ્મણન વાત કરેં.. એ..બૉતમિયા? અવળું પરુ'ન્લા. એ..પેંલા તો બેં ઘોરા ગા'લા...હા ને વૉંહળ પૉસ નોકર ગા...એ....પાસા વળતા નેં આવા. એ હાત દન થા હેં'લા. એ..ઝગમાં ખોટું આવું



કૉ...મ. આ તે કેં મરી ગા? કેંણે મારી નૉખા? આ તે ઑં ખોટ આવી હેં, હા ને વારતા કેવી હાલે....

નોકર સાકરની વારેં આવેં,
રૉમઝી નોકર સાકરની વારેં આવેં રે...
આવેં એણાં વનાંખડાંની વાટેં હો.. રા...ઝી...

લખણો રૉમઝી આવણા લાગા, (૨)
ખેરિયા ખેરિયા આવણા લાગા હો... રા...ઝી...

રૉમઝીન સીતમાવાળી રે સેતો આવેં, (૨)
આવેં એણાં મારગાંવાળી જોરે હો રા...ઝી...

(એક સ્ત્રી બાણિયો –એ એ તો ઝલમ જોરી અતી! મુ.ગાયક – હા!)

મારી વનની પણણેલી વનમાં બેઠી,
ઓ લખનારીના લેખ ઝોવા લાગી હો.... રા...ઝી...

(એક બાણિયો – એ..ભેળાં એંડતાં અતાં એ તો! મુખ્ય ગાયક – હા!)

એ'લા લખેલા લેખ પોગવણા પરેં, (૨)
લેખમાં મેખ મારનાર કોઈ નહીં હો... રા...ઝી...

(એક બાણિયો :– એ..અવળા લખા તે'દિ મુખ્ય ગાયક :– હા!)

રૉમઝી ઢાલેં રે તલવારે હઝાઇયો કરેં (૨)
આવા એંણી વાટે ઝાવા લાગા હો.... રા...ઝી...

પેલા લખણા બૉતમાન વાતો સોળે,
રૉમો લખણા બૉતમાન વાતો સોળે રે...
ઓ...હૌંપળે ભાય્યા રે મારી વાતો હો... રા...ઝી...



એ'લા સીતમાન મેલવા રે તુંય ગિયો, (૨)
એ કેયા વનમાં મેલીન તુંય આયો હો... રા...ઝી...

લખમણ તુંય પરો અગળ ઓઝે, (૨)
એ'લા મેલીન આવો એંણી વાટે ઝાયેં હો... રા...ઝી...

એ'લા લસ્મણ બૉતમિયો અગળ ઓય્યા,(૨)
ઓ...આવેં એંણાં વનાંખડાંની વાટે હો.... રા...ઝી...

ભાયા કદળી વનમાં મેલીન આવો, (૨)
એ..એંણી વાટે રે આપણે ઝાયેં હો... રા...ઝી...

બાપરા વન મેલેન વન લેય,
રૂખરિયો વન મેલેન વન લેય રે....
કદળીવનની વાટે આવણા લાગા હો રા...ઝી...

બાપરા કદળી વનમાં ઓરા આવા,
ઓહો કદળી વનમાં ઓરા આય્યા રે...
ઓ...લસ્મણ બૉતમિયો વાતાં સોળે હો... રા...ઝી....

બૉતમા ઑંય મેલી ન મું તો આયો,

તો મરાઝ... એ..અવેં રૉમઝી હા રે લસ્મણન કૉય કેં, એ..બૉતમા...ખોટું આવું કૉમ. હા રે તાલી નેં આવી વા...ત. એ..પેંલા કાટા કોરા. હા રે વૉંહળ નોકર સાકર ગા. વળતો એકે નહીં આવો. એ..ઝગમાં તાલી નેં આવી વા...ત. એ. આપાંન તો એરવા ઝાવું પરેં'લા. વા! વા! (તંબૂર-સ્વર) એ..લસ્મણ હેં, તેયાર કેવા થય.. હા...રે ઢાલ તલવારે હઝાઈ મૉડે'લા. હા રે ઘણાં દારાંનું વનમાં ઝાવું હેં પાઈ... એ અવેં હઝાઈ કરેં.. હા રે મરાઝ અવેં રૉમ લસ્મણ હેં...ખેરિયા થકા આવેં.. હા રે મરાઝ અવેં હેરી બઝાર પૂઠણ મેલે. મૉણકસૉક પૂઠણ મેલે. હા રે ગૉમન ગૉદરાં વૉંહળ, હા અલ્લા (તંબૂર-સ્વર) એ..રૉમઝી હેં... હા રે સીતા



મેલી એ સેતો આવેં.. હા ને કુપળ સૉડેં હા રે ઘણાં દનાંની બાયલી ગયેલી એં પીયરમાં...બાયલી લેવા ઝય એવી હૂર સરેં. હા-(તંબૂર-સ્વર) એ..અવેં રૉમઝી હેં...હા રે મરાઝ લખમણન કૉય કેં....એ..ભાઇયા? એ...સીતાન મેલવા તો તું ગો...વા! વા! તે કેયી વાટે ગો.. એંણી વાટે એંડ્કેં. અણહારે તો કૉય ઝોવું નહીં એ..અવેં સતિયા હેં, હા રે મરાઝ અવેં આવેં મારગાંની જોર. લાંબી ફાળ સોટે પગલે. હા રે ખેરિયા થકા આવેં. હા રે મરાઝ અવેં ખડ મેલેન ખડ લેય. આવેં વનાંખડાંની વાટ..એ.. ખેરિયા ખેરિયા આવેં. હા રે અવેં હાગવન પૂઠણ મેલેં. હા રે વનાંખડાંની વાટ આવેં. વનખડ પૂઠણ મેલે. હા રે કદળીવનમાં કૉય આવેં...એ વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં રૉમઝીન લખણો, એ લસ્મણ... એંસ એંડઝે હા. એંસ પેંલા ઝોઇયેં. એંસ હેં કે ઝાતી રઈ હેં. હા...રે મહરાઝ અવેં લસ્મણ હેં.. અગળ થા..ય. હા રે અવેં વૉલમાં ઘાલીનસ આવો એંણી વાટે કેવો આવેં..એ..આવેં મારગાંની જોર. હા રે અવેં વૉલમાંહી ઉતારી એંણે ઠેકાંણે આવેં. હા ને અવેં રૉમને કૉય કેં, એ..ભાઇયા? હા રે મેં તો ઑણે ઠેકાંણે મેલી. એ હીખેરાં કેંમની ગેઈન કેંમની ને. હા તો મરાઝ અવેં સતિયા હેં, ઈ..પગવેં. હા ને અવેં આસ કેવા વળા હેં. ને વારતા આગી કેવી હાલે...

ખેરિયા ખેરિયા સતિયા આવેં,
ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે રૂખરિયાન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ રૉમઝીન મૉયલે કુપળ સૉડે,
ઊગ નેં આવેં રે રૉમ લેરી...
અરે સતિયાન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

ઓ..લાંબી ફાળો માર સોટાં પગલાં,
ઊગ નેં આવેં રે રૉમ લેરી...
અરે રૂખરિયાન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...



એ..ઘણા દનાંના વનમાં આવા,
ઊગ નેં આવેં રે રૉમ લેરી...
અરે ઝોકે નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

ઠોકીરા ઘણે દને આતરે વરખે, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે રૂખરિયાન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ...ખેરિયા ખેરિયા આવણા લાગા, ઊગ નેં આવે રેં રૉમ લેંરી..
અરે સતિયા નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ..રોતીન ઝાતી એ સેતો આવેં, ઊગ નેં આવે રેં રૉમ લેંરી..
અરે રૂખરિયા નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

(એક બાણિયો – એ..ઊપી ઊપી રોયે! મુખ્ય ગાયક – હા!)

બાપા તેંણ અમે વનમાં રેંતાં, ઊગ નેં આવે રેં રૉમ લેંરી..
અરે રૂખરિયા નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ..મારગાંની ઝોરે સતિયા આવેં, ઊગ નેં આવે રેં રૉમ લેંરી..
અરે એંણાંન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ..દરિયાવાળી પાળેં આવેં, ઊગ નેં આવે રેં રૉમ લેંરી..
અરે તરકિયા નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

એ પાળે ફીરેં માર એરાં એરે, ઊગ નેં આવે રેં રૉમ લેંરી..

(એક બાણિયો – એ પાતળી કેરાંની કેં નેંકળી ગેઈ હેં! મુખ્ય ગાયક –હા!)

એ પાળે ફિરેં માર એરાં એરે, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે રૉમઝીન નેંદ નેં આવે રે રૉમ લેંરી...

બાપરાન હાત રૂખિયા નઝરેં આવેં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
(?) માર ભોય નહીં પરતો, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...



એ...સીતાની મઢી માર પરી આવેં, નેંદ નેં આવેં રે રૉમ લેંરી...
ઓ...વનાંખડાંમાં માર ઓરા આય્યા, નેંદ નેં આવેં રે રૉમ લેંરી..

એ..સીતાના કુવોરિયા હૉમા આય્યા, નેંદ નેં આવેં રે રૉમ લેંરી..
અરે કુવોરિયા લાંબી નઝરે એરવા લાગા, નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

બાપરા રૉમ લસ્મણ નઝરેં આવા, ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
એ રૉમ રૂખરિયો હારો લેવેં, ઊગ નેં આવૈં રે રૉમ લેંરી..

ઠોકીરા કિયા ધણિયાંના સોકરા વાઝાં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
બાપરા કુવોર મારા ઝબાપ આલેં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી..

ઠોકીરા કેંમ હો આવેં તું કેંમ હો ઝાવેં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી..
એ..આવો એંણી વાટેં ઝાઝે, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...

બાપરા થાર પૂસવાનું હુંય કૉમેં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
ઓ કરણોકર માર ઝબાપ આલેં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી..

ઓ બાપ દીકરાંન ભારથ લાગેં, ઊગ નેં આવેં રે રૉમ લેંરી...
અરે રૂખરિયાન નેંદ નેં આવેં રે રૉમ લેંરી...

આ બાપા કાકા હાથ લરાઈ મૉડે, ઊગ નેં આવેં રે રૉમ લેંરી..

તો મરાઝ? એ..અવેં લસ્મણ હેં, હા રે રૉમઝીન કૉય કેં..એ ભાઇયા? ઑં હેળી મેલી'લા એ..કેંમની ગેઈન કેંમની નેં.. હા રે કૉય કરીન એરી કાટિયેં.. વા! વા! (તંબૂર-સ્વર) અ...રૉમઝી હેં, હા રે મહરાઝ હેયા પગવેં. હા..રે અવેં વાટેં કેવા વળેં. અગલા પલા વાત કરેં... પૉગની પની ઉંકારા દેય.. હા..રે સતિયા હેં, હા...રે બે પાઇયાંની જોર.. એ...આવેં મારગાંની ઝો..ર. હા રે મહરાઝ ઘણાં દનાંના વનમાં આવા...એ...બોલેં ઝગળનાં ઝીવ.. હાઉ ને હોયમણું લાગેં. હા રે કાળી પૉંખોના ભમરા ગુંજેં. હા રે કોયલ ટઉકરા મારેં. એ.પાવોર પરબત લીલા મોરિયા બો..લેં. વા! વા! (તંબૂર-સ્વર) એ સતિયા હેં.. હા રે અવેં ખેરિયા થકા



આવેં.. હા...રે રૉમઝી હેં.. સીતમાવાળી સેત આવેં. હા...રે મહરાઝ કેંવા હરખી વા...ત. એ રૉણીની સેત આવેં.. હા...રે તેંણ ઝણાં વનમાં રેંતાં. બાપા બૂડી.. એ..અવેં એખલી હું કરીન રેંતી અહેં? હા રે ઝટ ઝટ ઝોઉં નઝરે. ઝોઉં તો ઠીક લાગેં.. હા રે રૉમ હેં.. લાંબી ફાળ, સોટે પગલે.. હા..ને અરવરિયાં થકો કૉય આવેં.. એ..અવેં ફરી ફરીન એરેં.. હા..રે ખડ મેલેન ખડ લે...ય. હા રે મહરાઝ અવેં અળસીતાનો સમુદર આવેં.. હા રે દરિયાવાળી પા..ળ. હા..પાળેં સરેં. હા રે આખળ પાખળ ઝોયેં. એ..નઝરે કૉય નેં આવેં. હા રે મહરાઝ અગેહળા આવેં. હા...રે હાત રૂખી હેં, હા...તે અવેં રૉમ લસ્મણન નઝરમાં આવેં. એ..માળા રટેં, રૉમનું નૉમ લે...ય. સીતા સતુરનું નૉમ લે...ય. હા...રે આઁખ ખોલવાની પેંણ. ખાવા ખાવાની આકરી. એ..પૉણી પીવાની બાજ. હા રે ઝોરું હેં કેં રોરું હેં.. હા રૂખિયા હેં.. આઁખ ઢાળીન નેંમ કૉય લે..ય. વા!વા! (તંબૂર -સ્વર) એ રૉમઝી હેં.. એ...લસ્મણ! એંણી વાટેં એંડકેં? હા રે મહરાઝ અવેં સીતાની મઢી રઈ ઝા..ય. થોરાક અવળા નેંહરી ઝ...ય. હા રે અવેં સીતમાવાળા દીકરા. હા રે અવેં વનમાં રમેં. હા...રે એવામાં તો પેલા બે કૉંય આવેં હેં. વા! વા! (તંબૂર-સ્વર) એ ખાંમદાંન વારતા રાખવી. હા રે મહરાઝ અવેં બાપ દીકરો ભેળા થય. હા રે મહરાઝ અવેં કુવોરિયા હેં, એ..લાંબી નઝરે દેખે. બેંય એરી રેંય. એ..રૉમન લસ્મણ અગેહળા આવેં. હા રે આહના આવીન હારો કૉય લેય. એ..કુવોરિયો? કેંણાંનાં દીકરા? હા...રે કિયાં ગૉમન ગૉદરાં? આથ્થા વનમાં ફરાં. હા રે મહરાઝ અવેં કુવોરિયાંન રીહ સરેં.. હા...રે અવ્વેં કાળમા થઈન અવેં કૉય ઝબાપ આલેં! એ..તું કેંમહો આવો રે! એ..આવો એંણી વાટે ઝા. થાર ન અમાર હું હેં? અરે મહરાઝ અવેં રૉમઝી હેં, એ..બાર વરસ મેં વનવાસ વેઠો. એં મનં ટકોર કરવાવાળું કોઈ નેં મળું. હા ઘૅર ઝાઈ કેતરા દન રો તો ટકોર નેં કરી. હા રે... સેલા ભાગમાં મળા હેં... વા! વા! (તંબૂર-સ્વર) એ.. કુવોર હેં..હારે અવેં અવળું ન તળવું બોલેં. રૉમ રૂખરિયાન રીહ સરેં.. એ..મનં કેંમ અવળું બોલા? હા..રે લસ્મણ હેં, એ.. ભાઇયા? એ તો વાઝેં સોકરાં, સોકરાંવાળી મત. હા રે એંણાં હાથેં આપણ કૉય નહીં કરવું. ના? ના? એઝા બોલેં કેંમ'લા? હા અવેં પેલામા હાવણું કરેં. હા ને પેલા હેં તે ઝુદાસ કરેં. વા! વા!



અરે સતિયાન વનમાં લરાઇયો આઇયાં,
વનમાં લરાઇયો ઓઇયાં... બૉતમિયા રા..ઝી...

અરે પોતાના હેં દીકરા,
પોતાના હેં દીકરા... બૉતમિયા રા..ઝી...

ઓ...કાકા ન વળી ભતરિઝ,
કાકા ન વળી ભતરિઝ.. બૉતમિયા રા..ઝી...

અરે ખાંમદાં બાપન વળી દીકરા,
બાપન વળી દીકરા... બૉતમિયા રા..ઝી...

એ વનમાં લરાઇયો ઓઇયાં,
વનમાં લરાઈયો ઓઈયાં... બૉતમિયા રા..ઝી...

એ..સતિયે હૉમા હૉમી મૉડિયાં,
હૉમા હૉમી મૉડિયાં... બૉતમિયા રા..ઝી...

એ સાર હેં બૉતમિયા,
સાર હેં બૉતમિયા.... બૉતમિયા રા..ઝી...

એ રૉમઝીન વળી લખણો,
રૉમઝીન વળી લખણો... બૉતમિયા રા..ઝી...

અરે સતુર મઢિયે ખબર ઓઇયાં,
મઢિયે ખબર ઓઇયાં... બૉતમિયા રા..ઝી...

અરે બૂડી આઝ હાઉ નેં આવેં,
આઝ હાઉ નેં આવેં... બૉતમિયા રા..ઝી...

અરે સતુર તૉમી તૉમી આવેં,
તૉમી તૉમી આવેં... બૉતમિયા રા..ઝી...



અરે ખાંમદાં કુણ ઝીતેન કુણ આરેં,
કુણ ઝીતે ન કુણ આરેં... બૉતમિયા રા..ઝી...

એ સતી હાવણાં કેરેં,
સતી હાવણાં કેરેં... બૉતમિયા રા..ઝી...

અરે હૉંપળાં જાય્યો વાતાં,
જાય્યો વાતાં... બૉતમિયા રા..ઝી...

અરે સતુર પૉગમાં પરેં,
સતુર પૉગમાં પરેં... બૉતમિયા રા..ઝી...

(એક બાણિયો – એ..તમાર બા હેં'લા! મુખ્ય ગાયક – હા!)

એ..સતુર ઓળખણિયો આલેં,
ઓળખણિયો આલેં... બૉતમિયા રા..ઝી...

અરે સીતા નઝરાંના મેળાવા,
નઝરાંના મેળાવા... બૉતમિયા રા..ઝી...

એ...સતુર પાયે લાગેં,
સતુર પાયે લાગેં... બૉતમિયા રા..ઝી...

એ..રૉમો સીતા રોયે રે,
રૉમો સીતા રોયે રે... બૉતમિયા રા..ઝી...

એ...લસ્મણ ધીરપો આલેં,
લસ્મણ ધીરપો આલેં... બૉતમિયા રા..ઝી...

અરે ભાઇયા પૂરાં લેખાંની પાબી,
પૂરાં લેખાંની પાબી... બૉતમિયા રા..ઝી...



(તંબૂર-સ્વર) તો.. મરાઝ.. એ એવેં ઝોતાં ઝોતાંન લાગેં. હા રે અવેં કોદરા હો કોદરા કોઈ નેં નમેં! એ..કાળે ભેળો આવેં! હા રે અવેં લસ્મણ હાવણો કરેં. રૉમ નેં મૉનેં. એ..રાઝાન કૉણો કેંમ કો? વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં હૉમી હૉમી લરાઈ થાય. કુણ ઝીતેં કુણ આરેં. હા રે કુવોરિયા હેં, અવળું તળવું બોલેં. રૉમઝી હૉમી મૉડેં. હા..રે રૉમઝી હેં.. કરણું કરણું બોલેં. હા રે અવેં તું તો વાત કરેં..દોરીની કૉમઠી...હા પણ ગોળિયો હરખીન પાસી વાળેં! વા! વા! (તંબૂર-સ્વર) એ..વનમાં લરાઈ થાય. બાપ દીકરો! હા રે અવેં રણ ઊડેં તલવાર.. કેંવા હરખી વાત.. એ.. સીતમા, હા રે અવેં ધૉમી થકી આવેં. હા બાપ દીકરો મળા. કુણ પારેં ઓળખેંણી.. અમણ એકા મરઈ ઝયન’લા. વા! વા! (તંબૂર-સ્વર) એ..સતુર, હા રે એંણીન તો ખબરસ અતી. હા ધોરા હેં રૉમના. નોકર સાકર હેં રૉમના.. એ અવણાં આવો દીઠો, હા રે મહરાઝ અવેં એતરામાં, એ અવેં લાંબી નઝરેં ઝોયેં.. હા વનમાં ઝગરો પરો. એ..સીતમા હેં.. ધૉમી થકી આવેં. અવેં હાવણેં હાવણો કૉય ઊડેં. વા! (તંબૂર-સ્વર) એ..કુવોરિયાંન કૉય કેં.. એ..જાઈયા? ઘણા હા ભૂલી ગા’ લા...એ..તમે તો ભૂલા એ ભૂલા પૉણ તમાર બાય ભૂલો હેં! હારે પોતાનું થાંર પોતે કૉય મરાતું અહેં. વા! વા! (તંબૂર-સ્વર) એ...સીતમા નૉમ લેય. હા...રે આતો તમારા બા! એંણ હૉમી કેંમ મૉડી? હા રે અવેં પરદખણા દેઈ પાય લાગેં. સોકરાં મારી બોવારી ટાટા પારેં. હા રે અવેં રૉમ હેં સતુર સીતા. બે ઝણાંના મેળાવા થય. આઁખેં ધારોરા વળેં. તે..રૉમ કેતરો દોરો થો મનં વેંણો. હા રે અવેં સીતમા હેં, હા રે સીતમા ઝૉણેં રૉમ કેતરો દોરો થો. રૉમ ઝૉણેં તે સીતમા કેતરી દોરી થઈ. હા રે મહરાઝ અવેં આઁખેં ધારોરા વળેં! પરદખણા દેઈ પાય લાગેં. હા નેં અવેં વનારીન કૉય રોયેં. હા રે લસ્મણ હેં.. એ..ભાઇયા? એ..પાબી? હા રે લખનારીના લેખ. ઝુદાં પારવાં અતાં એતરા દન પરાં. આઝ તો નેં મેલીએં સના ઝુગમાં. લેઈન પરી ઘેર ઝાઇયેં.. અવનેં ફેરે તો કોઈ કાઢવાવાળો મળેં તો ભેળાંસ ઝાઇયેં.. એ..એકલીન નેં આવણા દઇયેં. હા રે અવેં સતુર હેં. સાથિયેં ધીરપો આવેં. હા તે લેખ અતા લખેલા, આતરા દન ભોગવા. હા ને ફરીન લેખ આવા. પાબી કપાળ ધોવા માં ઝા.. નહીં રોવું.. હા રે અવેં તો ફરીન મળાં. લેઈન પરા ઝાઇયેં...



લસ્મણ રઈન માર વાતાં સોળે રે રા...
હૉંપળે પાબી મારી વાત, પાબી રે..ઝી...

મારે બૉંતમે મેલેલા કોરાન આવા રે રા...
એંણાં કોરાંની સોળે વાત, પાબી રે...ઝી...

એ હૉંપળે દેવરિયા મારી વાત રે રા...
એ'લા થાર ભતરિઝા વનમાં રમતા દાદા રે..ઝી..

ઓ વનમાં રમતા એંણાન મળિયો રા..
લેઈન માર ઘેર આવા દાદા રે..ઝી..

એ'લા ઘોરાંની મું સેવા કરું રે રા...
એ ખૂટે બાંતેલા મું સેવા કરું માર દાદા રે...ઝી..

પાબી પૉસ નોકર પરા મોખલા રા...
એ..એંણાની તું વાતો સોળે પાબી રે..ઝી...

એ'લા એંણાંન પરા બતાવા રા...
એ ઓળખીન પરા બતાવા દાદા રે...ઝી..

પાબી એકેં મુટેં હાસું બોલે રા...
એ..એક દીકરો કેંણાંના પેટનો પાબી રે...ઝી...

(એક બાણિયો – એ..હાસું બોલ! મુખ્ય ગાયક – હા!)

એક તમાર રૉમના ફળનો રા...
એક દીકરો કેંણા નરનો પાબી રે...ઝી..

એ સાયબા કરણીના કરનાર રા...
ઝોકેં હમી વાતાંની અવળી પરેં સેવા રે..ઝી..



એ'લા એંણા રૂખિયા ઘણા સાકસી રા...
નેં મૉનાં તો મુટેં મેળવું દેવર રે...ઝી...

(એક બાણિયો – એ રૂખિયા હેં'લા! મુખ્ય ગાયક – હા!)

એ હાત હાત રૂખિયા તપાં તપેં રે રા...
એ એંણાં રૂખિયાંનો મું હારો લેઉં દાદા રે..ઝી..

પાબી કૉનાંની હૉંપળી નહીં મૉનતો રા...
એ..નઝરે મનં પરી વતારે પાબી રે...ઝી...

બાપરાં રૂખિયાંની માર હૂરી આવેં રે રા...
એ...સતુર સીતા એલો મારેં રૂખિયો રે...ઝી..

(તંબૂર-સ્વર) ઓ...મરાઝ. એ..અવેં કાકોન ભતરીઝ તો લરી રા...હારે અવેં પાબી દેવરિયાન વખરો પરેં.. એ..પાબી? મારી મોતિયાંની મૉગી. એ..હૉંપળ મારી વાત..એકેં મુટેં હાસું બોલ નકર વળી હાઉં નેં આવેં. વા! (તંબૂર-સ્વર)એ..માર બૉત્મિયે. હા રે બેં ઘોરા મોકલા. એ..થાર આથમા હેં કેંય ગા? એ..હાસું બોલ.. હા રે મરાઝ અવેં સીતમા હેં, એ..દેવરિયા? હા રે થારા ભતરીઝા... વનમાં રમતા એ..હીખેંરાં કેં મળા. હા રે લેઈન મઢિયેં આવા. હા રે બૉંતેલાંની સેવા કરું. હા રે મનહી થાય એ સેવા કરું.

હા ને બૉંતેલા થકા હેં.. હાઉ! રે હાઉ! હા રે હૉંપળે પાબી વા..ત. હા રે માર રૉમે પૉસ હરદાર મેલા. હા રે કોરાંન એરવા. એંણાંનો મૂઆ મારાંનો પતો નહીં. એંણાંની કૉંય ખબર હેં? ઓ..હ.! વા! વા! (તંબૂર-સ્વર) એ..સીતમા હેં, હા રે લસ્મણન કૉંય કેં, એ..દેવરિયા, હા...રે હારો લેતા એંડતા, એ..મેં પરા બતાવા હેં. અરે તૉણીન બતાવા. હા રે એંણાંની ઘણી સેવા થા...ય. હા રે મરાઝ અવેં લસ્મણ હેં. એ તો વાતો હારી હાસી આવી. હા..હૉંપળ પાબી મારી વા..ત. એ..એંણી વાતમાં ઑટી પરેં તો હાઉ નેં આવેં. હા રે એકે મુટેં હાસું બો..લ. એ..એકતો માર રૉમેં ફળ આલેલાનો દીકરો. હા ને આ બીઝો કેંહો



લેત્તો?(તંબૂર-સ્વર) એ...સતુર હેં, ભલે સાયબા કરણીન કરથાર! હા કેંમનું કઈન ઑમનું પૂરી રવા થઉં. હા ને બીઝું આવીન ઠેં હેં એ..આતો વનમાસ મારવી હેં કેં હું હેં? વા! વા! (તંબૂર-સ્વર) એ..દાદા? એ..મૉનેં તો વાત કરું. નેં મૉનેં. હા રે હૉમેં મુટેં મેળવું. હા રે એંણા દીકરાના તો ઘણા સાકસી પરેલા હેં.. હા રે લસ્મણ હેં.. એ.. પાબી? એક દન નઝરાંની દેખેલી ઝૂઠી થાય. કૉનાંની હૌંપળેલી તો નેં મૉનું. ઝાતો ઝા ધીરું. હા રે હાત સાણણી એ સારું, હૉસ બરાબર કરું. બાર વરહ ભગતિ કરી હેં વનમાં. હા રે તું મનં નેં સેતરી ઝય. હા. (તંબૂર-સ્વર) એ..દાદા? હા..રે. હાત રૂખિયા હેં, હા ઝાઇયેં એંણાંની ધૂણિયે. એ..ઉં તો દૂરી રઉં..તનેંસ હારો લેવો હેં.. આ કેંમ હો આવો હેં નેં? હા રે મરાઝ અવેં, સીતા હેં..અગળ થાય. હારે અવેં રૉમ ન લસ્મણ હેં, વાંહળ કેવા આવેં. એ..આવેં અવેં રૂખિયાંવાળી ધૂણિયે.હા રે મરાઝ અવેં સતુર હેં, રૂખિયાંન કૉય કેં, એ સાતુરો? હા..રે તમારી માળા ઢળી કરાં, હા રે મનં કૉય કરીન હોરી કરવી એંતો એ..અઝી મારતો કૉય થાયન’લા. હા રે મરાઝ રૂખિયા હેં. હા રે અવેં હરિનું નૉમ ઢળું કરેં. હા રે ખોલેં આંખો. હા ને લાંબી નઝરે ઝોયેં. હા રે રૂખરિયા ન રૂખરિયા થઈ ગા....

એ લસ્મણ વાતાં સોળે રે રાવ સાયબા,

લસ્મણ વાતાં સોળે રે રાવ...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ’લા હૌંપળો રૂખિયો મારી વાત સાયબા,
હૉપળો રૂખિયો મારી વાત...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ હાસું હાસું તમે બોલઝો રાવ સાયબા,
હાસું હાસું તમે બોલઝો રાવ..,
દોરી લાગી રે રૉમનાં નૉમમાં ઝી..

એ કેંમહો કુવોરિયો સીતાન મળો રાવ સાયબા,



કેંમહો કુવોરિયો સીતાન મળો રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..હૉંપળે લસ્મણ મારી વાતો રાવ સાયબા,
હૉંપળે લસ્મણ મારી વાતો રાવ...,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..વડો દીકરો અમાંન ભળવો રાવ સાયબા,
વડો દીકરો અમાંન ભળવો રાવ..
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..અમાંન ભળાવી ઝીલવા ગેઈ રાવ સાયબા,
અમાંન ભળાવી ઝીલવા ગેઈ રાવ..,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ પાસી આવી લેઈને ગેઈ રાવ સાયબા,
પાસી આવી લેઈને ગેઈ રાવ..,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..લેઈન ઝાતે અમે નહીં દેખી રાવ સાયબા,
લેઈન ઝાતે અમે નહીં દેખી રાવ....,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ...કોરિયામાં ઝોવું કુવોર નહીં રાવ સાયબા,
કોરિયામાં ઝોવું કુવોર નહીં રાવ....,
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..ડાપાંનો'લા કુવોર બનાવો રાવ સાયબા,
ડાપાંનો'લા કુવોર બનાવો રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..



એ...રૉમઝીન ભઝીન કુવોર બણાવો રાવ સાયબા,
રૉમઝીન ભઝીન કુવોર બણાવો રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

ઠોકીરા રૉમના નૉમનો કુવોર બણાવો રાવ સાયબા,
રૉમના નૉમનો કુવોર બણાવો રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ એંણાં નૉમાં અમે પારાં રાવ સાયબા,
એંણાં નૉમાં અમે પારાં રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

ઠોકીરા લવ ન કુસ નૉમાં પારાં રાવ સાયબા,
લવ ન કુસ નૉમાં પારાં રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ લસ્મણ દેવોર વાતાં મૉનેં રાવ સાયબા,
લસ્મણ દેવોર વાતાં મૉનેં રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..એતો વાતાં હાઉ હાસી રાવ સાયબા,
એતો વાતાં હાઉ હાસી રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..સીતમાના મ્હાર ધણી આવા રાવ સાયબા,
સીતમાના મ્હાર ધણી આવા રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ લસ્મણ દેવોર વાતાં સોળે રાવ સાયબા,
લસ્મણ દેવોર વાતાં સોળે રાવ...



દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ પાબી અમારા કોરા તેં બૉંતા રાવ સાયબા,
પાબી અમારા કોરા તેં બૉંતા રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ એંડાં દેવરિયા કોરા વતારું રાવ સાયબા,
એંડાં દેવરિયા કોરા વતારું રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ..તમાર નોકર સાકર વતારું રાવ સાયબા,
તમાર નોકર સાકર વતારું રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

એ એંડકેં સીતા ઘેર ઝાઇયેં રાવ સાયબા,
એંડકેં સીતા ઘેર ઝાઇયેં રાવ...
દોરી લાગી રે રૉમના નૉમમાં ઝી..

ઠોકીરા કાળા તીલ તો પરા પેળિયા રાવ સાયબા,
કાળા તીલ તો પરા પેળિયા રાવ...
દોરી લાગી રે રામના નૉમમાં ઝી...

અરે દેવરિયા રૂખિયાંન મું મળતી આવું રાવ સાયબા,
દેવરિયા રૂખિયાંન મું મળતી આવું રાવ...
દોરી લાગી રે રામના નૉમમાં ઝી...

અરે દોરીમાં મનં હોરી દે રાવ સાયબા,
દોરીમાં મનં હોરી દે રાવ...
દોરી લાગી રે રામના નૉમમાં ઝી...



એ..ગુણાંના તો ગુણ ગાઇયેં રાવ સાયબા,
ગુણાંના તો ગુણ ગાઇયેં રાવ...
દોરી લાગી રે રામના નૉમમાં ઝી...

(તંબૂર-સ્વર) તો મરાઝ..એ રૂખિયાંની તૂણીએ આવેં.. હા...રે. અવેં લસ્મણ હેં, હા રે ઝાતો ઝાત હારો કૉય લેય. એ...રૂખિયો? હા..રે ઝલમ તપ ઉપર બેઠેલા. હા...રે. તમાર માળાની સૉગન. હાસું હાસું બોલઝો. હા રે મહરાઝ અવેં રૂખિયા હેં, આથેં કરેલું હાસું કેંમ નેં બોલાય. હા રે અવેં લસ્મણ ન કૉય કેં.. એ..લસ્મણ રૂખરિયા.. હા..રે હૌંપળે મારી વા..ત. એ..સીતમા અતી, હા રે અવેં ઝીલવા ઝાવાની ઊમા આવી. એ..ઝીલવા ગઈ. કુવોર અમાંન ભળાવો.. એ..નેંમમાં રઈ ગા... હા..રે. સીતમાન તો હોયણું આવું. હા તે કોઈ કેંનારું મળું... એ સૉની સૉની આવી તે લેઈ ગઈ.. હા રે અમાંન ખબર નેં પરી. વા! વા! તે હૉહતા રઈન ઝોતા. હા...તે કુવોર નઝરમાં નેં આવો... હા..રે અમે ડાપની ગૂસળી બણાવી. હા ને કુવોરને વાસ્તે તો ઘણાં વળખાં કરાં હેં..એ..કોરા કપર મેલા. કાસા કણિયોરની કૉબ..એ..અમે હાતે રૂખિયે. રૉમ ભઝા... હા તે રૉમનું નૉમ લેતું. એ..કુવોર તો તમારો સ હેં'લા..એ..થારા નૉમનોસ કુવોરિયો હેં. હા રે સતુરને કોઈ અવળું તળવું નેં બોલઝો. રીહ રૂતો માં રાખઝો...હારે મહરાઝ અવેં લસ્મણ હેં.. ઓ! રે ઓ! રે વાત હાસી હેં...હા રે લસ્મણ મૉનેં...હા ને પાબીન કૉય કેં, એ.. પાબી, વાત તો પરી હાસો હાસ..! એ..અવણ ઘોરા કેંહેળા હેં...હા ને પેલા વૌંહળ નોકર કાટા એ એંડાં પરા સોરાં.. હા ને ઘેંરની વાટ હપાળાં... હા રે સતુર હેં... ઘોરા પરા સોરેં..નોકર સાકર સોરેં... હા રે (હસતાં) ધણિયાં આથો આથ. અરે મરાઝ અવેં ઘોરા હેં એ લવ અને કુસ બેઆંન આલેં. હા રે મરાઝ અવેં સીતમા હેં..એ..રૉમ લસ્મણ ન કૉય કેં... એ. દેવરિયા? તમે તો વાદળમેંલમાં રાઝ કરતા. હારે હોરી દોરીમાં મનં રૂખિયા ઘણા આવેલા. એ..ગણાંના અવગણ નેં કરિયેં.. હા મળીન પાસી આવું. આસી તો દેતી આવું. હા રે મરાઝ સીતા હેં, હા રે અવેં રૂખિયાંની ધૂણિયે કૉય આવેં. હા ને અવેં રૂખિયાંન કૉય કેં, એ..રૂખિયો? મોરા મોરા બેહઝો. ખાઝો, પીઝો, કરઝો રાઝ.



હા રે મારતો અવેં ઝગળની સીઠી ઊતરી હેં એવું લાગેં હેં.. હા રે ઘેંર ઝાઈન કેંમ થાય ન કેંમ નેં હા ને વારતા કેવી હાલેં..

સતિયાંની માર તૂણિયેં આવેં, (૨)
સીતા વાતાં સોળો...હો...

હૉંપળો રૂખિયો મારી વાત, (૨)
સોળું દલાંની વાતો હો...

વન માર વન તો પૂરું થવું'લા, (૨)
હૉંપળો રૂખિયો વાતો...હો...

એ'લા ઘણા હોરા રે રેંઝો, (૨)
લેઝો હરિનાં નૉમો હો...

એ'લા હારા રૂખિયા પૉગાંમાં પરેં, (૨)
હૉંપળે સતુર વાતો...હો...

(એક બાણિયો - એ..સેલી રૉમ રૉમીઓ સૂટેં! મુખ્ય ગાયક - હા!)

ઘણાં વનાંની રેંનાર રે, (૨)
માર હૉંપળે સતુર વાતો..હો...

લકામાં ઝાઈન ભગતિ કરી,(૨)
હૉંપળે સતુર વાતો...હો...

લકામાં તેં માળા રટી, (૨)
હૉંપળે સતુર વાતો...

એ વનખડાંમાં તેં માળા રટી, (૨)
હૉંપળે સતુર વાતો...હો...



અમારી ધૂણિયે માળા રટી, (૨)
હૉંપળે સતુર વાતો...હો...

એક બાપાની તું દીકરી વાઝે, (૨)
હૉંપળે સતુર વાતો...હો...

એ'લી હાત હાત થાર બાપ વાઝેં, (૨)
હૉંપળે સતુર વાતો..હો..

સતી સીતા માર હાથે ઝાય રે, (૨)
રૂખિયા પગાંમાં પરો...હો...

બાપરી એકેં ધણીની નાર વાઝેં, (૨)
હૉંપળે સતુર વાત...હો...

બાપરી ઘણી ફરી પૉણ સત નેં સૂકી, (૨)
હૉંપળે સીતા વાતો...હો...

બાપરી મોરી મોરી તું તો ઝાઝે, (૨)
હૉંપળે ભગતાંણી વાતો..હો..

(તંબૂર-સ્વર) ઓ...મરાઝ. એ..સતુર. એ..અવેં રૂખિયાંની ધૂણિયેં આવેં. એ..અવેં રૂખિયા હેં, હા રે અવેં માળા રટવી ઢળી કરેં. એ..બાઈ? હા રે અવેં રૉમ આવો લેવા. એ..ઝાવું હેં કેં નેં? હા...રે સતુર હેં... તમાંન હીખ દેવા આવી..એ..ભગતિ કરઝો. હરિનું નૉમ લેઝો. હા ને ઘણા મોરા બેહઝો. હા રે મહરાઝ અવેં સતુર હેં, ગણાંના ગણ ગાઇયેં. હા રે મહરાઝ અવેં તમાંન મળીન ઝઉં. હા રે મહરાઝ અવેં ધરો રૂખી હેં, સીતાન કૉય કેં, એ...સતુર? એ ઘણે ઘણે ફરી પોતાનું સત નેં સૂકી. હા રે લકામાં રઈ આવી. હા રે વીસ તો આથ ન દસ માથાં. એંણા ધણીનું સત નેં સૂકી.. એ..હાગી પૂરી અસતરી હેં. હા રે એક બાપની દીકરી નહીં. હાત બાપ ઘણા... એ...અવેં રૂખિયા હેં. અવેં સીતાન કૉય કેં, એ સતુર? હા રે અવેં બેં વખત તો વનમાં રઈ. એક વખત અમાં કનેં



રઈ. હા રે સત નેં સૂકી. પૂરી ભગતાંણી હેં.. એ.. મોરી મોરી ઝાઝે! હા ને અવેં રૂખિયા હેં.. એ.. હારા પૉગાંમાં કૉય પરેં! અમે એક ઠેકાંણે ભગતિ કરતા. તું આવી ઝૉણવા ઘણું મળું. વા! વા!(તંબૂર-સ્વર) એ..અવેં સતુર હેં, હા રે રૂખિયાંન કૉય કેં, ઘણા મોરા બેહઝો! હા રે અવેં કૉય ફરી મળિયેં એવું લાગતું નહીં. હા સેલી રૉમ રૉમી હેં! રૉમનું નૉમ લેઝો. હાઉ લાગેં તો મારું લેઝો...ખમા! (તંબૂર-સ્વર) એ..સતુર હેં..હા રે લળવળ પરદખણા દેઈ પાય લાગેં.. હા રે નમી નમીન. હા રે રૂખિયા હેં..એ.. પૉગાંમાં પરેં. મોરી મોરી ઝાઝે.. હા ને કરઝે વેકુટનું રાઝ. હા રે અવેં પાસી તો કેદિ' નેં મળેં. હા રે સતુર હેં... હીખમત દે...ય. હા ને અવેં ખેરિયે થકી કૉય આવેં. હા ને વારતા આગી હાલેં..

એ..બાપરી રૉમની સેવા કરિયો,
રૉમની સેવા કરિયો, માર સીતમા... રા...ઝી...

એ...હાગી સતી હેં નાર રે,
સતી હેં નાર રે...માર સીતમા... રા...ઝી...

એ..સીતા મઢિયે આવેં,
સીતા મઢિયે આવેં, માર સીતમા... રા...ઝી...

એ...સતુર મઢિયે પાયે લાગેં,
મઢિયેં પાયે લાગે...માર સીતમા ... રા...ઝી...

અરે સતુર નમી નમી પાયે લાગેં,
નમી નમી પાયે લાગે, માર સીતમા ... રા...ઝી...

એ ખાંમદો મઢી હોરી રેંઝો,
મઢી હોરી રેંઝો..., માર સીતમા... રા...ઝી...

એ..વનખડ માર પિયોર રે,
વનખડ માર પિયોર રે, માર સીતમા... રા...ઝી...



(એક બાણિયો – એ ઘણાં વરહાં વીતાં હેં...! મુખ્ય ગાયક – ખમ્મા!)

અરે..બાપરી કુહાઈ થઈન રઈ,
કુહાઈ થઈન રઈ, માર સીતમા... રા...ઝી....

એ ઘરે હોરી રેંઝો,
ઘરે હોરી રેંઝો..., માર સીતમા રા...ઝી...

સીતમા વાદળમેંલમા

એ માર ઝાવું હાહરી માંય રે,
ઝાવું હાહરી માંય રે..., માર સીતમા... રા...ઝી...

બાપરાં ખેરિયાં ખેરિયાં આવેં,
ખેરિયાં ખેરિયાં આવેં, માર સીતમા રા...ઝી...

બાપરાં પૉસ હેં રે સતિયાં,
પૉસ હેં રે સતિયાં, માર સીતમા... રા...ઝી...

એ..વન ખડ પૂઠણ મેલે,
વન ખડ પૂઠણ મેલે, માર સીતમા... રા...ઝી...

ઓ હો કદળી વનમાં આવેં,
કદળી વનમાં આવેં, માર સીતમા... રા...ઝી...

અરે સતિયાં હાગ વનમાં આવેં,
સતિયાં હાગ વનમાં આવેં, માર સીતમા... રા...ઝી...

અરે બાપરાં પસમ ખડમાં આવેં,
પસમ ખડમાં આવેં, માર સીતમા... રા...ઝી...



એ બાપરાં ખેરિયાં આવણાં લાગાં,
ખેરિયાં આવણાં લાગાં, માર સીતમા... રા...ઝી...

એ રૉમો સીતમાન લેઈન આવેં,
સીતમાન લેઈન આવેં, રૉમઝી... રા...ઝી...

(તંબૂર-સ્વર) એ..મરાઝ? હા...રે અવેં સતુર, એ..અવેં રૂખિયાંન કૉંય કેં, મોરા મોરા બેહઝો! હા રે અવેં કરઝો વનાંખડાંનુ રાઝ! હા રે અવેં મટિયેં આવેં એ..ફરી ફરી પરદખણા દેઈ પાયે લાગેં.. એ..ઘણી હોરી રેંઝો મટ્ટી. ઘણા વરહ રાઝ કરું.. હા રે મારી ધરતી માતા ઘણી હૉરી રેંઝે. હા રે અવેં રૉમ લેવા આવો હેં.. એ.. આથેં મેલીન આથેં લેવા આવો હેં.. હા રે અવેં મનરાં વાળું. હા તે પરી ઝઉં. (તંબૂર-સ્વર) એ..અવેં સીતમા હેં, હા રે મહરાઝ ફરી ફરીન નમણ કરેં. એ..હારે અવણિયાં ઘણા દન થઈ ગા! હા ને ઘણાં વરહાં વીતાં. હા રે અવેં લખનારીના લેખ. અવેં લેખ પૂરા થા હેં. હા રે અવેં વનખડ તો માર પિયોર ઝેવું હેં! આદમીનું મુટું નેં ઝોવું... એ..વનખડ માર આઈન બા! હા રે અવેં ઝઉં હાહરીમાં. ખમા! (તંબૂર-સ્વર) એ..વનખડને પગે લાગેં.. હા રે હોરો રેંઝેં વન ને ખડ! હા રે બાળી ભોળી અતી, તે દિ'યાંની રઈ હું. એ વનાંખડાંમાં ઘણું રાઝ કરું. હા રે હોરીય કરું દોરીય કરું. હા રે દુઃખ વેઠું કે સુખ વેઠું. એ..લખેલું તો બત્તું પૂરું કરું હેં. હા અવેં ખાંમદાંન હું ખોટ રઈ અહેં.. એ..અવેં તો ઘેંર હારું મુટું ફરું હેં. હા રે સતુર હેં.. હા રે અવેં પૉસ સતિયાં, હા ને બાપરા પૉસ તો અવણ નોકર સાકર. હા રે ખેરિયા થકાં કૉય આવે. દસ પૉસનો ટોળે થા...ય. કેંવા હરખી વાત. ખેરિયાં થકાં આવેં.. એ...વનખડ પૂઠણ મેલે. હા રે કદળીવનમાં આવેં. કદળીવન પૂઠણ મેલે. એ..અવેં હાગવનમાં કેવાં આવેં. વા! વા! (તંબૂર-સ્વર) એ..હાગવન પૂઠણ મેલે. હા રે અતરા ખડમા આવેં. હા રે મહરાઝ અવેં સતિયાં હેં... લાંબી ફાળ સોટે પગલે, ખેરિયાં થકાં આવેં.. હા રે અવેં અતરાખડ પૂઠણ મેલેં.. હા રે અવેં પસમખડમાં કૉય આવે. એ પૂરુપખડમાં આવેં. હા ને ખેરિયો થકાં આવેં. આવેં વેકુઠની વાટ.



હોદાવઝી રે રૉમઝી લસ્મણન વાત સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ હોંપળે મારી વાતાં,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ ઝાઝે વેકુઠમાં રે,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે તું તો વાઝમી વૉલ હણગારેં,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ વાઝમી વૉલો લેઈન આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ ખેરિયે ઝાવા લાગો,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ વૉલો લેઈન આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ રૂપે પરી ઉઝળી,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લસ્મણ હોને પરી ઘૂઘળી,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે એ’લા હોંપળે નગારસી વાતાં,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...

હોદાવઝી રે નગારસી નગારું વઝારાં,
હોદાવઝી રે રૉમ રાખેં ઍંમ રઇયેં ઝી...



હોદાવઝી નગારસી નગારું વઝારેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

(એક સ્ત્રી બાણિયો – એ..વેરાગ આવેલો તે દિ'યાંનું ઊતું વાળેલું અતું!
મુખ્ય ગાયક – હા!)

હોદાવઝી રે બાપરાં ગૉમ્માં ખબર ઓઇયાં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે એ'લા આખી નગરી ઝૉણેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતા ઘણાં દનાંની આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરું લાવ લસકર આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરો સીતાન લેવા આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે વૉલિયો વૉલ ન આખેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે લોકો ખેરિયાં આવણા લાગાં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે બાપરાં સીતા કનણ આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે રૉમો સીતાન વાતાં સોળે,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...



હોદાવઝી રે એ'લી હૉંપળે સતુર વાતો,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતાન વૉલાંમાં બેહારેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

(એક સ્રી બાણિયો – એ..ફૂલરાંનાં સોહરાંમાં! મુ.ગા. હા!)

હોદાવઝી રે બાપરી ગાઝાં વાઝાં વાઝેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે એ તો તેંણ મા દીકરાં બેહે,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે વૉલિયો વૉલ આખેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતાન મૉનહી લેઈન આવેં,
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

હોદાવઝી રે સીતા વાદળ મેંલમાં આવેં...
હોદાવઝી રે રૉમ રાખેં એંમ રઇયેં ઝી...

(એક સ્રી બાણિયો – એ દાદા? એ તો રૉમે સત નહીં સૂકો! સીતાયેં નહીં સૂકી! અવેં તમે તો આ કળઝુગનાં મૉનવી તો બાર દન નેં રય!)

(શ્રોતાજનો – હાસી વાત હેં ઝમાંના પરમાંણ તો!)

(તંબૂર-સ્વર) તો...મરાઝ... એ....અવેં રૉમઝી હેં... હા રે લસ્મણન કૉય કેં, એ..બૉતમા? હા રે ઘણે રીહવીન કાટી. હા રે વનખડ વેઠીન આવી.. થોરું તો મૉન આલવું પરેં'લા. વા! વા! (તંબૂર-સ્વર) એ હમાસાર કરેં નેં વળેં.



હા રે આથો આથ ઝાવું પરેં. એ..તું ઘેંર ઝા. વૉલિયા વીરાન હમાસાર કરઝે. વૉલ હણગારીન ઑણી ઘરીમાં આવઝો. હા રે અવેં નગારસીન ખબર કરી. નગારે ડકો પારેં. હારે અવેં આખા સેંરિયામાં ખબર પરેં. હા રે એ..ઝેંણાંન મૉન અહેં એ આવહેં. એ નેં મૉન એં એ કૉય નેં. વા! વા! એ અવેં લખમણ હેં, લાંબી ફાર સોટે પગલે. હા રે ખેરિયો થકો કૉય આવેં. હેરી બઝાર પૂઠણ મેલે. ધરમર સરેં વાદળન મેંલ. એ..અવેં વૉલિયા વીરાન કૉય કેં, એ..વીરા? હારે રૂપે કર ઉઝળી. હોનેં કર ગૂગળી. હા રે અવેં વૉલ હણગાર ઝલદી. એ..અવેં વૉલિયો હેં. મોટાં ધણિયાંના બોલ. અપાગિયાનાં ભોગ લાગેં. હા રે અવેં વૉલિયો હેં. હણગારીન તેયાર કૉય કરેં. હા ને અવેં નગારસી વીરાને એલો મારેં. એ.. નગારિયા? હા રે ઊતું હેં તે હમું કર. નગારે ડકો પાર. હા રે સીતા મેંલાંમાં આઝ આવેં. ખમા! (તંબૂર-સ્વર) એ..અવેં રૉમ હેં.... અરે મહરાઝ અવેં ગાદી નહીં બેહતો. હા રે ભરત હેં, હા રે મોઝરું મેલે. મોટો ભાઈ એં હેં. હા એંણા પેંલા ઉં ગાદી નેં બેહું. આઈયેં કરી ઘણી આઈ વાળી. હા પણ ગાદી નેં બેહું. હા રે મહરાઝ સતિયાં હેં. હા રે તોપ નેંસણાં વાઝેં. હા રે અવેં વાઝાં વાઝેં. હા ધૂસાં વાઝેં દરિયાને પાળ. હા રે અવેં ખબર કૉય થાય. એ..મું પૂસું તનં.. તું પૂસેં બીઝાન.હા રે હમાસાર કૉય મળે. હા રે મહરાઝ અવેં લાવ ને લસકર તેયાર થાય...હા અવેં સીતાન હૉમેરે કેવાં આવેં. વા! વા! (તંબૂર-સ્વર) એ...અવેં સીતમાના હૉમેરે આવે. હા રે મહરાઝ વાઝમી વૉલ લેઈન. હા રે અવેં ખેરિયાં થકાં આવે. હા રે રૉમ હેં...સતુરન કૉય કેં.., એ..સીતમા? હા રે અવેં મૂળો થઉં હેં.. એ...ઝલમ વનમાં રાખિયેં ઠીક નેં આવેં. કાપલે દાગ ઝોઈઝે.. આખો દેસ દેખેં. હા રે પેટમાં દાગ કોઈ નેં દેખે. હા રે પણ એ દાગ ખૂટેં.... હા રે ખોળિયાન માથે કૉય નેં મેલે. (તંબૂર-સ્વર) એ..અવેં હૂઆ મારેં..હા...સતુરન હમઝાવેં. હા રે માર આઈ અતી પણ મૂળો બોલી અહેં.. એ..માં ગણઝે. નીર ઝેવી નરમળી થાઝે! હૂરુઝ ઝેવી સોખીસ થઈ ઝાઝે.એ...દીલમાં કૉયસ રાખે માં. હા રે અવેં મું તો થારો ખરો હું કેં...હા રે વાઝમી વૉલ લેઈન આવેં. હા ને સીતા હેં.. હા રે અવેં વાઝમી વૉલમાં કૉય બેહારે. હા રે એક માયર બે દીકરા.. હા ને સતાં લેઈન આવેં હેં.



વૉલિયો વીરો વૉલ આકેં. હા રે અવેં ગાઝાં વાઝાં વાઝેં. બાઈ ગીતારિયો ગીતાં ગયે. એ..રૉમને સીતા વનમાં અતી. હા તે આઝ આવી.. હા રે ડકો ફીટેં. વા! વા! (તંબૂર-સ્વર) એ..અવેં ખેરિયાં ખેરિયાં આવેં. હા રે ગૉમ ગૉદરાં પૂઠણ મેલે. હા ને અવેં મૉણકસૉકમાં કૉય આવે. એ..મૉણકસૉક પૂઠણ મેલે.. હા રે મહરાઝ અવેં હેરી બઝારે આવેં. હા રે અવેં ગાઝાં વાઝાં વાઝેં. હા ને ધૂસાં તો દરિયાના પાર વાઝેં. હા રે અવેં દેસન પરદેસમાં ખબર પરેં. સતુર આઝ ઘેંર આવી. હા રે સીતમા સતુર ના..ર. ઘેંર ઘેંર સતુર નાર નહીં. એ હારે તળાવે કમળ નહીં. હા રે બત્તી વારિયાંમાં સદણ નહીં. હા રે બાઈલિયો તો કેંક અહેં. એ..હાગી ભગવૉનની એક દીકરી! (તંબૂર-સ્વર) એ..અવેં સતુર હેં, હા રે અવેં મેલાં નેંસી આવેં. હા રે માફામાહી નેંસી ઊતરેં. અરે મહરાઝ અવેં હાહુ હેં. તે.. સતુરન કૌંય કેં, હા ઘણાં દનાંની આવી.. હા રે એક વખત...હા ઝૅલ ભોગતે, બીઝે વખત સરકારનેય માફી મૉગવી પરેં. એ ભૂલ અતી કેં નતી. બત્તી માપ કરી. હા રે અવેં કકુને કૉય વૉરેં. માર દીકરાની વઉ ખરી. (હસે છે.) (તંબૂર-સ્વર) એ..અવેં સતુર હેં. હા રે મહરાઝ અવેં તીલેન વૉરેં. સોખલિયા હેં. હા રે અવેં સોનગરો થાળ. હા રે વઉરી. હા રે માર દીકરાની વઉ! દીકરો આલીન દીકરી લેતી! દલરે દઃખ માં ઑણઝે. હા રે રીહમા ઘણું કઉં અહેં. આઝ બધાં કરવાં ગાદીએ રાળ! મેંઠાં ઉપર કરઝે! હાહરો તો પરો મૂઓ. એ..રૌંડી હું. મારીએ થાઝે. હાને વારતા કેવી હાલે.

એ મેંલમાંના માર વાઝાંન વાઝે હો..
એ સીતમા ઘેંર આવી,માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..

એ’લા સતુર સીતા ઘેંર આવી હો...
બાપરી વનમાંહી ઘેંર આવી, માર તારણવાળો રૉમ,
રૂખરિયો આવેં ઝી..



એ પૉસ રે મૂરખિયાંની ટોળી રે મરાઝ..
હો...ને માઝી રે અમે કેંમ રે મૂરખિયો રે...ઝી...

તેં તો સીતમા કણી કરી રે મૂરખાઈ રે રા..
રૉમને મેલીને રાવણન ગિયાં રે...ઝી...

તેં તો સીતમા કણી કરી રે મૂરખાઈ રે રા...
એ લકાંગડાંનું રાઝ રડાયું રે હા...ઝી...

તેં તો લસ્મણ કણી કરી રે મૂરખાઈ રે..
એ હૂરઝીના રથમાહો ભમરો પારિયો રે..રા...

તેં તો લસ્મણ કણી કરી રે મૂરખાઈ રે રા...
એ ભમરો પારીન રાવણ મારીઓ રે..રા...

'લા રૉમઝી કણી કરી મૂરખાઈ રે રા...
એ'લા ભગત ઓતોન મરઘો મારીઓ રા...રે...

તેં તો રૉમઝી કણી કરી મૂરખાઈ રે...(૨)
એ મરઘો મારી ન સીતમાન કૉંસુઓ હિવરાવો ઝી...

તેં તો આંઝણી કણી કરી મૂરખાઈ રે..(૨)
તારું સત લઈને પથરમાં લપિયાં ઝી..

તેં તો આંઝણી કણી કરી મૂરખાઈ રે...રા
એ..હે કુઆરી અતીન અરમાંન ઝણિયો રે..રા...

(એક બાણિયો – એ ઘણું ખોટું કરું! હા!)

તેં તો આંઝણી કણી કરી મૂરખાઈ રે..રા...
એ અરમાંન ઝણીન ગુરાંઆંન કરાંખ લગારીઓ રે..રા..



એ'લા અરમાંન કણી કરી રે મૂરખાઈ રે રા...
એ'લા દરિયો અડોળત તાર એંદરી ખલિયાં રે...રા...

તેં તો એરુમાંન કણી કરી રે મૂરખાઈ રે રા...
એ'લા પૉણીરા મા ઝોતો નેંપઝાયો રે..ઝી...

તેં તો અરુમાંન કણી કરી રે મૂરખાઈ રે રા...
એ લકા પર લકામા તેં હોનું નેંપઝાવું રે...ઝી...

તેં તો અરુઆ કણી કરી રે મૂરખાઈ રે રા....
એ'લા મેર-સેમેર તેં તો દરિયામાં નૉખિયા રે...ઝી...

પરબત દરિયામા નૉખી અમર ઝોત લાવી રે...ઝી...

(તંબૂર-સ્વર) એ..અવેં હાહુ હેં. અરે મરાઝ અવેં કૉંય કેં. એ સીતમા વનવાસ વેઠો પૉણ કણું અવળું કરીન આવાં.. એ..પગતિ કરી. વનમાં રૉ..લકામા ઝઈન આવી. કણું સત હાસવું.. હા રે તાલી નેં આવેં વાત..એ લકામાં ગેઈ.. લકાનું રાઝ ઉઝોર કરાવું. હા રે મરાઝ અવેં લસ્મણન કૉંય કેં, એ લસ્મણ પૉસ મૂરખિયાંની ટોળી.. એ. લસ્મણ? એ હૂરઝીના રઠમાહો ભમરો મા...રો. રાવણ રાઝા પરો મા...રો. હા...રે મરાઝ અવેં રૉમઝીન કૉય કેં... એ રૉમા? હા રે સાર ખડ સઉદ ભવનનું રાઝ તનં આલું. હા..રે પૉણ ઝગમા ખોટું કરું.. હા રે ઘણો સતિયો અતો. હા તે વારી તો ભેળી.. મરઘો મા..રો... એ વેળનું ઝનાવર મારું.. હા ને સીતાન કૉંસુઓ હિવરાવો..હા ને અવેં બીઝાન પૂસેં.. એ આંઝણી? ઘણી કરી મૂરખાઈ! એ..કુઆરીન અરમાંન ઝણહેં...હા...રે કુઆરી અહેંન સોકરો ઝણે. એ એવા થારા લેખ લખેલા અતા. એ લેખાંના વાસતે પથરમાં પેઠી. પૉણ તૉય કુઆરીએ ઝણો. તોય નેં મેલી પેલે મૂરખે.. ગુરાંન કરાંખ તેં લગારો.. એ અરમાંન? તાલી નેં વાત... એ..ઘણો બળવતી ઝોતો નેંપઝાવો... હા રે અવેં લકામા ઝાતેં.. દરિયો અડોળતેં એંદરી ખલી.. એ પૉણીરાંમા ઝોતો પાકો... હા...રે કળીઝુગમા કણો નાસ કરહેં.. એ..અવેં લકામા ગો..હારે લકામા ઝાઈન



હોનું નેંપઝાવું. હા..રે ઘણું ખોટું કરું... એ રૉણો રાવણ મારો. લસ્મણ સુરતાન લાગી. હા રે આઁખે ઑઝણ વળી. મેર-સેમેર દરિયામાં નાખા. હા રે ઝોત ઑણી. હા..તે કળઝુગ હુતી હેંડી. હા..રે ભલે આવું સતિયાંનું નૉમ. હા રે ઝુગો ઝુગ નરવાંણ..ઝુગો ઝુગ નૉમાં... હા ને વારતા કેવી હા...લે...

રૉમ-લસ્મણ ઝગની ફેરીએ

એ રૉમઝી વાતાં સોળે..(૨)
બૉતમિયા રા...ઝી....

એ..હૉંપળે લસ્મણ વાતો...(૨)
બૉતમિયા રા...ઝી....

ઝાઇયેં કલમ કસેરીઆં... (૨)
બૉતમિયા રા...ઝી....

ખેરિયા ખેરિયા આવેં...(૨)
બૉતમિયા રા...ઝી....

એ....હેરી બઝારાં આવે...(૨)
બૉતમિયા રા...ઝી....

ઓ...આવેં રાઝ મેંલમા...(૨)
બૉતમિયા રા...ઝી....

એ..એખા બાપની ગાદ્દી વાઝે...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે બૉતમિયો અગેહળો મિળવા આવેં..(૨)
બૉતમિયા રા...ઝી....



અરે પાઇયા કણા દનાંના આવિયા...(૨)
બૉતમિયા રા...ઝી....

ઓ હો! સતુર ભઝ હેં બૉતમા....(૨)
બૉતમિયા રા...ઝી....

બાપરા મિળણાં મિળેં રોયેં રે... (૨)
બૉતમિયા રા...ઝી....

બૉતમા બાપ પરો મરિયો રે...(૨)
બૉતમિયા રા...ઝી....

એક બાણિયો – એ કસું લાગું!....હા!

અરે! તમે મેલિયા વનમા ગિયા રે...(૨)
બૉતમિયા રા...ઝી....

એ બાપુ પરો મરિયો...(૨)
બૉતમિયા રા...ઝી....

એ અમે ગાદીયેં નહીં બેઠા....(૨)
બૉતમિયા રા...ઝી....

એ બૉતમા ગાદીયેં મોઝરી મેલિયાં...(૨)
બૉતમિયા રા...ઝી....

એ રૉમો હારો લેવ..(૨)
બૉતમિયા રા...ઝી....

બાપુ કેંમે મરિયો....(૨)
બૉતમિયા રા...ઝી....



એ..સતુર વાતાં સોળેં...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે ભાઇયા તું તો સતિયો વાઝે...(૨)
બૉતમિયા રા...ઝી....

એ રૉમઝી વાતાં સોળેં..(૨)
બૉતમિયા રા...ઝી....

અરે બાપુન હરાપ લાગિયો (૨)
બૉતમિયા રા...ઝી....

એ..બાપુ દરિયાનો રખવાળી...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે! હરવણ કુઓર આવિયો..(૨)
બૉતમિયા રા...ઝી....

અરે! બાપરો હરવણ પરો મારિયો...(૨)
બૉતમિયા રા...ઝી....

એં..એંણો હરાપ લાગિયો...(૨)
બૉતમિયા રા...ઝી....

એ બૉતમો પોતાની ભાલરી પોતેં...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે એંણાની ભાલરીની નેંણની...(૨)
બૉતમિયા રા...ઝી....

નૉખ વટાવતેં લાગી રેં...(૨)
બૉતમિયા રા...ઝી....



અરે! બાપુન તેંણ તેંણ રૉણીઓ વાઝેં...(૨)
બૉતમિયા રા...ઝી....

ઓ...બૉતમા વાતાં સોળે..(૨)
બૉતમિયા રા...ઝી....

(તંબૂર-સ્વર) એ રૉમઝી હેં..એ અવણ મનમા વિસાર કરેં..એ આવે કણા દન થઈ ગા..એ વાત એવી હપળાય..હા, રે મરાઝ રાઝગાદ્દી હૂની. બાપુ પૂરો મરો...એ હૉંપળે લસ્મણ વા..ત. એ આઝ તો ઝાઇયેં રાઝ મ્હેંલમા...હા રે પાયાંન હારો તો લઈયેં.. હા રે કેંમ હેં..કેતરા સુખિયા કેતરા દઃખિયા? હા...રે મરાઝ અવેં બેં પાઈ હેં..એ ખેરિયા થકા આવેં.. હા...રે અવેં ધરમર સરેં વાદ્દળન મેંલ..એ.. રાઝમેંલમા કૉય આવેં. (તંબૂર-સ્વર) એ અવેં સતુર નં ભઝ હેં.. હા...રે મરાઝ અવેં અગહેળા મિળવા આવેં. હા મિળી હૉમળી. પરદખણા દઈ પાયે લાગે. હા...રે સાથી કેવી ભરાય! હા રે અવેં મિળવા ઝાય નં કેવાં રૂગાં રાળે...અવેં ઝગમા આવેં ખોટું કૉમ. હા..રે તમે રઈ ગા વનાં ખડાંમાં. બાપુ પરો મ...રો..એ..સીતાન મેલી વનમા...હા...રે તમે રા વનમાં. હા રે પાઈ પાઈ ઝુદા પરા...એ ઘણું ખોટું આવું.. હા...રે તમારી સીન્તામા તમે નેં આવા. હાને રાઝગાદ્દી હૂની પ...રી. હા ને કણું ખોટું આવું. (તંબૂર-સ્વર)એ રૉમઝી હેં...હા...રે સતરુ ભઝન કૉય કેં..એ બૉતમો? આઝર નતા.. હા..પણ હાઝો કેં મૉંદો? હું દખરાં થાં? હા...રે મરાઝ અવેં.. પાઈ હેં... સતુર-પઝ કૉંય કેં... એ બૉતમા? તું મોટો વાઝેં. તનં અગળ અમાંન ખબર નેં એં.. એ એંણીન વાતો ન તનં ખબર.. હા...રે મરાઝ અવેં રૉમઝી હેં..એ કૉય કેં'લા...એ બૉતમો? એ પોતાનું કરમ, હાથે આવું હેં... ઝગમા આવું ખોટું ન કૉમ...તે દરિયાની સૉકી રો બા..હા..રે તેદિ' હરવણ કુઓરીઓ અતો.. એ, ઑંતો- ઑંતીન લેઈન આવતો'લા. હા..રે ઘણો હોરમમાં અતો.. એવામા કણું ગઝબ કરું. એ..અવેં ઑંતળાંન મેલાં પાળેં.. અવેં હરવણ આવો પૉણી લેવા.એ...બાનો દોહ તો નતો..હા પણ સૉકી અતો..કરો બૂડણતેં તીર ખેંસું'લા...હા...રે હરવણ પૂરો મા...રો...હા...રે મરતે હરવણે હરાપ દેતો. એ ઑંતળી ન ઑંતળે હરાપ દેતો.



એ ઑણે ભાલોરેં તું મરે.. હા...તે ઑણે પાલોરે સ આપણા બાપનું મરણ થઉં. હા...તે પોતાની પાલરી પોતે આવેં.. ખાટારી એં તો મૂઈ નૉખી દેઝો... (તંબૂર-સ્વર) એ અવેં સતિયા હેં, હા.. તે મનં તનં વાત કરેં... એ બાપુ તો પરો મૂઓ. હા...રે અવેં વેકુટનું રાઝ કુણ હપાળેં? હા...નેં પરથમીની ખબર કુણ રાખે? હા..રે મરાઝ અવેં સતિયાં હેં..રૉમઝી કૉય કેં.. એ બૉતમો? રાઝગાદ્દી નહીં ભોગવણી માર તો. એ તમે હાંન હું કરા મોઝરી મેલીન સલવું? હા...રે ઉં તમાંન ઉસલું નેં બોલાંન. હા...રે રાઝગાદ્દી હૂની રાખી.. ખોટું આવેં કૉમ... ગાદ્દીયેં તો ઉં પરો બેહારું તમાંન...હા...રે સૉરાડનો ફેરો માર ફરવો.. હા...રે આખી પોવીની ખબર રાખવી..હા...રે અવેં ભાયાંન કૉય કેં. હા..ને વારતા આગી કેવી હાલે...

રૉમઝી વાતાં સોળે...(૨)
બૉતમિયા રા...ઝી....

એ હૉંપળો બૉતમો વાતો...(૨)
બૉતમિયા રા...ઝી....

એ રાઝગાદ્દી હપાળઝો...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે બેઠે પાર નેં આવેં..(૨)
બૉતમિયા રા...ઝી....

મારી વાતો ઝોયેં રે..(૨)
બૉતમિયા રા...ઝી....

એ..પોવીનો હું તણી હું'લા...(૨)
બૉતમિયા રા...ઝી....

એક બાણિયો - એ બત્તી ખબર રાખું!...હા!



બૉતમો બાર વરહ મેં વેઠિયાં...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે ભગતિના કારણિયેં...(૨)
બૉતમિયા રા...ઝી....

એ..એંણા સતના કારણિયેં...(૨)
બૉતમિયા રા...ઝી....

એ..બૉતમા તમાંન કોઈ નેં ઓળખેં...(૨)
બૉતમિયા રા...ઝી....

એ હે માર તો ઝગાં ઝગાંનું રાઝ...(૨)
બૉતમિયા રા...ઝી....

ઉ તો ખડાંહાંનું રાઝ કરિયેં...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે! બાપનું રાઝ તમે કરઝો...(૨)
બૉતમિયા રા...ઝી....

માર તો દુઃખિયાં દુઃખ ઘટારવાં...(૨)
બૉતમિયા રા...ઝી....

માર તો હોરાંન હોરમ આલવી...(૨)
બૉતમિયા રા...ઝી....

એંણા પૉડવાંનું સત મેં ઝોઉં રે..(૨)
બૉતમિયા રા...ઝી....

એંણા અરણાકસન ઝોઓ રે...(૨)
બૉતમિયા રા...ઝી....



એ રૉમો પાયાંન હીખો દેય...(૨)
બૉતમિયા રા...ઝી....

પાયો મોરા મોરા રેંઝો...(૨)
બૉતમિયા રા...ઝી....

માર તો ઝગનું રાઝ કરવું...(૨)
બૉતમિયા રા...ઝી....

એ'લા એક દુઃખ નેં સોરું...(૨)
બૉતમિયા રા...ઝી....

અરે! બાપરો પાયાંન રૉમરૉમ કેરેં...(૨)
બૉતમિયા રા...ઝી....

સતઝુગ રૉમનાં નૉમ લેવેં...(૨)
બૉતમિયા રા...ઝી....

એ..અવેં સતુરન ભઝ હેં... રૉમઝીના પૉગાંમાં પરેં, ઝગમા ખોટું આવે કૉમ... આતરા વરહ બાપુની ગાદ્દી હૂની રઈ..હા..રે આઝ પાસો આવીને દરસન કરીન કેં ઝય? હા રે એંણા દઃખાંની વાત કર. હા..રે અવણ રૉમઝી હેં... અવણ બૉતમાન કૉય કેં, ઓ..પાઇયો! હા..રે બાર વરહ વનવાસ વેઠો. એક વરહ તો લકાં ગડાંમાં કાટું. સીતા ન પાસી ઑણી હકો..હા...રે મેં સીતાન પાસી વનમા મેલી.. હા...રે મેં ખડાં ખડાંની ભગ્તિ લેતી.. હા રે પેલાસ હરખા ઝોતા ઝોઆ... અરણાકસ હરખો ઝોઓ..અરે પૉડવાં હરખાંનો ભારથ ઝોઈ આવો. મારું સત પારખી આવો. હા...રે મન વેણું સતઝુગમા સાલેં નેં. કળઝુગમાં નેં સાલેં. હા..રે માર તો રાઝ કરવું...ખડાં ખડાંનું. બાપરી રાઝગાદ્દી નહીં ભોગવણી. હા...રે ફરીન રાઝ કરવું. હા..રે દેસ દુનિયા ઓળખેં. એ બૉતમો હૉંપળો વાત...(તંબૂર-સ્વર) એ સુખિયા વાટ ઝોએં..હોરમવાળા વાટ ઝોએં..ઑઝિયાં મારાં માળા રટેં. નૂગરા ભગતિ કરેં..હા...રે હૂગરાં ન તો હોરમ આલવી.. હા...ને હોરા હોરા



રાઝ કરઝો.. કોઈ સીન્તા માં કરઝો...હા...ને આવતા ઝાતા તો રેંહું.. (તંબૂર-સ્વર) એ રૉમ ...સતુર ભઝનં કૉંય કેં....મોરા મોરા બેહઝો.. હા...રે માર તો ઝાવું ઝગ ઉપેંર.. હા..રે રૉમનાં નૉમ લેઈન પરાં મરેં.. દુખિયાંનાં દુઃખ ઘટારું. હા ને દોરાંન હોરમ આલું... હા..ને અવેં આસ કેવા નેંહરા હેં..

એ બૉતમાંન હીખો દેવેં રે હો...
મોરા મોરા બેહઝો...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

ખેરિયાન ખેરિયા આવેં રે હો...
એ રૂખરિયો ઊતરેં વાદળ મેંલાં..
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

ખેરિયાન ખેરિયા આવેં ન હો...
એ ખેરિયા આવણા લાગા...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

બાપરા કેંર હોરા આવેં રે હો...
આવેં સીતમાવાળા મેંલે..
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

બાપરા સીતમાન મેંલે આવેં ઝી..
ઓ..મેંલો ઓરા આવા...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

સતિયા મારલીન વાતાં સોળે રે હો...
અરે ઝરણી કણી હોરી રેંઝે...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

અવેં સીતમા અમે ઝૉમે ઝાયેં રે હો..



એ'લા વનરીવાલાન કેંર....
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

એ..વનરીવાલા ન કેંર ઝૉમોન ઝાગો હો...
માઝી પરથીના સાતુરા...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

અરે સીતમા અરઝી ભાઠી આવેં હેં રે હો..
એ અમારી વાટો એર હેં...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

રૂખિયા ઝૉમે આવહેં રે હો...
ઓ અમારી વાટો એર હેં...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

બાપરો ખેંમરો રણસી આવહેં રે હો...
એ વનમાં રેંતે સેલા પરા ઓયા...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

એ..ફેરેં ઝાતેં મેં સેલા પરા કરા ઓ...
અમાર વાટો એરે...
માર તારણવાળો રૉમ, રૂખરિયો આવેં ઝી...

બાપરા સતિયા ઝૉમે ઝાવેં રે ઝી...





રૉમ-સીતમાની વારતાનો
સામાજિક, ધાર્મિક અને ઐતિહાસિક સંદર્ભ

ભીલ વિસ્તારમાં રામકથા ઋતુચક્ર પ્રમાણે આવતા બે જુદાજુદા માસમાં ગાવામાં અને કહેવામાં આવે છે. એક તો ભાદરવા માસમાં ધૂળાનો પાટ[1] માંડતી વેળાએ રામકથા ગાવામાં અને કહેવામાં આવે છે જ્યારે મહામાસમાં કૉબરિયા ઠાકોરની કોળી (ઝાંમો) કરતી વખતે 'સાંગો' (ઘેરથી નાનું થાળી જેવું ચર્મવાદ્ય) પર રામકથા નૃત્ય સાથે ફકત ગાવામાં આવે છે. બંને પ્રસંગો તેમના ધાર્મિક અનુષ્ઠાન સાથે જોડાયેલા છે. ધૂળાનો પાટ ચોખ્ખું અને પવિત્ર અનુષ્ઠાન છે જ્યારે કૉબરિયા ઠાકોરની કોળી મેલું અનુષ્ઠાન છે. પરિણામે બંને પ્રસંગે ગવાતી રામકથાનું ધાર્મિક વાતાવરણ નોખું-નોખું હોય છે. અહીં ફકત આપણો ઉપક્રમ મહામાસમાં કૉબરિયાની કોળી વખતે રામકથા કેવા ધાર્મિક વાતાવરણ વચ્ચે ગવાય છે તેની માહિતી આપવા પૂરતો જ છે.

ભીલોના ભોપા કૉબરિયા ઠાકોરની[2] કોળીના અનુસંધાને એક કથા કહે છે :

પાતાળમાં ગયેલો વૈકુંઠપુરીનો ઘોડો કૉબરિયો ઠાકોર બને છે. પાતાળમાં તેની ઉપાસના વાસુકિનાગ (વાસંગનાગ) કરતો હતો. પદ્મનાગણિયો વાયરો ઢોળતી હતી. પાતાળમાં સોનાની જમીન હતી.

જળુકાર ભગવાન અને ઉમિયાએ સાથે મળી શનિવારે ધરતીની રચના કરી હતી. આ દિવસે બીજ (કૉબરિયા ઠાકોરની કોળી) પેદા થઈ. કૉબરિયા ઠાકોરની આ કોળી સૌથી પહેલાં વાસુકિનાગે પદ્મનાગણિયો સાથે મળીને કરી. શનિવારે વાસુકિના ઘેર પાતાળમાં કોળીનો જામો (ઉત્સવ) જાગ્યો. પવન (પુરુષ



દેસનો પવનદેવ), ઇન્દ્ર (એંદર) અને જળજોગણી પાતાળમાં આ જામો જોવા જાય છે.

પ્રવેશદ્વારમાં જામાનું રક્ષણ કરતી છવ્વીસ નાગણિયો તેમને રોકે છે. તેઓ નૂગરાં (ગુરુ વિનાનાં) હોવાથી કૉબરિયાના પાટથી થોડેક દૂર બેસાડે છે.

કૉબરિયા ઠાકોરની કોળી ઝકી છે. ગત (સભા) ભરાઈ છે. કોળીની વિધિ ચાલે છે. બ્રાહ્મ મુહૂર્ત થયું છે. રાંધેલા ચોખા(અહુરી)ના મેરુ-સુમેરુ (મેર-સિમેર) અને ધૂનાગર પર્વતોની રચના કરવામાં આવી છે. પહાડો પર અમર જ્યોત જલે છે. ગુરુચેલા બનાવવાનો સમય થયો છે. 'નૂગરાં' ને 'હૂગરાં' (ગુરુવાળાં) બનાવવામાં આવી રહ્યાં છે. જળજોગણી કહે છે, "હું નૂગરી છું. મને ચેલી બનાવો." આ સમયે વાસુકિનાગ ડાબા-જમણા કાન ફૂંકી, બાહુમાંથી ભસ્મકાંકણ દાખલ કરી, માથા પર હાથ મૂકી, આશીર્વાદ આપી, જળજોગણીને ચેલી બનાવે છે. આ પછી બાળો વાસુકિ માતા પદમણીને પૂછે છે, "માતા, મેં જળજોગણીને ચેલી કરી છે. ચેલીને શાં દાન આપવાં પડશે?" માતા કહે છે, "કોળીની ચેલી તો આપણી દીકરી થઈ. તેને પૂરતાં દાન આપવાં પડે. દીકરીને જળપતિ ઘોડો, પાડોર ગાય, વાછરડું, શંખ અને ઝાલર દાનમાં આપો." વાસુકિ માટીનો જળપતિ ઘોડો, પાડોર ગાય, શંખ અને ઝાલર આપતાં કહે છે, "બાઈ, તું સતજુગમાં જળ ઉપર રમજે અને કળજુગમાં મનખીઅવતાર સાથે ચાલજે."

વાસુકિ ફરીને વિચારે છે, "એકલી ચેલી તો ખોટી પડે, ચેલો પણ કરવો પડે." ઇન્દ્ર નૂગરો હતો. ઇન્દ્રને ચેલો કરીને માતાને પૂછે છે, "માતા, મેં ઇન્દ્રને ચેલો કર્યો છે. તેને શાં દાન આપવાં પડશે?" માતા કહે છે, "બેટા, આખી રાત તું કેટલાં ચેલાં કર્યા કરીશ? પણ હવે સત ચૂકે તો ઊભો સુકાઈશ! ઇન્દ્ર હવે તો આપણો બેટો થયો. તેને પણ દાન આપ."

વાસુકિ ઇન્દ્રને ગાજ-વીજ અને અમરદીવો (સૂરજ) આપે છે. પછી કહે છે, "તું પવન (ગોતમરખી, વંટોળ) સાથે આકાશમાં ચડીશ ત્યારે કાળી વાદળી પેદા થશે, તેર વીજળીઓ પેદા થશે. તું કાળી વાદળી સાથે રમત માંડજે અને ચાર માસ સુધી ચાર ખંડમાં વરસજે. પણ બેટા, ચાર માસથી આગળ વધીશ નહીં. નહીં તો તેરમા પાતાળમાં તારો ભેજ આવશે અને પાતાળમાં ટકી શકીશું



નહીં.'' ઇન્દ્ર કહે છે, ''ગુરુ, હું તમને વચન આપું છું કે ચાર માસથી આગળ વધીશ નહીં. ચાર માસે મારું જોર ઘટી જશે.''

'હૂગરાં' બનીને જળજોગણી, પવન અને ઇન્દ્ર પૃથ્વી પર આવે છે. ઇન્દ્ર અમરદીવો (સૂર્ય) પૃથ્વી પર મૂકે છે. પૃથ્વી પર પ્રકાશ ફેલાય છે. પાતાળમાં અંધારું થયું છે. કૉબરિયા ઠાકોરને પાતાળમાં ગોઠતું નથી. આથી તે સોના-રૂપાનાં પગથિયાં ચડીને દેવિયાવળામાં આવે છે. આ સમયે સૌ પહેલાં પાંચ પાંડવોએ તેની ઉપાસના કરી હતી.

દેવિયાવાળો (સતજુગ) પૂરો થયા પછી મનખીવાળો (કળજુગ) આવે છે. તાંબા, પિત્તળ અને લોઢાનાં પગથિયાં ચડીને કૉબરિયા ઠાકોર મનખીઅવતારમાં આવે છે. આ સમયથી ભીલો તેની ઉપાસના કરે છે.

મહા એ ડુંગરી ભીલોનો કૉબરિયા ઠાકોર અને દેવરાના ઠાકોરની મૂર્તિઓ લાવીને સ્થાપના કરવાનો અને તેઓને વિવિધ ભોગ ધરાવવાનો મહિનો છે.

જે લોકો ચોરી કરે કે હરામનું લૂંટી લે તેને કૉબરિયો ઠાકોર વળગે છે, અને તેમનાં પશુઓ અને સગાં-સગંધીઓને મારીને ભારે નુકસાન કરે છે. પરિણામે તેનો ઉપાસક ભોપો ચોરની પાછળ ચોરી પાછી વાળવા કૉબરિયો ઠાકોર મૂકે છે.[૩]

કૉબરિયા ઠાકોરને ઉઠાડતી વખતે ભોપો બોલે છે, ''હે મારા કૉબરિયા ઠાકોર, મેં તારી ખરી સેવા કરી હોય તો ચોરાઈ ગયેલો માલ પાછો વાળીને તારા સ્થાનકે પાછો આવજે!'' આ પછી કૉબરિયો ઠાકોર ચોરની પાછળ જાય છે, અને તેના ઘરનાં પશુઓને બીમાર પાડીને મારવા માંડે છે. આથી પણ ચોરને ખબર ન પડે તો તેના ઘરમાં માણસોને બીમાર પાડીને મારવા લાગે છે. અનેક દવાઓ કરવા છતાં માણસ સાજાં ન થાય તો ચોરને ખબર પડે છે કે કોઈએ કૉબરિયો ઠાકોર તેની પાછળ ઉઠાડ્યો છે. આથી ભયનો માર્યો તે સમાજ સામે ચોરીનો માલ કબૂલ કરે છે. ભોપાની આજ્ઞાથી કુટુંબની બીમારી દૂર કરવા કૉબરિયા ઠાકોરનો પાટ પૂરે છે. આ વિધિને કૉબરિયા પાટની 'કોળી' કહે છે. આ વિધિ કરવા પાલનપુર કે ઉદયપુરથી કૉબરિયા ઠાકોરની પિત્તળની મૂર્તિઓ લાવે છે.



જ્યારે કોઈપણ ઉપાયે કુટુંબનું દુઃખ દૂર થતું ન હોય તો ભોપાને બોલાવે છે. જો ભોપો ધૂણીને કહે કે આ દુઃખ કૉબરિયા ઠાકોરે ઊભું કર્યું છે, અને તેની ઘરમાં સ્થાપના કરવાથી મટી જશે તો મહામાસમાં કૉબરિયા પાટની કોળી કરીને ઠાકોરને સ્થાપે છે. આ સમયે ભૂતકાળમાં કોઈ ચોરી જેવો ગુનો થયો હોય તે કબૂલીને ચોરીનો માલ પાછો આપે છે.

કૉબરિયા ઠાકોરની મૂર્તિઓ લાવવી

કોળી કરવા માટે સૌથી પહેલાં કૉબરિયા ઠાકોરની પિત્તળની મૂર્તિઓ લાવવી પડે છે. આ માટે સૌથી પહેલાં કુટુંબીજનોને ભેગાં કરવામાં આવે છે. આ સમયે 'સાંગો'ના ભોપાને આમંત્રવામાં આવે છે. ભોપો ધૂણીને કહે તે દિવસે ઘરનાં મુખ્ય સ્ત્રી-પુરુષો તથા નજીકનાં કુટુંબીજનો કૉબરિયા ઠાકોરની મૂર્તિઓ લેવા જાય છે. સાંગો, ઝાલર, તાળિયા, શંખ અને સારંગી જેવાં સાંગોના પાટનાં વાજિંત્રો પણ સાથે લઈ જાય છે. તેમની સાથે પાટવી ભોપો હોય છે. ભોપા પાસે મોરપીંછનો મૂઠો અને દોરાધાગાની એક લાલ ઝોળી હોય છે. આ ઉપરાંત લાલ રંગનું એક કે બે મીટર લાંબું-પહોળું રેશમી કાપડ પણ સાથે લે છે. થોડાં વર્ષો પહેલાં ડુંગરી ભીલો પગે ચાલીને ઉદયપુર કે પાલનપુર સુધી જતા પરંતુ, અત્યારે બસનો આશ્રય લે છે. થોડાં વર્ષો પહેલાં રસ્તામાં જાતે રાંધીને ખાતા. અત્યારે તો 'લૉજ'નું પણ ખાય છે.

મૂળ સ્થળે પહોંચ્યા પછી કંસારાની દુકાને મૂર્તિઓ નકકી કરે છે. થોડાં વર્ષો પહેલાં પચાસ રૂપિયે એક મૂર્તિ મળતી હતી. અત્યારે દોઢસોથી બસો રૂપિયા થાય છે.

કૉબરિયા ઠાકોરની મૂર્તિઓ કંસારાના ત્યાંથી ઉપાડવામાં આવે છે, ત્યારે સાંગોનાં ભજનો ગાવામાં આવે છે. શ્રીફળ વધેરવામાં આવે છે, અને શંખ તથા ઝાલર વગાડવામાં આવે છે. ભોપો ધૂણીને આજ્ઞા આપે ત્યારે આ બધી મૂર્તિઓને લાલ કપડામાં વીંટીને ઝોળી બનાવે છે. જયાં સુધી પાટનું સ્થાપન ન થાય ત્યાં સુધી આ મૂર્તિઓને જમીન પર મૂકવામાં આવતી નથી. દીવાલની ખીંટીએ



ઝોળી લટકાવે છે.

રસ્તામાં આવતાં ગામોમાં ગામની કોઈ બહેન-દીકરી પરણાવી હોય તે 'કુંવાસી'ના ગામમાંથી પસાર થવામાં આવે તો આ બહેન કે દીકરી આ મૂર્તિઓ અને પિયર પક્ષવાળાઓનું 'હૉમેરું' (સામૈયું) કરે છે. આ પ્રસંગે એક બકરાનું બલિદાન આપે છે, અને તેના લોહીથી રૉટિયા ઠાકોર 'બાવસી'ને ચાંલ્લા કરે છે. રાંટા પગવાળા ઘોડા પર બેઠેલો હોવાના કારણે કૉબરિયા ઠાકોરને 'રૉટિયો ઠાકોર' પણ કહે છે. ત્યાર પછી આ ઠાકોરની ઝોળીને, સાંગોનાં ભજનો ગાતાં ગાતાં પાંચ ઘર સુધી ફેરવે છે. ઘરનાં સભ્યો શ્રદ્ધા સાથે શ્રીફળ વધેરીને ચોખા અને સિંદૂરથી મૂર્તિઓને પૂજે છે. મૂર્તિઓવાળા માણસોને પણ ચાંલ્લા કરીને આવકારે છે.

રાતના સમયે આજુબાજુના ઘરવાળા રોટલા લાવે છે. આ રોટલા અને બકરાનું રાંધેલું માંસ ઠાકોર બાવજીનો પ્રસાદ માનીને આરોગે છે. ગામમાં એકઠાં થયેલાં માણસો મોડી રાત સુધી સાંગોનાં ભજનો અને નૃત્યોની રમઝટ બોલાવે છે. સ્ત્રીપુરુષો અને બાળકો સાંગોનાં ભજનો સાથે નાચે છે. ગામ ભણી કૉબરિયા ઠાકોરને લઈને જતાં રસ્તામાં પડતાં પાંચ ગામોમાં સામૈયું કરે છે. કૉબરિયા ઠાકોરની મૂર્તિઓ લઈને પોતાના ગામમાં પ્રવેશતાં જ ગામજનો તેમનું સામૈયું કરે છે. મૂર્તિઓ સન્મુખ ઘીનો દીવો કરીને ચોખા અને કંકુથી વધાવે છે. બકરાના લોહીનો ચાંલ્લો સૌથી પહેલાં રૉટિયા ઠાકોર(કૉબરિયા ઠાકોર)ને કરે છે. આ પછી ઝોળી લઈને ગામમાં ફરે છે. ભીલો ઘણી શ્રદ્ધા સાથે રોટિયા ઠાકોરને સિંદૂર-ચોખાથી પૂજે છે, અને શ્રીફળ વધેરે છે. છેવટે ઝોળીને ઘેર લાવીને ઊંચે ખીંટીએ ભરાવે છે. જ્યાં સુધી દેવોની સ્થાપના ન થાય ત્યાં સુધી ઝોળીને ઊંચે ભરાયેલી રાખે છે.

કૉબરિયા ઠાકોરની કોળી

ભોપો કહે તે દિવસે રૉટિયા ઠાકોરની કોળી કરે છે. કોળી કરવા માટે સામાન્ય રીતે શનિ, રવિ કે મંગળવારની રાત પસંદ કરે છે. આ રાતે બીજા ગામોમાં વાયક



(આમંત્રણ) મૂકીને કૉબરિયા ઠાકોરની મૂર્તિઓના પાંચ પાલખા બોલાવે છે. કુટુંબીજનો, સગાં-સંબંધીઓ અને ભોપાઓને પણ આમંત્રે છે. એક પાડો, બે મણ ચોખા, કંકુ, નાળિયેર, અગરબત્તી, કુંવારી માટી, કુંવારી ગાયનું છાણ વગેરે વસ્તુઓ અગાઉથી એકઠી કરે છે.

રાતના સમયે કોળીમાં સહભાગી થવા અનેક માણસો એકઠાં થાય છે. આ સમયે સાંગો, સારંગી, વાંસળી અને મંજીરાની સંગતથી ભજનો ગાય છે. આ ભજનોમાં સૌથી પહેલાં કૉબરિયા ઠાકોરની સ્તુતિ ગાઈ, આરતી કરે છે. ત્યાર પછી જ સાંગોનાં બીજાં ભજનો ગાય છે. સાંગો, સારંગી અને વાંસળી પુરુષો વગાડે છે જ્યારે મંજીરાની મદદથી સ્ત્રીઓ સંગીતમાં સૂર પુરાવે છે. સંગતના અને ભજનોના સ્વરો સાથે આબાલવૃદ્ધ સ્ત્રી -પુરુષો નાચવા લાગે છે. આ ભજનોનો લય વિશિષ્ટ હોય છે. પરિણામે ભોપાઓ ધૂણવા માંડે છે. વચ્ચે વચ્ચે શંખઘોષ અને ઝાલરનો અવાજ ભળે છે, અને હાકોટા-પડકારાની વચ્ચે આવેશમાં આવેલા ભોપાઓનો ધૂણવાનો વેગ વધે છે. પરિણામે એક આદિમ વાતાવરણ વચ્ચે આદિવાસીઓનો સામૂહિક આનંદ પહાડી પ્રદેશમાં વ્યાપી જાય છે.

મોડી રાતે કૉબરિયા ઠાકોરની ગાદી બનાવે છે. કુંવારી ગાયનું છાણ અને જ્યાં હળનું ફણું ન અડ્યું હોય એવી કુંવારી માટી લાવી ખોલરાનો એક ખૂણો લીંપે છે. આ સ્થાનને કૉબરિયા ઠાકોરની ગાદી કહે છે. વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે મૂર્તિઓને છાણમાટીથી લીંપેલી ગાદી પર લાવે છે, અને ત્યાં પધરાવે છે. પિત્તળની આ મૂર્તિઓમાં કૉબરિયો ઠાકોર, દેવી, ભેરવ વગેરે મુખ્ય દેવ-દેવીઓ હોય છે. આ સિવાય એકબે પિત્તળના ઘોડા હોય છે.

બ્રાહ્મ મુહૂર્તમાં કૉબરિયાની સન્મુખ સામાના દાણાથી લાલ કપડા પર ધૂળાના પાટ (બીજના પાટ) જેવા મંડળની રચના કરે છે. પણ આ સમયે બીજના જેવા મંત્રો બોલવામાં આવતા નથી.

આ મંડળની સન્મુખ ભોપા રાંધેલા ચોખા(અહુરી)ના મેરુ-સુમેરુ (મેર-સુમેર) અને ધૂનાગર પર્વતોની રચના કરે છે. પર્વતો પર સ્થાન સ્થાન પર કોડિયાં જેવાં 'ખાંમણાં' (ખાડા) કરી ચોખ્ખું ઘી પૂરી, અનેક જ્યોતો સળગાવે છે.



પલાશ (ખાખરો)ના પાનની વચ્ચેથી 'દીંટ' સમેત નસ કાઢી, તેને સૂતરનો દોરો બાંધી ભોપા ભસ્મકાંકણની રચના કરે છે. આ સમયે તેઓ કૉબરિયો, રૂપાંરૉણી, તોળીરૉણી, હરસનરાઝા, સતિયો સદણ, સતિયો ખાતું, હરિઓમ રાઝા જેવી સાંગકથાઓ ગાય છે. આરંભમાં આ કથાઓ બેસીને ગાવામાં આવે છે. ત્યાર પછી નૃત્ય સાથે ગાવામાં આવે છે. પાડાના બલિનો સમય નજીક આવે છે તેમતેમ ભોપા ઓજપૂર્ણ આવેશ અનુભવે છે અને 'ભારથ' અને 'રૉમ સીતમાની વારતા'માંથી સીતાહરણથી આરંભી રાવણવધ અને અમર જ્યોતની વીરરસ પ્રધાન પાંખડીઓ સાંગો પર ગાવા લાગે છે, અને બાકીનો લોકસમુદાય વાંસળી, સારંગી, મંજીરા જેવાં લોકવાદ્યો દ્વારા સંગત આપી રાગ પુરાવે છે :

એ'લા કૌંય થાળીઓમાં પોઝન લેય રે,
લખમણ સતી ઝો હો...હો..હંઅ...હં...
એ'લા રાઝા રાવણનાં મેંલાં રે,
લખમણ સતી ઝો હો..હો...હંઅ..હં..
એ'લા કૌંય પોઝનિયાંન આલાં રે,
લખમણ સતી ઝો હો...હો...હંઅ...હં..

આ પછી ભોપા રાવણવધની ઓજપૂર્ણ પાંખડી ગાય છે, અને લોકસમુદાય ઊભો થઈને સાંગોના નૃત્યમાં જોડાય છે. પગના થેકાનો વેગ વધે છે. રાવણવધ પછી બાવાના વેશમાં રહેલા હનુમાન મૂર્ચ્છિત લક્ષ્મણ માટે અમરજ્યોત લેવા મેર-સિમેર પર્વત તરફ દોટ મૂકે છે, અને ચોખાનો પહાડ આરોગવા લાગે છે. નૃત્ય, સંગીત અને બાવારૂપે રહેલા હનુમાનના વેશથી કૉબરિયાના ભોપા વધુ ને વધુ આવેશ અનુભવે છે. જોરજોરથી પોતાની પીઠ પર લોઢાની સાંકળ અને 'ગુરુઝ' (લોઢાના કાંટાવાળું ગદા જેવું સાધન) મારે છે. તેમનામાં કૉબરિયા ઠાકોરનું અવતરણ થયું હોય તેવું માને છે. પરિણામે બાહુ અને બગલ વચ્ચેથી ભસ્મકાંકણ કાઢીને ચેલાચેલી બનાવે છે. દરેક ચેલો અથવા ચેલી ઠાકોરજી સન્મુખ એક એક નાળિયેર વધેરે છે.

આ સમયે ભોપા બીમાર માણસને માથે તાપ દઈ, આશીર્વાદ આપે છે.



આ પછી સાંગો પર ભોપા બલિભજનો ગાય છે. નૃત્યની ગતિ વધુ તીવ્ર બને છે. લોકોનાં મન આદિમ આનંદથી નાચવા લાગે છે. પ્રાતઃકાળે સૂર્યનાં ફૂટતાં પ્રથમ કિરણોની વચ્ચે એકાદ બે વર્ષના પાડાને પાટની સન્મુખ લાવવામાં આવે છે. ભોપા ધૂણે છે અને બલિભજનો ગાવાનો વેગ વધે છે :

કૉબરિયો હેં દેવ

સટકતી નળીઓના સલા લેવણાવાળો...,

રૉમ ઝો...હો..(૨)

પાડાને સિંદૂરનું તિલક કરે છે અને બલિ આપે છે. કૉબરિયાની મૂર્તિઓ લોહીથી નવડાવે છે. બકરા-પાડાના બલિને લીધે કૉબરિયા પાટને મેલો પાટ કહેવામાં આવે છે.

ભીલો મિશ્ર આહારી હોવાથી શિયાળાની ઠંડી ઋતુમાં મેલાં અનુષ્ઠાન શારીરિક પોષણ આપે છે અને નૃત્યભજનો તેમને વિષમ ઠંડી ઋતુ સામે ઝઝૂમવાનું બળ આપે છે.

ધૂળાનો પાટ અને કૉબરિયાની કોળી વખતે ગવાતી અને કહેવાતી રામકથાનું રૂપ

આગળ નોંધ્યું છે એ પ્રમાણે ભીલ વિસ્તારમાં રામકથા બે અલગ-અલગ માસ, ભાદરવો અને આસો માસમાં ભિન્ન-ભિન્ન પ્રસંગોએ ગાવામાં આવે છે. આ વિસ્તારની રામકથાની મૂળ ઘટનાઓ એક હોવા છતાં માસ અને પ્રસંગ બદલાતાં તત્કાલીન ધાર્મિક વાતાવરણ પણ બદલાય છે. જેથી લોકસમુદાયની મનઃસ્થિતિમાં પણ પરિવર્તન આવે છે.

ભાદરવા માસમાં નદીનાળાં જળથી ઊભરાય છે. સારા પાકથી લોકો પણ સંતૃપ્ત થાય છે. આ બધી સમૃદ્ધિ પરમાત્મા અને કુદરતની અસીમ કૃપાને લીધે આવી હોવાના કારણે તેમનાં સામૂહિક મન કૃતજ્ઞભાવથી ભરાઈ જાય છે. ધીમેધીમે વનપ્રાંતરોમાં અધ્યાત્મ અને ભકિતનું વાતાવરણ ફેલાય છે. પરિણામે ભીલો કુટુંબની સુખાકારી માટે ભાદરવા માસમાં ધૂળાનો પાટ પૂરે છે.



મહા માસની ઠંડી ઋતુમાં કોઈ ખાસ વ્યકિતથી થયેલા અન્ય વ્યકિતના અપરાધના નિવારણ અર્થે અને કૉબરિયાના કોપથી બચવા માટે સાંગો કે કૉબરિયાનો પાટ પૂરે છે.

આમ ધૂળાના પાટ સાથે ધૂળાના ઠાકોર કે પરમાત્મા તરફનો કૃતજ્ઞભાવ અને ભકિત જોડાયેલાં હોય છે. જ્યારે કૉબરિયાના પાટ સાથે વ્યકિત કે કુટુંબનો ભય અને કૉબરિયા ઠાકોરનો કોપ જોડાયેલો હોય છે. પરિણામે બંને પ્રસંગોએ રામકથાના વાહકો પણ અલગ અલગ હોય છે. ધૂળાના પાટના અનુષ્ઠાન પ્રસંગે રામકથા તંબૂર અને મંજીરાની સંગતથી ભીલ સાધુ દ્વારા ગવાય છે અને કથાય છે જ્યારે કૉબરિયાના પાટના પ્રસંગે રામકથા સાંગ, સારંગી, વાંસળી અને મંજીરા દ્વારા ભોપા દ્વારા ફકત ગાવામાં જ આવે છે, કથવામાં આવતી નથી.

ધૂળાનો ઠાકોર એ ચોખ્ખો દેવ છે જ્યારે કૉબરિયો ઠાકોર એ મેલો દેવ છે. આથી બંનેની ઉપાસના પદ્ધતિ પણ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. ધૂળાના પાટના અનુષ્ઠાન સમયે ધૂળાના ઠાકોરને ગોળ, ઘઉંનો લોટ અને ઘીમાંથી બનાવેલું ચૂરમું બીજના મંત્રોચ્ચાર સાથે ચડાવવામાં આવે છે. જ્યારે કૌંબરિયા ઠાકોરને રાંધેલા ચોખા સાથે પાડા અને બકરાનો બલિ ચડાવવામાં આવે છે. આ વિધિ સમયે મંત્રોચ્ચાર થતો નથી.

ધૂળાના પાટના પવિત્ર અનુષ્ઠાન પ્રસંગે દારૂ અને માંસ આરોગવાનો નિષેધ હોય છે જ્યારે કૉબરિયાના મેલા અનુષ્ઠાનમાં દારૂ અને માંસ છૂટથી વપરાય છે. આથી એક જ સમાજના લોકસમુદાયનાં ચિત્ત બંને નોખાનોખા પ્રસંગોએ જુદીજુદી મનઃસ્થિતિ ધરાવે છે. જેથી બંને પ્રસંગે ગવાતી કંઠસ્થ રામકથાની રજૂઆત અને સ્વરૂપમાં ઘણો તફાવત હોય છે. ધૂળાના પાટના પવિત્ર અનુષ્ઠાન પ્રસંગે શ્રોતાઓનાં ચિત્ત શાન્તરસથી તરબોળ બને છે. જ્યારે કૉબરિયા ઠાકોરના અનુષ્ઠાન પ્રસંગે શ્રોતાઓનાં ચિત્ત મોજથી ભરેલાં હોય છે.

ધૂળાના પાટ સમયે ભકિતનું વાતાવરણ હોવાથી તંબૂર પર જે રામકથા ગવાય છે તે ખાસ કરીને બેઠકિયા ભજન તરીકે વિલંબિત સ્વરે ગવાય છે. સાધુ કે બાણિયા(રાગિયા)ના માથે દેવ ઊતરતો ન હોવાથી તેઓ ખાસ કરીને રામના



પૂર્વ જીવનના પ્રસંગોને શાન્ત ચિત્તે વિસ્તારીને ગાય છે. પરિણામે ભજનના સ્વરો નાભિમાંથી ફૂટતા લાગે છે.

જ્યારે કૉબરિયા પાટની કોળી વખતે રામકથા ભોપાઓના આવશેમાંથી જન્મે છે. દારૂ આ આવેશને વધુ પોષે છે અને આવેશ ક્રોધ અને દર્પમાં બદલાય છે. સાંગ જેવાં ચર્મ વાદ્યો, સારંગી જેવાં તંતુવાદ્યો, વાંસળી અને શંખ જેવાં સુષિરવાદ્યોની સંગત આ ક્રોધ અને આવેશને વધુ સહાયક અને પોષક બને છે, અને નૃત્યના થેકાને વધુ બળ આપે છે. આમ લોકવાદ્યોની સંગતથી રામકથા નૃત્ય સાથે દ્રુત સ્વરો ધારણ કરે છે. આ કથા ઝડપી અને આવેશપૂર્ણ હોવાથી સીતાહરણ, રાવણવધ અને અમરજ્યોતના પ્રસંગોની સાથે સાથે રામના ઉત્તર જીવનના વીરરસ સભર પ્રસંગો ઓજપૂર્ણ સ્વરોમાં ગાવામાં આવે છે.

આ પ્રસંગોએ બ્રાહ્મમુહૂર્તમાં કરવામાં આવતી વિધિઓ વધુ સહાયક નીવડે છે. રાંધેલા ચોખા(અહુરી)ના મેરુ-સુમેરુ (મેર-સિમેર) અને ધૂનાગર પર્વતોની રચના, પહાડો પર કોડિયા જેવાં ખામણાં (ખાડા) કરી ઘી ભરી અનેક જ્યોતોની રચના, રાવણવધની સાથે મૂર્ચ્છિત લક્ષ્મણ માટે અમરજ્યોત લેવા જતા બાવાના વેશમાં રહેલા હનુમાનની મેર-સિમેર તરફ દોટ મૂકવી અને રાંધેલા ચોખાનો પહાડ આરોગવો, ભસ્મકાંકણથી બાહુ ફાડીને ચેલા-ચેલી બનાવવાં, શ્રીફળ વધેરવાં, આ સાથે સાંગ, સારંગી, વાંસળી, મંજીરાની સંગત અને શંખઘોષ ભરવો, ભોપાના દેહમાં આધિભૌતિક તત્ત્વ-કૉબરિયાનું અવતરણ થવું અને પીઠ પર ગુરુજ અને સાંકળો મારવી- આવા વિશેષ ધાર્મિક વાતાવરણ વચ્ચે રામકથા એક લાક્ષણિક નાટયાત્મક રૂપ ધારણ કરે છે અને નૃત્ય અને સંગીતથી તેની રજૂઆત વધુ દ્રુત અને બળવાન બને છે.

ગુજરાતના ખેડબ્રહ્મા-દાંતા તાલુકાના ભીલ આદિવાસી અને ભારતવર્ષના અન્ય આદિવાસીઓની રામકથાનું સાદશ્ય

ગુજરાતના ખેડબ્રહ્મા અને દાંતા તાલુકામાં વસતા ભીલ આદિવાસીઓમાં



કંઠસ્થરૂપે પ્રચલિત રૉમ-સીતમાની વારતાની જેમ ભારતના અન્ય રાજ્યોમાં વસતા આદિવાસીઓમાં રામકથા પ્રચલિત હશે પણ ભારતની આ અત્યન્ત પ્રાચીન જાતિઓની કંઠસ્થ પરંપરાની રામકથા અંગે કોઈએ સઘન ક્ષેત્રકાર્ય કરી લિખિત રૂપ આપ્યું ન હોવાથી એક સળંગ રામકથા પ્રાપ્ત થતી નથી. આમ છતાં ભારતના અન્ય રાજ્યોમાં આદિવાસીઓ અંગે થયેલાં કેટલાંક સમાજશાસ્ત્રીય અને નૃવંશશાસ્ત્રીય સંશોધનોના અનુસંધાને ખપ પૂરતા સ્પર્શાવામાં આવેલા કંઠસ્થ પરંપરાના સાહિત્ય અને રામકથા અંગેના થયેલા પ્રકીર્ણ લેખોના આધારે આપણે જાણી શકીએ છીએ કે આ વિસ્તારની ભીલી રામકથાની જેમ જ ભારતના અન્ય રાજયોમાં વસતી કેટલીક આદિવાસી પ્રજાઓમાં પણ પરંપરિત કંઠસ્થ રામકથાના પ્રસંગો સમાન રીતે પ્રચલિત છે.[૪]

સીતાની શોધ કરતી વખતે ખિસકોલીએ રામને સીતાની ભાળ આપી આથી તેના શરીર પર આશીર્વાદરૂપે આંગળીઓથી સોના જેવી રેખાઓ કરી. આ પ્રસંગ ગુજરાતના ભીલોની જેમ જ બિહારના બિર્હોર, બંગાળના સંથાલ અને છોટાનાગપુરના અસુર આદિવાસીમાં સમાન ઘટનારૂપે પ્રચલિત છે.

બગલાએ સીતાની ભાળ નહીં આપતાં રામ અને લક્ષ્મણનો તિરસ્કાર કર્યો. આથી ગુસ્સે થયેલા રામે તેની ડોક ખેંચીને લાંબી કરી. ભીલી રામકથામાં બગલાના સ્થાને આવળ અને ખાટી નેંબો (ચોમાસામાં થતી એક જંગલી વેલ) છે. તેઓ પણ રામને આપેલા ઉપાલંભના કારણે લગ્ન સમયે જ કરમાઈ જવાનો શાપ પામ્યાં.

હનુમાન સમુદ્રની મધ્યમાં રામ દ્વારા ચલાવેલા બાણ પર વિશ્રામ કરીને લંકા પહોંચે છે. આ ઘટના ભીલોની જેમ બિર્હોર અને સંથાલ આદિવાસીઓમાં પણ પ્રચલિત છે.

લક્ષ્મણ દ્વારા રાવણને મારવાની ઘટના ભીલ અને બિર્હોર આદિવાસીઓમાં પ્રચલિત છે. રૉમ સીતામાની વારતા પ્રમાણે રાવણનો જીવ સૂરજના રથમાં રહેલા ભમરામાં હતો. લક્ષ્મણ ઊકળતા તેલમાં ભમરો પાડીને રાવણને મારે છે જ્યારે બિર્હોર આદિવાસીઓની ઘટના પ્રમાણે રાવણનો જીવ તેના મહેલમાં



રહેલી એક મંજૂષામાં હતો. લક્ષ્મણ અને હનુમાન બંને સાથે મળીને મંજૂષા ખોલીને રાવણના જીવને મુકત કરી રાવણનો વધ કરે છે.

વૈદિક સાહિત્યમાં વર્ણિત સીતાની જેમ મધ્યપ્રદેશની બૈગા અને ભૂમિયા તથા ગુજરાતના ખેડબ્રહ્મા અને દાંતા તાલુકાના ભીલ આદિવાસીઓની સીતા કૃષિની અધિષ્ઠાત્રી દેવી સાથે સંબંધ ધરાવે છે. બૈગા અને ભૂમિયા આદિવાસીઓની કથા પ્રમાણે સીતાને છ આંગળીઓ હતી. એક કાપીને જમીનમાં રોપી. તેનો વાંસ થયો. તેની ગાંઠો (કાંડ)માં બધા પ્રકારનાં બીજ હતાં. આ વિસ્તારની રામકથા પ્રમાણે પણ સીતા પિતા પાસેથી ફકત ફૂલ-છોડનાં બીજની જ માગણી કરે છે, જે વનમાં રોપી હરિયો બાગ બનાવે છે.

બિર્હોર આદિવાસીઓની રામકથા પ્રમાણે રાવણના બળાત્કારથી બચવા સીતાને જાદુથી પોતાના શરીર પર ફોલ્લા ઉત્પન્ન કર્યા. જ્યારે ભીલીકથા પ્રમાણે સીતા બળાત્કારથી બચવા અને સતીત્વ જાળવવા નાભિ સુધી પથ્થર ગોઠવી તેમાં સમાય છે.

ભીલોની રૉમ-સીતમાની વારતાની જેમ બૈગા અને ભૂમિયા આદિવાસીઓના હનુમાન શિવના વીર્યથી ઉત્પન્ન થયા હતા.

વાલ્મીકિ રામાયણ અને ભીલી રામવારતાનું સાદશ્ય

લિખિત પરંપરાની સૌથી પ્રાચીન વાલ્મીકિ રામાયણ અનેક વર્ષોથી કંઠસ્થરૂપે સચવાયેલી ભીલોની રૉમ-સીતામાની વારતાની ઘણા બધા પ્રસંગોની સમાનતા આંખે ઊડીને વળગે એવી છે.

રૉમ સીતમાની વારતામાં આરંભે આવતી ઇન્દ્ર અને ગૌતમની પાંખડીની જેમ વાલ્મીકીય બાલકાંડ અને ઉત્તરકાંડમાં અહલ્યાની ઉત્પત્તિ તથા ઇન્દ્ર અને ગૌતમના વિષયમાં એક તૃત્તાંત પ્રાપ્ત થાય છેઃ

બ્રહ્માએ બીજાં પ્રાણીઓનાં સર્વશ્રેષ્ઠ અંગો લઈને એક એવી સ્ત્રીનું નિર્માણ કર્યું જેમાં હલ(કુરૂપતા)નો સંપૂર્ણ અભાવ હતો. આથી તેનું નામ અહલ્યા રાખ્યું. ભીલી રામકથાની પાંખડીમાં અહલ્યાને 'હલિયાદે રૉણી' કહી છે. આ



ઉપરાંત તેનો 'સત્યની રાણી' તરીકે પણ ઉલ્લેખ થયો છે. જે શબ્દ તેની નિર્મળતાનો સૂચક છે. ઇન્દ્રની અહલ્યાને પ્રાપ્ત કરવાની અભિલાષા અને રચેલા તરકટની કથા બંનેમાં સમાન ઘટનારૂપે આગળ ચાલે છે.

વાલ્મીકિના બાલકાંડના વૃત્તાંતમાં અગ્નિ જેવા તેજસ્વી (દીપ્યમાનં ઈવ અનલં) ગૌતમ ઇન્દ્રને નપુંસક બનવાનો શાપ આપે છે. આ શાપથી ઇન્દ્રનું વૃષાણ ભૂમિ પર પડ્યું. (સર્ગ-૪૮)[૫] ભીલી રામકથાના વર્ણન પ્રમાણે જમીનમાં ઊંડે ઊતરતા ઇન્દ્રને ગૌતમ અગનપછેડી ઝાપટે છે. તેની બધી ઇન્દ્રી બળી જાય છે. તે કાળો પડી જાય છે. જ્યાં ઇન્દ્ર પડ્યો છે ત્યાં આગળની ઇન્દ્રી (ગુપ્તાંગ) દૂજે છે. જારકર્મ કરવા બદલ અહીં ઇન્દ્રે કે હલિયાદે ઋષિનો શાપ પામતાં નથી. ઇન્દ્રને પણ દાવો (પાકેલા અનાજનો ચોથ ભાગ) લઈને ગૌતમ મુક્ત કરે છે. અહીં અહલ્યા ઉદ્ધારનો પ્રસંગ એટલા માટે નથી કે ભીલી કથામાં રામને ક્ષત્રિય વીર કુમાર સિવાય વિષ્ણુના અવતાર તરીકે માનવામાં આવ્યા નથી. વાલ્મીકિના બાલકાંડના રચનાકાળ સુધી રામને પણ વિષ્ણુના અવતાર માનવામાં આવ્યા નથી.

બંને રામકથા રામ-લક્ષ્મણનાં બાળપણ, ધનુર્વિદ્યા કે બાળલીલા અંગે લગભગ મૌન છે.

વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડમાં લક્ષ્મણને સ્પષ્ટ શબ્દોમાં અવિવાહિત કહ્યો છે.[૬] રૉમ-સીતમાની વારતામાં આ અવિવાહિત લક્ષ્મણે ૧૨ વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું. માટે તે રાવણને મારવા સમર્થ બન્યો હતો.

બંને રામકથામાં સીતા સ્વયંવર અને ધનુર્ભંગના પ્રસંગો પ્રાપ્ત થાય છે.

વાલ્મીકિ રામાયણના ઉત્તરકાંડ(સર્ગ-૧૭)માં વેદવતીની કથા અને ભીલીની પદ્મજા સીતમા અને દસમા ગ્રહની રાવણ સાથે વેર લેવાની કથામાં સમાનતા છે.

અકંપન રાવણની પાસે જઈને રામ દ્વારા ખર રાક્ષસના વધના સમાચાર સાંભળે છે, અને સીતાના સૌંદર્યની પ્રશંસા કરી તેનું હરણ કરવા માટે પ્રેરે છે. આ કામ ભીલી કથામાં દસમો ગ્રહ કરે છે.



ભીલી રામાકથાની જેમ આદિ રામાયણ[૭]માં શૂર્પણખાના વિરૂપણનો પ્રસંગ નથી.

રૉમ-સીતમાની વારતાની જેમ આદિ રામાયણમાં સીતા-લક્ષ્મણ સંબંધ અત્યન્ત પૂજ્ય ભાવ સિવાયના સ્વાભાવિક માનવીય સંબંધો છે. બંનેમાં રામ-લક્ષ્મણ અને સીતા નિસંકોચ વાતચીત તથા વ્યવહાર કરે છે. અરણ્યકાંડમાં એક સ્થાને રામ લસ્મણને આજ્ઞા કરે છે કે તે સીતાને ઊંચકીને નાવ પર ચડાવે (સીતાં ચારોપયાન્વક્ષં પરિગૃહ્ય મનસ્વિનીય્).

ભીલી રામકથાની જેમ આદિ રામાયણમાં પંચવટી(ભીલી કથામાં વનનો જ ઉલ્લેખ છે, પંચવટીનો નથી.)માં એક જ પર્ણશાલા બનાવવાનો ઉલ્લેખ છે. જેમાં ત્રણે સાથે નિવાસ કરે છે.

સીતાહરણ સમયનું વાતાવરણ બંને કથામાં સરખું છે. બંને કથામાં લક્ષ્મણ સીતાના એક જ પ્રકારના કટુ શબ્દો સાંભળીને રામની સહાયતા કરવા જાય છે.

અહીં રામ-લક્ષ્મણ અને હનુમાનની યેરિયા વાનરા સાથેની લડાઈ રામ-વાલિ યુદ્ધની યાદ આપે છે. રામ-વાલિ યુદ્ધ એ યેરિયા-વાનરા અને હનુમાનની લડાઈનું વિકસિત રૂપ લાગે છે. સુગ્રીવના ચરિત્રનું અહીં હનુમાનમાં અને વાલિના ચરિત્રનું અહીં યેરિયા વાનરામાં રૂપાંતર થયું હોવાની સંભાવના છે.

બંને રામકથાઓમાં હનુમાનની સીતા શોધના અનુસંધાને સરખું વર્ણન પ્રાપ્ત થાય છે. વાલ્મીકિ રામાયણમાં હનુમાને મુખ્ય રાક્ષસોના મહેલોમાં તથા રાવણના અન્તઃપુરમાં સીતાની નિષ્ફળ શોધ કરી હતી. (સર્ગ-૬,૧૦,૧૧). ભીલીકથા પ્રમાણે હનુમાન રાવણના વાદળમહેલનો ખૂણેખૂણો, અગાસી-અગાસી અને બારીબારી જોઈ વળે છે પણ કોઈ સ્થાને તેને સીતા દેખાતી નથી. સીતાની શોધ માટે એક મહેલથી બીજા મહેલે અને બીજા મહેલથી ત્રીજા મહેલે ભટકી ભટકીને થાકે છે.

બંને રામકથામાં મુદ્રિકા અર્પણ અને લંકાદહનના વર્ણનમાં ખાસ તફાવત નથી.

ભીલી રામાયણની જેમ આદિ રામાયણ પણ મંદોદરી વિલાપ, સીતાની



અગ્નિ-પરીક્ષા અને પુષ્પક વિમાનની ઘટના માટે મૌન છે. એ. વેબર જેવા વિદ્વાનો આ ઘટનાઓને પાછળથી ઉમેરલી માને છે. વાલ્મીકિકૃત આ મૂળ સ્રોતમાં સીતાત્યાગનો કરુણ પ્રસંગ નહોતો. રામકથા સુખાન્ત હતી. ભીલીકથા પણ સુખાન્ત છે. ભીલી રામકથામાં રામસેના વૈકુંઠપુરીમાંથી આવેલા દડા પર બેસીને લંકામાં આવે છે, અને જતી વખતે 'જળનો જોધો' (હનુમાન પુત્ર) પોતાની પીઠ પર બેસાડી રામની સેનાને સમુદ્ર પાર કરાવે છે.

ભીલી રામકથામાં સીતાનો ત્યાગ અયોધ્યામાં આવ્યા પછી માતા કૌશલ્યા અને સીતા(સાસુ-વહુ)ના કજિયાના કારણે થાય છે. માતાના આદેશથી રામ સીતાનો ત્યાગ કરે છે, અને લક્ષ્મણ તેને વનમાં મૂકી આવે છે. વાઘ વળી તેને સાત ઋષિ(સપ્તર્ષિ)ની ધૂણીએ મૂકી આવે છે. રામ સીતાની શોધ વનમાં બે ઘોડા મોકલીને કરે છે. રામાયણના ઉત્તરકાંડમાં વર્ણિત અશ્વમેધનો પ્રસંગ ભીલી કથાના બે ઘોડાના પ્રસંગમાંથી વિકાસ પામ્યો હોય તેવી શકયતા છે. આ બે ઘોડાના પ્રસંગના અંતે રામનું પોતાના પરિવાર સાથે પુનર્મિલન થાય છે અને સીતા લોકસમુદાય સાથે વનમાંથી કાયમ માટે વાજતે-ગાજતે ગૃહપ્રવેશ કરે છે.

અહીં તાડકા, મંથરા, શૂર્પણખા, વિશ્વામિત્ર, વાલિ, સુગ્રીવ, અંગદ, મારીચ, સુબાહુ, અકંપન, મેઘનાદ જેવાં શકિતશાળી ચરિત્રોની વિશિષ્ટ સૃષ્ટિનો અભાવ છે. અહીં જટાયુ અને રાવણ કે રામ-રાવણના યુદ્ધનું કવિકલ્પનાપ્રચુર ભયાનક અને અદ્દભૂત વર્ણન નથી. નથી તો દશરથનો પુત્રેષ્ટિ યજ્ઞ કે નથી તો રામનો અશ્વમેધ યજ્ઞ.

પરવર્તી રામકથા અને ભીલી રામકથાનું સાદશ્ય

વાલ્મીકિ રામાયણની જેમ પૂર્વ-અગ્નિ એશિયા સુધી વિસ્તરેલી તેની લિખિત પરંપરાની રામાયણોમાં પણ ભીલી રામકથાના કેટલાક પ્રસંગોનું સાદશ્ય જોઈ શકાય છે.

થાઈલેન્ડની 'રામકિયેન' અને 'સેરીરામ'ના પાતાની પાઠમાં પદ્મજા સીતાને



રાવણ પદ્મ પર બેઠેલી જુએ છે અને પોતાના ત્યાં લઈ જાય છે. એક લક્ષણજ્ઞ મંત્રી તેને સાવધ કરે છે કે તે કન્યા તેના મૃત્યુનું કારણ બનશે. આ વિધાન સાંભળતાં જ રાવણ તેને સમુદ્રમાં ફેંકાવી દે છે. કન્યા બચી જાય છે અને જનકને પ્રાપ્ત થાય છે.

અહીં જોશીઓ રાવણના સીતા સાથે 'ઘરવાસો'નું ભવિષ્ય કથન કરે છે. આથી રાવણ તેને મારી નાખવાનો આદેશ આપે છે. પણ સૈનિક તેને પારણા સમેત જ નદીમાં વહેવડાવે છે; જે જનકને પ્રાપ્ત થાય છે.

૧૬મી શતાબ્દીમાં રચાયેલા એકનાથના ભાવાર્થ રામાયણના અરણ્યકાંડના આઠમા અધ્યાય પ્રમાણે રામ કોઈ એક દિવસે સીતાને લક્ષ્મણની રક્ષામાં છોડીને બહાર ગયા હતા. સીતાને નિદ્રા આવી જાય છે. આ સમયે સીતાનાં કપડાં અસ્ત-વ્યસ્ત થઈ જાય છે. જેથી તેનું શરીર અનાવૃત્ત થઈ જાય છે. સાધનામાં લીન લક્ષ્મણે તે તરફ ધ્યાન જ આપ્યું નહીં. પાછા ફરેલા રામ લક્ષ્મણને પૂછે છે, ''સ્ત્રીનું રૂપ જોઈને કોનું મન સ્થિર રહી શકે?'' લક્ષ્મણ ઉત્તર આપે છે, ''રામભક્તનું મન આનાથી પ્રભાવિત થતું નથી.''

ભીલી રામકથા પ્રમાણે રામ જ્યારે વનફળ લેવા માટે જાય છે ત્યારે મઢી બનાવતાં શ્રમિત થયેલાં સીતા અને લક્ષ્મણ શરીર પર સાગનાં પાન ઓઢીને સૂએ છે. બંને ભરનિદ્રામાં પોઢ્યાં છે. પૂર્વ દિશાનો પવન વાય છે અને સાગનાં પાન ઊડી જવાના કારણે બંને અનાવૃત્ત થઈ જાય છે. રામ આવે છે. રામના પગરવથી સીતા ઝબકીને જાગે છે. રામ લક્ષ્મણને મારવા ધસે છે. ચતુર સીતા રામને શાન્ત પાડતાં કહે છે, ''તું એક હાથે તાળી અને એક લાકડે આગ પાડ.'' રામ એક હાથે તાળી પાડવાનો અને એક લાકડે આગ પ્રગટાવવા વૃથા પ્રયત્નો કરે છે. સીતા તેને જ્ઞાનની વાણી સમજાવતાં કહે છે, ''રામ, એક હાથે તાળી નહીં પડે; તેમ એક શરીરથી કંઈ નહીં થાય!''

'મૈરાવણ ચરિતમ્' પ્રમાણે લંકાદહન પછી સમુદ્રમાં સ્નાન કરતા હનુમાનનો સ્વેદ પીવાથી માછલી ગર્ભવતી થઈ અને આ રીતે હનુમાનને એક પુત્ર ઉત્પન્ન થયો. આવી ઘટના ભીલી રામકથામાં સમુદ્ર ઓળંગતાં બને છે. મધદરિયે હનુમાન થાકે છે ત્યારે રામના છોડેલા બાણ પર વિશ્રામ કરે છે. આ સમયે હનુમાનની



ઈન્દ્રી 'ખલે' છે અને વીર્ય સમુદ્રમાં પડે છે. સમુદ્રમાં પડેલ વીર્ય એક માછલી ગળી જાય છે અને તેનો જળનો યોદ્ધો જન્મે છે. 'મૈરાવણ ચરિતમ્'માં તે મત્સ્યરાજ તરીકે ઓળખાય છે.

કથાસરિત્સાગર (સોમદેવ કૃત, ૧૧મી શતાબ્દી,), રામકિયેન (થાઈલેન્ડ-શિયામ રામાયણ, ૧૭મી શતાબ્દી) અને કંઠસ્થ પરંપરાની ભીલી રામાયણમાં પારણામાં બાળકને નહીં જોવાથી ઋષિએ કુશ નામના ઘાસમાંથી મંત્રો દ્વારા બાળક ઉત્પન્ન કરવાની ઘટના આવે છે. આ બાળક સર્જવાની સમાન ઘટનામાં કથાસરિત્સાગરમાં વાલ્મીકિનો ઉલ્લેખ છે જ્યારે ભીલીમાં સાત ઋષિ(સપ્તર્ષિ)નો ઉલ્લેખ છે.

ચૌદમી શતાબ્દીમાં રચાયેલા 'શિવમહાપુરાણ' ની શતરુદ્રસંહિતા (અધ્યાય-૨૦) પ્રમાણે વિષ્ણુને મોહિનીના રૂપમાં જોઈને શિવનું વીર્યપતન થયું. સપ્તર્ષિએ આ વીર્યને ગૌતમપુત્રી અંજનાના કાનમાં દાખલ કર્યું જેથી અંજનાએ હનુમાનને જન્મ આપ્યો. આવી જ ઘટના અહીં ભગવાન અને શિવ, પાંખડી-૨માં બંને પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે ત્યારે એક બીજાની પરીક્ષા લેતાં બને છે. ભગવાન સુંદર સ્ત્રીનું રૂપ લે છે. 'અડધી પૃથ્વીના રૂપ' જેવી સ્ત્રીને વનમાં એકલી જોઈને કામાસક્ત શિવ તેને વરે છે. વર્યા પછી હાથમાં ઝીલેલું વીર્ય શિવ ચેલી બનાવવાના બહાને અંજનાના કાનમાં દાખલ કરે છે. આથી હનુમાનનો જન્મ થાય છે.

ભીલી રામકથાનો ઐતિહાસિક સંદર્ભ

આમ ગુજરાતમાંથી કંઠસ્થ પરંપરાની સર્વ પ્રથમ ભીલ આદિવાસીઓની રામકથાનો સંશોધિત પાઠ પ્રાપ્ત થાય છે ત્યારે અને તેનું ભારતનાં અન્ય રાજ્યોમાં વસતા આદિવાસીઓની કંઠસ્થ પરંપરાની રામકથાના મળતા કેટલાક પ્રસંગો કે ઘટનાઓ સાથે તથા લિખિત પરંપરાની વાલ્મીકિ રામાયણ અને પરવર્તી લિખિત સામગ્રી સાથે તુલનાત્મક વિહંગાવલોકન કરીએ છીએ ત્યારે ભીલી 'રૉમ-સીતમાની વારતા'ના ઘણા બધા પ્રસંગો અને ઘટનાઓનું સાદૃશ્ય ભારતથી



માંડી પૂર્વ અગ્નિ એશિયા સુધી ફેલાયેલી રામકથાઓમાં પણ જોઈ શકાય છે.

ભીલ, સંથાલ, બૈગા, ભૂમિયા અને અસૂર જેવી ભારતમાં વસતી અત્યન્ત પ્રાચીન આદિવાસી પ્રજાતિઓમાં પ્રચલિત કંઠસ્થ પરંપરાની રામકથા અંગે અલ્પ પ્રમાણમાં થયેલાં સંશોધનો પણ એટલો તો સાધાર નિર્દેશ આપે છે કે વાલ્મીકિએ ઈ.સ. પૂર્વે બીજી-ત્રીજી સદીમાં રચેલી લિખિત પરંપરાની રામાયણ પહેલાં પણ રામકથા અંગે 'રૉમ-સીતમાની વારતા' જેવાં બીજાં કંઠસ્થ પરંપરાનાં લોકાખ્યાનો અને લોકમહાકાવ્યો ભારતના જુદાજુદા પ્રદેશોમાં પ્રચલિત હતાં.[૮] આ આખ્યાનો કે લોકમહાકાવ્યો હજી સુધી આદિવાસીઓના આજના જીવાતા જીવનનાં મેલાં - ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનો અને વિધિ-વિધાનો સાથે જોડાયેલાં હોવાથી મંત્રોની જેમ તેમના સ્વરૂપમાં ખાસ પરિવર્તન આવ્યું નહીં હોય. વાલ્મીકિના આદિ રામાયણની અને ભીલી 'રૉમ -સીતમાની વારતા'ના ઘણા-બધા પ્રસંગો અને ઘટનાઓની સમાનતાના આધારે અનુમાન કરી શકીએ કે તેઓ લોકમાં પ્રચલિત કંઠસ્થ પરંપરાનાં રામ વિષયક અને ઇન્દ્ર અને ગૌતમ જેવાં આખ્યાનો અને મહાકાવ્યોથી પરિચિત હશે અને તેઓએ પોતાની લિખિત પરંપરાની આદિ રામાયણમાં ઘણી-બધી ઘટનાઓનો વિનિયોગ કર્યો હશે. રામાયણના દાક્ષિણાત્ય પાઠમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે નારદ પાસે કથાવસ્તુ સાંભળીને વાલ્મીકિએ રામકથાનું સંશોધન (અન્વેષણ) કર્યું. (વ્યકતમન્વેષતે ભૂયો યદ્ વૃત્તમ) બાલકાંડના ચતુર્થ સર્ગના આધારે બુલ્કે નોંધે છે કે ''વાલ્મીકિનું આદિ રામાયણ કુશીવલો (ગાયકો) દ્વારા પહેલાં જનતામાં લોકપ્રિયતા પ્રાપ્ત કરવા લાગ્યું અને પાછળથી રાજદરબારોમાં તેનો પ્રવેશ થયો.''[૯] આ બાબત પણ તે સમયે પ્રચલિત કંઠસ્થ પરંપરાની રામકથા અને અન્ય લોકાખ્યાનો તરફ અંગુલિનિર્દેશ કરે છે.

આશરે ૨૫૦૦ વર્ષ અગાઉ લખાયેલા આ ગ્રંથમાં આજ દિન સુધી (છેક મોરારિ બાપુની રામાયણ સુધી) અનેક સુધારા-વધારા થયેલા છે. સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીને વાલ્મીકિ રામાયણના મૂળપાઠને સંશોધિત કરવા માટે જે જૂનામાં જૂની પોથી મળી છે તે અને રામાયણના મૂળ ગ્રંથ વચ્ચે પંદરસો વરસનો ગાળો છે.[૧૦]



આવા સંજોગોમાં અનેક વર્ષોથી જીવની માફક જતન કરેલી રૉમ-સીતમાની વારતાનું મૂલ્ય અનેકગણું વધી જાય છે અને ભવિષ્યમાં રામકથાના મૂળગામી સંશોધનની નિશ્ચિત દિશા બની શકે તેમ છે.

અનેક વર્ષોથી ભીલોનાં મેલાં-ચોખ્ખાં અનુષ્ઠાનો સાથે જોડાયેલી ભીલી રામકથા કેટલી પૂર્વકાલીન હશે તે તો આ અંગે વધુ સંશોધનો જ કહી શકે. આમ છતાં અહીં વર્ણિત કેટલીક ઘટનાઓ-કથાઓ, કેટલીક પ્રાચીન ઘટનાઓ સાથે જોડાયેલાં નામો અને ધાર્મિક અનુષ્ઠાનોનાં વિધિ-વિધાનો આ કથા પ્રાચીન હોવાના નિર્દેશો આપે છે.

આર્યો આવ્યા (જો કે તેઓના આગમના નક્કર પુરાતાત્ત્વિક પુરાવા પુરાવસ્તુવિદોને પ્રાપ્ત થયા નથી) તે પહેલાં ભારતવર્ષમાં ખેતી પ્રચલિત હતી. આથી આર્યો માટે જે સ્થાન ગોપાલનનું હતું તે સ્થાન અહીંના મૂળ નિવાસીઓ માટે ખેતીનું હતું. પુરાવસ્તુવિદોનું માનવું છે કે દસ થી આઠ હજર વર્ષ પહેલાં ભારતમાં નિષાદ પ્રજા વસતી હતી. ડી.ડી. કોસામ્બી નિષાદ ને જ ભીલ પ્રજાતિ માને છે. ભારતીય સભ્યતાના વિકાસમાં આ આદિ-ભીલ લોકોનો નોંધપાત્ર ફાળો છે. ચોખા, કપાસ અને નાગરવેલના પાનની ખેતી, સુતરાઉ કપડાં વણવાં, કોડી(વીસ)ના હિસાબથી ગણતરી કરવી વગેરે બાબતો આ ભીલ સંસ્કૃતિનું જ પ્રદાન મનાય છે.

ભીલોની દસ હજાર વર્ષ પૂર્વકાલીન ધાર્મિક પૂજા-વિધિઓ અને આ સમયે ગાવામાં અને કથવામાં આવતી પૃથ્વીની ઉત્પત્તિ કથા, કૂર્મ-મચ્છ જેવી અવતારકથા, ગોતમરખી નં ઇન્દરની કથા જેવી કૃષિ સાથે સંબંધ ધરાવતી કથાઓનો પ્રભાવ તેઓના સામાજિક અને ધાર્મિક જીવનમાં અત્યારે પણ એટલો જ પ્રબળ છે.

ભીલોની રૉમ-સીતમાની વારતામાં આવતાં કેટલાંક નામ વિશે વિચારવામાં આવે તો પણ તેમનું પગેરું છેક વૈદિક-પ્રાક્-વૈદિક યુગ સુધી જાય છે.

ભીલ કથામાં ઇન્દ્ર શબ્દ (ઇન્દર, એંદર) મેઘના અર્થમાં પ્રયોજાયો છે.



વેદોમાં પણ ઇન્દ્રનો એક અર્થ ગર્જના સહિત વરસાદ રૂપે પૃથ્વી પર આવનાર થાય છે.[11] ભીલીમાં ગોતમ રખી[12] (ગૌતમ ઋષિ) વંટોળના પર્યાય તરીકે વપરાય છે. આ ઉપરાંત રખીનો એક અર્થ રક્ષક પણ થાય છે. ગોતમ રખી આજે પણ કૃષિના રક્ષકદેવ તરીકે પૂજાય છે. ગોતમ રખીની કથા શ્રવણના આનંદ માટે જ નથી પણ અનાજ લેતી વખતે ખળામાં ગોતમ રખીની પૂજા નહીં કરવામાં આવે તો વંટોળરૂપે આવીને ખળાનું બધું અનાજ ઉઠાવી જશે તેવી આજે પણ તેઓની પ્રબળ માન્યતા છે. આથી જ્યારે અનાજ લેવામાં આવે છે ત્યારે ખળામાં માટીની રખીની મૂર્તિ બનાવે છે. તેને ચૂરમાનું નૈવેદ્ય ચઢાવે છે, અને રાતના સમયે રખી અનાજનું રક્ષણ કરે એટલા માટે વાંસની નાની કામઠી અને બેત્રાણ તીર મૂકે છે. જેથી ગોતમરખી ચોરોથી અનાજનું રક્ષણ કરી શકે. તેની માટીની મૂર્તિ પાસે પ્રતીકરૂપે બેત્રાણ માટીની નાની કોઠીઓ પણ મૂકે છે. ભીલો એવું પણ માને છે કે નૈવેદ્યથી ખુશ થયેલો ગોતમરખી (વંટોળ) અનાજની બધી કોઠીઓ ભરી દેશે.

વેદોમાં સીતાને કૃષિની અધિષ્ઠાત્રી દેવી ગણવામાં આવી છે. રૉમ-સીતમાની વારતામાં સીતા કૃષકોને સંતૃપ્ત કરતી અન્નપૂર્ણાનું કામ કરે છે. કન્યાદાનમાં પણ તે ફકત ધરતી પર 'હરિયો બાગ' બનાવવા પિતા પાસે ફૂલ-છોડનાં બીજની માગણી કરે છે.

વૈદિક-પ્રાક્-વૈદિકયુગની જેમ ભીલોના દેવોનો વિકાસ પણ પ્રકૃતિના તત્ત્વોમાંથી થયો છે.

આગળ વર્ણવવામાં આવી છે એમ કૉબરિયાની કથામાં આવતા કોળી-બીજના અનુષ્ઠાનના ઉત્સવમાં સૌથી પહેલાં ભાગ લેનાર પણ ઇન્દ્ર, જળજોગણી, વાસુકિનાગ, પદ્મનાગણીઓ અને પવનદેવ જેવાં પ્રાકૃતિક તત્ત્વો જ હતાં. રૉમ-સીતમાની વારતામાં આવતા ઇન્દ્ર અને ગૌતમના દ્વન્દ્વયુદ્ધનું વર્ણન પણ ઉગ્ર વંટોળ જેવું જ છે.

વૈદિક સાહિત્યમાં આખ્યાન, ઇતિહાસ તથા પુરાણ પ્રાપ્ત થાય છે. ધાર્મિક સંસ્કારો તથા યજ્ઞોના અવસરે ઐતિહાસિક તથા પૌરાણિક આ આખ્યાનો કહેતા હતા. આ આખ્યાનોના ગદ્યની સાથે જે પદ્ય કહેવાતું તેને ગાથા કહેવામાં આવતી. આ ગાથાસાહિત્યના રચયિતા તથા રક્ષક સૂત હતા. આ ઉપરાંત બીજા અન્ય



ગાયકો (કુશીવલ) લોકમાં આ ગાથા અને ગીતોનો પ્રચાર કરતા હતા.[૧૩]

ડુંગરી ભીલોનાં મેલાં-ચોખ્ખાં ધાર્મિક અનુષ્ઠાનોમાં મંત્રો અને આખ્યાનો કહેવાનું કે ગાવાનું કામ વૈદિકયુગના ઐતિહાસિક અને પૌરાણિકોની જેમ તેમના સાધ (સાધુ) અને ભોપા (ભૂવા) કરે છે.

ભારતમાં વૈદિક ધર્મ બની ગયો. વેદોએ ધર્મનું શિષ્ટ રૂપ પ્રસ્તુત કર્યું. વેદ એક વર્ગમાં બંધાઈ ગયા. લૌકિક મંત્રો અને પુરાકલ્પનકથાઓ (મિથ) પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ જાળવી રહ્યાં અને તે એવા માનવસમૂહના હાથમાં રહ્યાં જે સાધારણ રીતે શિષ્ટ કહેવાતા સભ્ય વર્ગથી દૂર અને અલગ રહ્યા. આ લૌકિક ધાર્મિક અનુષ્ઠાનોનાં વિધિ-વિધાનો, લૌકિક મંત્રો અને કથાઓની થાપણ જેમણે સંભાળી અને વહન કરી તેઓ ડુંગરી ભીલોમાં 'સાધ' અને 'ભોપા' કહેવાયા. આ ધાર્મિક અનુષ્ઠાન કરાવનારા તથા ગૂઢ શકિતઓની અસરો મંત્રો દ્વારા દૂર કરનારા આવા સાધુ અને ભોપા પોતાની આજુબાજુ નોંધપાત્ર એવા માનવસમાજ સાથે પ્રગાઢ રીતે સંકળાયેલા હોય છે અને અનેક ધાર્મિક અનુષ્ઠાનોના કર્તા હોય છે.

